શાસન-સમ્રાટ

# શ્રી નેમિ સૌરભ

ભાગ-૧



પ્રેરક :

પ્રવર્તક

પૂ. મુનિ શ્રી નિરંજનવિજયજી મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમો નમઃ

શાસનસમ્રાટ

# શ્રી નેમિ-સૌરભ

પૂ. આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.ની જીવનગાથા

[ પ્રથમ ખંડ : કિરણ ૧ થી ૪૨ ]


: સંયોજક—પ્રેરક—સંપાદક :

શાસનપ્રભાવક—મરૂધરરત્ન—નિડરવક્તા—સાહિત્યાચાર્ય

**પ્રવર્તક મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મ.**

આલેખક :

**શ્રી મફતલાલ અ. સંઘવી.**



: પ્રકાશક :

**શ્રી ખાન્તિ-નિરંજન-ઉત્તમ**

**જૈન જ્ઞાન મન્દિર**

ઠે. શેખનો પાડો, ઝવેરીવાડ સામે,

રીલીફ રોડ, **અમદાવાદ**-૩૮૦૦૦૧

કિંમત રૂા. ૩૧—૦૦

( સંયુક્ત બન્ને ખંડની )



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશન સમિતિવતી વ્યવસ્થાપક :
**શ્રી રાજેશ આર. શેઠ**
C/o. શ્રી ભાન્તિ-નિરંજન-ઉત્તમ
જૈન જ્ઞાન મંદિર,
શેખનો પાડો, ઝવેરીવાડ સામે.
રીલીફ રોડ-**અમદાવાદ**-૩૮૦૦૦૧

( વિ. સં. ૨૦૪૨ * ઈ. સન ૧૯૮૬ )

**પ્રકાશન સમિતિ**

**૧. શ્રી મોતીલાલ માનાજી શાહ** **૩. શ્રી સુરેશ આર. શેઠ**
**૨. શ્રી બાબુલાલ એમ. શાહ** **૪. શ્રી રાજેશ આર. શેઠ**
**૫. શ્રી જયેશ વાઘજીભાઈ શાહ**

પુસ્તક-પ્રાપ્તિ-સ્થાન ઉપર મુજબ તથા દરેક સ્થળના પ્રતિષ્ઠિત
પુસ્તક-વિક્રેતાઓને ત્યાંથી મળી શકશે.

: મુદ્રક :

રસુલભાઈ એસ. શેખ
**મોડર્ન પ્રિન્ટર્સ**
ગોળ લીમડા, નાગોરીવાડ,
જમાલપુર, **અમદાવાદ**

" વન્દના "એ નું મુદ્રણ સ્થાન
ભરત બી. સતાનસે
**ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસ**
ચોકેશ્વર મહાદેવ પાસે,
ખાડાહનુમાન, **અમદાવાદ-૧**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



"શાસન સમ્રાટ" પ. પૂ. આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પરમારાધ્યપાદ પૂ. ગુરુદેવેશ!

આપ પરમ કૃપાળુએ પરમ કૃપા કરી, પાપ-નાશક પથ–નિર્દેશ કર્યો. ચારિત્ર–માર્ગનું અખૂટ પાથેય આપ્યું. મુક્તિરૂપી મંઝીલ પ્રતિ પ્રયાણ કરાવ્યું. શાસ્ત્રવચન અને ગુરુ–શરણરૂપી વળા-વીયા–સંરક્ષકોનો સથવારો કરાવી દીધો. 'આમ અને આવું બધું' આપે ઘણું કર્યું, અઢળક આપ્યું છતાં....

યથાશક્તિ અને યથાક્ષયોપશમ તથા મારી પાત્રતાનુસાર, જે કાંઈ જાળવી શકયો તેના બલથી જ ચારિત્ર–યાત્રાના ૫૦ વર્ષનો પર્યાય પૂર્ણ કરી શકયો છું. આ નિમિત્તને પામી...

હે કૃપાનાથ!

ટૂંકપુંજિયા અને કરેલાં "ગાંડા–ઘેલા" પ્રયત્નના પરિણામસ્વરૂપ "શબરીના બોર જેવા" આપ કૃપાળુના ગુરુ–ગુણાનુવાદના આ ગ્રન્થ 'શ્રી નેમિ–સૌરભ'નું ભક્તિયુક્ત અર્ઘ્ય 'શબરી–ભાવે' સવિનય સમર્પિત કરું છું.

સેવક **નિરંજનવિજયની**
સમર્પણયુક્ત સવિનય
વન્દનાવલી.

સ વિ ન ય ✻ સ મ ર્પ ણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अचिन्त्य—चिन्तामणि—कल्पशाखिने,
विशुद्ध—सद्ब्रह्म—समाधि—शालिने ।
दयार्णवार्थितदायिने सतां,
नमो नमः श्री गुरुनेमिसूरये ॥

यः स्याद्वादवचोऽमृतेन सततं प्रीणाति भव्यान् सदा
चातुर्वैद्यविशारदो गुरुगुणैः ख्यातोऽस्ति यो विश्रुतः ।
शिष्येभ्यः श्रुतबोधदानकुशलो नित्योद्यतः सद्विधो ।
तं सूरिं विजयादिनेमिमनिशं वन्दे त्रिधा भक्तितः ॥२॥

नेमिर्दीक्षाप्रदाता निखिलबुधवरं नौमि नेमिं मुदाऽहं
कल्याणं नेमिना मे विहितमनुदिनं नेमयेऽरं नमोस्तु ।
नेमेरन्यः प्रभावी न जगति प्रबलं ब्रह्मतेजश्च नेमेः
नेमौ धैर्यादिसार्थस्तवपदशरणान्निर्भयोऽहं च नेमे ॥ ३ ।

धर्मःप्रापयितो मया शिवफलः कल्पद्रुतुल्योऽनघो ।
यन्नामस्मृतिरेव मंगलकरी सर्वाघसंहारिणी ॥
श्रीतीर्थंकरशासनैकरसिकः सद्ब्रह्मसौभाग्यमभृत्,
सोऽयं श्रीगुरुनेमिसूरिभगवान् बोधं विधत्तां मम ॥ ४ ॥


પ્રાતઃ સ્મર્યા થકી સુપુણ્ય વધારનારા,
સદ્બોધથી સકલ સંશય ટાલનારા;
ભવ્યોરૂપી કમલને વિકસાવનારા,
એવા શ્રીનેમિસૂરિરાજ ગુરુ હમારા ॥ ૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સ કૃતજ્ઞઃ પુમાન્ લોકે સ ધર્મ-ગુરૂપૂજકઃ
સ શુદ્ધધર્મભાક્ ચૈવ ય એતૌ પ્રતિપદ્યતે !'

ભાવાર્થ : — પૂ. હરિભદ્રસૂરિ મ.

તે જ મનુષ્ય કૃતજ્ઞ છે જે, ધર્મ અને ગુરૂનો પૂજક છે અને તે જ મનુષ્ય શુદ્ધ ધર્મનો આરાધક છે કે, જે વડીલોની પ્રતિપત્તિ કરે છે-તેમને ઉદ્વેગ થાય તેવું કશું જ કરતો નથી.



ગુરુ-આજ્ઞા અને ગુરુ-જનોના વિનય તથા
સર્વાંગી સમર્પણમાં જ સ્વ-જીવનનું સાર્થક્ય
ચરિતાર્થ કરનાર સર્વતોમુખી શ્રેયકારક
પ્રતિભાના સ્વામી, પૂજ્ય સૂરીશ્વરશ્રીને
ભાવપૂર્વક વંદનાવલી



# શેઠ શ્રી હઠીસીંગ કેશરીસીંગ

## ઉપાશ્રય ટ્રસ્ટ

પાંજરાપોળ

રીલીફ રોડ પાસે, અમદાવાદ-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'न संतसंति मरणंते, सीलवंता बहुस्सुया'

भावार्थ : 卐 उत्तरा. सूत्र.

**જ્ઞાની અને શીલવાન્ મૃત્યુથી કે આજીવન ભયભીત કે ત્રસ્ત થતાં નથી.**

શ્રમણ-જીવન-યાત્રાના માર્ગદ્યોતક એવા પ્રભુ મહાવીરના આ વિધાનના અનુસરણથી સર્વથા નિર્ભય અને અત્રસ્ત બની વિચરનાર જ્ઞાન – શીલ – સંપન્ન પૂજ્ય સૂરિરાજને

ભય – સંતાપહારી

વન્દના


# અજીત પેપર માર્ટ

( કાગળોના વિક્રેતા )

'લોખંડ મહાજન' બિલ્ડીંગ, ૬૧૮, નવા દરવાજા રોડ,
ખાડીયા, અમદાવાદ-૩૮૦૦૦૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા વ્હાલા સંતાનોને જૈનત્વના સંસ્કારો માટે નીચેના પ્રકાશનો મંગાવો અને વાંચો-વંચાવો !

## સચિત્ર પ્રાપ્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| ૧ | સંવત પ્રવર્તક વિક્રમ ચરિત્ર પેજ ૮૦૦ ચિત્રો ૧૭૦ | ૪૫-૦૦ |
| ૨ | હિન્દી ગૌતમ પૃચ્છા સચિત્ર | ૨૫-૦૦ |
| ૩ | સચિત્ર ગૌતમ પૃચ્છા ગુજરાતીમાં ૪૮ પ્રશ્નોત્તરરૂપે | ૧૫-૦૦ |
| ૪ | મહારાજા પ્રિયંકર સચિત્ર | ૬-૫૦ |
| ૫ | સતિ સુલસા સચિત્ર | ૫-૦૦ |
| ૬ | ઉત્તમ કથા સુવાસ સચિત્ર | ૭-૫૦ |
| ૭ | મહા શ્રાવક આનંદ અને ૬ વાર્તાઓ | ૨-૨૫ |
| ૮ | અશોકદત્ત-સાગરચંદ્ર અને ૫ વાર્તાઓ | ૨-૦૦ |
| ૯ | દામનકની કથા અને ૩ વાર્તાઓ | ૨-૦૦ |
| ૧૦ | રાજદેવ-ભોજદેવની વાર્તા અને ૫ વાર્તાઓ | ૨-૦૦ |
| ૧૧ | શ્રેણિક મહારાજાની વાર્તા અને ૩ વાર્તાઓ | ૨-૦૦ |
| ૧૨ | શાલિભદ્રની સચિત્ર સળંગ લાંબી વાર્તા | ૩-૦૦ |
| ૧૩ | મહારાણી રોહિણી વાર્તા અને ગોશાલની વાર્તા | ૨-૦૦ |
| ૧૪ | ધનદત્ત અને ધનશ્રીની વાર્તા અને ૩ વાર્તાઓ | ૨-૦૦ |
| ૧૫ | ઇશ્વરશેઠની વાર્તા અને બીજી ૫ વાર્તાઓ | ૨-૦૦ |
| ૧૬ | ચંદનશેઠની વાર્તા-બીજી ૬ વાર્તાઓ | ૨-૦૦ |
| ૧૭ | સુળીમાંથી સિંહાસન યાને સુદર્શન શેઠ | ૩-૦૦ |
| ૧૮ | ચૈત્રી પુનમનો મહિમા સચિત્ર ૯ ચિત્રો પેજ ૩૨ | ૨-૦૦ |
| ૧૯ | અખાત્રીજનો મહિમા ૧૬ ચિત્રો, ૯૬ પેજ | ૪-૦૦ |
| ૨૦ | મેરૂ ત્રયોદશીનો મહિમા ૧૨ ચિત્રો પેજ ૩૨ | ૨-૦૦ |
| ૨૧ | કાર્તિક પુનમનો મહિમા ૭ ચિત્રો, પેજ ૩૨ | ૨-૦૦ |
| ૨૨ | મૌન એકાદશીનો મહિમા સચિત્ર | ૨-૫૦ |
| ૨૩ | શ્રી રોહિણી તપનો મહિમા સચિત્ર | ૨-૦૦ |
| ૨૪ | પોષ દશમીનો મહિમા સચિત્ર | ૩-૦૦ |
| ૨૫ | મંગળ કળશ સચિત્ર | ૧-૫૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૨૬ | હોળી અને ધુળેટી સચિત્ર ૬ ચિત્રો, પેજ ૪૮ | ૨–૦૦ |
| ૨૭ | ભગવાન નેમિનાથ અને શ્રી કૃષ્ણ સચિત્ર | ૯–૦૦ |
| ૨૮ | બુદ્ધિવંતો અભયકુમાર | ૮–૦૦ |
| ૨૯ | ધન્ય જીવન ભાગ–૧–૨ | ૧૨–૦૦ |
| ૩૦ | મારે જવું પેલે પાર | ૬–૦૦ |
| ૩૧ | પાંચ પર્વો સચિત્ર ચિત્રો ૧૫, પેજ ૨૬૦ | ૧૧–૦૦ |
| ૩૨ | ભક્તામર સ્તોત્ર પોકેટ સાઇઝમાં | ૧–૫૦ |
| ૩૩ | સુપાત્ર દાનનો મહિમા સચિત્ર | ૧–૫૦ |
| ૩૪ | પંચ પ્રતિક્રમણ સૂત્ર પોકેટ સાઇઝમાં પેજ ૫૦૦ | ૫–૫૦ |
| ૩૫ | બે પ્રતિક્રમણ સૂત્ર પોકેટ સાઇઝમાં પેજ ૨૭૨ | ૪–૦૦ |
| ૩૬ | મલયસુંદરી ચરિત્ર સચિત્ર પેજ ૯૬ | ૨–૫૦ |
| ૩૭ | મહારાજા શુકરાજ સચિત્ર | ૨–૫૦ |
| ૩૮ | કોઈ કોઈનો નથી–સચિત્ર | ૨–૫૦ |
| ૩૯ | હિન્દી મહા શ્રાવક આનંદ સચિત્ર | ૨–૦૦ |
| ૪૦ | પુણ્યો શ્રાવક અણમોલ સામાયિક સચિત્ર | ૧–૦૦ |
| ૪૧ | જ્ઞાનપંચમીનો મહિમા | ૧–૫૦ |
| ૪૨ | પાંડવોને પ્રતિબોધ પાંચ અદ્ભુત દશ્યો બોધક સચિત્ર | ૧–૦૦ |
| ૪૩ | સામાયિકનો મહિમા સચિત્ર | ૦–૮૦ |
| ૪૪ | કઠિયારા મુનિવર સચિત્ર | ૦–૮૦ |
| ૪૫ | કેમ્રૂ વિક્રમાદિત્ય સચિત્ર | ૦–૮૦ |

## પ્રાપ્તિસ્થાન

### શ્રી શાન્તિ-નિરંજન-ઉત્તમ-જૈન જ્ઞાનમંદિર

શેખનો પાડો, ઝવેરીવાડ સામે, રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

દરેક પુસ્તકો માટે પોષ્ટ ખર્ચ અલગ,

મુંબઈ–પાલીતાણા, શંખેશ્વર અને અમદાવાદના પ્રસિદ્ધ બુકસેલરોને ત્યાંથી પણ અમારાં પ્રકાશનો મળશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અદીણમણસો ચરે !' અદીનભાવથી રહે–જીવે.

ઉત્તરા. સૂત્ર.

**દીનતાના બે પ્રમુખ પ્રકારો છે :–**

**૧. આંતર–દીનતા ૨. બાહ્ય–દીનતા. અધ્યવસાયોની અશુદ્ધતા એ આંતર–દીનતાનું ઉદ્‌ગમ–સ્થાન છે અને બાહ્ય–દીનતાનુ ઉદ્‌ગમ–સ્થાન છે–સાધનોનો અભાવ કે ઊણપ. પરંતુ, બન્ને પ્રકારની દીનતાનાં મૂળ સ્વ-આત્મ–પુરુષાર્થના અભાવમાં કે ઊણપમાં જ સમાયેલા છે.**

**સર્વજ્ઞ–માર્ગનો શ્રમણ બન્ને પ્રકારની દીનતાથી સુદૂર જ હોય.**

શારીરિક કે આત્મિક સુખશીલતા હોય ત્યાં જ દીનતાની ડાકણ આવે એમ સમજી સુખશીલતાના સર્વથા ત્યાગી અદીનભાવના અનન્ય આરાધક પૂજ્ય આચાર્ય ભગવંતને દીનતા–પ્રનાશક વંદના

શ્રી મહાજનવાડા શ્વે. મૂ. પૂ. જૈન સંઘ

**જૂના મહાજનવાડા, કટકીઆવાડ**

**અમદાવાદ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'નત્થિ ચરિત્તં સમ્મત્તવિહૂણમ !'

ભાવાર્થ : સિવાય ઉત્તરા. સૂત્ર

સમ્યક જ્ઞાન સિવાય સમ્યક્-ચારિત્ર હોય નહીં.

સમ્યક-શ્રદ્ધા અને જ્ઞાન સિવાયનું ચારિત્ર ચાળણા જેવું છે.


સમ્યક-જ્ઞાન-વિનયયુક્ત
સમ્યક-જ્ઞાન-ભક્તિથી
સમ્યક-જ્ઞાન-ગંગાના
પ્રવાહને સુનિયોજિત
કરનાર
સમ્યક-જ્ઞાન-નિયોજક
પૂ. નેમિસૂરીશ્વરજી મ. ને
નતમસ્તકે
વંદના

શ્રી શકરચંદ
માણીલાલ શાહ
લીલાબેન શકરચંદ શાહ
ગૌતમભાઇ શકરચંદ શાહ
આશિતભાઈ ગૌ. શાહ
ઠે. નવી પોળ, પતાસાપોળ
અમદાવાદ-૧

સામક-જ્ઞાન અને શ્રદ્ધાયુક્ત
ચારિત્રના ઉજ્જવલ પાલન-
થી શ્રમણ-જીવનને
ચરિતાર્થ કરનાર
અચ્ચારિત્રનિધિ
પૂ. સૂરિ-સમ્રાટને
વંદનાવલી

ધી નેશનલ સાયકલ
એન્ડ મોટર કું
ખાડીયા
અમદાવાદ-૧.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'વિષયપ્રતિભાસં; ચાત્મપરિણતિમત્તથા,
તત્ત્વસંવેદનં ચૈવ જ્ઞાનમાહુર્મહર્ષયઃ ॥૧॥
[પૂ હરિભદ્રસૂ. મ. રચિત શ્રી અષ્ટક પ્રકરણ]
० મહર્ષિઓએ જ્ઞાનના ત્રણ પ્રકાર કહ્યા છે.
० વિષય પ્રતિભાસરૂપ ० આત્મ પરિણતિમત્
० તત્ત્વસંવેદન રૂપ ०

* હેય અને ઉપાદેયના વિવેક વગરનું સ્થૂલ તથા બાહ્ય પદાર્થજ્ઞાન તે વિષયપ્રતિભાસ જ્ઞાન. જે અનર્થકારી પણ બને.
* છદ્મસ્થ જીવોને રાગ–દ્વેષાધીન અવસ્થામાં થઈ શકે તેવું નિઃશંક જ્ઞાન તે આત્મપરિણતિમત્ જ્ઞાન. આ જ્ઞાન સમ્યક્ પ્રકારની પ્રવૃત્તિ અને નિવૃત્તિ સ્વરૂપે પ્રગટ થાય. વળી, પ્રાયઃ વૈરાગ્યનું કારણ બને.
* હેય, ઉપાદેય અને ઉપેક્ષણીયનો નિશ્ચય કરાવી શકે તેમ જ આત્માની ઉદીયમાન શક્તિ અનુસાર સમ્યક્ચારિત્રની પ્રવૃત્તિ દ્વારા અનાગ્રહી બનાવી અંતતોગત્વા મોક્ષ–ફળ આપે તે, તત્ત્વ સંવેદનરૂપ જ્ઞાન.



તત્ત્વસંવેદનરૂપ જ્ઞાન–ગોચરી દ્વારા જીવન-યાપન કરનારા સર્વજીવોના શ્રેય–સંરક્ષક પૂ. સૂરી–ચક્રવર્તીને સવિનય વન્દનાવલી

卐 શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ 卐

ઓપેરા સોસાયટી, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સર્વ સમ્પત્કરી ચૈકા,
પૌરૂષઘ્ની તથાડપરા
વૃત્તિભિક્ષા ચ તત્ત્વજ્ઞૈરિતિ
ભિક્ષા ત્રિધોદિતા ॥ ૪ ॥

પૂ. હરિભદ્ર સૂ. મ. × શ્રી અષ્ટક પ્રકરણ

ભાવાર્થ :

પૂ. તત્ત્વજ્ઞ મહાપુરૂષોએ ભિક્ષા ત્રણ પ્રકારની કહી છે.

o સર્વસમ્પત્કરી o પૌરૂષઘ્ની o વૃત્તિભિક્ષા

- o મમત્વને ત્યાગી, ગુરૂ-આજ્ઞા પાલનમાં તત્પર રહી અનારંભી બની, દેહને ટકાવવા ભ્રમરની જેમ ભીક્ષા લાવે તે 'સર્વસમ્પત્કરી'
- o પંચમહાવ્રત ધારણ કરી તેના પાલનમાં શિથિલાચારી બની ઉદર-પૂર્તિ માટે લાવેલી ભીક્ષા અનર્થકારી, પુરૂષાર્થને હણનારી નિંદનીય બને તે "પૌરૂષઘ્ની"
- o અપંગ, અંધ તથા દરિદ્ર મનુષ્ય ઉદર-ભરણ માટે જે ભીક્ષા માંગે તે 'વૃત્તિભીક્ષા' અનુકંપાથી પ્રાપ્ત થતી આ ભીક્ષા "પૌરૂષઘ્ની" ભીક્ષા માફક નિંદનીય બનતી નથી.

વિવિધલક્ષી આરાધના ફંડ

o મમત્વ-ત્યાગી, જિનાજ્ઞાચરિત, અનારંભી
આત્મ-પુરૂષાર્થમાં અપ્રમત્ત અને સર્વ-
સમ્પત્કરી ભીક્ષાથી, દેહને સાધન માની
જીવન-યાપન કરનારા નીઃસીમ ઉપકારી
ધર્મોદ્યોતકારી પૂજ્યપાદ

'સૂરિ-સમ્રાટ'ને

સમર્પણ-સભર
વંદનાવલી

સાહિત્ય મંદિર * પાલીતાણા

પૂજ્ય આચાર્યદેવ શ્રી યશોદેવસૂરિજી મ.ની પ્રેરણાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

卐

ૐ ૐ

''લોયન્સી પરમદન્સી;
વિવિત્તજીવી ઉવસંતે;
સમિતે સહિતે સયાજયે
કાલકન્ખી પરિવ્વએ.''

ભાવાર્થ : △ આ. સૂત્ર ૩/૩૮

જે [જીવ] શરીરમાં આત્માને–પરમને જુએ છે તે વિશુદ્ધ જીવન જીવે છે. તે ઉપશાંત, સમ્યક્ પ્રવૃત્તિવાળો, જ્ઞાનયુક્ત અને સદા જાગૃત રહી, જીવનની અંતિમ ક્ષણો સુધી સજાગ રહે છે.

પરમ–આત્મદ્રષ્ટા બની વિશુદ્ધ-જીવી, ઉપશાંત વૃત્તિવાળા
જ્ઞાનયુક્ત સમ્યક્ પ્રવૃત્તિમાં રમમાણ રહી, પ્રત્યેક
પળ ઉપયોગવાન રહી, જીવનની અંતિમ ક્ષણો
સુધી સજાગ રહેનારા આત્મ–જાગૃત
અપ્રમત્ત યોગી પૂ. આચાર્ય-પ્રવરશ્રીના
પાદ–પંકજમાં
પાપનાશક
વન્દના

ૐ ૐ

卐

**શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ**
**કીકાભટ્ટની પોળ, અમદાવાદ-૧.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"કદાગ્રહોને દૂર કરનારા, સૂર્ય સમાન તેજસ્વી
પૂ. આચાર્ય ભગવંતોને નમસ્કાર હો."
( સિરિ સિરિવાલ કહા. )

卐

# વન્દનાવલી

જેઓ

છત્રીશ ગુણના ધારક હતાં.

શ્રમણ સંઘના નાયક હતાં.

જેમણે

શ્રી જિન – શાસનની
પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે
અવિરત સેવા કરી હતી

તેવા

પૂજ્ય આચાર્ય ભગવંતને

અમારી

**કોટી કોટી વન્દનાવલી**

## શ્રી સિકંદ્રાબાદ ગુજરાતી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ

૬૨, મહાત્મા ગાંધી રોડ, સિકંદ્રાબાદ–૫૦૦૦૦૩.

શાસન–સમ્રાટ્ સ્વ. પૂ. આ. ભ. શ્રી **વિજય નેમિસૂરી–
શ્વરજી** મ.નાઆજ્ઞાનુવર્તીની, અમારા શ્રી સંઘના ઉપકારી
પૂ. સાધ્વી શ્રી **પ્રમોદશ્રીજી** મ. ના ઉપદેશથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જસ્સેવમપ્પા ઉ હવેજ્જ નિચ્છિઓ
ચઈજ્જ દેહં ન હુ ધમ્મસાસણં;
તં તારિસં પઈલેન્તિ ઇન્દિયા,
ઉવંતિવાયા વ સુદંસણં ગિરિં" ॥૧૭॥
દશ.ચૂલિકા–૧

△ જેમ ભયંકર વાવાઝોડું મેરૂ પર્વતને ચલાયમાન કરી શકતું નથી તેમ "દેહ ભલે પડે પણ ધર્મશાસનને તો ન જ છોડું" તેવા દૃઢ–નિશ્ચયી આત્માને ઇન્દ્રિયો કદી પણ ડગાવી શકતી નથી.

o o o

△ તીર્થ–રક્ષા માટે દેહની લેશ માત્ર દરકાર કર્યા વગર અને તીર્થંકર પરમાત્માના શાસન સાથે તદ્રુપ થઇ શ્રી સંઘના મેરૂદંડરૂપ મહામના

સ્વ. પૂ. મુનીશ્વરને

કોટીશઃ વંદનાવલી

o o o

o ફેબીન ચોક,
મહુવા બંદર.
(જી. ભાવનગર)
(સોરાષ્ટ્ર)

પૂજય મુનીશ્વરને કોટીશઃ વંદનાવલી

卐 શ્રી મહુવા વીશાશ્રીમાળી તપાગચ્છીય
જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ 卐

"સોહી ઉજ્જુયભૂયસ્સ,
ધમ્મો સુદ્ધસ્સ ચિટ્ઠઈ,
નિવ્વાણં પરમં જાઈ,
ઘયસિત્તે વ્વ પાવએ ॥૧૨॥

ભાવાર્થ : 卐 ઉત્તરા. સૂ. અધ્ય. ૩

સરળ પરિણામી જીવ શુદ્ધિ મેળવી શકે છે. સરળાશયી મનુષ્યના ચિત્તમાં ધર્મ ટકી શકે છે. જેમ ઘીથી છંટાએલા અગ્નિ વિશેષ જ્યોતિર્મય હોય તેમ ધર્મમય મનુષ્ય સવિશેષરૂપે પ્રકાશમાન થઈ નિર્વાણને–પરમ શાંતિને પામે છે.

卐 જૈન જયતિ શાસનમ્ 卐

પોતાની સરળાશયી વૃત્તિ–પ્રવૃત્તિથી
ઉપરોક્ત સર્વજ્ઞ–વચનને ચરિતાર્થ
કરનારા જ્યોતિર્મય, 'ધર્મરાજ'
પૂજ્ય સૂરિરાયને
સહસ્રશઃ શ્રદ્ધાંજલીઓ

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ
[ શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી ]
સુરેન્દ્રનગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"पलिछिंदिय बाहिरगं च सोयं,
णिक्कम्मदंसी इह मच्चिएहिं !"

આચા. સૂત્ર.

卐

ભાવાર્થ :

ઇન્દ્રિયોની બહિર્મુખ પ્રવૃત્તિઓનો નિગ્રહ-સંયમ કરી, મૃત્યુધર્મા એવા આ સંસારમાં 'નિષ્કર્મદર્શી' બની તું અમૃતનું આચમન કર.

'નિષ્કર્મદર્શી'ના
પાંચ અર્થ :

o જ્ઞાન o આત્મા
o મોક્ષ o અમૃત
o શાશ્વત. o

ઈન્દ્રિયજન્ય બહિર્મુખ પ્રવૃત્તિઓના નિગ્રહ દ્વારા 'નિષ્કર્મદર્શી' જેવી યોગઅવસ્થા જેમને માટે સહજ હતી તેવા અનંત ઉપકારી પૂજ્યપાદ સૂરિદેવને

આત્મ-નિષ્પન્ન અર્ઘ્ય

શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી સુપાર્શ્વનાથ
જૈન સંઘ ઉપાશ્રય
૧૦૧, ન્યુ ઈન્દ્ર ભુવન, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અપ્પાણમેવ જુજ્ઝાહિ,
કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ ?
અપ્પાણમેવ અપ્પાણં
જઈત્તા સુહમેહએ" ।।

ઉત્ત. સૂ. અધ્ય. ।।૯।।

ભાવાર્થ :
તું તારી પોતાની જાત-આત્મા સામે જ ઝૂઝ, બીજાની સામે ઝુઝવાથી તારૂં શું વળવાનું છે ? 'જાત જીતી તેણે જગ જીત્યું' એ ઉક્તિ અનુસાર, સાધક 'સ્વ'ને જીતી શાશ્વત સુખને પામે છે.

સ્વના સંરક્ષક
સૂરીશ્વરને
અગણીત
* વંદના



આત્મ-વિજેતા થઈ 'સ્વ'-સમાધિના
સાધક બની જૈન સંઘ અને
જન-ગણના લાડીલા બનેલા
સંઘ - સત્ત્વના સંરક્ષક
સ્વ. પૂજ્ય સૂરીશ્વરને
અગણિત વંદનશ્રેણી

શ્રી સાગર જૈન ઉપાશ્રય
કું ભારીઆપાડો
* પાટણ *
ઉ. ગુજરાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વપાપનિવૃત્તિર્યત્ સર્વશૈષા સતાં મતા,
ગુરૂદ્વેગકૃતોઽત્યન્તં નેય ન્યાય્યોપપદ્યતે !

ભાવાર્થ : — પૂ. હરિભદ્રસૂરિ મ.

**જે જીવ-વ્યક્તિ સર્વ પાપોથી નિવૃત્ત થવાનો ઇચ્છુક છે તે પોતાના ગુરૂ-વડીલોને ઉદ્વેગ કરનાર બને તો તે વ્યકિતમાં પાપ-નિવૃત્તિની વૃત્તિ માનવી એ ન્યાયની રીતે સુસંગત નથી.**

ગુરૂ-કીર્તિને દિગંત સુધી ફેલાવનાર અને જેમની પ્રત્યેક પ્રવૃત્તિમાં પાપ-નિવૃત્તિનો નિશ્ચલ નિશ્ચય તથા સક્રિય ઉદ્યમ દૃષ્ટિ-ગોચર થતો હતો તે

પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીને

પાપ-વિનાશક વંદના

**સ્વ. શ્રી કસ્તુરભાઇ મણીલાલ નગરશેઠના શ્રેયાર્થે**



શ્રી પ્રિયમિત્રભાઈ □ શ્રી અરૂણભાઈ

શ્રી ધીમંતભાઈ જગદીશભાઈ નગરશેઠ

**સુનિતાબેન જગદીશભાઇ ૦ સ્વાતિબેન ધીમંતભાઈ**

૫, સ્મૃતિ-કુંજ, નવરંગપુરા, અમદાવાદ-૧૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જટા ભસમ વલ્કલ બહુ પહેરે, કબહું મુંડ મુંડાયા
જ્ઞાનકી શીખ ધરી નહીં કબહું, પરમાત્મા નહિ ધ્યાયા"

ફલિતાર્થ :- પૂ. જ્ઞાનવિમલસૂરિ મ.

વેશ બહુ પહેર્યા, અનેક ઉપકરણો એકઠા કર્યા, માથું અનેક વાર મુંડાવ્યું પણ મન મુંડાવ્યું નહીં, જ્ઞાનના ફળ રૂપ પરિણામ-વિશુદ્ધિ કેળવી નહીં અને પરમાર્થના કારણ રૂપ પરમાત્માનું ધ્યાન ધર્યું નહીં.

બાહ્યાભ્યંતર ચારિત્ર--ધર્મના યથાર્થ
પરિપાલક, સચ્ચારિત્રશીલ
આરાધ્યપાદ આચાર્ય--પ્રવરશ્રીને
બાહ્યાભ્યંતર વન્દના.

સ્વ. શ્રી અમૃતલાલ દલસુખભાઈ હાજીના પરિવારવતી
શ્રી જીતેન્દ્રભાઈ હાજી
શાંતિનગર, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'પામીશ તું પાસે થકી, બાહિર શું ખોળે ?
બેસે કાં તું બૂડવા, માયાના ઓળે ?
ફલિતાર્થ :- 卐 પૂ. ઉદયરત્નજી મ.
આંતર-શોધથી જ પરમ-પ્રાપ્તિ થાય છે,
બાહ્ય-શોધ પરિભ્રમણનું કારણ છે પછી.....
માયાના ઓળે એટલે માયા રૂપી સાગરના
તણાઈ આવેલા કાદવમાં શા માટે ખૂંપે છે !





સાધ્ય – સાધન વચ્ચેનો ભેદ સપેરે સમજી
આંતર – વિશુદ્ધિયુક્ત બાહ્ય આચરણા
કરનારા અંતરાભિમુખ
આચાર્ય ભગવંતશ્રીને
અભિવન્દન


卐卐卐卐卐卐
# સ્વ. શ્રી ચીનુભાઈ દલસુખભાઈ શાહ
સુલોચનાબેન 卐 ગિરીશભાઈ 卐 અશોકભાઈ 卐 વિશ્વેશભાઈ.
તૃપ્તિ સોસાયટી, પાલડી, અમદાવાદ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ણ વિ કિંચિ અણુણ્ણાયં પડિસિદ્ધં વા વિ
જિણવરિંદેહિં;
એસા તેસિં આણા કજ્જે સચ્ચેણ હોતવ્વમ્ !'

ભાવાર્થ : બૃહત્કલ્પ, ગા. ૩૩૩૨.

**પરમતારક શ્રી જિનેશ્વરાએ કોઇ એક જ વિધાનની અનુમતિ નથી આપી કે એક જ વિધાનનો નિષેધ પણ કર્યો નથી પરંતુ આત્મ-શુદ્ધિ માટે જે સમયે જેમ અને જેટલુ યોગ્ય હોય તેમ તે સમયે પરિણતિપૂર્ણ આચરણ કરવું.**

આત્મ–શુદ્ધિ અને શ્રી સંઘના ક્ષેમ–કુશળ માટે 'દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવેને યથાર્થરૂપે ગીતાર્થ-દૃષ્ટિએ સમજી-વિચારી, સામયિક છતાં શ્રેયકારક આચરણ કરનાર અને કરાવનાર

પૂ. આચાર્યભગવંતશ્રીને શ્રેય-સાધક વંદના

# વકીલ કેશવલાલ વાડીલાલ શાહ

**મોતીબેન કેશવલાલ ० રજનીકાન્ત કેશવલાલ**
**ઋષભ રજનીકાન્ત ० નમન રજનીકાન્ત**

વેરાઈપાડાની પોળ, ગાંધીરોડ,
અમદાવાદ-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. શાસનસમ્રાટના આજ્ઞાવર્તી પૂ. સાધ્વી શ્રી સૂર્યપ્રભાશ્રીજીના
શિષ્યા પૂજ્ય સાધ્વી શ્રી સૌમ્યપ્રભાશ્રીજી આદિ ઠાણા ૧૨ની પ્રેરણાથી

પુષ્પો કહી રહ્યા છે કે ...... કરમાતાં પહેલા પરિમલ
પ્રસારી જાઓ;

દીપકો કહી રહ્યાં છે કે ...... જાતે જલી જગતને જ્યોત
અર્પી જાઓ

ધૂપસળી કહી રહી છે કે ...... સળગીને સહુને સુવાસ
સમર્પી જાઓ;

ચંદન કહી રહ્યું છે કે ......... જાતે ઘસાઈને બીજાને
શીતલતા અર્પી જાઓ

○ પ્રાકૃતિક પદાર્થો આત્મ-બલિદાનથી જગતની 'ઉપકૃતિ'નુ કથન કરે છે. આ લૌકિક રાહ છે પરંતુ લોકોત્તર દૃષ્ટિ અને શક્તિ અદ્‌ભુત તથા અનોખી છે!

"તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં."

○ અર્થાત્ : (નમુત્થુણમ્)

પોતે તરે છે, અન્યને તારે છે,
પોતે બોધ પામે છે અન્યને પમાડે છે,
પોતે કર્મ-મુક્ત બને છે,
અન્યને મુક્ત કરાવે છે.

○ શ્રી ભગવાન મહાવીરના શાસનની ૭૫ મી પાટ દીપાવી, જિન-શાસનની અજોડ પ્રભાવના, તીર્થોદ્ધાર, જીર્ણોદ્ધાર, અનુષ્ઠાનોદ્ધાર, ભવ્યોદ્ધાર તથા દીનોદ્ધાર કરી-કરાવી અનેક સૂરીપુંગવોની ભેટ ધરનાર, જંગમ યુગપ્રધાન શાસન-સંરક્ષક, પરમગુરૂ, અખંડ બ્રહ્મતેજોમૂર્તિ, ગચ્છાધિપતિ

**પૂ. આ. ભ. શ્રી ૧૦૦૮ વિજય નેમિસૂરીશ્વરજી**

મહારાજાના ચરણકમલમાં

કોટીશઃ વંદનાવલી

પૂ. શાસન સમ્રાટને અંતરનું અર્ઘ્ય

શ્રી (ગુજરાતી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ

૯૬, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા-૭૦૦૦૦૧

"અહ પંચહિં ઠાણેહિં જેહિં સિક્ખા ન લબ્ભઈ,
થમ્ભા કોહા પમાએણં રોગેણાઽલસ્સએણ ય ॥૩॥
ભાવાર્થ : ★ ઉત્તરા. સૂ. અ. ૧૧.

○ અભિમાન ○ ક્રોધ ○ પ્રમાદ
○ મહારોગ ○ આળસુવૃત્તિ

આ પાંચ કારણોથી મનુષ્ય શ્રેયકારક શિક્ષા-સંસ્કારિતા પ્રાપ્ત કરી શકતો નથી.





ઉપરોક્ત પાંચે અનર્થકારી કારણોને નિર્મૂળપ્રાયઃ કરીને શ્રેયકારક શિક્ષા-સંસ્કારિતા પ્રાપ્ત કરનારા પૂજ્ય સૂરિ-સમ્રાટને સવિનય વંદનાવલી.



—: વિનીત :—

સોમચંદ ડી. શાહ
(જૈન ધર્મના પુસ્તકોના વિક્રેતા)
જીવનનિવાસ સામે પાલીતાણા-૩૬૪૨૭૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ઉદિત-ઉદિત" એવા

પૂજ્ય આચાર્યપ્રવરશ્રીને

આત્મ-વંદનાવલી.

શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું કે,
"હે દેવાનુપ્રિય ! માનવી ચાર પ્રકારના હોય છે.
o ઉદિત - ઉદિત o ઉદિત - અસ્તમિત.
o અસ્તમિત-ઉદિત o અસ્તમિત-અસ્તમિત.

△ ઉદિત-ઉદિત
જન્મથી મૃત્યુ પર્યંત
પ્રગતિમાન્ દા.ત. જંબુસ્વામી △

△ ઉદિત-અસ્તમિત
પ્રારંભમાં પ્રગતિમાન
પછી વિપથગામી.
દા. ત. જમાલી. △

△ અસ્તમિત-ઉદિત
પ્રારંભમાં પ્રગતિથી વિમુખ
પછી પ્રગતિગામી
દા. ત. દઢપ્રહારી. △

△ અસ્તમિત-અસ્તમિત
પ્રારંભમાં પ્રગતિથી વિમુખ
પછી પણ વિપથગામી.
દા. ત. વિનયરત્ન. △

શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ

* જૈન દેરાસર
* નરોડા રોડ,
* કૃષ્ણનગર, અમદાવાદ-૩૮૨૩૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સાબરમતી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ

"ગુણેહિ સાહૂ અગુણેહિઽસાહૂ, ગિણ્હાહિ સાહૂગુણ મુંચઽસાહૂ, વિઆણિઆ અપ્પગમપ્પએણં, જો રાગદોસેહિં સમો સ પુજ્જો" ॥૧૧॥

દશવૈકાલિક સૂત્ર અ. ૯, ઉ. ૩.

ભાવાર્થ :

★

ગુણોથી જ સાધુ બનાય, અવગુણોથી અસાધુ થવાય માટે, સાધુ-ગુણોને ગ્રહણ કર, અસાધુ ગુણોનો ત્યાગ કર. આ રીતે, જે સાધુ સ્વયં પોતાના આત્માને સમજાવી, રાગ-દ્વેષમાં સમભાવ જાળવે તે પુજનીય છે.

રામનગર, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

જે ગુણ-નિધાન સ્વ. સૂરીશ્વરે આજન્મ ગુણ-સાધના દ્વારા 'સ્વ'ના સત્ત્વને પ્રસ્ફુટ કરી, સમભાવી સમાચરણ દ્વારા શ્રી સંઘ-ની સંવાદિતાને સુસ્થિત કરી તેવા પૂ. સૂરિદેવને સહસ્રાંજલીઓ

સમર્પણ

જં સેયં તં સમાયરે !'

દશવૈ. સૂત્ર.

જે શ્રેય છે તેનું સમાચરણ કરવું

૧

પ્રેયનો પરિ-ત્યાગ કરી શ્રેયની
સાધના કરે તે શ્રમણ-મુનિ.

★★★

શ્રેયની સાધનાથી જેમનું જીવન, સ્ફટિક સમ
પારદર્શી હતું તે, 'પારગામી' દૃષ્ટિવાન્
પૂજ્યપાદ સૂરીશ્વરને વંદના

શાહપુર દરવાજા ખાંચા જૈન સંઘ
શાહપુર, અમદાવાદ.

'નો નિન્હવેજ્જ વીરિયં !' વીર્ય ગોપવવું જોઈ યે નહીં.

૨

આચા. સૂત્ર.

જ્ઞાન-વીર્ય, દર્શન-વીર્ય અને ચારિત્ર-વીર્યને ત્રિવિધે
ફોરવી આચાર્ય પદના ઉત્તરદાયિત્વને યથાર્થ સ્વરૂપે
અદા કરનાર પૂ. શ્રી નેમિસૂરીશ્વરજી મ.ને
સવિનય વંદના.

શ્રીમતી મનોરમાબેન અરવિંદભાઇના શ્રેયાર્થે
શ્રી અરવિંદભાઇ વાડીલાલ શાહ
નવી પોળ, પતાસા પોળ, અમદાવાદ-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'પ્રારમ્ભ મંગલં હ્યસ્યા ગુરુશુશ્રૂષણં પરમ્
એ તો ધર્મપ્રવૃત્તાનાં નૃણાં પૂજાસ્પદં મહત્'

ભાવાર્થ : પૂ. હરિભદ્રસૂરિ મ.

**મંગલરૂપ પાપ-નિવૃત્તિની જે પ્રવૃત્તિ સ્વીકારવાની છે તેનું પ્રથમ મંગલ જ આ છે કે-ગુરૂજનોની સેવા કરવી. ધર્મ તરફ પ્રવૃત્ત થયાં છે તેમના માટે ગુરૂ જ નો આદરણીય અને પૂજનીય છે.**

ગુરૂ-શિષ્ય અને આચાર્ય-ઉપાસક વચ્ચેના સેવ્ય-સેવકભાવને 'અન્યોન્ય ન્યાયે' ઉભય પક્ષે સાક્ષાત્ કરી, પાપ-નિવૃત્તિની પ્રવૃત્તિને પ્રવૃત્તિના પૂર્ણવિરામમાં પરિવર્તીત કરવામાં મંગળમય નિમિત્તરૂપ મંગલ-મૂર્તિ મહાશ્રમણ પૂ. આચાર્યોત્તમને ઉરના અભિવંદન

## શ્રી ચીમનલાલ ગોકળદાસ શાહ

**-: હ. માણેકબેન :-**

**શ્રી સુરેન્દ્રભાઇ તથા શાન્તાબેન આદિ**

"ઋષભ" બંગલો, બસ સ્ટેન્ડ સામે, ફતેહપુરા,

પાલડી, અમદાવાદ-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

‘દોસા જેણુ નિરુભંતિ જેણુ ખિજ્જંતિ પુવ્વકમ્માઈં,
સો સો મૌકખોવાઓ રોગાવત્થાસુ સમણું વ !”

ભાવાર્થ : બૃહત્કલ્પ. ભા. ૩૩૩,૧

જે ઉપાયો વડે દોષો દૂર થાય અને પૂર્વ-કૃત
કર્મોનો ક્ષય થાય તે તમામ ઉપાયોને મોક્ષના
ઉપાયો સમજવા.

સંકીર્ણતા કે આગ્રહબદ્ધતાથી પર રહી,
આત્મ-કલ્યાણની આરાધના એ જ જેમના
આત્માનો અવાજ હતો અને જીવન-સાધના
હતી તે અનાગ્રહી, આજીવન-સાધક
પૂ. સૂરીશ્વરશ્રીને
સવિનય વંદનાવલી

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ
કાળુશાની પોળ, કાળુપુર, અમદાવાદ-૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'અપ્પણા સચ્ચમેસેજ્જા !'
અર્થ : સત્યનું શોધન સ્વયં કરવું જોઈયે.
卐 ઉત્તરા. સૂત્ર.

સત્યના શોધન અને પરિપાલનથી શ્રમણ-ધર્મની
ગરિમાને મૂર્તિમંત કરનાર પૂ. મુનીશ્વરને
મહતી વંદના

卐 卐 卐

શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ
પ્લોટ નં. ૧૩, સર્વોદય સોસાયટી પાછળ, સાંઇનાથ નગર
લા. બ. શાસ્ત્રી માર્ગ, ઘાટકોપર, મુંબઈ-૪૦૦૦૮૬

'નો પૂયણં તવસા આવહેજ્જા !'
સૂત્રકૃતાંગ સૂત્ર.
તપથી પૂજા-પ્રતિષ્ઠાની અભિલાષા રાખવી જોઇયે નહીં
卐 卐 卐
પ્રશંસા અને પ્રતિષ્ઠા તથા અવર્ણવાદ અને અવહેલના
પ્રતિ સમદૃષ્ટિ અને સમભાવ રાખનાર
સહજ સમભાવી સૂરિ-પ્રવરશ્રીને
સવિનય વંદનાવલી.

卐 卐 卐

શ્રી ધરણીધર કે. શાહના સૌજન્યથી
મનીષ એક્સ્પોર્ટ્સ (પ્રા.) લિમિટેડ
માંગરોલ મેન્શન, ૧ લે માળે, ગન્બો સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦૦૦૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'ભાવણાજોગસુદ્ધપ્પા જલે ણાવા વ અહિયા'

ભાવાર્થ :- આચા. સૂત્ર

**ભાવના-યોગથી વિશુદ્ધ જીવ, જલમાં નાવ સમાન છે.**

卐 卐 卐

'પારગામી' દૃષ્ટિ યુક્ત 'પરિણત' જીવન-યાપનથી

અનેક જીવોની ભાવ-વિશુદ્ધિના પ્રેરણા-સ્વરૂપ

ભાવ-યોગી પૂ. સૂરિ-સમ્રાટને

સવિનય વંદના

卐 卐 卐

## શ્રી પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મૂ. પૂ. સંઘ

**તુલસી-શ્યામ ફ્લેટ, ભીમજીપુરા, નવાવાડજ, અમદાવાદ**

'અસંજમે નિયત્તિંચ, સંજમે ય પવત્તણં !'

ભાવાર્થ :- 卐 ઉત્ત. સૂત્ર.

**અસંયમથી નિવૃત્ત અને સંયમમાં પ્રવૃત્ત થવું.**

卐 卐 卐

અસંયમના ઓછાયાને પણ દૂર રાખનાર અને

સંયમ-માર્ગના સમર્થ માર્ગદર્શક

પૂજ્યશ્રી શાસન-સમ્રાટને

વંદના

卐 卐 卐

**શ્રી રમણલાલ ચંદુલાલ ગાંધી**

**શાન્તાબેન ર. ગાંધી - અશોકકુમાર ર. ગાંધી**

**ભાવનાબેન અ. ગાંધી - કવિભાઇ અશોકભાઈ**

**આદિ પરિવાર**

**ઠે. ફત્તેહપુરા, અમદાવાદ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સેયંબરો ય આસંબરો ય બુદ્ધો વા તહ અન્નો વા;
સમભાવભાવિઅપ્પા લહઈ મુક્ખં ન સંદેહો !''

ભાવાર્થ : — પૂ. હરિભદ્રસૂરિ મ.

કોઇ શ્વેતામ્બર, આશામ્બર, દિગમ્બર કે બૌદ્ધ સંપ્રદાયનો હોય, વળી કોઈ અન્ય સંપ્રદાયનો હોય છતાં જો તે સમભાવવાળો હોય તો તે મોક્ષને પામે તેમાં સંદેહ નથી.

લિંગ–વેશ–ભેદના ભમરમાં અટવાયા વગર ભવ–ભીરૂતા અને આત્મ–પરિણતિના માન–દંડથી જ જેમણે માનવના અંતઃસ્તલમાં રહેલી ધાર્મિકતાનો ક્યાશ કાઢ્યો તે

યથાર્થ ધર્માચાર્ય

પૂજ્યપાદ શ્રી નેમિસૂરીશ્વરજી મ.ને

ભવ–હારક વંદના


શ્રી ગૌતમભાઇ શાન્તિકુમાર જગાભાઈ

(સલીલ સેઇલ્સ)

'હવેલી', હાળ પર, પતાસા પોળ, અમદાવાદ–૧


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સમયા સવ્વભૂએસુ સત્તુ-મિત્તેસુ વા જગે;
પાણાઇવાયવિરઈ જાવજ્જીવાએ દુક્કરમ્ !"

ભાવાર્થ : ઉત્તરા. સૂત્ર.

**જગતમાં જે સર્વ જીવો છે તે તમામ તરફ અને પોતાના મિત્ર કે વિરોધીઓ હોય તે સર્વ પ્રતિ સમતાભાવ કેળવવો તે અહિંસા. આવી અહિંસા આજીવન ટકાવી રાખવી દોહ્યલી છે.**

શ્રમણ-જીવન માટે અનિવાર્ય રીતે આવશ્યક એવા સમતાભાવના આસેવનથી અહિંસાની યથાયોગ્ય આરાધના કરનારા પૂ. આચાર્યશ્રીને સવિનય વંદના

શ્રી માંગીલાલ પુખરાજજી શેઠ
(બાલીવાળા)
શ્રીમતી રતનબેન □ શ્રી ગજેન્દ્રકુમાર
શ્રી નિતિનકુમાર
મુ. ઉરણ. (મહારાષ્ટ્ર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'દુવિહે ધમ્મે—સુયધમ્મે ચેવ ચરિત્તધમ્મે ચેવ !'

અર્થાત્ : ધર્મ બે પ્રકારના છે. :— ઠાણાંગ સૂત્ર.

શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મ

શાસ્ત્ર અને ગુરૂ-વચન સાંભળી શ્રદ્ધાળુ બનવું તે શ્રુત-ધર્મ.

卐

શ્રુત-ધર્મના સમાચરણથી આત્મ-સ્વરૂપને ઉજાગર કરનાર આત્મ-યોગી આચાર્ય-પ્રવરશ્રીને આત્મ-વંદના



શાહ પન્નાલાલ પીતામ્બરદાસ

૮૪૭, પંચભાઇની પોળ, અમદાવાદ-૧

શાસ્ત્ર અને ગુરૂ-આજ્ઞાને ચરિતાર્થ કરવી તે ચારિત્ર-ધર્મ

卐

શાસ્ત્ર અને ગુરૂ-આજ્ઞાને સર્વાંગી રીતે ચરિતાર્થ કરનાર સચ્ચારિત્ર-ચૂડામણી પૂ. શ્રી નેમિસૂરીશ્વરજી મ.ને વંદનાવલી



શ્રી બુધાભાઇ મંછારામના પરિવારજનો

નવી પોળ, પતાસા પોળ, ગાંધીરોડ, અમદાવાદ-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જે ન વંદે ન સે કુપ્પે; વંદિઓ ન સમુક્કસે,
એવમન્ને સમાણુસ્સ: સામણ્ણમણુ ચિટ્ઠઈ ॥ ૩૦ ॥
દશવૈ. સૂત્ર, અધ્ય. ૫, ઉ. ૨.

ભાવાર્થ :

△

△ જે વંદન ન કરે તેના પર ક્રોધ ન કરે,
કોઇ વંદન કરે તો ગર્વ ન કરે, આ રીતે,
સર્વજ્ઞની આજ્ઞાનુસાર, સમભાવયુક્ત જે
સંયમ પાળે તેનું શ્રમણત્વ જળવાય છે.



△ આ શાસ્ત્રાજ્ઞાનું સમાચરણ કરનારા
સ્વ. પૂજ્ય શ્રમણ-શિરોમણીને
સમર્પણપૂર્ણ
શ્રદ્ધાંજલી.

દશા પોરવાડ સોસાયટી, પાલડી, અમદાવાદ-૭.

શ્રી દશા પોરવાડ સોસાયટી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ

સમર્પણપૂર્ણ શ્રદ્ધાંજલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"નાણેણ જાણઈ ભાવે,
દંસણેણ ય સદ્દહે ।
ચરિત્તેણ નિગિણ્હાઈ,
તવેણ પરિસુજ્ઝઈ ॥૨૮॥

જ્ઞાનથી તથ્ય ભાવોને જાણે
દર્શનથી સાધક શ્રદ્ધા કરે,
ચારિત્ર વડે બાહ્ય અને
આંતરિક નિગ્રહ કરે,
અને તપથી પરિશુદ્ધિ કરે.

卐



અધ્યવસાયો–ભાવોના 'યથાવત્'
જ્ઞાતા, અવિહડ શ્રદ્ધાના ધારક,
સચ્ચારિત્ર દ્વારા બાહ્યાભ્યંતર
નિગ્રહ કરનારા અને તપથી
પરિશુદ્ધ 'પરમાર્થ'ના પ્રરૂપક
પાવક ગુરૂદેવને
પાપ–પ્રનાશક વંદના

૦ પૂ. સા. શ્રી જિનેન્દ્રશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી
કીર્તિપ્રભાશ્રીજી મ.ની પુણ્ય–સ્મૃતિ નિમિત્તે
પૂ. સા. શ્રી રાજીમતીશ્રીજી મ. તથા પૂ. સા.
શ્રી લબ્ધિમતીશ્રીજી મ.ની
સત્–પ્રેરણાથી.

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ
(જી. ભાવનગર) * ટાણા * (સૌરાષ્ટ્ર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જયા ચઈય સંજોગં;'
અબ્ભિંતરં બાહિરં,
તયા મુંડે ભવિત્તાણં:
પવ્વઈએ અણગારીયં"
દશવૈ. સૂત્ર, અ. ૪.



ભાવાર્થ :

મુમુક્ષુ જ્યારે બાહ્ય અને અભ્યંતર સંયોગોનો (બન્ધનોનો) ત્યાગ કરે છે ત્યારે જ મૂંડીત બની, દ્રવ્ય અને ભાવથી અણગાર ધર્મ અંગીકાર કરે છે.

સંયોગોના દાસ ન બનતાં, સંયોગોના સ્વામી બનવા, આજીવન પર્યંત અપ્રમત્તભાવે આત્મ-પુરૂષાર્થ કરતાં રહ્યાં તે આત્મ-પરાક્રમી સ્વ. પૂજ્યપાદશ્રીને

પાપ-પ્રનાશક

વન્દના

શ્રી જૈન શ્વેતામ્બર
મૂર્તિપૂજક
તપગચ્છ સંઘ
ખાનપુર, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જહા સસી કોમુઈ જોગજુત્તો;
નક્ખત્ત તારાગણ પરિવુડપ્પા,
ખે સોહઈ વિમલે અબ્ભમુક્કે;
એવં ગણી સોહઈ ભિક્ખુમજ્ઝે" ॥૧૫॥

દશવૈકાલિક સૂત્ર, અધ્ય. ૯.

ભાવાર્થ :-

ગ્રહ, નક્ષત્ર અને તારાઓના પરિવારથી યુક્ત શરદ પૂર્ણિમાનો ચંદ્ર, વાદળા વિનાના આકાશમાં, પોતાના વિમળ પ્રકાશથી મનોહર અને દેદીપ્યમાન લાગે છે તે રીતે આચાર્ય પણ સત્યધર્મરૂપી નિર્મળ આકાશમાં સુસાધુઓના પરિવારથી શોભાયમાન લાગે છે.

## 卐 શ્રી જૈન સોસાયટી જૈન સંઘ 卐



ઉપરોક્ત શાસ્ત્રવચનાનુસાર,
સ્વ. પૂ. સંઘનાયક પણ પોતાના
સુવિશાળ શિષ્ય-સમુદાયથી
ચતુર્વિધ શ્રી સંઘમાં શોભાયમાન હતાં.
**સમસ્ત શ્રી સંઘની શોભાના**
**અભિવૃદ્ધિકારક શાસન-સમ્રાટને**
**વિનયાંજલી**

**એલીસબ્રીજ,**
**અમદાવાદ-૩૮૦૦૦૬**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી ગુરુ—સ્તુતિ

(ભુજંગી-છંદ)

અહો યોગ ને ક્ષેમના આપનારા,
તમે નાથ છો તારનારા અમારા;
પ્રભો નેમિસૂરીશ સૌભાગ્યશાલી,
નમું શ્રી ગુરૂ બાલ્યથી બ્રહ્મચારી : ૧ :

તમારા ગુણોનો નહિં પાર આવે,
વિના શક્તિએ તે ગણ્યા કેમ જાવે ?
તથાપિ સ્તુતિ ભક્તિથી આ તમારી,
નમું શ્રી ગુરૂ બાલ્યથી બ્રહ્મચારી : ૨ :

લહી યોગની આઠ અંગે સમાધિ,
ભલા આત્મપંથે રહી સિદ્ધિ સાધી,
ક્રિયા જ્ઞાનને ધ્યાનના યોગધારી,
નમું શ્રી ગુરૂ બાલ્યથી બ્રહ્મચારી : ૩ :

હતા આપના ભક્ત ભૂપાલ ભારી,
તમે ધર્મની વીરતાને ઉગારી;
મહાતીર્થ ને ધર્મના જોગધારી,
નમું શ્રી ગુરૂ બાલ્યથી બ્રહ્મચારી : ૪ :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમે નિર્ગુણી ને ગુણી આપ પૂરા,
અમે અજ્ઞ ને આપ જ્ઞાને સનૂરાં;
મળો ભક્તિ એ ભેદને છેદનારી,
નમું શ્રી ગુરૂ બાલ્યથી બ્રહ્મચારી : ૫ :

નથી આપની સેવના કાંઈ કીધી,
કહેલી વળી ધર્મશિક્ષા ન લીધી;
ક્ષમા આપજો પ્રાર્થના એ અમારી,
નમું શ્રી ગુરૂ બાલ્યથી બ્રહ્મચારી : ૬ :

હતા આપ યોગે અમે તો સનાથ,
અભાગી થયા આપ વિના અનાથ;
અમે માંગીએ એક સેવા તમારી,
નમું શ્રી ગુરૂ બાલ્યથી બ્રહ્મચારી : ૭ :

હવે પ્રેમથી બોધ એ કોણ દેશે?
અમારી અરે! કોણ સંભાળ લેશે?
દયાળુ તમે દીલમાં દાસ લેજો,
સદા સ્વર્ગથી નાથ આશિષ દેજો : ૮ :

કર્તા: સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. ધર્મધુરંધર-
સૂરીશ્વરજી મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અવસર બેર. બેર, નહીં આવે'....

## ( પ્રેરકનું પ્રાક્-કથન )

આરાધનાના મૂલ-માર્ગની એક જ સૂત્રરૂપે પ્રરૂપણા કરતાં અનંત ઉપકારી, પરમતારક શ્રી વીતરાગ પરમાત્માએ ત્રિપદી' રૂપ ત્રિકાળાબાધિત પરમ સત્યનો સ્ફોટ કર્યો.

## અણમોલ-અવસર

પરમ-કૃપાળુ પરમાત્મ ભગવંતે કરેલ આ એક-સૂત્રીય સત્ય-સ્ફોટને પ્રબુદ્ધ એવા ગણધર ભગવંતોએ દ્વાદશાંગી રૂપે ગ્રંથન કરી પ્રસ્ફુટ કર્યો. આ દ્વાદશાંગીના દ્વિતીય અંગસૂત્ર-'સૂત્ર-કૃતાંગ'માં પ્રત્યેક આત્માને તેના આત્મ-હિતની તક-અવસર ઝડપી લેવા નિર્દેશ કરતાં કહ્યું છે કે '**અત્તહિયં સ દુહેણ લબ્ભઈ**' અર્થાત્ **આત્મ-હિતનો અવસર દુર્લભ છે.**

## અણમોલ અવસરની ઉપયોગીતા

અનાદિ-અનંત એવા આ સંસારના ભવ-ભ્રમણમાં ભાગ્યે જ પ્રાપ્ત થતો એવો આત્મ-હિતનો અવસર પરમ પુણ્યના યોગે આ જીવને મળે છે. પરમ પુણ્યોદયના યોગે પ્રાપ્ત થતાં આ આત્મ-હિતના અવસરને ઝડપી લઈ તેને સાર્થક કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવામાં સત્ત્વશીલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ગુરૂભગવંતોની નિશ્રા અને તેમના પ્રતિનું સર્વાંગી સમર્પણ,** આત્મ-કલ્યાણાર્થે અનિવાર્ય છે. આત્મ-કલ્યાણ-સાધક એવી આ અનિવાર્ય આવશ્યકતાની મૂર્તિ સાથે, ઉપકારક અને **પ્રબુદ્ધ ગુરૂભગવંતોએ આપેલ શીક્ષા-દીક્ષાનું યથાર્થ સ્વરૂપે પાલન કરવું એટલું જ જરૂરી છે.** અન્યથા, દુર્લભ અને હાથ આવેલો આત્મ-હિત-સાધનાનો અપૂર્વ અવસર **એળે ગયા વગર રહેતો નથી.** વળી, 'સબ રસકા રસ' વગરની રસવતી [ અલૂણી રસોઈ ] આરોગ્યા પછી પણ નિરસતાનો વસવસો રહી જાય છે તેમ આરાધનામાર્ગ અને તેના માર્ગદર્શક એવા ગુરૂભગવંત પ્રાપ્ત થવા છતાં પણ, જો તેમના પ્રતિ સર્વાંગી સમર્પણભાવ ઉત્પન્ન થાય નહીં તો આરાધના-માર્ગના 'સબ રસ' રૂપી 'સ્વ-સ્વરૂપાભિમુખતા'નો શ્રેયકારક રસાસ્વાદ પ્રાપ્ત થતો નથી.

## અણમોલ અવસરની પ્રાપ્તિ

મ્હારાં પરમ પુણ્યોદયે આજથી લગભગ ચોપન વર્ષ પહેલાં પરમ-કૃપાળુ પૂજ્યપાદ ગુરૂદેવેશ આ. ભ. **શ્રી. વિજય નેમિસૂરીશ્વરજી મહારાજના** દર્શન-સંપર્ક થતાં, તેઓશ્રીના પુણ્ય-પ્રભાવ અને અમીદૃષ્ટિથી તથા વડીલ ભ્રાતા પૂ. મુનિરાજ **શ્રી ખાન્તિવિજયજી મહારાજની** પ્રેરણાથી ચારિત્ર અંગીકાર કરવાની ભાવના થઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મ્હારી આ ભાવના, પરમ આરાધ્ય પૂ. સૂરિ-સમ્રાટના સ્વ-હસ્તે સાકાર બની અને કદમ્બગિરમાં તેઓશ્રીની પુણ્ય-નિશ્રામાં જ મ્હારી ચારિત્ર-યાત્રાનો પ્રારંભ થયો.

## મ્હારૂં જીવન ધન

મ્હારી ચારિત્ર-સાધનાના પાયામાં પરમ-કૃપાળુ પૂજ્યપાદ શાસન-સમ્રાટના સ્વયંના શિક્ષા અને સંસ્કારનો જે કૃપાપ્રસાદ પ્રાપ્ત થયો એ જ મારૂં જીવન-ધન છે. જીવન-ધનના અનુપમ દાનેશ્વરી **પૂ. સૂરિરાજ**, ગુરુ-**દેવેશ, આ. ભ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજનો** હું જન્મ-જન્માંતર પર્યંત ઋણી રહીશ આ ઋણ ફેડી શકાય એવું નથી જ એની મને આત્મ-પ્રતીતિ છે એમ જણાવું તો એ અલ્પોક્તિ જ રહેવાની

## ઉપકારીઓની ઉપકાર-પરંપરા

સ્વ. પૂજ્યપાદ **શાસન-સમ્રાટ** પાસેથી પ્રાપ્ત આ, શિક્ષા-સંસ્કાર રૂપી જીવન-ધનને યથાક્ષયોપશમ અને યથાશક્તિ જાળવી રાખી શક્યો હોઉં તો તે પરિણામ પણ મ્હારાં પરમોપકારી અને શ્રેય-ચિંતક સ્વ. પૂ. આ. ભ. **શ્રી. વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની** સતત મળેલી હિત-શિક્ષાને જ આભારી છે. તેમના ઉપકારો અવિસ્મરણીય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ-જીવનના મ્હારા આ શ્રેય-સાધક **પુરૂષાર્થની** પ્રત્યેક પળનું સાહચર્ય અને વાત્સલ્યયુક્ત નિશ્રા આપનાર, વડીલ-ભ્રાતા પ. પૂ. સ્વ. મુનિ-પ્રવર **શ્રી ખાન્તિ-વિજયજી મહારાજને** તો હું કેવી રીતે વિસરી શકું ? તેઓશ્રીને કૃતજ્ઞાયુક્ત નત-મસ્તક વંદના કર્યા વગર રહું તો સાધુ-ધર્મને તો ઠીક પણ સજ્જનોચિત કર્તવ્યમાંથી પણ ચૂક્યા વગર ન રહું એમ લાગે છે. તેઓશ્રીને સવિનય વન્દના.

વૈયાવચ્ચપ્રિય **મુનિ શ્રી ઉત્તમવિજયજી** એ વીસ વર્ષનું વૈયાવચ્ચયુક્ત સાહચર્ય નિભાવી મને અનેક રીતે સહાયક બન્યા હતાં. સ્વર્ગસ્થ આ મુનિશ્રીની વૈયાવચ્ચ તથા સંયમારાધનાની અનુમોદના.

સ્વલ્પ-ક્ષયોપશમવાળા એવા મ્હારામાં શ્રુત-ભક્તિ તથા શ્રુત-સેવાના સંસ્કાર રેડનારા મ્હારા વિદ્યા-દાતા, પૂ. સ્વ. આ. ભ. **શ્રી. વિજય રામસૂરીશ્વરજી મહારાજના** વિદ્યા-પ્રસાદ સિવાય તો મ્હારાં 'રામ જ રમી ગયા' હોત. એમણે આપેલ સત્‌વિદ્યાના સહારે તો મારી શ્રુત-સેવા ચાલુ રહી શકી છે. વિદ્યા-દાતા એવા એ શ્રેયકારી પૂજ્યશ્રીને સમર્પણ-પૂર્ણ વન્દના.

## આત્મ-આશ્વાસન

આ બધાં ઉપકારી અને ઉપાસ્ય મહાપુરૂષોની પરમ-કૃપાના પ્રતાપે જ ચારિત્ર-યાત્રાની અર્ધશતાબ્દિ વટાવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂકયો છું એનો આત્મ–તોષ છે એમ કહેવા **કરતાં** આત્મા–આશ્વાસન માનવું એ જ વધુ ઉચિત લેખાશે.

## ગુરૂ–ગુણાનુવાદની ભાવના

આ ચારિત્ર–યાત્રાનું અર્ધશતાબ્દિ વર્ષ જેમ, જેમ, નજદીક આવી રહ્યું હતું તેમ, તેમ, અનેક વર્ષોથી મ્હારાં અંતઃસ્તલમાં રહેલી એક ભાવના સાકાર કરવા આંતર–પ્રેરણા થતી રહેતી હતી. આ ભાવના એ હતી કે, મ્હારાં અનન્ય ઉપકારી **ગુરુદેવેશ** સ્વ. પૂજ્યપાદ્ આ. ભ. **શ્રી. વિજય નેમિસૂરીશ્વરજી મહારાજના** જીવન–કવનને સાંકળી લેતાં એક ગ્રંથ દ્વારા તેમના ગુણાનુવાદ કરવાનું સાહસ કરૂં !

## સ્વલ્પ ક્ષયોપશમ...

આ મહાપુરૂષની ગુણ–ગરિમાની ભવ્યતા અને ગહ-રાઇને **યથાર્થસ્વરૂપે** જાણી શકવાની તથા **યથાયોગ્ય-રૂપે** આલેખન કરવાની મ્હારી ક્ષમતા સિવાય, આવો પ્રયત્ન એ સાહસ જ લેખાય. વળી, મ્હારાં સ્વલ્પ–ક્ષયોપશમ અને ખાસ કરીને અતિ–અલ્પ એવી અભિવ્યક્તિ–શક્તિના કારણે, આ મહાપુરૂષના ગુણાનુવાદને લિપિબદ્ધ કરવાનો પ્રયત્ન કરવા જતાં, એ મહાપુરૂષના જીવન–કવન અને કર્તૃત્વને પૂરો ન્યાય આપી શકીશ કે કેમ તેની આંતર–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિધા પણ અંતરાય કરતી હતી. આમ છતાં, એ **પરમોપકારી ગુરુદેવેશે** આપેલા સંસ્કાર-સામર્થ્યના સહારે અને વડીલોના પ્રોત્સાહક આશીર્વાદના શ્રદ્ધા-બલથી જ આ કાર્યનો પ્રારંભ થયો.

વિ. સં. ૨૦૦૩ માં જાવાલ-રાજસ્થાનમાં કરેલા ચાતુર્માસ દરમ્યાન સ્વ. પૂજ્યપાદના જીવન-દર્શન અંગે પ્રકાશિત કરેલ ૩૨ પાનાની એક પુસ્તિકા પણ, આ કાર્ય-પ્રારંભની સાથે એક જૂના અને આછાં-પાતળા તાંતણાં રૂપે સંકળાયેલી છે. જાવાલના ચાતુર્માસ-નિર્ગમન દરમ્યાન કરેલ આ પ્રયત્ન બાદ, એક યા અન્ય રીતે, શક્ય તથા ઉપલબ્ધ બની શકે તેમ હોય તેવા સર્વ સૂત્રો દ્વારા, સ્વ. પૂ. ગુરૂદેવેશના જીવન-કવન અને કતૃત્વ સંબંધી માહિતિ અને વિગતો પ્રાપ્ત કરી, સંગ્રહ કરતો રહ્યો. આ રીતે, પ્રથમ પ્રયત્નનું સાતત્ય સ્વલ્પાધિક પ્રમાણમાં સચવાઈ રહ્યું.

## નિષ્કામ પ્રેરણા-પ્રોત્સાહન

આ મધ્યાવધિમાં, પ્રસંગોપાત મારી આ ભાવનાની જાણ, પૂ. આ. ભ. શ્રી. **વિજય દેવસૂરીશ્વરજી મહારાજ** તથા ધીર-યુવાન અને જ્ઞાન-ગંભીર પૂ. આ. ભ. **શ્રી. વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને** થતાં, આ બન્ને હિતચિંતકો, ગુરુ-ગુણાનુવાદના આવા પુરૂષાર્થ માટેની પ્રેરણા, પ્રોત્સાહન આપવા સાથે સક્રિય સહયોગની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



"શાસન સમ્રાટ" પ. પૂ. આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજી મ. સા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવાભાવી પૂજ્ય મુનિરાજ



શ્રી ખાન્તિવિજયજી મ. સા. (ગુરૂ મહારાજ શ્રી)

સાહિત્યપ્રેમી
નિડરવ-કતા, મરૂધર-રત્ન,



પ્રવર્તક પ. પૂ. મુનિ
શ્રી નિરંજનવિજયજી મ.

સ્વાધ્યાયપ્રેમી



પૂ. મુનિ
શ્રી ઉત્તમવિજયજી મ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૈયા–ધારણ પણ આપતાં જ રહ્યાં. પોતાને પ્રાપ્ત થઈ શકે તેવા **પ્રતિફળની અપેક્ષા વગરની** તેમની હૈયા–હૂંફથી મારી હોંશમાં પ્રાણ–શક્તિનો સંચાર થયો. વર્તમાન વિષમ–કાળમાં પ્રતિફળની અપેક્ષા વગર અને 'ઓઢી લીધેલી વડીલ શાહી'ના અસહ્ય ભાર વગરની આત્મીયતા-પૂર્ણ પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર–પ્રેરક અને પ્રોત્સાહક **જવલ્લે જ સાંપડે.** આમ છતાં, વિરલ એવું આ સૌભાગ્ય સાંપડયું એ નિજાનુભવ છે. આવી નિષ્કામ પ્રેરણા અને પ્રોત્સાહન આપનાર **ગુરુ–શિષ્યની બેલડી** એવા આ, **પૂજ્ય આચાર્યદ્વયને** અંતરના ઊંડાણેથી અભિવન્દુ છું–અનુમોદું છું.

## પરિણામદાયી ઉદાહરણ

આ રીતે, સમયના વહેણ સાથે મારો સંકલ્પ સમભિ-રૂઢ થતો રહ્યો–તે અંતરાલમાં, મારી ભાવનાને અનુરૂપ એવા એક પ્રયત્નનું શ્રેય–સાધક પરિણામદાયી ઉદાહરણ પ્રત્યક્ષ થયું. સ્વ–સમર્પણ–નિષ્પન્ન પોતાની ભાવનાજન્ય આ ઉદાત્ત ઉદાહરણને સ્વ–પુરૂષાર્થથી પ્રત્યક્ષ કરી બતાવ-નાર હતાં—અલ્પવયસ્ક અને અલ્પતર દીક્ષા–પર્યાયવાળા, ખંતીલા, યુવાવસ્થાના આંગણમાં પ્રવેશ કરી રહેલા પ્રાજ્ઞ તથા પ્રગતિ–વાંછુ મુનિરાજ શ્રી **શીલચંદ્રવિજયજી.** (હાલમાં પન્યાસ પદારૂઢ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## યુવામુનિશ્રીનો શ્રેયકારી યત્ન

શ્રેયાર્થે પ્રગતિ–ગામી એવા આ **યુવાન્ મુનિવરે,** આજથી લગભગ એક દાયકા પૂર્વે, સ્વ. પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય **નન્દનસૂરીશ્વરજી** મહારાજના કૃપા-પ્રસાદથી તથા તેઓશ્રીના સ્મૃતિ–ભંડારના સંસ્મરણોના સહારે, અલ્પ સમયમાં પણ, લગભગ ત્રણસો પચાસ પૃષ્ઠોનો દલદાર ગ્રન્થ–'શાસન–સમ્રાટ્' આલ્હાદક આલેખન શૈલીથી સુરેખ રૂપમાં અને જનભોગ્ય બને તેવા સ્વરૂપમાં આપણી સહૂ સમક્ષ રજુ કર્યો. સ્વ. પૂજ્યપાદ્ શાસન સમ્રાટના જીવનને સર્વાંગી રીતે આવરી લેતો આવો દલદાર ગ્રન્થ ગુણાનુરાગી જનસમાજને સર્વ પ્રથમ વાર સાંપડ્યો જેનું સર્વ શ્રેય, આ પ્રતિભા સંપન્ન યુવા અને પ્રગતિ–વાંછુ (વર્તમાનમાં) પંન્યાસ–પ્રવર શ્રી **શીલચંદ્ર વિજયજી** ગણીવરને ફાળે જાય છે. તેમના આ શ્રેય–સાધક સફળ પ્રયત્નનો હું **મૂકસાક્ષી** માત્ર ન રહેતાં, સ્વ. પૂજ્ય શ્રી શાસન સમ્રાટના જીવનને સ્પર્શતા અલભ્ય ફોટાઓ વિગેરેની જે કાંઈ પણ ઉપયોગી સામગ્રી હતી તે તેમને આપી, તેમના આ સફળ પ્રયત્નનો **અંશીક** રીતે સહયોગી બની શકયો હતો તેનો આત્મ–સંતોષ છે.

## આછાં આકારોનું સુંદર આલેખન

ક્ષેત્ર–સ્પર્શનાના કારણે, વિ. સં. ૨૦૩૦ થી ૨૦૩૯

ના વર્ષો દરમિયાન મુંબઈમાં થયેલી સ્થીરતામાં, સ્વ. **પૂજ્યપાદના** ગુણાનુવાદ – આલેખનની મારી ભાવનાને આછાં–પાતળા આકાર સાંપડવા લાગ્યા. આ આકાર, સાકાર થઈ રહ્યાં હતાં તેવામાં સુશ્રદ્ધાળુ અને નવકારમંત્રારાધક શ્રી **મફતલાલ અ. સંઘવી** (ડીસાવાળા)નો સંપર્ક થતાં આ કાર્યના પ્રત્યાશિત આકારો સુરેખ રીતે સત્વર સ્પષ્ટ બને એ હેતુથી, અનેક વર્ષોની મારી નોંધો, ટાંચણો તથા અનેકવિધ જે સામગ્રીઓ મારી પાસે હતી તે મ્હેં એમને આપી. આ સામગ્રીના આધારે શ્રી **સંઘવીએ** લગભગ **૨૫૦ પૃષ્ઠોનું** સુંદર રીતે આલેખેલ સર્જન મ્હારી સમક્ષ રજુ કર્યું. સાધુવાદને યોગ્ય એવા એમના આ પુરૂષાર્થને હું જેમ, જેમ જોતો ગયો તેમ તેમ, મને એમ લાગવા માંડયું કે, સ્વ. પૂજ્યપાદ શાસન સમ્રાટના જીવન–પ્રસંગોથી તેમના આ પુરૂષાર્થને પરિપુષ્ટ કરવાની આવશ્યકતા અનિવાર્ય છે. તેથી તેમના આલેખેલાં ૨૫૦ પૃષ્ઠોમાં, ક્રમબદ્ધ રીતે સ્વ. પૂજ્યશ્રીના જીવન–પ્રસંગો યથાયોગ્ય રીતે ઉમેરવાનું શરૂ કર્યું જેના પરિણામ રૂપે આ પુસ્તક લગભગ ૧૦૦૦ થી પણ વધુ પૃષ્ઠોવાળું બનવા પામ્યું જેનો નિર્દેશ કરવો આવશ્યક સમજું છું. આ સિવાય સ્વ. પૂજ્યશ્રીના જીવનાલેખનનો આ પ્રયત્ન માહિતિ–સભર બની શક્યો ન હોત. બનવા જોગ છે કે, આ પ્રયત્ન ભાષા–સૌષ્ઠવ તથા રજુઆતની દૃષ્ટિએ કોઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'પાંગળો' લાગે. આમ છતાં, એટલું તો નિશ્ચિત છે કે, આ પ્રકાશન અનેક જીવોને પ્રેરણાનું પાથેય પુરૂં પાડશે જ.

## રેખાંકન-ચિત્ર-સમૃદ્ધિ

ગુરૂ-ગુણાનુવાદનો આ પ્રયત્ન વધુ આકર્ષક અને ઉઠાવદાર બને એ હેતુથી શક્ય હોય ત્યાં એમાં, પૂજ્યપાદશ્રીના જીવનને સ્પર્શતાં રેખાંકનો-ચિત્રો મૂકવા એવો મનોરથ મ્હારાં મનમાં ઉત્પન્ન થયો. આ મનોરથને ભક્તિ-ભાવયુક્ત રીતે મૂર્ત કરવાની જવાબદારી, જાણીતા ચિત્રકાર શ્રી હલસુખભાઈએ સ્વીકારી, મ્હારા માર્ગદર્શન અનુસાર સંતોષકારક રીતે નિભાવી છે. આ રેખાંકનો એ કળાકારની કળાની અભિવ્યક્તિ કરતાં વધુ તો ભક્તિ-ભાવ-પ્રેરિત છે. આથી તેનું મૂલ્યાંકન એ દૃષ્ટિએ કરવા અનુરોધ કરૂં છું. ચિત્રકાર શ્રી હલસુખભાઈનો ભક્તિ-ભાવ અનુમોદનીય જ લેખવો રહ્યો.

## પ્રકાશન-સમિતિનું ગઠન

ગુરૂ-ગુણાનુવાદના આ પ્રયત્નને પ્રકાશમાં લાવવાના હેતુથી, શ્રદ્ધાવાન્ સજ્જનોની એક પ્રકાશન-સમિતિનું ગઠન કરવામાં આવ્યું. આ પ્રકાશન-સમિતિમાં, ૧. શ્રી **મોતીલાલજી માનાજી શાહ** ૨. શ્રી **બાબુલાલ મોતીલાલજી શાહ** શ્રી **સુરેશ આર. શેઠ** અને ૪. **જયેશ વાઘજી-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ભાઈએ** સદસ્ય તરીકે સેવા આપી છે. જ્યારે શ્રી **રાજેશ આર. શેઠે** પોતાના યુવક-સહજ ઉમંગથી વ્યવસ્થાપક તરીકેનું ઉત્તરદાયિત્વ યથાયોગ્ય રીતે નિભાવ્યું છે. આ પાંચે શ્રદ્ધાવાન્ સજ્જનોનો સહયોગ તથા પરિશ્રમ સરાહનીય અને પ્રશંસનીય છે. તેમના બધાનો આ પુરુષાર્થ તેમના માટે પરમાર્થનું કારણ બનો તેવી શુભાભિલાષા.

## મંગલ અભિલાષા

આ ગ્રન્થના પ્રકાશન-કાર્યમાં આવશ્યક એવા દ્રવ્યનો આર્થિક સહયોગ આપનાર,ગુણાનુરાગી ગુરુ-**પદ-પૂજકોએ** પોતાના દ્રવ્યનો સન્માર્ગે ઉચિત રીતે ઉપયોગ કરી, આત્મ-કલ્યાણનું જે નિમિત્ત પ્રાપ્ત કર્યું છે, તે તેમનું આત્મ-કલ્યાણ કરનાર બનો તેવી **મંગલ અભિલાષા.**

## મુખ્ય આધાર-ગ્રન્થો

આ ગ્રન્થના સંયોજનમાં, **આધાર-ગ્રન્થો** તરીકે જે ગ્રન્થ-ત્રયનો ઉપયોગ કર્યો છે તેનો નામોલ્લેખ અનિવાર્ય છે. ૧. **શાસન સમ્રાટ** ૨. પૂ. શ્રી વિજય **નન્દનસૂરિજી** મ. સ્મારક ગ્રન્થ તથા ૩. પૂ. શ્રી **અમૃતસૂરિજી** મ. તથા શ્રી વિજય **ધર્મધુરંધરસૂરિજી** મ. સ્મારક ગ્રન્થ, (સંયુક્ત). આ ત્રણે ગ્રન્થના લેખકોનો હું કૃતજ્ઞ-ભાવે ઋણ-સ્વીકાર કરું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## વિલંબના કારણો

આ ગ્રન્થને સાકાર સ્વરૂપમાં લાવતાં અતિ-વિલંબ થયો છે. આ અતિવિલંબના જે **અનેક** કારણો છે તેમાં **પાંચ પ્રમુખ કારણો** છે. આ પાંચ પ્રમુખ કારણોમાં પણ પ્રમુખ સર્વ પ્રથમ કારણ :–

૧. મ્હારાં આ પુરૂષાર્થ-સાધ્ય કાર્યમાં પ્રયત્ન-સાધ્ય પ્રકર્ષતા અને તીવ્રતાના સાતત્યનો અભાવ-એ મારી પોતાની ઊણપ.

૨. પ્રતિકુળ સ્વાસ્થ્ય ૩. ઉચિત સહયોગીના સતત સાહચર્યનો અવિરત અભાવ. ૪. મુદ્રણાલયોની રગશિયા ગાડા જેવી મુદ્રણ ગતિ અને છેલ્લે, છેલ્લે ૫. ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં પ્રવર્તમાન અશાંત પરિસ્થિતિ-સભર કાળ-સમય.

**સ્વ-કૃત પ્રમાદ** અને પરિસ્થિતિજન્ય વિલંબના **નિખાલસ એકરારના અંતે એ માટે 'ક્ષમસ્વ'ની** અપેક્ષા ગુણીજન-સમાજ પાસે રાખું તો એ અસ્થાને નહીં જ લેખાય.

## ગ્રન્થનું યથાર્થ નામાભિધાન

હવે, આ ગ્રન્થના નામાભિધાન-**'શ્રી નેમિસૌરભ'ને** સ્પર્શતું આંતર-નિવેદન કરવાના આ પ્રાપ્ત અવસરનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપયોગ કરી લઉં. 'નેમિ' શબ્દના ગુજરાતી ભાષામાં થતાં બે અર્થો **ગૂજરાત વિદ્યાપીઠના** જોડણી કોષમાં પ્રમાણિત કરવાનાં આવ્યાં છે–'૧. કૂવા ઉપરની ગરગડી અને ૨. પૈડાનો પરિઘ.'

સંસાર રૂપી કૂવામાં પડેલા મોહાશક્ત જીવોના આત્મોત્થાન માટે, પૂજ્યપાદ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજનું જીવન–કવન–કૃતૃત્વ અને કૃતિત્વ તથા શ્રમણ–જીવનમાં મૂળ આરાધના–માર્ગની તેઓશ્રીએ કરેલી અદ્વિતીય આરાધનાનું ઓજસ તથા સમીચીન સાધનાનો સત્ત્વશીલ પ્રભાવ, કૂવાની ગરગડી જેવું કાર્ય–સાધક મધ્યમ અને પરથાર્થ–સાધનનું નિમિત્ત બની રહે તેવો હતો–છે અને રહેશે. આ મહાપુરૂષને આત્મ–કલ્યાણના માધ્યમ તરીકે સ્વીકારનાર જીવ, સ્વલ્પ પ્રયત્નોથી પણ, 'સ્વ–સ્વરૂપ–સાધના'ની ભાવના અને ભૂમિકા પ્રાપ્ત કરી, તેને ચરિતાર્થ કરી, પોતાના ભવ–ભ્રમણનો સુખદ અને સત્વર અંત લાવી શકે છે. એ જ રીતે, 'નેમિ' શબ્દના બીજા અર્થને અનુરૂપ, એ ઉપકારી મહાપુરૂષના આત્મ–હિત–સાધક ઉપદેશના પ્રભાવની પરિઘ–વર્તુલમાં આવનાર આત્માની અંતરાભિમુખના ઉજાગર બન્યા વગર રહે નહીં. અંતરાભિમુખ ઉજાગરવૃત્તિવાળો જીવ, 'દેહાત્મ–ભિન્નભાવ'ની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતીતિપૂર્વક 'સ્વ-સ્વરૂપ-રમણતા'ના સંરક્ષક વર્તુલમાં 'વિભાવ-દશા'થી વિરક્ત થયા વગર રહે નહીં. આવા ઉદાત્ત પરિણમનકારી પ્રભાવની સ્વયંભૂ સૌરભનો પમરાટ પ્રત્યેક આત્માને નિજાનંદના નાદ-રણકારથી ઝંકૃત કર્યાં વગર રહે નહીં. આથી જ, આ ગ્રન્થનું નામ-'શ્રી-નેમિ-સૌરભ' સ્વ. પૂજ્યપાદના જીવનને યથાર્થરૂપમાં અભિવ્યક્તિ આપે છે.

## આશીર્વાદ અને શ્રેયાભિલાષા

નિગ્રંથ સંસ્કૃતિના આચાર-ધર્મ તથા 'સાધુ-સામાચારી'ની ઉપાદેય અને ઉપકારક એવી શાસ્ત્ર-વિહીત પરંપરાનુસાર, મુનિ-જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ-આચરણાને, આચાર્ય-ભગવંત, ગચ્છ-નાયક કે ગણ-નાયકની અનુજ્ઞા, અનુમતિ કે અનુમોદન અનિવાર્ય છે. વિનય-ધર્મની દ્યોતક આ પરંપરાનુસાર આ ગ્રન્થના પ્રકાશન-કાર્યને અમારા **ગચ્છ-નાયક**, સરળાશયી છતાં પ્રખર તેજ-સંપન્ન પ. પૂ. આ. ભ. શ્રી. વિજય **મેરૂપ્રભસૂરીશ્વરજી** મહારાજ તેઓશ્રી વિહારમાં હોવા છતાં, પ્રજ્ઞાસંપન્ન પૂ. આ ભ. શ્રી. વિજય **હેમચંદ્રસૂરિજી** મહારાજે મ્હારાં વતી કરેલી વિશેષ વિજ્ઞપ્તિના પ્રતિસાદમાં, તેઓશ્રીના અનુગ્રહરૂપ **મંગલ-આશીર્વાદ** સાંપડયા છે. આ મારૂં અહોભાગ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોવા સાથે, મ્હારાં પક્ષે સમુચિત આચરણાનું જ પરિપાલન છે.

ગ્રીષ્મ-ઋતુનો વિહાર તથા બીજી અનેકવિધ કાર્ય-વ્યવસ્તતા હોવાં છતાં, મ્હારાં સાગ્રહ અનુરોધનો સ્વીકાર કરી, 'પ્રાસ્તાવિક' તથા 'પુરો-વચનનું' અર્થ-સભર લખાણ લખી મોકલવા પાછળ, પૂ. **આચાર્યદ્વય**-પ. પૂ. આ. શ્રી. **વિજય ચંદ્રોદયસૂરિજી** મ. તથા પ. પૂ. આ. શ્રી. વિજય **હેમચંદ્રસૂરિજી** મહારાજની-બન્નેની મ્હારાં માટેની શ્રેયાભિલાષા સિવાય બીજું શું હોઈ શકે? ઉત્તમ આત્માઓ જ અન્યની શ્રેયાભિલાષા સેવતા હોય છે.

## ઉભયપક્ષી કર્તવ્યપાલન

સંઘ-નાયક સ્વ. પૂ. શાસન-સમ્રાટના મહાપુરુષ-સહજ વાત્સલ્યના પાત્ર બનેલા પૂ. આ. શ્રી. વિજય **યશોદેવસૂરિજી** મહારાજે તેમના પ્રતિકુળ સ્વાસ્થ્યમાં પણ, સ્વ. **પૂજ્યપાદશ્રીની** ભક્તિથી પ્રેરાઈને, મ્હારાં તરફના તેમના આત્મીયભાવ સાથે સ્વ. પૂ. **શાસન-સમ્રાટના** ગુણાનુવાદ કરતું લખાણ મોકલ્યું. વળી, આ લેખન-શૈલીની તેમની પોતાની વિશિષ્ટતા એ છે કે, સ્વ. પૂ. શાસન-સમ્રાટના ગુણાનુવાદ સાથે પોતાના ગુરૂ-જનોના-આસન્ન ઉપકારીઓના પણ ગુણાનુવાદ કરી શકયાં છે! તેમના આ ઉભયપક્ષી કર્તવ્ય-પાલનની કુનેહના ઉદાત્ત ઉદાહરણને હું અભિવન્દું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આવશ્યક નિર્દેશો

મ્હારાં પ્રાક્-કથનનું સમાપન કરતાં, આજ સુધી અવ્યક્ત રહેલી મ્હારી અંતરાભિલાષા વ્યક્ત કરતાં પહેલાં નીચે નોંધેલા નિર્દેશો કરવા આવશ્યક સમજું છું :–

૧. કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખ્યા વગર, સ્વ. પૂ. **શાસન સમ્રાટ** પ્રતિની આંતર-ભક્તિથી જ, આ ગ્રન્થના સાદ્યંત પ્રુફ-વાંચનમાં સહયોગ આપનાર, શ્રદ્ધા-સંપન્ન, સુહૃદ **શ્રી શાંતિલાલ મણીલાલ કાપડીઆ** ખંભાતવાળાની ગુરૂ-ભક્તિ.

૨. પોતાના **દાદા**-ગુરુ, પૂ. આચાર્ય શ્રી. વિજય **સૂર્યોદયસૂરિજી** મ. ની આજ્ઞાનુસાર, છેલ્લાં કેટલાંક માસથી મ્હારી નિશ્રામાં રહેનારા, નવાગંતુક મુનિ શ્રી **નવરત્નવિજયજીની** ગૌચરી-પાણી આદિની વૈયાવચ્ચ મને, ઓછા-વધતા અંશે આ કાર્યમાં સહાયક બની છે. તેમની વૈયાવચ્ચની અનુમોદના સાથે, આ પ્રકારની અનુજ્ઞા આપનાર પૂ. આ. શ્રી. વિજય **સૂર્યોદયસૂરિજી** મ. ની સંયમ-સહાયક વૃત્તિ માટે તેમનો ઋણ-સ્વીકાર કરૂં છું.

૩. આ ગ્રન્થમાં પ્રકાશિત **"વન્દના"ઓમાં,** જિનાગમ-ઉદ્ધરણો તથા પૂર્વર્ષિઓના ઉપાદેય વચનો ટાંકી, તેના **તત્ત્વ તથા અર્થગ્રાહી મર્મને** સ્ફુટ કરવાનો યથા-ક્ષયોપશમ, યથાશક્ય પ્રયત્ન કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪. ગુરૂ–ગુણાનુવાદના આ કાર્યમાં, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગ આપનાર સર્વ–કોઈનો નામ–નિર્દેશ કર્યા વગર જ ઋણ–સ્વીકાર કરૂં છું.

અંતમાં, સમાપન કરતી વેળાએ, સાધુના 'આવશ્યક કર્તવ્ય'રૂપ શાસ્ત્ર–વચનોનો સ્વાધ્યાય કરવા સાથે મ્હારી વણકહેલી અંતરાભિલાષાને વ્યક્ત કરવાનો હાથ આવેલો અવસર ચૂકવા માંગતો નથી.

દ્વાદશાંગીના દ્વિતીય અંગ–સૂત્રના ઉદ્ધરણ અનુસાર, 'આત્મ–હિતનો અવસર દુર્લભ છે.' આ જ શાસ્ત્ર–વચનની અનુભૂતિના આધારે 'સ્વાનુભવ'–યોગી, પૂ. આનંદઘનજી મહારાજે કહ્યું છે કે, 'અવસર બેર, બેર, નહીં આવે'....

## એક માત્ર અંતરાભિલાષા

સ્વાનુભવના આત્મ–પરિણતીપૂર્ણ માર્ગે ચાલનાર આત્મ–યોગી પૂ. આનંદઘનજીની અનુભૂતિજન્ય વાણી અનુસાર, આત્મ–હિત કાજે સાંપડેલ સમર્થ–સુગુરૂ–સંયોગના કરૂણા–પ્રસાદરૂપ ચારિત્ર–ધર્મનો સ્વીકાર કરી, આજ સુધી, યથાક્ષયોપશમ તથા યથાશક્તિ તેના પાલન માટે પ્રયત્નશીલ રહ્યો છું. હવે તો, આ ભવના આયુષ્ય–કર્મના ઉદયમાં–'બહોત ગઈ થોડી રહી' જેવી અવસ્થાએ પ્હોંચ્યો છું. વર્તમાન જીવનના સંધ્યાકાળનો સ્પર્શ અનુભવી રહ્યો છું ત્યારે, અંતઃસ્તલના ઊંડાણેથી એક માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવાજ આવે છે કે, 'અવસર બેર, બેર નહીં આવે'.... અને વડીલોની કૃપાથી જીવન-વિરામના સમયે, સ્વ. પૂ. શાસન સમ્રાટે સવિધિ આપેલ વીતરાગ પરાત્માના શાસનનું શરણુ અને સર્વજ્ઞ ભગવંતોનું જ સ્મરણુ રહે તો હું આત્મ-તોષ પ્રાપ્ત કરી શકીશ કે, આત્મ-હિત કાજે, હાથ આવેલ અણુમોલ અવસર એળે ગયો નથી. ૐ શાંતિ.

## 'મિથ્યા મે દુષ્કૃતમ્'

**સર્વાન્તે, સવિશેષરૂપે** એટલી જ અપેક્ષા છે કે, આજ પર્યંતની મ્હારી ચારિત્ર-યાત્રામાં, જિનાજ્ઞા વિરૂદ્ધ જે કાંઇ પણ બનવા પામ્યું હોય તે બદલ ત્રિવિધે '**મિચ્છામિ દુક્કડમ્.**' તેવી જ રીતે, મ્હારાં આ પ્રયત્નમાં પણ જ્ઞાત વા અજ્ઞાત રીતે જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય અને વડીલોના વિનયનું યથાર્થ પાલન થયું ન હોય તો ત્રિવિધે '**મિથ્યા મે દુષ્કૃતમ્.**'

સ્થળ :
શ્રી ખાન્તિ-નિરંજન ઉત્તમ
જૈન જ્ઞાનમંદિર,
શેખનો પાડો, રીલીફ રોડ.,
**અમદાવાદ-૩૮૦૦૦૧**

ગુરૂ-ગુણાનુરાગી
પ્રવર્તક
**મુનિ નિરંજન વિજય**
જે. શુ. ૪, વિ. સં. ૨૦૪૨
તા. ૯-૬-૧૯૮૬

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કૃતજ્ઞતાયુક્ત ઋણ–સ્વીકાર
## (પ્રકાશકીય નિવેદન)

સ્વ. પૂજ્યપાદ **શાસન–સમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી** મહારાજનાં જૈન સંઘ સમસ્ત પરનાં ઉપકારોનું ઋણ અદેય છે. પૂજ્યપાદશ્રીના સચ્ચારિત્રપૂત જીવન–કથન અંગે યત્કિંચિત્ પણ કહેવાનું અમારૂં સામર્થ્ય નથી. તેઓશ્રીની ઉપાદેયતાની ઉપકારકતા નિસીમ છે એ નિર્વિવાદ હકીકત છે. પૂજ્યશ્રીની ઉપકારકતા જૈન સમાજ સુધી જ સીમિત ન હતી પરંતુ પરમ તત્ત્વના પ્રેમી–અનુરાગી એવા સમગ્ર માનવ સમાજને સ્પર્શતી હતી.

આ મહાપુરૂષે તેમની ચારિત્ર–યાત્રા દરમ્યાન અનેકાનેક જીવોને, પરમ તારક શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત સાધનામાર્ગ રૂપી શ્રમણ–જીવનના પંથે પ્રગતિમાન કર્યાં હતાં. પ્રગતિના પંથે પળેલા આ સાધકોમાંથી અનેક શ્રમણ–પ્રવરો વર્તમાન કાળના જૈન સંઘમાં ધર્મોદ્યોત કરી અનેક જીવો માટે પ્રેરણા અને શ્રદ્ધાના સ્રોત બન્યાં છે.

**સ્વ. પૂજ્યશ્રીના સમુદાયના** અનેક આચાર્ય ભગવંતો તથા મુનિવરો શાસનની શોભારૂપ છે તેમ જ શ્રી સંઘના ઉદય અને ક્ષેમકુશળ માટે સાધનારત છે.

આવા પરમ પૂજનીય મહાપુરૂષના **સ્વ–હસ્તે**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**દીક્ષિત** થયેલા પ્રવર્તક પૂ. મુનિ શ્રી નિરંજનવિજયજી મ. શ્રુત–સાહિત્યાનુરાગી છે એમ તેમનો અર્ધશતાબ્દિથી પણ વધુ કાળનો સુદીર્ઘ ચારિત્રપર્યાય પૂરવાર કરે છે. તેઓશ્રીએ સ્વ–ક્ષયોપશમ અનુસાર, આજ સુધી કરેલ જનભોગ્ય શ્રુત–સેવાના ફલસ્વરૂપે, જૈન કથા તથા ઉપદેશ સાહિત્યના ૧૫૦ જેટલા વિવિધ પ્રકાશનો સમાજને સોંપડયા છે. આ બધાં પ્રકાશનોની છ લાખ જેટલી પ્રતિઓ પ્રચાર પામી એ હકીકત જ આ પ્રકાશનોની ઉપયોગીતા તથા લોક–પ્રિયતા સિદ્ધ કરે છે.

**પૂ. પ્રવર્તક મુનિશ્રીના** ચારિત્ર પર્યાયના ૫૦ વર્ષ થતાં, ગુરૂ–ગુણાનુવાદથી સભર એવું સ્વ. પૂ. ગુરુ-**દેવેશનું** જીવનચરિત્ર 'ગુરૂ–અર્ધ્ય' રૂપે ધરવાની જે ભાવના તેમના હૃદયમાં અનેક વર્ષોથી સંઘરાયેલી પડી હતી તેને મૂર્ત–સ્વરૂપ આપવા તેઓ કટીબદ્ધ બન્યા. તેમના સ્વાસ્થ્યની પ્રતિકુળતા તથા બીજી સાંયોગિક વિષમતાઓને ગણકાર્યા વગર તેઓ આ કાર્યને સમર્પિત થયાં. જેના પરિણામ સ્વરૂપે આજે અમે "**શ્રી નેમિ સૌરભ**" નામનો આ સચિત્ર અને ઉજળાર [illegible] આપ સહૂ સમક્ષ રજુ કરવા શક્તિમંત બન્યા છીએ

સ્વ–પર ઉપકારક તથા કર્મક્ષયકારી એવા આ પુરૂષાર્થમાં અમો જે યત્કિંચિત્ રૂપે સહયોગી બની શકયા છીએ તેના મૂળમાં પૂ. પ્રવર્તકજી **મહારાજની** પ્રેરણા, આશીર્વાદ અને માર્ગદર્શન જ સમાયેલા છે. આથી સર્વ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ અમે તે ઉપકારી પ્રવર્તક પ. પૂ. મુનિ-પ્રવર **શ્રી નિરંજનવિજયજી** મ. ને કૃતજ્ઞતાપૂર્ણ અભિવન્દના કરીએ છીએ. આ સાથે ક્ષમા-યાચનાપૂર્વક એટલી સ્પષ્ટતા કરવી આવશ્યક સમજીએ છીએ કે, આ પ્રકાશનમાં રહેલી સર્વ કોઈ ક્ષતિ એ અમારા પ્રમાદનું પરિણામ છે.

આ પ્રકાશનને મૂર્તરૂપ આપવામાં અનિવાર્ય આવશ્યકતા રૂપ આર્થિક સહયોગ આપનાર સર્વ ગુણાનુરાગીઓને અનુમોદનાયુક્ત અભિનન્દન.

પ્રસ્તુત ગ્રન્થના આગોતરા ગ્રાહક થનાર મહાનુભાવોના સહકાર તથા ધીરજ બદલ હાર્દિક આભાર.

આ ગ્રંથમાં આલેખાયેલા ચિત્રોના ચિત્રકાર શ્રી **હસમુખભાઈએ** આત્મીયભાવે આપેલ સહયોગની સવિશેષ નોંધ લેતાં હર્ષ અનુભવીએ છીએ.

અંતમાં, બે અપેક્ષાઓ :-

૧. આ પ્રકાશનમાં રહી ગયેલ ક્ષતિઓ બદલ ક્ષમા-પ્રાર્થનાનો સાનુકુળ પ્રતિસાદ.

૨. પ્રસ્તુત પ્રકાશનના વાંચનથી ઉપલબ્ધ થનાર સત્ત્વશીલ પરિણામ શુદ્ધિકારક તથ્યોનો સર્વ કોઈ આત્મ-કલ્યાણાર્થે ઉપયોગ કરવા પ્રયત્નશીલ બનશે તો અમારો પરિશ્રમ સાર્થક લેખાશે.

જે. સુ. ૧ — લી. પ્રકાશન સમિતિવતી

વિ. સં. ૨૦૪૨ — **રાજેશ આર. શેઠ**

તા. ૮-૬-૧૯૮૬ — વ્યવસ્થાપક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે"

'નેમિ' નેમ-સમ્રાટ, જડયો ન જૂજો માનવી;
જનની જણે હજાર, પણ એકે એવો નહીં.....
—(મો. હ. શીહોરી)

પૂ. આ. શ્રી વિજય સૂર્યોદયસૂરિજી મ. ના શિષ્ય
પંન્યાસ **શ્રી શીલચંદ્રવિજયજી** ગણી.

જિનશાસન સમ્રાટ સૂરિચક્રચક્રવર્તી બાલબ્રહ્મચારી તપાગચ્છાધિપતિ આચાર્ય મહારાજાધિરાજ શ્રી વિજય **નેમિસૂરિશ્વરજી** મહારાજના પુણ્યવંત નામ અને કામથી કયો જૈન શ્રાવક અજાણ્યો – અપરિચિત હશે ? વીસમી સદીની આ વિરલ સંતવિભૂતિની શકવર્તી શાસનપ્રભાવના અને યુગપ્રવર્તક બની રહે તેવી પ્રભાવિકતાનો જોટો પાછલાં સેંકડો વર્ષોમાં જોવા મળ્યો નથી અને આગામી સેંકડો વર્ષોમાં ય જોવા મળે તેમ નથી.

આ મહાપુરુષના નામની આગળ ઉપર લગાડ્યાં છે તેવાં અનેક વિશેષણો લગાડવામાં આવતાં. આજે ય તે વિશેષણો તેમના નામ સાથે લગાડવામાં તેમના શિષ્યો અને ભક્તો ધન્યતાની લાગણી અનુભવે છે.

"કેટલાક લોકો આજે, આ મહાપુરુષને મળેલાં કે લાગતાં વિશેષણોની દેખાદેખીથી, પોતાની જાતને પણ તેમના જેવી મહાન સમજીને, પોતાના નામની આગળ "શાસન સમ્રાટ, સૂરિ ચક્રચક્રવર્તી, તપાગચ્છાધિપતિ"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે વિશેષણો લગાડાવવા માંડ્યાં છે, તે જોઈને ભારે રમૂજ ઉપજે છે."

આ મહાપુરુષ સાચા અર્થમાં 'શાસન સમ્રાટ' હતા, તે માટે એક જ પુરાવો બસ થશે કે વિ. સં. ૧૯૯૦ માં થયેલા સર્વગચ્છીય મુનિસમ્મેલને પણ આ મહાપુરુષની નેતાગીરી કોઈ પણ વિરોધ કે બેમત વિના હોંશે હોંશે સ્વીકારેલી. "અને છેલ્લાં બસો જેટલાં વર્ષોથી વિસ્મૃત પ્રાય કે મૃતપ્રાય બની ગયેલી યોગોદ્વહનની વિરલ અને વિશિષ્ટ આરાધના પ્રક્રિયાને પુનર્જીવિત કરીને સ્વયં આગમસૂત્રોના યોગોદ્વહન વહેવાની સાથે સૂરિમંત્રના પાંચ પ્રસ્થાનની ઓળીની આરાધના કરવાપૂર્વક વિધિપૂર્વક આચાર્યપદવી પ્રાપ્ત કરનાર, તત્કાલીન મુનિ સમુદાયમાં તેઓશ્રી સર્વપ્રથમ હતા. એટલે જ તેઓશ્રી વસ્તુતઃ સૂરિચક્રચક્રવર્તી કહેવાને સુયોગ્ય હતા. અને એટલે જ તપાગચ્છાધિપતિ પણ હતા."

"આજે તો આ પ્રકારની એક પણ યોગ્યતા વિનાના, બલ્કે બરાબર ઊંડા ઊતરીને વિચારીએ તો આવાં વિશેષણોને લજવે તેવી કારકિર્દી ધરાવનારી વ્યક્તિઓ પોતાના માટે આવાં વિશેષણો પ્રયોજવા માંડી છે તે માત્ર વિડંબના જ લાગે છે."

સૂરિસમ્રાટને લાગુ પડતું અને સર્વાંશે સાર્થક એવું એક વિશેષણ તે "બાલબ્રહ્મચારી." એમના સમકાલીનોમાં પણ અને આજે પણ એકી અવાજે સૌ કોઈએ સ્વીકાર્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે નૈષ્ઠિક અને અણીશુદ્ધ બ્રહ્મચર્ય તો સૂરિસમ્રાટનું જ. એ બાબતમા એમના જેવી પરમ શુદ્ધિ અને સિદ્ધિ અત્યંત વિરલ અને દોહ્યલી જ ગણાય.

"સૂરિસમ્રાટે 'અનેક તીર્થોદ્ધારક' એવું બિરૂદ પણ હાંસલ કરેલું. પણ તે કાંઇ જે તે તીર્થોમાં જઇને માત્ર પ્રતિષ્ઠા મહોત્સવ પોતે કરાવી દીધો ને તીર્થોદ્ધારક થઈ ગયા એ રીતે નહિ. આજે તો ઘણા લોકો આ રીતે જ પોતે તીર્થોદ્ધારક બની રહ્યા છે." કાપરડાજી, શેરીસા, કદમ્બગિરિ ઈત્યાદિ તીર્થોના ઉદ્ધારના પ્રસંગે આ મહાપુરુષે પ્રાણાંત કષ્ટો વેઠયાં છે. જાનની બાજી હોડમાં લગાવી દીધી હતી. અને વર્ષોની અથાગ અને સમર્પણભાવથી ભરીભરી જહેમતના અંતે એ તીર્થોનાં જીર્ણોદ્ધારો અને પુનર્નિર્માણનાં કાર્યો તેઓશ્રી કરી શકયા હતા અને એમ કરવા દ્વારા વગર અભિલાષે પણ લોકહૈયાની બળકટ લાગણીએ તેઓશ્રી અનેક તીર્થોદ્ધારક એવા પદને પામ્યાં હતા.

વસ્તુતઃ સૂરિસમ્રાટ આચાર્યભગવંત એ કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય ભગવંત અને જગદ્ગુરુ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજ જેવા સમર્થ સંઘનાયક યુગપ્રવર્તક મહાપુરુષોની કોટિના યુગપુરુષ અને શાસન પ્રભાવક આચાર્ય હતાં. હેમયુગ અને હીરયુગની જેમ જ આ મહાપુરુષે પણ પોતાના યશોજ્જવલ જીવન અને તેજોમય ધર્મપ્રભાવનાને કારણે નેમિયુગ પ્રવર્તાવ્યો હતો એમ નિઃશંક કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી વિરલ અને જગદ્વન્દનીય વિભૂતિના જીવન અને કવન અને કાર્યો વિશે તો જેટલું લખાય-આલેખાય તેટલું અલ્પ જ ગણાય.

સાહિત્યની ઉપાસના જ જેમનું જીવનસર્વસ્વ છે તેવા સાહિત્યપ્રેમી સાહિત્યાચાર્ય, અનેકાનેક કથાદિ ગ્રંથોના સંયોજક – સંપાદક અને સમાજના ચરણે લોકભોગ્ય શૈલી અને પદ્ધતિએ ધર્મસાહિત્ય રજૂ કરીને સમાજના વિશાળ જિજ્ઞાસુ વર્ગને ધર્માભિમુખ બનાવવામાં પોતાનો મોટો ફાળો આપનાર **પ્રવર્તકવર્ય મુનિરાજશ્રી નિરંજન વિજય મહારાજશ્રી** સ્વયં પ. પૂ. શાસનસમ્રાટ પરમ-ગુરુભગવંતના હસ્તદીક્ષિત મુનિરાજ છે, એટલું જ નહિ, પણ શાસનસમ્રાટના નામ પર પોતાના સર્વસ્વનું બલિદાન આપવાની હદે તેઓ આ મહાપુરુષ માટે ગૌરવ અને બહુમાન ધરાવે છે. આ મુનિભગવંતના દિલમાં સતત થતું જ રહે કે મારા સૂરિસમ્રાટ માટે કાંઈને કાંઈ કરું. જ્યારે મળે ત્યારે સૂરિસમ્રાટ શ્રી માટે કાંઈક કર્યા કરતા હોય ને કાંઈક અવનવું કરવાની યોજના કે તૈયારીમાં જ ખૂંપ્યા હોય. ગુરુભગવંત પ્રત્યેનો આ સમર્પણભાવ અને ભક્તિ-ભાવ અમારા જેવા સાધુઓના હૈયે ખરેખર આદરની લાગણી જન્માવી જાય તેવો લાગે છે.

આ મુનિભગવંતે "**નેમિ સૌરભ**" નામે પ્રસ્તુત ચરિત્રગ્રંથ તૈયાર કરી તેમાં સૂરિસમ્રાટશ્રીના જીવનનું સંપૂર્ણ આલેખન વર્ણન કરવાની વિચારણા કરી અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના દીક્ષાપર્યાયને ૫૦ વર્ષ પૂર્ણ થાય છે તેના ઉપલક્ષ્યમાં આ જીવનચરિત્ર સંઘ સમક્ષ પ્રસ્તુત કરવાનો અનુમોદનીય નિર્ણય લીધો. એમના એ નિર્ણયનું પરિણામ એટલે આ વિરાટકામ "નેમિ સૌરભ" ગ્રંથ. પોતે પોતાની દૃષ્ટિએ અને પોતાની સમજણ તેમ જ રુચિ અનુસાર પૂ. શાસનસમ્રાટનું જીવન જે રીતે જાણ્યું છે, માણ્યું છે, તે રીતે વર્ણવવાનો તેઓએ આ ગ્રંથમાં પ્રયાસ કર્યો છે. એ વાત લક્ષ્યમાં લઈને આ ગ્રંથ વાંચનારને ઘણું ઘણું સમજવા મળશે.

અંતમાં **પ્રવર્તક મુનિભગવંત શ્રી નિરંજનવિજયજી** મહારાજના દીક્ષાપર્યાયના ૫૦ વર્ષની પૂર્ણતા થાય છે તેવે અવસરે આવું ધન્ય કાર્ય કરવા બદલ તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદન છે. તેઓશ્રી હજીય સુદીર્ઘ કાળ પર્યંત સંયમ જીવન જીવે અને **શાસનસમ્રાટશ્રીના** સમુદાયની તથા શાસન સમ્રાટના નામની અનેરી ભક્તિ કરે એવી પ્રાર્થના.

"નેમિ સૌરભ" નામે પ્રગટ થતું આ મહાપુરુષનું અલૌકિક જીવનચરિત્ર આપણા સૌના જીવનમાં પ્રેરણાનું અમીસિંચન કરનારું નીવડે તેવી શુભેચ્છા સહ....

બોટાદ. લિ.

તા. ૧૪-૬-૮૬ **શીલચન્દ્રવિજય**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શાસનસમ્રાટ—સ્તુત્યષ્ટક

[ મન્દાક્રાન્તા—છન્દમાં ]

જેણે જન્મી લઘુવય થકી સંયમ શ્રેષ્ઠ પાળ્યું,
ને શાતાથી જીવન સઘળું ધર્મ કાર્યે જ ગાળ્યું;
સાધ્યા બંને વિમળ દિવસો જન્મ ને મૃત્યુ કેરા,
વંદું તેવા જગગુરુવરા **નેમિસૂરીશ** હીરા. (૧)
જેની કીર્તિ પ્રવર પ્રસરી વિશ્વમાંહે અનેરી,
ગાવે ધ્યાવે જગત જનતા પૂજ્યભાવે ભલેરી;
જોતાં જેને પરમ પુરુષો પૂર્વના યાદ આવે,
ને આનંદે ભવિજન સદા ભવ્ય ઉલ્લાસ પાવે. (૨)
મોટા જ્ઞાની જગતભરના શાસ્ત્રનો પાર પામ્યા,
ને ન્યાયોના નયમિતિતણા સાર ગ્રંથો બનાવ્યા;
વાણી જેની અમૃત સમ ને ગર્જના સિંહ જેવી,
ને તેજસ્વી વિમલ પ્રતિભા સૂર્યના તેજ જેવી. (૩)
જેણે બિંબો બહુ જિનતણાં ભવ્ય પાસે ભરાવ્યાં,
ને ધર્મોના બહુ વિષયના શ્રેષ્ઠ શાસ્ત્રો લખાવ્યાં;
નાના ગ્રંથો અભિનવ અને પ્રાચ્ય સારા છપાવ્યાં,
ને તીર્થોના અનુપમ મહા કૈંક સંઘો કઢાવ્યા. (૪)
જીર્ણોદ્ધારો જિનભવનનાં નવ્ય ચૈત્યો ઘણેરાં,
તીર્થોદ્ધારો જસ સુવચને કૈંક દીપે અનેરા;
આત્મોદ્ધારો ભવિક જનના ખૂબ કીધા ઉમંગે,
ભૂપોદ્ધારો જગત ભરમાં કીધલા કૈંક રંગે. (૫)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌરાષ્ટ્રે શ્રી મરુધર અને મેદપાટ પ્રદેશે,
દેશોદેશે સતત વિચરી ગૂજરાત પ્રદેશે;
સારાં સારાં અનુપમ ઘણાં ધર્મનાં કાર્ય કીધાં,
સૌએ જેનાં વચન કુસુમો શીઘ્ર ઝીલી જ લીધાં. (૬)
જેના યત્ને થઈ સફળતા સાધુસંમેલને જે,
જેથી લાધ્યો સુયશ વિમળો વિશ્વમાં આત્મ તેજે;
આચાર્યાદિ પ્રવર પદથી ભૂષિતા કૈંક કીધા,
રંગે જેણે જગતભરને યોગ ને ક્ષેમ દીધા. (૭)
દીવાળીની વિમલ કુખને જેહ દીપાવનારા,
લક્ષ્મીચંદ્ર પ્રવર કુલને નિત્ય શોભાવનારા;
સૌરાષ્ટ્રે શ્રી મધુપુર તણી કીર્ત્તિ વિસ્તારનારા,
વંદું છું તે વિમલગુણના ધામને આપનારા. (૮)

[ હરિગીત–છન્દમાં ]

તપગચ્છનાયક જગગુરુ શ્રી **નેમિસૂરીશ્વર** તણા,
પટ્ટગગને ભાનુ સરિખા **લાવણ્યસૂરીશ્વર** તણા;
શિષ્ય **દક્ષ** મુનીશ કેરા **સુશીલ** શિષ્યે એ રચ્યું,
નિજ શિષ્ય પરિવારની વિનતી થકી જે ઉર જચ્યું. (૯)

**રચયિતા :—પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરિજી મ.**

卐

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# —: શ્રી શાસન સમ્રાટ—કાવ્ય :—

[ રાગ : ચારણી દુહાનો ]

(૧) જસ જન્મ ધરા મહુવા નગરી,
જેને જોઈ જગતની આંખ ઠરી;
જેના નામે ઉપદ્રવ જાય ટળી,
એવા પૂણ્ય પ્રતાપી શ્રી **નેમિસૂરિ.**

(૨) સુરશૈલ સમો ગજરાજ હતો,
વળી જૈન સમાજનો સાજ હતો;
ઝરતો મદધર્મ અખંડ એને,
સૂરિરાજોમાં એ શિરતાજ હતો.

(૩) શું ગંભીરતા વદને રમતી ?
વળી તત્ત્વવાણીની ઝડી ઝરતી;
એની વાણીમાં વસતી સરસ્વતી,
જગમાં જાણીતો તપાધિપતિ.

(૪) તગતગતો તેજે ચહેરો,
લાગ્યો બ્રહ્મનો રંગ જાણે ગહેરો;
યશ હાથે-પગે ધનનો ઉભરો,
મોટી આંખે વહે હેત ને મહેરો.

(૫) ભૂતલમાં ભડવીર ભમે,
એને ભારે ભૂપાલો ભાવે નમે;
એના રોમે રોમે જિનઆણ રમે,
એને શાસનના સ્થિર કામ ગમે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) તીર્થોમાં એણે પ્રાણ પૂર્યાં,
વળી શિષ્યોને મર્મના જાણ કર્યાં;
રચ્યાં ગ્રંથો અનેક ભંડાર ભર્યાં,
એના દર્શને કેઈના કાજ સર્યાં.

(૭) જિનશાસનનો સમ્રાટ થયો,
શ્રી સંઘ "વિશાલ" લલાટ થયો;
જ્યાં જન્મ્યો ત્યાંજ વિદાય લઈ,
સુસમાધે અગમની વાટ ગયો.

(૮) સૂર્ય ઢળ્યો અસ્તાચળે ને,
વળી ઉગ્યો ન ચંદ્ર નભ મંડળે;
દિશાઓએ ઓઢી ઓઢણી કાળી,
'ખરે ખોટ પડી તારી' રોતી એ બોલે.

રચયિતા :–

**પૂ. શ્રી આ. વિજય વિશાલસેનસૂરિજી મ.**
(શ્રી વિરાટ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અંતરોદ્‌ગાર

એ મારૂં સદ્‌ભાગ્ય ગણો કે પુણ્યોદય, કે એક ધન્ય પળે, પરમોપકારી, પરમ પૂજ્ય પ્રવર્તક **મુનિરાજ શ્રી નિરંજનવિજયજી** મહારાજ સાહેબે મને-પ્રાતઃ સ્મરણીય, પરમ પૂજ્ય, આજીવન બ્રહ્મનિષ્ઠ, નખશિખ સિંહવૃત્તિવંત, શ્રીમદ્ **વિજય નેમિસૂરીશ્વરજી** મહારાજાના શાસન પ્રભાવક મહાન કાર્યોની-પોતે જાતે જોયેલી, જાણેલી તેમજ અનુભવેલી કેટલીક વાતો કરી.

જે સાંભળી-વિચારીને મારા હૃદયમાં એ મહાપ્રતાપી મહાપુરુષના ગુણોની ગંગામાં સ્નાન કરવાની તાલાવેલી થઈ એટલે મેં પ. પૂ. મહારાજશ્રીને નમ્રભાવે કહ્યું કે 'જયવંતા શ્રી જિનશાસનના આ સમર્થ જ્યોતિર્ધરને સકળ જૈન જગત સહિત સહુ સાચા સ્વરૂપમાં ઓળખી શકે તે માટે તેઓશ્રીના વિશ્વકલ્યાણકર જીવનને યથામતિ સાકાર કરવાની ભાવના મારા હૈયામાં જાગી છે.'

મારી આ ભાવનાને પ. પૂ. મહારાજશ્રીએ બિરદાવી અને શુભ આશીષ આપીને દ્વિગુણિત કરી.

અને મેં શાસનપતિના સ્મરણ-મનન અને ધ્યાનપૂર્વક શાસનપ્રભાવક સૂરિસમ્રાટના નિત્ય પાવનકારી જીવનને ત્રિવિધે સમર્પિત થઈને આ જીવનચરિત્ર લખ્યું.

આજના પડતા કાળમાં શ્રમણ જીવનને પડકારરૂપ જે બાબતો છે, તેમાં મુખ્ય દેહાધ્યાસ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનાદિના આ દેહાધ્યાસને સમૂળ નાબૂદ કરવાની અજોડ ઉપાય-આત્મ-લીનતા છે, આત્મલીનતા એટલે આત્મ સ્વભાવમાં સતત રમણતા. આવી આત્મલીનતા પરમાત્મ લીનતાના પરિણતિ દ્વારા પમાય છે.

નક્કર સોના જેવા શુદ્ધ જીવનમાં આ લીનતા આદિ સુલભ છે, તે સિવાય દુર્લભ છે.

આ ગ્રન્થમાં મેં આ મુદ્દાને યથાશક્તિ ન્યાય આપ્યો છે.

હું દૃઢપણે માનું છું કે પ્રભુનો સાધુ એટલે સમ્રાટોનો પણ સમ્રાટ, ઈન્દ્ર, ચન્દ્ર અને સૂર્યના વંદનનો પણ અધિકારી !

શાસ્ત્રોક્ત આ વિધાનને પ. પૂ. સૂરિસમ્રાટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના અખંડ પાલન વડે પુરવાર કર્યું છે અને તેમાંથી પ્રેરણા લેવાની સહુ પૂજ્યોને અણમોલ તક પૂરી પાડી છે.

પોતાના પાસે આવનાર અમીર હોય કે ગરીબ, સાક્ષર હોય કે નિરક્ષર, યુવાન હોય કે પ્રૌઢ – તે દરેકમાં સાચી આત્મદૃષ્ટિ જગાડવામાં પ. પૂ ચરિત્રનાયકે 'યુગપુરુષ' ને સર્વથા અનુરૂપ સત્કાર્ય કર્યું છે.

લોકસંજ્ઞાથી સર્વથા પર રહેવાની સાથે અહર્નિશ ત્રિભુવન-પતિ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાને આંખ બનાવીને પ્રત્યેક શ્વાસ લેનારા આ યુગદૃષ્ટા ભગવંતને જો આપણે આજે પણ યથાર્થ સ્વરૂપે ઓળખી શકીશું તો ભારતના સકલ શ્રી સંઘમાં પ્રવર્તતા અનેક જટિલ પ્રશ્નોના સુખદ તેમજ શાસ્ત્રોપ ઉકેલ આણવામાં જરૂર સફળ થઈશું.

વિશુદ્ધ આત્મદૃષ્ટિને અવરોધનારી 'વાડાબંધી' મોક્ષમાર્ગના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરાધકને કડવી જ જોઈએ, ડંખવી જ જોઈએ. એ સત્યને ઝીલવા માટે જરૂરી સામગ્રી આ ગ્રન્થમાં રજુ કરવાનો પ્રયાસ કર્યો છે.

સાતે ક્ષેત્રોને એકસરખાં લીલાંછમ રાખવાની જે વિશુદ્ધ દૃષ્ટિ પૂ. ચરિત્રનાયકમાં હતી. તેનું અક્ષરશઃ પાલન કરવામાં જે કચાશ આજ–કાલ નજરે ચઢે છે, તેને દૂર કરવાની સદ્બુદ્ધિ અને પવિત્ર શક્તિ પણ આ ગ્રન્થનાયકના જીવનમાંથી આપણે સહુ ઝીલી શકીએ તેમ છીએ !

આપત્તિઓને અળખામણી ગણે તે કાયર ! આપત્તિઓને આંબે, તે મોક્ષ માર્ગનો સાધક ! એ હકીકત પણ આ ગ્રન્થમાં શાસ્ત્ર સાપેક્ષપણે ગૂંથી છે.

સગવડની વેલછા, આત્માને અગવડમાં ધકેલે છે, માટે નિત્ય આત્માનુકૂળ જીવન જીવવાની જે અપ્રમત્તતા પ. પૂ. સૂરિસમ્રાટે કેળવી હતી તે આજના સાધન–યુગમાં આત્મસાધન માટે દિવા-દાંડીની ગરજ સારે તેવી છે.

ભાવ ભરપૂર શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના ધ્યાનમાં રહે-વાથી ભવપરંપરા સર્જક ક્ષુદ્ર કર્મોનો સમૂળ ઉચ્છેદ થાય છે અને નિત્ય મંગળમય જીવનનું સમ્યક્ પ્રકારે જતન થાય છે, એ હકી-કતને જીવનમાં ગૂંથીને પરમ પૂજ્ય આચાર્યદેવે, ભાવાચાર્યની પ્રતિષ્ઠા વધારવા દ્વારા શાસનની જે પ્રભાવના કરી છે, તે પણ આ ગ્રન્થમાં યથાશક્તિ રજુ કરવામાં આવી છે.

નિર્મળ સચ્ચારિત્રના પ્રભાવે, છેલ્લા ૨૫૦૦ વર્ષમાં થયેલા શાસન પ્રભાવક સૂરિવરોની ઉજ્જવળ પરંપરામાં આગવું સ્થાન પ્રાપ્ત કરનારા આ સૂરિસમ્રાટનું જીવન એટલે સર્વ જીવ હિતકર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવન ! સર્વ જીવો પ્રત્યેના આત્મીયભાવથી ભરપૂર જીવન ! અખંડ આત્મજ્યોતિમય જીવન ! ત્રિજગપતિની આજ્ઞા સાથે અભેદ સાધનારું જીવન !

સિંહને વિશેષણો લગાડવાથી તેની વિશેષતા ભાગ્યે જ છતી થાય છે તેમ આ પુરુષસિંહને આપણે ભક્તિવશાત્ વિશેષણો લગાડીએ તે સ્વાભાવિક છે, પણ 'સૂરિસમ્રાટ' શબ્દ જ તેઓશ્રીની સમગ્ર વિશિષ્ટતાને વ્યક્ત કરવા માટે પર્યાપ્ત છે.

આવા પ્રાતઃસ્મરણીય વિશ્વપુરુષને ત્રિવિધ વંદનાપૂર્વક જણાવવાનું કે આ ગ્રન્થમાં આપ એક વાર પણ ડોકિયું કરશો તો પૌદ્ગલિક સુખો તરફ ડોક નમાવવાની ક્ષુદ્રતા, પરતંત્રતા, જડતા જરૂર આપને ડંખશે.

મારાં એ સદ્ભાગ્ય કે મને પ. પૂ. પ્રવર્તક મુનિ **શ્રી નિરંજનવિજયજી મહારાજ સાહેબ** મળ્યા અને તેઓશ્રીએ મને ગ્રન્થ લખવા માટે જરૂરી પ્રેરણા, માર્ગદર્શન તેમજ સાહિત્ય પુરા પાડયા.

એટલે જ શાસ્ત્રો કહે છે કે સાધુ પુરુષનો એક ક્ષણનો પણ સંગ, નિયમા આત્મકલ્યાણકારી છે.

આવા સત્સંગના ઉદ્દેશથી પણ આપ સૌ અવશ્ય આ ગ્રન્થનું પડખું સેવશો તે સેવ્ય આત્મા અને પરમાત્માની સાચી સેવા માટે જરૂરી યોગ્યતા આપના જીવનમાં પણ પ્રગટશે.

આ ગ્રન્થમાં સારૂં જે કાંઈ છે, તે બધું આ જિનશાસન અને શાસનપતિનું છે એવા એકરાર સાથે વિરમું છું.

વૈશાખ સુદ ૬ — સંઘસેવક
વિ સં. ૨૦૪૨ — મફતલાલ સંઘવી
તા. ૧૫-૫-૮૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમ


૧. કાવ્ય પૂ. આ. શ્રી વિજય ધર્મધુરંધરસૂરીજી મ. પેજ ૧-૨
૨. 'અવસર બેર બેર નહીં આવે.' પેજ ૩ થી ૨૦
(પ્રેરકનું પ્રાક્-કથન)

૩. કૃતજ્ઞતાયુક્ત ઋણ-સ્વીકાર પેજ ૨૦ થી ૨૩
(પ્રકાશકીય-કથન)
૪. "નેમિ" નેમ-સમ્રાટ........ પેજ ૨૪ થી ૨૮
પ. પૂ. શ્રી શીલચંદ્રવિજયજી ગણિ મ.

૫. બેકાવ્યો પેજ ૨૯ થી ૩૨
૬. અનુક્રમ અને અનુક્રમણિકા પેજ ૩૮ થી ૪૧
૭. અંતરોદ્ગાર શ્રી મફતલાલ સંઘવી -ડીસા. પેજ ૩૩

૮. સહાયક નામાવલી પેજ ૪૨ થી ૪૩
૯. અગ્રીમ ગ્રાહકોની નામાવલી પેજ ૪૪ થી ૪૮
૧૦. ગચ્છનાયકશ્રીના હાર્દિક ઉદ્ગાર
- પ. પૂ. આ. શ્રી વિજય મેરૂપ્રભસૂરીશ્વરજી મ.સા. પેજ ૨૫

૧૧. જિનશાસનના જ્યોતિર્ધર પેજ ૨૬ થી
- પૂ. આ. શ્રી વિજય ચંન્દ્રોદયસૂરીશ્વરજી
૧૨. પ્રૌઢ પ્રતિભાના સ્વામી સૂરીશ્વરજી પેજ ૩૧ થી
- પૂ. આ. શ્રી વિજય હેમચંન્દ્રસૂરિજી મ.
૧૩. હાર્દિક ભાવાંજલિ પેજ ૩૮ થી
- પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરિજી મ.
૧૪. વિરલ વિભૂતિને શ્રદ્ધાંજલિ. પેજ ૩૮ થી ૫૬
- પૂ. આ. શ્રી વિજય યશોદેવસૂરીજી મ.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| કિરણ | શાસન સમ્રાટ—શ્રી નેમિ સૌરભ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શ્રી નેમિ સૌરભ —ગ્રંથ આરંભ | ૧ |
| ૨ | જન્મભૂમિની મહત્તા | ૫ |
| ૩ | ઇતિહાસ કહે છે કે | ૯ |
| ૪ | કુંભ લગ્ન કા પુત | ૧૪ |
| ૫ | વિદ્યા ભૂખ્યા શ્રી નેમચંદભાઇ | ૨૧ |
| ૬ | વેધક વૈરાગ્યનું બીજ | ૨૮ |
| ૭ | કસોટીનો પ્રસંગ | ૩૫ |
| ૮ | ગૃહ ત્યાગ | ૪૯ |
| ૯ | અંતરાય | ૫૮ |
| ૧૦ | અંતરાયનો અંત | ૬૩ |
| | પ્રથમ વર્ષે જ વ્યાખ્યાન વાંચન | ૭૪ |
| ૧૧ | દેહનો શો રાગ ? | ૭૯ |
| ૧૨ | વડી દીક્ષા અને અભ્યાસનો વેગ | ૮૭ |
| ૧૩ | પ્રભાવક કાર્યોનો પ્રારંભ, | ૧૦૧ |
| | ૦ જામનગર તરફ વિહાર અને | |
| | ૦ જામનગરમાં દીક્ષા | ૧૧૦ |
| | ૦ જામનગરથી છ 'રી' પાલતો સંઘ | ૧૧૩ |
| ૧૪ | મહુવામાં પ્રથમ પુનિત પગલા | ૧૧૭ |
| ૧૫ | યાત્રા વિહાર અને આગવી પ્રભુતા | ૧૨૭ |
| ૧૬ | પુજ્યશ્રીની વેધક વાણી | ૧૩૭ |
| ૧૭ | વેધક વાણીની અદ્ભુત અસર | ૧૪૧ |
| ૧૮ | ખંભાતમાં બે યાદગાર ચોમાસા | ૧૬૧ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૧૯ | પૂજ્યશ્રીના પાવન પગલે પગલે જાગૃતિ | ૧૭૯ |
| | ખંભાતમાં સ્થાપેલી 'જંગમ પાઠશાળા' | ૧૮૦ |
| | અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયે સ્થાપેલી 'જૈન પાઠશાળા' 'જૈન તત્વવિવેચક સભા'ની સ્થાપના | ૧૮૮ |
| ૨૦ | વિશિષ્ઠ કાર્યોની પરંપરા | ૧૯૦ |
| | યોગોદ્વહન માટે ભાવનગરે પધારવા આમંત્રણ | ૧૯૮ |
| | પૂ. પં. શ્રી ગંભીરવિજયજી મ. સા. પાસે અમદાવાદમાં યોગમાં પ્રવેશ | ૨૦૨ |
| ૨૧ | મહાન ગુરૂના મહાન ભક્ત | ૨૦૭ |
| ૨૨ | ગણિ–પંન્યાસ પદ પ્રદાન મહોત્સવવળામાં | ૨૧૬ |
| | ત્રણ મુનિઓને ગણિપદ–પંન્યાસપદ પ્રદાન કર્યા. (૧. પૂ. સાગરજી, મ. ૨. પૂ. પ્રેમવિજયજી મ. ૩. પૂ. સુમતિવિજયજી ને અમદાવાદમાં | ૨૨૩ |
| | અમદાવાદથી છ 'રી' પાલતો શ્રી સિદ્ધાચલજીનો સંઘ | ૨૨૪ |
| ૨૩ | તીર્થની આશાતનાનું નિવારણ | ૨૨૬ |
| ૨૪ | ક્ષેત્ર સ્પર્શનાનું ગણિત | ૨૩૬ |
| | –શ્રી મલ્લિનાથ ભ નું સ્તવન (સૂરિસમ્રાટનું રચેલું.) | ૨૩૮ |
| | –પાંચ ભાવિકોની દીક્ષા | ૨૪૦ |
| ૨૫ | વિહાર કરતા કરતા ભાવનગર પધાર્યા | ૨૪૬ |
| ૨૬ | ભાવનગરમાં ભવ્ય આચાર્યપદ સમર્પણ–મહોત્સવ | ૨૫૪ |
| | અમદાવાદના શ્રેષ્ઠિ વ્રત ઉચ્ચરવા ભાવનગર આવ્યા | ૨૬૫ |
| | ભાવનગરથી તીર્થયાત્રાનો છ 'રી' પાલતો સંઘ | ૨૬૭ |
| ૨૭ | જીવ દયાના મૂર્તિસમા દિવ્ય પુરૂષ | ૨૬૮ |
| ૨૮ | જન્મભૂમિમાં બીજું શાનદાર ચાતુર્માસ | ૨૭૪ |
| | –પૂજ્ય ગુરૂદેવના જન્મ સ્થાનનું જીર્ણ મકાન જોવું. | ૨૭૭ |
| | –પૂજ્યશ્રીના જન્મસ્થાન વાળું મકાન ખરીદ કરાવ્યું. | ૨૭૮ |
| ૨૯ | શ્રી કદમગિરિની યાત્રા અને તીર્થોદ્ધારનો નિર્ધાર | ૨૮૨ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૩૦ | બોટાદનો અદ્ભુત ચાતુર્માસ | ૨૯૦ |
| | લાલજી–શિવજી પ્રકરણ | ૨૯૬ |
| | મહંમદ છેલ અને શાસનસમ્રાટ | ૨૯૯ |
| ૩૧ | લીંબડી શ્રીસંઘ અને લીંબડી નરેશની વિનંતી | ૩૦૪ |
| | –સંસારની વિચિત્ર દશા જુઓ...... | ૩૦૮ |
| ૩૨ | શાસનસમ્રાટનું અમદાવાદમાં શુભ આગમન | ૩૧૨ |
| | દશાશ્રીમાળી જ્ઞાતિ સાથેનો અંબાલાલભાઈનો સમાધાન કરાવ્યો તેની વિગત | ૩૧૬ |
| | ૧૯૬૮માં દુષ્કાળ માટે સાડાચાર લાખની સહજમાં ટીપ કરાવી. | |
| ૩૩ | પ્રાચીન તીર્થના જિર્ણ અવશેષો જોઈને શાસનસમ્રાટ ગમગીન બન્યા. (શેરીસાતીર્થ) | ૩૨૯ |
| ૩૪ | અમદાવાદમાં શાસનસમ્રાટની પુનઃપધરામણી | ૩૩૮ |
| ૩૫ | અમદાવાદથી શાસનસમ્રાટ કપડવંજ પધાર્યા | ૩૫૧ |
| | કપડવંજમાં અતિ માંગલિક પ્રસંગ | ૩૫૮ |
| | કપડવંજ નગરે અદ્ભુત બનાવ | ૩૫૮ |
| ૩૬ | ધન્ય સમાધિ ધન્ય મૃત્યુ. (પ્ર. શ્રી. યશોવિ.નું) | ૩૬૨ |
| ૩૭ | તીર્થરક્ષા માટે સતત પરિશ્રમ | ૩૬૭ |
| | રાજનગરમાં પંચકલ્યાણકના વરઘોડાઓનો કાયમને માટે નિર્ધાર. | ૩૭૫ |
| ૩૮ | શેરીસા તીર્થનો પ્રાચીન ઇતિહાસ | ૩૮૦ |
| ૩૯ | મારવાડ અને મેવાડ તરફનો વિહાર | ૩૮૫ |
| ૪૦ | જાવાલમાં અદ્ભુત ચાતુર્માસ | ૩૯૪ |
| | જાવાલમાં બે મુમુક્ષુ આત્માઓની ભવ્યદીક્ષા. | ૩૯૭ |
| | આરામના આ રામી | ૪૦૪ |
| | ગોળવાડ પંચના આમંત્રણે વરકાણા પધાર્યા. | |
| | સ્થાનકવાસી મુનિઓ સાથે વાદની વિચારણા અને | |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| | સ્થાનકવાસી મુનિઓ કશા વગર ચાલ્યા ગયા. | ૪૦૫ |
| | પાંચએક વર્ષ પહેલાનો બનેલો પ્રસંગ- | ૪૦૯ |
| | મેવાડમાં ધર્મ પ્રચાર-તેરાપંથીઓમાં નિરાશા ફરીવળી. | ૪૧૮ |
| ૪૧ | સાદડીમાં ભવ્ય ચાતુર્માસ. | ૪૩૪ |
| | જેસલમેરનો છ 'રી' પાલતો સંઘ | ૪૪૦ |
| | ફલોદીમાં કુસંપનો નિવારણ. | ૪૪૪ |
| | ઉનાળામાં એકાએક વાસણા ગામમાં વર્ષા થઈ. | ૪૪૫ |
| | જેસલમેરમાં મુંડકાવેરો લેવાનો રાજયનો વિચાર અને તેનો નિવારણ કરાવ્યો. | ૪૪૭ |
| | જેસલમેરના રાજમહેલમાં સૂરિસમ્રાટનું વ્યાખ્યાન | ૪૪૮ |
| | જેસલમેરમાં પ્રાચીન જ્ઞાનભંડારનું અવલોકન | ૪૫૦ |
| | જેસલમેરથી સંઘ પાછો ફરતા વાસણા ગામમાં ફરીવાર વર્ષા. સહુ જોઈ નવાઈ પામ્યા ધર્મનો જયજયકાર | |
| | છ'રી' પાલતા સંઘ સાથે પુનઃ ફલોદી | ૪૫૨ |
| | ધર્મનો પ્રભાવ | ૪૫૩ |
| ૪૨ | ફલોદીમાં ભવ્ય ચાતુર્માસ | ૪૫૫ |
| | ચાતુર્માસ પછી બીકાનેર તરફ વિહાર | ૫૫૯ |
| | ચાંદમલજી ઢઢાને નવપદની તાત્વીક વિચારણા માટેનું વિવેચન | ૪૬૧ |
| | મુનિશ્રી નંદનવિજયજીની નરમ તબીયત થઈ તે માટે બીકાનેરમાં બે માસની સ્થીરતા | ૪૬૫ |
| | બીકાનેરથી નાગોર થઈ મેડતા રોડ ફલોદી પાર્શ્વનાથની યાત્રા | ૪૬૭ |
| | જેતારણ પધાર્યા ત્યાં સુવર્ણાક્ષરે લખાયેલ ભગવતી સૂત્રના દર્શન કર્યા. | |
| | બાદ બિલાડા તરફ વિહાર | ૪૬૮ |


(પ્રથમ ભાગ સંપૂર્ણ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સહાયક દાતાઓની શુભ નામાવલી

રૂપિયા

| | | |
|---|---|---|
| ૧૦૦૦ | પ પૂ. આ. શ્રી વિજયસૂર્યોદયસૂરીજી મ. સા.ના ઉપદેશથી | |
| ૧૦૦૦ | પૂ. આ. શ્રી વિજયહેમચંદ્રસૂરીજી મ. સા.ના ઉપદેશથી | |
| ૧૦૦૦ | શ્રી કલ્યાણભાઈ પી. ફડીયા | અમદાવાદ-૬ |
| ૫૦૦ | પૂ. આ. શ્રી વિ. યશોદેવસૂરીજીમ.સા.ના ઉપદેશથી<br>શ્રી પાર્શ્વ. પદમાવતી ટ્રસ્ટ, પાલીતાણા. | |
| ૨૫૧ | અંબાલાલ કેશવલાલ | દરવાજાનો ખાંચો, શાહપુર |
| ૨૫૧ | કનૈયાલાલ ભોગીલાલ | દોશીવાડાની પોળ, અમદાવાદ. |
| ૨૫૧ | શ્રી પરમાનંદ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ. | ડી. કેબિન, સાબરમતી |
| ૨૫૧ | શ્રી વેજલપુર જૈન સંઘ.<br>હ. નગીનદાસ વાડીલાલ પ્રમુખ | વેજલપુર (જી. પંચમહાલ) |
| ૨૦૧ | પૂ. સાધ્વી શ્રી પુષ્પાશ્રીજી મહારાજના ઉપદેશથી<br>શ્રી ચંપા પ્રભા જ્ઞાન શાળા | ચોકસીની પોળ, ખંભાત |
| ૧૦૧ | પૂ. સાધ્વી શ્રી રવીન્દુપ્રભાશ્રીજી કીર્તિશાળા | |
| ૧૦૧ | પૂ. સાધ્વી શ્રી પૂર્ણભદ્રાશ્રીજી મ.ના ઉપદેશથી | ખંભાત |
| ૧૦૧ | પૂ. સાધ્વી શ્રી સુવર્ણપ્રભાશ્રીજીમ.ના ઉપદેશથી | વાઘેશ્વરનીપોળ |
| ૧૦૧ | શ્રી ભેરૂમલજી મહેતા હ. કાંતાબેન | જોધપુર |
| ૧૦૧ | શ્રી ચંદ્રકાંત મગનલાલ ભાઈચંદ | જુનો મહાજનવાડો અમદાવાદ |
| ૧૦૧ | શ્રી વસ્તીમલજી ભમૂતમલજી | કીકા સ્ટ્રીટ, મુંબઈ-૨ |
| ૧૦૧ | શ્રી કાંતિલાલ સાકળચંદ | નવરત્ન ફ્લેટ, પાલડી, અમદાવાદ |
| ૧૦૧ | શ્રી હરખચંદજી ગંગારામજી | બાલીવાલા મુંબઈ-૧૦ |
| ૧૦૧ | શ્રી વસંતભાઈ મણીલાલ વકીલ | અમદાવાદ-૭ |
| ૧૦૧ | શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મોદી | અમદાવાદ-૭ |
| ૧૦૧ | શ્રીમતિ ગંગાબેન જીવાભાઈ શાહ | અમદાવાદ-૭ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦૦ શ્રી બાબુભાઈ પીતાંબરદાસ દલાલ-દાદા સાહેબ અમદાવાદ

૫૧ શ્રી ચંપકલાલ ચંદુલાલ ચોકસી અમદાવાદ-૬

૫૧ શ્રી અમથાલાલ મણીલાલ શાહ ડી. કેબીન, સાબરમતી

૫૧ શ્રી ગણીવર્યશ્રી સિધ્ધસેનવિજયજી મ.ના ઉપદેશથી રાજકોટ

૫૧ શ્રી છબીલદાસ એ. શાહ દેરાસરવાળો ખાંચો પાંજરા પોળ અ.

૫૧ શ્રી કિંજલબેન અરવિંદકુમાર શાહ ,, અમદાવાદ

૫૧ શ્રી શાહ રતીલાલ હાલાભાઈ ,, અમદાવાદ

૫૧ શ્રી શેઠશ્રી ગીરધરલાલ વેલચંદભાઈ પચ્છેગામવાળા ભાવનગર

૩૧ શાહ નીતીનકુમાર શાંતિલાલ (કોઠવાલા) અમદાવાદ

૩૦ શ્રી દલીચંદજી જુહારમલજી ચાંદરાઈવાલા ભીવંડી

૨૫ શ્રી હસમુખલાલ વાડીલાલ મોદી મુંબઈ-૯

૧૧ શ્રી અરૂણકુમાર પોપટલાલ હ. લાલભાઈ અમદાવાદ

# આ શ્રી નેમિસૌરભનો

## બીજો ભાગ

જેમાં કિરણ તેંતાલીસથી ૭૫ કિરણ સુધી પેજ ૪૬૯ થી ૧૦૦૦ પેજ જેમાં રોમાંચકારી વૃત્તાંતથી ભરપૂર વાંચવા મળશે.

## જરૂર વાંચો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આ ગ્રંથ માટે રૂપિયા ૨૧ ભરીને અગાઉથી ગ્રાહક થનાર મહાનુભાવોની શુભ નામાવલી

જે જે ધર્મ પ્રેમી મહાનુભાવો એ. આ શ્રી નેમિ સૌરભ, પુસ્તકના અાગઉથી ગ્રાહક થઈને રકમ મોકલી અમને સહકાર આપ્યો છે, તેઓના અમો આભારી છીએ. અને તેઓશ્રીના નામો નીચે પ્રગટ કરીએ છીએ. —પ્રકાશક.

૯૫ નકલ શ્રી ગોડીજી જૈન મંદિર પાયધુની મુંબઈ.
૨૫ નકલ શ્રી બોટાદ જૈન સંઘ
શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી બોટાદ.

૨૫ નકલ શ્રી ચન્દુલાલ જેશીંગભાઇ એજ્યુકેશન ટ્રસ્ટ ફંડ
હ. રસીકલાલ શાહ
૨૩, જૈન મર્ચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ.

પ. પૂ. આ. શ્રી વિ. સુશીલસૂરીજી મ.સા.ના ઉપદેશથી
૧૪ નકલ આ. શ્રી. સુશીલસૂરીજી જૈન જ્ઞાનમંદિર સિરોહી (રાજ.)
પ. પૂ. આ. શ્રી વિ. વિશાલસેનસૂરીજી મ. સા.ના ઉપદેશથી
૧૧ નકલ મુંબઈ

પ. પૂ. પન્યાસજી શ્રી કુંદકુંદવિજયજી મ.સા.ની પ્રેરણાથી
૧૧ નકલશ્રી જીતેન્દ્રકુમાર રમણીકલાલ શાહ મુલુંડ, મુંબઈ–૮૦
૧૦ નકલ પારી મીઠાલાલ કલ્યાણચંદ ધર્મ ફંડ પેઢી
કપડવંજ

૫ નકલ શ્રી વીસા નિમા જૈન સંઘ ગોધરા
૫ નકલ શ્રી મણીલાલ રતનચંદ વકીલ અમદાવાદ
હસ્તે સુધાકરભાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી ચિત્રકાર દલસુખભાઇની પ્રેરણાથી થયેલ ગ્રાહકો.

| નામ | ગામ |
|---|---|
| શ્રી બાબુલાલ દાનમલ | સાબરમતી |
| ,, જયંતિલાલ ત્રિભોવનદાસ શાહ | સાબરમતી |
| ,, શનાલાલ દિપચંદ શાહ | સાબરમતી |
| ,, રતિલાલ શકરચંદ | સાબરમતી |
| ,, જયંતિલાલ બબલદાસ | અમદાવાદ |
| ,, અ. સૌ. ચંદ્રાવતી મંગળદાસ શાહ | સાબરમતી |
| ,, શાન્તિલાલ ચંદુલાલ શાહ | સાબરમતી |
| ,, ભરતકુમાર કેવલદાસ સલોત બોટાદવાલા | સાબરમતી |
| ,, કનૈયાલાલ ગીરધરલાલ મહેતા | વાપી |
| ,, ગીરધરલાલ મુળચંદ મહેતા | અમરેલીવાલા |
| ,, અ. સૌ. જડાવબેન ગીરધરલાલ મહેતા | અમરેલીવાલા |

## શ્રી વીરચંદ કસ્તુરચંદ બોઢાણવાળાની પ્રેરણાથી થયેલ ગ્રાહકો.

| | |
|---|---|
| ,, શાહ અતુલકુમાર છોટાલાલ | અમદાવાદ |
| શ્રી શાહ કલ્પેશકુમાર કાંતિલાલ | અમદાવાદ |
| ,, શાહ પ્રેમચંદ નાનજી હ. કોદરચંદ | વાકાનેર |
| ,, શાહ દિનેશકુમાર કાંતિલાલ | અમદાવાદ |
| ,, શાહ નગીનદાસ કસ્તુરચંદ | બાજીપુરા |

## પૂ. મુનિ શ્રી મંગલવિજયજી મ. સા.ની પ્રેરણાથી

| | |
|---|---|
| બોઢાણ જૈન સંઘ | બોઢાણ |
| ,, રસિકલાલ રતિલાલ શાહ<br>જીવન કમલશીની પોળ, શાહપુર, અમદાવાદ | |
| ,, નથમલ પ્રતાપમલજી | નરોડા |
| ,, બકુલાબેન રમેશભાઈ શેઠ | અમદાવાદ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

,, તેજરાજ મુલચંદજી સાડીવાલા અમદાવાદ
,, શાહ હંસરાજ હિરજી કચ્છવાલા ઔરંગાબાદ
,, નવીનચંદ્ર હીરાચંદ સુરત
,, મોતીલાલ વીરચંદ વિધિકારક (રાજ) બીજેવા
,, લક્ષ્મીચંદ મુલકચંદ પારેખ હ. પ્રફુલકુમાર રાજકોટ

## વોરા વિજયકુમાર રતિલાલભાઇની પ્રેરણાથી

,, રસિકલાલ નાગરદાસ જામનગર
,, દોશી અજીતકુમાર જેઠાલાલ જામનગર
,, દોશી પોપટલાલ હીરાચંદ જામનગર
,, મેતા મણીલાલ પરસોત્તમદાસ જામનગર
,, વોરા રતીલાલ ચુનીલાલ જામનગર
,, મેતા જેઠાલાલ લાધાભાઈ જામનગર
,, મેતા ભરતકુમાર ધીરજલાલ જામનગર
,, વોરા લાલચંદ કપુરચંદ જામનગર
,, મેતા પ્રદ્યુમ્નકુમાર ભગવાનજી જામનગર
,, મેતા ચંદુલાલ હરખચંદ જામનગર
શ્રી રાયચંદ રૂપાભાઇ બગડીયા. અમદાવાદ
હ. શાંતિલાલ બોટાદવાલા અમદાવાદ
,, શાહ નરેશચંદ્ર ચીમનલાલ સુરત
,, મહેતા રતિલાલ માવજીભાઈ જામનગર
,, સંજયકુમાર સોમાભાઈ પાઈપવાલા અમદાવાદ
,, જીવુભાઈ જસવંતલાલ નવસારી
,, જયંતીલાલ મણીલાલ કાપડીયા અમદાવાદ
,, બાબુભાઈ ધોળીદાસ ધ્રુવ અમદાવાદ
,, સુબોધચંદ્ર હીરાલાલ વોરા. અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી વિજયભાઇ વિનયચંદ વોરાની પ્રેરણાથી

| | | |
|---|---|---|
| ,, | સલોત ચુનીલાલ રતીલાલ | ભાવનગર |
| ,, | હરીલાલ મગનલાલ કાપડીયા | ભાવનગર |
| ,, | પ્રભુદાસ ભાઈચંદભાઈ શાહ | ભાવનગર |
| ,, | ચંપકલાલ અમૃતલાલ સલોત | ભાવનગર |
| ,, | શૈલેશકુમાર ચંપકલાલ ગોળવાળા | ભાવનગર |
| ,, | ડાહ્યાલાલ જગજીવનદાસ | ભાવનગર |
| ,, | રતિલાલ નાનચંદ ખાંડવાળા | ભાવનગર |
| ,, | મુળચંદભાઈ ધીરધનદાસ શાહ | ભાવનગર |
| ,, | ધનવંતરાવ રતિલાલ શાહ | ભાવનગર |
| ,, | અમુલખ વિઠ્ઠલદાસ શાહ | ભાવનગર |
| ,, | પ્રતાપરાય પ્રભુદાસ સંઘવી | ભાવનગર |
| ,, | દોશી પ્રેમચંદ માધવજી | ભાવનગર |
| ,, | શાહ પ્રેમચંદ છગનલાલ | ભાવનગર |
| ,, | પ્રભુદાસભાઈ | ભાવનગર |
| ,, | વિનયચંદ વર્ધમાન શાહ | ભાવનગર |
| ,, | મુળચંદભાઈ અમૃતલાલ | પીન્ટુ ફ્લેટ, અમદાવાદ |
| ,, | શાહ જયેશકુમાર કાંતિલાલ | માંડલવાલા |
| ,, | આદોઈ વીશા ઓસવાળ જૈન સંઘ | આદોઈ |
| ,, | અંબાલાલ ફતેચંદ શાહ દોલતનગર | મુંબઈ |
| ,, | રસિકલાલ મણીલાલ દોશી | જામનગર |
| ,, | શાહ પિયુષકુમાર ચીમનલાલ | મુંબઈ |
| ,, | ધનેશકુમાર ચીમનલાલ | મુંબઈ |
| ,, | શ્રીમોતીબેન પ્રશાંતભાઈ નાયક | અમદાવાદ |
| ,, | એક સદ્‌ગૃહસ્થ (પ્રોફેસર) | અમદાવાદ |
| ,, | એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. લાલભાઈ | અમદાવાદ |
| ,, | ભરતભાઈ માણેકલાલ શાહ | અમદાવાદ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી હરગોવનદાસ સલોત તથા બકુલભાઇ શાન્તિલાલ દેસાઈની પ્રેરણાથી

૨ નકલ ચીમનલાલ મંગળદાસ (શીવરાજપુરવાલા) ગોધરા
૨ નકલ શાહ કાંતીલાલ અમૃતલાલ કાપડીયા ગોધરા
૧ નકલ મફતલાલ મંગળદાસ દોશી. (જી. પંચમહાલ) ગોધરા
,, મણીલાલ મગનલાલ ચોકશી ,, ગોધરા
,, રમણલાલ વાડીલાલ શ્રોફ ગોધરા
,, શ્રી શાંતિજિન મહિલા મંડળ ગોધરા
,, નિરંજનભાઈ કાંતિલાલ વસનજી ગોધરા
,, શૈલેશભાઈ કાંતિલાલ વસનજી ગોધરા
,, મફતલાલ શાંતિલાલ ગોધરા
,, પ્રભાવતીબેન શાંતિલાલ ગોધરા
,, સ્વ માણેકલાલ નાથજીભાઈ ગોધરા
,, કાંતિલાલ ફુલચંદભાઈ સોપારીવાલા ગોધરા
,, અરૂણકુમાર કાંતિલાલ ગોધરા
,, શ્રી ગોધરા જૈન યુવક મંડળ ગોધરા
,, રતીલાલ મંગળદાસ શાહ ગોધરા
,, સ્વ. ચીમનલાલ વાડીલાલ ભગનલાલ
શાહ C/o ઈન્દ્રવદનભાઈ માસ્તર ગોધરા
,, કેશવલાલ શામળદાસ ગોધરા
,, સ્વ રમણલાલ મગનલાલ બાપુજી. ગોધરા
,, રમણલાલ મંગળદાસ તેલવાળા ગોધરા
,, સ્વ કાંતીલાલ મણીલાલ અમીચંદ ગોધરા
,, મફતલાલ વાડીલાલ શાહ ગોધરા

આ ઉપરાંતના બાકી રહેલા શુભનામો બીજા ભાગમાં આવશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગચ્છ-નાયકશ્રીના હાર્દિક ઉદ્ગાર

# એક પ્રશંસનીય કાર્ય

જેઓશ્રીએ અમારા ઉપર કરેલી ઉપકારની વર્ષાનો કોઈ હિસાબ નથી, જેઓશ્રીએ શ્રમણ-જીવનના પ્રારંભમાં આપેલા સંસ્કારો અને ખંતપૂર્વક કરાવેલું અધ્યયન આજે તથા ભવાન્તરમાં અમારા માટે મોટી મુડીરૂપ છે. જેઓશ્રીની પરમ ઉજ્જવળ કારકીર્દીના સુરેખ વર્ણનથી **વીસમી સદીના ઉત્તરાર્ધના જૈન ઇતિહાસના પૃષ્ઠો સુવર્ણાક્ષરે સદાય અંકિત રહેશે.**

જેઓશ્રી જૈન શાસનના મહાન જ્યોતિર્ધર પ્રભાવક પુરૂષ હતાં. તે પૂજ્યપાદ **શાસનસમ્રાટ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ**ના અમૂલ્ય જીવન ચરિત્રના વર્ણનરૂપ **"શ્રી નેમિ-સૌરભ"** પુસ્તક તૈયાર કરીને **પ્રવર્તક મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મ.** એ તેઓના ઉપર પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ કરેલા ઉપકારોને અદા કરવાનો યત્કિંચિત પ્રયાસ કર્યો છે તે પ્રશંસનીય છે.

ચૈ. શુદ ૧૦ સોમવાર — **વિજય મેરૂપ્રભસૂરિ**

વિ. સં. ૨૦૪૨ — સૂરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી જિન શાસનના જ્યોતિર્ધર

## પૂ. આ. શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પૂ. આ. વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.

શ્રી જિન-શાસનના છેલ્લાં ૨૫૦૦ વર્ષના ઇતિહાસના પૃષ્ઠોને જોતાં-વાંચતા એક અનુભવ મળી શકે તેમ છે કે, ઘણું કરી દર ૧૦૦ વર્ષે કોઈને કોઈ શાસન-પ્રભાવક આચાર્ય ભગવંતાદિ મુનિવરોનું **અસ્તિત્વ** જિનશાસનની જ્યોતને **ઝળહળતી રાખવામાં પોતાનું સમર્પણ** કરતું હશે!

શ્રી જિન-શાસનના વિશાળ ફલક ઉપર તે જ્યોતને ઝળઝળતી રાખવા માટેના વિવિધ ક્ષેત્રો છે.

જે જે મહાપુરૂષોનો જે જે ક્ષેત્રે ક્ષયોપશમ વધે તે તે ક્ષેત્રે પોતાનું **સંપૂર્ણ સમર્પણ** કરી, શ્રી જિન-શાસનના તે તે ક્ષેત્રને વધુ પુષ્ટ કરી પોતાનું સાર્થક્ય સાધ્યું છે.

આ રીતે, એક નહીં પણ અનેક શાસનપ્રભાવક પૂજ્યો જિન-શાસનને મળ્યા હતાં, અને મળે છે તેમ મળશે પણ ખરાં.

વીસમી સદીમાં પણ આપણા સદ્ભાગ્યે તેવા એક સમર્થ શાસન-પ્રભાવક, **શાસન-સમ્રાટ વિજય નેમિ-સૂરીશ્વરજી મહારાજનું અસ્તિત્વ** ઉપકારક બન્યું છે. તેઓશ્રીની બૌદ્ધિક પ્રતિભા, ચારિત્રનિષ્ઠા, જ્ઞાનગંભીરતા, બ્રહ્મચર્યનિષ્ઠા, સિદ્ધાંત સંનિષ્ઠા અને વચન-સિદ્ધતા વિગેરે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અદ્ભુત ગુણ વૈભવના કારણે શ્રી સંઘ અને સમાજે સહજભાવે તેઓશ્રીને 'શાસન-સમ્રાટ'શ્રી** તરીકે માની પોતાનું કર્તવ્ય બજાવ્યાનું માને છે.

૭૭ (સિત્તોતેર) વર્ષની તેઓશ્રીની જીવન-યાત્રાના કેટલાં એક આંતરિક અને બાહ્ય વિલક્ષણ લક્ષણો જોતાં, જાણે જન્મ-જન્માંતરનો કોઈ સાધક આત્મા હોવો જોઈએ તેમ સ્વાભાવિકપણે લાગ્યા વિના રહે નહીં.

બાળવયથી જ નીભિંક-નીડરતા વૃત્તિના કારણે પોતાનો કોઇ પણ નિર્ણય અડગ રાખતા અને તેના પરિણામે, દીક્ષા-ગ્રહણ કર્યા બાદ, વધુ પડતા મોહવશ એવા કુટુંબીજનોની 'સંયમ મૂકાવીને' પણ **નેમચંદભાઈ**-ને ઘેર લઈ જવાની' નેમને પડતી મૂકવી પડી.

યુવાવયે ગુરુ ચરણે સમર્પિત થયેલ – **મુનિ શ્રી નેમવિજયજીએ** ગ્રહણ-શિક્ષા અને આસેવનશિક્ષા લેવાની શરૂઆત કરી.

પોતાની બૌદ્ધિક પ્રતિભા-ધ્યેયનિષ્ઠા અને ગુરૂ-વચનમાં એક માત્ર પરમ શ્રદ્ધા રાખનાર આ યુવા મુનિએ, જે જે વિષયના-ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ અને જિનાગમ આદિ ગ્રંથોમાં પુરૂષાર્થ આદર્યો તે સર્વમાં પાંડીત્યપણું પામ્યા તો પામ્યા પરંતુ....

પોતાની અમોઘ દેશનાશક્તિ, બ્રહ્મચર્યનિષ્ઠા અને ચારિત્રનિષ્ઠાના બળ વિગેરેથી પોતાની અખંડ બ્રહ્મચર્યની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધના સાથે પ્રવચનશક્તિ અને વાદશક્તિના પરિણામે જિનશાસનમાં એક 'શાસન સમ્રાટ યુગ' જેવું વાતાવરણ સર્જ્યું. તેના પરિપાકરૂપે પોતે એક એક વિષયના તલસ્પર્શી વિદ્વાન અને તે પણ ચારિત્ર-સંયમ-પુણ્ય પ્રભાવક ૮, ૮ (આઠ, આઠ) સૂરિ-શિષ્યોની ભેટ જિનશાસનને કરી. તે સૂરિ-શિષ્યોનો બહોળો શિષ્ય-પ્રશિષ્ય-પરિવાર આજે પણ **શાસન સમ્રાટશ્રીના** પુણ્યપ્રભાવ સામ્રાજ્યમાં શાસનપ્રભાવનાના કાર્યો કરી રહ્યા છે.

**શાસનસમ્રાટશ્રી ચારિત્રપૂત વિદ્વત્તાના પ્રેમી હતાં,** શુદ્ધ ચારિત્રથી પરિપ્લાવીત વિદ્વત્તાનો આદર કરતા હતા.

અનંત ઉપકારી શ્રી જિનશાસનના હિતકર કાર્યો માટે પોતે કદાપિ **આગ્રહી ન બનતા શાસનની એકતા ન જોખમાય-તેની પ્રભાવિકતા ખંડીત ન થાય તે લક્ષ્ય પહેલું રાખી, અભયકારી અને** 'પારગામી' મતિથી શ્રમણ સંઘને નેતૃત્વ પુરૂં પાડતાં હતાં.

જીવના જોખમે-જાનની પરવા કર્યા વગર **તીર્થોદ્ધારના** જે કાર્યો તેઓશ્રીએ કર્યા છે અને અનેકાનેક તીર્થોની રક્ષા-ઉદ્ધારોના કાર્ય સમયે જે ગંભીરતા, નીડરતા, દીર્ઘદૃષ્ટિયુક્ત કુનેહભરી આપસૂઝથી-દૃષ્ટિથી કર્યા છે તે તેઓની આગવી પ્રતિભાના દર્શન કરાવવા સાથે, આવા કાર્યો કરતી વખતે ક્યાં ય પણ આવેશ-આવેગ કે ઉશ્કેરાટને પોતાની સમીપ પણ આવવા દીધા નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રચારના પડઘમ ન વાગવા દઈ પૂજ્યશ્રીએ નક્કર અને ચીરસ્થાયી કાર્યોની–જિનબિંબોની અંજનશલાકા–પ્રાણ–પ્રતિષ્ઠાના મહાન મંગલ વિધાન પોતાના નૈષ્ઠિક ચારિત્રબળથી તે રીતે કરાવ્યાં છે કે, તેઓશ્રીના વરદ હસ્તે અંજનશલાકા થયેલા જિનબિંબો **સમગ્ર ભારત** અને ભારત બહાર આફ્રિકા સુધી પણ બીરાજમાન થયા છે.

**વચનસિદ્ધ** તે પુણ્યપ્રભાવક સૂરિભગવંતનો પ્રથમ પરિચય સિંહ જેટલો "દુર્ધર" લાગે પરંતુ, જેમ, જેમ, નજીકથી પરિચય થતો જાય તેમ, તેમ, અપાર કરૂણાનો સાગર લાગે તેવું તેઓશ્રીનું અનોખું વ્યક્તિત્વ હતું.

અને તેથી જ, તો તે વખતના અનેક રાજવીઓ ખ્યાતનામ અધિકારીઓ, સાક્ષરો તેઓશ્રીના પરિચયમાં આવતાં પોતાની ખુશનશીબી સમજતાં અને તે પૈકી કેટલાં એક મહાનુભાવો તો **શાસન સમ્રાટશ્રીની "અભ્યંતર પર્ષદા"ના અદના સેવક તરીકે** પોતાનું સ્થાન પણ પામી શક્યા હતાં.

પાણીની રેલ વખતે કે અનાવૃષ્ટિ–દુષ્કાળના પ્રસંગે તેઓશ્રીનું હૃદય કકળી ઉઠતું ત્યારે પોતાની ઉપદેશ–ધારાથી લાખોનો ધન–વ્યય તે માર્ગે થાય તેવી પરિણામ-દાયી પ્રેરણા કરતાં.

રોજની જીવહિંસા કરી પોતાની આજીવિકા ચલા-વનાર મચ્છીમારોના દીલના પરાવર્તન પોતાના **ઉપદેશથી**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવી સદાને માટે હિંસાના માર્ગેથી પાછા વાળી! અહિંસાના ઉપાસક બનાવ્યા હતાં.

ક્રૂર અને ચોરીના માર્ગે પોતાને સમર્થ માનનાર એવા હીનજનોને પણ સુજન અને સજ્જન બનાવ્યા હતાં.

ટુંકમાં પૂજ્યપાદ શાસનસમ્રાટ શ્રીમાન વીસમી સદીના એક અજોડ અને શાસનપ્રભાવક પુણ્યશ્લોક પુરૂષ થઈ ગયા. તેઓની શાસનસમર્પિતભાવે કરેલી શાસન-પ્રભાવના-રક્ષા અને ભક્તિના કાર્યોને આપણી કોટિ, કોટિ વંદનાવલીઓ.

પ્રસ્તુત પુસ્તકના સંયોજક-પ્રેરક **પ્રવર્તક મુનિરાજ શ્રી નિરંજનવિજયજીએ** પણ પોતાના આરાધ્યપાદ પરમ ગુરૂદેવના ગુણ-બહુમાન કરવાના નિમિત્તે તેઓશ્રીના જીવનચરિત્રનું આલેખન જે રીતે કર્યું-કરાવ્યું છે તે વાંચતાં, વિચારતાં સહેજે પૂ. ઉપાધ્યાય **યશોવિજયજી** મહારાજનું વચન યાદ આવી જાય છેઃ-

"ગુણવદ્ બહુમાનાર્થૈ; નિત્ય સ્મૃત્યા ચ સત્ક્રિયા*
જાતં ન પાતયેદ્ ભાવં, અજાતં જનયે રપિ"

વિ. સં. ૨૦૪૨
વૈશાખ સુદ ૬ આચાર્ય વિજય ચન્દ્રોદયસુરિ

---

***ભાવાર્થ** :-લોકોથી પૂજાવા છતાં પ્રતિદિન ગુણવંતોનું બહુમાન, ઉપયોગવંત રહીને સત્યાક્રિયાનું સાતત્ય અને ભાવોલ્લાસમાં ઉણપ ન લાવવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રૌઢ પ્રતિભાના સ્વામી સૂરીશ્વરશ્રી

**પૂ. આચાર્ય શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ.**

કેવી અદ્‌ભુત હતી તેમની પ્રતિભા !

અનેક વિશિષ્ટતાઓથી ભર્યું ભર્યું એવું તેમનું વિરલ વ્યક્તિત્વ કેવું હતું ?

સામાન્ય અને બહિર્મુખ મનુષ્યની બુદ્ધિ, એ પાવક પ્રતિભાની પરમોપકારીતા અને એવા વ્યક્તિત્વની વિશાળતા તથા ઊંડાઈને માપવામાં નિષ્ફળ જાય એમાં તો શું આશ્ચર્ય? આત્મનિષ્પન્ન સત્વસંપન્ન એવા એ વ્યક્તિત્વનું માપ કાઢવાનો પ્રયત્ન કરતાં ભલભલા બુદ્ધિમાનો પણ એમાં ભૂલથાપ ખાઈ જતાં.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં જિનશાસનના ગગનાંગણમાં મધ્યાહ્નકાલીન સૂર્યની જેમ ઝળહળી ગયેલા આ સૂરીશ્વરજીએ પોતાના અપૂર્વ જીવન અને કવન દ્વારા એક નવો જ ઈતિહાસ સર્જ્યો.

'શાસન સમ્રાટ' એ બિરૂદને સાચા અર્થમા સાર્થક કરી જનારા પરમપૂજ્ય આચાર્ય મહારાજ **શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજશ્રી** મહાન શાસન પ્રભાવક પુરૂષ થઈ ગયા.

એમની રગેરગમાં શાસનના હિતની ભાવના ભરેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ કરતી વખતે તેમના હૈયામાં સદાય સ્વ-પરના કલ્યાણની ઉદાત્ત ભાવના અચૂક રહેતી.

મનસા-વચસા-કર્મણા નૈષ્ઠિક બ્રહ્મવ્રતના ઉપાસક આ પૂજ્યપુરુષે જિનશાસનના સાતે અંગોમાં નવી દૃષ્ટિ, નવી સ્ફૂર્તિ અને નવી ચેતનાનો સંચાર કર્યો.

છેલ્લા થોડા વર્ષો દરમ્યાન ‘યતિ-કાળ’ના અઘટિત પ્રભાવથી સાધુ સંસ્થામાં પેસેલી શિથિલતાને એમણે જડમૂળથી દૂર કરી, સકળ ચતુર્વિધ શ્રી સંઘમાં શ્રમણ-ધર્મની મુખ્યતા સ્થાપિત કરી.

અનેક શાસ્ત્રોના વચનોથી સંકલિત વિશિષ્ટ વ્યાખ્યાન શૈલીના તેઓશ્રી જ પુરસ્કર્તા હતા. પ્રભાવક પ્રવચનો દ્વારા ત્યાગ માર્ગનો એમણે એવો તો જોરદાર પ્રચાર કર્યો કે નાની નાની ઉંમરના અનેક આત્માઓએ એમની પાસે સંયમનો સ્વીકાર કર્યો. આવી રીતે સંયમી બનેલા તે તે આત્માઓને કડક અનુશાસન અને કઠોર સંયમ-પાલન કરવાપૂર્વક અભ્યાસમાં સારી રીતે આગળ વધાર્યા.

તેઓશ્રી જ્યારે શિષ્યોને ભણાવવા બેસતા તે વખતે મોટા મોટા ચમરબંધી આવેલા હોય તો ય તેની સામે જોવાની પણ વાત નહીં, તો પછી વાત કરવાની તો હોય જ ક્યાંથી ?

તેઓશ્રીએ અપનાવેલી અધ્યાપન પદ્ધતિ આજે ઉદાહરણરૂપ બની ગઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્ય-દર્શની વિદ્વાનોને પાસે રાખી, તેઓની પાસે ન્યાય-વ્યાકરણ-સાહિત્ય, ષડ્દર્શન આદિ શાસ્ત્રોનો અભ્યાસ કરાવવાની શરૂઆત તેઓએ જ કરેલી. એના ફળ સ્વરૂપે તેઓશ્રીના અનેક શિષ્યો ભિન્ન ભિન્ન વિષયમાં, કોઈ ન્યાયમાં તો કોઈ વ્યાકરણમાં, કોઈ ષડ્દર્શનમાં તો કોઈ આગમમાં, કોઈ પ્રાકૃતમાં તો કોઈ સાહિત્યમાં એક થી એક ચડિયાતા દિગ્ગજ નામાંકિત વિદ્વાનો પાક્યા, તેઓએ રચેલા ગ્રન્થો જોઈ આજે પણ પંડિતો આશ્ચર્ય-ચકિત થાય છે.

પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થોની રક્ષા માટે પણ તેઓએ ભગીરથ પ્રયાસો કર્યો. મારવાડ આદિ પ્રદેશોમાંથી કોથળાબંધ વેચાવવા આવતા, ગ્રન્થોને તેઓ મોં-માગ્યા દામ અપાવીને લઈ લેતા.

એ અમૂલ્ય ગ્રન્થો આજે પણ ખંભાત-અમદાવાદ-કદમ્બગિરિ વિગેરે સ્થળોના જ્ઞાન ભંડારોમાં મોજુદ છે. વર્ષો સુધી લહીઆઓ રાખી પ્રાચીન ગ્રન્થોની અલભ્ય પ્રતિઓ લખાવી પ્રાચીન શ્રુતની રક્ષા કરી.

અંજનશલાકા-પ્રતિષ્ઠાના વિધિ વિધાનો તે સમયે એટલા વ્યવસ્થિત ન હતા. પ્રાચીન હસ્તપ્રતોના આધારે તેને સુવ્યવસ્થિત કરી તેના અનુસારે સૌ પ્રથમ અંજન-શલાકા કરાવવાનું સૌભાગ્ય તેઓને ઘટે છે.

અર્હં-મહાપૂજન અને સિદ્ધચક્ર મહાપૂજનના વિધાનો તેઓશ્રીના પટ્ટધર પૂજ્ય આચાર્યપ્રવર **શ્રી વિજયોદય-**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરીશ્વરજી મહારાજશ્રીએ સંકલિત કર્યો છે.

શુદ્ધ વિધિ-વિધાન દ્વારા સેંકડો અદ્‌ભુત અલૌકિક જિનબિંબોની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરાવી ભાવિકજનો માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, સ્થિરતા અને નિર્મળતા માટેના અપૂર્વ સાધનો સિદ્ધ કર્યાં.

વર્તમાનમાં થતા દીક્ષા-વડી દીક્ષા, યોગોદ્વહન, ગણિ-પંન્યાસ, ઉપાધ્યાય તથા આચાર્યપદ-પ્રદાનના વિધિ-વિધાનો સુવ્યવસ્થિત રીતે સંકલિત કરી વિશુદ્ધ રીતે ક્રિયા-કાંડ અનુષ્ઠાનો પ્રવર્તાવાનું પરમશ્રેય પણ તેઓને જ ઘટે છે.

પ્રાણની પણ પરવા કર્યા વિના એમણે શ્રી કાપરડાજી આદિ તીર્થોનો ઉદ્ધાર કર્યો. શ્રી કદમ્બગિરિ તીર્થનો **આમૂલચૂલ વિકાસ** તેઓની જ પ્રેરણા, ઉપદેશ અને ભગીરથ પુરૂષાર્થનું સુમધુર ફળ છે.

મારવાડ, મેવાડ અને સૌરાષ્ટ્ર, ગુજરાત આદિ ક્ષેત્રોમાં ઉગ્ર વિહાર કરી મુનિમાર્ગનું ઉત્કૃષ્ટપણે પાલન કરવા પૂર્વક અનેકને જૈન ધર્મના અનુયાયી બનાવ્યા.

કેટલાયે સ્થાનકવાસીઓને અને તેરાપંથીઓને મન્દિરમાર્ગી બનાવ્યા.

અસાધારણ ઉપદેશશક્તિ અને પ્રૌઢ પ્રભાવથી અનેક રાજા-મહારાજાઓ અને ઠાકોરો જેવાં કે ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજી, વલભીપુરના નામદાર ઠાકોર, શ્રી ગંભીર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિંહજી તથા ગોંડલ–લીંબડી વિગેરેના દરબારોને પ્રતિબોધ આપી **જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા–આદરવાળા બનાવ્યા.** અહિંસા ધર્મના ઉપાસક બનાવ્યા. તેમ જ તેઓના રાજ્યમાં શિકાર આદિનો નિષેધ કરાવી અમારી પ્રવર્તાવી.

ઉપરથી વજ્રના જેવા કઠોર લાગતા તેઓશ્રી ભીતરમાં પુષ્પથી પણ વધુ કોમળ હતા. વાત્સલ્યનો અખંડ ઝરો તેઓના અંતઃકરણમાં નિરંતર જાણે વહ્યા જ કરતો. પ્રસંગોપાત જ્યારે તેઓના વાત્સલ્યનો જેમણે જેમણે અનુભવ કર્યો છે તેઓ બધા એમની આ કોમળતા નિહાળી ખરેખર મુગ્ધ બન્યા વગર નથી રહ્યા.

શાસન ઉપર આવતા અનેક આક્રમણોની સામે તેઓ હંમેશા અણનમ જોદ્ધાની જેમ ઝઝુમ્યા, સિદ્ધાન્તના ભોગે કદી પણ કોઈને ય તેઓ મચક આપતા નહીં.

પોતાની આગવી સૂઝ–સમજ અને દૃષ્ટિથી તેમણે એક નવો જ યુગ પ્રવર્તાવ્યો. તેઓની સૂક્ષ્મ વેધક દૃષ્ટિ ઘણું લાંબું જોઈ શકતી.

સૂર્યનું અસ્તિત્વ જેમ અંધકારને દૂર કરવામાં પર્યાપ્ત હોય છે તેવી રીતે તેઓનું અસ્તિત્વ માત્ર શાસનને નિરૂપદ્રવી બનાવવા સમર્થ હતું. તેઓની સામે બોલવાની કોઈ હિંમત કરી શકતું નહિં. તેઓશ્રી રહ્યાં ત્યાં સુધી જૈન શાસનનું એકાધિપત્ય નિર્વિવાદપણે તેઓના હાથમાં રહ્યું. તેઓના નેતૃત્વ નીચે જૈન શાસનના દરેક અંગો વ્યવસ્થિત રીતે ફૂલ્યાં ફળ્યાં અને પાંગર્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિંહગર્જના જેવી તેઓની ધર્મદેશના સાંભળનારના હૈયામાં સોંસરી ઉતરી જતી. ગણધરવાદના એમના વ્યાખ્યાનો સાંભળવા એ એક જીવનનો લ્હાવો ગણાતો. જૈન જૈનેતર વિદ્વાનો, કવિઓ ને અગ્રગણ્યો આ વ્યાખ્યાન સાંભળવા દુર-દુરથી આવતા અને વ્યાખ્યાન સાંભળી કૃતકૃત્યતા અનુભવતા.

તેઓનું જીવન જ જાણે ગ્રન્થરૂપ હતું. તેઓની પાસે રહેનારા અને સેવા-ભક્તિ કરનારા તેઓના મુખથી નિકળતા વચનો સાંભળી અને તેઓનું જીવન નિહાળી વગર પુસ્તક લીધે જ પંડિત બની શકતાં.

ગણ્યા ગણાય નહીં અને લખ્યા લખાય નહીં તેવા છે તેઓના અદ્ભુત અને અનોખા જીવન પ્રસંગો.

નાના-મોટા અનેક પુસ્તકો તેઓના જીવન ચરિત્રને વર્ણવતા પ્રગટ થયા છે તેમાં મુનિશ્રી (હાલમાં પન્યાસશ્રી) શીલચંદ્રવિજયજી (ગણિ)એ તૈયાર કરેલ પુસ્તક 'શાસન સમ્રાટ' પૂજ્યશ્રીના જીવનને વર્ણવવામાં મહદંશે સફળ થયેલ છે. તેમ છતાં આવા મહાપુરૂષો કે જેઓના જીવનની પ્રત્યેક પળ શાસનની સેવા અને સ્વ-પર કલ્યાણ માટે વીતી હોય તે બધાનું નિરૂપણ કરવામાં જડ લેખની ક્યાંથી સમર્થ બની શકે?

તો પણ ભક્ત હૃદયની એવી ભાવના રહ્યા કરે છે કે પોતાની શ્રદ્ધેય વ્યક્તિના જીવનની બની શકે તેટલી યથાર્થતા જગતની સામે રજૂ કરવી. એવા જ વિચારમાંથી પ્રસ્તુત 'નેમિ-સૌરભ'નો પ્રાદુર્ભાવ થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગ્રંથના સંયોજક પ્રવર્તક મુનિશ્રી નિરંજન વિજયજી મહારાજ આજીવન સાહિત્યની પ્રવૃત્તિ કરતા રહ્યા છે. તેઓ શાસનસમ્રાટશ્રીના હસ્તે દીક્ષિત થયા અને સાથે સાથે તેઓની સેવામાં વર્ષો સુધી રહ્યાં હતાં. શાસનસમ્રાટ પ્રત્યેની અપૂર્વ ભક્તિથી પ્રેરાઈને તેમણે સચિત્ર જીવન ચરિત્ર તૈયાર કરેલ છે.

આ ગ્રન્થને જિજ્ઞાસુભાવે વાંચનારને પોતાના જીવન વિકાસ અને આત્મોત્થાન માટે ઘણું બધું ભાતું મળી આવશે એ ચોકકસ છે.

પુણ્ય પુરુષોના ચરિત્રોને સાંભળવાની ઇચ્છા સામાન્ય પણે સૌ કોઈને હોય છે અને એના શ્રવણ-વાંચનથી ઉપકાર થયાના કેટલાયે દ્રષ્ટાંતો મળી આવે છે. એક સુભાષિતમાં આ વાત સરસ રીતે સમજાવી છે.

"સાધૂનામુપકર્તું, લક્ષ્મીં દ્રષ્ટું વિહાયસાગન્તુ;
કસ્ય કુતૂહલિ ન મનશ્ચરિતં પુણ્યાત્મનાં શ્રોતુમ્.

અર્થાત્ સાધુ-સજ્જન પુરૂષોનો ઉપકાર કરવા માટે, લક્ષ્મીની શોભાને નિહાળવા માટે, આકાશ માર્ગે જવા માટે અને પુણ્ય પુરૂષોના ચરિત્રોને સાંભળવા માટે કોણ એવો છે છે કે જેનું મન કુતુહલવાળું ન બને ?

આ જીવન-ચરિત્રને વાંચી ભવ્યાત્માઓ જ્ઞાન-દર્શન ચારિત્રની નિર્મલ આરાધના દ્વારા આત્મ-કલ્યાણ સાધી પરમપદના ભાગી બનો એજ એક શુભાભિલાષા.

ચૈ. સુદ ૧૦ સોમવાર — હેમચન્દ્રસૂરિ

વિ. સં. ૨૦૪૨ — સુરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ૐ અર્હમ્ નમઃ

પરમ પૂજ્ય મહાન્ શાસન પ્રભાવક શાસન સમ્રાટ **આચાર્ય ભગવંત શ્રી વિજય નેમિ સૂરીશ્વરજી મ.** સા. કે જીવન પ્રસંગ પર જો પુસ્તક **સૌજન્યમૂર્તિ પ્રવર્તક શ્રી નિરંજનવિજયજી મ.** કે દ્વારા સંપાદિત હોનેવાલી હૈ, વહ જાનકર પ્રસન્નતા હુઈ. યહ જીવન પ્રસંગ અનેક વ્યક્તિયોંકે લિયે પથ-પ્રદર્શક બનેગા એસા મૈં માનતા હૂં. ઇતિહાસમેં પરંપરામેં શાસનસમ્રાટકા ભી એક મુખ્ય સ્થાન રહા હૈ. ઉસ મહાન્ આત્મા કે પ્રતિ મેરી કોટી કોટી વંદના. મેરી હાર્દિક ભાવાંજલિ ઉન્હેં અર્પણ કરતા હૂં.

નિવેદક:-

**પદ્મસાગરસૂરિ**

# વિમલ અને વિરલ વિભૂતિ

**પૂજ્ય આ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.**

શાસનસમ્રાટ કે સૂરિસમ્રાટ એમાંથી એક પણ વાક્ય (વિશેષણ) બોલો એટલે જૈનસમાજની કોઈ પણ વ્યક્તિ સામે વિરલ પ્રતિભાથી ઝળહળતી અને અનેક સદ્‌ગુણોથી મઘમઘતી એક અને અનન્ય એવી વ્યક્તિ તમારી નજર સામે ખડી થાય !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* ૨૧મી સદી તરફ જ્યાં નજર જાય કે તરત જ એક જાજરમાન દેહ ધરાવતો એક અલગારી ફિરસ્તો નજર સામે દેખાય.

* ઋષિ–મહર્ષિ જેવા એ પુણ્યપુરુષની નિકટતા સાધો ત્યારે તમને જ્ઞાનની–ષડ્દર્શનની વિવિધ શાખાઓથી પરિપુષ્ટ થએલી મુખમાંથી નીકળતી જ્ઞાનની ભગીરથી જોવા મળે.

* આ પુણ્ય શ્લોક વ્યક્તિના સાન્નિધ્યમાં રહો તો તમને શ્રદ્ધા, તપ–ત્યાગથી અલંકૃત એક સંયમી મૂર્તિના દર્શન થાય.

આ કોણ વ્યક્તિ હતી ? શું હતું એમનું નામ ?

* એ હતા આપણા સહુના સદા વંદનીય, પરમ-પૂજ્ય અનેક સદ્ગુણાલંકૃત આચાર્ય શ્રી વિજય નેમિ-સૂરીશ્વરજી મહારાજ.

એ નામથી સુવિખ્યાત બનેલા જૈન સાધુ સંઘના અનોખા અને અજોડ એક આચાર્ય.

આચાર્ય એટલે શું ? જૈન સાધુ સંઘમાં છેલ્લામાં છેલ્લી પદવી તે આચાર્યની. જે આચાર્ય હોય તે શ્રમણ સંઘમાં અગ્રણી ગણાય.

વધુ વિચારીએ તો આબાલ ગોપાલ લાખો જૈનો રોજેરોજ કરોડો વાર જે મહામંત્રના પ્રાર્થના–પાઠ કરે છે, જપ દ્વારા સાધના કરે છે, એ શબ્દ અને અર્થથી (ઉભયથી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાશ્વત એવા મહામંત્ર નવકાર સૂત્રના પાંચ પરમેષ્ઠિઓ પૈકી ત્રીજા પદે પ્રસ્થાપિત થએલા 'નમો આયરિયાણું'ના 'આયં' શબ્દથી નમસ્કાર કરાતા આચાર્ય.

આ દરજ્જો, આ પદ કોણે નક્કી કર્યું ? સમાજે, ગૃહસ્થોએ, સંસારીઓએ ? ના. ના આ તો આ અનાદિ અનન્ત વિશ્વમાં જૈન ધર્મના અનંતા તીર્થંકરો થયા અને થશે તે લોકોત્તર પુરૂષો, તે તે કાળની સાપેક્ષ દૃષ્ટિએ જિન શાસનના આદ્ય પ્રવર્તક, પ્રસ્થાપક અને પ્રવાહક આવા સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માઓએ સર્વજ્ઞત્વની પ્રાપ્તિ થયા બાદ તીર્થંકર કલ્પ અનુસાર સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરે. ત્યારબાદ જ્ઞાનના અર્ક સ્વરૂપ–'ત્રિપદી' ગણધર ભગવંતોને આપે. આ રીતે સર્વકાલીન છતાં તે તે સમયની અપેક્ષાએ સર્વથા સ્વતંત્ર રીતે, તીર્થંકર પરમાત્માઓ ધર્મશાસન તીર્થનું પ્રવર્તન કરે.

આવા શાસન–તીર્થમાં, ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના અનિવાર્ય છે. તીર્થંકર પરમાત્મા દ્વારા સ્થપાતાં આવા શ્રી સંઘમાં, શ્રમણ–સંઘનું સ્થાન એ પ્રધાન સ્થાન છે અને પ્રધાનસ્થાનસ્થ શ્રમણ સંઘમાં સુવિહીત આચાર્ય ભગવંતનું સ્થાન આગવું અને અનન્ય છે. તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં. સુવિહીત તથા ત્રીજા પરમેષ્ઠિ પદને અનુરૂપ શાસ્ત્રોક્ત ગુણ સંપદાયુક્ત આચાર્ય ભગવંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનની અને શ્રી સંઘની ધુરાનું વહન કરે; સમ્યક ચારિત્રના સર્વાંગી પરિપાલક એવા આચાર્ય ભગવંત 'શાસન'ના રાજા તુલ્ય તથા વંદનીય, પરમ પૂજનીય, શ્રદ્ધેય તેમ જ શાસ્ત્ર-વિહીત આચાર્યને અનુરૂપ સર્વોચ્ચ અધિકારોથી અલંકૃત હોય.

આવા મહાન આચાર્યપદથી અલંકૃત હતા આપણા આ ચરિત્રનાયક!

## આચાર્યોની જરૂર શા માટે?

તે તે કાળે નિશ્ચિત ક્ષેત્રમાં તીર્થંકર એક જ વિચરતા હોય. એ પોતાનું શાસન પ્રવર્તાવે. પોતાનું આયુષ્ય હોય ત્યાં સુધી તે ચલાવે પણ વિદાય પછી શું? તો વિદાય પછી પણ આ શાસન સુવ્યવસ્થિત રીતે ચાલવું જોઈએ. તે ત્યારે જ ચાલે કે તેનું બંધારણ-વ્યવસ્થા સુવ્યવસ્થિત હોય તો જ. એટલે તીર્થંકર દેવો આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી વગેરેની એક 'સારી સંસ્થા, ખડી કરે જેમાં આચાર્યનું સ્થાન મહારાજા જેવું અને ઉપાધ્યાયજીનું પાટવીકુંવર જેવું હોય છે.

આજથી ૨૫૦૦ વરસ ઉપર નિર્વાણ પામેલા અન્તિમ ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરનું આયુષ્ય માત્ર ૭૨ વર્ષનું હતું. જગતનું કલ્યાણ કરવાના હેતુથી ૩૦મા વર્ષે દીક્ષા પછી ૧૨ાા વર્ષ સુધી કઠોર સાધના અને જે પ્રાપ્ત કરવા માટે દીક્ષા સાધનાદિનો માર્ગ સ્વીકાર્યો હતો તે સાધનાની સિદ્ધિરૂપે ૪૨મા વર્ષે કેવળજ્ઞાન એટલે ત્રિકાલજ્ઞાન પ્રાપ્ત થયું. સમગ્ર બ્રહ્માંડનું યથાર્થ સ્વરૂપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોયા બાદ દેશના-પ્રવચનો શરૂ કર્યાં. કુ૦ વરસ સુધીમાં લાખો લોકોનાં વિવિધ રીતે કલ્યાણ કર્યાં. પછી મોક્ષે સિધાવ્યા. એટલે કહેવાનું તાત્પર્ય એ કે ભગવાને પોતાનું શાસન તો માત્ર ૩૨ વર્ષ ચલાવ્યું પણ એ શાસન હજારો વર્ષ જીવંત રહે, એ શાસન ઉપર આવનારી આફતોને, સંકટોને, આક્રમણોને પોતાની તાકાતથી દૂર કરે અને શાસન અખંડ અને અવિચ્છિન્ન ચાલુ રહે, હજારો-લાખો આત્માઓ, તપ, ત્યાગ, સંયમ, ચારિત્ર દ્વારા આત્મકલ્યાણ સાધે અને પરંપરાએ મુક્તિસુખના અધિકારી બનાવે. આ ફરજ, જવાબદારી અદા કરવા માટે ચતુર્વિધ સંઘની જરૂરિયાત છે.

આપણા પ્રત્યુત્પન્ન મતિ, કુશાગ્ર બુદ્ધિ, આગવી કોઠાસૂઝ, બુલંદ અવાજ, વેધક દૃષ્ટિ, પ્રખર વિદ્વત્તા આ બધી ગુણ સંપત્તિના કારણે પૂજ્ય સૂરિસમ્રાટે જૈન શાસનની, જૈન તીર્થોની જૈન આચારમાર્ગની જૈન સંઘની જબરજસ્ત બુદ્ધિ અને કષ્ટો સહન કરી, સુરક્ષા કરી. અને જૈન શાસનને ઝળહળતું રાખીને પોતાના પદના દરજ્જાને બરાબર સુરક્ષા કરી શોભાવ્યો હતો અને 'પરોપકારાય સતાં વિભૂતયઃ' ના આદર્શને ચરિતાર્થ કર્યો હતો.

જન્માન્તરનો તીવ્ર જ્ઞાન સંસ્કાર, પ્રગલ્ભ બુદ્ધિ, શ્રેષ્ઠ મેધા, તીવ્ર સ્મૃતિ એટલે તત્ત્વજ્ઞાનને સમજવાની આત્મસાત્ સૂઝ અનોખી હતી. દિન-પ્રતિદિન જ્ઞાનના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરવાળા કરવાના વ્યસની સૂરિજી શ્રેષ્ઠ કોટિના વિદ્વાન બન્યા, અને ઊંચી કક્ષાના દાર્શનિક અને આગમજ્ઞ વિદ્વાન બન્યા પછી આકર્ષક અને પ્રખર વક્તા બન્યા. બુલંદ અવાજ, છટાદાર વક્તવ્ય, બોધ, ટુચકાઓ સુંદર દ્દષ્ટાંતો તર્કપ્રધાન રજુઆત વગેરે કારણોથી પ્રવચનોની ભારે ધૂમ મચી ગઈ. જ્યાં જ્યાં તેઓશ્રીનું પ્રવચન હોય ત્યાં ત્યાં અચૂક દૂર દૂરથી લોકો સાંભળવા દોડી જતા.

તત્વજ્ઞાન સભર આકર્ષક વાણી એટલે શ્રોતા મંત્ર-મુગ્ધ બની જતા. લોહચુંબકની જેમ હજારોનાં હૈયાઓ તેઓશ્રીએ આકર્ષી કબજે કરી લીધાં હતાં. તેઓશ્રીનો ધર્મવૈભવ અજોડ હતો. સિંહ જેવા આ પુરુષને જોવા, નિરખવા એ જીવનનો એક લ્હાવો હતો.

* જ્ઞાનના 'મહાવ્યસની' એટલે પોતે શ્રેષ્ઠ કોટિના વિદ્વાન અને વક્તા બન્યા. પાછા પૂરા દેશકાલજ્ઞ પુરુષ એટલે એમને વિચાર્યું કે સ્વ-પર કલ્યાણ કરવું હશે, સંઘાડો ચલાવવો હશે, જનતાનું કલ્યાણ કરવું હશે તો જ્ઞાન, વિદ્વત્તા, શાસ્ત્રાર્થ કરવા શક્તિ અને જવાબ આપવાની તાકાત જોશે. એટલે પોતાના શિષ્યોને જાતે ભણાવ્યા, પંડિતો પાસે ભણાવી પ્રખર વિદ્વાન બનાવ્યા. બ્રહ્મતેજના ધારક સૂરિજી સાથે સાથે સભાન હતા કે જ્ઞાનની સમૃદ્ધિ હશે પણ જો ચારિત્ર-સંયમનું બળ નહીં હોય તો ધાર્યું પરિણામ ઉભું નહીં કરી શકે અને સંઘાડાની કે શાસનની નૌકાને સફળતાથી હંકારી નહીં શકે એટલે ઉપદેશ, પ્રેરણા, જાત દેખરેખ રાખી જ્ઞાનને શોભાવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવું ઉત્તમ ચારિત્ર પાળી શકે તેવું વાતાવરણ સર્જ્યું અને એમણે ઉત્તમ કક્ષાના વિદ્વાન સાધુઓની એક હરોળ તૈયાર કરી.

આના પરિણામે જૈન સંઘમાં સૂરિસમ્રાટનો સંઘાડો એટલે વિદ્વત્તા અને સંયમના તેજથી ઝગમગતો સંઘાડો એવી ખ્યાતિ પણ સર્વત્ર પ્રસરી ગઈ. એની સફળતાના કેન્દ્રમાં સૂરિસમ્રાટનું સર્વાંગી શક્તિશાળી જાગૃત નેતૃત્વ જ કારણ હતું.

૨૧મી સદીના આ મહાન આચાર્યશ્રીજીની પ્રતિભા અને વ્યક્તિત્વ કોઈ અનોખું હતું. એમની હરોળમાં ઉભા રહે એવી કોઈ વ્યક્તિ ત્યારે ય ન હતી અને આજે ય નથી એમ લખું તો અતિશયોક્તિ નહીં લાગે ઉલટું વાંચકો મારી સાથે પૂરેપૂરા સહમત થશે.

વિશાળ મુખારવિંદ, ભવ્ય લલાટ, મસ્તક અને મુખ ઉપરના સઘનવાળ સાથેની રચનાની કુદરતે મળેલી વિશિષ્ટ બક્ષીસ, ઝીણી પણ વેધક આંખો, બ્રહ્મતેજની આભાથી છવાઈ ગએલો ચહેરો પહેલી નજરે જોતાં, જાજરમાન જાણે કોઈ મહાન અવધૂત હોય એવું લાગતું.

નિષ્કલંક બ્રહ્મચર્યની **તેજોસ્પર્શી** દૃષ્ટિ અને **વાણી** **સિદ્ધ શ્રી સ્પર્શિત ધર્મલાભ** રૂપ આશીર્વાદ, આ બે જેને પ્રાપ્ત થાય તે ધન્ય બની જાય. એવી જનશ્રદ્ધા હતી.

આવા અનેક સદ્ગુણાલંકૃત વંદનીય આચાર્ય શિરોમણિને વંદના.

હવે તેઓશ્રીને મેં જે રીતે જોયા, નિહાળ્યા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભવ્યા તેનું આછું દર્શન કરાવું.

સ્વભાવ ગરાસીયા સ્ટાઇલનો, હાકોટો દરબારો જેવો, રાજા જેમ દરબારીઓથી ઘેરાએલો રહે એમ મહારાજાધિરાજ જેવા સ્વભાવના અને ધર્મ વૈભવી સૂરિજીનો દરબાર પણ અગ્રણી શ્રીમંતો, ધીમંતોથી ભરેલો જ હોય; ત્યારે ધર્મ ચર્ચા, જાતજાતની ભાતભાતની અલક–મલકની બૌદ્ધિક, પ્રેરક અને બોધક વાતો, ટુચકાઓ અને અનુભવોની વાતો એવી કરે કે આપણે સાંભળ્યા જ કરીએ. ઉઠવાનું મન ન થાય. અને સમજુ–બુદ્ધિમાન શ્રોતા બરાબર હોય અને તેઓશ્રીને બરાબર હોંકારો આપીને ઉત્તેજિત કરનાર હોય તે વખતે એવા ખીલે કે અંતર તૃપ્ત બની જાય. ધન્ય ધન્યતા અનુભવાય.

જ્ઞાનની જીવતી જાગતી પરબ જેવા પાસેથી જ્ઞાનપિપાસુઓ ઘણું પામી જતાં અને વાત કરતાં કરતાં જ્યારે તેઓશ્રી સહજભાવે ખડખડાટ હસે અને પછી ચારે તરફ તેઓ જ ચકોર નેત્રે જાદુઈ રીતે નજર ફેરવે અને પછી બોલે, સાથે નિર્દોષ બાળતુલ્ય હાસ્ય. આ બધું અમે તેવા શોગીયાને શોક હોય તોય જતો રહે. નિજાનંદી આ પુરુષને હસતા જોવા એ એક જીવનનો લહાવો હતો. દ્રવ્ય અને ભાવ બંને રોગોના ઉપશમન માટે તેઓશ્રીની ધર્મ સભામાં બેસવું એટલે વસંત માલતીનું કામ કરે.

વિલક્ષણ મુખમુદ્રા, બોલવાની ઢબ, વાત કરવાની કોઈ પ્રૌઢ સ્ટાઈલ, ઊંડી જ્ઞાનગર્ભિત વાતો રજુ કરવાની અને પછી મુલવવાની જે અદા એ ક્યાંય જોવા ન મળે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ એમનું જન્માતરનું કોઈ વિરલ પુણ્ય હતું.

એમનો કોઈ એવો તાપ હતો કે કોઈ આડું ઉતરી ન શકે, પાસે જતાં ગભરાય, ભૂલેચૂકે એની નજરના સપાટામાં ન આવી જવાય એવો નાના મોટા બહુ શિષ્યો ધ્યાન રાખતા.

આ આતાપનાએ સારાએ સંઘાડાને કન્ટ્રોલ કરવામાં ભારે ભાગ ભજવ્યો હતો. આ ગુરૂ-શિષ્ય બંનેનો પુણ્ય-યોગ હતો.

પૂજ્યશ્રીજી અંગે યત્કિંચિત્ આલેખન કરી હવે મારા અનુભવોની વાત લખવાની લાલચને રોકી શકતો નથી. છુટી છવાઈ બાબતો અને તે અતિ સંક્ષેપમાં જ નોંધું છું. જે આ પુસ્તકમાં જોવા નહીં મળે.

પ્રથમ દર્શન મારી સમજ મુજબ-સૂરિ સમ્રાટનો અમારા દાદા ગુરૂ જોડે કે અમારા સંઘાડા જોડે બીજા કરતા વધુ નાતો હતો. એમાં કારણ વિ. સં. ૧૯૮૦માં દાદાગુરૂ શ્રી પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય મોહન-સૂરીજી મહારાજે આચાર્યપદવી અમદાબાદ નાગજી ભૂધરની પોળમાં પૂજ્ય સૂરિ સમ્રાટના વરદ હસ્તે થઈ હતી. ત્યારથી તેઓશ્રી અને અમારા સંઘાડા વચ્ચે એક કૌટુમ્બિક નાતો બંધાઈ ગયો હતો. પૂ. દાદા ગુરુશ્રી, મારા દીક્ષા ગુરુ પૂજ્ય આ. શ્રી વિજય ધર્મ-સૂરિજીના મોતીના દાણા જેવા હસ્તાક્ષર દ્વારા પત્ર પૂજ્ય સૂરિસમ્રાટ ઉપર લખાવતાં, એ પત્રમાં સૂરિસમ્રાટ માટે પાંચથી છ લીટી જેટલા વિશેષણો લખવામાં જે આવતાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એનો નમૂનો મારી પાસે આજે નથી જો હોત તો રજુ કરત તો વાચકોને એક આચાર્યનો વિનયભાવ, નમ્રતા અને સેવક ભાવનું અજોડ ઉદાહરણ જાણવા મળત.

## અમારા ગુરૂવર્યો જોડેના સંબંધો

પૂજ્યપાદ મહાન વિભૂતિ સૂરિસમ્રાટ સાહેબજી જોડે ઘણીવાર મળવાનું, એમના ચરણ પાસે તથા એમના ધર્મ દરબારમાં બેસવાનું ઘણું બધું થયું. અલબત્ત લાંબો કાળ જવાથી બધી યાદદાસ્ત નથી રહી, પણ જે કેટલીક ઘટના. કેટલાક પ્રસંગો જે જોયા, સાંભળ્યા તેનું અહીં અવતરણ કરી શકાય ખરૂં પણ હાલ મારાથી શક્ય નથી એટલે અહીં તો માત્ર અમારા સંઘાડાના સંબંધોની ઉડતી નોંધ જ રજુ કરું છું. કેમકે પૂજ્ય સૂરિસમ્રાટના જીવન ચરિત્રને સ્પર્શતો એક ભાગ જ છે.

પૂજ્ય સૂરિસમ્રાટના સહુથી પ્રથમ દર્શન સંસારી-પણામાં સૌરાષ્ટ્રના ભાલ પ્રદેશના મુલધરાઈ ગામમાં થયાં. હું મારા ગુરુદેવો સાથે વિહારમાં હતો. ગુરુદેવો પાલીતાણા જઈ રહ્યા હતા. એક ઝાડની છાયા નીચે ભક્તોના વર્તુલ વચ્ચે જોરદાર વાણી અને મધુર હાસ્યથી ભવ્યપ્રભા વિસ્તારતા સૂરિજીના દર્શન કર્યા. ૮–૧૦ સાધુઓ વચ્ચે સંસારી તરીકે હું જ એટલે પૂજ્ય મોટા સાહેબને પૂછયું કે આ ટાબરો કોણ છે ?

મારી દીક્ષા કદમ્બગિરિ, વડી દીક્ષા સૂરિ સમ્રાટ પૂજ્યપાદશ્રીજીની જન્મભૂમિમાં (મહુવા) વિ. સં. ૧૯૮૭ની અને ૧૯૮૮માં કદમ્બગિરિમાં જબરજસ્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંજનશલાકા. જૈન સમાજમાં ત્યારે ૪૦ વરસે અંજન શલાકા થતી હતી. પૂ. સૂરિસમ્રાટનું કહેણ અને ભાવભીનું આમંત્રણ આવ્યું, 'કદમ્બગિરિમાં પ્રતિષ્ઠા મહોત્સવમાં જલદી આવી જાવ.' આની પાછળ એક પ્રબળ કારણ હતું. વિ. સં. ૧૯૮૦માં મારા દાદા ગુરુ શાસનપ્રભાવક અજોડ વક્તા પૂ. પન્યાસજી શ્રી મોહનવિજયજી મહારાજ શ્રીએ આચાર્ય પદવી પૂ. સૂરિસમ્રાટજીના વરદ હસ્તે અમદાવાદ નાગજી ભૂધરજીની પોળમાં થયેલી ત્યારથી મારા દાદા ગુરૂ સહુ તેઓશ્રીને ગુરૂ તુલ્ય ભાવ રાખી આદર–વંદના કરતા હતાં.

તેઓશ્રીના ગુરૂભાવ કેવો હતો ? એ માટે તો દાદા ગુરૂએ મારા ગુરૂદેવના હાથથી જે પત્રો લખાયા છે અને એ પત્રમાં પૂ. સૂરિસમ્રાટના નામ આગળ વિશેષણોની જે હારમાળા લખાવતા તે વાંચીએ તો જ ખબર પડે. તે પત્રો રવાના થતાં પહેલાં મને અનેકવાર વાંચવા આપ્યા છે એટલે હું જાણું છું. એક આચાર્યપદે અલંકૃત થએલી વિદ્વાન વ્યક્તિ પોતાના ઉપકારક સૂરિજી પ્રત્યે બાલસુલભ વિનમ્રતા કેમ દાખવી શક્યા હશે ? આજના શિષ્યો માટે તો તે પત્રો ખરેખર અંજનશલાકાનું કામ કરે તેવાં છે.

તેઓ ઘણાંને કહેતા કે મોહનસૂરિજીનો વિનય અને નમ્રતા જ જોઈ એવી મને બીજે જોવા મળી નથી.

કદમ્બગિરિ અંજનશલાકા પ્રસંગે જ્યારે દર્શન થયાં તે વખતે તો તેઓશ્રીનું સ્થાન ક્યાં અને હું ક્યાં ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ મોટાઓની હૃદયની વિશાળતા અને ઉદારતા એવી હોય છે કે મોટા સાથે મોટા જેવા, નાના સાથે નાના જેવાં, એટલે મને ઘણીવાર બોલાવે, પાસે બેસવા કહે. એક વખત એકલા મસ્ત થઈને બેઠા હતા, હું જઇ ચઢયો. ચરણે બેઠો ત્યાં તો એમને રઘુવંશનો શ્લોક સૂર્યપ્રભવોવંશાઃ ઉચ્ચાર્યો અને પછી મને કહે. બોલ આગળ પહેલી ક્ષણે તો સ્તબ્ધ થઈ ગયો પણ રઘુવંશ પ્રથમ સર્ગના શ્લોકો થોડા મોઢે કરેલા હતા એટલે મારી ગાડી ચાલી. પુનઃ અર્થ પૂછી પરીક્ષા લીધી. ખુબ રાજી થયા. ભણવા માટે શિખામણ આપી. ત્યાં પંદરેક દિવસ રોકાણ કરેલું. એક દિવસ પ્રસન્ન થઈ કોણ જાણે બાજુમાંથી મને બોલાવ્યો, મેં જઇને વંદન કર્યું, શાતા પૂછી, મને કેમ છે એમ પૂછવા સાથે એકદમ સ્મિત કર્યું, હું બેઠો. સેવારૂપે પગે હાથ ફેરવવા માંડયો. ત્યાં તેઓશ્રીએ બુમ પાડી 'એય ઉદયસૂરિ !' તરત જ રૂમમાંથી બહાર આવ્યા અને કહ્યું કે ગઈ કાલે પેલા પટો આવ્યા છે તેમાંથી **વર્ધમાન વિદ્યાનો** પટ લાવ. પૂજ્ય સૂરિસમ્રાટની હાકલ થાય પછી વિચારવાનું શું હોય ? પટ લઈ આવ્યા. મને કહે છે જો ઉભો થઈ જા, હું ઉભો થયો. પટનાં દર્શન કરાવ્યાં. ઉદય ! આ છોકરા પ્રત્યે મને બહુ ભાવ આવે છે. મારે એને પટ આપવો છે. પૂજ્ય ઉદયસૂરિજી કહે કે નાના મહારાજ કેટલા બધા ભાગ્યશાળી ! આપ જેવાને ચાર'દિમાં આવું હેત થયું, ભાવ જાગ્યો. મેં કહ્યું કે ગુરુદેવોને બોલાવું ત્યારે કહે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ના હમણાં નહિં પાછા હા ના થાય અને મારે આપવો જ છે એટલે મને કહે નવકાર વગેરે ઈષ્ટનું સ્મરણ કર કરીને પછી મેં બે હાથ પસાર્યા, ત્યાં બીજા સાધુ આવી ગયા. બધાએ ભગવાન મહાવીરની અને પૂજ્ય સૂરિસમ્રાટ સાહેબની જય બોલાવી મને અર્પણ કર્યો. પટને મસ્તકે ચઢાવી હું ભાવવિભોર બની ગયો. મન મયૂર નાચી ઉઠયો. ફરી વંદન કરી મહાપુરુષની મહાનતા,વાત્સલ્ય અને અકાળે અમી વૃષ્ટિ જેવી સામેથી થતી પરમકૃપા રૂપ અમી વર્ષા જોઈ ખૂબ જ આભાર માન્યો. પછી ખૂબ પ્રસન્ન હૃદય વાસક્ષેપ નંખાવી ભાવિ જીવનનાં કલ્યાણ માટે આશીર્વાદ માંગ્યા. દીક્ષા લીધે એક વરસ પણ થયું ન હતું અને મારા પર કેમ આવું હેત ઉપજ્યું હશે એ એક રહસ્યમય કોયડો જ રહેશે. આપેલો પટ ૫૫ વરસ થયાં આજે પણ મારી પાસે સ્મૃતિરૂપે વિદ્યમાન છે.

ત્યાર પછી અમદાવાદથી અને જામનગરથી પાલિતાણાના છ'રી પાળતા મહાન સંઘોમાં, અમો સહુ સાથે જ હતા. ઘણીવાર મિલનો થતાં રહ્યાં. એમાં જામનગરના સંઘનો એક પ્રસંગ ટાંકુ. પ્રસંગ એ બન્યો કે—યાત્રિકો માટે બપોરે વ્યાખ્યાન કોણ વાંચે ? કેમકે વકતા આચાર્યો ચાર પાંચ જણા હતા. પૂજ્ય સૂરિસમ્રાટે પોતાના તંબુમાં વકતા આચાર્યોને નોતર્યો, સંઘપતિને બોલાવ્યા. દાદા ગુરુ પૂ. આ. શ્રી વિજયમોહનસૂરિજી પણ બેઠા હતા. તેઓશ્રીને પણ કહ્યું, પણ તેઓશ્રીએ પોતાનાથી મોટા વડીલો હતા એટલે તેઓશ્રી અશક્તિ દર્શાવતા રહ્યા. બીજી વાત એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી કે બધા ભેગા હોય ત્યારે કોઈ સામેથી થોડું એમ કહે કે 'જાવ હું વાંચીશ.' છેવટે બધા મૌન રહ્યા એટલે સંઘપતિએ શાસનસમ્રાટશ્રીને કહ્યું કે, હવે 'આપ જ કોઈને આદેશ કરો કે તમારે વાંચવું !' એટલે સૂરિસમ્રાટે સાથીઓનું મન જાણીને આદેશ કર્યો કે અમારા સહુની ઈચ્છા એ છે કે વ્યાખ્યાનની જવાબદારી વિજય મોહન સૂરિજીએ સંભાળી લેવી.

દાદાગુરૂએ કહ્યું કે આપ મોટા બેઠા છો આપ વાંચો એ સારૂં લાગે ! વગેરે કહ્યું પણ બધાય વકતાઓ બોલી ઉઠયા કે આપનું વ્યાખ્યાન સહુને ગમશે, સહુની ભાવના છે માટે ના ન પાડો. પછી પૂ. સૂરિસમ્રાટે આદેશ કર્યો કે હવે તમો ના ન પાડો એટલે સ્વીકાર થયો. આ પ્રસંગ આચાર્યોની સરલતા, ઉદારતા, ગુણ ગ્રાહકતાનો અને સૂરિ-સમ્રાટની યોગ્ય સ્થાને યોગ્યને મુકવાની સૂઝ કેવી હતી તેનો પરિચય આપી જાય છે.

ત્યારપછી સાહિત્ય મંદિરમાં પૂજયશ્રી પ્રાયઃ એકાદ મહિનો રહેલા ત્યારે તો દિવસમાં ત્રણવાર મળતો. રાત્રે હું, બાલમુનિ જયાનંદવિજયજી મારા ગુરુજી અવરનવાર ભક્તિ કરતા, પ્રશ્નો પણ પૂછતા અને પૂજ્યશ્રી ખૂબ આનંદ કરાવતા. આવા ચાર છ રોજ ગયા બાદ મને કહે કે સવારે નવકારશી કયારે કરે છે ? મેં કહ્યું કે આપ કહો, આપનો જે આદેશ હોય તે ફરમાવો. એટલે મને કહે કે સવારે નવકારશી વાપરવા હું બેસું ત્યારે મારી પાસે તારે બેસવું. સામેથી મળતો લાભ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાપુરૂષની મહાકૃપા પછી કોણ વિચાર કરે ? હું રોજ સમયસર હાજર થઈ જતો. તેઓશ્રીના એક સાધુ પણ હાજર રહેતા. મારાથી શક્ય એવી ભક્તિનો પણ લાભ લેતો. રોજ બેસવાનું કારણ જુની સાધુ સમાજની, સંઘાડાની અને બૌદ્ધિક કેટલીક વાતો મારા કાને નાંખવાનો હતો. રોજ કોઈને કોઈ નવી બાતો લાવે જ. પૂ. સ્વ. શ્રી .મૂલચંદજી મહારાજના વખતથી લઇ ઘણી વાતો સાંભળી ઘણું જાણવાનું, શીખવાનું, મળ્યું. બાત કરતાં કરતાં મારા જેવા સામે જોઈ બોલે, એય.... કેમ ? બરાબર મેં કહ્યું ને ?

એક વખત કહે વાર્તાલાપ, ચર્ચા દલીલોની પદ્ધતી આ બધું હું મૂલચંદજી મહારાજ પાસેથી શીખ્યો છું.

તે વખતે મારા અમારા સમુદાયમાં સૂરિસમ્રાટના સહુથી વધુ પ્રીતિ માનપાત્ર મારાં ગુરુદેવ પૂ. યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરિજી મહારાજ હતા.

પૂ. સૂરિસમ્રાટ સાહેબને પૂ. ગુરૂદેવ ઉપર નાની ઉમ્મરથી જ તેઓશ્રીની જ્ઞાન શક્તિ, વિનય, વિવેક, ભક્તિભાવ વગેરે ગુણોના કારણે ખૂબજ વાત્સલ્ય અને લાગણી હતી. એક વાર ગુરૂજીના અભ્યાસની મૌખિક પરીક્ષા પણ લીધેલી અને તેના પ્રત્યુત્તરોથી સૂરિજી ખૂબ જ પ્રભાવિત બનેલા. પછી તો બંને વચ્ચે ઘણી જ આત્મીયતા બંધાયેલી. ગુરૂદેવ પણ સૂરિસમ્રાટ પ્રત્યે અથાગ ભક્તિ —લાગણી, ગુરૂ તુલ્ય ભાવ રાખતા. જ્યારે જ્યારે ભેગા રહેવાનું થતું ત્યારે તે ભક્તિ વગેરેનો સારો લાભ ઉઠાવતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯૯૨ માં જૈન સમાજમાં સંખ્યાબન્ધ આચાર્ય પદવીઓ નક્કી થએલી, ત્યારે તેઓશ્રીએ અમદાવાદના અગ્રણીઓની વિનંતી સાથે પોતાના પરમ ભક્ત શ્રી કુલચંદભાઈ (કારીગર) ને પત્ર સાથે અમદાવાદથી પ્રભાસપાટણ મોટરમાં મોકલ્યા. પત્રમાં પૂ. દાદાગુરુજી ઉપરના પત્રમાં લખેલું કે ધર્મવિજય તમામ રીતે યોગ્ય છે, સમય પણ ઘણો પાકી ગયો છે. આવા અસાધારણ વિદ્વાનને આચાર્યપદ વિના રાખવા હવે જરાયે યોગ્ય નથી માટે અમારા સહુની ભાવના છે કે તેમને આચાર્ય પદ આપવાનો નિર્ણય કરજો. આ વાત વખતે હું પણ હાજર હતો. પણ ગુરૂજીએ હું એ પદવીને લાયક નથી, પદવી લેવાથી ગુરૂભક્તિમાં મને અંતરાય ઊભો થશે વિગેરે કહીને ગળગળા થઈને ભારે મને અસ્વીકાર કરેલો. અને પૂ. સૂરિસમ્રાટ ઉપર ક્ષમા પત્ર લખી માફી માગી લીધી હતી. જો કે સૂરિસમ્રાટને તે વાત જરાએ ગમી ન હતી.

ત્યારપછી સં. ૨૦૦૧માં અમદાવાદ ચોમાસું રહ્યા ત્યારે ચોમાસામાં એક દિવસ પાંજરાપોળ ઉપાશ્રયે ગુરૂજી વંદન કરવા ગયા ત્યારે સૂરિસમ્રાટે ગુરૂજીને આચાર્ય પદવી ન લીધી તે અંગે થોડો પ્રેમથી પુણ્યપ્રકોપ વ્યક્ત કર્યો. હું ત્યારે સાથે જ હતો. લાગણીથી ઠપકો પણ આપ્યો. ગુરૂજીએ બે હાથ જોડી નમ્રભાવે સાંભળી ક્ષમા-યાચના કરી પછી સૂરિસમ્રાટે કહ્યું કે તારે ચોમાસુ ઉતરે આચાર્ય થવું જ પડશે. હવે કશું તારે વિચારવાનું નથી. એય ! ઉદયસૂરિ ! પંચાંગ લાવ. આચાર્ય પદવીનું મુહૂર્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો, મારાં ગુરૂજી તો શું બોલે ? સૂરિસમ્રાટનો આતાપ લાગણીસભર ગર્જના, ગુરુજી તો સ્તબ્ધ જ બની ગયા ગુરુજી ધીરેથી મને કહેવા ગયા કે તમો સમજાવો. પૂજ્યશ્રી જોઈ ગયા એટલા જોરથી બોલ્યા કે તારે કે યશોવિજયએ કશું બોલવાનું નથી. ઉદયસુરિ ! મુરત કાઢ. નંદન અહીં આવે, તમો બંને સારામાં સારૂં મુરત કાઢો. પંચાંગ જોવા માંડયા, સૂરિસમ્રાટની અથાગ લાગણી, સિંહ જેવા દુર્ધર પુરૂષ આગળ શું બોલે ? છેવટે હિંમત કરી બે હાથ જોડી ગુરુશ્રીએ ત્રુટક ત્રુટક વાણીમાં કહ્યું કે આપની મારા પરની લાગણી જોઈ હું શું બોલું ? પણ સાહેબજી આચાર્યપદવી કૃપા કરીને હાલ રહેવા દો, પણ સૂરિસમ્રાટ તો એકદમ જોરથી બોલ્યાઃ આઠ આઠ વરસ નીકળી ગયા, હવે તારૂં કશું સાંભળવા માગતો નથી. એમણે તો મુહુર્ત જોયું અને બીજા દિવસે સંપૂર્ણ રીતે મુહુર્ત કાઢી પ્રતાપસૂરિજીને અને સંઘના આગેવાનોને બોલાવી વધાવવાનું છે વિગરે બોલ્યા.

પૂ. ગુરૂજી મુંગેમોંઢે સાંભળી રહ્યા. પૂ. સૂરિસમ્રાટ કહે હવે તારે ઢીલા થવાનું નથી. પછી બીજા દિવસે દાદા ગુરુ વગરે નાગજી ભૂધરની પોળથી પૂ. સૂરિસમ્રાટ પાસે પહોંચ્યા અને ગુરુજીની આચાર્ય ન થવાની તીવ્ર ઇચ્છા રજૂ કરી બહુ સમજાવ્યા અને વિનંતિ કરી કે હાલ ઉપાધ્યાય પદનું મુહુર્ત જોવાય તો સારૂં એટલે પૂજ્યશ્રીએ લાગણીથી પાછો પુણ્યપ્રકોપ તો ઠાલવ્યો પણ છેવટે ઉપાધ્યાય પદવી નક્કી થઈ અને ચોમાસુ ઉતરે નાગજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભુધરની પોળમાં કાર્તિક વદ ર ના દિવસે તેઓશ્રીના તથા અન્ય પૂ. આચાર્યો તથા મુનિઓની વિશાળ હાજરી અને વિશાળ જનસમૂહ વચ્ચે ધામધૂમથી આપવામાં આવી

પૂ. ગુરૂજીને પોતાના હાથે જ આચાર્યપદવી આપવાની સૂરિસમ્રાટની હાર્દિક ઇચ્છા જે હતી, તે પ્રસંગ ઉભો થાય એ પહેલાં તો સૂરિ સમ્રાટે તો વિદાય લીધી. પણ ગુરૂજીની આચાર્ય પદવીનો પ્રસંગ આવ્યો ત્યારે તેઓશ્રીના પટ્ટધર પરમપૂજ્ય શ્રી ઉદયસૂરિજી મહારાજ પાસેથી સૂરિસમ્રાટનો હસ્તસ્પર્શી વાસક્ષેપ મંગાવી સ્વર્ગસ્થની ભાવનાને બીજી રીતે પૂર્ણ કરી હતી. આ હતી ગુરૂજીની શ્રદ્ધા, લાગણી અને કૃતજ્ઞતા.

આ પ્રમાણે અમારા સંઘાડાના સંબંધોની થોડી વાતો પૂર્ણ કરી.

* * *

પૂ. સૂરિસમ્રાટ તો એક મહાન વિભૂતિ હતા, પ્રાચીન ઋષિ-મહર્ષિઓની યાદ કરાવે તેવા પ્રખર પ્રભાવશાળી, બધુ સદા મગનમે રહેના' જેવું જીવનારા 'આ હતા. વધુ કહું તો તેઓશ્રીનું સમગ્ર જીવન જીવતી જાગતી એક આધ્યાત્મિક સંસ્થા જેવું હતું. અસાધારણ વિદ્વતા, અજોડ સંયમી અને અનોખો પ્રભાવને પાથરનારો આવો પુરુષ બીજો હવે ક્યારે જન્મશે ? એમના જીવનનાં અનેક પાસા હતા. એમના પરિચિત લેખકો તે ઉપર ઘણું લખી શકે.

ઘણાં વરસો બાદ **મુનિપ્રવર શ્રી શીલચંદ્ર વિજયજી**એ પૂ. શાસન સમ્રાટનું ઘણું સુંદર જીવન ચરિત્ર લખ્યું. ત્યાર પછી ઉગતી પેઢીના સાહિત્ય ક્ષેત્રના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંડા અનુભવી, શ્રુતજ્ઞાનના પ્રચાર અને પ્રકાશનો માટે ભારે શ્રમ ઉઠાવનાર સૂરિસમ્રાટના જીવનનું પુસ્તક તૈયાર કરના પાછળ અથાગ અને અવિરત શ્રમ ઉઠાવનાર પ્રવર્તક **મુનિપ્રવર શ્રી નિરંજનવિજયજી મ.** ને પૂ. સૂરિસમ્રાટના વિવિધ પ્રસંગોને સરલ ભાષામાં રજુ કરી સૂરિસમ્રાટના સમગ્ર જીવનને આવરી લેતું ચરિત્ર બહાર પાડવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે. તેઓએ એક વિરાટ–મહાપુરૂષની તેમજ તેમના સંઘાડાની ઉત્તમ સેવા કરી છે.

અને આ નિમિત્તે અમારા પર પરમકૃપા વરસાવનાર પરમકૃપાળુ મહર્ષિના પ્રગટ થતાં પ્રસ્તુત પુસ્તકમાં બે શબ્દો લખવાની જે તક પ્રવર્તક **મુનિપ્રવરશ્રી નિરંજન વિજય મહારાજે** મને પૂરી પાડી અને એ દ્વારા સ્વર્ગસ્થના ગુણાનુવાદ દ્વારા મારા હૃદયને પાવન કરવાની, ઉપકારનું ઋણ અંશે અદા કરવાની, તક મળી તે બદલ મુનિરાજશ્રીનો ખૂબ જ આભાર માનું છું. આમ તો મારે સ્વર્ગસ્થ સૂરિસમ્રાટના સમગ્ર જીવનની ભવ્ય આભા પ્રતિભાનું ચિત્ર રજુ કરવાનું મેં નક્કી કર્યું હતું. પણ સમયનો અભાવ, સ્વાસ્થ્યની પ્રતિકુળતા વચ્ચે ધારણા મુજબ ચિત્ર ઉપજાવી શકાયું નથી તે માટે દિલગીર છું. બાકીનું બધું તો પ્રસ્તુત પુસ્તક જ કહેશે.

વિ. સં. ૨૦૪૨
વૈશાખ શુદિ ત્રીજ અક્ષયતૃતીયા — **યશોદેવસૂરિ**
પાલીતાણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ અર્હં નમઃ

મહુવા મંડન શ્રી જીવિત સ્વામિને નમઃ




# શાસન સમ્રાટ

# શ્રી નેમિ સૌરભ

પ્રેરક અને સંયોજક : પ્રવર્તક મુનિ નિરંજનવિજય

આલેખનાર : શ્રી મફતલાલ એ. સંઘવી

## કિરણ પહેલું.......

સિંહને પણ સલામ કરવાનું મન થાય, એવા નર-સિંહોની આ પ્રતાપી ભૂમિમાંથી સાચા પુરૂષસિંહો ઝડપથી ઓછા થતા જાય છે. ત્યારે નખ-શિખ સિંહવૃત્તિવંત પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય સચ્ચારિત્ર ચૂડામણિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રૌઢ પ્રતાપી આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજની** અદ્ભુત ગૌરવાંકિત મુખમુદ્રા વારંવાર નજર સામે આવે છે અને શાસનભક્તિનું દર્શન કરાવે છે.

શ્રી શત્રુંજય ગિરિરાજની તળેટીમાં ઊભેલો યાત્રાળુ ગિરિરાજની વ્યાપક, ઉન્નત, ગહન, દિવ્ય પ્રતિભાથી પ્રભાવિત થઈને તરત જ મસ્તક ઝુકાવીને પ્રણામ કરી દે છે. તેમ કર્યા સિવાય તે રહી શકતો નથી. તેવી જ વ્યાપક ઉન્નત ગહન અને દિવ્ય પ્રતિભાના સ્વામી શ્રી વિજય નેમિસૂરીશ્વરજીને નિરખતાંવેંત અમે નમી પડતા એવો એકરાર કરનારા અનેક પુણ્યાત્માઓ ગઈ કાલે પણ હતા તેમજ આજે પણ છે, તે એ વાતનું સમર્થન કરે છે કે, પૂજ્ય આચાર્યદેવેશ સાચેજ માનવોમાં મહામાનવ હતા, ઉચ્ચતર આદર્શને સિદ્ધ કરનારા માનવ શ્રેષ્ઠ હતા.

ઊગતા સૂર્યને કોઈ વિશેષણ લગાડો કે ન લગાડો તેનાથી તેના તેજ અને પ્રકાશમાં કોઇ ફેર પડતો નથી, તેમ છતાં ગુણગ્રાહી સજ્જનો તેને વિશેષણ લગાડયા સિવાય રહી શકતા નથી. તે જ રીતે જન્મજાત પ્રતાપવંત પૂજ્ય આચાર્યદેવેશને પણ ગુણગ્રાહી વિવેકીજનો અનેક વિશેષણો વડે નવાજીને ગુણો પ્રત્યેના પોતાના આદરને વ્યક્ત કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણભૂખ્યા ગુણીજનો વડે સમાજ રાષ્ટ્ર અને વિશ્વ શોભે છે. ધન-ધાન્યની ભૂખ તો આ જીવને અનાદિ કાળથી વળગેલી છે. માટે જન્મતાં વેંત બાળક કોઈ જાતના શિક્ષણ સિવાય જ ધાવવા માંડે છે, એટલે ધન-ધાન્ય ભૂખ્યા માનવો વધે છે ત્યારે સમાજ રાષ્ટ્ર અને વિશ્વમાં ગુણનો દુકાળ પડે છે.

આજે આ દેશમાં પણ કંઈક એવીજ ગુણના લગભગ દુકાળ જેવી હાલત પ્રવર્તે છે ત્યારે ગુરુગુણાલંકૃત જીવંત અપ્રમત્તતાના અવધૂત પરમ પૂજ્ય આચાર્યદેવેશના જીવન ચરિત્રનું પઠન પાઠન મનન ચિંતન ખરેખર ગુણભૂખ જગાડનારૂં નીવડશે તેમાં કોઈ સંદેહ નથી.

તળેલા અને બળેલા ચવાણા ખાનારને સાત્ત્વિક અને પૌષ્ટિક ખોરાક એકાએક ન ગમે તે બનવાજોગ છે પણ તેમાં દોષ તે ખોરાકનો નથી. પણ તળેલા પદાર્થો ખાવાની પોતાની રૂચિનો છે. એ રૂચિ જ સાત્વિક ખોરાક તરફની અરૂચિનું કારણ છે.

મતલબ કે સાચી તત્વરૂચિ પ્રગટ કરવી હોય તો કાચી ભૌતિક સુખની ભૂખને પ્રાધાન્ય આપવાનું વલણ બદલવું પડે.

વલણ બદલવાનું કામ અઘરૂં જરૂર છે, પણ અશક્ય નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વાર જો માણસ નિર્ધાર કરે કે 'મારે શ્રેષ્ઠ ગુણયુક્ત જીવન જીવવું છે.' તો તેમાં જરૂર સફળ થાય.

શ્રી જિનશાસનના સર્વ પ્રભાવક મહા પુરુષોનાં પરમ પવિત્ર જીવન એ વાતની સાક્ષી પુરે છે કે જો તમારે ખરેખર મહાન ગુણવાન બનવું હોય તો અહંકાર છોડીને સર્વ ગુણ પ્રકર્ષવાન શ્રી જિનેશ્વરદેવની ભક્તિમાં એકાકાર બની જાઓ.

આવી એકાકારતા કેળવીને જ પૂજ્ય આચાર્યદેવ પ્રાતઃસ્મરણીય પૂજ્ય પુરુષ બન્યા છે. તેમજ વગર અભિષેકે વન સમ્રાટનું પદ ભોગવતા વનરાજની જેમ શાસન સમ્રાટ તરીકે પુજાયા અને પુજાય છે.

માટે તેઓશ્રીનું આ જીવન ચરિત્ર આપણા સમગ્ર મનમાં આત્મ સત્તા સ્થાપવામાં અચૂક સફળ નીવડશે તેવી સચોટ શ્રદ્ધા સાથે અહીં તેમના જીવન પ્રસંગોનું નિરૂપણ કરવાનો દેવ-ગુરુ કૃપાએ નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ઉન્માર્ગે જતા મનને ધર્મમાં સ્થિર કરો.
વાણીના સંયમથી આત્મશાંતિ મળે છે.
મનના સંયમથી આત્માની ઉન્નતિ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ-બીજું........

# જન્મભૂમિની મહત્તા

"રૂડું રૂપાળું ગામ રે. વીર તીર્થનું ધામ રે,
મનગમનું એ ગામ રે, ગૌરવવંતુ નામ રે... રૂડું.
સોરઠના સીમાડે રે, સાગરના ઘેરાવે રે,
પુષ્પોની સુવાસ રે, મીઠા ફળની આશ રે....રૂડું.
મધુપુરી છે નામ રે, મહુવા પણ કે'વાય રે,
કાશ્મીરે સરખાય રે, મીઠા ફળની આશ રે....રૂડું.
વાડીથી સોહાય રે, રમકડે પંકાય રે,
હાથી દાંતનું કામ રે, શીતળી કેરું સ્થાન રે....રૂડું.

ગૌરવવંતુ ધામ એ મહુવા નગર પ્રખ્યાત,
જાવડશા નરરત્નથી હિંદ મહીં વિખ્યાત.
ધર્મ સૂરીશ્વર ત્યાં થયા, જૈન ધર્મ પ્રતિપાલ,
એવા કંઈ મહાપુરૂષોથી નગર બન્યું વિશાલ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માણસે માણસે ફેર હોય છે. તેમ ભૂમિએ ભૂમિએ પણ ફેર છે.

શ્રી રાણકપુરજીની ભૂમિનું વાતાવરણ મુંબઈની ભૂમિમાં નથી. તેમ સૌરાષ્ટ્રની ભૂમિનું વાતાવરણ દેખાતી દુનિયામાં ક્યાંય નથી.

નદીઓ, પર્વતો, ખીણો અને વનો બીજે પણ છે, પણ તેમાં અને સૌરાષ્ટ્રની ભૂમિની નદીઓ, પર્વતો, વનો વગેરેમાં મોટો તફાવત છે. તે તફાવત તે, તે પ્રદેશનું આગવું અધ્યાત્મ રસ પ્રચુર વાતાવરણ છે.

માટે અલ્પ પ્રયત્નોને સાચી અંતર્મુખતા આ પુણ્ય ભૂમિમાં રહીને પ્રાપ્ત કરી શકાય છે. આત્મા સાથે સાચો નાતો બાંધી શકાય છે.


સાગર આ ભૂમિના પગ પખાળે છે. વનશ્રી વડે સમૃદ્ધ આ ભૂમિનાં માનવોમાં શીલા જેવી દૃઢતા છે.

ભાવનગર, નવાનગર, વેરાવળ, દ્વારિકા વગેરે બંદરો વડે શોભતી, આ ભૂમિમાં જ મહુવા બંદર પણ આવેલું છે.

આ બંદરનું પ્રાચીન નામ 'મધુમતી' છે. વર્તમાન કાળે તે મહુવા નામે ઓળખાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



મહુવાનગરનું વિહંગાવલોકન.

મહુવા એટલે સૌરાષ્ટ્રનું કાશ્મીર.

મેં કાશ્મીર પણ જોયું છે. ત્યાં જઈને પણ રહ્યો છું. તેમજ મહુવામાં પણ રહ્યો છું. એટલે કહી શકું છું કે મહુવા કાશ્મીર કરતાં કંઈક વિશેષ છે એ વિશેષતાનું મૂળ તેની ભૂમિમાં તેમજ વાયુમંડળમાં રહેલું છે.

આવી હળહાર પુણ્યભૂમિમાં જન્મ પણ પ્રબળ પુણ્યના ઉદયે મળે છે.

આ પુણ્યધામ મહુવા પર નિસર્ગની અમી દૃષ્ટિ હોવાથી તેની નૈસર્ગિક રમણીયતા તન-મનના થાક-તાપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ને દૂર કરે છે, સાગર તેના ચરણ પખાળે છે એટલે અહીંની આબોહવા સમશીતોષ્ણ છે.

શ્રીફળ અને આમ્રફળ જેવાં ઉત્તમ ફળોના અનેક બગીચાઓ અહિયાં છે.

શ્રી શત્રુંજય મહાતીર્થોદ્ધારક શ્રી જાવડશા આ મહુવાના જ નર-રત્ન હતા.

પરમાર્હત્ મહારાજા કુમારપાળના સંઘમાં શ્રી સિદ્ધગિરિજી, શ્રી ગિરનારજી અને શ્રી પ્રભાસપાટણ એ ત્રણેય મહાતીર્થોમાં સવા ક્રોડ-સવા ક્રોડ સોનૈયાની કિંમતનાં ત્રણ રત્નો ઉછામણીમાં બોલીને તીર્થમાળ પહેરવાનો અણમોલ લહાવો લેનાર શ્રેષ્ઠિ રત્ન શ્રી જગડુશાહ પણ આ મહુવાના જ પનોતા પુત્રરત્ન હતા.

મહાસાગરના અગોચર કોતરમાં પાણી વાળા રત્નો પાકે છે. તેમ આ નગરીમાં અનેક નર રત્નો થઈ ગયા છે.

કેવી સૌભાગ્યશાળી નગરી કે જેમાં શ્રી મહાવીર પરમાત્માના વડીલ બંધુ શ્રી નંદીવર્ધન રાજાએ પ્રભુજીની હયાતીમાં જ નિર્માણ કરાવેલી જીવિતસ્વામિના નામે ઓળખાતી પ્રભુજીની અલૌકિક ભવ્ય મૂર્તિ આ નગરીના મધ્યભાગમાં આવેલા ગગનચુંબી જિનાલયમાં આજે પણ બિરાજે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ ચોથું........

# ઇતિહાસ કહે છે કે :—

ઇતિહાસ કહે છે કે શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગણધર શ્રી કેશી ગણધર મહારાજના શિષ્ય પૂજ્ય આચાર્ય મહારાજા શ્રી સ્વયંપ્રભસૂરીશ્વરજીના ઉપદેશથી ગોહિલ વંશનો મિથ્યાત્વી રાજા સોમલસેન પ્રતિબોધ પામ્યો. તેણે સં. ૨૦૯માં જૈન ધર્મ અંગીકાર કર્યો. જૈન ધર્મની ઉપાસના–આરાધના કરવા લાગ્યો.

પરંપરાએ તેનું પરિવાર ભિન્નમાલ નગરમાં ગયું.

આ પરિવારની પરંપરાનું એક કુટુંબ સંવત ૪૦૦માં પાટણ થઈને કોરડા (રાધનપુર) પાસે આવ્યું અને ત્યાં સ્થાયી બન્યું :

એ કુટુંબના વંશજો સંવત ૧૫૨૫માં જેઠ સુદ ૧૩ના દિવસે કોઠ–ગાંગડ ગામે આવ્યા. ત્યાં એ કુટુંબના વડીલ ત્યાંના રાજદરબારમાં કારભારી નીમાયા. અહીં લગભગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૭૫ વર્ષ ગાળીને એ કુંટુંબના વંશજો સંવત ૧૭૦૬માં મહા સુદ ૧૦ ના દિવસે વઢવાણ શહેર ગયા.

આ કુટુંબના વડીલ અભેચંદભાઈને બે પત્નીઓ હતી. તેમાં પ્રથમ પત્નીને સાત પુત્રો હતા. તે સાતેય કચ્છમાં ગયા. તેમની બીજી પત્નીને બે પુત્રો હતા. એકનું નામ સોમચંદ, બીજાનું નામ હેમચંદ.

હેમચંદને રતનસી નામે પુત્ર થયો. રતનસીને જેવંત, જેવંતને અભેરાજ અને અભેરાજને કડવા નામે પુત્ર થયો. તે કડવા શેઠ પોતાના પરિવાર સાથે વઢવાણથી નીકળી સંવત ૧૭૪૫માં અમરેલી ગયા. ને ત્યાંથી ૧૭૯૨માં મહુવામાં આવ્યા.

કડવા શેઠને બે પુત્રો થયા. એકનું નામ ધનો બીજાનું નામ મનો.

ધના શેઠને વજેચંદ અને નાગજી નામે બે પુત્રો થયા હતા.

વજેચંદને તારાચંદ નામે પુત્ર થયો.

તારાચંદને પદમા, પીતાંબર અને જેઠા નામે ત્રણ પુત્રો થયા.

આ ત્રણમાં મોટા પદમા શેઠ મહુવાના પ્રતિષ્ઠિત અને ધનવાન શ્રેષ્ઠી હોવા સાથે શ્રી સંઘના આગેવાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ હતા. તે સમયે મહુવામાં તેમના નામનો આંકડો (જે અત્યારે બેંકોમાં પૈસાની લેવડદેવડ માટે ચેક ચાલે છે તેવો) ચાલતો એટલી ઊંચી તેમની સાખ હતી તેમજ મહુવાના દહેરાસર, ઉપાશ્રય આદિ ધર્મસ્થાનકોનો વહીવટ પણ તેમના હાથમાં હતો. આજે પણ એ બધાના વહીવટ માટે મહુવામાં તેમના નામની 'શેઠ પદમા તારા'ની પેઢી ચાલે છે.

ધના શેઠના બીજા પુત્ર નાગજીભાઈને કડવા નામે પુત્ર થયો. કડવા શેઠને ખીમચંદ નામે પુત્ર થયો. ખીમચંદને દેવચંદ નામે પુત્ર થયો, દેવચંદભાઈને લક્ષ્મીચંદ નામે પુત્ર રત્ન થયા.

સવારના પહોરમાં મોં જોવા મળે, તો દિવસ આખો ઊજળો જાય એવા પુણ્યવંત શ્રી લક્ષ્મીચંદ ભાઈ હતા.

શ્રી લક્ષ્મીચંદભાઈનો સ્વભાવ સંતોષી, ધર્મનિષ્ઠા ઊંડી, સેવા-પૂજા સામાયિક આદિ તો તેમના નિત્ય-નિયમમાં વણાયેલાં હતાં. પરોપકાર અને કૃતજ્ઞતા તેમના જીવનમાં ઓતપ્રોત હતાં. ધાર્મિક અભ્યાસની તેમની ભૂખ જ્વલંત હતી. દ્રવ્યાનુયોગના તેઓ ઊંડા અભ્યાસી હતા. તેથી આત્મદ્રવ્યના રાગી હતા. માટે આનંદ-ઘન આત્માના ગાયક શ્રી આનંદઘનજી તથા શ્રી દેવચંદ્રજીના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદો તથા સ્તવનોમાં તેમને મધુકરને માલતી પુષ્પ સાથે હોય છે તેવી પ્રીત તેમને હતી. તેમને ઘણા સ્તવનો અને પદો કંઠસ્થ હતા. તેના શુદ્ધ અર્થો પણ સારી રીતે સમજતા.

શ્રી લક્ષ્મીચંદભાઈનું જીવન જેટલું સાત્વિક તેટલું સાદુ હતું. બાહ્ય ભભકો તેમને પસંદ નહોતો તરત આત્મા સાથે મન જોડી શકાય તેવો જીવન વ્યવહાર તેમને ખાસ ગમતો હતો.

ઉચ્ચ ગુણ સંપન્ન શ્રી લક્ષ્મીચંદભાઈના ધર્મ પત્નીનું નામ દિવાળીબેન હતું.

નામ તેવા ગુણ વડે દિવાળીબેન દીપતાં હતાં. શીલ, સંસ્કાર, સરળતા અને મૃદુતાનો પ્રકાશ બધે પાથરતાં હતાં.

પતિ પત્નીનાં જીવન સત્વ સમૃદ્ધ હોવાને કારણે સમાજમાં આદર્શ દંપતી તરીકે વખણાતા હતા.

પાપભીરૂ અને સંતોષી શ્રી લક્ષ્મીચંદભાઇ કલાત્મક પાઘડીઓ બાંધવાનો નિર્દોષ ધંધો કરતા હતા.

પાઘડીઓ બાંધવી એ તે કોઈ ધંધો છે? એવું રખે માનતા!!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



લક્ષ્મીચંદ શેઠની દુકાન

પાઘડીઓ બાંધવી એ એક એવો ધંધો છે તેમાં [illegible]ળા-કસબ પણ રહેલો છે. અને જેમાં પાપ નહિવત્ સેવાય છે. રોજ જરૂરિયાત પૂરતી મળી રહે છે અને અસંતોષરૂપી દુર્ગુણ પેદા થતો નથી.

સાદા, સંતોષી, સાત્ત્વિક જીવનને આવા નિર્દોષ ધંધા સાથે સારો મેળ ખાય છે.

આપણા પુણીઆજી પણ પુણીઓ બનાવવાનો નિર્દોષ ધંધો જ કરતા હતા ને ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંચા ગજાના ઊંચા આત્માઓને આપણે આપણી ટુંકી બુદ્ધિના ગજ વડે ન માપતા તેમના જીવનમાં ઝળહળતા ગુણો વડે માપતાં થઈએ તો તેમને અન્યાય ન થાય અને આપણા જીવનમાં પણ ગુણરૂચિ પ્રગટે.

સેવા પૂજા સ્વાધ્યાય આદિ વડે ચિત્તને વાસિત કરીને શ્રી લક્ષ્મીચંદભાઈ દુકાને જતા, પાઘડીઓ બાંધતાં અને સમયસર ઘેર પાછા ફરતા.

ધર્મશૂરા શેઠનો ધંધો પણ સારો ચાલતો હતો. ધનને નીતિના ગરણે ગળીને સ્વીકારવામાં શ્રી લક્ષ્મીચંદ ભાઈ એક્કા હતા. પેટમાં પાપનો પૈસો ન પડી જાય તેની ખાસ ચિવટ હંમેશાં રાખતા હતા.



કિરણ ચોથું........

# કુંભ લગનકા પુત

કાળે કાળે પ્રજાના જીવનમાં ભરતી ઓટ આવે છે તેમ ધર્મના પ્રવાહમાં પણ ભરતી ઓટ આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિક્રમની ૧૯મી શતાબ્દિમાં યતિઓના જોરના કારણે તપ-ત્યાગ અને સંયમપ્રધાન જૈનધર્મમાં ઓટ આવી હતી, બહુશ્રુત મુનિરાજો બહુ ઓછા હતા.

પણ વિક્રમની ૨૦મી શતાબ્દિમાં જયવંતા શ્રી જિનશાસનના ગગનમાં શ્રી બુટેરાયજી મહારાજ, શ્રી મૂળચંદજી મહારાજ, શ્રી વૃદ્ધિચંદજી મહારાજ આદિ તેજસ્વી તારકો પ્રકાશી ઊઠતાં શાસનનો ઉષઃકાળ પુનઃ પ્રગટચો હતો. યતિઓરૂપી દીવડા નિસ્તેજ બની ગયા હતા.

આવા સરસ સમયમાં ભાવિક આત્માઓને કાંઈક વધુ સારા ભાવિનો અણસાર થઈ રહ્યો હતો.

શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણકની આરાધના કરીને ઉલ્લસિત થયેલા અનેક પુણ્યાત્માઓ શ્રી મહાવીર પ્રભુના જિનાલયમાં જઈને "વીર-વીર કહી વલવલે ગોયમ ગુણ ભંડાર" પદનો ઉચ્ચાર કરીને પોતાના મનમાં શ્રી મહાવીર સ્વામીજીને પ્રતિષ્ઠિત કરતા હતા. નખ-શીખ શ્રી જિન ભક્તિનો વાઘો ઓઢીને "તવ તે વરિયા કેવળ નાણ" પદમાં ઓતપ્રોત થઈ રહ્યા હતા.

તે સમયે શ્રી લક્ષ્મીચંદભાઈના ધર્મપત્ની શ્રી દિવાળીબેને નૂતન-પ્રભાકરને જન્મ આપ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વાકાશે પ્રગટેલા પ્રભાકરે પણ તેમને પ્રણામ કર્યા. તે દિવસ હતો વિ. સં. ૧૯૨૯ના કારતક સુદ ' ૧'નો.

આમ નવા વર્ષે, વિશ્વને આત્માનું જોમ પીરસનારા તેજસ્વી બાલ-રવિની ભેટ આપી.



લક્ષ્મીચંદ શેઠને ત્યાં પુત્રજન્મ

શ્રી જિનશાસન એવું અલબેલું અને અગ્રામોપકારી છે કે તે કાળે-કાળે અધર્મના અંધકારને દૂર કરનારા તેજસ્વી ધર્મ-તારકોની વિશ્વને ભેટ આપે જ છે.

પુત્ર જન્મની વધાઇ આપનારનું મોં મીઠું કરાવીને શ્રી લક્ષ્મીચંદભાઈએ શ્રી નવકારના સ્મરણ વડે પોતાનું મન મીઠું કર્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી લક્ષ્મીચંદભાઈનું ઘર તે દિવસે 'ઉલ્લાસ સદન' બની ગયું. અનેક સ્વજનો અને સગા વહાલાઓના મોંમા એક જ વાત હતી. 'લક્ષ્મીચંદભાઈ તમે બડભાગી છો....'

"વર્ષ ઓગણીસે ઓગણીત્રીસે, કારતક સુદનો દિન,
લક્ષ્મીચંદભાઈ પત્ની દીવાળી, બન્ને ધર્મ પરાયણ,
વીસાશ્રીમાળી જ્ઞાતે દોસી કુટુંબ, હર્ષ તણો નહિ પાર
નૂતન વર્ષના નવલા દિને, જનમ્યા એક કુમાર,
લાડીલા એ બાળનું, રાખ્યું નેમચંદ નામ,
ઉત્સવ એનો ઉજવે, ભેળું થઈને ગામ....
ભેળું થઈને ગામ."

જન્મતાની સાથે જે આવો હર્ષ જન હૃદયમાં જન્માવી રહ્યો છે, તે પુત્ર-રત્નનું જીવન કેવું હશે તે જાણવાની ઈન્તેજારી શ્રી લક્ષ્મીચંદભાઈને થઈ.

એટલે તેમણે પોતાના પુત્ર-રત્નના જન્માક્ષર કઢાવવાનો નિર્ણય કર્યો.

તે સમયે મહુવામાં શ્રી વિષ્ણુભટ્ટ નામે વિદ્વાન જ્યોતિષી રહેતા હતા. ગ્રહોનું ચોક્કસ ગણિત મેળવીને જન્માક્ષર બનાવવામાં તેઓ કુશળ હતા. એટલે શ્રી લક્ષ્મીચંદભાઈ તેમની પાસે ગયા. અને પોતાના નવજાત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્ર-રત્નના જન્મનું સ્થળ સમય વગેરે જણાવીને જન્માક્ષર કાઢી આપવાનું કહ્યું.

ભટ્ટજીએ પંચાંગ હાથમાં લીધું. વિ. સં. ૧૯૨૯ ના કારતક સુદ ૧ ના ગ્રહો જોવા માંડયા. પુત્રરત્નશ્રીના જન્મનો સમય ટાંકીને તે સમયે જે ગ્રહો જે સ્થિતિમાં હતા તેની નોંધ કરી. કયો ગ્રહ કયા ઘરમાં છે અને તે જાતક માટે શું સૂચવે છે તેનો ઝીણવટભર્યો અભ્યાસ ચિંતવન શરૂ કર્યો.

એક કલાકના અભ્યાસ પછી ભટ્ટજી ઊંડા વિચારમાં લીન થઈ ગયા.



શ્રી લક્ષ્મીચંદભાઈ જ્યોતિષી સાથે વાર્તાલાપ કરતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભટ્ટજીને વિચારમગ્ન જોઈને લક્ષ્મીચંદભાઈએ કહ્યું, 'આપ શા વિચારમાં છો? શું ગ્રહો બરાબર નથી? જે હોય તે કહી દો. હું નિરાશ નહિ થાઉં.'

જવાબમાં ભટ્ટજી બોલ્યા: 'લક્ષ્મીચંદભાઈ હું તો તમારા ભાગ્યનો વિચાર કરું છું.'

'તો શું મારા ભાગ્યમાં કોઈ ખામી છે?' શેઠે પૂછ્યું.

'ખામીની તો વાત જ જવા દો લક્ષ્મીચંદભાઈ! હવે તો એમ જ પૂછો કે–મારા જેવો ભાગ્યવાન બીજો કોણ છે? તમને તો આ રતન સાંપડ્યું છે, રતન.'

'ભટ્ટજી! તમારા મોંમા ગોળ–સાકર. પણ જરા વિગતે વાત કરો તો મારા મનને વધુ આનંદ થાય.' લક્ષ્મીચંદભાઈએ પૂછ્યું.

વાત એમ છે કે, 'તમારા પુત્ર રત્નનું જન્મ–લગ્ન–કુંભલગ્ન છે. જે વ્યક્તિનું લગ્ન કુંભલગ્ન હોય, તે વ્યક્તિ–સર્વોચ્ચ ધર્મધુરંધર સાધુ પુરુષ થાય એમ અમારું જ્યોતિષશાસ્ત્ર કહે છે. 'કુંભ લગ્નકા પૂત, પૂત હોતા હે બડા અવધૂત.' એમાં કોઈ શક નથી.

ભટ્ટજી! તો–તો સોનામાં સુગંધ મળ્યા જેવું થાય. મારો પુત્ર સાધુ થઈને સંસારમાં ધર્મની પ્રભાવના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે એથી વધુ રૂડું બીજું શું હોઈ શકે ?' શ્રી લક્ષ્મીચંદભાઈ પ્રસન્ન ચિત્તે બોલ્યા.

પછી ભટ્ટજીને દક્ષિણા આપીને શ્રી લક્ષ્મીચંદભાઇ હર્ષભીના હૈયે ઘેર પાછા ફર્યા. પુત્રની જન્મકુંડળીને સાચવીને પેટીમાં મૂકી.

"નાનું મજાનું બાળ,
લાડકવાયું બાળ........નાનું મજાનું બાળ.

બાળ નાનેરૂં હેતે ઉછરે, આનંદ સૌને દેતું
નાની શી એ પગલી પાડે, વાતો કાલી કરતું.
મુખથી ઝરતી લાળ
નાનું મજાનું બાળ.

કદી પડતું, કદી ઉઠતું, કદી હસતું, કદી રડતું,
જીવનની આ રંગભૂમિ પર, અભિનય ઝાઝા કરતું,
ઝીલતું સૌનું વહાલ,
નાનું મઝાનું બાળ.

પુષ્પ ખીલે જેમ ઉપવનમાં, ચંદ્ર વધે આકાશે,
નાનકડું આ બાળ વધતું, જાય દિવસ ને રાતે,
(ને) વહેતું જાયે કાળ.
નાનું મજાનું બાળ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ પાંચમું

# વિદ્યા ભૂખ્યા શ્રી નેમચંદભાઈ

શ્રી લક્ષ્મીચંદભાઈના ઘરમાં ઉમંગ ઉમંગ છવાઈ ગયો. શ્રી દિવાળીબેનના હર્ષનો પાર નથી.

શુભ દિવસે સગાં—સ્નેહીઓને બોલાવીને શ્રી લક્ષ્મીચંદભાઈએ પોતાના પુત્ર રત્નની જન્મરાશિ. વૃશ્ચિક રાશિ અનુસાર. તેનું નામ '**નેમચંદ**' પાડ્યું.

કેટલીક વાર નામ પણ ભાવિ શુભને સૂચવનાર નીવડે છે એવું જ શુભ ભાવિ સૂચક આ 'નેમચંદ' નામ પણ છે પરમાત્મા ચન્દ્રને ભેટવાની શ્રેષ્ઠ નેમ આ સૂચવે છે.

માતાના વાત્સલ્ય અને પિતાના સંસ્કાર ઉભય વડે બાળ નેમચંદના સ્થૂળ અને સૂક્ષ્મ જીવનનું ઘડતર થવા માંડ્યું.

વાતે વાતે કજીઆ કરવાનો કે ઘરમાં ઢોળ-ફોડ કરવાનો કુસંસ્કાર બાળ નેમચંદમાં હતો નહિ. તેથી ઘરમાં સર્વના અખૂટ વહાલના અધિકારી બન્યો હતો.

શ્રી નેમચંદભાઈને પ્રભુદાસભાઈ તથા બાલચંદ ભાઈ નામે બે ભાઈઓ તથા જબકબેન, સંતોકબેન અને મણીબેન એ ત્રણ બહેનો હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતાપી આત્માઓને વચનો પ્રતિબંધ નડતો નથી તે હકીકતનો પાંચ વર્ષના ભાઈ નેમચંદને નિરખતાંની સાથે અનેક જનો પુનરોચ્ચાર કરતા હતા.

સિંહ જેવું માથું, વેધક દૃષ્ટિ, દૃઢ નિર્ધારને પાર પાડવાની આગાહી કરતું તિખું નાક, સુદીર્ઘ બાહુ મક્કમ ચાલ. ખાણી પાણીની કે તુચ્છ વાતોમાં નહિંવત્ રસ.

આવા તેજસ્વી પુત્રને શુભ મુહૂર્તે શ્રી લક્ષ્મીચંદ ભાઈએ ગોળ–ધાણા વધાવી, તિલક કરી. શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરી–કરાવીને ગામઠી શાળામાં ભણવા.



નેમચંદને નિશાળે બેસાડવા લઈ જતાનો પ્રસંગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બેસાડયો. તે દિવસે શાળાના આચાર્યનું તેમણે બહુમાન કર્યું તેમજ બાળકોને પણ ગોળ ધાણા વહેંચ્યા.

શાળાની દિવાલ પર રહેલી સરસ્વતી દેવીની છબિ આગળ પ્રાર્થના કરી, આચાર્યને પ્રણામ કરી તેમના આશીર્વાદ લઈ શ્રી નેમચંદભાઈએ ભણવાનો શુભ પ્રારંભ કર્યો. તે કાળમાં વિદ્યાર્થીઓ શિક્ષકને સાચા અર્થમાં ગુરૂ માનીને તેમનો વિનય કરતા, તેમની આજ્ઞા પાળતા. અને શિક્ષક પણ પોતાના શિષ્યોને વહાલપૂર્વક ભણાવતા તે ભણતર પણ એવું રહેતું કે જે વિદ્યાર્થીના સમગ્ર જીવનનું સાચું ઘડતર કરતું. તેના જીવનમાં શીલ, સદાચાર, શૂરવીરતા નીતિ અને ઉદારતા વગેરે ગુણોનું સિંચન કરતું.

જે ગામઠી શાળામાં શ્રી નેમચંદભાઈ ભણતા હતા તે શાળાના આચાર્યનું નામ શ્રી મયાચંદભાઈ લિંબોળી હતું. શ્રી મયાચંદભાઈ વિદ્યાર્થીઓને એકડે એક ઘુંટાવતા જાય અને સાથે 'રાખો પ્રભુમાં ટેક' નો પાઠ પણ પાકો કરાવતા જાય.

'કમળ'નો 'ક' ઘુંટાવતી વખતે કમળના ગુણો વર્ણન અને વિદ્યાર્થીઓને નિર્લેપ જીવન કોને કહે તે દાખલા આપીને સમજાવે.

વિનય ગુણ વડે આચાર્યના હૃદયમાં સ્થાન પામીને શ્રી નેમચંદ થોડા દિવસમાં કક્કો–બારખડી–આંક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પલાખાં વગેરે ભણી ગયા. કિશોર નેમચંદની તીવ્ર સ્મરણ શક્તિ જોઈને શ્રી મયાચંદભાઈ પણ પ્રભાવિત થયા. તેમણે શ્રી લક્ષ્મીચંદભાઈને બોલાવીને કહ્યું કે 'આપના પુત્રમાં ગજબની અધ્યયન શક્તિ છે. તેની જ્ઞાન ભૂખ જોઈ હું નવાઈ પામ્યો છું.' મારાથી બનતું પાયાનું શિક્ષણ મેં તેને આપ્યું છે. હવે આપ તેને આગળ ભણાવવાનો પ્રબંધ કરો.'

એટલે શ્રી લક્ષ્મીચંદભાઈએ પોતાના તેજસ્વી પુત્ર રત્નની શ્રી હરિશંકરભાઈ માસ્તરની નિશાળમાં



શ્રી હરિશંકરભાઈની શાળામાં ભણતા નેમચંદભાઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓગળ ભણુવા બેસાડયા. તે કાળે મહુવાંમાં શ્રી હરિશંકરભાઈની ગણુના શ્રેષ્ઠ શિક્ષકોમાં થતી હતી. તેમજ મહુવાની નામાંકિત વ્યક્તિઓએ સરસ્વતીની પહેલી ઉપાસના તેમની પાસે જ કરેલી.

યોગ્ય શિક્ષક અને યોગ્ય શિષ્ય બેનો સુયોગ થાય એટલે પૂછવું જ શું ? ભણાવવામાં કુશળ શ્રી હરિશંકર ભાઈ ભણવામાં કુશળ શ્રી નેમચંદભાઈ દિલ દઈને ભણવા લાગ્યા. જેઠ માસની તરસી ભૂમિ અષાઢી મેઘના બધા પાણીને હજમ કરી લે છે તેમ જ્ઞાન તરસ્યા શ્રી નેમચંદભાઈ પણ શ્રી હરિશંકરભાઈ જે કાંઈ શિક્ષણ આપતા, તે ઝડપથી ગ્રહણ કરી લેતા હતા. ગણત્રીના વર્ષોમાં શ્રી નેમચંદભાઇએ ગુજરાતી સાત ચોપડી સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી લીધું.

શ્રી નેમચંદભાઈની ભણવાની ધગશ જોઈને શ્રી લક્ષ્મીચંદભાઈએ તેમને ભાવનગર રાજ્ય તરફથી ચાલતી અંગ્રેજી શાળામાં ભણવા મોકલ્યા.

આ શાળાના શિક્ષક શ્રી પીતાંબરભાઈ અંગ્રેજી ભણાવવામાં હોંશિયાર ગણાતા હતા. ભાષાઓ જેટલી વધુ ભણાય તેટલી ભણવી જોઈએ એવું ઉદાર વલણ શ્રી નેમચંદભાઈ મનમાં ધરાવતા હતા. કોઈ પણ ભાષા તરફનો પૂર્વગ્રહ જ્ઞાનાંતરાયમાં પરિણમે છે. એ શાસ્ત્ર સત્ય આ રીતે શરૂથી જ તેમના મનમાં સ્થિર બની ગયું હતું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાઈશ્રી નેમચંદને બાળપણથી સંસ્કૃત ભણવાની રુચિ હતી. તેથી મોનજીભાઈ જોષી નામે વિદ્વાન વિપ્રવર્ય પાસે 'સારસ્વત વ્યાકરણ ભણ્યાં હતાં.' તેમજ ત્રણ અંગ્રેજી ચોપડી ભણીને ૧૪ વર્ષની વયે શ્રી નેમચંદભાઈએ વ્યવહારિક શિક્ષણ પૂરું કર્યું. પણ ધાર્મિક શિક્ષણથીજ જીવનનો સાચો અર્થ પૂરેપૂરો સમજાય તેમજ આદર્શ જીવન જીવી શકાય. એવી સમજ ધરાવતા શ્રી નેમચંદ ભાઇએ હવે ખપ પુરતું તો ધાર્મિક જ્ઞાન મેળવ્યું હતું. હવે વધુ ધાર્મિક અભ્યાસની લગની લાગી.

પણ શ્રી લક્ષ્મીચંદભાઈની ઈચ્છા. તેમને ધંધામાં જોડવાની હતી. પિતાની ઈચ્છાને માન આપીને વિનયી શ્રી નેમચંદભાઈ 'શ્રી કરશન કમા'ની પેઢીમાં વ્યાપારની તાલીમ લેવા મૂકયા.

નિડરતા અને સાહસ એમને બચપણથી જ વરેલા હતા, એટલે જ સાહસવૃત્તિ પોષાય એટલે સટ્ટાના વેપારીને ત્યાં રહ્યા. કુશાગ્ર બુદ્ધિના કારણે શ્રી નેમચંદ ભાઈ ધંધાની આંટીઘુંટીઓ થોડા સમયમાં સમજી ગયા પણ તેમનું મન ધંધામાં ન લાગ્યું.

જે વ્યક્તિના મનમાં બચપણથી ધર્મના ઉંડા સંસ્કાર બરાબર સિંચાઈ જાય છે. તે વ્યક્તિ પ્રાયઃ ધર્મ વ્યાપારમાં જ પ્રવિણ બનીને સ્વપર–કલ્યાણકારી જીવન જીવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંસ્કૃત ભાષાના શાસ્ત્રીય ગ્રન્થોનું અધ્યયન કરવાથી જીવનનું બરાબર અધ્યયન કરવાની ક્ષમતા વધે છે, એ વાત શ્રી નેમચંદભાઈના મનમાં બચપણથી જ વસી ગઈ હતી એટલે તેમણે પોતાના પિતાજીને કહ્યું કે 'વ્યાપારમાં મને મઝા નથી આવતી. મારું મન વધુ ધાર્મિક અભ્યાસ કરવા તરફ જ રહે છે તો આપ મને તેની સગવડ કરી આપો.'

૧૫-૧૬ વર્ષની વય એ ધંધો કરીને ધન રળવાની વય ન ગણાય. એવું સમજતા શ્રી લક્ષ્મીચંદભાઈ પોતાના પુત્રને કહ્યું 'સંસ્કૃત અને ધાર્મિક અભ્યાસ માટે તારે ભાવનગર જવું પડશે. અહીં તેવી સગવડ નથી. જ્યારે ત્યાં હાલમાં પરમ પૂજ્ય શાન્ત મૂર્તિ પૂજ્ય ગુરૂ મહારાજ શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબ બિરાજે છે તેઓ શ્રી તને સારી રીતે ધાર્મિક અભ્યાસ કરાવશે તેમજ સંસ્કૃત પણ ભણાવશે.

શાસ્ત્રાભ્યાસ કરવાનો અપાર ઉત્સાહ ધરાવતા શ્રી નેમચંદભાઈએ ભાવનગર જવાની હા પાડી, એટલે તેમના પિતાશ્રીએ પૂ. ગુરૂદેવને પત્ર લખીને સંમતિ મંગાવી. તેઓશ્રી તરફથી હાકારાત્મક જવાબ આવી ગયો એટલે શ્રી નેમચંદભાઈ માતા-પિતાના શુભાશિષ લઈને ભાવનગર જવા રવાના થયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ છઠ્ઠું

# વેધક વૈરાગ્યનું બીજ

અપૂર્વ ઉલ્લાસ સાથે શ્રી નેમચંદભાઈએ. એક નવા જ આધ્યાત્મિક વાતાવરણમાં પ્રવેશ કર્યો.

ઉપાશ્રયમાં દાખલ થઈને જૈનકુલના સંતાનને છાજતા સંસ્કાર મુજબ શ્રી નેમચંદભાઈએ પૂજ્ય શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબને ભાવપૂર્વક વંદન કર્યા.

ગુરૂદેવશ્રીએ ધર્મલાભ આપીને પૂછ્યું, 'કોણ ભાઈ ?'

બે હાથ જોડીને નેમચંદભાઈ બોલ્યા, 'સાહેબજી ! હું મહુવાના શ્રી લક્ષ્મીચંદભાઈનો પુત્ર–મારૂં નામ નેમચંદ. આપની પાસે ભણવા માટે આવ્યો છું.'

'આ ઉંમરે ધાર્મિક અભ્યાસ માટે તું ઘર છોડીને અહીં આવ્યો તે જાણીને મને આનંદ થાય છે. ખુશીથી અહીં રહે અને અભ્યાસમાં આગળ વધ.'

પૂજ્ય ગુરૂદેવશ્રીના વચનોથી અધિક પ્રોત્સાહિત થઈને શ્રી નેમચંદભાઈએ અભ્યાસ શરૂ કર્યો. પોતે જમવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે શ્રી-જસરાજભાઈને ત્યાં જતા અને તે સિવાયનો બધો સમય ઉપાશ્રયમાં રહીને અભ્યાસ કરતા. પૂ. ગુરુદેવની તેમજ અન્ય પૂ મુનિવર્યોની સેવા પણ કરતા.




પૂજ્ય ગુરૂદેવ પાસે પાઠ લેતા શ્રી નેમચંદભાઈ

તાત્વિક અભ્યાસ જેમ જેમ વધતો ગયો. તેમતેમ તત્વરસિક શ્રી નેમચંદભાઈનું તત્વચિંતન વધતું ગયું. દિવસો ઉપર દિવસો પસાર થતા ગયા.

ચાંદની જેવા ચોખ્ખા ચિત્તમાં ચાલતા આ તત્વ ચિંતને ઉપાશ્રયના શાન્ત વાતાવરણે શ્રી નેમચંદભાઈના સમગ્ર જીવનમાં વૈરાગ્યની પ્રભા ફેલાવવા માંડી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક રાતે અંધકારને ચીરતા પ્રકાશ જેવો તેજસ્વી વિચાર નર-રત્ન શ્રી નેમચંદભાઈના ચોખ્ખા ચિત્તમાં સ્ફુર્યો: "એમ કે આ અભ્યાસ હું શા માટે કરૂં છું? જો આ બધા અભ્યાસ પછી પણ સંસાર-શેરીની ધુળમાં આળોટવાનું જ હોય તો તેનો કોઈ અર્થ ન સરે. સંયોગ-વિયોગાત્મક સંસારમાં જીવને પવનમાં હાલતા પાંદડાની જેમ અસ્થિર જ રહેવું પડે છે, એમ મેં વાંચેલાં શાસ્ત્રો કહે છે અને શાસ્ત્રનાં તે વાક્યો મને સાવ સાચ્ચાં લાગે છે, એટલે મારે મારા શાસ્ત્રાભ્યાસને સાર્થક કરવા માટે શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલા સર્વ પાપ વ્યાપારોના ત્રિવિધ ત્યાગનો માર્ગ અંગીકાર કરવો જોઈએ. તો જ મારો જન્મ સફળ થાય, ભણતર લેખે લાગે જીવન સાર્થક થાય. જન્મવું-રળવું-ખાવું પીવું અને પછી ઉંઘી જવું-એ કામ તો પશુઓ પણ કરે છે. જો શાસ્ત્રો ભણીને પણ હું એજ કાર્યો કરૂં તો-તો મારો ભવ એળે જાય. એટલું જ નહિ. પરંતુ મારો આત્મા અધિક કર્મગ્રસ્ત થાય, હું વિશ્વના જીવોનો વધુ દેવાદાર બનું. એવું જીવન હવે મને મંજુર નથી. પણ મંજુર છે સર્વ વિરતિપણું ગુરૂની આજ્ઞામાં રહીને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું ત્રિવિધે ત્રિવિધે પાલન કરવાના મારા મનોરથને હું સફળ કરીને જ રહીશ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ લગભગ સાડા પંદર વર્ષની વયે શ્રી નેમચંદભાઈના મનમાં સર્વ વિરતિ પણાની ભાવનાનું ઉત્તમ બીજ રોપાઈ ગયું હતું.

ઉત્તમ ભૂમિમાં વાવેલા ઉત્તમ બીજને પણ અંકુરિત થવા માટે પાણી-પવન-પ્રકાશ વગેરેની જરૂર પડે છે, તે જાણતા મુમુક્ષુ શ્રી નેમચંદભાઈ ગુરૂ-વાણીના પાણી, સ્વાધ્યાયના પવન અને તપ-જપના પ્રકાશ વડે સંયમની ભાવનાના બીજને વધુ સુદૃઢ બનાવવા માંડયા.

આત્માના સ્વભાવનો અભ્યાસ વધતાં તત્વપિપાસુ શ્રી નેમચંદભાઈને લાગ્યું કે, માતા પિતા, ભાઈ-બહેન તેમજ ગણુત્રીના કુટુંબીજનોને 'મારાં' માનીને રંક જીવનમાં હવે મને રસ પડે તેમ નથી, હવે મને સરસ લાગે છે. છ કાય જીવ સાથેની સાચી મૈત્રીવાળું જીવન માટે મારે વહેલી તકે તેવું સરસ જીવન સ્વીકારી લેવું જોઈએ.

આ અરસામાં મહુવાથી તેમના પૂજ્ય પિતાશ્રીની ચિઠ્ઠી આવી કે 'તારા દાદીમાં સ્વર્ગવાસી થયાં છે.'

આ સમાચાર વાંચીને શ્રી નેમચંદભાઈએ વિચાર્યું કે 'સંયોગ તેનો વિયોગ થવાનો જ છે.'

આત્માના ગુણો સાથે ગેલ કરતા શ્રી નેમચંદભાઈએ જવાબમાં લખ્યું કે, 'દાદીમાને વહાલી જિનભક્તિમાં જીવ પરોવાવવાં એજ તેમનું સાચું કારજ છે. કર્મજનિત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ સંબંધોને ધર્મના ચરણમાં સમર્પિત કરવાનો આપણે પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ.'

પોતાના વહાલાસોયા પુત્ર-રત્નનો આ પત્ર વાંચીને પિતા શ્રી લક્ષ્મીચંદભાઇ ચોંકી ઉઠયા. પોતે ધર્મનિષ્ઠ અને સમજુ હોવા છતાં પુત્ર તરફના મમતાને ખાળી ન શકયા. અને તેમણે તરત જ પત્ર લખ્યો કે, 'મારી તબીયત સારી નથી. માટે તરત ઘેર આવી જા.'

પિતાની માંદગીનો પત્ર વાંચીને શ્રી નેમચંદભાઈ ગુરુની આજ્ઞા લઈને ભાવનગરથી મહુવા પાછા ફર્યા.

ઘેર પહોંચીને જોયું તો પિતાજી સાજાતાજા છે પિતાજીને પ્રણામ કરીને પૂછયું કે, 'મને એકાએક કેમ બોલાવ્યો ?'

'તને જોયાને ઘણા દિવસ થયા હતા, એટલે મારી માંદગીના સમાચાર લખીને બોલાવ્યો. તારી દાદીમાના સ્વર્ગવાસના સમાચાર વાંચીને પણ તું આવ્યો નહીં, એટલે મારે તને બોલાવવા માટે મારી માંદગીના ખોટા સમાચાર લખવા પડયા.'

પિતાનો આ ખુલાસો પ્રજ્ઞાવંત પુત્રને અનેક રીતે ખુંચ્યો. છતાં એક શબ્દ પણ બોલ્યા સિવાય તેમણે મૌન સાચવ્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ દીક્ષાભિલાષી શ્રી નેમચંદભાઈને એવી હકીકત સમજાઈ ગઈ કે મારા પૂજ્ય પિતાશ્રીને જે મમત્વ મારા ઉપર છે, તે મારા દીક્ષામાર્ગમાં નડયા સિવાય રહે નહી.

એટલે તેમણે ઘરમાં એ રીતે રહેવા માંડયું, જે રીતે જળમાં કમળ રહે છે. સાંસારિક વાતોમાં રસ લેવાનું બંધ કર્યું. બોલે પણ ખપ પુરતું જ, જમે ખરા પણ, જીવ દીક્ષામાં રહે, પથારી પણ કરડે, એટલે જમીન પર કાંબળો પાથરીને આડા પડે: આંખો બંધ કરે એટલે ચૌદ રાજલોકની આકૃતિ નજર સામે આવે, લોકાગ્રે રહેલી સિદ્ધ–શિલાનો ભાવ–સ્પર્શ અનુભવે, લોકમાં રહેલા કર્મગ્રસ્ત જીવોની યાતનાઓ સ્પષ્ટ વંચાય.

તેમની સમગ્ર રહેણી કરણીમાં આવેલું આ પરિવર્તન જોઈને તેમના પૂજ્ય પિતાશ્રીએ કહ્યું. "છેવટે તારે ઘરનો ભાર સંભાળવાનો છે, માટે હવે તેમાં ધ્યાન આપ."

સ્વાર્થના ઘરની આ વાત, વિશ્વના જીવોની વહારે ધાવા માટે જન્મેલા શ્રી નેમચંદભાઈને જરા પણ ન ગમી.

વનકેસરીને કોઈ પાંજરામાં ક્યાં સુધી રાખી શકે ?

આ નિમિત્તે એવી સિંહવૃત્તિ શ્રી નેમચંદભાઈમાં જાગી ઊઠી. હતા તો સત્ત્વસંપન્ન, તેવાં સત્ત્વને પડકાર થયો, પછી પૂછવું જ શું ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે તેમણે દીક્ષા લેવાનો પોતાનો નિર્ધાર નિર્ભયપણે ઘરમાં જાહેર કરી દીધો.

મોહ-માયા-મમતાના વાઘા ઓઢીને ફરનારા સંસારી જીવોને ભાગવતી દીક્ષાનું વિશ્વોપકારી માહાત્મ્ય ન સમજાય તે બનવાજોગ છે, પણ જેઓને સંસાર-સ્વરૂપની અસ્થિરતા, ભયંકરતા, નપાવટતા, બરાબર સમજાઈ જાય છે, તેઓ તો પોતાની જનેતાનાં ખોળે ખેલવા માટે ઉત્સુક બાળકની જેમ અષ્ટપ્રવચન માતાના ખોળે ખેલવા દોડી જાય છે.

એક વખત પોતાના બાળમિત્રો સાથે વાત કરતા શ્રી નેમચંદભાઈ બોલ્યા: "આ સંસાર શું છે? આ સંસાર તો અસાર છે; દીક્ષા લઈને આત્મકલ્યાણ કરવું એજ સાચું સુખ છે." આ વાત તેમની નાની બહેન સાંભળી ગઈ, ને તેણે ઘરે જઈને પિતાજીને વાત કરી. એટલે થઈ રહ્યું, તેમના ઉપર દેખરેખ વધી ગઈ.

આર્યક્ષેત્ર–આર્યકુળની મહત્તા આટલા માટે જ જ્ઞાની ભગવંતોએ ફરમાવી છે કે, 'આ માનવ જન્મમાં જ આત્મામાંથી પરમાત્મા સ્વરૂપ બનાવી શકાય તેવી ક્ષમતા રહેલી છે.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ સાતમું...........

# કસોટીનો પ્રસંગ

જેના સંતાન બનવાથી અનેક માતાઓ કરવાનું જીવનું મેણું ટળે છે એવી, નખ–શિખ જીવ–વાત્સલ્યવંત જે માતા છે, તેનું નામ અષ્ટપ્રવચન માતા છે.

સાચા આત્મ ચાહક શ્રી નેમચંદભાઈનો જોમ અને જુસ્સો મમતાની રેશમી જાળ તોડીને હવે દિવાળી માતાની કુખને દીપાવવા ચરમ શિખરે પહોંચ્યો હતો.

પિતા શ્રી લક્ષ્મીચંદભાઈ દીક્ષાના વિરોધી ન હતા, પણ પ્રશંસક હતા; છતાં પુત્ર પ્રત્યેની મમતા વડે એવા બંધાઈ ગયા હતા કે, તેને પોતાની આંખથી દૂર કરવા તૈયાર ન હતા.

પાંખો આવતાં પંખી ઝાલ્યું નથી રહેતું; પણ મુક્તપણે વ્યોમ વિહારી બને છે. તેમ સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાનરૂપી બે પાંખો પ્રાપ્ત થવાથી શ્રી નેમચંદભાઈ સમ્યક્ ચારિત્રરૂપ નિસ્પંદ વ્યોમમાં વિચરવા ઝંખની રહ્યા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્રને ઘરમાં ગોંધી રાખવાના પોતાના પ્રયત્નો સફળ ન થયા; એટલે શ્રી લક્ષ્મીચંદભાઈએ પોતાના મિત્ર રૂપશંકરભાઈને બોલાવીને સઘળી વાત કરી.

રૂપશંકરભાઈએ કહ્યું, "આપ ચિંતા ન કરો, કાચી વયના કિશોરો ઘણી વાર આવી લાગણીના પ્રવાહ-માં ખેંચાતા હોય છે; અને તેમને વાસ્તવિકતાનું ભાન કરાવનાર માણસ મળી જાય છે. તો તે લાગણીના પ્રવાહ-માંથી બહાર નીકળી પણ જાય છે, માટે તમે નેમચંદને મારી પાસે મોકલજો."

રૂપશંકરભાઈ ! તમને વધુ શું કહું " નેમચંદ તો મારા આખા ઘરનો આધાર છે. મારા ઘડપણની લાકડી છે, એટલે તે ઘરમાં રહીને શ્રેષ્ઠ શ્રાવક જીવન જીવે; પણ દીક્ષા લેવાનો વિચાર છોડી દે, એવું તમે તેને સમજાવી શકશો તો તમારો મોટો ઉપકાર."

રૂપશંકરભાઈ બાહોશ સરકારી અમલદાર પણ હતા, માણસના વિચારને ધાર્યો વળાંક આપવામાં હોંશિયાર હતા; એટલે તેમણે શ્રી લક્ષ્મીચંદભાઈને નિશ્ચિંત રહેવાનું કહીને વિદાય લીધી.

પછી શ્રી લક્ષ્મીચંદભાઈએ પોતાના પુત્ર રત્નને બોલાવીને કહ્યું, " રૂપશંકરભાઈ તને યાદ કરતા હતા.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો જરા તેમના ઘેર જઈ આવજે, કોઈ કામ હોય તો કરી આપજે.”

પિતાને પ્રણામ કરીને શ્રી નેમચંદભાઈ શ્રી રૂપ-શંકરભાઈને ત્યાં ગયા અને બોલ્યા. “કાકા પ્રણામ, કેમ મને યાદ કર્યો ?”

“આવ ભાઈ, બેસ. હું તારા જ વિચારમાં હતો.” રૂપશંકરભાઈએ કહ્યું, છતાં નેમચંદભાઈ સામે ઊભા રહ્યા.



શ્રી રૂપશંકરભાઈ સાથે નેમચંદભાઈ વાર્તાલાપ કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હું ભાગ્યવાન્ કે આપના વિચારમાં વસું છું." શ્રી નેમચંદભાઈએ કહ્યું.

હજી જેની મુછનો દોરો પુરો ફુટયો નથી, જેણે પંદરે વર્ષ પૂરા કર્યાં નથી. તે યુવાનનો આ અવાજ સાંભળીને માણસોને સમજાવવામાં હોંશિયાર ગણાતા રૂપશંકરભાઇ અર્ધા હારી ગયા.

છતાં પોતાની લાક્ષણિક ઢબે તેમણે ભાઈ શ્રી નેમચંદને પૂછયું "તારા માતા પિતાને તરછોડીને તું દીક્ષા લેવા માગે છે, એ વાત શું સાચી છે?"

રૂપશંકરભાઈના અમલદારી તોરથી ડઘાયા સિવાય શ્રી નેમચંદભાઈએ પણ એટલી જ સ્પષ્ટતા પૂર્વક કહ્યું, "હા, કાકા એ વાત સાચી છે; પણ એ સાચું નથી કે હું મારા માતાપિતાને તરછોડવા માંગુ છું."

"જો તું દીક્ષા લે તો તારા માતાપિતાને તરછોડયા જ ગણાયને?" રૂપશંકરભાઈએ પ્રશ્ન કર્યો.

આ સાંભળીને સામે ઉભા ઉભા જ બોલ્યા: "કાકા! આત્માર્થીનો આત્મા આખા વિશ્વનો સગો હોય છે; આખું વિશ્વ એનું કુટુંબ બની જાય છે, એ હકીકત આપ જાણતા જ હશો?"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્મ જોમવંતા શ્રી નેમચંદભાઈના આ પ્રશ્નને કયા પ્રશ્ન વડે તોડવો તેની મુંઝવણ અનુભવતાં હતા. રૂપશંકરભાઈ બોલ્યા "ભાઈ! તું જે બોલે છે તે કોઈનું ગોખાવેલું બોલે છે; કારણ કે અનુભવની દુનિયા તેં જોઈ નથી, એટલે તને ચેતવું છું કે તું તારી પરિસ્થિતિને અનુકુળ જીવનમાં સ્થિર થા."

આ સાંભળીને શ્રી નેમચંદભાઈ બોલ્યા. "વડીલ અવિનય માફ કરજો. આપે બોલવાને મજબુર કર્યો છે; એટલે કહું છું, કે હું પરિસ્થિતિનો ગુલામ બનવા માટે જન્મ્યો નથી, પણ કર્મ જન્ય પરિસ્થિતિને ધર્મના બળ વડે આંબીને આત્મ સ્થૈર્ય પ્રાપ્ત કરવા માટે જન્મ્યો છું; અને તે વિષયનું ઠીક ઠીક જ્ઞાન પૂજ્ય ગુરૂદેવ પાસેથી મેં મેળવ્યું છે.

પીઢ રૂપશંકરભાઇને આજે પહેલી વાર આત્માર્થીના મિજાજનો અનુભવ થયો.

નખ–શિખ વૈરાગ્યરંગી શ્રી નેમચંદભાઈને ચકાસી લેવા તેમણે છેલ્લો પ્રશ્ન કર્યો, "તારા પિતા તને દીક્ષા લેવાની રજા નહિ આપે તો, તું શું કરીશ ?"

"મુરબ્બી! મારા પૂજ્ય પિતાજીને હું ઓળખું છું, તેમનો વિરોધ દીક્ષા તરફ નથી; પણ હું દીક્ષા લઉં તે તરફ છે, એટલે દીક્ષા તરફના મારા ઉત્કટ ભાવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડે હું મારા ઉપરની તેમની મમતાને ઓગળાવી દઈશ; અને જો તેમાં પણ સફળ નહિ બનું તો દીક્ષા તો લઈશ જ; કારણ કે દીક્ષા સિવાય મને હવે ચેન પડતું નથી. સળગતા ઘર જેવો સંસાર મને ખરેખર છોડવા જેવો લાગે છે."

"ભલે ભાઈ! તું જા, હું તારા પિતાને મળીને સઘળી વાત કરીશ." મનમાં જરા નિરાશ થયેલા રૂપશંકર-ભાઈએ શ્રી નેમચંદભાઈ ને કહ્યું:

શ્રી નેમચંદભાઈ ઘેર આવીને પોતાના સ્વાધ્યાયમાં પરોવાયા.

ચિંતાતુર શ્રી લક્ષ્મીચંદભાઈ ને મળીને રૂપશંકર-ભાઈએ કહ્યું, "તમારા પુત્ર તો દીક્ષા લેવાની બાબતમાં મેરૂ જેવો અડગ છે, તેને ડગાવવામાં હું ન ફાવ્યો, કોઇ તર્ક વડે હું દીક્ષા લેવાની તેની દૃઢ ભાવનાને કુંઠિત ન કરી શક્યો. હવે છેલ્લો ઉપાય તેને આપણા ન્યાયાધીશ સાહેબ પાસે મોકલવાનો છે. તમે કહેતા હો તો હું ન્યાયાધીશ સાહેબને બધી વાત કરીને પછી નેમચંદને તેમની પાસે લઈ જઉં."

"ભાઇ રૂપશંકર! દીકરાને દીક્ષા લેતો રોકું છું તેનું મને દુઃખ છે, પણ મારા ઘડપણ અને એની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતાના હૃદયની વ્યથા એ બે કારણોસર હું તેને રોકી રહ્યો છું; પણ તે રોક્યો રોકાય એવો રોતલ લાગતો નથી. છતાં ન્યાયાધીશ સાહેબ પાસે લઈ જઈને છેલ્લો પ્રયત્ન કરી જુઓ, જો તેમાં ફાવટ આવશે તો ઠીક નહિતર; હું તેને ઘર બહાર નીકળવાજ નહિ દઉં."

**" કોના છોરૂં કોના વાછરું, કોના મા અને બાપ;**
**અંતે જાણું જીવ એકલા, સાથે પુણ્ય અને પાપ."**

મમત્વ વિદારક આ પંક્તિઓનું રટણ કરનારા, શ્રી લક્ષ્મીચંદભાઈ પણ પુત્ર ઉપરની મમતાને જીવલોક સુધી વિસ્તારી ન શક્યા. જો વિસ્તારી શક્યા હોત; તો સકળ જીવલોકનું હિત કરનારી ભાગવતી દીક્ષા લેવાને ઉત્સુક, પોતાના પુણ્યશાળી પુત્રની પીઠ થાબડી હોત.

કરોળિયો પોતાની લાળમાંથી બનેલી જાળમાં ફસાઇને આખરે હારી જાય છે, તેમ જીવો પણ એકાન્ત મમતાના બંધનમાં જકડાઈને જીવન હારી જાય છે; માટે સંસારની પેઢીનું ક્યારેય ઉઠમણું નથી થતું.

એ સંસારને છોડવા તત્પર બનેલ, શ્રી નેમચંદને લઈને એક દિવસ રૂપશંકરભાઇ ન્યાયાધીશ સાહેબ પાસે ગયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહેબ બધી વાતથી વાકેફ હતા.

સાહેબનું વ્યકિતત્વ પ્રભાવશાળી હતું, છતાં નિડર સ્વભાવના શ્રી નેમચંદભાઈ તેમની સામે સ્વસ્થ પણે ઉભા રહ્યા.

સાહેબે કહ્યુ : "આવ, તારું નામ શું ?"

"મારૂ નામ નેમચંદ" ચરિત્રનાયકશ્રીએ સરળતાથી જવાબ આપ્યો.

સાહેબે પૂછયું "મેં સાંભળ્યું છે કે, તું આ કાચી વયે દીક્ષા લેવાની ઈચ્છા રાખે છે, તે શું સાચું છે ?"

શ્રી નેમચંદભાઇએં કહ્યું, "જી હા." એ વાત તદ્દન સાચી છે. ત્યાગ વૈરાગ્યને વય સાથે સંબંધ હોતો નથી."

ન્યાયાધીશે પૂછયું, "ત્યાગ અને વૈરાગ્ય એટલે શું તે તું જાણે છે ?"

શ્રી નેમચંદભાઇએ કહ્યું : "કંચન, કામિની, કુટુંબ, કાયા આદિ જે પદાર્થો સાથેનો માનવીનો સંબંધ-પુણ્ય પૂરૂં થતાં જ પુરો થઈ જાય છે, તે પદાર્થોને સમજપૂર્વક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડી દેવા તેને ત્યાગ કહે છે; આ પદાર્થો ઉપરનો રાગ શ્રી વીતરાગ જિનેશ્વરદેવને ભાવપૂર્વક ભજવાથી નાશ પામે છે; અને તેમાંથી વૈરાગ્ય જન્મે છે. સકળ જીવલોકના હિતમાં ટૂંકા, સ્વાર્થી, અંગત જીવનને જતું કરવામાં જ સાચી બુદ્ધિમત્તા હોવાનું સર્વ આસ્તિક દર્શનકારો સ્વીકારે છે."

સાહેબે કહ્યું : "તું સમજદાર છે. પણ તારી આ સમજ સંયમના અતિ કઠીન માર્ગ ઉપર ચાલતી વખતે નહિ ટકે તો તું શું કરીશ ?"

"સાહેબ મારી આ સમજ ઉપલક નથી, પણ દૃઢ પાયાવાળી છે; મારા ગુરુદેવે જે તત્વામૃત મને પાયું છે, તેના પ્રભાવે હું અચિન્ત્ય શક્તિશાળી આત્માને ઓળખીને અપનાવવાની શક્તિવાળો બન્યો છું. હવે જો આ શક્તિને તુચ્છ ઇન્દ્રિયોના વિષયો પાછળ વેડફું તો મારા જેવો નાદાન બીજો કોણ ગણાય ?"

શ્રી નેમચંદભાઈના આ જવાબથી સાહેબ દિંગ થઈ ગયા; પણ તેમણે તો તેઓશ્રીના મનને સંસાર તરફ વાળવું હતું. એટલે તે દિશામાં તીર તાકીને બોલ્યા : "તારા કુટુંબની સેવા કરવી એ શું તારો ધર્મ નથી ?"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સાહેબ! હું દીક્ષા લઈશ એટલે મારા કુટુંબની કુસેવા કરનારો નહિ બનું, પણ વધુ સાચી સેવા કરનારો બનીશ. ધર્મના માર્ગે જનારો આત્મા વિશ્વના સઘળા જીવોની સાચી સેવા કરતો હોય છે; પણ કોઈ જીવની કુસેવા નથી કરતો. સર્વ જીવોની શ્રેષ્ઠ સેવા, ધર્મનો સાચો આરાધક જ કરી શકે છે, કારણ કે તે પોતાના સ્વાર્થને, મમત્વને, તૃષ્ણાને, લોભને દીક્ષા લેતી વખતે જ ત્રિવિધે ત્રિવિધે છોડી દેવાની દૃઢ પ્રતિજ્ઞા દેવ, ગુરૂ, સંઘની સાખે અંગીકાર કરે છે." નખ-શિખ વૈરાગ્યવંતા શ્રી નેમચંદભાઈએ સચોટ-જવાબ આપ્યો.

પણ તારા પિતા તને દીક્ષા લેવાની રજા નહિ આપે તો! સાહેબે પૂછ્યું.

"સાહેબ! આવા પ્રશ્નોના જવાબ સમય જ આપી શકે છે. તેમજ આવા પ્રશ્નો માટી પગા માનવીઓને મુંજવે છે. મેં તો જે નિર્ધાર કર્યો છે, તે પૂરો કરીને જ જંપવાનો છું. મારો આત્મા વિશ્વ હિતકર શ્રી જિનાજ્ઞાને ત્રિવિધે સમર્પિત થવાને થનગની રહ્યો છે, એટલે મને વિશ્વાસ છે કે હજારો અંતરાયોને આંબીને પણ હું દીક્ષા લઈ શકીશ. એવો મને આત્મ વિશ્વાસ છે."

"છોકરા, તું જીદ છોડી દે." ન્યાયાધીશે આંખ બગાડીને કહ્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આત્માના પક્ષકારને કયો ક્રોધ ડરાવી શકે ? એટલે આત્મનિષ્ઠ શ્રી નેમચંદભાઈએ એટલી જ દૃઢતાથી કહ્યું: " આત્માર્થીને કોઈ જીદ હોતી નથી. જીદ હંમેશા સંસાર પક્ષીઓજ કરે છે. "

વાતને નવો વળાંક આપતાં ન્યાયાધીશે પૂછયું, " શું તને લગ્ન કરવાની ઈચ્છા નથી થતી ? "

" હા, સાહેબ મારે લગ્ન કરવાં છે. પણ એવી નારી સાથે કે જેને તે પછી નવો પતિ ન કરવો પડે અને મારે કદી બીજી પત્ની ન કરવી પડે પણ અમે બંને એ મટીને પૂર્ણતયા એક રૂપ બની જઇએ આવું લગ્ન મુક્તિ રૂપી વધૂ સાથે જ થઈ શકે છે. હાડ–માંસના શરીર સાથે નહિ. એવાં તો ઘણાં લગ્નો આ જીવ કરી ચૂકયો, છતાં તેનો નિસ્તાર ન થયો. એટલે હું હવે એવા કોઈ બંધનમાં પડવા માગતો નથી, કે જે આત્માનાં પૂર્ણ સ્વાતન્ત્ર્યને નડતર રૂપ હોય. "

મુમુક્ષુ શ્રી નેમચંદભાઈના આ જવાબથી ન્યાયાધીશ સાહેબે મનોમન હાર સ્વીકારીને તેમને કહ્યું, " હવે તું જઈ શકે છે. "

આવતા અંતરાયોને રડનારા ઘણા હોય છે. પણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હસી કાઢનારા તો આપણા ચરિત્રનાયકશ્રી જેવા કોઈક જ હોય છે. જે તેઓશ્રીની સાચી સિંહવૃત્તિનો પુરાવો છે.

દીક્ષા લેવાની ભાવનાવાળા પોતાના સંતાનોની તે ભાવનાને વધુ સુદૃઢ બનાવવાના શુભ પ્રયત્નો કરવાને બદલે તેમાં અંતરાયો નાખવાના પ્રયત્નો કરવા તે મમતા જન્ય ટૂંકી દૃષ્ટિને આભારી છે.

આપણા સંતાનો ઉપર આપણો જેટલો હક્ક છે. તેના કરતાં વધુ હક્ક વિશ્વેશ્વર શ્રી જિનેશ્વર દેવનો છે, કારણ કે તેઓશ્રીના આત્માઓ જે પરમ વાત્સલ્ય સર્વ જીવો ઉપર વરસાવે છે; તેમાં જેઓને આપણે આપણાં સંતાનો માનીએ છીએ, તેઓના આત્માનો પણ સમાવેશ થયેલો જ છે.

તેમ છતાં મોહ, મિથ્યાત્વ અને અજ્ઞાનને વશ થઈને મોટા ભાગના માનવો દીક્ષાને દિલથી ચાહવામાં ઊણા ઉતરે છે.

તે જ રીતે સંતાન ઘેલા શ્રી લક્ષ્મીચંદભાઈ પણ પોતાના પુત્ર–રત્નને દીક્ષા લેતાં રોકવાના અનેક પ્રયત્નો કરતા રહ્યા.

જ્યારે શ્રી રૂપશંકરભાઈએ તેમને ન્યાયાધીશ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહેબને શ્રી નેમચંદભાઈએ આપેલા જવાબો સંભળાવ્યા ત્યારે તો તેમનો શ્વાસ અદ્ધર થઇ ગયો.

આમાં દોષ કેવળ શ્રી લક્ષ્મીચંદભાઈનો નથી પણ જીવની કર્મગ્રસ્ત અવસ્થાનો છે, રાગ-દ્વેષાત્મક સંસારનો છે, પુદ્‌ગલ પ્રત્યેના રાગનો છે.

મારો પુત્ર યા પુત્રી સકળ જીવલોકના હિત કાજે જીવન જીવવા ઉત્સુક થાય; તેમાં જો હું પૂરો ટેકેદાર ન બનું તો હું ધર્માનુયાયી શી રીતે ગણાઉં ?

છતાં મોહનું પ્રચંડ આવરણ મતિને એવી મલિન બનાવી દે છે કે, "બહુ જ ઓછા માનવો શ્રેષ્ઠ જીવનના આદર્શરૂપ દીક્ષા કાજે જાતે તૈયાર થાય છે; તેમજ પોતાના સંતાનોના તેવા ઇરાદાને સાચો ટેકો કરે છે."

પણ શ્રી નેમચંદભાઈ તો જુદી જ માટીનાં માનવી હતા. તેમની સાતે ધાતુઓમાં આત્માનો જોમ-જોસ હતો.

એટલે પ્રલયંકર પવન વચ્ચે પણ અડોલ રહેતા મેરૂ શિખરની જેમ દીક્ષા લેવાના પોતાના નિર્ધારમાં મક્કમ રહ્યા; અને અંતરાયોના ડુંગરાને આંબીને આગળ વધતા જ રહ્યા. 'હવે તો દીક્ષા એજ નિર્ધાર સૂત્રને અસ્થિ મજ્જાવત્ બનાવતા રહ્યા. ને સમય પસાર થતો ગયો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

" બાળપણ એમ વીતી ગયું, નેમચંદ થયો યુવાન,
માત-પિતા મન ચિંતવે, લઈએ લગ્ન તત્કાળ.
નમણી ને નાજુક કોઈ, કન્યા દઈએ પરણાવી,
સુખ-દુઃખમાં સંસાર ચલાવે, એવો હાથ ઝલાવી.
પતિ-પત્ની બે પ્રેમે રહેશે, હોંશે ગૃહ ચલાવી,
સંપીને સૌ સાથે રહેશે, રહેશે એ નામ જમાવી;
રહેશે એ નામ જમાવી."

" માત-પિતા સમજાવે,
પુત્રને બેઉ મનાવે........માત પિતા સમજાવે.
પરણી જાને પુત્ર અમારા, ગોરી કો'ક વરાવું,
રૂડી રીતે લગ્ન લઈને, સ્નેહ સગાં બોલાવું.
ધીરે ધીરે પુત્ર કહે છે, " મુજને ના પરણાવો, "
ધર્મ ધ્યાનમાં વધવાનો, પંથ મને બતલાવો;
પંથ મને બતલાવો.

પિતા મનાવે, માતા રૂએ, પુત્ર ના કાંઈ કહે તો,
સંસાર રંગ રંગાયા વિના, આગે આગે જાતો;
આગે આગે જાતો."

* * * * * * * * * * * * * * * *

શુભભાવની પ્રભાવનાના ભાવપૂર્વક
થતી ધર્મની આરાધનાના પ્રભાવે બંધાતા
પુણ્યના યોગે આવી મળતી સર્વોત્તમ
સામગ્રી, દેવાધિદેવના પરમતારક શાસનની
પ્રભાવનામાં જ સાર્થક થાય છે.

* * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણુ આઠમું....................

# ગૃહત્યાગ

ચેતનવંતા શ્રી નેમચંદભાઈ શરીરથી મહુવામાં હતા. તેમનું મન ભાવનગરમાં બિરાજતા પૂ. ગુરૂ મહારાજના ચરણોમાં લીન હતું, પણ ભાવનગર પહોંચવું કઈ રીતે ? એ પ્રશ્ન તેમને પણ મુંઝવતો હતો; કારણ કે તેમના પિતાશ્રીએ તેમને મહુવા બહાર નીકળવાની મનાઈ ફરમાવી હતી.

પિતાની આ આજ્ઞા જિનાજ્ઞા નિરપેક્ષ હતી. અંગત મમતાના ઘરની હતી, એટલે તેનો ભંગ કરવાથી વિવેકનો ભંગ નહોતો થતો પણ બહુમાન થતું હતું. એ બધું બરાબર વિચારી લીધા પછી શ્રી નેમચંદભાઈએ પોતાના એક મિત્ર શ્રી દુર્લભજીભાઈ કે તેઓ પણ દીક્ષાના અભિલાષી હતા તેમનો સંપર્ક સાધ્યો અને તે પણ દિશાએ (ઝાડે ફરવા) જવાના બહાને ઘર બહાર નીકળીને ગામ બહાર ભેગા થયા અને મસલત કરી.

કહો ! દીક્ષા કાજેની કેવી તાલાવેલી ગણાય ? અદ્‌ભુત જ કહેવી પડેને ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી દુર્લભજીભાઈએ એક ઊંટવાળાને સાધ્યો. ઝીણિયો તેનું નામ. શરૂમાં તેણે આનાકાની કરી પણ વધુ પૈસા આપવાની વાત કરી શ્રી દુર્લભજીભાઈએ તેને નક્કી કરી લીધો.

મોડી રાતે ઘર છોડી દેવાનું નક્કી કરીને બંને દીક્ષાર્થી મિત્રો છૂટા પડયા.

પ્રતીક્ષાની પળો મધુર હોય છે. ઘર છોડીને પૂજ્ય ગુરૂ મહારાજ પાસે પહોંચી જવાની પળની પ્રતીક્ષામાં મુમુક્ષુ શ્રી નેમચંદભાઈ પણ મોડી રાત સુધી જાગતા રહ્યા. આર્ત્તધ્યાનથી બચવા શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતા રહ્યા.

હવે ઘરના સહુ જંપ્યા છે, કોઈ જાગતું નથી. શેરીમાં પણ સૂનકાર છે, એવું લાગવાથી શ્રી નેમચંદભાઈએ વાટ ખર્ચી માટે થોડા પૈસા લીધા અને ખૂબ આસ્તેથી પગ જમીન પર મુકીને વડીલોને મનોમન પ્રણામ કરીને મંગળ-કારી સંયમ જીવનને સ્વીકારવા ઘર બહાર નીકળી ગયા.

નગર બહાર જ્યાં કબ્રસ્તાન પાસે આવેલા ઝીણિ-યાના ઘર પાસે શ્રી દુર્લભજીભાઈ તેમની રાહ જોતા ઊભા હતા. તેમના પિતાશ્રી સ્વર્ગવાસી થયા હતા એટલે ઘરમાં તેમના ઉપર શ્રી નેમચંદભાઈ ઉપર હતો એવો સખત જાપ્તો હતો નહિ; એટલે તેઓ થોડું ભાતું લઈને ઝીણિયાના ઘર પાસે વહેલા આવી શકયા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેલ્લી મિનિટે ઝીણિયાએ એમ કહીને ના પાડી કે તમે બંને નાની વયના છો એટલે કોઈની ખાત્રી અપાવો તો જ હું તમને ભાવનગર લઈ જઉં.

આથી શ્રી દુર્લભજીભાઈ નિરાશ થઈ ગયા, પણ સમયના પારખુ શ્રી નેમચંદભાઈ સમયની કિંમત સમજીને તરત ગામમાં ગયા અને પોતાના ઓળખીતા શ્રી ઈચ્છાચંદ ભાઇને તેડી લાવ્યા.

શ્રી ઈચ્છાચંદભાઇએ આવીને ઊંટવાળાને ખાત્રી આપી કે, આ બંને ભાઇઓ ખાસ કામે ભાવનગર જવા ઈચ્છે છે. એટલે તેમને તું લઇ જા. કોઈ તને ઠપકો નહિ આપે. તેની હું તને ખાત્રી આપું છું. બંને દીક્ષાર્થી-ઓની નેકદિલી ગામમાં વખણાતી હતી, એટલે આવી ખાત્રી આપવામાં શ્રી ઈચ્છાચંદભાઈને કોઈ જોખમ ન લાગ્યું.

પાછલી રાતે તારાનાં આછા ઉજાસમાં મંત્રાધિરાજ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરીને શ્રી નેમચંદભાઈ અને શ્રી દુર્લભજીભાઈ ઊંટ પર બેઠા. આગળ ઝીણિયો બેઠો. મોરી હાથમાં લઈને તેણે ઊંટ હંકાર્યો.

સંસારની શય્યા અને ઊંટની સવારી, એ બે વચ્ચે ઝાઝો તફાવત નથી. સંસારની શય્યામાં પડખું આમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફેરવીએ તો પણ ભય, શોક, દુઃખ, સંતાપ, અનિશ્ચિતતા આદિના કાંટા લાગે અને પડખું તેમ ફેરવીએ તો પણ રોગ, દરિદ્રતા, તૃષ્ણા, વાસના આદિ રૂપી વીંછીઓ ડંખે, તેમ ઊંટની સવારીમાં માણસ ભાગ્યેજ સ્થિર બેસી શકે છે.

ઊંટ પર બેસવાનો ખાસ અનુભવ બેમાંથી એકેય દીક્ષાર્થી મિત્રને હતો નહિ, એટલે બંને અકળાતા હતા. બંનેને પડી જવાની બીક સતાવતી પણ 'સાહસ ત્યાં સિદ્ધિ' એ સૂત્રને લક્ષ્યમાં રાખીને તેઓ મક્કમ મને શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતા આગળ ધપી રહ્યા હતા. થોડો થોડો વરસાદ ચાલુ હતો તો પણ પંથ કાપે જતા હતા.

ચારે પગે પંથ કાપતો ઊંટ 'ખુટીઓ' નામની નદીના કાંઠે આવી પહોંચ્યો. પ્રભાતના આછા અજવાળામાં બંને મિત્રોએ જોયું કે નદી બે કાંઠે વહી રહી છે, પાણીનો વેગ પણ જોરદાર છે. ઊંટ પર બેસીને નદી પાર કરવામાં ભારોભાર જોખમ છે.

ઓણિયાએ ઊંટ ઝેકારીને પૂછ્યું, "બોલો શું કરવું છે? પાછા ફરવું છે કે આગળ વધવું છે? આગળ જોખમ છે. તમારી હા હોય તો જ હું ઊંટને આ ઊંડી નદીમાં ઉતારૂં."

ધ્યેયને સિદ્ધ કરવાના મક્કમ નિર્ધાર સાથે ઘર છોડીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીકળેલા શ્રી નેમચંદભાઈએ કહ્યું, "મુશીબતો આવે એટલે માર્ગ ન છોડાય. આ તોફાની નદી પણ આપણને હરકત નહિ પહોંચાડે માટે તું ઊંટ હંકાર." ઊંટના અઢારે વાંકા હોવા છતાં તેનામાં પણ પોતાના આશ્રિતને હેમખેમ ઈષ્ટ સ્થાને પહોંચાડવાનો મોટો ગુણ છે. એટલે માથોડા પાણીમાંથી પણ પસાર થઈને તેણે ત્રણે માણસોને સલામત રીતે સામે કાંઠે પહોંચાડી દીધા.



ઊંટ ઉપર બેસી ભાવનગર જતા બન્ને દીક્ષાર્થીઓ.

નદી પાછળ રહી પોતે આગળ નીકળી ગયા. મનમાં શ્રી નવકાર મહામંત્રનો જાપ ચાલુ જ હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવનગર હજી દૂર હતું. બંનેને ત્યાં પહોંચવાની ઉતાવળ હતી. એટલે થાકને ગણકાર્યા સિવાય મુસાફરી ચાલુ રાખી. માર્ગમાં ભૂખ લાગી ત્યારે સાથે લીધેલાં ભાતાનો ઉપયોગ કર્યો, ઊંટવાળાને ભાતું ખવરાવીને તાજો કર્યો. ઊંટને પણ વિસામો મળ્યો. પાછા રવાના થયા. છેક સાંજ સુધી ચાલ્યા જ કર્યું. રાત પડી એટલે એક ફકીરનાં ઝુપડામાં રાત ગાળી, ફકીર પણ બુદ્ધિ વધારે એવી વાતોથી રાજી થઈ તેમની સારી મહેમાનગતિ કરી.

બીજા દિવસની સવાર થતા આગળ ચાલ્યા. રસ્તામાં સંબંધીને જોયા, ઓળખી ન જાય એટલે ઊંટને બીજા આડા માર્ગે લેવડાવી લીધો. આજે પણ તેઓને વરસાદ માર્ગમાં નડયો. ઊંટ ઉપર સતત બેસી રહેવાથી શરીર બન્નેના અકડાઇ ગયા હતા. બપોર વીતી ગઈ હતી. સાથે લીધેલ ભાતું પલળી ગયું હતું. ભૂખ પણ લાગી હતી.

હવે કોઇ ગામ આવે તો વિસામો લઈએ એમ બંને જણે વિચાર્યું. ત્યાં તો **ભડીભંડારીયા** ગામ આવ્યું. ગામના પાદરે ઊંટ ઝોકારી ત્રણેય નિચે ઉતર્યા. ઝાડ નીચે થોડો વિસામો લઈ થાક ઉતાર્યો.

" હવે ભોજન માટે કાંઈક વ્યવસ્થા થાય તો ગામમાં હું જઈ આવું " એમ કહીને શ્રી નેમચંદભાઇ ગામમાં ગયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકદમ અજાણ્યું આ ગામ હતું. ત્યાં કોઈ ઓળખાણ પણ ન હતી. અહીં ભોજનનો બંદોબસ્ત કરવાનો હતો, હિંમત રાખી શ્રી નેમચંદભાઈ જતા હતાં ત્યાં એક વણિકની દુકાન જોઈ, પોતાની હોંશિયારીથી આ શ્રાવકની દુકાન છે, તેમ સમજી ગયા. તેમણે દુકાને બેઠેલ ભાઈ સાથે થોડો વાર્તાલાપ કર્યો, વાર્તાલાપ કરવાની રીતભાત જ એવા પ્રકારની હતી કે દુકાને બેઠેલ ભાઇ પ્રસન્ન થઈ ગયા. શ્રી નેમચંદભાઈની કોઈની પાસે કામ કરાવી લેવાની આવડત અનોખી હતી.

એ શ્રાવકને ત્રણ જણ માટે રસોઇ કરવાની વ્યવસ્થા કરી આપવા કહ્યું. એના ખર્ચ માટે બે રૂપિયા રોકડા આપી દીધા. એ જોઇને શ્રાવક છક્ક થઈ ગયો. એ જમાનામાં એક માણસનો ભોજન ખર્ચ ચાર આનાથી વધુ થતો નહિ, શ્રી નેમચંદભાઈની ઉદારતાથી તે નવાઈ પામ્યો, તુરત જ પોતાના ઘરે ભોજન તયાર કરાવ્યું.

એ ભાઈ બોલ્યા: “તમે જલ્દી બીજા બન્ને ભાઈને લઈ આવો” શ્રી નેમચંદભાઈ પાછા ઉતારે ગયા અને ઊંટ માટે ચારા–પાણીની વ્યવસ્થા કરીને પોતે ત્રણે જણા જમવા ગયા. બહુજ આનંદથી જમ્યા. થોડો આરામ કરીને શ્રી નેમચંદભાઈએ તે વેપારીને આઠ આના ઘીના વધુ આપ્યા. એ શ્રાવકે આઠ આના [illegible] પણ [illegible]

આવ્યા. આવી અદ્‌ભુત ઉદારતા જોઈને તે શ્રાવકે ખુશ થઈને તેમને ન્હાવા-ધોવાની સુંદર વ્યવસ્થા કરી આપી.

ઊંટ ઉપર બેસીને થાકી ગયેલ જાણી પોતાના સ્વજન સમજીને શ્રાવકે તેલ-માલિશ કરીને થાક પણ ઉતારી દીધો. અને રાત્રે પોતાના ઘરે જ સુવાડયા. સવાર પડી એટલે આગળ વધવા માટે શ્રાવક પાસે અનુમતિ માંગી. પરસ્પર આભાર માની વિદાય થયા.

ભાવનગર હવે થોડુંક જ દૂર હતું. વિશ્રામ લેવાથી સૌના થાક ઉતરી ગયા હતા. ઊંટ પણ પવન વેગી દોડી રહ્યું હતું. ભાવનગરની ભાગોળે પહોંચી ગયા. ભાવનગરને જોતાં બન્ને દીક્ષાર્થીઓના ભાવ ઝાલ્યા ન રહ્યા. ઉછળી ઉછળીને એ ભાવનગરને વધાવવા લાગ્યા, કારણકે તેમાં તેઓના ઉપકારી પૂજ્ય ગુરૂ મહારાજ બિરાજેલા હતા.

ઝીણીયા ઊંટવાળાને ભાડા ઉપરાંત બક્ષીશ આપી આભાર માનીને વિદાય કર્યો, અને સુખરૂપ ભાવનગર પહોંચ્યા, તેનો આનંદ અનુભવતા શેઠ જસરાજભાઈને ઘેર ગયા.

તેમના અણધાર્યા આગમનથી શ્રી જસરાજભાઈને આશ્ચર્ય થયું, એટલે તેમણે બંને મુમુક્ષુ મિત્રોને આવકાર આપીને પૂછ્યું. "એકાએક વગર સમાચારે કેમ આવવું થયું?"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબમાં શ્રી નેમચંદભાઈએ સઘળી વાત અક્ષરશઃ જણાવી દીધી.

બંને દીક્ષાર્થીઓની ભક્તિ કરવાનો પુણ્ય પ્રસંગ મળવાથી શ્રી જસરાજભાઈ ખુશ થયા.

મહા મુશ્કેલીઓનો મહાસાગર તરીને લગભગ કાંઠે પહોંચી ગયાનો હર્ષ–બંને મુમુક્ષુઓના રૂંવાડે–રૂંવાડે ફેલાઈ ગયો.

છતાં હજી 'દિલ્હી દુર હતું.'

* શ્રી પરમાત્માની સાથેનો સંબંધ એ કોઈ કાલ્પનિક હકીકત નથી પણ હૃદયની ભાવુકતાનો ભાવ છે, એવો ભાવ જ્યારે વાસ્તવિકતાનું સ્વરૂપ પકડે છે, ત્યારે શ્રી પ્રભુની કોઈ કાલ્પનિક હકીકત છે એમ સાધકને લાગતું નથી, અને મનોમન પરમાત્માની હાજરી અનુભવી તે આનંદ પામે છે.
* આધ્યાત્મિક માર્ગમાં અનુભવ જેવો બીજો કોઈ ગુરૂ નથી.
* લાગેલી લગની એ જ મોટામાં મોટો પુરુષાર્થ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ નવમું ..................

# અંતરાય

સ્નાન, પૂજા, ભોજન વગેરે પતાવી શ્રમમુક્ત થઈ શ્રી નેમચંદભાઈ તેમના મિત્ર દુર્લભજીભાઈ સાથે પૂજ્ય શ્રી વૃદ્ધિચન્દ્રજી ગુરુ મહારાજ પાસે ઉપાશ્રયે પહોંચ્યા.

પૂજ્ય ગુરુ મહારાજ સ્વાધ્યાયમાં મગ્ન હતા. તેમને વિધિપૂર્વક વંદન કરીને બંનેએ સુખ-શાતા પૂછી એટલે 'દેવ-ગુરૂ ધર્મના પસાયે' કહીને, પૂ. ગુરૂ મહારાજે પૂછ્યું: "શ્રી નેમચંદ ઘેર ગયા પછી તું પત્ર લખવાનું પણ ભૂલી ગયો? અને આજે એકાએક આવી ચઢયો, તે શી વાત છે?"

"હે કૃપાળુ? બીજી શી વાત હોય? અમે બન્ને ઘણાં હોંશથી આપશ્રી પાસે પરમ પદદાયિની ભાગવતી દીક્ષા લેવા આવ્યા છીએ." શ્રી નેમચંદભાઈએ વિનય પૂર્વક જવાબ આપ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય ગુરૂ મહારાજે પ્રસન્નચિત્ત ફરમાવ્યું: "તમારી ભાવના ઉત્તમ છે. દીક્ષા લઈને તમે છ કાય જીવ સાથે અતૂટ મૈત્રી સાધો તેમજ કર્મરિપુઓને ધર્મ વડે હણો તે ઉત્તમ બાબત છે; પણ, તમારા માતા-પિતાની અનુમતિ લઈને આવ્યાં છો કે કેમ? તે જણાવો."



બન્ને મુમુક્ષુઓ ગુરુ મહારાજને વંદન કરી શાતા પૂછે છે

"કૃપાવંત, અનુમતિ મેળવવાની બાબતમાં અમે બંને કમનસીબ છીએ. આજે તો મારા માતા-પિતા મને દીક્ષા લેવાની રજા તો શું પણ મારા મોંએ દીક્ષાની વાત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળવા તૈયાર નથી, તેથી તો તેમણે મને અહીંથી આવતાં રોકી લીધો હતો. તેમાં હું તેમનો કોઈ દોષ ગણતો નથી; પણ મેં પાછલા કોઈ ભવમાં કોઈની દીક્ષામાં અંતરાય નાખ્યો હશે, તે અંતરાય કર્મ આજે ઉદયમાં આવીને મને દીક્ષા લેવામાં નડી રહ્યું છે. પણ હે દયાળુ ! આપનો ચરણ સેવક એમ નાસીપાસ થાય તેવો નથી. તેથી જ ચૂપચાપ ઘર છોડીને આપશ્રી પાસે દીક્ષા લેવા દોડી આવ્યો છે. દુર્લભજીભાઈની પરિસ્થિતિ પણ લગભગ મારા-જેવી જ છે, એટલે અમે બંને સાથે આવ્યા છીએ."

"અહીં આવ્યા તે સારૂં કર્યું. હવે અહીં રહીને ખૂબ ભણો. શાસ્ત્ર મર્મજ્ઞ બનો. આત્મરસિકતા કેળવો અને તમારા માતા–પિતાની અનુમતિ મેળવો."

અનુમતિની વાત સાંભળીને દીક્ષાતુર શ્રી નેમચંદભાઈ નિરાશ થઈ ગયા, "હવે શું થશે ? આ વેષ મને કરડે છે. સાધુ વેષ ન મળે તો મારા શ્વાસ થંભી જાય."

પણ નેમ–નિષ્ટ શ્રી નેમચંદભાઈએ તરત પોતાની કુશાગ્ર બુદ્ધિ વડે આગવો ઉપાય શોધી કાઢયો.

વ્યથાના અશ્રુ વડે ગુરૂદેવશ્રીના ચરણ પખાળીને તેઓ માળા ગણવા બેઠા.

મહુવામાં તેમને ઘેર સૌના હૈયામાં ખળભળાટ મચી ગયો. સૂર્યોદય પૂર્વે જાગીને શ્રી નવકારનો જાપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનાર શ્રી નેમચંદનો ઓરડો ખાલી જોઈને તેમના માતા-પિતા ગભરાઈ ગયાં. તેમણે તરત શ્રી રૂપશંકર ભાઈને ત્યાં તપાસ કરી. બીજા પણ નિકટના સ્નેહીઓને ત્યાં પૂછપરછ કરી. છેવટે શ્રી દુર્લભજીભાઈને ત્યાં ગયા ત્યારે તેમને જાણવા મળ્યું કે દુર્લભજી પણ કાઈ રાતથી ગાયબ છે.

બંને મિત્રો ક્યાં ગયા હશે તેનું અનુમાન કરીને શ્રી લક્ષ્મીચંદભાઈએ ભાવનગર ખાતે શ્રી જસરાજ-ભાઈને પત્ર લખ્યો: " મારો ચિ. નેમચંદ ત્યાં આવ્યો હોય તો તેને અમારી રજા સિવાય દીક્ષા અપાવશો નહિ, પણ તરત અહીં પાછો મોકલી દેશો."

આવી છે સંતાનની મમતા! જે ક્યારેક સંયમ આડે વજ્ર દિવાલ બની જાય છે.

શ્રી લક્ષ્મીચંદભાઈનો પત્ર મળતાંની સાથે શ્રી જસરાજભાઈએ જવાબ લખ્યો કે, " નેમચંદ તથા દુર્લભજી અહીં આવ્યાં છે. બંને દીક્ષા લેવાની વાત કરે છે. પણ પૂજ્ય ગુરૂ મહારાજે માતા-પિતાની રજા વિના દીક્ષા આપવાની તેમને ના પાડી છે. હાલ બંને અહીં રહે છે."

આ પત્ર વાંચીને શ્રી લક્ષ્મીચંદભાઈ તથા દિવાળી બાને કંઈક રાહત થઈ.

શ્રી દુર્લભજીભાઈના કુટુંબીજનો તરફથી કાંઈજ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિરોધ ન જાગ્યો તે હકીકત ધ્યાનમાં લઈને તેમજ દુર્લભજીભાઈની સતત આજીજીમાં શ્રી નેમચંદભાઈએ પણ સૂર પૂરાવ્યો તે ધ્યાનમાં લઈને શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજશ્રીએ એક શુભ દિવસે તેને દીક્ષા આપી દીધી.

શ્રી નેમચંદભાઈની ધારણા હતી કે હવે મારો નંબર લાગશે પણ તેમને તો કહી દેવામાં આવ્યું: "તમારા માતા-પિતાની રજા મળશે એટલે તમારી દીક્ષા થશે."

વિઘ્નો વચ્ચે અટવાય તે વીર પુરૂષ નહિ. જેમ વિઘ્નો વધે તેમ જેનું વીરત્વ વધુ જીવંત બને તે વીર પુરૂષ કહેવાય છે.

લમણે હાથ દઈને બેસી રહેવાથી વિઘ્નોનાં વાદળ વિખરાતાં નથી. એને વિખેરવા માટે શુભ નિષ્ઠાપૂર્વકના શ્રેષ્ઠ પુરુષાર્થનો પવન પેદા કરવો પડે છે.

આપણા ચરિત્ર નાયકશ્રીના લોહીમાં શરૂથી પ્રતિકૂળતાને આંબવાની ગરમી હતી. અદમ્ય ઉત્સાહ અને કુશાગ્ર બુદ્ધિ વડે તેઓશ્રીએ દીક્ષાના અંતરાયને તોડી નાખનારો ઉપાય યોજ્યો.

વિશ્વ પુરૂષો ક્યારે ઘર ઘેલા બનીને જીવ્યા છે? તે આપણા ચરિત્ર નાયકશ્રી જીવે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ દશમું..................

# અંતરાયનો અંત

શુદ્ધ બુદ્ધિથી કરેલા શ્રેષ્ઠ પ્રયત્નનું પરિણામ સારૂં જ આવે છે. તે નિયમ મુજબ શ્રી નેમચંદભાઇએ નિર્મળ ચારિત્ર પાળીને માનવભવને સાર્થક કરવાની શુદ્ધ બુદ્ધિથી દીક્ષા લેવાના પોતાના મક્કમ નિર્ધારની વાત પૂજ્ય શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબની નિશ્રામાં રહેલા પૂજ્ય મુનિ શ્રી રત્નવિજયજી મહારાજને કરીઃ "મને દીક્ષા આપી દોને!"

વાત સાંભળીને શ્રી રત્નવિજયજીએ કહ્યુંઃ "પૂજ્ય ગુરૂ મહારાજની ઉપરવટ જઈને હું તને દીક્ષા શી રીતે આપી શકું?"

અહીં પણ દીક્ષાની 'ના.' આ તે મારો કેવો પાપોદય? પણ હવે તેને હઠાવીને જંપુ તો જ હું સાચો નેમચંદ. આમ વિચારીને શ્રી નેમચંદભાઈએ શ્રી રત્નવિજયજીને બહુ વિનમ્રભાવે વિનંતિ કરીઃ "હું સ્વેચ્છાએ સમજપૂર્વક દીક્ષા લેવા તૈયાર થયો છું માટે આપ મને દીક્ષા આપો, તે અંગે જે કાંઈ વિરોધ જાગશે તેની બધી જવાબદારી મારા માથે. પછી ચિંતા શી?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પણ પૂજ્ય ગુરુ મહારાજની આજ્ઞા સિવાય હું દીક્ષા ન આપી શકું."

"તો એમ કરો આપ મને વેષ અને ઓઘો આપો તે ધારણ કરીને હું દીક્ષા પૂજ્ય ગુરુ મહારાજ પાસે લઈશ." દીક્ષા કાજે ટળવળતા શ્રી નેમચંદભાઈએ પ્રસ્તાવ મૂક્યો.

આ પ્રસ્તાવ પાછળ ભવ્ય ભાવનાનો સાગર ઉછળતો હતો, એક પ્રતાપી આત્માનું ઓજસ હતું એટલે તેની અસર શ્રી રત્નવિજયજીને થઇ અને તેમણે નિજ નેમને વરવાને ઉત્સુક શ્રી નેમચંદભાઈને સપ્રેમ સાધુ વેષની વ્યવસ્થા કરી આપી. (ઉપકરણની પોટલી આપી).

વેષ મળ્યા પછી ઓઘાની જરૂર પડે જ. તે પણ શ્રી રત્નવિજયજી પાસેથી જ મળી ગયો. આ ઓઘો પૂજ્યપાદ **ગચ્છનાયક શ્રી મુળચંદજી** મહારાજ સાહેબનો હતો.

કેવો જોગાનું જોગ ?

ભાવિ ગચ્છનાયકને ભૂતકાળના ગચ્છનાયકોનો જ ઓઘો મળ્યો. કેવો ભાગ્યોદય કહેવાય ?

જૈનશાસનમાં સાધુવેષ અને ઓઘાનું આગવું માહાત્મ્ય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે ધારણ કરેલો વેષ, વ્યક્તિને પોતાની ફરજો પ્રત્યે સભાન રાખે છે.



પૂ. મુનિ રત્નવિજયજી ઉપકરણની પોટલી અને ઓઘો આપે છે

જેમ ગણવેષધારી સૈનિકની પાછળ આખા રાષ્ટ્રનું પીઠબળ હોય છે તેમ સાધુવેષધારી મહાન આત્માને સકળ શ્રી જિનશાસનનો અર્થાત્ ધર્મ મહાસત્તાનો ટેકો સાંપડે છે.

• વેષ વિનાના કેવળી ભગવંત એવા શ્રી ભરત ચક્રવર્તીને ઇન્દ્ર ન નમ્યા; પણ તેમણે વેષ ધારણ કર્યો તે પછી જ નમ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ હકીકત વેષનું કેટલું મહત્વ છે તે પુરવાર કરે છે.

ઓઘો તો એ આત્મ જાગૃતિનું જીવંત પ્રતીક છે શરીરમાં જે સ્થાનં હૃદયનું છે. તેમ પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજના જીવનમાં તે સ્થાન ઓઘાનું છે.

વેષ ઓઘો વગેરે ઉપકરણો જોઈને શ્રી નેમચંદ ભાઈનું મન ઠર્યું. ઉચાટ શમી ગયો. હવે દીક્ષા લેતાં કોઈ મને નહિ અટકાવી શકે. એવો ભાવ તેમના વદન પર છવાઈ ગયો. હૈયામાં આનંદ આનંદ થઈ ગયો.

તીવ્ર તૃષાતુરને અમૃત મળે એટલે તે જે તૃપ્તિ અનુભવે, તેવીજ તૃપ્તિ દીક્ષાતુર શ્રી નેમચંદભાઇએ સાધુનો વેષ ધારણ કરતા અનુભવી અને કો' જન્માંધને આંખની રોશની મળતા અદૃશ્ય જે આનંદ થાય તેવો આનંદ હાથમાં ઓઘો પકડતાં થયો. તે સમયે તેઓશ્રીના રોમ-રોમ પુલકિત થઈ ગયાં.

બજારમાં જઈને મસ્તક મૂંડાવી આવ્યા. આમ એકાન્તમાં જઈને સ્વયમેવ સાધુ વેશ ધારણ કરીને આપણા ચરિત્ર નાયકશ્રી પૂજ્ય શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ પાસે હાજર થયા. તેમના વદન પર પ્રસન્નતા છે. આંખોમાં નવું તેજ છે. પગમાં જોમ છે. હૃદયમાં શ્રી જિનવાણીના અમૃતનું પાન કરવા-કરાવવાનો સંકલ્પ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય ગુરૂમહારાજ તો તેમને જોઈ નવાઈ પામ્યા અને તરત જ બોલી ઉઠયા: "અરે નેમચંદ ! આ શું ! તને દીક્ષા કોણે આપી ?"

ચરિત્રનાયકશ્રીએ કહ્યું: "હે કૃપાળુ ! મને કોઈએ દીક્ષા આપી નથી. પણ મેં મારી જાતે સાધુવેષ પહેર્યો છે. હવે આપના ચરણકમળોમાં ઉપસ્થિત થયો છું. કૃપા કરીને આપ મને દીક્ષાનો મંગળ વિધિ કરાવો."

પૂજ્ય ગુરૂદેવ પંજાબ ભૂમિના ખમીરવંત રત્ન હતા. તેમણે વિચાર્યું કે મુમુક્ષુનો ભાવોલ્લાસ કોઈ અનેરો છે. તેની હિંમત અને હોંશિયારી જોઇ મુગ્ધ થયા.

"ભાઇ તું દીક્ષાને લાયક છે તે હું જાણું છું. પણ તેવી લાયકાતની મહોર હજુ તારા માતા-પિતા નથી લગાવતાં, એટલે હું તને દીક્ષા આપતાં અચકાઉં છું. હું તને તારી લાયકાત જોઈને દીક્ષા આપું અને પાછળથી તારા માતા-પિતા કંઇ ગરબડ કરે તો ?" પૂજ્ય ગુરૂદેવે કહ્યું.

"સાહેબજી ! આપના આ સેવકને આપ સારી રીતે ઓળખો છો. પૂર્વનો સૂરજ પશ્ચિમમાં ઉગશે તો પણ આપનો આ સેવક એમ નહિ બોલે કે, "મને ભોળવીને દીક્ષા આપવામાં આવી છે." પણ એમ જ કહેશે કે, "મેં મારી સમજ-બુદ્ધિથી દીક્ષા લીધી છે.' વળી હું આપ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીને એ વાતની પણ ખાત્રી આપું છું કે આજે મારી દીક્ષાનો વિરોધ કરનારા મારા પિતા મને દીક્ષિત જોઈ ને એક પણ કટુ વચન કહેવાની હદે નહિ જ જાય, હું તેમનો પુત્ર છું એટલે તેમના હૃદયને પણ હું જાણું છું.

આપના ચરિત્રનાયકશ્રીના આ શબ્દોએ પૂજ્ય ગુરુ મહારાજને પુનઃ વિચાર કરવા પ્રેર્યા. સમગ્ર પરિસ્થિતિને અનેકાન્ત દૃષ્ટિએ જોઇ–મૂલવીને તેઓશ્રીએ સાધુના વેષમાં પોતાની સામે હાથ જોડીને ઊભેલા શ્રી નેમચંદભાઇને ભાગવતી દીક્ષાનો સંપૂર્ણ મંગળ વિધિ ઉલ્લાસ ભાવે કરાવ્યો અને અંતઃકરણના શુભાશીષ



પૂજ્ય મુનિશ્રી વૃદ્ધિચન્દ્રજી ગુરુદેવ શ્રી નેમચંદને દીક્ષા વિધિ કરાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપીને પોતાના શિષ્ય તરીકે સ્થાપ્યા. તેમનું શુભ નામ "**મુનિ શ્રી નેમવિજયજી**" પાડ્યું.

વિ. સં. ૧૯૪૫ની એ સાલ હતી.

જેઠ સુદ ૭નો એ શુભ દિવસ હતો.

આમ સોળ વર્ષથી પણ કંઈક ઓછી વયે આપત્તિઓની આંધી વચ્ચે અણનમ રહીને ત્યાગશૂરા શ્રી નેમચંદભાઈ ભાગવતી દીક્ષા લેવાને બડભાગી બન્યા.

"વખત એમ વિતતો ગયો; આવ્યો સાતમ દિન,
દીક્ષા લઈ વૃદ્ધિચંદ્ર કને, બન્યો એહ તલ્લીન.
નેમવિજયના નામથી, એની ઓળખ થાય;
ભાવનગરના નર-નારીઓ, વંદે એના પાય.
ગુરૂભક્તિ કરતો થકો, એ આગે ધપતો જાય;
તીક્ષ્ણ બુદ્ધિના કારણે, અટલ અભ્યાસી થાય.
સંસાર તજીને નિજના. હસ્તે નવલું અમૃત પીધું.
બાલ બ્રહ્મચારી રહીને, જીવન જવલંત કીધું.
સોળ વર્ષની ભરજુવાનીમાં, જાતે સંયમ લીધું;
મોહ માયાના બંધન છોડી, જગને બતાવી દીધું.
જગતને બતાવી દીધું."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુઓ જુઓ કેવા શોભે છે શ્રી નેમવિજયજી મહારાજ સાહેબ! કેશ રહિત મસ્તક છે. બગલમાં ઓઘો છે. દેહ પર કપડો, ચોળપટ્ટો છે, મોં પાસે મુહપત્તિ છે. આંખોમાં આત્માનું તેજ છે. શ્વાસમાં શ્રી અરિહંત નામ છે. ગુરૂજીની સામે નમસ્કાર મુદ્રામાં બેઠા છે. ગુરૂ મહારાજનું વાત્સલ્ય ઝીલવામાં એકાગ્ર છે જોતાવેંત દિલ જીતી લે એવું પારદર્શક વ્યક્તિત્વ છે.

પૂજ્ય ગુરૂ મહારાજને પણ તેઓશ્રીમાં એક સાચા શાસન સુભટનાં દર્શન થયાં.

શ્રી નેમચંદભાઈએ દીક્ષા લીધાના સમાચાર ભાવનગરથી મહુવા પહોંચ્યા. તે જાણી લક્ષ્મીચંદભાઈ હાંફળા-ફાંફળા થઈ ગયા. દીકરાને પાછો ઘેર લાવવાના ઇરાદે જે મળ્યું તે સાધન લઇને ભાવગનર આવ્યા. સાથે તેમનાં ધર્મપત્ની પણ હતા.

ભાવનગર આવીને શ્રી લક્ષ્મીચંદભાઈ પૂજ્ય મહારાજશ્રી પાસે પહોંચ્યા. વંદના કરીને બોલ્યા: "આપે મારી રજા વિના નેમચંદને દીક્ષા કેમ આપી?"

ગુરૂ મહારાજ કંઈ જવાબ આપે એ પહેલા આપણા ચરિત્રનાયકશ્રી ત્યાં આવીને બોલ્યા: "તમારે જે કહેવું હોય તે મને કહો. દીક્ષા મેં મારી જાતે લીધી છે; એટલે તમારે પૂજ્ય ગુરૂ મહારાજને ઠપકાનો એક શબ્દ પણ કહેવાનો નથી."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સાંભળીને શ્રી લક્ષ્મીચંદભાઈ સહજ ગુસ્સે થયા, અને કેસ કરવાની ધમકી આપી. તે બહાર જઈને થોડી વારે મેજીસ્ટ્રેટ શ્રી મગનલાલભાઈને ઉપાશ્રયે લઈ આવ્યા. એક બાજુ બા-બાપુજી બેઠા છે તેમણે શ્રી નેમવિજયજીની ઉલટ તપાસ શરૂ કરી. દીક્ષા લેવા બાબત અનેક પ્રશ્નો પૂછ્યા. નૂતન મુનિરાજે જે સત્ય હતું, તે નિડરપણે જણાવી દીધું. તેમજ સંયમ ગ્રહણ કરવાના માનવના અધિકારને પડકારવાની સત્તા કોર્ટને નથી એમ મેજીસ્ટ્રેટને જણાવી દીધું.



પૂજ્ય શ્રી નેમવિજયજી મહારાજ સાથે મેજીસ્ટ્રેટ વાર્તાલાપ કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય શ્રી નેમવિજયજીને પૂરેપૂરા ચકાસ્યા પછી શ્રી મગનભાઈએ લક્ષ્મીચંદભાઈને કહ્યું: " તમારા પુત્રે દીક્ષા કોઈના દબાણ, લાલચ, બળજબરી યા ભયથી નથી લીધી. પણ સ્વેચ્છાએ સમજપૂર્વક લીધી છે. માટે આ બાબતમાં કાયદેસર કાંઈ થઈ શકે નહિ. "

છેવટે નિરાશ થઈને શ્રી લક્ષ્મીચંદભાઈએ પોતાના ધર્મપત્નીને કહ્યું: " નેમચંદ મારી કોઈ વાત માનતો નથી. તું એને સમજાવી શકે તો સમજાવ. "

એટલે માતા દિવાળીબાએ રૂદનનું શસ્ત્ર અજમાવ્યું. રડતાં રડતાં બોલ્યા: " ભાઈ ! અમને નિરાધાર બનાવીને તું શી રીતે સુખી થઈશ ? માતાની મમતાને પણ તેં ઠોકર મારી તે સારૂં ન કર્યું હજી કંઈ બગડ્યું નથી. માટે સમજી ઘેર ચાલ, ઘેર રહીને ધર્મ પાળજે, તેમજ અમને પણ પાળજે, તારા સિવાય મારૂં મોત પણ બગડશે માટે હવે કઠોર ન થા. "

મોહ અને મમતાના ઘરની આવી વાતો સાચા આત્મનિષ્ઠ પુરૂષને પીગળાવી શકતી નથી; એટલે પોતાના સંસારી માતા પિતાને ઉદ્દેશીને પૂજ્યશ્રી નેમવિજયજી બોલ્યા: " આ નેમચંદ ઉપરનો રાગ છોડીને શ્રી વીતરાગ પરમાત્માના વચનોમાં રાગ કેળવો. ૫૦-૬૦ વર્ષ પછી પણ નેમચંદ સાથેનું તમારૂં સગ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ છૂટી જવાનું માટે નહીં છુટનારા ધર્મના સગા બનીને આ માનવભવને સાર્થક કરો. હું ઘરમાં રહીને તમને સાચવી શકીશ જ્યારે અહીં રહીને સર્વનું કલ્યાણ કરનારા ધર્મને આરાધી શકીશ. તમને તો એ વાતનો હર્ષ થવો જોઈએ કે મારો પુત્ર વીરના માર્ગે જઈ રહ્યો છે તે અમારા સદ્‌ભાગ્ય છે.

મોહવશ માતા પિતાને પુત્રની નિર્મોહી વાણીથી સાંત્વન મળ્યું. દીક્ષાનો વિરોધ કર્યાનો પસ્તાવો થયો એટલે પૂજ્ય ગુરૂ મહારાજ પાસે જઈને ક્ષમા યાચી ક્ષમાવંત ગુરૂ મહારાજે પણ તેમને આત્માના હિતનો ઉપદેશ આપ્યો.

**" કુંભ લગ્નકા પુત, હોગા બડા અવધૂત "** એ ભવિષ્યવાણી ફક્ત સોળ વર્ષમાંજ આમ સાચી પડી, તેથી શ્રી લક્ષ્મીચંદભાઈના ડહોળાયેલા મનને પણ શાન્તિ મળી. શ્રી વિષ્ણુ ભટ્ટના આ શબ્દો તે સમયે મને ગમ્યા હતા. તો આજે તો તે સાકાર બન્યા છે, એટલે મને વધુ ગમવાજ જોઈએ.

આવા વિચારે તેમના મનમાં દીક્ષા પ્રત્યે અપૂર્વ આદરભાવ પેદા કર્યો. તેથી જે દુર્ભાવ લઈને ભાવનગર આવ્યા હતા, તે છોડીને મહુવા શુભ ભાવે પાછા ફર્યા.

પૂજ્ય મુનિશ્રી નેમવિજયજી મ. જ્ઞાન ધ્યાનમાં તન્મય થઈ ગયા. સમય ક્યાં જાય છે તેની ખબર પડતી નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રથમ વર્ષેજ વ્યાખ્યાન્ વાંચન

પૂજ્ય ગુરૂદેવ પાસેથી ગ્રહણુશિક્ષા અને આસેવન શિક્ષા લેવા સદાય સાવધાન રહેતા. અન્ય વડીલ મુનિવરો સાથે ખૂબજ વિનય અને નમ્રતાથી રહેતા તેથી સૌને પ્રિય થઈ પડયા હતા. સાધુના યોગ્ય ગુણો તેમનામાં બહુ જલ્દી, થોડા સમયમાં ખીલી નીકળ્યા.

કોઈ નાના મોટા સાધુની ભક્તિ વયાવચ્ચ કરવા લગીરે આળશ નહીં. પોતાના અભ્યાસમાં પણ તલ્લીન રહેતા ક્રિયારૂચિ પણ અદ્દભુત અને અણીશુદ્ધ ચારિત્ર પાલનમાં સદા તત્પર રહેતા.

શ્રાવકો સાથે ખપ પૂરતી વાત છતાં કોઇ જિજ્ઞાસુ શ્રાવક આવે તો સહજમાં ઉપદેશ આપતા. બોલવાની છટા સુંદર એટલે સહુને પ્રિય લાગે. બપોરના સમયે સ્વાધ્યાયાદિથી નિવૃત્તિ લઈ બેઠા હોય ત્યારે એક **પ્રાગા ભાઈ** દરબાર રોજ પૂજ્ય ગુરૂદેવોના દર્શન કરવા ઉપાશ્રય આવતાં. બધાય વડીલોના દર્શન-વંદન કરી. પછી આપણા ચરિત્રનાયક પાસે ઘડીભર બેસતા. કાંઈક સંભળાવવાની વિનંતી કરતા, તેમની વિનંતી સ્વીકારીને પૂજ્ય નેમવિજયજી છટાપૂર્વક કાંઈક ધર્મ ઉપદેશ સંભળાવતા. સ્પષ્ટ સમજમાં આવી જાય તેવી વકતૃત્વ કળા સુંદર હતી. તેથી નિત્યક્રમ આ રીતે ચાલતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક દિવસ આપણા ચરિત્ર નાયકશ્રી પ્રાગાભાઈ દરબારને ઉપદેશ આપતા હતા તે વખતે પૂજ્ય ગુરૂદેવ કાંઈક કામ પ્રસંગે તે તરફ આવી ચડયા. ગુરૂદેવના કાને નેમવિજયના શબ્દો પડયા. તે સાંભળવા એકાંતે ઉભા રહી ગયા. સુંદર શૈલીમાં ઉપદેશ તે સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા. મનમાં વિચાર્યું કે, "જો આને વ્યાખ્યાન વાંચવાની તક મળે, તો તેની શક્તિ ખીલે અને અજોડ વ્યાખ્યાન આપે." પછી પોતાને સ્થાને આવી બેસી ગયા.

જોતજોતામાં દિવસો વહી ગયા અને પર્યુષણા મહાપર્વના દિવસો આવ્યા.

એક-બે અને ત્રણ દિવસ પર્યુષણના પુરા થયા. ચોથે દિવસે પૂજ્ય ગુરૂદેવે શેઠ જસરાજભાઈને બોલાવીને સૂચના કરી કે, જસરાજભાઈ! આવતી કાલે વ્યાખ્યાન નેમવિજય વાંચશે.

શેઠે આશ્ચર્ય સાથે પૂછયું: 'શું?' કહો છો?' હું ખરોખર કહું છું. શેઠ! મને ખાત્રી છે કે એ વ્યાખ્યાન જરૂર વાંચશે.

અનન્ય ગુરૂભક્ત જસરાજભાઈ એ વાતને 'તહત્તિ' કહી સ્વીકારી લીધી. ગુરૂવચનમાં તેમને સંપૂર્ણ શ્રદ્ધા હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજો દિવસ થયો પૂજ્ય ગુરૂદેવે પોતાના પ્રશિષ્ય મુનિ શ્રી ચારિત્રવિજયજીને બધી વાત સમજાવી દીધી, કે આ પ્રમાણે કરવાનું છે. વ્યાખ્યાનનો સમય થયો, એટલે પૂજ્ય ગુરૂદેવે શ્રી નેમવિજયજીને બોલાવીને ફરમાવ્યું: "નેમવિજય! આ સુબોધિકાના પાના લઈને વ્યાખ્યાનમાં જા." આમ કહીને સુબોધિકાની પ્રાચીન હસ્ત લેખિત પડિમાત્રાવાળી પ્રત તેમના હાથમાં આપી. *

વિનયી શિષ્યના મુખમાં 'તહત્તિ' સિવાય બીજો શો જવાબ હોય? તેમણે જવાની તૈયારી કરી, ત્યાંજ શ્રી ગુરૂદેવે કહ્યું: "કપડો કેમ આવો મેલો પહેર્યો છે લે, આ મારો કપરો પહેરી જા." જોઈ કૃપાળુ ગુરૂદેવની કેવી કૃપા! કપરો પણ પોતાનો આપ્યો.

એમ જ થયું. મનમાં જરા આશ્ચર્ય તો થયું, પણ એને શમતા વાર ન લાગી. "ગુર્વાજ્ઞા હતી ને?"

વ્યાખ્યાન સાંભળવા માટે તેઓ નીચેની પાટ પર બેસવા ગયા, ત્યાં જ પૂજ્ય ચારિત્રવિજયજી મહારાજે કહ્યું કે, ત્યાં નહિ, અહીં ઉપર આવો. મારી બાજુમાં બેસો.

પૂજ્યશ્રીએ પૂછ્યું: એમ કેમ?

---

* આ પ્રત આજે પણ ખંભાતના શ્રી વિજય-નેમિસૂરિ જ્ઞાન ભંડારમાં છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડીલ મુનિશ્રીએ કહ્યું: " હું કહું છું ને ! તમે ઉપર બેસો." અહીં પણ આશ્ચર્ય થયું. પણ વડીલની આજ્ઞા હતી. એટલે ઉપર બેઠા.

મંગલાચરણ કરીને વ્યાખ્યાન શરૂ થયું. એકાદ પાનું વંચાયું, કે તરત જ મુનિ શ્રી ચારિત્રવિજયજી મહારાજે પચ્ચક્ખાણ આપવાની હાકલ કરી.

" આજે આમ કેમ, મહારાજ ? પચ્ચક્ખાણની ઉતાવળ કેમ ? હજી તો ઘણી વાર છે." નેમવિજયજીએ પૂછયું. તેમની આશ્ચર્ય પરંપરા વધતી જ જતી હતી. હજી સુધી તેમને કલ્પના સરખીય નથી કે મારે વ્યાખ્યાન વાંચવાનું છે.

જવાબ મળ્યો: પર્વ દિવસોમાં જલ્દી પચ્ચક્ખાણ આપી દઈએ તો તપસ્વીઓને અનુકૂળતા રહે. અને પચ્ચક્ખાણ અપાઈ જતાં જ પૂજ્યશ્રીના હાથમાં પાના આપી–સોંપીને મુનિશ્રી ચારિત્રવિજયજી પાટ પરથી ઉપરી ગયા.

પૂજ્યશ્રીએ પૂછયું: " આ શું ? આપ કેમ ઉતરી ગયા ?"

તેઓએ સસ્મિત વદને જવાબ આપ્યો: પૂજ્ય ગુરૂ મહારાજની આજ્ઞા છે, કે બાકીનું વ્યાખ્યાન તમારે વાંચવું. આમ કહી તેઓ જતા રહ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રી તો ભારે વિસ્મય પામ્યા અને વિમાસણમાં પડી ગયા. તેમને હવે સમજાયું કે પૂજ્ય ગુરૂદેવે આજે કેમ પોતાને મોકલ્યા હતા. પછી તો તરતજ તેઓએ ગુરૂમહારાજની આજ્ઞાને શિરોધાર્ય ગણી સભા સમક્ષ અસ્ખલિત વાગ્ધારાથી રોચક શૈલીમાં અક્ષુબ્ધપણે વ્યાખ્યાન ચલાવ્યું, અને સમગ્ર સભાને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધી.

શેઠ જસરાજભાઈ વગેરે અબાલ–વૃદ્ધજનોએ તેઓશ્રીની આવી વિદ્વત્તાની ખૂબ ખૂબ પ્રશંસા કરી. પૂજ્ય ગુરૂ મહારાજ ખૂબ સંતુષ્ટ થયા. થાય જ ને ? તેમનો શિષ્ય ઉપરનો વિશ્વાસ સંપૂર્ણ રીતે સફળ બન્યો હતો. તેઓશ્રી પોતાના આ તેજસ્વી તેમજ આશાસ્પદ શિષ્ય ઉપર અંતરના આશીર્વાદ વરસાવી રહ્યા.

આપણા ચરિત્ર નાયકશ્રીના જીવનનો આ અનુપમ પ્રસંગ હતો.

આખાય ભાવનગરમાં સહુ નવાઈ પામ્યા. અને ઘરે ઘરે વાતો થવા લાગી કે " આજે તો નવા મહારાજ મુનિશ્રી નેમવિજયજીએ બહુ જ સુંદર પહેલ વહેલું કલ્પસૂત્રનું વ્યાખ્યાન વાંચ્યું."

પછી તો કોઈને કોઈ પ્રસંગે વ્યાખ્યાનકાર બીજા કોઈ જરૂરી કામે રોકાયા હોય, ત્યારે આપણા ચરિત્ર નાયકશ્રીના વ્યાખ્યાનો થતા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ અગીયારમું..................

# દેહનો શો રાગ ?

પત્થરમાંથી પ્રતિમાનું સર્જન કરવાનું કામ સહેલું નથી. તેમ મોહ, અજ્ઞાન, રાગ–દ્વેષ આદિથી ખીચોખીચ મનના સમગ્ર પ્રદેશોમાં પરમાત્મભાવનું નિર્માણ કરવાનું પણ અતિ કઠિન છે. એ સારી રીતે સમજતા પૂજ્ય શ્રી નેમવિજયજી મહારાજે દીક્ષા લીધી તે દિવસથી જ પોતાંના પૂજ્ય ગુરૂ મહારાજની આજ્ઞામાં રહીને ભાવ–નિર્ગ્રન્થતા પેદા કરનારા શાસ્ત્રોના અભ્યાસમાં બરાબર પરોવાઈ ગયા.

પૂજ્યશ્રીનો શાસ્ત્રાભ્યાસ જેમ જેમ આગળ વધવા માંડયો તેમ–તેમ તેઓશ્રીની અભ્યાસ ભૂખ પણ વધવા માંડી. જોત જોતામાં સાધુ ક્રિયાના સૂત્રોને ચાર પ્રકરણો અર્થ સાથે કરી લીધા.

એટલે આ પ્રથમં ચોમાસા દરમ્યાન જ પૂજ્ય ગુરૂ મહારાજે તેમને સિદ્ધાંત ચન્દ્રિકા નામનું વ્યાકરણ ભણાવવા શ્રી મણિશંકર ભટ્ટ નામના શાસ્ત્રીને રોકયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રીજીએ આજ સુધી અનેકને ભણાવ્યા હતા. પણ પૂજ્યશ્રીના અભ્યાસની લગન પ્રીતિ, સ્મરણશક્તિ વગેરે જોઈને દિંગ થઈ ગયા. ચોમાસા દરમ્યાન જ તેઓશ્રીએ "સિદ્ધાન્ત ચન્દ્રિકા" નો અભ્યાસ પૂરો કરી લીધો.

હોનહાર શિષ્યની મહાન આત્મશક્તિ જોઈને પૂજ્ય ગુરૂદેવને અતિ હર્ષ થયો.

ગહન શાસ્ત્રોમાં પણ આ મુનિરાજ સરળતાથી પ્રવેશ કરી શકશે એવા વિશ્વાસ સાથે તેઓશ્રીએ પૂજ્યશ્રીને બોલાવીને કહ્યું કે તમે કૌમુદી વ્યાકરણ ભણો તો સારૂં.

સાહેબ જી ! આપની ભાવના પ્રમાણે હું કૌમુદી વ્યાકરણ ભણવા તૈયાર છું. પુજ્યશ્રીએ વિનીતભાવે જવાબ આપ્યો.

તે કાળમાં સાધુ ભગવંતોમાં શસ્ત્રાભ્યાસ ઓછો હતો. તેમાંય સિદ્ધાંત કૌમુદી ભણવાની વાત સાંભળીને ભલભલા ફફડતા હતા.

પણ તત્વરૂચિવાલા ચારિત્રનાયકશ્રી તે વ્યાકરણ ભણવા તૈયાર થઈ ગયા. શ્રુત રૂપી અમૃતના પાનની તેઓશ્રીની તૃષા અનુપમ હતી.

આ વ્યાકરણ ભણાવનારા પણ તે કાળમાં બહુ ઓછા હતા. છતાં પૂજ્યશ્રીની ભણવા માટેની તત્પરતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈને પૂજ્ય ગુરૂ મહારાજે ઘણી મહેનતે તે વખતે રાજ્યના શાસ્ત્રીજી માટે તજવીજ કરાવી. ભાવનગર રાજ્ય તરફથી એક "સંસ્કૃત પાઠશાળા" ચાલતી હતી. તેમાં મુખ્ય શાસ્ત્રી તરીકે શ્રી ભાનુશંકરભાઈ નામના મહા વિદ્વાન પંડિત હતા. તેઓ મહારાજા શ્રી તખ્તસિંહજીને હંમેશાં શ્રી ગીતાજી વિગેરે સંભળાવતા હતા. સિદ્ધાન્ત-કૌમુદી વિગેરે તેઓ ખૂબ સરસ ભણાવતા. આમ તો તેઓ બીજે ક્યાંય ભણાવવા જતા નહિ, પણ પૂજ્ય ગુરુદેવના ભક્ત શ્રી પાનાચંદભાઇ ભાવસાર નામના એક સદ્ગૃહસ્થની લાગવગથી ને ના. મહારાજા સાહેબનો હુકમ થવાથી તેઓ આપણા પૂજ્ય મુનિશ્રીને ભણાવવા માટે ઉપાશ્રયે આવવા લાગ્યા. "ભાગ્યશાળીને ભૂત રળે" તે આનું નામ.

પૂજ્ય ગુરૂદેવના આશીર્વાદ લઈને પૂજ્યશ્રીએ એક શુભદિવસે 'સિદ્ધાન્તકૌમુદી' વ્યાકરણનો પ્રારંભ કર્યો.

રોજના ૧૦૦ શ્લોકો કંઠસ્થ કરવા તે તેમને મન સરળ વાત હતી. સાથોસાથ સાધુની સઘળી સમાચારીનું પણ બરાબર પાલન કરતા હતા.

તીવ્ર સ્મરણ શક્તિ અને વિશિષ્ટ ક્ષયોપશમના કારણે પૂજ્યશ્રી કઠિન પદાર્થોને સુગમતાથી હૃદયંગમ કરી દેતા.

પહેલા દિવસનો પાઠ સંભળાવી જતા એટલે શાસ્ત્રીજી તેઓશ્રીને નવો પાઠ આપતા. ક્યાંક ક્યારેક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાના–માત્રા અગર બિંદુની ભૂલ તરફ શાસ્ત્રીજી ધ્યાન ખેંચતા તો પૂજ્યશ્રી આભારની લાગણી સાથે તે ભૂલ સુધારીને વિદ્યાના અર્થીપણાનો પરિચય આપતા.



પંડિતજી પાસે મુનિશ્રી નેમવિજયજી ભણે છે.

પંડિત શ્રી ભાનુશંકરભાઈ પ્રખ્યાત-બુદ્ધિમાન શાસ્ત્રીજી હોવાથી તેમની પાસે કોઈવાર અન્યદેશીય પંડિતો આવતા. ત્યારે તેઓ એ બધાની પાસે પૂજ્યશ્રીની ખૂબ તારીફ કરતા અને પૂજ્યશ્રીને તે બહારથી આવેલા વિદ્વાન સાથે શાસ્ત્રાર્થ પણ કરાવતા, તેઓશ્રીની વ્યાકરણ વિષયક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસ્થિતિ તથા બોલવાની છટા જોઈને જ પેલા અંજાઈ જતા.

પોતાના વિદ્યાર્થીની અદ્‌ભૂત શક્તિથી ખૂબ ખૂબ પ્રસન્ન થતા.

વિદ્વાનોની પરિભાષામાં "ગૌમુખ" ગણાતા વ્યાકરણને પૂજ્ય ગુરૂદેવ પોતાની વિશિષ્ટ શક્તિને કારણે ગુઢાર્થને પણ સરળતાથી સહુને સમજાય તેવી સરળ શૈલીમાં સમજાવતા.

એક વાર એવું બન્યું કે ભાવનગરના વતની શ્રી નાથાલાલ નામના ભાઈ ખાસ અભ્યાસ માટે કાશી ગયા હતા. તે ત્યાં ભણી ગણીને પંડિત થઈને પાછા ભાવનગરમાં આવ્યા. એક તો કાઠીયાવાડી–દેશી–માણસ એમાં વળી પાછા ભણીને પંડિત થયા. તેય કાશી જઈને, એટલે જાણે સરસ્વતીની મ્હોર લાગી ગઈ.

પંડિત શ્રી ભાનુશંકરભાઇએ કોઈ પ્રસંગ મળ્યો એટલે તેમની પાસે આપણા ચરિત્રનાયકશ્રીની સહજ પ્રશંસા કરી, તો તેમણે ચેલેંજ મૂકી કે "મારી સાથે શાસ્ત્રાર્થ કરાવો." પ્રસંગ આવતાં પૂજ્યશ્રીને વાત કરી એટલે તેઓશ્રીએ તેમની ચેલેંજ સ્વીકારી લીધી. "સિદ્ધાંત-કૌમુદી" વિષયક શાસ્ત્રાર્થ શરૂ થયો. પંડિત ભાનુશંકર તટસ્થ બન્યા અને પૂજ્યશ્રીની અસ્ખલિત વાગ્ધારા સાંભળીને પેલા નાથાલાલભાઇ થોડીવારમાં જ ઢીલા પડી ગયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી સમજાય છે કે પૂજ્યશ્રી ટૂંકા સમયમાં કેવા તૈયાર થયા હશે ? અને એમણે ભણાવનાર શાસ્ત્રી પણ કેવા વિદ્વાન હશે ?



પૂજ્યશ્રી અન્ય સાધુને ભણાવે છે.

અભ્યાસ કરવાની સાથે સમય કાઢીને પૂજ્યશ્રી અન્ય મુનિરાજોને મહા કાવ્યોનો અભ્યાસ પણ કરાવતા. પોતાના વડીલ ગુરુભાઈ પૂ. મુનિશ્રી ધર્મવિજયજી મહારાજ (કાશીવાળા પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ)ને પણ તેઓ 'રઘુવંશ' વગેરેનો પ્રેમપૂર્વક અભ્યાસ કરાવતા.

આ અરસામાં પૂજ્યશ્રીને પૂર્વ કર્મના બળે તાવ લાગુ પડ્યો. તાવમાં વધઘટ થાય પણ નિર્મૂળ ન થાય, જરૂરી નિર્દોષ ઉપચાર કરવા છતાં હઠીલો તાવ સાવ ન ગયો. તેની અસર પૂજ્યશ્રીની આંખો પર થઈ. આંખના ડાક્તરને બતાવતાં તેમણે અભિપ્રાય આપ્યો કે આંખો સાવ સારી નહિ થાય. આ કારણથી ભણવામાં અંતરાય પડવા લાગ્યો તેનાથી પૂજ્યશ્રીને દુઃખ થયું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમારી આંખો સાવ સારી નહિ થાય. એવા દાક્તરી અભિપ્રાયથી કોઈ માઠી અસર પૂજ્યશ્રીના મન પર ન થઈ. જ્યારે શાસ્ત્રાભ્યાસમાં પડતા અંતરાયથી તેઓશ્રી મન દુઃખ અનુભવવા લાગ્યા તે જાણીને પૂજ્ય ગુરૂમહારાજે તેમને વાત્સલ્યપૂર્વક કહ્યું. "તમને દેહની મમતા નથી. તે સારી વાત છે. પણ ધર્મની આરાધનામાં સહાયક દેહની સરિયામ ઉપેક્ષા કરવી તે, તે અપેક્ષા એ ઉચિત ન ગણાય. માટે તમે હું કહું તે મુજબ આંખનો ઈલાજ કરો."

પૂજ્ય ગુરૂદેવનાં ગંભીર હિતવચનો સાંભળીને પૂજ્યશ્રી બોલ્યા. "ફરમાવો, આપશ્રીની આજ્ઞા મારે શિરોધાર્ય છે."

"તો તમે ઉનાળો આવે એટલે કેરીનો ઔષધરૂપે પ્રયોગ કરજો. પંજાબમાં કોઈને આંખનો રોગ થાય છે. તો તેને કેરીનો રસ આપવામાં આવે છે. એનાથી આંખનું તેજ વધે છે. એવો અનેક પંજાબીઓનો અનુભવ છે."

પંજાબમાં જન્મેલા પૂજ્ય ગુરૂદેવની આ વાત સ્વીકારીને પૂજ્યશ્રીએ કેરીનો ઋતુ–કાળ (ઉનાળો) આવ્યો એટલે તેનો માત્ર ઔષધ રૂપે પ્રયોગ શરૂ કર્યો. તેનાથી તેઓશ્રીને કંઈક રાહત થઈ, છતાં અભ્યાસમાં પૂર્વવત્ વેગ ન આવ્યો એટલે કૌમુદી વ્યાકરણ પુરૂં ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય ત્યાં સુધી છ વિગઈ ન લેવાનો આકરો નિયમ લીધો, અને વિ. સં. ૧૯૪૬ નું ચોમાસું પણ ભાવનગરમાં જ ગાળ્યું. આ ગાળામાં તેઓશ્રીએ 'માઘ' 'નૈષધ' વગેરે મહાકાવ્યોનું અધ્યયન પણ કરી લીધું.

આજે જ્યારે દેહની મમતાની માઠી હવા ઠેઠ ઉપાશ્રયો સુધી પહોંચી રહી છે, ત્યારે પૂજ્યશ્રીના સચ્ચારિત્રમય જીવનની આ ઘટના ખરેખર અધિક પ્રેરક તેમજ માર્ગદર્શક નીવડે છે, શ્રી જિનાજ્ઞાને ત્રિવિધે સમર્પિત થયેલા સાધુ ભગવંતો તથા સાધ્વીજીઓનું ધ્યાન ખરેખર ક્યાં રહેવું જોઈએ તેનો સચોટ દાખલો પૂરો પાડે છે.

અનિવાર્ય સંજોગોમાં જરૂરી નિર્દોષ ઔષધ, પોતાના પૂજ્ય ગુરૂદેવની આજ્ઞા અનુસાર લેવું પડે તે બરોબર પણ ઔષધ લેવા તરફનો ઝોક સારો ન જ ગણાય. તેની માઠી અસર શ્રાવક-શ્રાવિકાવર્ગ ઉપર પડે જ છે.

પૂજ્યશ્રીએ તો તબીયત હજી નરમ હોવા છતાં શાસ્ત્રાભ્યાસને અગ્રીમતા આપીને છ વિગઈનો ત્યાગ કર્યો તે હકીકત જ તેઓશ્રીની આત્મનિષ્ઠા, આજ્ઞાનિષ્ઠા તેમજ શાસનનિષ્ઠા કેટલા પ્રાણવંત હતાં તે પુરવાર કરે છે. આવા સાધુ-મહાત્માઓની આંતરિક પવિત્રતા એ જ આ વિશ્વનું મંગળકારી બળ છે તેમાં કોઈ સંદેહ નથી. માટે કહેવાયું છે કે,

'ધન્ય-ધન્ય શાસન સેવક (મંડણ) મુનિવરા.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ બારમું...............

# વડી દીક્ષા અને અભ્યાસનો વેગ

પરમ પૂજ્ય તપાગચ્છાધિરાજ ગણિવર્ય શ્રી મૂળચંદજી મહારાજ ( શ્રી મુક્તિવિજયજી મહારાજ ) સં. ૧૯૪૫ ના માગસર વદી ૬ ના દિવસે કાળધર્મ પામતાં, સાધુ સાધ્વીઓને યોગોદ્વહન કરાવી, વડી દીક્ષા આપે એવું કોઈ ન રહ્યું; એ કારણે પૂજ્યશ્રી બુટેરાયજી મ. સા. ના સમુદાયમાં ઘણા સાધુ સાધ્વીજીઓનીવડી દીક્ષા અટકી હતી; તે બાબતમા ઉકેલ લાવવા માટે પૂજ્ય મુનિવર શ્રી નીતિવિજયજી મહારાજે સમુદાયના નાયક અને પોતાના વડીલ ગુરૂબંધુ પૂજ્ય મુનિશ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબને પૂછાવ્યું કે “ હાલ થોડા સમય માટે ‘ મહાનિશીથ ’ ના યોગ કરી ચૂકેલા સાધુ મહારાજ પાસે વડી દીક્ષા કરાવી લઇએ તો કેમ ? ”

પૂજ્ય મહારાજશ્રીએ જવાબમાં જણાવ્યું કે, “ આ રીતે આપણે પરંપરા ઓળંગવી એ ઠીક નહિ. થોડો સમય ચલાવી લઈએ એ વધુ યોગ્ય છે.” શાસ્ત્રીય પરંપરાઓનું બહુમાન અને જતન કરવાની કેટલી સભાનતા પૂજ્ય ગુરૂદેવમાં હતી, તે આ જવાબ બતાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદ લવારની પોળના ઉપાશ્રયના અધિનાયક પૂજ્ય પંન્યાસશ્રી પ્રતાપવિજયજી ગણી મહારાજની પાસે યોગોદ્વહન તથા વડી દીક્ષા કરાવી લેવી. એવો વિચાર કરી નિર્ણય કર્યો, એટલે વિ. સં. ૧૯૪૬નુ ચાતુર્માસ પૂરું થયા પછી વિ. સં. ૧૯૪૭માં આપણા ચરિત્રનાયકશ્રી પૂજ્ય ગુરૂદેવની આજ્ઞાથી અન્ય મુનિરાજો સાથે ભાવનગરથી વિહાર કરીને અમદાવાદ પધાર્યા. પૂજ્ય પંન્યાસશ્રી પ્રતાપવિજયજી મહારાજે તેમને તથા બીજા સાધુઓને વિધિપૂર્વક યોગ કરાવીને વડી દીક્ષા આપી.

વડી દીક્ષા પછી પૂજ્યશ્રી થોડો સમય અમદાવાદમાં રોકાયા અને 'સિદ્ધાન્તકૌમુદી' નો અભ્યાસ પૂરો કરીને પૂજ્ય ગુરૂદેવની ભાવનાને સાકાર કરી; ત્યાંસુધી તેઓશ્રીએ છ વિગઈના ત્યાગનો નિયમ બરાબર સાચવ્યો.

પૂજ્યશ્રી ગુરૂદેવની સેવામાં હાજર થવા માટે અમદાવાદથી ભાવનગર વિહાર કરવાના હતા. તે વખતે પૂજ્ય મુનિશ્રી સિદ્ધિવિજયજી મહારાજે ( પછી શ્રી આ. શ્રીસિદ્ધિસૂરિજી મ. ) એક ભાવીકને દીક્ષા આપી પોતાના શિષ્ય કર્યા હતા. તેમનું નામ મુનિશ્રી પ્રમોદવિજયજી હતું. તેમની પાછળ કાંઈક તોફાન જેવું હોવાથી તેને અમદાવાદ રાખવા યોગ્ય નહી લાગવાથી તેમને આપણા ચરિત્રનાયકપૂજ્યશ્રીને પોતાની સાથે કાઠીયાવાડ લઇ જવા સોંપ્યા. બીજા સાધુઓ તે તરફ જવાના હતા, છતાંય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા પૂજ્યશ્રીની પ્રતિભા અને બુદ્ધિશક્તિ ઉપર તેમને પૂર્ણ વિશ્વાસ હોવાથી તેમની સાથે જ મોકલાવ્યા.

પૂજ્યશ્રીએ નૂતન મુનિને ખૂબ પ્રેમપૂર્વક સાચવીને પોતાની સાથે લઈ ગયા. કાઠીયાવાડ પહોંચ્યા બાદ ત્યાં વિચરતા તેમના (શ્રી સિદ્ધિવિજયજી મ. ના) સમુદાયના અન્ય સાધુઓને સોંપી દીધા.

આટલી નાની ઉંમરમાં પણ આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની સ્વ-પર સમુદાયના મુનિઓને સાચવવાની હોંશિયારી અને કાર્યદક્ષતા કેવી ઉત્તમ પ્રકારની હતી? તે એક નાનકડા પ્રસંગ ઉપરથી આપણને જોવા મળે છે.

શાન્ત મૂર્તિ પૂજ્ય મુનિ મહારાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ વૃદ્ધાવસ્થામાં પણ સાચા શાસનનિષ્ઠ હતા એટલે શરીરની ખોટી આળપંપાળમાં અટવાયા સિવાય ભાવનગરમાં રહીને પણ ધાર્મિક ક્ષેત્રોને સુન્દર બનાવવાનાં શ્રેષ્ઠ કાર્યો કરતા રહ્યા. શ્રી અમરચંદ જસરાજભાઈ શ્રી કુંવરજી આણંદજીભાઈ વગેરે શ્રાવકોના ધાર્મિક જીવનના ઘડતરમાં તેઓશ્રીના હિતોપદેશનો અણમોલ ફાળો હતો.

ભાવનગરની ભાવિ જૈન પ્રજામાં અનેક સુસંસ્કારો માટે ખૂબ ખૂબ પ્રયત્ન કરી પૂજ્યપાદ મુનિશ્રી વૃદ્ધિચંદ્રજી મહરાજશ્રીએ શાસનનિષ્ટાવાળા શ્રાવકો તૈયાર કરવા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તનતોડ ઉદ્યમ કર્યો હતો. જુના શ્રદ્ધાનિષ્ઠ શ્રાવકો આજે પણ પૂજ્યપાદ ગુરુદેવનો અનન્ય ઉપકાર માની રહ્યા છે. પૂજ્યશ્રી ભાવનગર પોતાનાં ઉપકારી ગુરૂદેવની સેવામાં હાજર થઈ ગયા, પોતાની સાથે આવેલા સૌ મુનિરાજ સાથે તેઓશ્રીએ ગુરૂદેવને ભાવપૂર્વક વંદના કરી. પૂજ્ય ગુરૂદેવે તેઓને અંતઃકરણના આશીષ આપ્યા.

આ અરસામાં પૂજ્યશ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજશ્રીનું આરોગ્ય કથળ્યું.

આરોગ્ય કથળવામાં નિમિત્તરૂપ મીઠાવાળું દુધ બન્યું ઘણા વર્ષો પહેલાં એવું બન્યું હતું કે, "શરતચૂકથી દુધમાં સાકરને બદલે મીઠું નાખેલું દુધ કોઈ શ્રાવિકાએ વહોરાવી દીધેલું." તે શ્રી મૂળચંદજી મહારાજ વહોરી લાવેલા અને પૂજ્ય શ્રી બુટેરાયજી મહારાજશ્રીએ ચાખીને કહ્યું, "મુલા! મેરી જીભ ખરાબ હો ગઈ, યહ દુધ કડુઆ (ખારા) લગતા હૈ."

આથી શરમાઈને પૂજ્યશ્રી મૂળચંદજી મહારાજ તે દુધ પીવા જતા હતા, ત્યાં પૂજ્યશ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજે તે દુધનું પાત્ર પોતાના હાથમાં લઈ લીધું અને બધું દુધ પોતે પી ગયા, તેથી તેમને સંગ્રહણીનું વ્યાધિ લાગુ પડ્યો, વ્યાધિ વચ્ચે પણ તેઓશ્રી સ્વ-પર ઉપકાર કરતા રહીને આત્મારાધના કરતા રહ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રેષ્ઠ પ્રકારના અનેક ઉપચારો કરવા છતાં આ વ્યાધિ દૂર ન થવાથી પૂજ્ય ગુરુદેવ વિહાર કરવાને અસમર્થ બની ગયા. તેથી જ છેલ્લા અગીયાર ચોમાસા તેઓશ્રીને ભાવનગરમાં કરવા પડ્યા.

આજ દિવસ સુધી–વર્તમાન કાળે પણ ભાવનગરની પ્રજા અને વર્તમાન આગેવાનો કૃતજ્ઞતા પૂર્વક પૂજ્યપાદ શ્રી વૃદ્ધિચન્દ્રજી ગુરુમહારાજ પ્રત્યે અનન્ય શ્રદ્ધાપૂર્વક વર્તન કરી રહ્યા છે. અર્થાત ઉત્તમ જનો ઉપકારીઓનું ઋણ કદિ ભૂલતા નથી.

એક યાદગાર પ્રસંગ ભાવનગર બન્યો હતો. તે આ રીતે–

"પૂજ્ય મુનિશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની તબીયતના કારણે અગ્યાર ચાતુર્માસ થયા હતા. અનેક ભાવિકોના ધાર્મિક જીવન ઘડતરના પોતે શિલ્પી હતા."

નાના મોટા સહુનું પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ભક્તિ અને ખૂબ શ્રદ્ધા હતી.

શ્રી અમરચંદ જસરાજ, શ્રી કુંવરજી આણંદજી વિગેરે આગેવાન શ્રાવકો તેઓશ્રી પાસે રાત્રે મોડેથી આવતા, અને અનેક પ્રકારની જ્ઞાનચર્ચા થતી. તેમાં બાર એક વાગ્યા સુધી મોડું થતું. પૂજ્ય ગુરુદેવ પરોપકારી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને દયાળુ સ્વભાવના હોવાને લીધે કોઈને કાંઈ જ કહેતા નહિ.

એક વખત આપણા ચરિત્રનાયકશ્રીને વાત કરતા કહ્યું: "જો નેમા! આ લોકો મોડા આવે છે અને આપણને ઉજાગરા થાય છે." આ સાંભળી તેઓશ્રીએ કહ્યું 'આપ સાહેબ કહો તો હું આ ભાવિકોને સહજ સૂચના આપી દઉં!'

પૂ. ગુરૂદેવે "સારૂં સારૂં" એમ કહી અનુમતિ આપી દીધી.

બીજે દિવસે હંમેશની જેમ સહુ આવ્યા. થોડીવાર થઈ હશે. ત્યાં આપણા ચરિત્રનાયકશ્રીએ સર્વને હસતા હસતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું 'તમે પૂજ્ય ગુરૂદેવની સેવાભક્તિ કરવા બહુજ મોડા આવો છો. તેથી પૂજ્યશ્રીને ઉજાગરા થાય છે, તેથી તબીયત વધુ બગડે છે. તમારે તો ઘેર જઈને ગાદલામાં સૂઈ જવાનું છે; પણ પૂ. મહારાજશ્રીની તબીયત બગડે છે.

શ્રી અમરચંદભાઇ વ. સર્વે સમજુ શ્રાવકો સહજમાં સમજીને પછી તો વહેલાસર આવી ધર્મ ચર્ચા કરી વહેલાસર ત્રિકાળ વંદના કરી, વહેલા જવા લાગ્યા. સમયસર પૂ. ગુરુદેવ પણ સંથારો કરવા લાગ્યા.

આપણા ચરિત્રનાયકશ્રી પણ પૂ. ગુરૂમહારાજની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી અનુપમ શાસન નિષ્ઠામાંથી પ્રેરણા લેતા તેમજ ગુરુમહારાજની સેવામાં પૂરતો ઉત્સાહ દાખવતા. વૈયાવચ્ચ ગુણ પણ તેઓશ્રીમાં બહુ જ સારો હતો.

આમ શાસ્ત્રાભ્યાસ, જિનભક્તિ, ગુરૂસેવા, ક્રિયા તત્પર, તપ વગેરે કરતો પુજ્યશ્રીએ સં. ૧૯૪૭નું ચાતુર્માસ પણ ભાવનગરમાં વીતાવ્યું.

આજે મને આ અગવડ છે. આટલી સગવડ મળે તો હું સારી રીતે અભ્યાસ કરી શકું. એવી તુચ્છ વાતોમાં સમય બગડ્યા સિવાય દિન-રાત શ્રેષ્ઠ પ્રકારની આરાધના કરતા, મુનિરાજ શ્રી નેમવિજયજીના સંસર્ગમાં આવનારા સહુ ઉપર, **સમય** ઉત્તમ ધર્મની આરાધના માટે છે, એ ઊંડી છાપ પડવા લાગી.

પરમપુજ્ય તપાગચ્છાધિરાજ ગણિવર શ્રીમૂલચંદજી મહારાજના મુનિશ્રી દાનવિજયજી મહારાજ નામના એક શિષ્ય હતા. તેઓ પંજાબના હતા. વ્યાકરણ અને ન્યાય શાસ્ત્રના અજોડ વિદ્વાન હતા. વ્યુત્પતિવાદ જેવા આકાર ગ્રંથો તો તેમને કંઠસ્થ જેવા હતા. તેમણે કચ્છમાં વિચરીને અનેક સ્થાનકવાસી સાધુઓને પ્રતીમાજીની શ્રદ્ધાવાલા બનાવ્યા હતા. સંવેગી માર્ગમાં અનુરાગી બનાવ્યા હતા.

તેઓશ્રી સં. ૧૯૪૬માં ભાવનગર પધાર્યા. એકાએક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીમાર પડ્યા. ત્યાં પૂજ્ય મુનિશ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજના વિનયી શિષ્યોની ઉત્તમ વૈયાવચ્ચથી તેઓશ્રીની તબીયત તરત સ્વસ્થ થઈ ગઇ.

તે વખતે પૂજ્ય મુનિ શ્રી દાનવિજયજી મહારાજના મન ઉપર આપણા ચરિત્રનાયકશ્રીની બુદ્ધિ-પ્રતિભાની સુંદર છાપ પડી હતી.

તેથી તેમને વિચાર આવ્યો કે "પૂર્વાચાર્યોએ રચેલા ન્યાય, વ્યાકરણ-વિષયક મહાન ગ્રંથોનો અભ્યાસ કરવામાં સાધુઓને જે અગવડ પડે છે; તેનું નિવારણ કરવું જોઈએ." આ વિચાર તેમને પૂજ્ય શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજને જણાવ્યો. તેઓશ્રીએ તેનું સમર્થન કર્યું. તમારી વાત બહુ સારૂ સારી છે.

સત્પુરૂષોના વિચારની પાછળ શુભ નિષ્ઠાનું પવિત્ર બળ કામ કરતું હોય છે. એટલે તેમના વિચારને અલ્પ કાળમાંજ મૂર્તસ્વરૂપ આપનાર નિમિત્તનો યોગ થઇ જાય છે.

અહીં પણ એમજ બન્યું. પૂ. શ્રી દાનવિજયજી મ.ને "**જૈન સંસ્કૃત પાઠશાળા**" સ્થાપવાનો વિચાર આવ્યો તે પછી તરતજ મુર્શિદાબાદના ધર્મનિષ્ઠ; ધનપતિ બાબુ **બુધ્ધિસિંહજી** શ્રી સિધ્ધાચલ મહાતીર્થની યાત્રા કરીને ભાવનગર આવ્યા. તે વખતે પૂજ્ય મુનિશ્રી દાનવિજય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહારાજે શ્રી પાલીતાણામાં એક સંસ્કૃત પાઠશાળા સ્થાપવાની તેમને પ્રેરણા કરી. ઉદાર દિલના એ બાબુસાહેબે પોતાના તરફથી ત્રણ વર્ષનો સંપુર્ણ ખર્ચ આપવાનું સ્વીકાર્યું. આ જોઈને ભાવનગરના આગેવાન શેઠશ્રી જસરાજભાઇ સુરચંદ વોરા તથા શ્રી આણંદજી પુરૂષોત્તમભાઈ વિગેરે પણ પોતાના તરફથી યથાશક્તિ સારી એવી રકમ આપવાની જાહેરાત કરી.

આપ અલ્પકાળમાંજ જરૂરી પૈસા વગેરેની સગવડ થવાથી શ્રીસિદ્ધાચલની છત્રછાયામાં એક સંસ્કૃત પાઠશાળા સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું.

વિ. સં. ૧૯૪૮નું ચાતુર્માસ ભાવનગરમાં પૂજ્ય ગુરૂદેવની સાથે જ હતું. તેઓ અહીં શાસ્ત્રીજી પાસે વ્યાકરણ તથા ન્યાયશાસ્ત્રના આગળના ગ્રંથોનું અધ્યયન કરી રહ્યા હતા.

આ વર્ષ દરમ્યાન આપણા ચરિત્રનાયકશ્રીને મુનિશ્રી દેવેન્દ્રવિજયજી નામના પ્રથમ શિષ્ય થયા હતા. (તેમની બાબત વધુ વિગતો તપાસ કરવા છતાં મળી નથી.)

વિ. સં. ૧૯૪૮ના ચોમાસામાં પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મહારાજના આશીર્વાદથી ભાદરવા સુદ છઠના દિવસે પાઠશાળા સ્થાપવામાં આવી. એનું નામ "શ્રી બુદ્ધિસિંહજી જૈન સંસ્કૃત પાઠશાળા" રાખ્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠશાળા શરૂ થઈ એટલે પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મહારાજને આપણા ચરિત્રનાયકશ્રી યાદ આવ્યા. શાસ્ત્રાભ્યાસની તેમની ધગશ યાદ આવી. એટલે તેમને ભાવનગર ખાતે બિરાજતા પૂ.શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજને પત્ર લખ્યો. તથા શ્રાવકો દ્વારા વિનંતી કરી કે, "મુનિ નેમવિજયજીને અત્રે ભણવા માટે મોકલવાની કૃપા કરો."

પૂ. ગુરૂદેવ પણ લાભાલાભનો વિચાર કરીને પોતાના વિનયી શિષ્યને પાલીતાણા ભણવા જવા માટે રાજી થઈને આજ્ઞા આપી.

આપણા ચરિત્રનાયકશ્રીને આગળ અભ્યાસ કરવાને અદમ્ય ઉત્સાહ હોવા છતાં પૂ. ગુરુદેવને આ સ્થિતિમાં છોડીને ભણવા જવાનો ઉત્સાહ ન જાગ્યો. તેમનું મન વાંચીને પૂજ્ય ગુરૂદેવ બોલ્યા: "નેમ! કાળ કાળનું કામ કરે છે, તેમ આપણે આપણું કામ કરવું જોઈએ."

ગુરૂદેવના વચનનો કહેવાનો મર્મ ઝીલીને પૂજ્યશ્રીએ પાલીતાણા તરફ વિહાર કર્યો પોતે પાલીતાણા પહોંચ્યા અને અભ્યાસમાં લાગી ગયા. અહીં ભાવનગરમાં થોડા દિવસો પછી પૂજ્ય ગુરુદેવની માંદગી વધતી ગઈ.

ભાવનગરનો સકળ સંઘ ખડે પગે પૂજ્ય ગુરૂદેવની સેવા કરવા લાગ્યો. શ્રેષ્ઠ વૈદ્યના શ્રેષ્ઠ ઉપચારો કરવા છતાં પૂજ્ય ગુરુદેવની તબીયત ઉત્તરોત્તર કથળવા લાગી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈશાખ સુદ સાતમના દિવસે પરમ પૂજ્ય ગુરૂદેવનો વ્યાધિ વધુ વકર્યો. શ્વાસનું જોર વધ્યું. ઉગ્ર વ્યાધિ છતાં પૂજ્ય ગુરૂદેવના મુખમાં 'અરિહંત-સિદ્ધ-સાધુ'નું જ ઉચ્ચારણ હતું. "જસ્સ મણે નવકારો, સંસારો તસ્સકિં કુણઈ?" એ શાસ્ત્ર વચન તેઓશ્રીને અસ્થિ મજ્જાવત્ બની ગયું હતું.

છેવટે શ્વાસોશ્વાસ પુરા થતાં અર્હત્ શાસનની પ્રભાવનામાં વૃધ્ધિ કરનારા પરમપૂજ્ય મુનિશ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબે વિ. સં. ૧૯૪૮ના વશાખ સુદ સાતમ સવારે સાડા નવ વાગે સ્વર્ગે સંચર્યા—(કાળધર્મ પામ્યા) ત્યાં હાજર રહેલા સર્વ મુનિવરો અને ભાઈ બહેનો ચોધાર આસુએ રડવા લાગ્યા. ઉપકારી મુનિ ભગવંતના ઉપકારોને યાદ કરી કરીને ડુચકા ભરવા લાગ્યા. તેઓશ્રીના શિષ્ય પરિવારની વ્યથા ન વર્ણવી શકાય તેવી હતી.

"ત્યાં તો ગુરૂ કરી ગયા કાળ....
ત્યાં તો ગુરૂ કરી ગયા કાળ....
મૂકી ... કો' ને લેવા સંભાળ....ત્યાં તો...."
હિંમત રાખી ધૈર્ય ધરીને,
મેળવ્યો જીવન કેરો તાલ....ત્યાં....તો...."

આઘાતજનક આ સમાચાર સાંભળીને આપણા ચરિત્રનાયકશ્રી અવાક બની ગયાં, તેમનો કંઠ રૂંધાઈ ગયો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંસુ થીજી ગયા, પગમાંથી જોર હટી ગયું. ઉપાશ્રયના એક ખુણામાં બેસીને વલોપાત કરવા લાગ્યા. કોઈ તેઓશ્રીને આશ્વાસન આપવાની હિંમત ન કરી શક્યું.

સાગરમાં આગ લાગતી નથી પણ જ્યારે લાગે છે, ત્યારે પ્રલયંકર નીવડે છે, નવયુગની જન્મદાત્રી નીવડે છે. તેમ પૂજ્યશ્રીના હૃદયસાગરમાં જન્મેલી આ ઉદાસીનતામાંથી ત્રિભુવન ક્ષેમંકર શ્રી જિનશાસનની ઉત્કૃષ્ટ સેવા ભક્તિ અને પ્રભાવના કરવાના દઢ નિર્ધાર રૂપ ઉષા પ્રગટી.

મહાન્ આત્માઓની એ એક ખાસ નિશાની છે કે, જે નિમિત્ત સંસારીઓને પછાડીને તેમની પીઠ પર સવાર બની જાય છે, તે જ નિમિત્તના પીઠ પર સવારી કરીને તેઓ મોક્ષ માર્ગની આરાધનામાં આગળ વધે છે. પિતાના અપમૃત્યુના નિમિત્તે દુનિયાને શ્રી સ્થૂલિભદ્રજી આપ્યા તેમ પોતાના અસીમ ઉપકારી પુજ્ય ગુરૂદેવના વિરહની વ્યથારૂપ નિમિત્તે દુનિયાને સૂરિસમ્રાટ આપ્યા.

વિ. સં. ૧૯૪૯નું ચાતુર્માસ પૂજ્ય મુનિરાજ શ્રી દાનવિજયજી મહારાજની નિશ્રામાંજ કર્યું. આ ચોમાસામાં આપણા ચરિત્રનાયક શ્રી સતત અધ્યયન અધ્યાપન કાર્યમાં તત્પર રહેવા છતાંય તેઓશ્રી દશતિથિ ઉપવાસ કરતા. જ્ઞાનાભ્યાસ છતાં તપની લગની કેવી !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠશાળામાં અધ્યયન-અધ્યાપન કાર્ય વેગ પૂર્વક ચાલી રહ્યું હતું. આ પાઠશાળામાં શ્રાવક વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરતા હતા. જેમાં શ્રી મોહનલાલભાઈ (પૂ. આ. શ્રી મોહનસૂરિજી તથા શ્રી વિઠલદાસ મગનલાલ ભટ્ટારક (પૂ. શ્રી ખાન્તિવિજયજી દાદાના શિષ્ય મુનિ શ્રી મોહનવિજયજી વગેરે મુખ્ય હતા.)

આ ચોમાસામાં પૂજ્યમુનિશ્રી દાનવિજયજી મહારાજે સ્વામિનારાયણ પંથના એક વિદ્વાન સાથે છ કલાક સુધી સંસ્કૃતમાં વાદ-વિવાદ કરી જયપતાકા મેળવી. તેમાં આપણા ચરિત્રનાયકશ્રીએ પણ મહત્ત્વનો અને પૂરક ભાગ લીધો હતો.

આપણા મહાન ચરિત્રનાયક પૂજ્ય મુનિશ્રી નેમવિજયજી મહારાજે પ્રથમ ચાર ચાતુર્માસ પોતાના પરમપૂજ્ય ગુરૂદેવની પુણ્યનિશ્રામાં ભાવનગરમાં જ કર્યા. પાંચમું ચાતુર્માસ પૂ. ગુરૂદેવની આજ્ઞાથી પાલીતાણામાં પૂજ્ય મુનિ શ્રી દાનવિજયજી મહારાજ (પંજાબી)ની નિશ્રામાં કર્યું.

આ પંચ વર્ષ દરમ્યાન પૂજ્યશ્રીએ સિદ્ધાંતચન્દ્રિકા. સિદ્ધાંતકૌમુદી, સિદ્ધહેમ શબ્દાનુશાસન, બુહદ્‌વૃત્તિ, તથા વ્યુત્પત્તિવાદ અને વ્યાકરણના બીજા મહાગ્રંથોનું અધ્યયન પણ કર્યું. અને પૂજય મુનિશ્રી દાનવિજયજી મહારાજ પાસે ન્યાય શાસ્ત્રના વિશિષ્ટ ગ્રંથો ભણ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




ચરિત્રનાયક શ્રી પુ. મુનિશ્રી દાનવિજયજી મ. પાસે ભણે છે.

'સિદ્ધહેમ-બૃહદ્વૃત્તિ' વ્યાકરણ જ્યારે પૂજ્યશ્રી ભણતા હતા ત્યારે તેઓશ્રીના અભ્યાસાર્થે તે મહા વ્યાકરણની શુદ્ધ પ્રત લખાવવામાં આવી હતી. આ પ્રત આજે પણ ખંભાતના શ્રીવિજયનેમિસૂરિ જ્ઞાન ભંડારમાં સુરક્ષિત છે. તેમાં ઠેર ઠેર ટિપ્પણીઓ ચિન્હો તેઓશ્રીએ કર્યાં હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ તેરમું.....................

# પ્રભાવક કાર્યોનો પ્રારંભ

વિ. સ. ૧૯૪૯ નું ચોમાસું પરમ પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મહારાજની નિશ્રામાં પૂરૂં કરીને પૂજ્યશ્રી નેમવિજયજી મહારાજ પરમોપકારી વડીલશ્રીની અનુજ્ઞા લઈને, તથા પૂ. મુનિશ્રી પ્રધાનવિજયજી મહારાજ સાથે પાલિતાણાથી વિહાર કરીને શ્રી ગિરનારજી તીર્થ તરફ વિહાર કર્યો. તીર્થભક્તિ તેઓશ્રીને હાડોહાડ વસેલી હતી. મહાતીર્થોની તારક શક્તિમાં તેઓશ્રીને અચળ શ્રદ્ધા હતી. વિષય કષાયના સતત મારથી મૂઢ બનેલા સંસારી જીવોને સાચી શાતા મહાતીર્થોમાં અનુભવવા મળે છે. તે તેઓશ્રી શાસ્ત્રના અભ્યાસ દ્વારા સારી રીતે સમજતા થયા હતા.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું સારી રીતે પાલન કરતા પૂજ્યશ્રી પાલીતાણાથી વિહાર કરતા કરતા જુનાગઢ પધાર્યા. આંખની જુની તકલીફ ઉભી હતી. એટલે જુનાગઢના શ્રાવકોના આગ્રહથી ત્યાં રહેતા શ્રાવક ડૉ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ત્રિલોવનદાસને આંખો બતાવી સારી રીતે આંખો તપાસીને ડોકટરે જણાવ્યું કે, "ઓપરેશન કરવું પડશે." પૂજ્યશ્રીએ ઓપરેશન કરાવવાની ના પાડી, 'ના' એટલા માટે કહી કે, જરૂરી નિર્દોષ ઉપચારથી શરીર પાસેથી જરૂર સેવા મળી રહે છે, એ ગુરૂવચન તેઓશ્રીના હૃદયમાં કોતરાઈ ગયું હતું.

શ્રી ગિરનાર મહાતીર્થાધિપતિ શ્રી નેમિનાથ દાદાની ભાવથી ભક્તિ કરીને તેઓશ્રીએ મનમાં ભાવના ભાવી. "હે નાથ! આપ મારી 'નેમ' બનજો આપશ્રીની આજ્ઞા મારી 'નેમ' હજો."

તેઓશ્રીની ચાલ વાક્છટા, વિદ્વતા ગંભીરતા અને સચ્ચારિત્રના પ્રભાવથી તેઓશ્રી જ્યાં જ્યાં જતા ત્યાં સ્વાભાવિક સત્કાર પામતા, વગર જાહેરાતે મોટો સમુદાય તેઓશ્રીને સાંભળવા એકઠો થઈ જતો.

સુખરૂપ તીર્થયાત્રા કરીને વંથલી, વેરાવળ વગેરે સ્થળોએ વિચરતા અનુક્રમે તેઓશ્રી જામનગર પધાર્યા.

સૂર્યના આગમન પૂર્વે ઉષા તેની છડી પોકારે છે. આવું જ કોઈ જ વિલક્ષણ વાતાવરણ ધર્મ મહાસત્તા મહાસંતોના આગમન પૂર્વ સર્જે છે.

એટલે પૂજ્યશ્રીએ જામનગરમાં પગલાં કર્યાં. તે પૂર્વે જ ત્યાંના શ્રી સંઘને તેઓશ્રીના ભવ્ય સામૈયા સત્કાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુપમ કેલ્લાસ થઇ ગયો અને વાજતે ગાજતે સાંઘેયું પૂજ્યશ્રીને ઉપાશ્રયે લઈ ગયો.

૨૧ વર્ષની વયના પૂજ્યશ્રીમાં શ્રી સંઘને ગચ્છાધિપતિના ગુણોના દર્શન થયા. વિદ્વત્તા, છતાં વિનમ્રતા અદ્ભૂત વક્તૃત્વ શક્તિ છતાં મૌનરૂચિ. ચાંદની જેવું સચ્ચારિત્ર છતાં નિરભિમાનિતા, ઊંડી સૂઝ બૂઝ છતાં સામાને ઉતારી પાડવાની તુચ્છ વૃત્તિનો અભાવ શ્રાવકો પાસે સગવડ માગવાની વૃત્તિનો અભાવ, છતાં સિઝાતા સાધર્મિકો માટે શ્રાવકોને પ્રેરણા કરવાની કરૂણાબુદ્ધિના સૌને પ્રસંગે પ્રસંગે અદ્ભુત દર્શન થતા.

પૂજ્યશ્રીના આવા મહાન ગુણોથી પ્રભાવિત થઇને જામનગરના શ્રી સંઘે તેઓશ્રીને ચોમાસું કરવાની ખાસ વિનંતી કરી. લાભાલાભનો વિચાર કરીને પૂજ્યશ્રીએ વિનંતીનો સ્વીકાર કર્યો. અને વિ. સં. ૧૯૫૦નું ચોમાસું જામનગરમાં નક્કી થયું.

પૂજ્યશ્રીનું આ પ્રથમ જ સ્વતંત્ર ચાતુર્માસ હતું. માથે શ્રી જિનાજ્ઞા હતી તે સાચું અને હૃદયમાં પરમોપકારી પૂજ્ય ગુરૂદેવ તો હતા જ.

સિંહ પંડે પોતાના પ્રતાપના બળે સમગ્ર વનનો સમ્રાટ બની રહે છે. તે જ રીતે સિંહવૃત્તિવંત પૂજ્યશ્રી પણ સ્વ ચારિત્રના પ્રભાવે આગવું વર્ચસ્વ સ્થાપીને વાતાવરણને ધર્મના રંગે રંગી દેતા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



જામનગરમાં પૂજ્યશ્રી વ્યાખ્યાન આપી રહ્યા છે.

તેઓશ્રીના આ પ્રભાવથી જામનગરના અનેક શ્રાવકો ઉપાશ્રયમાં નિયમિત હાજર રહીને શાસન અને ધર્મની વાતો જાણવાનો લાભ લેવા માંડયા. તેમાં ઝવેરી ઝવેરભાઈ (જબાભાઈ) દ્રવ્યાનુયોગના અભ્યાસી શ્રી કાળીદાસ વીરજીભાઈ, શ્રી કપુરચંદભાઈ, શ્રી સાંકળચંદ નારણભાઈ નગરશેઠ ધારસીભાઈ દેવરાજ. વકીલ ચત્રભુજભાઈ અને પ્રજ્ઞાચક્ષુ પંડિત શ્રી હંસરાજભાઈ મુખ્ય હતા.

થોડા દિવસોમાં પૂજ્યશ્રીની શાસ્ત્ર મર્મજ્ઞતાનો મહિમા આખા જામનગરમાં ફેલાઈ ગયો. તેનાથી આકર્ષિત થઈને જામનગરના તે વખતના ના. મહારાજા પણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીના દર્શનાર્થે આવ્યા હતા. પૂજ્યશ્રીએ તેઓશ્રીને ધર્મલાભ આપીને અનેકાન્તવાદનો–જૈન ધર્મનો અદ્ભુત મહિમા સમજાવ્યો.

કોને શું પીરસવું અને શું ન પીરસવું તેની અજબ કોઠા સૂઝ પૂજ્યશ્રીમાં હતી એટલે તેઓશ્રી પાસે આવનાર ભાગ્યે જ નિરાશ થઈને પાછો ફરતો આવનાર ગમે તે આશયપુર્વક આવે પણ સત્ય ધર્મના બોધ વડે તેનું મન મીઠું કરાવવાની અપાર કરૂણા તેઓશ્રી દાખવતા હતા.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ અનેક આગમશાસ્ત્રોનું તલસ્પર્શી અવગાહન કર્યું. પરમ પૂજ્ય આચાર્ય શ્રી શ્રી વિજયાનંદસુરીશ્વરજી મહારાજે પૂજ્યશ્રીને વાંચવા માટે 'શ્રી આવશ્યક સૂત્રનીસટીક (૨૨ હજારી) ની હસ્તલિખિત પ્રત મોકલાવી તે તેઓશ્રી સંપૂર્ણ વાંચી ગયા. અને તેની નકલ પણ સુંદર કરાવી લીધી.

બીજાં ઉપયોગી અનેક આગમ ગ્રંથો લહીયા પાસે લખાવી લીધા. શા. સૌભાગ્યચંદ કપુરચંદ આદિ ગૃહસ્થોએ એ આગમ લખાવવાનો સારો લાભ લીધો હતો.

જામનગર પૂજ્યશ્રીના ઉપદેશામૃતને ઝીલવામાં શૂરૂં નીવડ્યું.

રોજ વ્યાખ્યાનમાં ભાવિકોની ઠઠ જામે. સહુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાન્તિ, શિસ્ત, અને આદરપૂર્વક પૂજ્યશ્રીને સાંભળે. વ્યાખ્યાનની શૈલી પણ સહુને ગમે અને તત્ત્વની અદ્‌ભુત વાતો પણ સહુને ગમે.

પૂર્વ પુરુષોના પગલે પૂજ્યશ્રી પણ વ્યાખ્યાનની શરૂઆત કરતા. તેમાં શ્રી જિનાજ્ઞાને કેન્દ્રમાં રાખતા પછી ક્યારેક અહિંસાની અમરવેલનાં પ્રભાવ રજુ કરતા. ક્યારેક દાનની નિર્મળ ગંગાના પ્રવાહની ઉપકારતા સમજાવતા. ક્યારેક તપના તેજની તાકાત ઉપર બોધ આપતા બધા વ્યાખ્યાનોમાં શીલની શાશ્વત સુવાસને એવી રીતે વણી લેતા કે શ્રોતાઓ મુગ્ધ બની જતા તેમના કંઠમાં કાઠિયાવાડના પર્વતોની દૃઢતા રહેતી. વાણીમાં સરિતાની પવિત્રતા અને તાલબદ્ધતા.

આથી જામનગરના શ્રી સંઘમાં એક એવી હવા બંધાઈ ગઈ કે, "વ્યાખ્યાન તો ભાઈ શ્રી નેમવિજયજી મહારાજ સાહેબનું! પાટ પર બિરાજીને બોલવા માંડે છે એટલે એમ જ લાગે છે કે કલિકાલ સર્વજ્ઞના સગા ભાઇ. અને ઉપદેશમાં નિર્મોહ્યતાને દેશવટો આપવાની જે વાત તેઓશ્રી જે ખુમારી સાથે રજુ કરે છે તેનાથી તો અમારા રૂંવાડા ઊભા થઇ જાય છે.

જેવી વેધક પુજ્યશ્રીની વાણી હતી. તેવું જ પારદર્શક તેઓશ્રીનું ચારિત્ર હતું. એટલે શ્રોતાઓ પર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સારો પ્રભાવ પડતો હતો. તેમજ તેની ઊંડી અસર દીર્ઘ કાળ સુધી તેમના જીવન પર રહેતી હતી.

તેઓશ્રીની આવી પ્રભાવક શકિતથી પ્રભાવિત થઈને ડાહ્યાભાઈ નામના એક પ્રતિષ્ઠિત ગૃહસ્થને દીક્ષા લેવાની દૃઢ ભાવના જાગી.

તેમણે આ વાત પોતાના મોટાભાઈને કરી. એટલે તેઓ મજાક કરતા બોલ્યા, તું કેટકેટલાં વ્યસનોથી ઘેરાએલો છે. એ તો વિચાર! દીક્ષા લેવી એ કંઈ પાન ચાવવા જેવી સહેલી બાબત નથી. દીક્ષામાં તો અનેક મુશ્કેલીઓને ચાવવી પડે છે.

મુમુક્ષુ ડાહ્યાભાઈ પોતાના નામ પ્રમાણે ડાહ્યા હતા. એકવાર જે નિર્ણય કરતા તેને વળગી રહેવાના, દૃઢ મનોબળવાળા હતા; એટલે તેમણે પોતાના વડીલ બંધુ શ્રી ટોકરશીભાઇના દેખતાં બીડી–બાકસ વગેરે તોડીને ફેંકી દીધાં તેમજ અન્ય વ્યસનોના ત્યાગની જાહેરાત કરી.

આથી ટોકરશીભાઈને લાગ્યું કે મારી મજાક મને જ મોંઘી પડી જશે. આ ડાહ્યો કેવા મક્કમ સ્વભાવનો છે તે હું જાણું છું. આમ વિચારીને તેમણે વાતનો વળાંક આપતાં ડાહ્યાભાઈને કહ્યું. “ભાઇ! તું તો મારો જમણો હાથ છે. તું દીક્ષા લે એટલે હું અપંગ બની જાઉં. માટે હું તને દીક્ષા નહિ લેવા દઉં”



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચર્ચામાં ઉતર્યા સિવાય ડાહ્યાભાઈ પોતાના મોટા ભાઈને લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા અને વંદન કરીને દીક્ષા લેવાની પોતાની ભાવના વ્યક્ત કરી.

પૂજ્યશ્રીએ એક નજરમાં ડાહ્યાભાઈનું પોત પારખીને તેમની ભાવનાને બિરદાવી.

આ સાંભળી ટોકરશીભાઈ અકળાયા ગરમ થઈને બોલ્યા. "હું જોઉં છું, મારા ભાઈને મારી રજા સિવાય કોણ દીક્ષા આપે છે ?"

આ સાંભળીને પૂજ્યશ્રી ગર્જ્યા "બકવાસ બંધ કરો. બહાર જઈને યોગ્ય નિર્ણય કરીને મારી પાસે આવો. દીક્ષાના સ્વ-પર ઉપકારક સ્વરૂપને સમજ્યા સિવાય દીક્ષા બાબતમાં **જેમ તેમ બોલી નાખવાના રોગને નાબુદ કરવા હું જન્મ્યો છું.** એ ન ભૂલશો."

આથી બંને ભાઈઓ દબાઈ ગયા. ટોકરસીભાઈ તો ઘર ભેગા થઈ ગયા અને ડાહ્યાલાલ ત્યાં જ બેસી રહ્યા. પછી પૂજ્યશ્રીની ક્ષમા માગીને ડાહ્યાભાઈ બોલ્યા, "સાહેબજી ! મારા ભાઈનો સ્વભાવ જ એવો આકરો છે. માટે આપશ્રી માઠું ન લગાડશો."

"મને કોઈ ક્રોધ કરે તેની અસર થતી નથી પણ દીક્ષા માટે ઘસાતું બોલે છે, ત્યારે જ મારે કડક થવું પડે છે. હવે તમારી શી ભાવના છે તે કહો પૂજ્યશ્રીએ પુછયું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડાહ્યાભાઈએ દીક્ષા લેવાનો પોતાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કરીને તુરતમાં આવતા શુભ મુહૂર્તે દીક્ષા આપવાની વિનંતી પૂજ્યશ્રીને કરી.

પૂજ્યશ્રીએ તે પછી નજીકમાં આવતા શુભ દિવસે દીક્ષા આપવાનું નક્કી કર્યું.

નિરાંત અનુભવતા ડાહ્યાભાઈ ઘેર પાછા ફર્યા, ત્યાં જાણવા મળ્યું કે તેમના મોટાભાઈએ કોર્ટમાં દીક્ષા સામે મનાઈ હુકમ મેળવવા અરજી દાખલ કરી દીધી છે.

ડાહ્યાભાઈ તરત પૂજ્યશ્રી પાસે ગયા અને કહ્યું, "સાહેબજી! મારા ભાઈએ મને દીક્ષા લેતાં અટકાવવા મનાઈ હુકમ મેળવવા માટે કોર્ટમાં અરજી કરી છે, પણ હું મક્કમ છું. નક્કી કરેલા મુહૂર્તે જ મારે દીક્ષા લેવી છે. અને મુહૂર્ત ચૂકવું નથી. કદાચ તે પહેલાં મનાઈ હુકમની બજવણી થાય તો આપશ્રી કોર્ટમાં પધારીને જે તે હકીકત રજુ કરવાની કૃપા કરશો. હું સાથે જ રહીશ અને મારો મક્કમ નિર્ણય જાહેર કરીશ."

પરિસ્થિતિનું મૂલ્યાંકન કરીને પૂજ્યશ્રીએ હા પાડી. પણ શ્રી સંઘમાં વાત ફેલાઈ ગઈ કે ટોકરસીએ દીક્ષા વિરુદ્ધ અરજી કરી છે. એટલે શાણા શ્રાવકોએ ટોકરશીભાઈને સમજાવ્યા. દીક્ષામાં અંતરાય નાખવાના કેવાં પરિણામો આવે છે, તે વાત વિગતે કરી. એટલે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટોકરશીભાઈ સમજી ગયા. કોર્ટમાંથી અરજી પાછી ખેંચી લીધી અને પોતાના ભાઈની ભાગવતી દીક્ષા નિમિત્તે ભાવપૂર્વક સુંદર અઠ્ઠાઈ મહોત્સવ કર્યો.

શુભ મુહૂર્તે ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં ઉલ્લાસ મય વાતાવરણ વચ્ચે પૂજ્યશ્રીએ શ્રી ડાહ્યાભાઈને ભાગવતી દીક્ષા આપી. તેમનું નામ મુનિશ્રી સુમતિવિજયજી રાખ્યું અને પોતાના શિષ્ય તરીકે સ્થાપ્યા.

પૂજ્યશ્રીએ આ એક મહાન કાર્યને પૂરું કર્યું, ત્યાં બીજા મહાન કાર્યની વાત લઈ શેઠ સૌભાગ્યચંદ કપુરચંદ પૂજ્યશ્રી પાસે આવ્યા અને વંદન કરી અને બોલ્યા: "કૃપાળુ! આપના ઉપદેશથી પ્રેરાઈને મારા હૈયામાં શ્રી સિદ્ધાચળજી મહાતીર્થ અને શ્રી ગિરનારજી તીર્થનો છ'રી પાળતો સંઘ કાઢવાની ભાવના જાગી છે અને સંઘ આપશ્રીની પુણ્ય નિશ્રામાં જ કાઢવો છે તો મારી વિનંતી સ્વીકારીને ઉપકૃત કરો.

ભાવિક ભક્તના ઉમળકાને આવકારીને પૂજ્યશ્રીએ વિનંતિ સ્વીકારી.

એક શાસનનિષ્ઠ મુનિ ભગવંત ધર્મની પ્રભાવનાનું મંગળમય વાતાવરણ કેવી રીતે સર્જે છે, તે શ્રી જામનગરમાં થયેલા આ સત્કાર્યો બરાબર પ્રસ્તુત કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છ'રી પાળતા શ્રી સંઘે શુભ મુહૂર્તે જામનગરથી પ્રયાણ કર્યું.

એકાહારી ભૂમિ સંથારી, સમ્યક્ત્વધારી સચિત્ત પરિહારી, પાદ-વિહારી, બ્રહ્મચારી-આ છ પ્રકારની 'રી' ધારણ કરનારા ભાવિક યાત્રાળુઓનો યાત્રા સંઘ એ છ 'રી' પાળતો સંઘ કહેવાય છે. એમાં ત્યાગમય સાધુ જીવનની શ્રેષ્ઠ તાલીમ મળે છે. એક ઊંચા આ આધ્યાત્મિક જીવનની અનુભુતિ થાય છે, માટે જ આવી યાત્રાઓને ભવનો રઝળપાટ ઘટાડી નાખનારી કહી.

છ 'રી' પાળતા સંઘના પ્રયાણ વખતે પૂજ્યશ્રીનું પ્રથમ પ્રવચન.

ભવ્યાત્માઓએ સદા યાદ રાખવું જોઈએ કે, "આપણે અનાદિ કાળથી સંસારના કારાવાસમાં જકડાયેલા છીએ. પૂર્વના મહાન પૂણ્યોદયે આપણને આર્યદેશમાં ઉત્તમ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં અને જૈન ધર્મ મળ્યો છે છતાં ઉત્તમ ધર્મની આરાધના સિવાય જીવન જે તે રીતે પૂરું થતું જાય છે. સુખ **મેળવવા માટે ઘણી ઘણી મહેનત કરીએ** પણ મેળવીએ છીએ દુઃખ દુઃખને દુઃખ. **કેમ** ખરી વાત ને ! આનું કારણ કદી આપણે તપાસ્યું છે ખરું ?

પરમશાન્તિના ધામ સમાં મહાતીર્થોની સ્પર્શના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવથી જ્યાં સુધી આપણે ન કરી હોય ત્યાં સુધી આપણે સાચા સુખને મેળવવાના સાચા અધિકારી બની શકતા નથી. માટે અનંતજ્ઞાનીઓએ કહ્યું છે કે, '**તીયતે વ્યસન–સલિલનિધિ યસ્માદિતિ તીર્થમ્**' એટલે કે તારે તે તીર્થ–જેનાથી વ્યસનો–દુઃખોનો સમુદાય નાશ પામે તેજ તીર્થ. આવા મહાન તીર્થોની યાત્રા કરીને તેની સ્પર્શના કરનારા ભવ્યાત્માઓ અનેક દુઃખોથી મુક્ત થાય છે. તેમનાં જીવનમાં દુઃખ કે દર્દ કદી આવતું નથી.

સંસારના અનેક દુઃખોમાં પીડાતા આત્માઓ **આ પવિત્ર તીર્થાધિરાજના નામ** માત્રથી દુઃખોનો નાશ કરી શક્યા છે.

"ગ્રહોમાં સૂર્ય, ધનુર્ધારીઓમાં અર્જુન, નીતિવાનમાં રામચન્દ્ર શ્રેષ્ઠ ગણાય છે; સૂત્રમાં સર્વશિરોમણિ શ્રી કલ્પસૂત્ર છે, તેમ સર્વતીર્થોમાં પવિત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાગિરિ શ્રેષ્ઠ છે."

આવા મહાન તીર્થોની યાત્રા કરવા કુટુંબ કબીલા અને ઘરબાર છોડીને નિકળ્યા છીએ, તેથી આત્માને ખુબ ઉલ્લાસમય રાખી જયણાપૂર્વક ચાલીને જવું છે, પાપને પખાળવામાં મન અગત્યનો ભાગ ભજવે છે. મનને આવું પવિત્ર આલંબન મળ્યું છે તેને સાર્થક કરજો. આપણા જૈન શાસનમાં દરેક વસ્તુમાં વિવેકની મહત્તા બતાવી છે




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે વિવેકપૂર્વક આરાધના કરતા કરતા આપણે આગળ વધવાનું છે.

**વિવેકશુન્ય કોઈપણ આરાધના કદાપિ આત્મ-શુદ્ધિ માટે થઈ શકતી નથી.**

આપણા મનોભાવ ઉચ્ચકોટિના હોય તોજ ભયંકર પાપો ક્ષણવારમાં નાશ પામે છે.



છ' રી પાળતા સંઘનો જામનગરથી પ્રયાણ

વિચાર કરજો કે શત્રુંજય તીર્થાધિરાજ એ સામાન્ય તીર્થ નથી. આ તીર્થમાં તો અનેક આત્માઓ કરોડો મુનિઓ મોક્ષે ગયા છે એટલે **કાંકરે કાંકરે અનન્તા સિદ્ધ્યા છે. એમ કહેવાય છે ને ?**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**" એકેકું ડગલું ભરે, ગિરિ સન્મુખ ઉજમાળ,**
**કોટિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તતકાળ."**

" ભવજળ તરવા જહાજ, પૂજો ગિરિરાજને એ."

પૂજ્યશ્રીનું સચોટ ઓજસ્વી ટુંકું પ્રવચન સાંભળીને ૭ 'રી' પાળતા શ્રી સંઘના સઘળા યાત્રિકો ભાવવિભોર બની ગયા. પરસ્પર હર્ષભર્યા હૃદયે એકજ કુટુંબના બધાય ભાઈઓ હોય તેમ ભાવભર્યા સ્તવનો બોલતાં બોલતાં જયણાપૂર્વક ચાલવા લાગ્યા. જોનારને લાગે કે, " આ મોહરાજાની સામે ધર્મરાજનું મોટું સૈન્ય સ્વરૂપે શ્રીસંઘ




શ્રી રૈવતાચલ-ગીરનાર ઉપર ચઢતો સંઘ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલ્યો જાય છે.'' આવા ભાવભર્યા પ્રવચનો પૂજ્યશ્રીનાં નિત્ય થતાં, યાત્રિકોમાં ઉત્સાહનું પુર ઉભરાતું જતું હતું.

પૂજ્યશ્રીની પુણ્ય–નિશ્રાથી 'પોરસવતો શ્રી સંઘ એક પછી એક મુકામો વટાવતો શ્રીસંઘ સુખરૂપ ચાલ્યો. અને શ્રી ગિરનારજીના ઉત્તુંગ શિખરે બિરાજતા શ્રી નેમિનાથ પ્રભુજીને ભાવપુર્વક ભેટયો. દિલ ખોલીને ભકિત કરી.

શ્રી સંઘવીજી તથા સંઘના યાત્રિકો વિગેરે તરફથી માર્ગમાં આવતા ગામોમાં જૈન દેરાસર, ઉપાશ્રય વિગેરે સાતે ક્ષેત્રોમાં અસ્થિર લક્ષ્મીને શુભ કાર્યોમાં વાપરી સ્થિર કરતા એટલે (યથાશક્તિ પ્રમાણે વાપરતા) દરેક ગામોમાં દીન–દુખિયાને ભોજન, વસ્ત્ર, પશુ–પક્ષીઓને ચણ–ચારો પાણીનો અને પરબડી વિગેરેનો પ્રબંધ કરતા કરતા અનુક્રમે શ્રી સિદ્ધાચળજી તરફ પ્રયાણ કર્યું. તળેટીમાં પહોંચીને સહુએ હર્ષના અશ્રુ વડે ગિરિરાજના ચરણ પખાળ્યા. ભાવવાહી સ્વરે ભાવભર્યા સ્તવનો ગાયા. અને જયણાપૂર્વક ઉપર ચડીને ભાવથી શ્રી આદીશ્વર દાદાના દર્શન અને સ્પર્શન કરી સહુ પાવન થયા. સંઘપતિ શ્રી સૌભાગ્યચંદભાઈ પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે ''તીર્થમાળ'' પહેરી અને સંઘમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો. સહુ યાત્રિકોએ ઈચ્છાનુસાર શ્રી સિદ્ધગિરિની યાત્રાઓ કરીને પોતપોતાને સ્થાને પહોંચ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા ચરિત્રનાયકશ્રીના ઉપદેશથી નિકળેલા અનેક શ્રી સંઘોમાં આ પ્રથમ તીર્થયાત્રાનો સંઘ હતો.

પૂજ્યશ્રીમાં રહેલી આયોજન શકિત વ્યવસ્થાશક્તિ નેતૃત્વ શકિત. સહન શકિત વગેરેનો સચોટ અનુભવ શ્રી સંઘમાં સામેલ થયેલા યાત્રાળુઓને થયો.

જામનગરમાં શાસન પ્રભાવનાના બે મહાન કાર્યો નિર્વિઘ્ને પુરાં કરીને પૂજ્યશ્રીએ મહુવાના શ્રી સંઘની અનેક વખતની વિનંતીઓ પછી તે તરફ વિહાર શરૂ કર્યો.

* * * * * * * * * * * * * * * * * * *

**યાદ રાખો** :–સુસંસ્કારો યુક્ત મનુષ્ય જીવન ઘણું દુર્લભ છે, તેમાં ધર્મ––ન્યાય અને નીતિને પ્રથમ સ્થાન આપશો તો જ મનુષ્યપણું શોભી ઉઠશે.

આર્ય ક્ષેત્ર–આર્યકુળની મહત્તા એટલા માટે જ જ્ઞાનીભગવંતોએ ફરમાવી છેકે, 'આ માનવ જન્મમાંજ આત્મામાંથી પરમાત્મા સ્વરૂપ બનાવી શકાય તેવી ક્ષમતા રહેલી છે.'

* * * * * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ ચૌદમું ..................

# મહુવામાં પ્રથમ પુનિત પગલા

પોતાના લાડલા પુત્રને પોંખવાનો જે ઉમળકો માતાના હૈયામાં હોય છે, તેવો જ ઉમળકો આજે મહુવાના શ્રી સંઘને પોતાની પુણ્યભુમિના નર-રત્નને સત્કારવા માટે હતો. અને શ્રી લક્ષ્મીચંદભાઈ અને દિવાળી બા'ના ઉત્સાહને તો કોઇ સીમા ન હતી.

મહુવાના સકળ શ્રીસંઘે એક દિલ થઈને સામૈયાની ભવ્ય તૈયારી કરી. ઘર ઘરમાં એક વાત છે. 'ચાલો પૂજ્ય મુનિશ્રી નેમવિજયજીના સામૈયામાં.' અને આબાલ વૃદ્ધ સૌ સઘળાં કામ છોડીને સામૈયામાં જોડાયા. સામે ગયેલા ભાવિકો પૈકી એકે આવીને કહ્યું: 'પૂજ્યશ્રી હવે ૧૦ મિનિટમાં અત્રે આવી પહોંચશે.'

આ વાત સાંભળી સૌ ભાવિકો ઝડપથી વાજતે ગાજતે આગળ વધ્યા, બસ ત્યાંજ સહુએ પૂજય ગુરૂદેવને આવતા દીઠા. પ્રભુના અણગારને વદન પર સચ્ચારિત્રનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પૂજ્યશ્રીનો પોતાની જન્મભૂમિમાં નગરપ્રવેશ

અલૌકિક પ્રભાવ છે, નયનોમાં અલખનું નૂર છે. ચાલમાં ચક્રવર્તીની દૃઢતા છે. એને નિરખતાંવેંત સહુ મસ્તક નમાવી–નમી પડયા.

સહુને એક સાથે બુલંદ અવાજે પૂજ્ય ગુરુદેવે કહ્યું: “ધર્મલાભ” અલૌકિક ધર્મ આશીષ આપી જૈન શાસનના જયજયકાર વડે વાયુ મંડળ ગૂંજી ઉઠયું. કેટલાક પુણ્યશાળીઓ ત્યાં જ ભાવથી ઝડપથી નમી નમીને વંદન કર્યાં.

માર્ગમાં આવતા નગરના બજારો અને ચોટાઓ અદ્‌ભુત ઉત્સાહથી શણગારેલા હતા. પોતાનાં ઘર પાસે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામૈયું આવતા ગુંહલીઓ કરતા. સૌભાગ્યવતી બહેનો સોના-રૂપાના ફૂલોથી તથા અક્ષતોથી વધાવતાં.

સામૈયું મહુવાના મુખ્ય બજારો અને ચૌટાઓ ફરીને શ્રી મહાવીરસ્વામીજીના દેરાસરે આવ્યું.

પૂજ્ય ગુરૂદેવે ભાવિકો સાથે દેરાસરે પ્રવેશ કરી, શ્રી જીવિતસ્વામિ સન્મુખ ભાવપૂર્ણ હૈયે મધુર સ્વરે સ્તુતિઓ-પ્રાર્થનાઓ કરી, ભાવવિભોર થઈ, પ્રભુજીને નીરખી નીરખીને નેત્રો પવિત્ર કર્યાં. પ્રભુજી સન્મુખ બેસી ભાવિકો સાથે ચૈત્યવંદન કર્યું અને હૃદય મીઠું કર્યું.

પુનઃ બેંડવાજા સાથે સામૈયું ઉપાશ્રયે આવ્યું. સકળ શ્રીસંઘના ભાવિકો ખૂબ ઉત્સાહમાં હતા, સહુના હૃદયમાં હરખ માતો ન હતો. શ્રીસંઘની અનુમતિ લઈને પાટને ઓઘાથી પ્રમાર્જીને પૂજ્ય ગુરૂદેવશ્રીએ પાટ ઉપર આસન પાથર્યું. પછી ટટ્ટાર થઈને આસન ઉપર બિરાજ્યા. મંગળાચરણનો આરંભ કર્યો.

પવિત્ર અંતઃકરણમાંથી ઘુંટાઈને આવતા મંત્રાધિરાજના મંગલમય શબ્દો સાંભળીને શ્રોતાઓ ભાવ વિભોર થયા. અને જેમ કાનમાં અમૃત રેડાયું હોય તેવો સુખદ અનુભવ કરવા લાગ્યા.

પછી શરૂ થયું વ્યાખ્યાન. વિષય હતો મૈત્રી આદિ ચાર ભાવનાઓનો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલો હવે તે વ્યાખ્યાન એકચિત્તે સાંભળીએ.

'હે ભવ્યાત્માઓ! સવારમાં વહેલા ઉઠીને મહા મંગળકારી શ્રી નવકારનું સ્મરણ કરીને તમે તમારા મન સહિત બધા પ્રાણોને મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ. એ ચાર ભાવનાઓ વડે વાસિત કરજો.'

જગતના સર્વ જીવો સુખી થાવ. કોઈ દુઃખી ન થાવ. કોઈ દુઃખના કારણરૂપ પાપ ન કરો. એવી ભાવનાને મૈત્રી ભાવના કહે છે.

જીવનમાં મૈત્રી ભાવના દૃઢ થાય છે એટલે તેમાંથી પ્રમોદ ભાવના પ્રગટે છે.

"થોડલો પણ ગુણ પર તણો,
દેખી મન હર્ષ અપાર રે."

તેને પ્રમોદ ભાવના કહે છે.

ગુણ–રાગ એ શ્રી જિન શાસનનો મૂલ-આધાર છે. માટે ગુણનો દ્વેષ કદી ન કરશો.

દુઃખીનાં દુઃખ દૂર કરવાની ભાવનાને કરૂણા ભાવના કહે છે. તમે તમારાં દુઃખ દુર કરવા જે ખંતથી પ્રયત્ન કરો છે. તેવી જ રીતે બીજાનાં દુઃખ દૂર કરવાની તાલાવેલી તમને લાગે તો માનજો કે તમારા હૃદયમાં કરૂણા ભાવના ખરેખર પ્રગટી છે.

આ જગતમાં ગુણવાન કરતાં અવગુણી આત્માઓ ઘણા જોવા મળશે, પણ તેમના પ્રત્યે અલ્પ પણ દ્વેષભાવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન રાખતાં મધ્યસ્થ રહીને તેમનું પણ ભલું ચિંતવજો. દ્વેષ તમારા પોતાના જ દોષનો કરજો. આ ભાવનાને માધ્યસ્થ ભાવના કહે છે.

આ ચાર ભાવનાઓથી ભાવિત થઈને તમે ચાર ગતિનો ઉચ્છેદ કરીને પાંચમી ગતિના અધિકારી બનીશકશો.

કોઈ એક જીવનો પણ તિરસ્કાર કરવો એ શ્રી જિનાજ્ઞાનો તિરસ્કાર કરવા સમાન છે. એ કદી નહિ ભૂલો. તો ભવ વાટમાં ભુલા નહિ પડો. પણ સાચા રસ્તે ચઢીને મોક્ષ તરફ આગળ વધી શકશો.

અહિંસા, સંયમ અને તપ રૂપ ઉત્કૃષ્ટ ધર્મમાં જીવના જતનનું જ પ્રાધાન્ય શ્રી જિનેશ્વરદેવે ફરમાવ્યું છે. તેનું પાલન કરીને તમે ધર્મ વીર બનો. એવા મારા આશીર્વાદ છે.

પ્રાણવંતી આ વાણીએ ભાવિક શ્રોતાઓના પ્રાણમાં જીવ મૈત્રી અને જિનભક્તિનું અમૃત રેલાવ્યું.

શ્રોતાઓમાં સંઘના સહુ આગેવાનોએ ખાસ હાજરી આપી હતી; તેમાં શ્રી લક્ષ્મીચંદભાઈ અને દિવાળી બા પણ હાજર હતાં. એક કાળના પોતાના પુત્ર-રત્નના આ વ્યાખ્યાનથી તેમને લાગ્યું કે, “અમે તેને દીક્ષા લેતાં રોકતા હતા તે અમારી ગંભીર ભૂલ હતી. આજે તે અમારો હોવા ઉપરાંત સર્વનો છે તે અમારે માટે ભારે ગૌરવની વાત છે.”



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

•

વ્યાખ્યાન પુરૂં થયું 'સર્વ મંગલ' કર્યું. સહુ આગેવાનો પૂજ્ય મહારાજશ્રી પાસે બેઠા. સહુના મુખ ઉપર ખુબ જ પ્રસન્નતા વર્તાતી હતી. સમય થયો એટલે લક્ષ્મીચંદભાઈ બોલ્યાઃ મહારાજશ્રી ગોચરી પધારો. સહુ એકી સાથે બોલી ઉઠ્યા કે, 'આજે પ્રથમ લક્ષ્મીચદભાઈને ત્યાં જ પધારો.' સહુની એક જ માંગણી જોઈ સમયના પારખું આપણા ચરિત્રનાયક પણ સંમતિપૂર્વક સહુ સાથે ચાલી નિકળ્યા.

સહુ પ્રથમ લક્ષ્મીચંદભાઈને ત્યાં જ પધાર્યા દીવાળી બા તો રાજીના રેડ થઈ ગયા. ભાવથી મહારાજશ્રીને ખપતું વ્હોરાવ્યું. હરખનો આજ પાર નથી. આજુ બાજુના ઘરોમાં ગોચરી લઈ પૂજ્યશ્રી ઉપાશ્રયે પધાર્યા.



ઉલ્લાસભાવે પૂજ્યશ્રીને લક્ષ્મી બા ગોચરી વહોરાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ. સ. ૧૯૫૧નું ચોમાસું. પૂજ્યશ્રીએ શ્રી સંઘના ભાવભર્યા આગ્રહથી મહુવામાં જ કર્યું.

પૂજ્યશ્રીની વ્યાખ્યાન શૈલી અને ભાષા એટલી બધી શ્રવણાહ્લાદક હતી કે વ્યાખ્યાન સાંભળ્યા પછી પણ ક્યાંય સુધી ભાવિક લોકોના કાનમાં એનો દિવ્ય ધ્વનિ ગુંજતો રહેતો. સચોટ ધર્મોપદેશથી અનેકોના જીવન પરિવર્તન થયા. ક્રિયાશીલ ભાવિકો આરાધનના માર્ગે આગળ વધ્યા.

ચોમાસું શરૂ થતાં મેઘરાજા મન મૂકીને વરસ્યા અને સંતપ્ત ધરાને શિતળતા બક્ષી તો આપણા ચરિત્ર નાયકશ્રીએ પણ મન મુકીને ધર્મ દેશનાની અમૃત વર્ષા, શરૂ કરી તેનાથી અનેક સંતપ્ત આત્માઓને અપૂર્વ શાતાનો અનુભવ થયો. વિષય કષાયને કમજોર બનાવીને આત્માના શુદ્ધ સ્વરૂપની આરાધનામાં ઓત પ્રોત થવાનો ઉમળકો અનેક આત્માઓના હૃદયમાં પ્રગટયો. એક એકથી વિશિષ્ટ રીતે પુજાઓ, પ્રભાવનાનો વિગેરે ધર્મ કાર્યો ખુબ ખુબ થયા. આખા સંઘમાં અમાપ ઉત્સાહ હતો.

જ્ઞાનની વર્ષા કરતાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે ગામમાં એક પાઠશાળા હોય તો શ્રુતભક્તિની શ્રી સંઘની ભાવના પુરી થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવસર જોઈને તેઓશ્રીએ વ્યાખ્યાનમાં આ વાત રજુ કરી. વાતની પાછળ જબ્બર આત્મ વિશ્વાસ અને શાસન ભક્તિ હતાં એટલે તરત તેને ઝીલી લેનારા ભાગ્યશાળીઓ આગળ આવ્યા અને શ્રુતભક્તિની એક શાળા શરૂ થઈ

ચરિત્રનાયક પૂજ્યશ્રીના મનમાં ઉમદા વિચાર આવ્યો અને વાત તરત જ અમલમાં મુકાઈ એકાએક જામનગરથી પૂજ્યશ્રીને વંદના કરવા આવેલા શ્રાદ્ધવર્ય શા. **સૌભાગ્ય ચંદ કપૂરચંદ** સંઘવી તથા દક્ષિણ તરફથી શ્રી **સખારામ દુર્લભદાસ** ભાઈએ તેમણે પૂજ્યશ્રીના ઉપદેશથી જૈન પાઠશાળા માટે સારી રકમ આપી. એ સિવાય કેટલાક પઠન પાઠનોપયોગી પુસ્તકો અને સામગ્રી પણ તેમણે મંગાવી આપ્યા.

આ જોઈને મહુવાના શ્રાવક મહાનુભાવો પરસ્પર કહેવા લાગ્યા: 'મહાપુરુષોના પગલે પગલે નવે નિધાન આનું નામ.' બજારમાં વાતો થવા લાગી કે બે દિવસમાં જ્ઞાન પરબના પાયા મજબૂત થઈ ગયા. શું પૂજ્ય મહારાજ સાહેબનું પુણ્ય ! આખાય ગામમાં વાતો થઈ કે 'આપણા ગામમાં કલ્પવૃક્ષ રોપાયો.'

જયાં ફૂલ હોય, ત્યાં સુવાસ હોય. તેમ પૂજ્યશ્રી જયાં પધારતા, ત્યાં દાન-શીલ-તપ અને ભાવરૂપ ધર્મનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાતાવરણ ફેલાઇ જતું અને તુચ્છ સાંસારિક વાતો હવામાં ઉડી જતી.

સમગ્ર મહુવા શ્રી સંઘમાં ધર્મનો પ્રાણવાયુ ફૂંકીને પૂજ્યશ્રીએ ચોમાસુ પુરૂં કર્યું. અનેક શ્રાવકોએ નાના મોટા નિયમો તેઓશ્રી પાસેથી લીધા. તો એક ભાગ્યશાળી દીક્ષા લેવા તૈયાર થયા. ચોમાસુ પૂરૂં થયા પછી વિ. સં. ૧૯૫૨માં તેમને દીક્ષા આપીને પૂજ્યશ્રીએ પોતાના શિષ્ય કર્યા અને નામ રાખ્યું **મુનિશ્રીસૌભાગ્યવિજયજી મહારાજ.**

સાકર, શેરડી, દ્રાક્ષ વગેરેની મિઠાશ થોડા વખતમાં ઓછી થઇ જાય છે. પણ પૂજ્યશ્રીએ પીરસેલા ધર્મરૂપી મોદકની મિઠાશ અનેક ભાવિકોના હૃદયોમાં એવી પ્રસરી ગઈ હતી કે જ્યારે પૂજ્યશ્રીએ તેઓને વિહાર કરવાની વાત કરી. ત્યારે તેઓ નિરાશ થઈ ગયા. વધુ સ્થિરતા કરવાની વિનંતી કરી.

પણ પૂજ્યશ્રી તો અનોખી માટીના શ્રેષ્ઠ માનવ હતા એટલે તેઓશ્રીએ કહ્યું. 'ભાઈઓ! મેં પીરસ્યું છે તે પચાવશો ત્યાં સુધીમાં તમને નવો ખોરાક પીરસનારા મહાપુરુષનો જોગ થઈ જશે. તમારા આગ્રહ પાછળની લાગણી હું સમજું છું. પણ મારે તો દેવાધિદેવની આજ્ઞા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસાર ઠેર–ઠેર વિચરીને ધર્મારાધનાની આબોહવા ઉભી કરવી પડે એટલે રાજી થઈને મને રજા આપો.

પૂજ્યશ્રીની વાત સાચી છે. આપણી જેમ બીજાઓને પણ પૂજ્યશ્રીનો લાભ મળે તેમાં આપણે અંતરાય ભુત ન થવું જોઈએ. માટે બોલો 'મહાવીરસ્વામી ભગવાનની જે' એમ કહીને કેટલાકં આગેવાનોએ પૂજ્યશ્રીની સાચી વાતનો સર્વ વતી સ્વીકાર કર્યો.

શ્રી સંઘમાં જિનભકિત અને જીવ મૈત્રીનાં મૂળ ઊંડા ઉતારીને પૂજ્યશ્રીએ મહુવાથી. શ્રી સિદ્ધચગજી તરફ વિહાર કર્યો. ગામના પાદરથી લાંબે સુધી સહુ નાના મોટા વળાવવા આવ્યા.સર્વને મંગલીક સંભળાવ્યું અને વિહાર આગળ લંબાવ્યું, દિલની દુનિયામાં દયાના દીવા પ્રગટાવનારા એ મહાપુરુષ જયાં સુધી દેખાતા રહ્યા ત્યાં સુધી સહુ ઊભા ઊભા જોઈ રહ્યા. પછી જ ભારે હૈયે ગામમાં દાખલ થયા.

સંપાદન કરેલી સદ્‌વિદ્યા પોતાના ઉપયોગ કરવા માટે જ ન સમજતાં તેને પરોપકાર તથા પરલોક માટે પણ કામ લેતાં શીખો તો તે સદ્‌વિદ્યા સાર્થક થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ પંદરમું..............

# યાત્રાવિહાર અને આગવી પ્રભુતા

શ્રી સિદ્ધાચલ મહાતીર્થની યાત્રા કરીને પૂજ્યશ્રી પોતાના શિષ્યો સાથે અનુક્રમે શ્રી શંખેશ્વરજી તીર્થે પધાર્યા. પરમ તારક દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથ દાદાના ભવ્યાતિભવ્ય દરબારમાં દાખલ થઇને અપૂર્વ ભાવોલ્લાસથી જિનગુણ ગાયા. અને હૈયું મિઠું કર્યું, દાદાને નિરખી-નિરખીને નયણાંની તરસ છિપાવી.

બે વર્ષથી પોતાની સાથે ચાતુર્માસ કરનાર પૂ. **મુનિશ્રી પ્રધાનવિજયજી** મહારાજના ગુરૂદેવ પૂજ્ય **પંન્યાસશ્રી ઉમેદવિજયજી** મહારાજ થરા-જામપુરમાં બિરાજતા હતા.

"સાધુ તો ચલતા ભલા" એ ઉક્તિ અનુસાર પૂજ્યશ્રી શંખેશ્વરથી વિહાર કરીને થરા-જામપુર પધાર્યા. ત્યાં બિરાજતા પૂ. પંન્યાસશ્રી મહારાજ પાસે **મુનિશ્રી સુમતિવિજયજી** તથા **મુનિશ્રી સૌભાગ્યવિજયજીને**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગોદ્વહન કરાવી વડી દીક્ષા અપાવી. થોડા દિવસ સાથે રહીને રાધનપુરની આજુબાજુના ગામોમાં થોડો સમય વિચરીને પૂજ્યશ્રી રાધનપુર પધાર્યા.



પૂ. પં. શ્રી ઉમેદવિજયજી મહારાજ વડી દીક્ષા આપે છે.

નગરના ભવ્ય દેવાધિદેવના મન્દિરોમાં બિરાજતા ભવ્ય જિનમૂર્તિઓને જુહારી મન પાવન કર્યું. રાધનપુરના ઉપાશ્રયમાં બપોરના સમયે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી પોતે 'અષ્ટકજી'નો સ્વાધ્યાય કરતા હતા. એવામાં શ્રી ખોડીદાસભાઈ, શ્રી કકલભાઈ જોટા, શ્રી વીરચંદભાઈ ભીલોટા વિગેરે ત્યાંના શ્રાવકો વંદનાર્થે આવ્યા. વંદના કરી, સુખશાતા પુછીને સન્મુખ બેઠા. થોડીવારે પૂછયું: "સાહેબજી! આ કયા ગ્રંથનો સ્વાધ્યાય ચાલે છે?"



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રીએ કહ્યું, ,‘ અષ્ટકજીનો ”

“ક્યા અષ્ટકજીનો ?” તેઓએ પૂછ્યું.

પૂજ્યશ્રી રાધનપુરના ઉપાશ્રયમાં આગેવાનો સાથે

“પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના અષ્ટકજી” નો પૂજ્યશ્રીએ ફરમાવ્યું.

તેઓ નવાઈ પામ્યા અને પૂછ્યું : “ તો, આપશ્રી નો દીક્ષાપર્યાય કેટલો ? ”

પૂજ્યશ્રીએ ફરમાવ્યું: “ મારો દીક્ષા પર્યાય સાત વર્ષનો. કેમ પૂછવું પડયું ભાઈ ?”

આ તો વીસ વર્ષના દીક્ષા પર્યાયવાળા સાધુ ભગવંત વાંચી શકે તેવો મહાન ગ્રંથ કહેવાય છે.” દીક્ષા પર્યાય સાંભળીને અચંબામાં પડી ગયેલ શ્રાવકોએ પોતાના જવાબમાં આજસુધીના અનુભવની વાત જણાવી. તેમને તો જુની આંખે નવું જોવાનું હતું.

પૂજ્ય મહારાજશ્રીએ જવાબ આપ્યો: “ ૧૪ સ્વર, અને ૩૩ વ્યંજન લખ્યા છે, તે વાંચું છું. બાકી તમે કહો છો, એવો નિયમ તો ક્યાંય સાંભળ્યો કે જાણ્યો નથી,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે વીસ વર્ષના પર્યાયવાળા જ આ ગ્રંથ વાંચવા સમર્થ હોય છે.

આ જવાબથી શ્રાવકોને પૂજ્યશ્રીના ગહન શાસ્ત્રાભ્યાસનો ખ્યાલ આવ્યો એટલે કંઈક ધર્મોપદેશ ફરમાવવાની વિનંતી કરી.

પૂજ્યશ્રીએ તરત જ શ્રી જિનાજ્ઞાના ઉપકારક સ્વરૂપ ઉપર માર્મિક વ્યાખ્યાન આપ્યું.

"આજ્ઞા" જેવા ગહન પદાર્થના સર્વ પાસાંઓનું વિશ્લેષણ કરવાની પૂજ્યશ્રીની ક્ષમતાથી પ્રભાવિત થઈને વિનંતી કરી કે "આપશ્રી રોજ વ્યાખ્યાન આપો તો લોકોને ઘણો લાભ થાય."

ખપી આત્માઓની વિનંતી સ્વીકારીને પૂજ્યશ્રીએ બીજા દિવસથી વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. વ્યાખ્યાન સાંભળનારા સહુને અધ્યાત્મના પ્રભાવનો કેવો અજબ મહિમા છે. તે સમજાવવા માંડયું; તેથી દિનપ્રતિદિન શ્રોતાઓની સંખ્યા વધવા લાગી. પર્વ દિવસોની જેમ વિશાળ ઉપાશ્રય ચિક્કાર ભરાઈ જવા લાગ્યો.

એક દિવસ પૂજ્યશ્રીએ રાગ-દ્વેષ ઉપર વ્યાખ્યાન આપ્યું. તે સાંભળીને બધાનાં મન ડોલી ઉઠયાં બધાંએ રાધનપુરમાં ચાતુર્માસ કરવાની ખૂબ આગ્રહપૂર્વક વિનંતી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરી. પણ અહીં શેષ કાળમાં રોકાઈને મેં તમને પૂરતો લાભ આપ્યો છે, એમ કહીને પૂજ્યશ્રીએ તેમને સમજાવ્યા. રાધનપુરથી પુનઃ શ્રી શંખેશ્વરની ઉલ્લાસભાવે યાત્રા કરી અનુક્રમે વઢવાણ શહેર પધાર્યા. ત્યાંના શ્રી સંઘના આગ્રહથી વિ. સં. ૧૯૫૨નું આઠમું ચાતુર્માસ ત્યાં જ કર્યું.

ગમે તેવા સમર્થ શ્રુતાભ્યાસી મુનિરાજે પણ શાસ્ત્ર અભ્યાસ અને સ્વાધ્યાય સદાય ચાલુ જ રાખવા જોઈએ, એવી દૃઢ માન્યતાવાળા પૂજ્યશ્રીનો અભ્યાસ અત્રે પણ ચાલુ જ હતો. નવાં શાસ્ત્રોનો અભ્યાસ કરાવવા તેઓશ્રી પાસે **શ્રી દિનકરરાવ શાસ્ત્રી** હતા. તેમની પાસે પૂજ્યશ્રીનું અધ્યયન વાંચન સતત ચાલુ હતું.

ભારતના વિખ્યાત ન્યાયમૂર્તિ શ્રી મહાદેવ ગોવિંદ રાનડેના સગા ભાઈ 'ડાક્ટર રાનડે' તેઓ અહીં વઢવાણ શહેરમાં જ રહીને દાક્તરી કરતા હતા. તે વઢવાણમાં ખૂબ પ્રસિદ્ધ હતા.

શાસ્ત્રીજી પોતાના પ્રદેશના (દક્ષિણના) હોઈ તેમની સાથે તેમને સારો સંબંધ હતો. એક વખત તેમણે વાતચીતમાં શાસ્ત્રીજીને પૂછ્યું: "અહીં કોઇ વિદ્યા વિનોદ અને જ્ઞાન ગોષ્ઠિ કરી શકાય એવું સ્થળ તેમજ વ્યકિત છે?"

શાસ્ત્રીજીએ તરત જ જૈન ઉપાશ્રયમાં બિરાજતા પૂજ્યશ્રીનું નામ જણાવીને કહ્યું: "હું પણ તેઓશ્રીની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસે રહું છું" તેઓશ્રી બહુજ ઊંચી કોટિના વિદ્વાન હોવા ઉપરાંત સર્વ દર્શનોના અભ્યાસી પણ છે. માટે મારી સાથે ત્યાં આવશો, તો તમને પણ ભારતમાં કેવા મહાન સંત રત્નો વસે છે તેનો સચોટ અનુભવ થશે.

શાસ્ત્રીજીના કહેવાથી ડૉ. રાનડે પૂજ્યશ્રી પાસે આવ્યા. પ્રથમ દર્શને જ પ્રભાવિત થયા. પછી તો રોજે રોજ આવતા થયા. પરિચય વધારતા રહ્યા ગીતાજી, યોગ દર્શનના સિદ્ધાંતો ઉપર પૂજ્યશ્રી પાસે નવો પ્રકાશ મેળવીને આનંદિત થયા.

આ ચોમાસામાં પૂજ્યશ્રી 'પરિભાષેન્દુશેખર' વગેરે ઉચ્ચ કોટીના વ્યાકરણ-ગ્રંથોનો અભ્યાસ પૂરો કર્યો.

અનંત ઉપકારી શ્રી વીર પરમાત્માએ વહાવેલી શ્રુતની ગંગા સદા કલકલ નાદે વહેતી રહેવી જોઈએ, એ ભાવનાને હૃદયમાં રાખીને વિચરતા પૂજ્યશ્રીએ અહીં પણ એક ધાર્મિક પાઠશાળા સ્થાપી. જે આજે પણ ચાલે છે.

વઢવાણના ચાતુર્માસમાં પૂજ્યશ્રીના સહવર્તિ મુનિરાજશ્રી પ્રધાનવિજયજી મહારાજને "કોલેરા" થયો. ઘણા ઉપચારો કરવા છતાંય આયુષ્ય બળ પૂર્ણ થવાથી તેઓશ્રી સમાધિ પૂર્વક-કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીને સેવાભાવિ-સહકારી સાધુનો વિયોગ થયો. ભાવિભાવ પાસે કોનું ચાલે?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સંઘ તરફથી યોગ્ય રીતે પૂજા-મહોત્સવ થયો. શ્રી સંઘમાં ચાતુર્માસ દરમ્યાન અનેક વિવિધ પ્રકારના તપોની ઉલ્લાસભાવે આરાધનાઓ થઇ, વિશિષ્ઠ પૂજાઓ પ્રભાવનાઓ, અને શાસન શોભાના કાર્યો થયા. અનેક શ્રાવિકો સમ્યક્ત્વ અને બાર વ્રતધારી થયા. ખૂબ ખૂબ ઉલ્લાસથી આરાધનાસાં જોડાયા.

આ રીતે અપૂર્વ ઉલ્લાસભાવે ચાતુર્માસ સુંદર રીતે પૂર્ણ થયું. વઢવાણથી વિહાર કરવાનો વિચાર કરતા હતા. તે વખતે પૂજ્યશ્રી વઢવાણમાં લીમડાવાળા ઉપાશ્રયે બિરાજતા હતા.

વઢવાણમાં સથરા કુટુંબના એક યુવાન ભાઈને ચાતુર્માસ પહેલાં પૂજ્યશ્રી પાસે દીક્ષા લેવાની ભાવના થઈ, પણ તેનું કુટુંબ બહોળું હોવાના કારણે પૂજ્યશ્રીએ તે બધાને સમજાવીને પછી દીક્ષા આપવાનો વિચાર રાખ્યો હતો.

આ અરસામાં પૂજ્યશ્રીના ગુરૂભાઈ પૂજ્ય મુનિ શ્રી હેમવિજયજી મ. તથા પૂજ્ય મુનિ શ્રી વીરવિજયજી મ. અનુક્રમે વિહાર કરતા કરતા ત્યાં પધાર્યા. આ યુવાને તેઓશ્રીને દીક્ષા આપવાની વિનંતી કરી.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી પૂજામાં પધાર્યા હતા. તે સમયે તેને દીક્ષા આપી દીધી. અને પૂજ્યશ્રીના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્ય શ્રી સુમતિવિજયજી મ. ના શિષ્ય તરીકે સ્થાપી મુનિ શ્રી વલ્લભવિજયજી નામ રાખ્યું. પછી સગા-સંબંધીની ગરબડની દહેશતથી તેમને એક ઓરડામાં બેસાડી રાખ્યા. વળી ઓરડાના દ્વાર બંધ રાખ્યા.

દીક્ષાર્થીના કુટુંબીઓને આ વાતની ખબર પડતાં જ તેઓ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટને સાથે લઈને ત્યાં પહોંચી ગયા. વાતાવરણ એકદમ થોડીવારમાં જ ઉગ્ર થઈ ગયું. દીક્ષા આપનારા મુનિરાજો પણ મુંઝવણમાં પડી ગયા, "શું કરવું હવે?"

આ બધું જોઇને મુનિ શ્રી સુમતિવિજયજી મહારાજે પૂજ્ય મુનિ શ્રી હેમવિજયજી મહારાજને વિનંતી કરી કે પૂ. મહારાજજીને હમણાં જ અહીં બોલાવો. તેઓ જ આ અશાન્ત પરિસ્થિતિને થાળે પાડી શકશે."

પૂજ્યશ્રીને તેડવા માણસ ગયો. પૂજ્યશ્રી તરત જ ઉપાશ્રય પધાર્યા, અને ઉપાશ્રયમાં પેસતાં જ પૂજ્યશ્રીએ ત્યાં ઉભેલા પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટને જોઈ લાગલો પ્રશ્ન કર્યો: "કોની રજાથી કયા કાયદાની રૂએ, તમે આ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો છે? શું તમે આ સ્થાનને ન ધણીઆતું સમજો છો?"

પ્રતાપપુર્ણ મુખમુદ્રા અને ઉપરોક્ત પ્રશ્નથી સુપ્રી-ન્ટેન્ડેન્ટ ડઘાઇ ગયા. અને વિનયપૂર્વક બોલ્યા: "હું તો સ્વાભાવિક વિનંતી કરવા આવ્યો છું."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પૂજ્યશ્રી સુપ્રીન્ટેન્ડેન્ટને પ્રશ્ન કરે છે.

“વિનંતી અને તે આ વેષમાં? વિનંતી તો સભ્ય નાગરિકના સ્વાંગમાં કરાય.”

પોતાની ભૂલ કબુલ કરીને સુપ્રીન્ટેન્ડેન્ટ તરત ઉપાશ્રય બહાર નીકળી ગયા. એટલે પૂજ્યશ્રીએ શ્રી હેમવિજયજીને કહ્યું કે નવદીક્ષિતને પુરી રાખવાથી તો બીજાઓને આપણા ઉપર શંકા થાય. માટે તેને બધાં જુએ તે રીતે બહાર બેસાડો.

નવ દીક્ષિતને જોઈને તેમના કુટુંબીઓ ઉશ્કેરાવાને બદલે શાન્ત થઈ ગયા. એમ કે હવે જ્યારે દીક્ષા થઈ જ ગઈ છે. ત્યારે તેમાં વિક્ષેપ નાખવો તે યોગ્ય નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્વિધ શ્રી સંઘના સમર્થ નાયકમાં જે ગુણો હોવા જોઇએ તે બધા જ પૂજ્યશ્રીમાં હતા તે આ પ્રસંગ પુરવાર કરે છે. તર્કશક્તિ, તાત્કાલિક ઉભા થયેલા પ્રશ્નને સ્થળ પર જ ઉકેલવાની ઉંડી સૂઝ, અટપટા પ્રશ્નોની આંટી-ઘુંટીઓને ભેદવાની પ્રજ્ઞા, છતાં શાસ્ત્ર મર્યાદાનું જતન કરવાની શુદ્ધ પરિણુતિ, ક્યારેય કોઈથી નહિ અંજા-વાની સિંહવૃત્તિ, આ બધા ગુણો વડે અલંકૃત પૂજ્ય શ્રીમાં વઢવાણના શ્રી સંઘને સમર્થ ગચ્છાધિપતિનાં દર્શન થયા. સહુને ધર્મજીવી બનવાનો ઉપદેશ આપીને પૂજ્યશ્રીએ વઢવાણથી પાલિતાણા તરફ વિહાર કર્યો.

* * * * * * * * * * * * * * * * * * * *

### મહાન થવું ગમે છે ?

મહાન થવું કોને ના ગમે ? પણ મહત્તા મેળ-વવાના મૂળ-પાયામાં કેટકેટલી વિશિષ્ટાઓ જોઇએ છે ?

પ્રથમ ગંભીરતા, ક્ષમા, નિડરતા, ઉદારતા, નમ્રતા વિશાળભાવના, નિરાભિમાનતા, જ્ઞાનરુચિતા, વીતરાગ શાસન પ્રત્યે અવિહડ પ્રેમ, તપ, ત્યાગ અને આત્મશુદ્ધિ સાથે ભવભિરુતા જીવનમાં આવા અનેક ગુણોથી યુકત થયા હોય જેથી તેમના જીવનની **સૌરભ** જગતમાં ચારે બાજુ સ્વયં ફેલાઇ જાય છે. —નિયોગિ.

* * * * * * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ પંદરમું

# પૂજ્યશ્રીની વેધક વાણી

વ્યોમમાં વિહરતા સૂર્યદેવની જેમ અપ્રમત્તપણે વિચરતા ચરિત્રનાયક પૂજ્યશ્રી માર્ગમાં લીંબડી પધાર્યા. લીંબડીમાં પૂજ્યશ્રીને **મુનિરાજશ્રી** આનંદસાગરજી મ. મળ્યા. તેઓશ્રી સાથે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ થોડા દિવસ સ્થિરતા કરી. પૂજ્યશ્રી પાસે મુનિશ્રી આનંદસાગરજી મહારાજ વ્યાકરણાદિનો અભ્યાસ કરવા લાગ્યા. વ્યાકરણાદિના ગૂઢ પ્રશ્નોના ઉત્તરો આપી. પૂજ્યશ્રીએ તે ખૂબ જ પ્રેમપૂર્વક સરસ રીતે લાગણીથી ભણાવતા, પરસ્પર બન્ને યુવાન મુનિ-ભગવંતો ખૂબ આનંદથી સાથે રહ્યા. અનેક બાબતોની પરસ્પર ખૂબ વાતો કરી. બન્ને મુનિભગવંતો શાસનના દૃઢ પ્રેમવાળા હતા. બન્ને નિખાલસભાવે સાથે થોડા સમય રહીને પરસ્પર ખૂબ રાજી થયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી અને શ્રી સાગરજી મ.

ચરિત્રનાયકપૂજ્યશ્રી લીંબડીથી વિહાર કરતા નાના મોટા ગામોમાં ધર્મોપદેશ દ્વારા ભાવિકોને પ્રતિબોધ કરતા, અનુક્રમે પાલિતાણા પધાર્યા. અહીં તાર્કિક શિરોમણી પૂજ્ય મુનિ શ્રી દાનવિજયજી મહારાજ (પંજાબી) બિરાજતા હતા, તેમણી નિશ્રામાં સાથે ઉતર્યા.

આ એ સમયની વાત છે કે, જ્યારે પાલિતાણાના ઠાકોર સાથે શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન કોમને શ્રી શત્રુંજય મહાતીર્થ બાબત કાંઈક ઘર્ષણ ચાલતું હતું. પૂજ્ય મુનિવર્યશ્રી દાનવિજયજી મ. સ્પષ્ટવક્તા અને નિડર હતા. તેઓશ્રી જૈન સંઘના આગેવાનોને દરબાર સાથે ન્યાય માટે લડી લેવાની પ્રેરણા આપતા. આપણા હક્કો બાબત મચક ન આપવાનું કહેતા હતા. આ વાતની ઠાકોરને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખબર પડી, તેથી તેમના ઉપર ઠાકોરની કરડી નજર થઈ. તેમણે પૂજ્ય મુનિશ્રી ઉપર ચાંપતી દેખરેખ રાખવા માંડી.

પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મહારાજની ચાલુ કરેલી શ્રી બુદ્ધિસિંહ જૈન સંસ્કૃત પાઠશાળા ચાલતી હતી. તે પાઠશાળામાં પૂજ્ય સાધુ ભગવંતો ભણતા હતા. તેની દેખરેખ મહારાજશ્રી રાખતા હતા. અને દેખભાળ માટે કેટલાક શ્રાવકો પણ હતા.

આ કારણથી ત્યાં હવે વધારે રહેવું એ ઉચિત ન હતું, તેમ જાહેર રીતે વિહાર કરવામાં પણ કાંઈક દહેશત હતી. એટલે શું કરવુ તેની વિચારણા થઇ.

પંજાબના લોહીની એ તાસીર છે કે, 'તે વ્યક્તિના જીવનમાં નિડરતા, પ્રતિકારશક્તિ, અડગતા વગેરે ગુણોને બરાબર વિકસાવે છે.' તેઓશ્રીના પ્રથમના સહવાસથી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીમાં પણ નિડરતા વધુ દૃઢ બની હતી.

પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મ. માં પણ આ ગુણો ખૂબ વિકસેલા હતા, તેમ પૂજ્ય મુનિશ્રી નેમવિજયજી મહારાજ સાહેબમાં પણ આ ગુણો હતા. કારણ કે સૌરાષ્ટ્રની ભૂમિ પણ પ્રતાપી નર–નારીઓની જન્મદાત્રી પંજાબ કરતાં પણ વધુ વિખ્યાત છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔત્પાતિકી બુદ્ધિના સ્વામી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ એક સરસ ઉપાય શોધી કાઢયો. તે ઉપાય અનુસાર વહેલી સવારે સ્થંડિલ-શુધ્ધિએ જતા હોય, તેમ પૂજ્યશ્રી દાનવિજયજી મ. આદિ કેટલાક સાધુઓ પાલિતાણાથી નીકળી ગયા. વિહાર કરી જેસર પધારી ગયા. જેસર પહોંચી થોડા દિવસ ત્યાં સ્થીરતા કરી.

હવે પછીનું પાલિતાણાનું વાતાવરણ જોવા તથા તેને ચોખ્ખું કરવા માટે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી પાલિતાણા રોકાયા, અને થોડા દિવસોમાં જ ત્યાંના વાતાવરણની કલુષિતા કુનેહથી દૂર કરી. શ્રી સિદ્ધાચલ મહાતીર્થની ઉલ્લાસભાવે યાત્રા કરીને ગારિયાધાર પધાર્યા.

ગારિયાધારમાં છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા મહા તપસ્વી પૂજ્ય મુનિ શ્રી ખાન્તિવિજયજી મ. (દાદા) તથા પુજ્ય મુનિ શ્રી મોતિવિજયજી મ. આદિ બિરાજતા હતા. તેમની નિશ્રામાં પૂજ્યશ્રી પધાર્યા. તેમને જોઇને એ પૂજ્ય મુનિવરોને ખૂબ આનંદ થયો. પૂ. શ્રી મોતિવિજયજી મ. શ્રી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી ઉપર ખૂબ વાત્સલ્ય રાખતા. અહીં થોડા દિવસ સ્થિરતા કરીને જેસર પધાર્યા પૂજ્ય મુનિ શ્રી દાનવિજયજી મહારાજનો પુનઃ મેલાપ થયો. પાલિતાણા સંબંધી બધી વાતચિત કરી.

પૂજ્ય મુનિ શ્રી દાનવિજયજી મહારાજ આદિ બધાય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેસરથી વિહાર કરી અનુક્રમે અમદાવાદ પધાર્યા. અને સહવર્તી મુનિઓ સાથે પાંજરાપોળ જૈન ઉપાશ્રયે પધાર્યા.

પાંજરાપોળના આગેવાન શ્રાવકોની વિનંતીથી **પૂ. મુનિ શ્રી દાનવિજયજી** મહારાજે વ્યાખ્યાનમાં શ્રી **તત્ત્વાર્થાધિગમ્** સૂત્રની બૃહદ્ વૃત્તિ વાંચવી શરૂ કરી.

આ સૂત્ર-ગ્રંથ મોક્ષમાર્ગ બતાવવામાં રત્ન દીપક તુલ્ય છે, અને તેની શરૂઆત પણ "**સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ**" એ સૂત્રથી થાય છે.

તરસ્યો માણસ ખોબે-ખોબે પાણી પીએ તેમ, તત્ત્વા પિપાસુ આત્માઓ આ સૂત્રમાંથી ઝરતા તત્ત્વામૃતનું અપૂર્વ એકાગ્રતાપૂર્વક શ્રવણ કરવા લાગ્યા. નગરના અનેક પ્રતિષ્ઠિત શ્રાવક વર્ગો તેમ જ સેંકડો સ્ત્રી-પુરુષો નિયમિત વ્યાખ્યનમાં દૂર દૂરથી આવવા માંડયાં.

મીઠાં પાણીની પરબે સૌ કોઈ પોતાની તરસ છીપાવવા માટે આવે. અહીં પણ એમજ બન્યું, પાંજરાપોળ ઉપાશ્રયમાં મંડાયેલી આ જ્ઞાનામૃતની પરબ પર અનેક ભાવિ-તૃષા છીપાવવા માટે દૂર દૂરથી જેમ જેમ ખબર પડી તેમ તેમ આવવા લાગ્યા.

પાંજરાપોળ એ અમદાવાદનું હૃદયસ્થાન એટલે કે કેન્દ્રસ્થાન ગણાય, તેથી ત્યાં વ્યાખ્યાન સાંભળવા માટે જુદી જુદી પોળના સેંકડો પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થો આવવા લાગ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પૂજ્ય મુનિ શ્રી દાનવિજયજી મ.** મહાવિદ્વાન અને શ્રેષ્ઠ વક્તા હતા. તેમનું વ્યાખ્યાન લોકોને ખૂબ ગમી ગયું. એમ કેટલાય દિવસો સુધી એક ધારાએ વ્યાખ્યાન ચાલ્યું.

એવામાં પૂજ્ય મુનિ શ્રી દાનવિજયજીને શારીરિક તબીયત કાંઈક નરમ થઈ, એ કારણે હવા ફેર માટે શ્રી હઠીભાઈની વાડીએ પધારવા વિચાર કર્યો. આથી શ્રી જેસિંગભાઈ આદિ આગેનાન શ્રાવકોએ વિનંતી કરી કે, આપશ્રી **વ્યાખ્યાન** કોઈ મુનિરાજને ભળાવીને પધારો તો સારૂં. વ્યાખ્યાનમાં લોકો સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. વ્યાખ્યાન બંધ ન રહેવું જોઇએ.

આપણા ચરિત્રનાયક જ્ઞાન–ધ્યાનમાં સદા મસ્ત રહેતા. ખાસ કારણ વગર કોઈની સાથે પરિચય કરતા નહિ. સામેથી કોઈનો પરિચય મેળવવા પોતાને એવના જ નહોતી.

તેઓશ્રીએ આપના ચરિત્રનાયકશ્રીને બોલાવીને કહ્યું, "તમે વ્યાખ્યાન વાંચજો."

પૂજ્યશ્રીએ કહ્યું: "સાહેબ! તત્ત્વાર્થનું વ્યાખ્યાન ધારાબદ્ધ ચાલુ રહે, તે માટે હું બીજું કાંઈક વાંચીશ. આપ પુનઃ પધારો, ત્યારે તત્ત્વાર્થ સૂત્ર વાંચશોજી." ત્યારે તેઓશ્રીએ ફરમાવ્યું: "ના, ના તમે પણ તત્ત્વાર્થ સૂત્ર જ ચાલુ રાખજો."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીએ કહ્યું: "તહત્તિ" સાહેબજી ! કહીને વડીલશ્રીનું એ વચન સ્વીકાર્યું. કેવો પરસ્પર વિનય-બહુમાન !



રાજનગર અમદાવાદમાં પૂજ્યશ્રીનું વ્યાખ્યાન

બીજા દિવસે વ્યાખ્યાનનો સમય થતાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી ધીર-ગંભીર નાદે શું ટીને શ્રી નવકાર મંત્ર ભણી વ્યાખ્યાનનો મંગલમય પ્રારંભ કર્યો.

ચિક્કાર હતો ઉપાશ્રયનો હોલ, શાન્તિ પણ અદ્ભુત હતી. સહુની નજર પૂજ્યશ્રીના પ્રતાપી વદન પર હતી. મેઘ ગંભીરનાદે ઓજસ્વી વાણીમાં વ્યાખ્યાન શરૂ કર્યું. તત્વની ગહન વાતો સરળ ભાષામાં રજુ કરીને પૂજ્યશ્રીએ શ્રોતાઓનાં દિલ ડોલાવી દીધાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હંમેશાં સહુ ભાવિકો વ્યાખ્યાનના સમય પહેલાં જ ઉપાશ્રયમાં હાજર થવા માંડયાં. વ્યાખ્યાનમાં વહેતા પ્રથમ દિવસે જ તેમના પર એવો અજબ પ્રભાવ પાડી દીધો કે તેમને બધાં કામ કરતાં વધુ અગત્યનું કામ પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળવું તે લાગ્યું.

પુજ્યશ્રીની પવિત્રવાણીથી અનેક શ્રોતાઓના મોહ, અજ્ઞાન, મિથ્યાત્વનો છેદ થવા માંડયો, જેટલી પાણીદાર તેઓશ્રીની વાણી હતી, એટલું જ સંવેગ રસ પ્રચુર તેઓશ્રીનું જીવન હતું. એટલે પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં તે સમયના અમદાવાદના પ્રથમ પંક્તિના આગેવાન જૈન બંધુઓ સમયસર આવતા થયા.

ચાલુ વ્યાખ્યાનમાં જિજ્ઞાસુવિવેકી શ્રોતાઓ જે પ્રશ્નો પૂછતા તેના જવાબ પૂજ્યશ્રી આગમરૂપી આયનામાં જોઈને આપતા. કોઈ પ્રશ્નકારને તર્ક વડે નિરૂત્તર ન બનાવતા, પણ તત્ત્વ વડે નિશંક બનાવતા.

ભરી સભામાં પ્રશ્નકારને ઉતારી પાડવાની છીછરી વૃત્તિનો પૂજ્યશ્રીના વિશાળ હૃદયમાં સદંતર અભાવ હતો.

પૂજ્યશ્રીના આકર્ષક વ્યાખ્યાન શૈલીના કારણે શ્રદ્ધાળુઓની સાથે અનેક પાશ્ચાત્ય શિક્ષણ પામેલા અન્ય દર્શનીય શ્રોતાઓ પણ આવતા. દિનપ્રતિદીન શ્રવણરસ વધવા લાગ્યો. એની સાથે શ્રોતાઓની સંખ્યા પણ ખૂબ વધતી ગઈ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદમાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીનો ધર્મ-રાગ સર્વત્ર વ્યાપક થઇ ગયો હતો. આજે અમદાવાદની પોળે પોળે વાતો થતી હતી કે "શું પૂજ્યશ્રીની વ્યાખ્યાનધારા જેમ ધોધમાર વરસાદનો પ્રવાહ જમીન પર પડે ત્યારે ભૂમિ પરનો કચરો ધોવાઈ જાય ભૂમિ સ્વચ્છ થઈ જાય તેજ પ્રમાણે પૂજ્ય-શ્રીના વ્યાખ્યાન શ્રવણથી હૃદયરૂપી ભૂમિમાંથી શંકા, અજ્ઞાન, મોહ મીથ્યાત્વ વગેરે કચરો વહી જાય છે અને હૃદય નિર્મલ થઈ જાય છે."

પોળના ચોરા ઉપર બેસી સહુ વાતો કરતા, આજુ બાજુના મહાનુભાવોને વ્યાખ્યાનમાં આવવા પ્રેરણા આપતા અને પોતાની સાથે લેતા આવતા.

પૂજ્યશ્રીનું વિ. સં. ૧૯૫૩નું નવમું ચાતુર્માસ અમદવાદમાં થયું.

સદ્‌ગુરૂના મુખે સદ્‌બોધ સંભળો, સમજો, હૃદયમાં ઉતારો અને વર્તનમાં મૂકો. જેમ ચાખ્યા વિના સાકરની મીઠાશ આવતી નથી તેમ વર્ત-નમાં મૂક્યા સિવાય શ્રવણ ફળતું નથી. એ સદા યાદ રાખો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ સોળમું..........

# વેધકવાણીની અદ્દભુત અસર

એ વખતના પ્રતિષ્ઠિત આગેવાન અને જિજ્ઞાસુ અને વિદ્વાન્ શ્રોતાઓનો થોડો પરિચય આપણે મેળવી લઈએ.*

(૧) શ્રાદ્ધવર્ય શ્રી પાનાચંદ હુકમચંદભાઈ. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. પણ પૂજ્ય પંડિતશ્રી પદ્મવિજયજી મ. પૂજ્ય પંડિત શ્રી રૂપવિજયજી મ., પૂ. પં. શ્રી વીર-વિજયજી મ., આદિ આગમધર મુનિધુરંધરો પાસે તેમણે ઘણાં વર્ષો પર્યન્ત આગમોનું શ્રવણ કરેલું. આથી તેઓ એક અનુભવ વૃદ્ધ બહુશ્રુત શ્રાવક કહેવાતા. આગમોમાં શ્રમણોપાસકને "**લદ્ધટ્ઠા ગહિયટ્ઠા**" વિશેષણો આપવામાં આવ્યા છે. શ્રી પાનાચંદભાઈ પણ એવા જ બહુશ્રુત અર્થજ્ઞાનથી—સાચા શ્રમણોપાસક હતા. એમના સહકારથી

---

* એ વખતના ખાસ આગેવાનોનો પરીચય આ નાનકડા આ ગ્રંથના વાંચકોને પરિચય થાય તેથી "શાસન સમ્રાટ" નામના આ મૂળ ગ્રંથમાંથી અહિં ઉતારો કર્યો છે. —સંપાદક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાધનપુરવાળા મુનિ શ્રી વીરવિજયજી મ. (પાછળથી આચાર્ય શ્રી વીરસૂરિજી) વિગેરે મુનિવરો 'શ્રી પન્નવણા સૂત્ર' વાંચી શકયા હતા. તેમજ શ્રી રામચંદ્ર દીનાનાથ શાસ્ત્રી તથા શ્રી કેશવલાલ પ્રેમચંદ મોદી વિગેરે વિદ્વાન શ્રાવકો 'શ્રી લોકપ્રકાશ' વાંચી શકયા હતા.

શ્રી પાનાચંદભાઈની શ્રવણ-રુચિ અપૂર્વ કોટીની હતી. એક સાચા બહુશ્રુત શ્રાવકને છાજે તેવી હતી. તેઓ આપણા પૂજ્યશ્રીને કહેતા કે : "સાહેબ! જિનેશ્વર દેવની પવિત્ર વાણીનું શ્રવણ મહાન ભાગ્યોદય હોય તો જ મળે. શહેરમાં કોઈક વખત પૂજ્ય મુનિમહારાજનો યોગ ન હોય તો હું તો પૂજ્યશ્રીની પાસે પણ જિનવાણી સાંભળવા જઉં છું. કેટલાક મને એમ પણ કહે છે કે-તમે પૂજ્યશ્રી પાસે કેમ જાઓ છો? ત્યારે હું તેમને જવાબ આપું છું કે : ભાઈ! ભલે તેઓ પંચમહાવ્રતધારી સાધુ ન હોય, પણ જિનેશ્વરદેવના અનુયાયી સમ્યક્ત્વધર તો છે ને? હું તો એમના સમ્યક્ત્વની સદ્દહણા કરું છું, અને વ્યાખ્યાન સાંભળવા જઉં છું. અને કોઈકવાર વ્યાખ્યાન શ્રવણ ન થઈ શકે તો હું કોઈક હોંશિયાર છોકરા પાસે ધાર્મિક પુસ્તકો વંચાવીને સાંભળું છું."

આનું નામ સાચા શ્રમણોપાસક કેવી એમની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનવાણી શ્રવણની રૂચિ ? કેટલી શુદ્ધ સદ્દહણા અને ગુણાનુરાગિતા ?

શ્રી તત્ત્વાર્થસૂત્રના આ ચાલુ વ્યાખ્યાનમાં તેઓ હંમેશા નિયમિત હાજરી આપતા અને એક ચિત્તે વ્યાખ્યાનનો શબ્દે શબ્દ સાંભળતા.

એકવાર વ્યાખ્યાનમાં 'અવધિ–દર્શન'નો અધિકાર આવ્યો. પૂજ્યશ્રીએ અવધિ–દર્શનના સ્વરૂપનું નિરૂપણ કરતાં કહ્યું: "અવધિ–દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમના બળે પ્રદાર્થનું સામાન્ય સ્વરૂપ ગ્રહણ કરનાર અવધિ ઉપયોગ, તે અવધિદર્શન કહેવાય. અને તે નિયમા સમ્યગ દર્શનધારીને જ હોય, મિથ્યાત્વીને નહીં. "**અવધિ દર્શનં તુ સમ્યગ્દષ્ટિરેવ ન મિથ્યાદષ્ટિ.***

આ સાંભળીને શ્રી પાનાચંદભાઈએ પ્રશ્ન કર્યો. "સાહેબ ! જો અવધિદર્શન નિયમા સમ્યક્ત્વીને જ હોય. તો આગમમાં અવધિદર્શનનો ઉત્કૃષ્ટ સ્થિતિકાળ બે "૬૬" સાગરોપમ પ્રમાણે કહ્યો છે, તે કઈ રીતે ઘટે ? કારણ કે–સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટકાળ તો ફક્ત એક '૬૬' સાગરોપમ જ છે."

જવાબમાં પૂજ્યશ્રીએ ફરમાવ્યું : "ભાઇ ! શ્રી ભગવતીજી, શ્રીપન્નવણાજી વગેરે આગમોમાં વિભંગ જ્ઞાનને પણ અવધીદર્શન હોય એમ કહ્યું છે એટલે એ

---

* તત્ત્વાર્થ સિદ્ધસેન ગણિકૃત અ. ૨. સૂત્ર ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપેક્ષાએ વિભંગ જ્ઞાનના ‘૬૬’ અને અવધિજ્ઞાનના ‘૬૬’ એમ બે ‘૬૬’ સાગરોપમ સુધી અવધિદર્શન હોય, એ યુક્ત છે. પણ તત્ત્વાર્થ-વૃત્તિકારનો મત એવો છે કે-સમ્યગ્દૃષ્ટિને જ અવધિદર્શન હોય. ભિન્ન ભિન્ન વાચનાની અપેક્ષાએ આ બન્ને મત આપણે માટે તો પ્રમાણ અને યથાર્થ જ છે.”

આવું શાસ્ત્ર-સિદ્ધ સમાધાન સાંભળીને શ્રી પાનાચંદભાઈ અપૂર્વ સંતોષ પામ્યા.

ધન્ય જ્ઞાની ગુરુ! ધન્ય વિદ્વાન શ્રોતા!

(૨) શેઠશ્રી ધોળશાજી ગુજરાતના પ્રસિદ્ધ લોકપ્રિય જૈન નાટયકાર શ્રી ડાહ્યાભાઈના તેઓ પિતાજી હતા. તેઓ ચુસ્ત ધાર્મિકવૃત્તિના હતા. પોતાનો પુત્ર આવો મોહનીય કર્મની વૃદ્ધિ થાય નાટકનો એવો વ્યવસાય કરે, એ તેમને બિલકુલ રૂચતું નહિં. તેથી તેઓ ડાહ્યાભાઈથી જુદા રહેતા. સ્વયં ઝવેરાતનો ધંધો કરતા. ઘણા સારા કોડપતિ શેઠીયાઓ સાથે તેમને અંગત પરિચય હતો. પણ તેમની પાસે તેઓ કદી પણ ઝવેરાત લઈ જતા નહિં. કારણ કે આર્થિક બાબત પોતાના ધાર્મિક સંબંધમાં ધક્કો પહોંચાડનાર છે, એમ તેઓ સ્પષ્ટપણે માનતા. તેમની વ્યાખ્યાન શ્રવણ રુચિ અજબ હતી. પૂજ્યશ્રીની સભાના તેઓ વિદ્વાન સમજુ શ્રોતા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદના કોટયાધિપતિ શેઠીયાઓ તેમની મારફત લાખો રૂપિયાનું ગુપ્તદાન ગરીબોને અપાવતા. શેઠ હઠીસિંહ કેસરીસિંહ તરફથી તો ત્યાં સુધી હુકમ હતો કે "પ્રથમ જૈન પછી બીજી હિન્દુ કોમો અને મુસલમાન આદિ અઢારે વર્ણનમાં કોઈ પણ દુઃખી માણસ ભૂખ્યો ન રહેવો જોઈએ." અને એ માટે તેઓશ્રી ધોળશાજી દ્વારા લાખો રૂપિયાની દાન-સરિતા વહેવડાવતા.

શેઠ મનસુખભાઈ ભગુભાઈ પણ દર મહિને હજારો રૂપિયાનું દાન તેમની મારફત કરતા. ધોળશાજી ખૂબ આબરૂદાર પ્રતિષ્ઠિત માણસ હતા. શ્રી મનસુખભાઈ જેવા શ્રેષ્ઠિઓ પોતાના ભરોસે લાખો રૂપિયા દાન કરવા માટે આપે છે, તેથી તેમાં કોઈ સમયે કોઈને પણ શંકા ન ઉપજે, એટલા માટે તેઓ એક ખાનગી નોંધ-પોથીમાં પાઈએ પાઈનો ગણત્રીપૂર્વકનો હિસાબ સંકેત રૂપે લખી રાખતા.

એક દિવસ તેઓ સ્વભાવિક રીતેજ શેઠ મનસુખભાઈને એ નોંધ બતાવવા ગયા. પણ શેઠે તો તેમને કહી દીધું કે: "મારે એ યાદી સાંભળવી પણ નથી. હું સાંભળું, ને કોઈ પ્રસંગે કોઈની પણ સાથે વિરોધ થતાં આવેશને લીધે મારાથી આ કરેલાં ઉપકારો સંબંધી કાંઈ કહેવાઈ જાય, તો કર્યા-કરાવ્યા ઉપર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાણી ફરી વળે અને તમારા ઉપર મને સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા છે. તમારા જેવી ગંભીરતા હજી અમને અમારામાંય નથી જણાતી."

શ્રી ધોળશાજી તો આ સાંભળીને છક્ક થઈ ગયા. તેઓ શેઠની આવી અત્યુત્તમ ભાવનાની ખૂબ ખૂબ અનુમોદના પ્રશંસા કરી રહ્યા.

આ ગ્રંથના દરેક વાંચકોએ આ ખાસ વિચારવા જેવી વાત છે.

"ધન્ય છે જૈન શાસન પામેલા આત્માઓને"

તેઓ હંમેશાં શ્રાવક યોગ્ય આવશ્યક ક્રિયાઓ કરતા અને પ્રતિદિન બપોરે પૂજ્યશ્રી મુળચંદજી–મુક્તિવિજયજી મહારાજસાહેબ પાસે સામાયિક કરવા જતા. આ વખતે શેઠ પ્રેમાભાઈ પણ પાલખીમાં બેસીને છુટે હાથે દાન આપતા શાસનની શાન વધારતા, સામાયિક કરવા આવતા. ધોળ શાજીની ભાષા મીઠી તેમજ વૈરાગ્યપોષક હતી. સામાન્ય વાતચીતમાં પણ તેઓ વૈરાગ્ય વધે તેવું જ બોલતા. આગમ વિષયના તેઓ સારા જાણકાર હોવાથી કેટલાક સામાન્ય પ્રશ્નોનો જવાબ આપવાનું કામ પૂજ્યશ્રી મુળચંદજી મહારાજ તેમને ભળાવતા. તેઓ સારી રીતે સામાને સંતોષ મળે તે રીતે એ પ્રશ્નોના જવાબ આપતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) શ્રી ડાહ્યાભાઈ દેવતા. તેઓ કૂતાસાની પોળમાં રહેતા; અને વિદ્યાશાળાના બેઠકીયા હતા. વિદ્યાશાળામાં તેઓ કાયમ રાસ વાંચન કરતા. કંઠ મીઠો, અને અર્થ સમજાવવાની શક્તિ પણ સરસ. એટલે ઘણા શ્રોતાઓનું મન તેઓ આકર્ષી શકતા.

અતિ વ્યવસાયી જીવનમાં ધર્મભાવના ઓછી ન થઈ જાય એટલા માટે શેઠશ્રી મનસુખભાઈ પણ તેમને પ્રતિદિન પોતાને ત્યાં બોલાવતા, અને બે કલાક રાસ સાંભળતા, "**કેવી સરસ ધર્મ ભાવના**"

(૪) શા. છોટાલાલ લલ્લુભાઈ ઝવેરી. તેઓ વિદ્યાશાળાના આગેવાન ટ્રસ્ટી હતા. તત્વ-જ્ઞાનના તેઓ ભારે રસિયા અને બહુશ્રુત શ્રાવક હતા. જ્યારે તેઓ વ્યાખ્યાન સાંભળવા આવે, ત્યારે દૂરથી પૂ. મહારાજશ્રીનો ગંભીર અવાજ સાંભળીને તેઓ બોલી ઉઠતા કે: "શું ઉપાશ્રયમાં દેવતાઈ વાજાં વાગે છે?"

(૫) **ઝવેરી મોહનલાલ ગોકળદાસ**. તેઓ પણ વિદ્યાશાળાના ટ્રસ્ટી હતા. અને કસુંબાવાડમાં રહેતા હતા. પ્રતિષ્ઠાદિ વિધિ વિધાનો કરાવવામાં તેઓ તથા **છોટાભાઈ ઝવેરી** કુશળ હતા.

આ ઉપરાંત-નગરશેઠ મણિભાઈ પ્રેમાભાઈ, શેઠ લાલભાઈ દલપતભાઈ, શેઠ મનસુખભાઈ ભગુભાઈ, શેઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હઠીસિંહ કેસરીસિંહનું આખું કુટુંબ,-શેઠ સારાભાઈ, શેઠ જેસીંગભાઈ વગેરે, તથા શા. ભગુભાઈ વીરચંદ, (હાજા પટેલની પોળવાળા), ઝવેરી છોટાલાલ ચાંપશી, શ્રી શા. જેશીંગભાઈ માણેકચંદ (હાજા પટેલની પોળ-વાળા) વગેરે ભાવિક અને વિદ્વાન–આગેવાન શ્રેષ્ઠિ શ્રાવકો પૂજ્યશ્રીની વ્યાખ્યાન–સભાના મુખ્ય શ્રોતાઓ હતા.

શેઠ શ્રી મનસુખભાઈ હંમેશાં પૂજ્યશ્રીના વ્યાખ્યાન માં આવતા અને અત્યંત ગંભીર વિષયોને પણ અત્યંત સરળતાથી શ્રોતાઓના હૃદયમાં જચાવવાની પૂજ્યશ્રીની વ્યાખ્યાન–શક્તિ જોઈને તેમના હૃદયમાં પૂજ્યશ્રી તરફ બહુમાન જાગૃત થતું.

એકવાર તેમની શારીરિક સ્થિતિ કાંઈક નરમ હતી. વ્યાખ્યાનમાં આવી શકાય તેમ ન હતું. પણ માંગલિક સાંભળવાની અભિલાષાથી તેમણે શ્રી ડાહ્યાભાઈ દેવતાને પૂજ્યશ્રીને બોલાવી લાવવા માટે મોકલ્યા.

બપોરે તાપ થઈ જાય, એટલે પૂજ્યશ્રી સવારના–ઠંડે પહોરે જ પધારી જાય તો સારૂં, એવા આશયથી ડાહ્યાભાઈએ સવારે જ બંગલે પધારવા વિનંતિ કરી. પણ વ્યાખ્યાનનો સમય થઈ ગયો હતો એટલે પૂ. મહારાજશ્રીએ કહ્યું કે: "અત્યારે વ્યાખ્યાનનો સમય થયો છે. માટે વ્યાખ્યાન પૂરું થયા પછી હું આવી જઈશ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યાન પૂરું થયા પછી પૂજ્યશ્રી શેઠને બંગલે પધાર્યા. ધર્મોપદેશ સંભળાવીને ખૂબ આશ્વાસન આપ્યું. ત્યારપછી ઉપાશ્રયે આવીને પચ્ચક્ખાણ પાર્યું.

શ્રી મનસુખભાઈ શેઠના મનમાં આ પ્રસંગનો અનેરો પ્રભાવ પડયો. તેમને લાગ્યું કે મહારાજશ્રી કોઈની ખોટી શેહમાં તણાઈ જાય તેમ નથી. અને લોકોને ધર્મ પમાડવાની અપૂર્વ ધગશવાળા છે. આથી તેમને પૂજ્યશ્રી ઉપર સવિશેષ ભક્તિભાવ જાગ્યો. અને તે દિન પ્રતિદિન વધતો જ રહ્યો.

આ વખતે અમદાવાદના નગરશેઠ શ્રી મણીભાઈ પ્રેમાભાઈ હતા. તેઓ સાધુઓ પ્રત્યે ભક્તિ બહુમાન ધરાવતા. તેમણે ઉચ્ચ પ્રકારની પાશ્ચાત્ય કેળવણી લીધેલી હોવાથી, તેમજ શ્રી મણીભાઈ નભુભાઈ દ્વિવેદી વિગેરેના પરિચયને લીધે વેદાન્તના ગ્રન્થોનું ઉંડું અવલોકન કર્યું હોવાથી, મનને સંતોષ પમાડે એવું વ્યાખ્યાન તેમને ક્યાંય દેખાતું નહિ. તેમના મનમાં વ્યાખ્યાન માટે એવો પૂર્વગ્રહ બંધાઈ ગયેલો કે–વ્યાખ્યાનમાં તો કથા–વાર્તા જ આવે છે, કાંઈ તત્ત્વજ્ઞાન ચર્ચાતું નથી. એવાં વ્યાખ્યાન સાંભળવાથી શું ફાયદો ? તેમનીતર્કપ્રધાન બુદ્ધિ આત્મા વગેરે પદાર્થોના અસ્તિત્વ વિષે સંદિગ્ધ હતી.

તેમના પરમમિત્ર શ્રી ધોળશાજી તેમના આ વિચારો સારી રીતે જાણતા હતા. તેમની ભાવના એવી કે શ્રી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘના સમર્થ નાયક નગરશેઠ જો દઢ શ્રદ્ધાળુ બને તો શ્રીસંઘને મહાન્ લાભ થાય. અને આવી ઉત્તમ ભાવનાથી પ્રેરાયેલા તેઓ નગરશેઠને રૂચિકર અને સંતોષપ્રદ વ્યાખ્યનની તપાસ વારંવાર કરતા.

આપણા પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળીને શ્રી ધોળશાજીને લાગ્યું કે–આ વ્યાખ્યાન–શૈલી નગરશેઠ માટે સચોટ અસરકારક નીવડશે સમય જોઇને તેઓ પહોંચ્યા નગરશેઠ પાસે. શેઠની પાસે પૂજ્યશ્રીની વિદ્વત્તા અને વ્યાખ્યાનશૈલી વિગેરેની ભારોભાર પ્રશંસા કરતાં તેમણે કહ્યું: "શેઠ! આપ એકવાર પાંજરાપોળે વ્યાખ્યાનમાં પધારો, આપને ઘણો આનંદ આવશે."

ધોળશાજીની પરમાર્થ–વૃત્તિ માટે શેઠને ઘણું સન્માન હતું. તેથી તેઓ તેમની વાતનો અનાદર કરી શકતા નહીં, એટલે તેઓ 'આજે અમુક મહેમાન આવવાના આજે અમુક કાર્યક્રમ છે' એમ બહાના કાઢીને વ્યાખ્યાનની વાત ટાળવા લાગ્યા.

શ્રી ધોળશાજી ગંભીર અને અડગ હતા. સતત ઉદ્યમથી દરેક કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે, એમ મક્કમપણે માનનારા હતા. તેમણે હંમેશાં પ્રેરણા કરવી ચાલુ રાખી. પરિણામે એક દિવસ નગરશેઠના મનમાં વિચાર આવ્યો કે, "આ ધોળશાજી હંમેશાં મહારાજ સાહેબનું વ્યાખ્યાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળવાની પ્રેરણા કરે છે, તો એક દિવસ સાંભળીએ તો ખરા. તેમણે ધોળશાજીને કહ્યું કે–**"આવતી કાલે હું વ્યાખ્યાનમાં જરૂર આવીશ."**

ધોળશાજી તો મનમાં રાજીના રેડ થઈ ગયા. તેમની ઉમદા ભાવના અને ઉદ્યમ આજે સફળ બન્યા.

બીજે દિવસે સવારે વ્યાખ્યાન સમયે તેઓ શેઠના બંગલે પહોંચી ગયા, અને શેઠને સાથે લઈને ઉપાશ્રયે આવ્યા.

વ્યાખ્યાન ચાલતું હતું અનેક શ્રોતાજનો પૂજ્યશ્રીના વચન-પીયુષને પોતાના હૃદય-પાત્રમાં ઝીલી રહ્યા હતા. નગરશેઠ પણ બેઠા. પૂજ્યશ્રીની તર્ક–પરિશુદ્ધ અને વૈરાગ્યરસ–ઝરતી વાણી સાંભળીને તેમનું ચિત્ત પ્રસન્ન બન્યું. **ઘણા સમયથી દૃઢ વીંટળાયેલા પૂર્વગ્રહના બંધનો આજે આપમેળે છૂટી ગયા.** તેઓ જેવું ઈચ્છતા હતા, તેવું જ–બલ્કે તેના કરતાંય ઉચ્ચ કોટિનું વ્યાખ્યાન આજે તેમને સાંભળવા મળ્યું. આથી તેઓ ખૂબ પ્રભાવિત બન્યા.

ત્યારપછી બીજે દિવસે સવારે ધોળશાજી શેઠને બોલાવવા ગયા, તો શેઠ તો ક્યારનાય તૈયાર થઈને જ બેઠા હતા. તેમણે કહ્યું: **"ચાલો! હું તો તૈયાર જ છું."** ધોળશાજી પણ તેમના આ અદ્ભુત પરિવર્તનથી સાનંદાશ્ચર્ય પામ્યા. પછી તો પ્રતિદિન વ્યાખ્યાનમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવવું એ નગરશેઠનો **નિત્ય નિયમ** થઈ ગયો. ત્યાં સુધી કે-વ્યાખ્યાન બેસવાને હજી પા કલાકની વાર, હોય. કોઈ આવ્યું ન હોય, **ત્યારે નગરશેઠ હાજર થઈ જાય. અને વ્યાખ્યાનના આરંભથી માંડીને અંત સુધીનો અક્ષરેઅક્ષર સાંભળે.**

આ ઉપરથી કલ્પી શકાય છે કે-આપણા મહાન ચરિત્રનાયક પૂજ્યશ્રીની વાણીનો ચમત્કાર કોઈ અજબ જ હતો.

નગરશેઠ નિયમિત આવવા લાગ્યા એટલે પૂજ્યશ્રીની નગરશેઠ અને એમના જેવા અનેક આત્માઓના ઉપકારાર્થે શ્રી નન્દીસૂત્રનું વ્યાખ્યાન શરૂ કર્યું. નન્દીસૂત્રમાં આવતા દરેક દાર્શનિક વિષયોને પૂજ્યશ્રી તાર્કિક શૈલીથી, સરલતા પૂર્વક અને શ્રોતાઓની રસ-ક્ષતિ ન થાય, તે રીતે સમજાવતા. આથી નગરશેઠના અનેક સંદેહોનું નિરાકરણ થઈ ગયું. અને આત્માદિના અસ્તિત્વ વિષે તેઓ દઢ-શ્રદ્ધાવંત બન્યા.

પૂજ્યશ્રીના ઉપદેશના પ્રભાવે નગરશેઠ જેવી વ્યક્તિના જીવન તથા માન્યતાના પરિવર્તનનો આ પ્રસંગ પૂજ્યશ્રીની મહાન પ્રતિભા અને પુણ્યબળનો સૂચક છે.

બહારની વાડીએ પધારેલા પૂ. મુનિશ્રી દાનવિજયજી મ. ની તબીયત સ્વસ્થ થયા પછી પાંજરાપોળ ઉપાશ્રય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પધાર્યા. ત્યાં થોડો સમય સ્થિરતા કરીને વડોદરાના શ્રીસંઘની વિનંતિથી તેઓશ્રી વડોદરા પધાર્યા. આપણા પૂજ્યશ્રીને અમદાવાદ-પાંજરાપોળના ઉપાશ્રયે ચાતુર્માસ માટે વિનંતિ થતાં, તેઓશ્રીનું આ ચાતુર્માસ પાંજરા પોળમાં કરવાનું નક્કી થયું. વિ. સં. ૧૯૫૩નું ચાતુર્માસ થયું.

આ ચોમાસામાં પૂજ્યશ્રીના ઉપદેશથી શેઠ મનસુખ ભાઈ ભગુભાઈએ એક સંસ્કૃત-ધાર્મિક પાઠશાળા સ્થાપી. તેમાં અંગ્રેજીનું શિક્ષણ પણ અપાતું.

એકવાર પૂજ્યશ્રીને મસ્તકમાં સખત દુઃખાવો થવા લાગ્યો. એ જોઈને નગરશેઠ શ્રી મણીભાઈએ ભક્તિપૂર્વક કહ્યું કે: 'સાહેબ! આપશ્રી મોતીભસ્મ, પ્રવાલ, વિ. ઔષધિઓનું સેવન કરો, તો દુઃખાવો મટી જશે.'

પણ પૂજ્યશ્રીએ એ માટે ચોખ્ખી ના પાડતા કહ્યું કે, દુઃખાવો તો એકાદ દિવસમાં સ્વયં મટી જશે. બન્યું પણ એમ જ. એક દિવસમાં પૂજ્યશ્રીને સંપૂર્ણ આરામ થઈ ગયો.

પૂજ્યશ્રી પાસે પોતાના ન્યાય-વ્યાકરણના અમુક ગ્રંથો, આવશ્યક સૂત્ર (૨૨ હજારી) કલ્પ-સુબોધિકા, બારસાસૂત્ર, મહાનિશીથ, અષ્ટકજી વિગેરે થોડા ખપ પુરતા પુસ્તકો હતાં. આ જોઈને એકવાર શ્રી ધોળશાજીએ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીને વિનંતિ કરી કે, "સાહેબજી! આપ મહાવિદ્વાન છો. સ્વ-પર દર્શનના ઊંડા અભ્યાસી છો, એટલે આપશ્રીને ડગલે પગલે જરૂર પડે માટે તે તે વિષયના ગ્રંથો મંગાવી રાખવા જોઇએ, તે જ્યાંથી મળતા હોય ત્યાંથી મંગાવી લો. તેના ખર્ચાની વ્યવસ્થા થઈ જશે.

આ સાંભળી પૂજ્યશ્રીએ કહ્યું: "ભાઈ! હું મારે માટે કોઈને પણ એ બાબતમાં ઉપદેશ આપવા ઇચ્છતો નથી. જ્યારે જે ગ્રંથ જોઈએ ત્યારે તે મળી રહે છે."

"ગુરૂદેવ! આપને એ માટે કોઈ વિચાર કરવાનો નથી, તેમ જ કોઈનેય કહેવાની જરૂર નથી. હું મારી શક્તિ અનુસાર સર્વ-પ્રબંધ કરી લઈશ." પરમભક્ત પોળશાજીએ કહ્યું. પૂજ્યશ્રીની નિસ્પૃહતાને પ્રણામ કરીને મનોમન ધન્યતા અનુભવી.

શ્રી પોળશાજીએ યતિઓ વગેરે પાસેથી કેટલાંક અપૂર્વ હસ્તલિખિત ગ્રંથો ખરીદ્યા અને કેટલાક ગ્રંથો લહીઆઓ પાસે લખાવવાની ગોઠવણ કરી. આ રીતે શ્રીપોળશાજીની પરમ ભક્તિને લીધે પૂજ્યશ્રી પાસે અપૂર્વ એવો સારો પુસ્તક સંગ્રહ થયો.

આ બધાં પુસ્તકો આજે પણ ખંભાતના જ્ઞાન ભંડારમાં સુરક્ષિત વ્યવસ્થિત છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદમાં અનેકાનેક ઉત્તમ ભાવિક આત્માઓને શ્રી જિનવાણીનો પાકો રંગ લગાડીને આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી અમદાવાદથી વિહાર કરવાની તૈયારી કરી. પણ નગરશેઠ શ્રી મણિભાઈને પૂજ્ય ગુરૂદેવ પ્રત્યે ખુબ ખુબ અનુરાગ હતો. જ્યારે જ્યારે પૂજ્યશ્રી વિહારની વાત કરે, ત્યારે તેઓ ખુબ આગ્રહ કરીને વિહાર કરવા ન દેતા. પણ "સાધુ તો ચલતા ભલા." એટલે એકવાર નગર શેઠ મુંબઈ ગયા હતા, ત્યારે પૂજ્યશ્રીએ અમદાવદથી વિહાર કરી કપડવણજ તરફ પધાર્યા.

* * *

**વિચાર કર!**

"હું કોણ છું? ક્યાંથી આવ્યો છું?"

"હું અહીંથી ક્યાં જવાનો છું? અહીં મારું ધ્યેય શું છે? અને અહીં આવીને ધ્યેયને સિદ્ધ કરવા મેં શું કર્યું?"

આ પ્રશ્નોનો હંમેશાં વિચાર કરે, તે જ ઉત્તમ આત્મા કાંઈક પામી શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ સત્તરમું..........

# ખંભાતના બે યાદગાર ચોમાસા

વિ. સં. ૧૯૫૪-૫૫ માં બે ચાતુર્માસ થયા.

અમદાવાદથી નરોડા-વગેરે વિહાર કરી અનુક્રમે પૂજ્યશ્રી કપડવંજ પધાર્યા. આમ તો કપડવંજ શ્રી સાગરજી મહારાજની જન્મભૂમિ, ધર્મશ્રધ્ધાળુ ક્ષેત્ર. વ્યાખ્યાન વાણીના રસીયા ઘણા શ્રોતાઓ. અહિં આપણા ચરિત્રનાયકની વ્યાખ્યાન શૈલી સૌને ખુબ ગમી ગઇ. દિન પ્રતિદિન વ્યાખ્યાનમાં શ્રોતાઓની સંખ્યા વધવા લાગી.

કેટલાય દિવસો સુધી કપડવંજની ભાવિક પ્રજાએ જિનવાણીનું રસપાન કર્યું. તેમની વ્યાખ્યાન શૈલી સચોટ હતી, અનેક તાત્વીક વાતો જાણીને ાતાઓ ખુબ ખુબ આનંદવિભોર થતા હતા.

એકાએક એક દિવસ શ્રાવકોનો સમુહ ઉપાશ્રયમાં પ્રવેશ કરીને પૂજ્યપાદ ગુરૂ મહારાજશ્રીની સન્મુખ આવી સૌ એક સાથે બોલ્યા : "મત્થએણ વંદામિ" સાહેબ અમે ખંભાતથી આવ્યા છીએ. એક શ્રાવક બોલ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતના આગેવાનો શ્રેષ્ઠિ શ્રી પોપટલાલભાઈ અમરચંદભાઈ વિગેરે કપડવંજમાં બિરાજતા આપણા પૂજ્યચરિત્ર નાયકશ્રીને ભાવોલ્લાસિત હૃદયે સૌએ વંદના કરી.

પૂજ્યગુરૂદેવે "ધર્મલાભ" પૂર્વક પ્રસન્ન વદને આશીર્વચન ઉચ્ચાર્યા.



પૂજ્યશ્રી પાસે ખંભાતના આગેવાનો વિનંતી કરે છે.

ખંભાતથી આવેલા ભાવિક શ્રાવકોએ વંદના કરી પૂજ્ય ગુરૂદેવની સન્મુખ બેઠા. પછી બોલ્યા : "દયાળુ! અમારા ખંભાતના શ્રી સંઘની ભાવના અને વિનંતી છે કે આપ સાહેબ ખંભાત પધારો. આ ચાતુર્માસ ત્યાં જ કરો, આપના પધારવાથી ત્યાં ધર્મનો ઉદ્યોત થશે."

પૂજ્યશ્રીએ થોડીવાર લાભાલાભનો વિચાર કરીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું : "જેવી ક્ષેત્ર સ્પર્શના—વર્તમાન જોગ." આ રીતે શાસ્ત્રીય પરિભાષામાં ખંભાતના આગેવાન શ્રાવકો સમજી ગયા. પૂજ્યશ્રી સાથે કેટલીક વાતચીત કરીને "જૈન શાસનની જય" બોલાવી. સૌ પ્રસન્નતાપૂર્વક આનંદીત થયા. નગરના મન્દિરોના દર્શન—વંદન કરી, સાધર્મિક ભક્તિ માણી. સૌ આનંદીત હૈયે પૂજ્ય ગુરૂદેવની અનુમતિ લઈને ખંભાત તરફ વિદાય થયા. ખંભાત પહોંચીને શ્રી સંઘને કપડવંજના સમાચાર જણાવ્યા. ખંભાતના શ્રી સંઘમાં આ શુભ સમાચારે આનંદનું મોજું ફરી વળ્યું.

પૂજ્યશ્રીની થોડા દિવસની સ્થીરતા દરમ્યાન ભાવિક શ્રી સંઘને તત્ત્વવાણી સંભળાવીને શ્રદ્ધાળુ શ્રોતાઓને જૈન શાસનના તત્ત્વોના મર્મ દર્શન કરાવ્યા. જેથી શ્રોતાઓ ખૂબ પ્રભાવિત થયા.

કાળ સદા સ્વધર્મના પાલનમાં સક્રિય રહે છે, તેમ આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી પણ સ્વધર્મના પાલનમાં સદા સક્રિય રહેતા હતા. શાસનપતિના અસીમ ઉપકારોમાં ઉપયોગ રાખીને સર્વત્ર શાસન ભક્તિની શુદ્ધ પ્રરૂપણા કરતા હતા.

કપડવંજના શ્રીસંઘને સાતે ક્ષેત્રોને સદા લીલાછમ રાખવાનો ઉપદેશ આપી પૂજ્યશ્રીએ ખંભાત તરફ વિહાર કર્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાના મોટા ગામોમાં વિચરતા વિચરતા ધર્મોપદેશ આપતા. અનુક્રમે વૈશાખ માસ લગભગ ખંભાત પધાર્યા. ખંભાતના શ્રીસંઘે ભાવ–ઉલ્લાસથી ભવ્ય સામૈયું કર્યું.


સમ્યગ–દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરીને શિવ–કલ્યાણ પરિણામી બને એ ઉચ્ચ ભાવનામાં ઓતપ્રોત પૂજ્યશ્રીએ સમ્યગ્ શ્રુતના પઠન–પાઠન માટે ઉપદેશ આપ્યો. શુદ્ધ દેશવિરતિધર શ્રાવક **શ્રી અમરચંદ પ્રેમચંદભાઈએ** તે ઉપદેશ ઝીલી લીધો, અને શ્રુતભક્તિ માટે રૂપિયા **દશહજાર** આપવાની જાહેરાત કરી.

સમ્યગ્ દર્શનને દૃઢ બનાવવા માટે સમ્યગ જ્ઞાન ખુબ જ જરૂરી છે. એ હકિકત ધ્યાનમાં રાખીને પૂજ્યશ્રી પોતાની પાસે આવતા જ્ઞાન પિપાસુ આત્માઓને પ્રેમપૂર્વક ભણાવતા અને કહેતા કે, “દૃષ્ટિમાં આત્માના શુભ સ્વરૂપને રાખીને સઘળો વ્યવહાર કરજો, તો તમે શ્રી જિનશાસનના સાચા સપૂત ઠરશો.”

આપણા ચરિત્રનાયકશ્રી તથા **પૂજ્ય શ્રી આનંદસાગરજી મ.** બન્ને આ ખંભાતના ચાતુર્માસમાં (૧૯૫૪) સાથે હતા. ત્યારે શ્રી પર્યુષણા મહાપર્વમાં ગણધરવાદ’ બન્ને પૂજ્યોએ સાથે (બન્ને એક પાટ ઉપર બેસીને) વાંચેલો. તે આ રીતે કે પૂજ્ય શ્રી સાગરજી મહારાજ પ્રશ્ન કરે, અને પૂજ્યશ્રી એનો જવાબ આપે. આમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી નેમવિજયજી મ. અને શ્રી સાગરજી મ. સાથે બિરાજ્યા છે.

આખો ગણધરવાદ પ્રશ્નોત્તરી રૂપે સભા સમક્ષ વાંચેલો. ભાવિકોને ખુબ આનંદ આવ્યો હતો. (આ વાત ખંભાતના વૃદ્ધ પુરુષો પાસેથી જાણવા મળી છે.)

પર્વાધિરાજમાં તપસ્યા બહુ જ સારા પ્રમાણમાં થઈ. પૂજાઓ–પ્રભાવનાઓ, ભવ્ય આંગી રચનાઓને સ્વામી વાત્સલ્ય થયા. અને ભવ્ય વરઘોડાઓ પણ નિકળ્યા. આમ શાસનની શોભા અત્યંત સારા પ્રમાણમાં થઈ.

તીર્થ–યાત્રાના ફળ ભારે મીઠાં ! તીર્થની યાત્રા સર્વ આરંભથી નિવૃત્તિ અપાવે ! તીર્થ–યાત્રા કરવાથી પોતાને મળેલી લક્ષ્મીની સફળતા થાય ! એટલે સારા કાર્યોમાં વપરાય. તીર્થની યાત્રા શ્રીસંઘના વાત્સલ્યનો લાભ મળે ! તીર્થની યાત્રા સમ્યગ-દર્શનને નિર્મળ બનાવે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનચૈત્યોનો જીર્ણોદ્ધાર, અને એવાં પૂણ્ય-કાર્યો કરવાની તક તીર્થયાત્રામાં સાંપડે.

જિનશાસનની ઉન્નતિ, અને જિન આજ્ઞા પાલનનો અણમોલ અવસર તીર્થયાત્રામાં મળે.

તીર્થયાત્રાના પ્રતાપે તીર્થંકર નામકર્મ પણ બંધાય, અને જલ્દી મોક્ષ-નગર જવાનો પરવાનો પણ મળી જાય.

તીર્થની યાત્રા દેવ-માનવના ઉત્તમ સુખોની પ્રાપ્તિ કરાવે.

આવી મહાન્ ફલદાયક આ તીર્થ યાત્રાના આમ આઠ-આઠ સંઘ, સ્વ ખર્ચે કાઢેલા શ્રી સિદ્ધાચલજીના પાંચ સંઘ, આબુજીની પંચ તીર્થનો સંઘ, શ્રી કેસરીયાજી તીર્થનો સંઘ, અજમેરથી શ્રી સમ્મેતશિખરજીનો સંઘ. તેય પાછાં છ 'રી' પાળતાં. એટલે એનાં ફળ તો અનેરાં અને ઝાઝેરાં હોય.

આ ઉપરાંત પાંચ ઉજમણાં અને બીજાં સંખ્યાબંધ અઠ્ઠાઈ-મહોત્સવ વિગેરે અનેક અનુકરણીય-અનુમોદનીય ધર્મકાર્યો શ્રી અમરચંદભાઈએ પોતાના જીવન દરમ્યાન અનુપમ ઉદારતાપૂર્વક કર્યાં હતા.

શ્રી અમરચંદભાઈના ઘરમાં દરેકને માટે કેટલાક આદર્શ નિયમો હતા. રાત્રે ચઉવિહાર, અને સવારે નવકારશીનું પચ્ચક્ખાણ અવશ્ય કરવું જ જોઈએ. કંદમૂળ કે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભક્ષ્ય તો ખવાય જ નહિ. પૂજા-સેવા, તેમજ સવારમાં પાંચ-સાત જિન મંદિરના દર્શન કર્યા વિના બીજું કાર્ય ન કરાય. અને ઉંમરલાયક થયાથી દરેક છોકરાએ ઉપધાન તપની આરાધના કરવી જ જોઇએ.

પોતે સંઘમાં આગેવાન રહ્યા. પોતાના ઘરમાંથી કોઈ ઉપધાન કરનાર હોય, એટલે ઉપધાન તપ પોતે કરાવે એ જ ઉચિત ગણાય. ઘરના દરેકની ઈચ્છા પણ એવી જ હોય. આથી સાતેક વખત તો તેમણે પોતે ઉપધાન-તપ કરાવ્યા હતા.

શ્રી અમરચંદભાઇનો એક ઉત્તમ નિયમ એવો પણ હતો કે-તેમને ત્યાં પુત્ર કે પુત્રીના લગ્ન હોય, ત્યારે તે લગ્નકાર્ય મુખ્ય ન રાખતાં, તે પ્રસંગે ઉજમણું કે મહોત્સવ કરવો, ને લગ્નનું કાર્ય ગૌણપણે કરવું.

કેવા આદર્શ નિયમો ! અનુમોદન કરવાનું તો મન જરૂર થાય જ; ભાગ્ય જાગૃત હોય તો અનુકરણ કરવું જોઈએ.

શ્રી અમરચંદભાઈ બાર વ્રતધારી શ્રાવક હતા. તેમણે પરિગ્રહ-પરિમાણનો અભિગ્રહ એવો લીધેલો કે-"૯૯ હજાર રૂપિયા રાખવા, એથી આગળ વધવા ન દેવા, વધે તો ધર્મ કાર્યમાં એનો ઉપયોગ કરવો." તેમને પાંચ પુત્ર-રત્નો હતા. ૧. પોપટભાઈ, ૨-કસ્તુરભાઈ, ૩-પીતાંબરભાઈ, ૪-ઠાકરશીભાઈ, ૫-છગલશીભાઇ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે એમણે પરિગ્રહ પરિમાણ વ્રત લીધું ત્યારે ખંભાતી નાણાનું ચલણ હતું. એટલે ખંભાતના ચલણી ૯૯ હજાર રૂા. નો તેમને અભિગ્રહ હતો. ત્યારપછી કલદાર નાણાનું ચલણ શરૂ થયું, ત્યારે તે ખંભાતી નાણાંની કિંમત કલદાર '૧' અને રૂા. ના '૧૨' આના જેટલી એ હિસાબે ખંભાતી ૯૯ હજાર, બરાબર કલદાર રૂા. ૭૪ા (સવા ચુમ્મોતેર) હજાર થાય. આથી પોપટભાઈના મનમા થયું કે-પિતાજીનો નિયમ ૯૯ હજાર રૂા. છે. તે જે સમયે જે ચલણ ચાલુ હોય. તે નાણાંનો હોવો જોઈએ. તેથી કલદાર ૯૯ હજાર રૂા. રાખ તો નિયમ-ભંગ ન કહેવાય. આવી રીતે પરસ્પર વાતો કરતા.

તેઓએ પિતાજીને એ વાત કરી. ત્યારે અમરચંદ ભાઈએ અડગ ટેકથી કહ્યું : "મેં જે વખતે નિયમ લીધો, તે વખતે જે ચલણ હોય, તે નાણાનો જ એ નિયમ છે. અને એ હિસાબે કલદાર નાણું ૭૪ હજારથી વધુ ન જ રખાય, રાખીએ તો નિયમનો ભંગ થાય."

આ સાંભળીને પોપટભાઈ વિ. ના મનમાં સંકોચ થવા લાગ્યો. કારણ કે તેઓ ગર્ભ શ્રીમંતાઈમાં ઉછરેલા હતા. અને દરેક ભાઈઓનો પરિવાર પણ વિશાળ હતો. ૭૪ હજાર રૂા. ના ભાગ પડે, તો દરેકને ૧૫ હજારથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ ઓછા મળે. હવે આટલી રકમમાંથી ૧૦ હજાર પાઠશાળા માટે આપવા. એ વાતથી તેઓના મનમાં સંકોચ થાય એ સ્વાભાવિક છે. વળી દરેકના નામે જુદી-જુદી રકમ રાખીને અભિગ્રહમાં અતિચાર લગાડવો એ અમરચંદભાઈને પાલવે તેમ નહોતું.

આ હકિકત જાણીને પૂજ્યશ્રીએ અમરચંદભાઈને સમજાવ્યાં કે: "તમારા પુત્રોને સંતોષ થાય એમ વિચારવું એ ઉચિત છે."

જવાબમાં તેમણે મક્કમપણે કહ્યું કે: ગુરુદેવ! મારા દેવ એક, મારા ગુરુ એક, મારો ધર્મ એક, મારા માતા એક, અને પિતા પણ એક, તેમ મારું વચન એક જ હોય, તે અન્યથા ન જ કરાય.

નિયમ–પાલનમાં દૃઢ અડગતા, એ આનું નામ. અમરચંદભાઈની આ નિયમ–પાલકતા આપણને સહજ રીતે જ શ્રી પેથડશાનું સ્મરણ કરાવે છે. પેથડશા–માંડવગઢના મહામંત્રીશ્વર હતા, સમગ્ર રાજકારભાર તેઓ ચલાવતા હતા. સ્વર્ણસિદ્ધિ અને ચિત્રાવેલી જેવી મહાન દિવ્ય સિદ્ધિઓ તેમને વરેલી હતી. અને છતાંય પરિગ્રહનું પરિમાણ કેટલું? તો ફક્ત પાંચ લાખ દ્રમ્મનું એથી જેટલું વધે, પછી ભલે તે એક ક્રોડ સોનામહોર હોય કે એક અબજ હોય, બધું ધર્મ–કાર્યમાં જ ખર્ચાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી અમરચંદભાઈની વાત પણ આવી જ છે ને! ૯૯ હજારનો નિયમ એના ૭૪ હજાર થયા, છતાંય એ જ દૃઢતા. ખરેખર! આવા મહાન શ્રાવકવર્યોથી જ જિન સાશન જળ હળતું રહ્યું છે અને રહેશે.

હવે રોકડા રૂપિયા તો દીકરાઓના હાથમાં–વેપારમાં હતા. તેથી શ્રી અમરચંદભાઈ ૧૦ હજારની કિંમતના દાગીનાનો દાબડો લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા, ને વિનંતિ કરી: સાહેબ! આ દાબડો જેને અપાવવાનો હોય તેને અપાવીને પાઠશાળા શરૂ કરાવો.

દાનની કેવી ઉત્કટ લાગણી દેખાય છે.

આ વાતની શ્રી પોપટભાઇ વિ. ને જાણ થતાં તુરત જ તેઓ પૂજ્યશ્રી પાસે આવ્યા, ને અમારા પિતાશ્રીએ જે કહ્યું છે, તે અમોને માન્ય જ છે, આમ કહી તત્કાલ રૂા. ૧૦,૦૦૦ ની રકમ પાઠશાળા ખાતે જમા કરાવી દીધી.

ત્યાર પછી-આસો શુદ ૧૦ના મંગલદિને "શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન સંસ્કૃત પાઠશાળા"નો શુભારંભ કરવામાં આવ્યો. અધ્યાપક તરીકે શ્રી દિનકરરાવ શાસ્ત્રીજીને રાખવામાં આવ્યા. પ્રારંભથી જ ૬૦ થી ૭૦ જેટલા વિદ્યાર્થીઓ હોંશે હોંશે જોડાયા. એટલે બીજા બે શાસ્ત્રીજી રોકવામાં આવ્યા, શ્રીચંદ્રધર ઝા અને શ્રી કેશવ ઝા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠશાળામાં ધાર્મિક અભ્યાસની સાથે-સાથે સંસ્કૃત રૂપાવલિ, સમાસ-ચક્ર, ભાંડારકરની સંસ્કૃત બે બુક, એટલું પ્રાથમિક અભ્યાસરૂપે કરાવીને-ચંદ્રપ્રભા વ્યાકરણ; અભિધાનચિન્તામણિ કોષ વિ. ગ્રંથો ભણાવાતા.

શ્રી દલસુખભાઈ પોપટલાલ, સોમચંદ પોપટચંદ, ઉજમશીભાઈ છોટાલાલ ઘીયા (પૂ. ઉદયસૂરિજી મ.), ભોગીલાલ પોપટચંદ, વાડીલાલ બાપુલાલ, હીરાલાલ બાપુલાલ, આશાલાલ દીપચંદ, પુરૂષોત્તમદાસ છગનલાલ, મોહનલાલ પોપટલાલ, વગેરે પાઠશાળાના મુખ્ય અને બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ હતા. એમાં શ્રી દલસુખભાઈ તથા શ્રી સોમચંદભાઈને તો પૂજ્યશ્રી સ્વયં અભ્યાસ કરાવતા હતા.

આ સિવાય પૂજ્યશ્રીએ એક 'જંગમ પાઠશાલા' પણ સ્થાપી જંગમ-એટલે હાલતી ચાલતી પાઠશાળા. જ્યાં સુધી પૂજ્યશ્રી ખંભાત બિરાજ્યા, ત્યાં સુધી તો વિદ્યાર્થીઓ ભણતા જ, પણ તેઓ શ્રી જ્યારે વિહાર કરે ત્યારે વિહારમાં અને અન્યત્ર સ્થિરતા કરે તો ત્યાં આ જંગમ પાઠશાળા તેઓશ્રીની નિશ્રામાં ચાલુ જ રહેતી તેમાં ખંભાત-અમદાવાદ આદિ અનેક સ્થળોના જ્ઞાન-પિપાસુ વિદ્યાર્થીઓ પૂજ્યશ્રીની સાથે-પાસે રહીને ભણતાં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોમાસાની વર્ષા પછી ખેતરો પાકથી લચી પડે છે, તેમ આ ચાતુર્માસમાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ શ્રી જિનવાણીના અમૃતની જે વર્ષા કરી તેનાથી અનેક પુણ્યાત્માઓના હ્રુદયામાં જિનભક્તિનો ભાવ પ્રગટ્યો. ચોમાસુ પૂર્ણ થયા પછી શ્રી અમરચંદભાઈને તરણ-તારણ શ્રી સિદ્ધગિરિજીનો છ 'રિ' પાળતો સંઘ કાઢવાનો ભાવ જાગ્યો.

આ ભાવના શુદ્ધ હ્રુદયની હતી એટલે તે તરત જ ફળી.

તેમણે પૂજ્યશ્રીને સંઘમાં પધારવાની વિનંતિ કરી. પૂ૰યશ્રીએ કહ્યું કે, પાઠશાળા હમણાં જ શરૂ થઈ છે. માટે હાલ તો ન આવી શકાય. પણ શેઠનો અત્યંત આગ્રહ થવાથી છેવટે પૂજ્યશ્રીએ સ્વીકાર કર્યો. શાસ્ત્રીજીને બરાબર અધ્યયન કરાવવાની ભલામણ કરી તેઓશ્રી સંઘમાં પધાર્યા. અમરચંદભાઈએ કાઢેલા સંઘમાં આ છેલ્લો સંઘ હતો. એમાં ૭૦૦ થી ૮૦૦ યાત્રિકો જોડાયા હતા.

શ્રી સિદ્ધિગિરિજીની સંઘ સહિત યાત્રા કરીને પૂ૰યશ્રી પુનઃ ખંભાત પધાર્યા.

આ દરમ્યાન વિખ્યાત જર્મન પ્રોફેસર ડૉ. હર્મન જેકોબીએ (Dr. Hermann Jecobi) શ્રી આચારાંગસૂત્રનુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરેલું ઈંગલીશ ભાષાંતર (English Translation) પ્રગટ થયું હતું, જેમાં "જૈનોના શાસ્ત્રોમાં માંસાહાર કરવાનું વિધાન છે" એવું સ્પષ્ટ વિધાન તેમણે કરેલું. આવા અશાસ્ત્રીય અને અનર્થકારક લખાણથી સારાયે જૈન સમાજમાં ઉહાપોહ જાગ્યો, અને ડૉ. જેકોબીએ કરેલા આ વિધાનના વિરોધક ચક્રો જૈન સમાજમાં ગતિમાન બન્યા.

આપણા પૂજ્યશ્રીએ પણ એ સંબંધમાં '**મુંબઈ સમાચાર**' મારફત પત્રવ્યવહાર ચલાવ્યો. અને છેવટે તેઓશ્રી તથા પૂજ્ય મુનિ શ્રી આનંદસાગરજી મહારાજ બન્નેએ ડૉ. જેકોબીના વિધાનનો પ્રતિકાર કરતી, શાસ્ત્રીય પુરાવા અને યુક્તિ–પ્રયુક્તિથી ભરપૂર "પરિહાર્ય મિમાંસા" નામની પુસ્તિકા રચી અને પ્રકાશિત કરાવી. એના પરિણામે ડૉ. જેકોબીએ પોતાની ઉપર્યુક્ત ભૂલનો એકરાર કરતો નિખાલસ ખુલાસો પણ જાહેર કરેલો.

આપણા ચરિત્રનાયકશ્રી શાસન કાજે કેટલા સજાગ હતા તેનો આ અદ્ભુત પુરાવો છે.

ખંભાતમાં જીરાવલાપાડા વગેરે સ્થળોમાં આવેલા શ્રીચિન્તામણીપાર્શ્વનાથ ભગવાન આદિ ૧૯ પ્રાચીન મંદિરો જીર્ણ થઈ ગયેલા અને ૧૯ (ઓગણીશ) જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવો આવશ્યક હતો. પણ જો એ ઓગણીશેય દેરાસરોનો જુદો જુદો ઉદ્ધાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવે, તો ખૂબ ખર્ચ થાય. વળી જ્યાં જૈનોના ઘર ઓછા હોય, યા ન હોય, ત્યાં ગોઠી–પૂજારી રાખવા, રક્ષણ માટે બંદોબસ્ત કરવો ઈત્યાદિમાં ઘણો ખર્ચ આવે.

શેઠશ્રી પોપટભાઈ અમરચંદભાઈના મનમાં એવો વિચાર આવ્યો કે–જો એક જ સ્થળે એક વિશાળ જિન મંદિર થાય, તેમાં ભિન્ન–ભિન્ન ગભારાઓમાં એક–એક જિનાલયના શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ, ગિરનાર તીર્થના મૂળનાયક શ્રીનેમિનાથ પ્રભુની પ્રતિમા સદૃશ શ્રીનેમિનાથ પ્રભુ વગેરે મૂળનાયક પ્રભુજીના મહાપ્રભાવક બિંબો પધરાવવામાં આવે, તો એક જ ભવ્ય દેરાસરમાં ઓગણીશેય દેરાસર સમાઈ જાય ને તેની વ્યવસ્થા પણ સુંદર થઈ શકે અને ખંભાતમાં એક પણ શિખરબંધિ દેરાસર ન હોવાથી આ વિશાળ મંદિર ભવ્ય શિખરબંધી પણ બની શકે. તેથી તીર્થનો મહિમા પણ વધી જાય.

પણ આ કાર્ય માટે મોટી રકમ જોઈએ, યોગ્ય કાર્યકર્તા પણ જોઈએ. આ વિચારથી પોપટલાલ શેઠ મુંઝાતા હતા. તેઓએ પોતાના આ બધાં વિચારો આપણા ચરિત્રનાયકપૂજ્યશ્રીને જણાવ્યા અને યોગ્ય માર્ગદર્શન આપવા માટે વિનંતિ કરી.

પૂજ્યશ્રીને તેમની યોજના ઉત્તમ લાગી. તેથી તેઓશ્રીએ તે માટે પોપટભાઈને યોગ્ય દોરવણી આપીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરમાવ્યું : "પોપટભાઇ! 'શુભસ્ય શીઘ્રમ્'–એ ન્યાયે વિના વિલંબે આ મહાન કાર્ય તમારે ઉપાડવું જોઈએ. વ્યાપારાદિ વ્યવહારથી જેમ તમે હિન્દુસ્તાનમાં સુપ્રસિદ્ધ થયા છો, તેમ હવે આ મહાન ધર્મકાર્યમાં જીવનનો ભોગ આપશો તો તમે જરૂર ફતેહમંદ થશો."

આ સાંભળીને પોપટભાઈએ શુકનની ગાંઠ વાળી. પૂજ્ય ગુરૂદેવના આ વચનો તેમણે મસ્તકે ચડાવ્યા તેમને પૂ. ગુરૂદેવના વચન ઉપર અટલ શ્રદ્ધા હતી કે–એ વચન જરૂર ફળશે જ. તત્કાળ તેમણે જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ કરવાનો નિર્ણય કર્યો. અને તે માટે પૂજ્યશ્રીને ઉત્તમ મુહૂર્ત કાઢી આપવા કહેતાં તેઓશ્રીએ નજીકનો જ સારામાં સારો દિવસ બતાવ્યો. એ મુહૂર્ત અનુસાર પોપટભાઇએ પૂજ્યશ્રીની હાજરીમાંજ જીરાવલાપાડામાં ૧૯ દેરાસરોના જીર્ણોદ્ધાર મહાકાર્યનો મંગલ–પ્રારંભ કર્યો.

પોપટભાઈ શેઠ પોતે હંમેશ સવારે વ્હેલાસર શ્રી સ્તંભનાજી, શ્રી ચિન્તામણીજી, વિ. અનેક દેરાસરો જુહારીને હજી કડીયા–શિલ્પીઓ ન આવ્યા હોય તે પહેલાં ત્યાં પહોંચી જતાં નવકારશીનું પચ્ચક્ખાણ ત્યાં બાજુમાં જ પારીને વાપરી લેતા. અને શેઠ મૂળચંદ દીપચંદને ત્યાં જમીને બપોરે જરા આરામ કરતા. ત્યારપછી મોડી સાંજ સુધી દેરાસરના કાર્યમાંજ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યસ્ત રહેતા. તેમનો આ કાર્યક્રમ માત્ર બે દિવસનો નહોતો, પણ જ્યાં સુધી એ મન્દિરનું જિર્ણોદ્ધારનું કામ પૂર્ણ ન થયું, ત્યાં સુધી હંમેશાં એ જ પ્રમાણે તેઓ જિનાલયના કાર્યમાં મગ્ન રહેતા.

આ રીતે પૂજ્યશ્રીના મંગલ આશીર્વાદથી અને શેઠ પોપટભાઈ અમરચંદની અપૂર્ણ ખંત અને મહેનતથી જીર્ણોદ્ધારનું ભગીરથ-કાર્ય ઝપાટાબંધ ચાલવા લાગ્યું.

ડો. હર્મન જેકોબી ખંભાતમાં શાસન સમ્રાટ શ્રી પાસે આવેલા. તેઓ જૈન શાસન-સિદ્ધાન્ત-શાસ્ત્ર અને સમાજને લગતાં લગભગ ૧૩૦૦ પ્રશ્નોની સૂચિ તૈયાર કરી લાવ્યા હતા. તેમાંથી પૂજ્યશ્રીએ ૫૦૦ જેટલા પ્રશ્નોના પૂર્ણ સંતોષકારક જવાબ બે દિવસમાં આપ્યા. જેકોબીને તેઓશ્રીએ કહ્યું કે 'તમે વધુ રોકાણ કરો, તો બધાં પ્રશ્નોના જવાબ નિરાંતે અપાય. બાકી આમ બે દિવસમાં બધા જવાબ આપી શકાય નહિ પણ મહત્વના પ્રશ્નોના જવાબ મળી જવાથી ડો. જેકોબી અતિ આનંદિત થયા હતા. (આ વિગત પણ ખંભાતના વૃદ્ધ પુરૂષો પાસેથી જાણવા મળી છે.)

ખંભાત ઇતિહાસ પ્રસિદ્ધ પ્રાચીન બંદર છે. તેનું મૂળ નામ સ્તંભનતીર્થ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવો, દેવેન્દ્રો અને ધરણેન્દ્રોએ ભક્તિ ભીના હૃદયે પૂજેલાં અબજો વર્ષ જુનાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનાં અદ્ભુત અલૌકિક ભાવપૂર્ણ પ્રતિમાજી આ મહાન બંદરના પ્રાણસમા છે. આ પ્રતિમાજીના પ્રગટ પ્રભાવથી ઇતિહાસ સભર છે. કાળની ચઢતી પડતીમાં પણ પ્રતિમાજી સ્થિર રહ્યા છે. પૃથ્વીના પેટાળમાં પણ પૂજાતા રહ્યા છે, પણ જ્યાં રહ્યા છે ત્યાં પ્રભાવકપણે રહ્યાં છે.

છેલ્લે વિ. સં. ૧૯૫૨માં ખંભાત પાસેના ગામના બે માણસો નીલમનાં આ પ્રતિમાજીને ચોરી ગયા હતા. ત્રીજે દિવસે તેમાંનો એક માણસ આંધળો બની ગયો. બીજો ગભરાઈ ગયો અને સાચી વાત જાહેર કરીને પ્રતિમાજી ખંભાતનાં શ્રી સંઘને સોંપી દીધા. આ પ્રાચીન પ્રતિમાજીને પુનઃ પ્રતિષ્ઠિત કરવાનું શુભ મુહુર્ત થોડું મોડું આવતું હોવાથી શ્રી સીમંધરસ્વામીજીના દેરાસરમાં પરોણા તરીકે પધરાવ્યાં. ચાતુર્માસ * પછી

* આ શ્રી **સ્તંભન પાર્શ્વનાથ ભગવાનની** પ્રાચીન પ્રતિમાજીનો ઈતિહાસ બહુ જ ચમત્કારી જાણવા જેવો છે, પણ સ્થાનના અભાવે અમે અહિં લખ્યું નથી. અનેક નાની–મોટી પુસ્તિકાઓ બહાર પડી છે. જુગજુની આ વાત છે, કાળાપુરાણી આ કથા છે, દરેક મહાનુભાવોને મારી આગ્રહપૂર્વક વિનંતિ છે કે શ્રી સ્તંભન પાર્શ્વનાથના ઈતિહાસ ખાસ વાંચશો.

**સંપાદક–પ્રવર્તક મુનિ નિરંજન–વિજયજી.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પરમ તારક જિન પ્રતિમાજીના દેરાસરમાં પુનઃપ્રતિષ્ઠા કરાવવા માટે શ્રી સંઘે અતિ આગ્રહપૂર્ણ વિનંતિ કરતાં વિ. સં. ૧૯૫૬ની સાલમાં આપણા ચરિત્રનાયક પૂજ્ય-શ્રીએ ૧૮ અભિષેક આદિ વિશિષ્ટ વિધિ વિધાનપૂર્વક પુનઃપ્રતિષ્ઠા કરાવી.

શ્રી સ્તંભનતીર્થ જેવાં તીર્થમાં તીર્થપતિ શ્રીસ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા–એ આપણા મહાન ચરિત્ર નાયકશ્રીના વરદ હસ્તે થયેલી પ્રથમ પ્રતિષ્ઠા હતી.

મહાન પ્રભુ ! મહાન તીર્થ !! અને મહાન ગુરૂ !!! એ ત્રણે મહાન જયાં એકત્ર થયા હોય, ત્યાં કાર્ય પણ મહાન જ થાય ને !!!

### શાનું દુઃખ ?

પવન, પાણી અને પ્રકાશ કરતાં પણ અધિક ઉપકારી ધર્મ છે.

એ ધર્મની સાધના માટે માનવનો ભવ છે.

એવો માનવભવ પામવા છતાં પણ મનને સર્વજીવહિતનું કેન્દ્ર ન બનાવી શકયા તેનું દુઃખ આપણને હોય જ–હોવું જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કિરણ અઢારમું...........

# પૂજ્યશ્રીના પાવન પગલે પગલે જાગૃતિ

વિ. સં. ૧૯૫૨ની સાલને લોકો આજેય છપ્પનીયો કાળ તરીકે આલેખે છે અને ઓળખાવે છે.

છપ્પનીયાનો આ દુષ્કાળ ભયાનક હતો. ઢોરોને ચરવા ઘાસ ન હતું. માણસો અનાજના દાણા માટે ટળવળતા હતા.

વિ. સં. ૧૯૫૫નું ચાતુર્માસ ખંભાત પૂર્ણ કરી શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરીને **આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ** પેટલાદ તરફ વિહાર કર્યો.

સાયમા, તારાપુર, નાર થઈને પૂજ્ય શ્રી પેટલાદ પધારતા વચ્ચેના ગામોમાં સમગ્ર વિહારમાં પશુઓની કરૂણ હાલત જોઈ, તેમની મુશ્કેલીઓને મહાત કરનાર, મર્દોના મૂર્તિમંત આદર્શસમા પૂજ્યશ્રીએ પેટલાદના જીવદયાના પ્રેમીઓને સાદ દઈને જગાડ્યા. અબોલ પશુઓની વહારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રી ખંભાતથી પેટલાદ પધારતાં રસ્તામાં ઢોરોની દુર્દશા નીહાળે છે.

ધાયાં, ઉપદેશો આપ્યા કસાઇખાને લઇ જતા બચાવવાનો તેમજ વ્યવસ્થિત રક્ષણ કરવાનો માર્ગ બતાવ્યો.

ખંભાતમાં સ્થાપેલી '**જંગમ પાઠશાળા**' સાથે જ હતી. ૪૦ જેટલાં વિદ્યાર્થીઓ એમાં ભણતા હતા.

પેટલાદમાં શ્રી પોપટલાલભાઈની તમાકુની પેઢી ચાલતી હતી; તેથી ત્યાં તેમનું રસોડું ચાલતું. તેમાં બધા વિદ્યાર્થીઓ જમતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**કસાઇખાને લઈ જતા પશુઓને બચાવ્યા :-**

પૂજ્ય મહારાજશ્રી પેટલાદમાં રતનપોળ–ચામડિયા શેરીમાં આવેલા ઉપાશ્રયમાં ઉતર્યા હતા. એ મકાનના ઉપરના ભાગે ઉપાશ્રય હતો અને નીચેનો ભાગ ધર્મ-શાળા તરીકે વપરાતો. એટલે પૂજ્યશ્રી ઉપર ઊતરેલા, નીચેના ધર્મશાળા–વિભાગમાં વિદ્યાર્થીઓ રહેતા હતા.

પૂજ્યશ્રી ઉપાશ્રયમાં જાહેર–માર્ગ તરફના ગોખ પાસે બેસતાં. એ ગોખ વાટે એક વાર તેઓશ્રીએ એક માણસને કેટલીક ભેંસોને લઈ જતો જોયો. ભેંસોની ચાલ તથા તેને દોરનાર માણસની આકૃતિ પરથી જ પૂજ્યશ્રી સમજી ગયા કે, આ ભેંસો કસાઈખાને જઈ રહી છે. તરત જ તેઓશ્રીએ નીચેથી વિદ્યાર્થીઓને બોલાવીને તપાસ કરવા મોકલ્યા.

નાર ગામના શ્રી નારાયણદાસ તથા શ્રી શિવલાલ-ભાઇ નામના પાટીદાર જૈન વિદ્યાર્થીઓ આ હકીકત જાણતા હોવાથી તેમણે પૂજ્યશ્રીને કહ્યું કે આપશ્રીની કલ્પના સત્ય છે. આ પશુઓ કસાઈખાને જ લઈ જવાય છે.

પૂજ્યશ્રી તો દયાના સાગર હતા, અહિંસાના ઉપાસક હતા. તેમનાથી આ કેમ જોયું જાય ? તેઓશ્રી નું દિલ દ્રવી ઉઠ્યું. તેઓએ વિચાર્યું કે કોઈપણ ઉપાયે પશુઓને બચાવવા જ જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રીએ તત્કાલ બુદ્ધિ વાપરીને વિદ્યાર્થીઓને પશુઓના જીવ બચાવવા માટે યુક્તિ બતાવી. તદનુસાર દસ-પંદર વિદ્યાર્થીઓ ટોળાબંધ પેલાં કસાઈ પાસે જઈ પહોંચ્યા, અને ભેંસોને તેના બંધનમાંથી છોડાવી લીધી.



પૂજ્યશ્રી પેટલાદના ઉપાશ્રયમાં વિદ્યાર્થીઓને ભણાવે છે.

કસાઈએ ઘણાં પ્રયત્ન કર્યા, પણ તેને સહકાર કોણ આપે? આખરે તેણે, કોર્ટ (Court) નો આશ્રય લીધો. પણ કસાઈનું કાર્ય પાપમય હોવાથી, તેમજ ન્યાયાધીશ પણ હિન્દુ અને ધાર્મિક હોવાથી, તેમાં તેને સફળતા ન મળી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમ આપણા, દયાના દરિયા સમા, પૂજ્યશ્રીની તીવ્ર બુધ્ધિ-શક્તિને પરિણામે અનેક પશુઓને જીવનનું દાન મળી ગયું.

મહાપુરૂષોના પરિચયની વાત તો દૂર રહી; પણ માત્ર તેમની દષ્ટિ પડે કે બેડા પાર થઈ જાય! અહીં પણ એવું જ બન્યું. પૂજ્યશ્રીની દ્રષ્ટિ પડી અને પશુઓને સહેજમાં જીવતદાન મળ્યું.

પેટલાદ એ ગાયકવાડ સરકારનું સંસ્થાન હોવાથી ત્યાં વારંવાર સૂબા, મામલતદાર વગેરે અમલદારોનું આગમન થતું. તેઓ પેટલાદના સ્થાનિક **ન્યાયાધીશ** આદિ **અધિકારીઓની** સાથે પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં આવતા, **અને** પૂજ્યશ્રીનો અહિંસામય ઉપદેશ સાંભળીને અતિ પ્રસન્ન થતા. ન્યાયધીશના હૃદયમાં પણ એ ઉપદેશને પ્રભાવે અહિંસા-ધર્મ વસ્યો હતો. અને તેથી જ પેલો કસાઈ કેસ (CASE) માં ફાવ્યો નહોતો.

ઉપર્યુક્ત બનાવ પછી પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં જીવદયા-અમોલ પશુઓને બચાવવા, કસાઈખાનેથી છોડાવવા, તેમજ તેમનું વ્યવસ્થિત પોષણ થાય.-આ માટે ખુબ ભાર મૂક્યો. **પેટલાદની પાંજરાપોળમાં પૈસાના અભાવે પશુઓને સાચવવાના યોગ્ય સાધનો ન હતા.** પણ પૂજ્યશ્રીના ઉપદેશથી ત્યાંના વેપારી મંડળે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાજન અને રાજ્યની પરવાનગી મેળવીને વેપાર ઉપર અમુક લાગો (ટેક્ષ) નાખ્યો. આ લાગાની આવકમાંથી પાંજરાપોળનો નિર્વાહ વ્યવસ્થિત અને સારી રીતે ચાલવા લાગ્યો; અને પશુઓની ભળી પરે સુરક્ષા થવા લાગી.

પેટલાદમાં થોડા દિવસ સ્થિરતા કરી. પછી જીવદયાના સત્કાર્યમાં કદીયે શક્તિ નહિ ગોપવવાનો આગેવાનોને ઉપદેશ આપીને પૂજ્યશ્રી પેટલાદથી **કાસોર** પધાર્યા.

કાસોરમાં એક શ્રાવકના પુત્રને દરરોજ લોહીની ઊલ્ટી થાય. થુંકે તો પણ થુંકમાં લોહી પડે. ઘણી દવાઓ કરવા છતાં આ રોગ ન મટયો.

એક વાર આ છોકરો પોતાના પિતા સાથે પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળવા આવ્યો. તેને આ વ્યાખ્યાન દરમ્યાન દોઢ કલાક સુધી સંપૂર્ણ રાહત રહી. પણ વ્યાખ્યાન સાંભળીને જેવો બહાર નીકળ્યો કે તરત તેને લોહીની ઊલ્ટી થઈ, આથી તેના પિતાને ખાત્રી થઈ ગઈ કે વ્યાખ્યાન દરમ્યાન તેને ઊલ્ટી ન થઈ, તે પૂજ્યશ્રીની છત્ર છાયાનો મહાન પ્રભાવ હતો. તેઓશ્રીના નિર્મળ ચારિત્રનો મહિમા હતો.

પૂજ્યશ્રીની નૈષ્ઠિક બ્રહ્મચર્ય મુલક **વચનસિદ્ધિનો આ અદ્દભુત અને પ્રેરક પ્રસંગ છે.** આથી તે પુનઃ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રી પાસે આવ્યા અને બધી હકીકત જણાવીને પોતાના પુત્રને રોગમુક્ત કરવાનો ઉપાય પૂછ્યો.

પૂજ્યશ્રીએ જણાવ્યું : **"શરીરના રોગની દવા તો વૈદ્ય પાસે મળે. હું તો આત્માને સર્વ કર્મના રોગથી મુક્ત કરવાની જે દવા શ્રી જિનેશ્વરદેવે આપી છે, તે બધાને આપું છું અને તેનાથી સઘળા અંતરાયો સહિત બધા રોગો નાબુદ થાય છે."**

"તો પૂ. ગુરૂદેવ! એ અણમોલ દવા મારા દીકરાને પણ આપવાની કૃપા કરો" શ્રદ્ધાળુ શ્રાવકે વિનંતિ કરતાં કહ્યું એટલે એ યુવાનને ઉદ્દેશીને પૂજ્યશ્રી બોલ્યા : "રોજ ભાવથી મહામંત્ર શ્રી નવકારનો જાપ કરજે. અને મનમાં ખોટો વહેમ રાખીશ નહિ."

યુવાને કહ્યું : **"બાપજી! મને નવકાર આવડે તો છે, પણ આપ મને તે આપો. તેથી મને રોજ આપશ્રીની યાદ તાજી રહે"** એટલે પૂજ્યશ્રીએ શુદ્ધ ઉચ્ચારપૂર્વક ઉદાત્ત સ્વરે તેને નવકાર આપ્યો. શ્રી નવકારનું આવું શ્રવણ તેણે જિંદગીમાં પહેલી જ વાર સાંભળ્યું. તેથી તેના મનમાં શ્રી નવકાર મહામંત્ર પ્રત્યે ભારોભાર ભાવ પેદા થયો. અને તેના જાપથી તે સર્વથા રોગ મુક્ત થયો.

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના જાપથી ભવ રોગ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાબૂદ થાય છે, તો બીજા પરચુરણ રોગો જાય તેમાં તો નવાઈ જ નથી! પૂજ્યશ્રીના પ્રાણોમાં છલકાતા બ્રહ્મ-તેજના પ્રભાવથી આ રીતે અનેક આત્માઓ ઉદ્ધર્યા છે. અને તન્મયથી પાપ પ્રણાશક ધર્મને આરાધી રહ્યા છે. અહીં વીસ દિવસ સ્થિરતા કરી અનેક ભવ્ય જીવોને ધર્મના અનુરાગી બનાવીને દેવા-ખાંધલી થઈને માતર તીર્થે પધાર્યા.

સાચા દેવ **શ્રી સુમતિનાથ દાદાની યાત્રા કરી આત્માને પ્રફુલ્લિત કર્યો. સ્તુતિ-વંદના કરી મુખ મીઠું કર્યું.** અને થોડા દિવસ સ્થિરતા કરી; અહીં પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં અહીંના મામલતદારશ્રી હરિભાઈ અધિકારી વર્ગ પણ હંમેશાં આવતા. પૂજ્યશ્રી પ્રત્યેક ધર્મના તત્ત્વો વ્યાખ્યાનમાં પીરસતા જેથી શ્રોતાઓની ઠઠ જામતી. શ્રી હરિભાઈ આદિને પૂજ્યશ્રી પ્રત્યે ખુબ જ ભક્તિભાવ જાગ્યો હતો.

માતરતીર્થમાં સાચા શ્રી સુમતિનાથ દાદાની ધરાઈને ધરાઈને ભક્તિ કરી પછી ખેડા પધાર્યા.

જિલ્લાનું મુખ્ય શહેર ખેડા હોવાથી અનેક શિક્ષિત વર્ગ ભાવિકો તેમજ કલેક્ટર પણ પૂજ્યશ્રીના વ્યાખ્યાનનો લાભ લેતા થયા. ગમે તે સંપ્રદાયના માણસોને તત્ત્વ પીરસીને તેની શ્રદ્ધાને ઢાળ આપવાની અનેકાન્ત દૃષ્ટિના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણે પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં અનેક સંપ્રદાયના ભાઇઓ નિઃસંકોચ ભાવે આવતા અને આત્માના હિતનું શ્રેયસ્કર ભાતું લઈને જતા.

ખેડામાં એક માસકલ્પ કર્યો. તે કાળે ખેડાના શ્રીસંઘમાં બે પક્ષ હતા, એક **સંવેગી** પક્ષ, બીજો **યતિ પક્ષ.** સંવેગી પક્ષ સંવેગી સાધુઓને જ માને; જ્યારે યતિપક્ષ યતિઓનેજ ગુરુ માને. બન્ને પક્ષો વચ્ચે એવી મડાગાંઠ પડી ગયેલી કે એક પક્ષના શ્રાવકો અન્ય પક્ષના ઉપાશ્રયે વ્યાખ્યાન-વાણી શ્રવણ કરવા પણ જતા નહિ. આપણા ચરિત્રનાયકશ્રીનો પ્રભાવ કહો કે તેમના વ્યાખ્યાનનો જાદુ ગણો, તેઓશ્રીના વ્યાખ્યાનમાં બન્ને પક્ષના શ્રાવકો શ્રદ્ધા પૂર્વક આવતા. પેટલાદની જેમ ખેડામાં પણ પૂજ્યશ્રી જીવદયાનો સચોટ ઉપદેશ આપી '**પાંજરાપોળ**' ના નિર્વાહની સુંદર વ્યવસ્થા કરાવી આપી.

પૂજ્યશ્રીએ ખેડામાં **અહિંસા, સંયમ** અને **તપ**ની પવિત્ર ગંગા વહાવીને બારેજા પધાર્યા. અહીંયા અમદાવાદના આગેવાન શ્રેષ્ઠિઓ પૂજ્યશ્રીને અમદાવાદ પધારવા વિનતિ કરવા આવ્યા હતા.

નગરશેઠ મણીભાઈ તે વખતે સ્વર્ગવાસ પામ્યા હતા. તેમના સ્થાને નગરશેઠ તરીકે શેઠશ્રી ચીમનલાલ લાલભાઈ હતા, તેમની વિનંતિ સ્વીકારીને પૂજ્યશ્રી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદ પધાર્યા. શરૂઆતમાં કેટલોક સમય બહારની વાડીમાં બિરાજ્યા. ત્યાં નિયમિત વ્યાખ્યાન વંચાતું. શહેરમાંથી ઘણા શ્રાવકો સાંભળવા માટે આવતા.

પાંજરાંપોળના ઉપાશ્રયે સ્થાપેલી "જૈન પાઠશાળા" પણ અહીં લાવવામાં આવી હતી.

અંગત આરામ, અગવડો વગેરેનો વિચાર એ પણ શ્રી જિનેશ્વર દેવના સાધુ-મુનિરાજ માટે તુચ્છ વિચાર છે, એ પૂજ્યશ્રી સારી રીતે સમજતા હતા તેમજ ઠેરઠેર અમારૂં જે સ્વાગત થાય છે. નાના-મોટા સહુ અમારી ભક્તિ કરે છે, તે અમે જિનાજ્ઞા મુજબ વર્તીએ છીએ તેનો પ્રતાપ છે, તે હકીકત પણ તેઓશ્રીના હૃદયામાં હતી, એટલે કોઈ ક્ષેત્રમાં બિન જરૂરી એક મિનિટ વેડફ્યા સિવાય ત્યાંના શ્રીસંઘમાં ધર્મનાં મૂળ ઊંડા નાખીને તરત અન્યત્ર વિહાર કરતા.

અમદાવાદમાં પધારીને તેઓશ્રીએ ખોડા ઢોર-પાંજરાપોળના નિભાવ માટે લગભગ બે લાખ રૂપિયાનું ફંડ કરાવ્યું. તેમજ જૈન ધર્મનું ગહન તત્વજ્ઞાન ભણવા-ભણાવવાનો લાભ મોટા શ્રાવકોને મળે એ હેતુથી "**જૈન તત્વ વિવેચક સભા**" ની સ્થાપના કરી. તેના મોટા પાયા ઉપર સભ્યો બનાવ્યા હતા. તેના સભ્યોને પૂજ્યશ્રી પોતે અભ્યાસ કરાવતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન શાસનના રસિક આત્માઓ પેદા કરવાની કેવી અદ્‌ભુત અને ઉદાર ભાવના પૂજ્યશ્રીમાં હતી તે ઉપરોક્ત પ્રસંગો જોતા દેખાઈ આવે છે.

નગરશેઠ શ્રી ચીમનલાલ લાલભાઈ, નગરશેઠ શ્રી કસ્તૂરભાઈ મણીલાલ, શ્રી છોટાલાલ લલ્લુભાઈ ઝવેરી, શ્રી ભોગીલાલ મંગલદાસ, શ્રી તારાચંદ લસણીયા, શેઠ જેસિંગભાઈ હઠીસિંગ, શેઠ પ્રતાપસિંહ મોહનલાલભાઈ, શેઠ વાડીલાલ સારાભાઈ, (વી. એસ. હોસ્પીટલવાળા) શેઠ સારાભાઈ ડાહ્યાભાઈ, શેઠ દલપતભાઈ મગનલાલ, શેઠ પુરૂષોત્તમદાસ મગનલાલ, શેઠ જેસિંગભાઈ કાળીદાસ શેર દલાલ, શેઠ લાલભાઈ ભોગીલાલ, શેઠ ચન્દુલાલ જેસીંગભાઈ, શેઠ જગાભાઈ ભોગીલાલ, શેઠ અમુભાઈ રતનચંદ વગેરે વગેરે હતા.

આ બધાય શ્રેષ્ઠિવર્યો પૂજ્યશ્રીના પરમભક્ત હતા અને આજીવન રહ્યા હતા પૂજ્યશ્રીના ઉપદેશથી સ્થપાયેલ "**શ્રી જૈન તત્ત્વ વિવેચક સભા**" ના માધ્યમ દ્વારા તેઓ અનેક વિધ શાસન પ્રભાવના ધર્મ--પૂણ્ય કાર્યો કરતા અને કરાવતા હતા.

*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ ઓગણીસમું............

# વિશિષ્ઠ કાર્યોની પરંપરા

આપણા ચરિત્રનાયકશ્રીનું ત્રણ વર્ષ પછી અમદાવાદ માં આગમન થયું.

પાંજરાપોળના ઉપાશ્રયે આ ચાતુર્માસ પૂજ્ય મુનિ શ્રી નેમવિજયજી મહારાજ પધાર્યા છે. એ સમાચારે આખાયે અમદાવાદની પોળે-પોળે તત્ત્વ જિજ્ઞાસુ શ્રોતાઓ જાગૃત થયા. જિનવાણીનું અમૃત પીવા દૂર દૂરથી આવવા લાગ્યા. કલાકો સુધી જિનવાણીનું અમૃત પી પી ને વ્રત-નિયમ ધારણ કરી જીવન સાર્થક કરવા લાગ્યા.

આમ પૂજ્યશ્રીના પ્રભાવક ઉપદેશથી અનેકાનેક સત્કાર્યો થતા રહ્યાં. કાળ વીતતો રહ્યો અને વિ. સં. ૧૯૫૬નું ચોમાસું અમદાવાદમાં પુરૂં થયું.

વિ. સં. ૧૯૫૭માં પૂજ્યશ્રીએ ભાગવતી દીક્ષા કેટલી સ્વ-પર ઉપકારક છે, તે વિષય ઉપર ત્યાગ-વૈરાગ્ય ઝરતાં વ્યાખ્યાનો આપ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ એ કાળ હતો કે જયારે દીક્ષા બાબતમાં જૈનોમાં પણ ખાસ રૂચિ નહોતી જાગી. તે જોઇને પૂજ્યશ્રી ચોંકયા અને ફરમાવ્યું કે, **નાનકડા એક કુટુંબના મટીને તમે આખા વિશ્વના બનશો ત્યારે વિશ્વ ઋણ અદા કરીને સર્વ કર્મથી મુક્ત થઇ શકશો. દીક્ષા એટલે અલ્પને છોડીને પરમનો સ્વીકાર કરવો, તે તથા જિનેશ્વર શ્રી વીતરાગ પરમાત્માની સર્વ જીવહિતકાર આજ્ઞા સાથે ત્રિવિધે નાતો બાંધવો તે.**

પૂજ્યશ્રીના આવા અનેક વ્યાખ્યાનોએ **તાવ** ઉપર **કરિયાતાનું** કામ કર્યું. અનેક ભાઈ-બહેનોના દિલમાં દીક્ષા પ્રત્યે અનન્ય આદર-સદ્‌ભાવ પેદા થયો હતો.

**એક યાદગાર પ્રસંગ.**

અમદાવાદના આ ચાતુર્માસમાં ફતાસાની પોળના રહીશ શ્રી **મનસુખમામા**ના નામે ઓળખાતા શ્રાવક એક છોકરોને લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા. એ છોકરો તેમને ત્યાં રહેતો હતો. એની તેજસ્વિતા અને ભવ્યતા જોઇને તેમને વિચાર આવ્યો કે, **'જો આ છોકરો શ્રી જેસીંગભાઈ જેવા શેઠને ત્યાં હોઇ તો તેનો સારો વિકાસ થઈ શકે.'** આથી તેઓ તેને શ્રી જેસીંગભાઈ શેઠના ઘેર મૂકવા માટે લઈ જતા હતા. શેઠનું ઘર જેસીંગભાઈની વાડીમાં હતું. તેમાં જવાનો માર્ગ પાંજરાપોળ થઇને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ નીકળતો હતો. એટલે તેઓ પૂજ્યશ્રીને વંદન કરવા માટે ઉપાશ્રયે આવ્યા તેમની સાથે છોકરો જોઇને પૂજ્ય-શ્રીએ પૂછ્યું : "આ છોકરો કોણ છે ?"



પૂજ્યશ્રી સાથે શ્રી મનસુખમામા વાત કરે છે.

મનસુખભાઈએ કહ્યું: "આ છોકરો પાટણનો છે. ગરીબ અને અનાથ છે. પણ તેનું ભાગ્ય સારૂં જણાય છે. માટે તેને હું શેઠ જેસીંગભાઇને ત્યાં મૂકવા જાઉં છું."

હજી આટલી વાત થઈ ત્યાં જ પેલો છોકરો બોલી ઊઠ્યો "મને અહીં જ રહેવા દો ને, અહીં જ રહેવાનું મને ઘણું મન થાય છે."

મહાપુરુષની સંગતિના–દર્શનના પ્રભાવનું આ જ્વલંત ઉદાહરણ છે. એ બાળકે પૂજ્યશ્રીને આ પૂર્વે કદીપણ જોયેલા નહિ, ઉપાશ્રયે ક્યારે ય આવેલો નહિ, અને છતાંય તે કહે કે, મારે અહીં રહેવું છે ત્યારે એને પૂજ્યશ્રીના દર્શનનો પ્રભાવ જ ગણાય ને ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતની '**જંગમ પાઠશાળા**'ના વિદ્યાર્થીઓ ત્યાં જ હતા. તેમાંના શ્રી દલસુખભાઈ કસ્તુરચંદે એ બાળકનું અહીં ઉપાશ્રયે રહેવાનું મન જાણીને કહ્યું : "ભલેને આ છોકરો અહીં રહેતો. થોડું ઘણું ભણશે, ને અમારા કાર્યમાં ઉપયોગી પણ થશે."

આ સાંભળીને મનસુખ–મામા તે છોકરાને ત્યાં ઉપાશ્રયે જ મૂકીને ગયા એ છોકરો પણ રાજીથી ત્યાં રહીને શકિત અનુસાર બધાનું કામ હોંશપૂર્વક કરી આપવા લાગ્યો વિદ્યાર્થીઓ માટે ચાલતાં રસોડામાં તે જમતો. એ ખૂબ ભોળો હતો. ઘણીવાર વિચિત્ર અને સૌને રમૂજ પડે તેવા પ્રશ્નો પૂછતો : "આ સૂરજ ભગવાન દિવસે જ કેમ ઊગે છે? સાંજે પાછો ભાગી કેમ જાય છે? આ ચંદ્ર રાત્રે જ કેમ ઉગે છે? દિવસે કેમ નથી દેખાતો?" ઈત્યાદિ તેને અક્ષરજ્ઞાન જરાપણ નહોતું. શ્રી દલસુખભાઈ તેને નિવૃત્તિના સમયમાં બારાખડી વિ. શીખવાડતા.

એક વાર દલસુખભાઈને એની પરીક્ષા કરવાનું મન થયું. તેમણે પોતાની પથારી તળે થોડા પૈસા મૂકી રાખ્યા. અને સાવ અજાણ હોય તેમ અન્ય કાર્યોમાં લાગી ગયા. પેલા છોકરાએ જેવી તેમની પથારી ઉપાડી કે નીચેથી પૈસા નીકળ્યા. તરત જ તે દોડતો દલસુખભાઈ પાસે ગયો. અને તેમના હાથમાં પૈસા આપતાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું કે: "કાકા! તમારી પથારી નીચે આ પૈસા પડી રહ્યા હતા." આ જોઈને દલસુખભાઇ વગેરેને તેની નિખાલસતા અને પ્રમાણિકતા માટે ખુબ સદ્‌ભાવ થયો.

ચોમાસુ પૂરું થયા પછી એક દિવસ પેલો છોકરો પૂજ્યશ્રીને કહે: 'મને દીક્ષા ન આપો?'

પૂજ્યશ્રીએ **સસ્મિત** વદને જવાબ આપ્યો: "ભાઇ! તું હજી બાળક છે. દીક્ષા લેવી એ સહેલી વાત નથી."

કેવી એ અજાણ બાળકની ભાવના? દીક્ષા એટલે શું? તેની એને ખબર નથી. દીક્ષા લેવાથી શું ફાયદો થાય? તેની એને સમજણ નથી. છતાંય એ કહેતો હતો કે "**મને દીક્ષા આપો.**" પૂર્વ ભવના ઉત્તમ સંસ્કાર જ એની પાસે એ વચનો બોલાવી રહ્યા હશેને?

વિ. સં. ૧૯૫૭ સેદરડા ગામના ત્રિભોવનદાસ નામના એક શ્રાવક પૂજ્યશ્રી પાસે દીક્ષા લેવા આવ્યા. તેમને દમનો વ્યાધિ હતો. આ કારણથી પૂજ્યશ્રીએ તેમને કહ્યું: "તમારે તમારી શારીરિક અનુકુળતાનો વિચાર કરવો જોઇએ. સંયમમાં આચાર-વિચારની અનેક પ્રકારની વિકટતા હોય છે. રોગને લીધે એ આરાધનામાં વિક્ષેપ ન થાય એ વિચારીને તમારે દીક્ષાની વાત કરવી-ઉચિત છે."

ત્રિભોવનદાસ કહે: 'કૃપાળુ! હું દરેક પ્રકારનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર કરીને જ આપની પાસે આવ્યો છું. અને હવે એ જ ભાવના છે કે સાધુપણામાં જ મારું શેષ જીવન વ્યતીત થાય.'

આમ તેમનો પૂર્ણ વૈરાગ્ય જોઈને પૂજ્યશ્રીએ તેમને દીક્ષા માટે સંમતિ આપી.

આ વાત જાણીને પેલા છોકરાની ભાવના પ્રબળ બની. દીક્ષા માટેની ભાવના તો તેને પહેલેથી થયેલી. હવે તે વિશેષ દૃઢ બની. તેણે પૂજ્યશ્રીને કહ્યું: "પહેલાં હું આપની પાસે આવ્યો છું. માટે મારી જ દીક્ષા પહેલી થવી જોઈએ."

શ્રી હલસુખભાઈ મારફત હવે વાંચતાં લખતાં શિખ્યો હતો. હોંશે હોંશે ધાર્મિક પણ ભણતો હતો, તેથી કેટલાંક સૂત્રો મુખપાઠ પણ કર્યાં હતા.

પૂજ્યશ્રીએ તેને સમજાવ્યો, પણ તે એકનો બે ન જ થયો. તેણે તો જાણે દીક્ષા લેવાની હઠ પકડી.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ તો તે આવ્યો તે દિવસથી જ પોતાના જ્ઞાન-ચક્ષુ વડે તેનામાં રહેલા જ્ઞાન-તેજને પારખી લીધેલું, તેથી તેની ઘણી વિનંતી થવાથી પૂજ્યશ્રીએ તેને પણ દીક્ષા લેવા સંમતિ આપી.

આ એ વખતની વાત છે કે જ્યારે બાળ દીક્ષા પ્રત્યે હજી જનતાની રુચિ સંપૂર્ણપણે નહોતી જાગી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં પણ આવા બાળકની દીક્ષાથી તો લોકો ભડકતા હતા. એટલે સમયના પારખુ આપણા પૂજ્યશ્રીએ તે બંનેને દીક્ષા આપવા માટે મુનિવર શ્રી આનંદસાગરજી મહારાજ તથા મુનિશ્રી સુમતિવિજયજી મહારાજને ત્યાં કાસિંદ્રા ગામે મોકલાવ્યા. ત્યાં બંનેને દીક્ષા આપવામાં આવી.

શ્રી ત્રિભોવનદાસનું નામ **મુનિશ્રી ઋદ્ધિવિજયજી** રાખીને, તેમને શ્રી સુમતિવિજયજીના શિષ્ય કર્યા. અને પેલા બાળકનું નામ **મુનિશ્રી યશોવિજયજી** રાખીને તેમને પૂજ્યશ્રીના શિષ્ય કરવામાં આવ્યા. દીક્ષા સમયે તેની ઉંમર ૯ વર્ષની હતી.

દીક્ષા આપ્યા પછી બન્ને નૂતન-દીક્ષીતોની સાથે પૂજ્ય મુનિ શ્રી સુમતિવિજયજી મહારાજ થોડો સમય અન્યત્ર વિચરીને ચોમાસા પહેલા અમદાવાદ પૂજ્ય ગુરૂ ભગવંતની નિશ્રામાં આવી ગયા.

દીક્ષા લીધા પછી તો **બાલ મુનિશ્રી યશોવિજયજી** સુંદર ક્ષયોપશમના બળે બહુજ થોડા સમયમાં વિદ્વાનોની હરોળમાં ગણાવા લાગ્યા.

વિ. સં. ૧૯૫૭ ના વર્ષે શેઠ મનસુખભાઈ તરફથી પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં વાઘણ પોળના શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી તથા શ્રી સંભવનાથજીની (સંભવનાથની ખડકીવાળા) એ બન્ને દેરાસરમાં પ્રતિષ્ઠા મહામહોત્સવપૂર્વક થઈ હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બન્ને પ્રતિષ્ઠા પછી શ્રી મનસુખભાઈ શેઠની જાહોજલાલી તેમજ ઉન્નતિ દિનપ્રતિદિન વધતી જ રહી.

બાળ મુનિશ્રી પ્રત્યે શ્રી મનસુખભાઈ શેઠને ખુબ સદભાવ હતો. જ્યારે જ્યારે ઉપાશ્રય આવે ત્યારે બાળ મુનિવર્ય પાસે ખાસ થોડીવાર બેસે અને વાતચીત કરેજ. કાંઈક ઉપદેશ આપો સાહેબ! કાંઈ કામકાજ છે? રમુજી સ્વભાવથી રાજી થાય.

શેઠશ્રી મનસુખભાઈ તથા ઝવેરી છોટાલાલભાઈ વિગેરે મળીને આપણા ચરિત્રનાયકશ્રીને વિનંતિ કરતા કે, 'આપ આગમસૂત્રના જોગ પૂજ્ય પં. શ્રી દયાવિજયજી મહારાજ પાસે યોગોદ્વહન કરી લો, પણ પૂજ્યશ્રી એ માટે કહેતા અવસરે બધું થશે.

અમદાવાદમાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની પ્રશંસા દિવસે દિવસે વધતી જતી હતી. ઓજસ પુર્ણ વ્યાખ્યાનમાં પણ દરેક પોળમાંથી તત્વ રૂચિવાળા શ્રોતાઓ આવતા. અને નવુ નવુ કાંઈક મેળવીને જતા. અઠ્ઠાઈ મહોત્સવો-પ્રતિષ્ઠાઓ વિગેરે માટે પૂજ્યશ્રીને પોતાના આંગણે પધારવા વિનંતિઓ કરતા. પૂજ્ય મહારાજશ્રી પણ સહુને આવકારીને સંતોષ પમાડતા.

મહાપુરૂષો સદાય પરોપકાર પરાયણ હોય છે તેથી ધર્મરૂચિ પ્રગટ કરવાની પ્રેરણાઓ આપતા હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ વીસમું... ........

# યોગોદ્વહન માટે આમંત્રણ

આપણા ચરિત્રનાયકશ્રીના દિન-પ્રતિદિન વધતાં પૂણ્ય પ્રભાવથી અને અનેક સદ્ગુણોથી આકર્ષાઈને પૂજ્યશ્રીના મોટા ગુરૂભાઈ ભાવનગર બિરાજતા તે ગીતાર્થ શિરોમણિ **પૂજ્ય પંન્યાસ શ્રી ગંભીરવિજયજી** ગણિવર મહારાજે વિચાર્યું કે, " **મુનિશ્રી નેમવિજયજી ને** સર્વ આગમોના યોગોદ્વહન કરાવીને **યોગ્ય પદે** સ્થાપન કરવા એ મારૂં કર્તવ્ય છે."

આ સમયે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી અમદાવાદના-પાંજરાપોળના ઉપાશ્રયે બિરાજતા હતા. તે વિ. સં. ૧૯૫૭ની સાલ હતી. ભાવનગરના આગેવાન **શ્રી ગિરધરલાલ આણંદજી** પૂજ્ય પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજનો પત્ર લઈ અમદાવાદ આવ્યા. અને પૂજ્યશ્રીને જણાવ્યું કે, "**સાહેબ, પૂજ્ય પંન્યાસજી મહારાજે આપને ભાવનગર પધારવાનું કહેવરાવ્યું છે. સાથે કહ્યું છે. મારી અવસ્થા હવે**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**યુક્ત થવા આવી છે.** તમને (આપશ્રીને) યોગોદ્વહન કરાવવાના છે, માટે સાહેબ! આપ વિહાર કરી ભાવનગર પધારો."

વધુમાં શ્રી ગિરધરભાઈએ કહ્યું : સાહેબ! પૂજ્ય પંન્યાસજી મહારાજે આપશ્રીને ખાસ કહેવરાવ્યું છે કે, **"આપણા પૂજ્ય ગુરૂદેવ શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ મને આજ્ઞા ફરમાવી ગયા છે કે, "નેમવિજયજીએ યોગ વહેવા, ને તારે વહેરાવવા."** આ સાંભળીને ગદ્‌ગદીત થતાં પૂજ્યશ્રીએ કહ્યું કે, **"આ ગુરુ આજ્ઞા તો મારે શિરસાવંદ્ય છે."**

યોગોદ્વહન સિવાય સમર્થ પૂ. સાધુ ભગવંતો પણ પૂજ્યતમ શ્રી આગમશાસ્ત્રોના પઠન-પાઠનમાં સીધો પ્રવેશ કરી શકતા નથી. **યોગોદ્વહન એ જ્ઞાનના દ્વારોને ખોલવાની** ઉત્કૃષ્ટ **આધ્યાત્મિક ક્રિયા છે. તેમાં તપપૂર્વક વિધિથી** ઉત્કૃષ્ટ **પ્રકારની ક્રિયાઓ અપ્રમત્તપણે કરવી પડે છે.**

**પૂ. પં. શ્રી ગંભીરવિજયજી મહારાજ** તરફની સૂચના સાંભળીને પૂજ્યશ્રીને આનંદ થયો; પણ ભાવનગર સુધી વિહાર કરવા જેટલી અનુકુળતા ન હોવાથી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ શ્રી ગિરધરભાઈને બોલાવીને કહ્યું : " ભાઈ! પૂજ્યપાદ પંન્યાસજી મ. ની સૂચના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યથાર્થ છે. સમયસરની છે, પણ ભાવનગર જવાય એટલી તબીયતની અનુકુળતા ન હોવાથી હું હાલમાં વિહાર કરી શકું તેમ નથી તો તમે ભાવનગર જઈ પૂજ્ય પંન્યાસજી ભગવંતને મારા વતી વિનંતી કરીને કહેજો કે, "અમદાવાદ પધારે તો બહુ જ સારૂં થાય."

ભાવનગર પહોંચીને શ્રી ગિરધરભાઈએ પૂજ્યશ્રી વતી પૂ. પંન્યાસજી ભગવંતને સર્વ વિગતે વાત કરી.

શાસનરાગી મહાત્માઓને અંગત 'અહમ્' હોતો નથી, દેશ-કાળની પરિસ્થિતિના તેઓ અભ્યાસી હોય છે, લાભાલાભના પણ પૂરા જાણકાર હોય છે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીનો જવાબ લઈને શ્રી ગિરધરભાઈ ભાવનગર ગયા. ત્યાર પછી તરત જ પૂજ્યશ્રીએ પ્રેરણા કરીને **શેઠ શ્રી મનસુખભાઈ, ઝવેરી છોટાલાલભાઈ** અને બીજા ભાઈઓ વિગેરે કેટલાક અમદાવાદના આગેવાન શ્રાવકોને ભાવનગર **પૂજ્ય પંન્યાસજી મહારાજને** વિનંતી કરવા મોકલ્યા.

પૂજ્ય પંન્યાસજી મ. ની વિદ્વતા અને ગીતાર્થતા તે સમયે જૈન આલમમાં ખૂબ પ્રસિદ્ધ હતી. તેઓશ્રી અમદાવાદ તરફ કદી વિચરેલા નહિ હોવા છતાં તેઓશ્રી પ્રત્યે શ્રી સંઘનો-લોકોનો અખુટ સદભાવ હતો. અમદાવાદ ના શ્રી સંઘની આગ્રહ ભરી વિનંતી હોવાથી લાભા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાભનો વિચાર કરીને પૂજ્ય પંન્યાસજી વિગેરે મુનિ ભગવંતો સાથે અમદાવાદ તરફ વિહાર કર્યો.

રસ્તામાં નાના મોટા અનેક ગામો આવતા ત્યાંના જૈનોને જિનવાણીના અમૃતપાન કરાવતા કરાવતા અનુક્રમે તેઓશ્રી **સરખેજ** પધાર્યા.



વિહાર કરતાં સાધુ ભગવંતો

ચરિત્રનાયક પૂજ્યશ્રી સંઘના આગેવાનો પૂજ્ય પંન્યાસજી મહારાજની ઘણી જ આતુરતાપૂર્વક રાહ જોતા હતા. સરખેજ પધારવાના ખબર મળતાં જ પાંજરાપોળના ઉપાશ્રયેથી પૂજ્યશ્રી આદિ મુનિવરો સરખેજ સુધી સામે ગયા. બીજે દિવસે અમદાવાદના ઘણા આગેવાનો શ્રી મનસુખભાઈ છોટાભાઇ ઝવેરી વગેરે ઘણા શ્રાવકો સરખેજ પહોંચ્યા અને વંદના કરી સુખશાતા પૂછી.

પૂજ્ય પંન્યાસજી મહારાજનો પ્રવેશ મહોત્સવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદના શ્રી સંઘે ખુબ આડંબરથી હાથી લાવી, દબદબાપૂર્વક સામૈયા સાથે કર્યો. **પૂજ્ય શ્રી બુટેરાયજી મહારાજ** પૂજ્ય **શ્રી મૂલચંદજી** મહારાજ આદી **ઉજમફોઈની** ધર્મશાળાએ ઉતરતા હોવાથી પૂ. પંન્યાસજી મહારાજે પણ પ્રથમ મંગલાચરણ ત્યાં વાઘણપોળે કર્યું. પછી ત્યાંથી પાંજરાપોળે પધાર્યા. અને વિ. સં. ૧૯૫૭નું ચાતુર્માસ પાંજરાપોળના ઉપાશ્રયે પૂ. પંન્યાસજી મહારાજ સાથે સહુએ કર્યું. આપણા ચરિત્રનાયકપૂજ્ય શ્રી પૂ. પંન્યાસજી મ.ની પાવન નિશ્રામાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી આચારાંગ સૂત્ર વિગેરેના આગમસૂત્રના યોગોદ્વહનનો ઉલ્લાસભાવે આરંભ કર્યો.



પૂજ્ય પંન્યાસશ્રી ગંભીરવિજયજી મહારાજ પૂજ્યશ્રીને યોગોદ્વહન કરાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાતુર્માસ - ઉતર્યા પછી પૂજ્ય પં. શ્રી ગંભીર વિજયજી મહારાજના પાવન હસ્તે ભાવનગરવાળા શા. હરજીવનદાસ સવચંદ તથા ડાહ્યાલાલભાઈ તથા એક ધોલેરાવાળા ભાઈ એમ ત્રણ મુમુક્ષુઓને દીક્ષા આપવામાં આવી. અનુક્રમે તેમના નામ **મુનિશ્રી નયવિજયજી** રાખીને પૂજ્યશ્રીના શિષ્ય કર્યા. બીજા બે **મુનિશ્રી કાન્તિવિજયજી** તથા મુનિશ્રી **કુમુદવિજયજી** નામ રાખી બંને મુનિશ્રી મણિવિજયજી મહારાજના શિષ્ય કર્યા. (આ મુનિશ્રી મણિવિજયજી મહારાજ પૂજ્યજી આનંદ સાગરજી મહારાજના સાંસારિક–અવસ્થાના મોટા સગા ભાઈ થતા હતા.)

વિ. સં. ૧૯૫૮નું ચાતુર્માસ પણ અમદાવાદમાં જ થયું. આ વર્ષ દરમ્યાન શ્રી કલ્પસૂત્ર શ્રી મહાનિશિથ સૂત્ર વગેરે આગમોના યોગ આપણા ચરિત્રનાયક પૂજ્ય શ્રીએ વહી લીધા.

અનેકાનેક શાસન શોભાના એક એકથી વિશિષ્ટ કાર્યો થયા: ૧૯૫૮ની સાલમાં પાલિતાણા બિરાજતા પૂજ્ય મુનિશ્રી દાનવિજયજી મહારાજ ક્ષયના વ્યાધિથી અષાડ સુદી ૧૩ ના રોજ શ્રી ગિરિરાજ અને નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. આથી આપણા ચરિત્રનાયકશ્રીને અપાર ખેદ થયો. પૂજ્યશ્રીને પોતાના વિદ્યાદાતા ગુરૂનો વિયોગ થયો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ઝવેરી શ્રી છોટાલાલ લલ્લુભાઈ** વિદ્યાશાળા ઉપાશ્રયના આગેવાન ટ્રસ્ટી હતા. તેઓને આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીના ઉપર પૂજ્યભાવ હતો. પૂજ્યશ્રીના અનેક ભક્તોમાંના એક અનન્ય ભક્ત હતા. તેમણે ૧૯૫૮નું ચાતુર્માસ-પરિવર્તન પોતાના ઘેર કરાવ્યું. ત્યાંથી તેઓ પૂજ્ય ગુરૂદેવોને વિદ્યાશાળાના ઉપાશ્રયે લઈ ગયા. ત્યાં પૂજ્ય પંન્યાસજી ગંભીરવિજયજી અને ચરિત્રનાયક પૂજ્યશ્રીએ મુહપત્તિ હાથમાં રાખીને વ્યાખ્યાન વાંચ્યું. બાદ પાંજરાપોળ પધાર્યા.

શ્રી જિનવાણીના અંગભૂત શ્રી આગમ-શાસ્ત્રોના ગહન રહસ્યોને આત્મસાત કરવાની ક્ષમતા યોગોદ્વહનની આધ્યાત્મિક પ્રક્રિયા સિવાય પ્રગટતી નથી એ હકિકતને લક્ષ્યમાં રાખીને પોતે સમર્થ શ્રુતભ્યાસી હોવા છતાં પૂજ્યશ્રીએ અનેરા ઉલ્લાસથી યોગોદ્વહન કર્યા.

આ ચોમાસામાં પાંજરાપોળ પાઠશાળાનું કામ મંદ પડી ગયું. તેનાં કારણો તપાસીને પૂજ્યશ્રીએ વિચાર્યું કે ધાર્મિક સાથે વ્યાવહારિક શિક્ષણ અપાય તો જ પાઠશાળા બરાબર ચાલશે. પૂજ્યશ્રીએ શ્રી મનસુખભાઈ શેઠને એ માટે વ્યવસ્થિત પ્રેરણા કરી. તેના ફળ સ્વરૂપે મનસુખભાઈ શેઠ તરફથી ધાર્મિક સાથે વ્યાવહારિક શિક્ષણ આપતી જૈન શાળા ખોલવામાં આવી. તેમાં ધાર્મિક શિક્ષક તરીકે **જંગમ પાઠશાળામાં ભણીને**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૈયાર થયેલા શ્રી ઉમેદચંદ રાયચંદભાઈ ખંભાતવાળાની નિમણુંક કરી.

જૈન પાઠશાળા ! સમ્યગ શ્રતની પરબ છે. તે સદા ચાલુ રહે તો જ રાગ-દ્વેષના તાપથી તપેલા જીવોને સાચી શાતા મળતી રહે એ મુદ્દો સદા પૂજ્યશ્રીના ધ્યાનમાં રહયો અને તેનો અમલ કરાવવામાં પૂજ્યશ્રીએ દરેક સમયે પુરી જાગૃતિ દાખવી છે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ શ્રી ભગવતીજીસૂત્ર સિવાયના તમામ આગમોના જોગ વહી લીધા.

આમ અમદાવાદના શ્રીસંઘને પૂજ્યશ્રીની ઊંડી શાસ્ત્ર-સૂઝ, શાસન નિષ્ઠા, આત્મ જાગૃતિ, સચ્ચારિત્ર મગ્નતા, સત્કાર્ય-તત્પરતા વગેરેનો સારો લાભ મળ્યો, તેના કારણે **આજે પણ અમદાવાદના શ્રીસંઘના આગેવાનો ભારતભરના શ્રીસંઘોમાં-શાસન સેવામાં આગવું સ્થાન ધરાવે છે તેમજ શાસ્ત્રીય મર્યાદાઓનું પાલન કરવા તથા કરાવવામાં દઢતા દાખવી રહયા છે. વળી જડવાદના ઝેરી પવનને ખાળવાનું હૈવત પણ અવસરે દાખવી રહ્યા છે** એ બધો પ્રભાવ આપણાં ચરિત્રનાયક પૂજ્યશ્રીનો જ છે. એમ અનેક અનુભવીઓનું કથન છે.

અમદાવાદમાં આજે પણ એટલે કે વિ. સં. ૨૦૪૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ની સાલમાં પ્રૌઢ ઉંમરના (૫૦–૬૦ કે ૭૦ વર્ષની આસપાસના) શ્રાવક મહાનુભાવોને કહેતા–બોલતા સાંભળીએ છીએ કે, "સાહેબ! અમે શેઠશ્રી મનસુખભાઈની સ્કુલમાં ધાર્મિક અને વ્યવહારીક અભ્યાસ કર્યો છે તેના યોગે સામાયિક, પ્રતિક્રમણ–પરમતારક શ્રી જિનેશ્વરની પૂજા ચૈત્યવંદન સદા કરીએ છીએ અને શ્રાવકને નહિ ખાવા યોગ્ય–અભક્ષ્ય વસ્તુઓથી સદાને માટે દૂર રહ્યા છીએ, તેમજ જૈન ધર્મ પ્રત્યે અમને પૂરે–પૂરી શ્રદ્ધા છે. આ બધો પ્રભાવ શ્રી મનસુખભાઈની સ્કુલનો છે. જે જાણે છે તે તો કહે છે કે, "**જૈન સમાજ ઉપર શાસન સમ્રાટ**શ્રીનો અસીમ ઉપકાર થયેલ છે,

આજકાલના જૈન સંતાનોને–બાળકોને જોઈને અમે પારાવાર દુઃખ–ખેદ પામીએ છીએ. કેવો વિચિત્ર જમાનો આવ્યો છે કે, "આજે અમારા વ્હાલા બાળકોને કંઈજ કહીએ તો સમજવા કે માનવા તૈયાર નથી. ખાણી–પીણી અને રહેણી–કેણીમાં ઘણો ઘણો ફેર પડયો છે. શું કરીએ? ક્યાં જઈને અટકશે?

આપણા બધાના આ બાબતમાં પૂણ્ય પહોંચતા નથી એટલે આપણે પાતળા પૂણ્યવાળા છીએ, તેથી આપણી કોઈ ઈચ્છા બર આવતી નથી.

*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ એકવીસમું....

# મહાન ગુરૂના મહાન ભક્ત

વિ. સં. ૧૯૫૮ ના અમદાવાદના ચોમાસા પછી **ઝવેરી શ્રી છોટાલાલ લલ્લુભાઇ** એ પૂ. **પંન્યાસજી મહારાજ** તથા આપણા ચરિત્રનાયકશ્રીની પૂણ્યનિશ્રામાં **શ્રી સિદ્ધચલજીનો** છ'રી પાળતો સંઘ કાઢયો, તેમાં બે હજાર ભાવિકો હતા.

સંઘ સરખેજ, સાણંદ, વીરમગામ, વઢવાણ, લીંબડી થઈ રસ્તામાં વચ્ચે આવતા નાના મોટા ગામોમાં જિન મન્દિરના જિર્ણોધ્ધાર, જીવદયા વગેરે સાતે ક્ષેત્રોમાં પોતાની પૂણ્ય-લક્ષ્મીને વાપરતા વાપરતા, દીન દુ:ખી જીવોની અનુકંપા કરતા-અન્નદાન અને વસ્ત્રદાન આપતા આપતા શ્રી સંઘ અનુક્રમે પાલિતાણા આવી પહોંચ્યો.

પાલિતાણાના શ્રી સંઘે શ્રી સંઘનું ભવ્ય સામૈયું કરી શ્રી સંઘનું બહુમાન કર્યું. શ્રી સંઘના યાત્રિકો **આજનો દિવસ મહાન માની ભાવવિભોર બન્યા**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



છ'રી પાળતા સંઘનું અમદાવાદથી પ્રયાણ

હતા. સૌના મનમાં એક રટણ હતું. અમે ગિરિરાજ ઉપર ચઢી દાદાને ભેટી જીવન સાર્થક કરીએ.

એકી અવાજે મુખથી સૌ બોલતાં બોલતાં—

"એકેકુ ડગલું ભરે, શત્રુંજા સમો જેહ
રીખવ કહે ભવ, ક્રોડના કર્મ ખપાવે તેહ."

પૂજ્યપાદ ગુરૂ ભગવંતોની સાથે શ્રી તીર્થાધિરાજની ભાવોલ્લાસ પૂર્વક યાત્રા કરી શ્રી સંઘના સઘળાય યાત્રિકો દાદાના દર્શન–વંદન પૂજા કરીને પાવન થયા, અને પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા.

પૂજ્ય ગુરૂદેવોના પવિત્ર હસ્તે સંઘવી શ્રી છોટાલાલભાઇ ઝવેરી સહકુટુંબે "તીર્થમાળ"




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડેરીને ફરી ફરીને પ્રભુજી દર્શન આપજો એવી શુભ ભાવના ભાવતા, અમદાવાદ તરફ ઉલ્લાસભાવે વિદાય થયા.

છ'રી પાલતા સંઘમાં પગે ચાલતા સંઘ ભાવવાની ભૂરિ ભૂરિ અનુમોદના કરીને જીવન સર્વ સ્તરે ઉચ્ચતા પ્રદાન કરવાની શ્રેષ્ઠ તાલીમ મળે છે, માટે જ યુગયુગથી તેનું માહાત્મ્ય જળવાઈ રહ્યું છે. માટે જ કહ્યું કે–

**"સોરઠ દેશમાં સંચર્યો. ન ચઢયો ગઢ ગિરનાર,**
**શેત્રુંજી નદી નાહ્યો નહીં એનો એળે ગયો અવતાર."**

પૂજ્ય પંન્યાસજી તથા આપણા ચરિત્રનાયક વગેરે પૂજ્ય ગુરૂદેવો ભાવનગર તરફ પધાર્યા. ભાવનગરના શ્રી સંઘે ભવ્ય સામૈયું કર્યું. આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી



શ્રી સંઘે કરેલું પૂજ્યશ્રીનું સામૈયું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ ભાવિકોની વિનંતીથી વ્યાખ્યાન ચાલુ રાખ્યું, ઓજસ પુર્ણ વ્યાખ્યાન સાંભળીને ભાવવિભોર થતા રહ્યા.

અહીં અષાડ સુદ ૧૦ ના શુભ દિવસે મહુવાના શેઠ શ્રી કમળશીભાઈના સુપુત્ર મુમુક્ષુ **શ્રી સુંદરજીભાઈને** ૧૬ વર્ષની યુવાન વયે ધામધુમથી દીક્ષા આપી. તેમનું નામ **મુનિ શ્રી દર્શનવિજયજી** રાખીને પૂજ્યશ્રીના શિષ્ય કર્યા. બીજા એક વૈષ્ણવભાઈને દીક્ષા આપી. તેમનું નામ **મુનિ શ્રી પ્રતાપવિજયજી** રાખીને તેમને પણ પોતાના શિષ્ય કર્યા.

સંવત ૧૯૫૯નું ચોમાસું આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ પૂ. પંન્યાસજી મ. સાથે ભાવનગરમા કર્યું. આ ચોમાસામાં પૂજ્ય પંન્યાસજી મહારાજે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીને પંચમાંગ શ્રી ભગવતીજીસૂત્રના મોટા યોગમાં પ્રવેશ કરાવ્યો.

સચ્ચારિત્રવંત પૂજ્યશ્રી આગવા તત્વદૃષ્ટા હતા. વાતાવરણમાંથી સારા-નરસા બનાવોની હવાને અગાઉથી પકડી શકતા હતા. અહીં પણ તેઓશ્રીને વાતાવરણમાં ગરબડ હોવાની ગંધ આવી ગઈ. નૈસર્ગિક નિરીક્ષણ અને અનુમાન શક્તિથી પ્લેગનો (Plage) ઉપદ્રવ થાય એવો સંભવ છે. તેમ લાગ્યું.

પૂજ્ય પંન્યાસજી મહારાજને વિનંતિ કરી કે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**"સાહેબ ! અહીં પ્લેગ થવાનો પૂરેપૂરો સંભવ છે, એમ મને લાગે છે.** માટે આપશ્રીની ઈચ્છા હોય તો આપણે અન્યત્ર જઈએ."

પૂજ્ય પંન્યાસજી મહારાજે કહ્યું : "કાંઈ વાંધો નહીં આવે, તમે તો બહુ બીકણ લાગો છો." અવસરે જોયું જશે.

ખરેખર, થોડા જ દિવસોમાં રોગચાળો ફાટી નીકળશે એવી આગાહી આપણા ચરિત્રનાયકશ્રીને થઈ અને ચોમાસુ બેસતાં જ પ્લેગના રોગે ભાવનગરમાં દેખાવ દીધો, રોગનો ભોગ બનીને માનવો તથા પશુઓ મરવા માંડ્યા.

પૂજ્ય પંન્યાસજી મહારાજ અને સહવર્તી મુનિરાજોના યોગ ક્ષેમની જવાબદારી મારા માથે છે. એ હકીકતનો સ્વીકાર કરીને આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ સર્વ સાધુઓ સહિત વરતેજ મુકામે વિહાર કર્યો.

શાસ્ત્રીય મર્યાદા એવી છે કે ચોમાસામાં સવા યોજન સુધી જવાય, પણ આ ગામ તો ભાવનગરથી ફક્ત ૩ ગાઉ (પોણા યોજનના અંતરે જ) હતું.

અષાઢ પુરો થયો. શ્રાવણના સરવરિયા શરૂ થયા. શહેરમાં પ્લેગનો રોગ વધવા લાગ્યો. પોતપોતાની સગવડે આજુબાજુના ગામોમાં લોકો જવા લાગ્યા. વરતેજમાં પણ પ્લેગ પ્રસર્યો, પૂજ્ય પંન્યાસજી મ. ના બે શિષ્યો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા પૂજ્ય શ્રી મણિવિજયજી મ. ના એક એમ ત્રણ મુનિરાજો પણ પ્લેગની ઝડપમાં આવ્યા.

આ જોઈને પૂજ્ય પંન્યાસજી મ. આદિ ચિંતા કરવા લાગ્યા. તેઓશ્રીએ આપણા ચરિત્રનાયકશ્રીને બોલાવી, પોતાની ચિંતા વ્યક્ત કરી : "આ બિમાર સાધુઓની સાર-સંભાળ તમે કરો. તેમને તમારી પુરે-પુરી દેખરેખ નીચે રાખો."

'તહત્તિ' સાહેબ ! કહી પૂજ્યશ્રીએ વાત્સલ્યભરી દેખરેખ શરૂ કરી. તાત્કાલિક ઉપચારો થવાથી ત્રણે મુનિ-વરો થોડા સમયમાં સાજા થઈ ગયા.

તે પછી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી પોતે એકા-એક તાવથી ઘેરાયા. શ્રી ભગવતીસૂત્રના મોટા યોગ તો ચાલુ જ હતા. તેમાં વળી તાવ ભળવાથી પૂજ્યશ્રીને શારીરિક નબળાઈ વર્તાવા લાગી. પુ. શ્રી મણિવિજયજી મહારાજે અમદાવાદ શેઠ મનસુખભાઈને આ સમાચાર જણાવ્યા.

અમદાવાદમાં શ્રી મનસુખભાઈને આ સમાચાર મળ્યા એટલે તેમની ચિંતાનો પાર ન રહ્યો. તેમણે ભાવનગરના શ્રી સંઘને તાર કર્યો તેમજ ત્યાંના પોતાના પરિચિત નિષ્ણાત ડૉકટરને પણ તાર કરીને જણાવ્યું કે, "તમે મારા ખર્ચે તરત વરતેજ જાઓ." તેમજ વરતેજ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાર કરીને પૂજ્યશ્રીના આરોગ્યના સમાચાર કલાકે-કલાકે મોકલવા જણાવ્યું.

અનેક તાર કરવા છતાં ગુરૂભક્ત મનસુખભાઈનું દિલ ઊંચું રહેવા લાગ્યું મન ઠરીને ઠામ ન થયું બેચેની વધવા માંડી.

આ બાજુ પૂજ્યશ્રીનો તાવ જ્યાં સુધી ઉતરે નહીં ત્યાં સુધી શેઠને સમાચાર પણ શું આપવા? એ પ્રશ્ન થઈ પડયો! એક દિવસ રાતમાં ૮૦ જેટલા તાર પૂજ્ય શ્રીની તબીયતના સમાચાર પૂછવાના તાર આવ્યા. તાર માસ્તર પણ નવાઈ પામી ગયા કે આ મહારાજ સાહેબ છે કોણ? કે જેમની તબીયત પૂછાવવા આટલા બધા તાર એક શેઠના આવે છે? એ તો નવાઈ જ પામી ગયો.

એ અરસામાં તેમના એકના એક પુત્ર શ્રી માણેક-લાલભાઈ (માકુભાઈ) પણ માંદગીમાં પટકાયા. હતા. ડો. શ્રી જમનાદાસની સતત સારવારથી તેમની તબીયત થોડા દિવસમાં કંઈક સુધારા ઉપર આવી એટલે શેઠે ડોકટરને કહ્યું: "તમે આજે જ વરતેજ જાવ અને પૂજ્ય ગુરૂ મહારાજની તબીયત સુધરે ત્યાં સુધી ત્યાં જ રોકાજો."

ડોકટરે કહ્યું: "શેઠ સાહેબ! માણેકભાઈની સાર-વાર છોડીને ત્યાં જવાનું મને ઠીક લાગતું નથી."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠે લાગણીભીના શબ્દોમાં કહ્યું : "ડૉક્ટર ! ધર્મના પ્રભાવથી મારો માણેક સાજો થઈ જશે, છતાં એની સાથે મારી લેણાદેણી ઓછી નીકળે અને એના શરીરને કંઈ થાય તો, તે ફક્ત મને અને મારા કુટુંબને દુઃખકર થશે, પણ પૂજ્ય ગુરૂમહારાજશ્રીના પુણ્યદેહને કંઈ થશે તો તે સમગ્ર ભારતના શ્રીસંઘ અને શાસન માટે દુઃખકર થશે. માટે તમે અબઘડી વરતેજ જાવ."

શ્રી મનસુખભાઈની ગુરૂભક્તિથી ડૉકટર દંગ થઈ ગયા. સવાલ જવાબમાં ઉતર્યા સિવાય તરત જ વરતેજ ગયા. પૂજ્યશ્રી તો કોઈ દવાનો ઉપયોગ કરતા ન હતા. 'ચરિ' એ જ અમોઘ ઉપાય સમજતા. ડૉકટર આવ્યા અને પૂજ્યશ્રીનો પરિશ્રમજન્ય તાવ બીજે જ દિવસે ઉતરી ગયો. આથી પૂજ્ય પંન્યાસજી મ. તથા ડૉકટરના ખબર તારથી જાણી શેઠ શ્રી નિશ્ચિંત થયા.

જૈન શાસનના પરમ ભક્તિવંત શ્રાવક ભારતના એક ક્રોડપતિ શ્રેષ્ઠ શ્રાવકની કેવી અનન્ય ગુરૂભક્તિ આપણને જોવા મળે છે ! દેવ, ગુરૂ, અને ધર્મ ઉપર કેવી દૃઢ શ્રદ્ધા હશે ? શાસનના હિતની કેવી અદ્‌ભૂત લાગણી તેમના દિલમાં હશે, તે આ પ્રસંગ ઉપરથી સમજી શકાય છે. આવી અસાધારણ, જેનો જોટો ન જડે એવી ભવ્ય ગુરૂભક્તિ, ખરેખર ! આપણા સૌના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે અનુકરણીય જ છે. આવા ગુરૂદેવ અને ગુરુભક્તોનો સુયોગ થાય છે ત્યાં સકળ શ્રીસંઘની જાહોજલાલી અને શાસનની પ્રભાવના અનેરી દીપી ઉઠે છે.



ભાવનગરથી વિહાર કરીને વળા પધાર્યા

વરતેજમાં ચોમાસુ પૂરું કરીને પૂજ્ય પંન્યાસજી મ. વગેરે મુનિવર્યો વિહાર કરી વળા (વલભીપુર) પધાર્યા.

મનને નિર્બળ બનવા દેવું નહિ. એક ક્ષણ પણ જો મનની નિર્બળતા થઈ તો તેથી તમારા જીવનની ઉચ્ચ આકાંક્ષાઓ અને આશાઓ પર પાણી ફરી વળે છે માટે મનોવિગ્રહ કરતાં શીખો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**પ્રકરણ બાવીશમું......**

# ગણિ-પંન્યાસપદ પ્રદાન મહોત્સવ

આજે **વળા**ના નામે ઓળખાતું આ ગામ પ્રાચીન કાળે **વલભીપુર**ના નામે જગપ્રસિદ્ધ હતું. આજે પુનઃ વલભીપુર નામે ઓળખાય છે. તેને પરિવર્તન કરાવવામાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની અમૂલ્ય પ્રેરણા હતી.

પૂજ્યશ્રીના અંગે-અંગમાં છલકાતી પાવનકારી ચારિત્રની પ્રભાથી વલભીપુરના **ઠાકોર સાહેબ શ્રી વખતસિંહજી** ઉપર ઊંડી અસર થઇ હતી. તેથી તેઓ પૂજ્યશ્રી પ્રત્યે આંતરિક સદ્‌ભાવ ધરાવતા થયા.

હવે પૂજ્યશ્રીના '**શ્રી ભગવતીજીસૂત્ર**'ના જોગપુર્ણ થવા આવ્યા હતા. તેની અનુજ્ઞા સ્વરૂપ **ગણિપદ પંન્યાસપદ** પૂજ્યશ્રીને આપવાના હતા. એ નિમિત્તે મહોત્સવ વલભીપુરની શ્રી સંઘની તથા ઠાકોર સાહેબની અત્યંત વિનંતીથી વળામાં જ ઉજવવાનો નિર્ણય થયો.

અમદાવાદથી **શેઠ મનસુખભાઇએ** વળાનાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી સંઘને લખી જણાવ્યું કે, "પદવી પ્રદાન પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ, અષ્ટોત્તરી સ્નાત્ર, તેમજ સમવસરણની ભવ્ય રચના વગેરે બધું મારા તરફથી કરવાનું છે." એટલું જ નહિ, પણ એની વ્યવસ્થા કરવા માટે વળાના નામદાર ઠાકોરના અતિ પરિચયવાળા શા. જેશીંગભાઈ ઉજમશીને પહેલેથી વળા મોકલી આપ્યા. તેઓએ ત્યાં જઈને બધી તૈયારીઓ કરી.

આ વાતની **ભાવનગરના શ્રી સંઘને જાણ થઈ.** સંઘના આગેવાનોએ વિચાર્યું કે, 'બધા આદેશો મનસુખભાઈ શેઠે લઈ લીધા છે.' એક જ નવકારશીનો બાકી રહ્યો છે, એ આદેશ આપણે વેલાસર લઈ લઈએ. નહિં તો આપણે રહી જઈશું. એટલે તરતજ તેમણે વળા જઈને વળાના શ્રીસંઘ પાસે પંન્યાસપદવીના દિવસની નવકારશીની માગણી કરી અને આદેશ લઇ લીધો.

કાર્તક વદમાં મહોત્સવનો આરંભ થયો. ભાવનગર, તલાજા, મહુવા દાઠા વગેરે અનેક ગામોનાં આગેવાનો તથા બહુ મોટી સંખ્યામાં શ્રાવકો આવવા લાગ્યા અમદાવાદથી નગરશેઠનું કુટુંબ, શેઠ હઠીસીંગ કેશરીસીંગનું કુટુંબ, શેઠ લાલભાઈ દલપતભાઈ, શેઠ મનસુખભાઇ ભગુભાઈ વિગેરે અનેકાનેક સદગૃહસ્થો આવ્યા. સૌના મનમાં આપણા પૂજ્ય ગુરૂદેવને પદવી મળશે તેનો હર્ષ અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉલ્લાસ કોઈ અનેરો હતો. બાહ્ય આડંબરના રંગ કરતાં ય હૃદયામાં ઉમંગની ચમક હંમેશાં કોઈ અનેરી હોય છે! બહારનો ભભકો એની આગળ ઝાંખો દેખાય તે સ્વાભાવિક છે.

અમદાવાદથી વળા આવ્યા પછી મનસુખભાઈ શેઠને નવકારશીનો આદેશ ભાવનગરવાળા લઈ ગયા છે. તેની જાણ થઈ. શેઠ નવાઈ પામ્યા આ શું? તેમણે વળાના શ્રી સંઘને વિનંતી કરતાં કહ્યું : "આ મહોત્સવ બધું મારા તરફથી થાય અને નવકારશી બીજા કરે, એ વ્યાજબી ન ગણાય માટે નવકારશીનો આદેશ મને જ મળવો જોઈએ."

વળાના શ્રીસંઘના આગેવાનો કહેવા લાગ્યા : "શેઠ સાહેબ! એક ધણીને આદેશ અપાઈ ગયા પછી અમારાથી ફેરવી ન શકાય. આપ ભાવનગરવાળાને સમજાવો. તેઓ સમજે તો જ આપને આદેશ મળે."

શેઠે તરત જ ભાવનગરવાળાને બોલાવ્યા અને સમજાવ્યા પણ પેલા લોકો શાના સમજે? માંડ માંડ મળેલો આવો ભક્તિનો લાભ કોણ જતો કરે? તેમણે તો 'ના' કહી.

શેઠ સાહેબ મોટા વિચારમાં પડી ગયા. તેમણે વળાના આગેવાન ગૃહસ્થો શા. કલ્યાણજી નરશી, ગુલાબ-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ જીવાભાઈ અને કલ્યાણજી ભીમા વગેરેને કહ્યું: "તમે કોઈ માર્ગ શોધી કાઢો. આદેશ તો મને જ મળવો જોઈએ."

એ બધાય ભેગા થઈ વિચાર કરતાં, એક માર્ગ મળી ગયો. શેઠને તેમણે કહ્યું: "શેઠ! એક ઉપાય છે. ભાવનગરવાળાએ એક ટંકની નવકારશીનો આદેશ લીધો છે. જો કોઈ બે ટંકનો આદેશ માગે તો એક ટંકવાળાનો આદેશ રદ થાય."

આ સાંભળી શેઠ હર્ષમાં આવી ગયા અને પછી તો શી વાર! કોને પૂછવાનું હતું? શેઠે વળા શ્રીસંઘની પાસે બે ટંકની નવકારશીના આદેશની માંગણી કરી. એટલે સંઘે તેમને આદેશ આપ્યો. શેઠની ભાવના ફળી. તેમના હર્ષનો પાર ન રહ્યો.

ભાવનગર શ્રી સંઘના આગેવાનો આ સમાચાર જાણી મનમાં થયું કે અમો લાભથી વંચિત રહ્યા.

ઉત્કટ ગુરૂભક્તિના આદર્શ સમા શ્રી મનસુખભાઈ શેઠે આ મહોત્સવનો સઘળો લાભ લીધો. બે ટંકની નવકારશી પણ પોતાના તરફથી કરી.

ધન્ય છે તેમના દિલની અમીરાતને! ધન્ય છે તેમની સાચી ભક્તિને!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ. સં. ૧૯૬૦ના કારતક વદ ૭ ના શુભ દિવસે શુભ ચોઘડિયે પૂ. પંન્યાસજી મહારાજ શ્રી ગંભીરવિજયજીએ ચતુર્વિધ શ્રી સંઘની સાખે સંપૂર્ણ મંગલ-ક્રિયા કરાવવા પૂર્વક આપણા ચરિત્રનાયક શ્રી મુનિ શ્રી નેમવિજયજી મહારાજ સાહેબને સર્વાનુયોગમયી 'શ્રી ભગવતીજી' નામના પાંચમાં અંગની અનુજ્ઞા સાથે ગણિપદવી અર્પણ કરી અને સકળ સંઘના શ્રી સંઘના જયનાદથી ગગન ગાજી ઉઠયું. વાતાવરણમાં હર્ષ છવાઇ ગયો.



આપણા પૂજ્યશ્રીને પદવી પ્રદાન કરે છે

ત્યારપછી માગસર સુદ ૩ ના દિવસે પૂજ્ય પંન્યાસજી મહારાજે પૂજ્યશ્રીને પંન્યાસ પદવીથી વિભૂષિત કર્યા. અને આપણા ચરિત્રનાયકશ્રી હવે પૂ. પંન્યાસજી શ્રી નેમવિજયજી ગણિવર્ય બન્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાત્રતાને કશું જ દુર્લભ નથી. બધું સુલભ છે.

પૂજ્યશ્રીની ગણના તે કાળના મુનિ સમુદાયમાં પ્રથમ પંક્તિના બહુશ્રુત ગીતાર્થ અને ગુણવાન મુનિ પ્રવર તરીકે થતી હતી એટલે આ પદવી એ તેઓશ્રીની પાત્રતાનું યથાર્થ શાસ્ત્રીય બહુમાન હતું.

'ભાર વધે તેમ આંબો વધુ નીચો નમે' તેમ આ પદવીઓ વડે વિભૂષિત થયા પછી પૂજ્યશ્રી અધિક વિનમ્રતાપૂર્વક શાસનને સમર્પિત થયા. વ્યક્તિગત અહમને ઓગાળીને શ્રી જિનાજ્ઞામય જીવનના આદર્શ બન્યા.

પદવીનો મહોત્સવ ઉજવાયા બાદ વળાના શ્રી સંઘે પૂજ્ય ગુરૂદેવોને જિનાલયની પ્રતિષ્ઠા કરવા માટે ખૂબ આગ્રહપૂર્વક વિનંતી કરી. આ જિનાલય પૂજ્ય ગુરૂદેવ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના ઉપદેશથી નિર્માણ કરવામાં આવ્યું હતું. તેથી પૂ. પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મ. તથા આપણા ચરિત્રનાયકશ્રી નૂતન પં. શ્રી ને નેમવિજયજી મ. આદિ મુનિ ભગવંતોના હસ્તે એજ વર્ષમાં દેરાસરની બહુ ધામધુમથી પ્રતિષ્ઠા થઈ. એ વખતે પરોપકારી પૂ. ગુરૂદેવ મુનિ શ્રી વૃદ્ધિચન્દ્રજી મ. ની ભવ્ય મૂર્તિની પણ ત્યાં પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યાર પછી પૂજ્ય પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજશ્રીએ ભાવનગર તરફ વિહાર કર્યો.

આપણા ચરિત્રનાયક પૂજ્ય પંન્યાસશ્રી મહારાજે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળામાં મુનિશ્રી આનંદસાગરજી મ. પોતાના ગુરૂભાઈ મુનિશ્રી પ્રેમવિજયજી મ. તથા પોતાના શિષ્ય મુનિશ્રી સુમતિવિજયજી મ. એ ત્રણે મુનિભગવંતોને પંચમાંગશ્રી ભગવતીજી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો.

ધોલેરા શ્રી સંઘની વિનંતીથી પૂજ્યશ્રી સહપરિવાર વળાથી વિહાર કરીને ધોલેરા પધાર્યા. શ્રીસંઘે પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું. ધોલેરા શ્રીસંઘ ઉપર પૂજ્ય ગુરૂદેવ શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ સાહેબનો પરમ ઉપકાર હતો.

અહીંના દેરાસર ઉપર નૂતન ધ્વજદંડનું આરોપન કરવાનું હોવાથી તે નિમિત્તે શ્રી સંઘે આપણા ચરિત્ર-નાયકશ્રીની પાવનનિશ્રામાં મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. ધ્વજદંડનો ચડાવો લેનાર પુરૂષોત્તમભાઈને આજ સુધી કોઈ સંતાન ન હતું. આ ધ્વજદંડ ચઢાવ્યા પછી તેમને બે સંતાન થયા, તેથી તેમને ધર્મ ઉપર અનન્ય શ્રદ્ધા થઇ. ઉત્તરોત્તર ધર્મકાર્યમાં વધુ ધન વાપરવા લાગ્યા.

ધોલેરામાં પૂજ્યશ્રીના વરદ હસ્તે વળા નિવાસી શ્રી ગિરધરલાલ નામે શ્રાવકની દીક્ષા થઈ. તેમનું નામ મુનિ શ્રી સિદ્ધિવિજયજી રાખી. તેમને પોતાના શિષ્ય કર્યા. તેઓ જીવનપર્યન્ત વિનય અને ભક્તિમાં તત્પર રહ્યા.

અમદાવાદ શ્રી સંઘના આગેવાનો ધોલેરા આવીને આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીને પાંજરાપોળ અમદાવાદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



અમદાવાદના આગેવાનો અને પૂજ્યશ્રી

પધારવાની ખુબ આગ્રહપૂર્વક વિનંતી કરી. તે વિનંતી સ્વીકારીને પૂજ્યશ્રી કોઠ-ગાંગડ બાવળા વિગેરે ગામોને પાવન કરતા અમદાવાદ પધાર્યા. અહીં ત્રણે મુનિવર્યોને મહોત્સવપૂર્વક જેઠ સુદ ૧૩ ને ગણી પદવી અને અષાઢ સુદી ૧૦ ના રોજ પંન્યાસ પદવી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીના પાવન હસ્તે થઈ. અનુક્રમે પંન્યાસશ્રી આનંદસાગરજી ગણિ, પંન્યાસશ્રી પ્રેમવિજયજી ગણિ પંન્યાસશ્રી સુમતિવિજયજી ગણિ તરીકે પ્રસિદ્ધ થયા.

સંવત ૧૯૬૦નું ચાતુર્માસ પૂ. પં. શ્રી સાગરજી મ. મુનિશ્રી મણીવિજયજી મ. આદિ સર્વ મુનિ ભગવંતોએ અમદાવાદમાં સાથે કર્યું.

આ ચાતુર્માસ અનેરા ઉત્સાહપૂર્વક થયું. અનેક નાના મોટા શાસનશોભાના કાર્યો થયા.

પૂજ્યશ્રીને જોતાંવેંત પુણ્યશાળીઓને કોઈને કોઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મકાર્ય કરવાનું શૂરાતન ચઢી જતું. તેમ આ વખતે શ્રી વાડીલાલ જેઠાભાઈને પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સિદ્ધાચળજી મહાતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢવાનું શૂરાતન ચઢ્યું. પૂજ્યશ્રીએ તેમના શૂરાતનને થાબડ્યું.

શ્રી વાડીલાલ જેઠાલાલભાઈએ આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રીને વિનંતી કરતાં કહ્યું : "આપશ્રીની પાવન નિશ્રામાં છ'રી પાળતો સંઘ કાઢવાની ભાવના છે, આપ સાથે પધારવા કૃપા કરો અને સારૂં મૂહુર્ત કાઢી આપો."

ભક્તની વિનંતી ધ્યાનમાં લઈને સારું મૂહુર્ત કાઢી આપ્યું અને તેમની શુભ નિશ્રામાં ધામધુમથી અમદાવાદ થી સંઘ નીકળ્યો, તે સંઘમાં પોતાના કેટલાંક શિષ્ય સાથે પૂજ્યશ્રી અને પંન્યાસ શ્રી આનંદસાગરજી ગણિ, મ. તથા પૂ. મુનિ શ્રી મણિવિજયજી મ. પોતાના શિષ્યો સાથે પધાર્યા.

છ'રી પાળતો શ્રી સંઘ ચતુર્વિધ સંઘ સરખેજ, સાણંદ વિગેરે રસ્તામાં આવતા ગામોમાં દેવદર્શન વંદન કરતાં. ઉત્સાહપૂર્વક સર્વ ગામોમાં સાતે ક્ષેત્રોમાં પૂણ્યની લક્ષ્મીને વાપરતા અને દરેક ગામોમાં ઢોરોને ચારો નંખાવતા ગરીબોને અન્ન અને વસ્ત્રો આપતાં આપતાં ઠેરઠેર મુકામો કરતાં કરતાં અનુક્રમે શ્રીસંઘ પાલિતાણા પહોંચ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાલિતાણામાં શ્રી સંઘનું ભવ્ય સામૈયું થયું. પૂજ્યપાદ ગુરૂ ભગવંતો અને યાત્રિકો શ્રી તીર્થાધિરાજ ઉપર ચઢતા ચઢતા ભાવપૂર્વક ગાતા બોલતા કે,

"આંખડીએ રે મેં આજ શત્રુંજય દીઠો રે,
સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મને મીઠો રે,
સફળ થયો રે મારા મનનો ઉમાહો,
વ્હાલા મારા ભવનો સંશય ભાંગ્યો રે,
નરક તિર્યંચ ગતિ દુર નિવારી,
ચરણ પ્રભુજીને લાગ્યો રે,
આંખડીએ રે મેં આજ, શ્રી શત્રુંજય દીઠો રે."

આવી ભાવના ભાવતા યાત્રિકોએ યાત્રા કરી મનુષ્ય



જન્મ કૃતાર્થ કર્યો. સૌએ ભાવ ભક્તિથી પ્રભુજીની પૂજા સ્તવના કરી અપૂર્વ લ્હાવો લીધો.

પૂજ્યપાદ-પૂજ્ય ગુરૂદેવ શ્રીના પવિત્ર હસ્તે ઉત્સાહ પૂર્વક 'તીર્થમાળા' પહેરી સંઘવી કુટુંબ કૃતકૃત્ય થયું અને ધન્યતા અનુભવી.

*




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકરણ ત્રેવીસમું

# તીર્થની આશાતનાનું નિવારણ

"તીરથની આશાતના નવિ કરીએ." એ પંક્તિઓ પૂજ્યશ્રીને શ્વાસોચ્છ્વાસ સમાન હતી. એટલે નાના-મોટા કોઈ તીર્થની આશાતના તેઓ શ્રી સાંખી લેતા નહીં.

તો પછી ત્રિભુવનમાં અજોડ એવા શ્રી સિદ્ધાચલજી મહાતીર્થની આશાતના કરનાર ચમરબંધીને પણ પાઠ ભણાવવો પડે તો ભણાવવામાં લગીરે કચાસ ન રાખવી એવો પૂજ્યશ્રીનો નિત્યોપદેશ હતો.



તિર્થાધિરાજ શ્રી શત્રુંજય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુદરતને કરવું ને એવોજ એક ચમરબંધીને પાઠ ભણાવવાનો પ્રસંગ ઊભો થયો.

વાત એવી બની કે, પાલિતાણા રાજ્યના રાજા શ્રી માનસિંહજી જૈનોની લાગણીને દુભવવાના આશયથી દાદાની યાત્રાના બહાને પગમાં બૂટ પહેરીને ગિરિરાજ ઉપર ચઢતા અને બૂટ કાઢ્યા સિવાય જ દાદાના દરબારમાં જતા.

મહાતીર્થ અને તીર્થપતિની આવી આશાતના અવગણના કયો સ્વમાની જૈન સાંખી શકે? છતાં, શાંતિપ્રિય જૈનોએ તાર, ટપાલ, સંદેશા વગેરે દ્વારા રાજાને સમજાવવાના ઘણા ઘણા પ્રયત્નો કર્યા.

વિરોધ જેમ વધતો ગયો. તેમ રાજા વધુ વિફરતા ગયા. તીર્થની આશાતના વધુ કરતા ગયા.

આ સમય દરમ્યાન આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી અમદાવાદથી શેઠ વાડીલાલ જેઠાલાલભાઈના છ'રિ પાલતા શ્રી સંઘમાં પધારેલા. અને હાલ પૂ. પાલિતાણામાં બિરાજતા હતા. એટલે ભારતના સમસ્ત શ્વેતામ્બર મૂર્તિપૂજક શ્રી જૈન સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી **શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની** પેઢીના **પ્રતિનિધિઓ** પૂજ્યશ્રીની સલાહ લેવા આવ્યા. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું. શ્રી તીર્થાધિરાજની થતી આશાતનાથી હું અપાર વ્યથિત છું. મને એક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષણ પણ ચેન પડતું નથી. તેમ છતાં અહીંના રાજવીને સમજાવવાના આપણા પ્રયત્નો આપણી શ્રેષ્ઠ પરંપરા મુજબના જ રહેવા જોઈએ.

આપણે સમજાવતા છતાં નહિ સમજે તો સમજાવવાના બીજા રસ્તા પણ આપણને પૂર્વના મહર્ષિઓએ બતાવેલા છે; માટે પહેલાં તેમને મળો. સકળ શ્રી સંઘની વ્યથાથી વાકેફ કરો શો જવાબ આપે છે, તે સાંભળો અને તે પછી નવો વ્યૂહ વિચારવો.

પૂજ્યશ્રીની સૂચના સ્વીકારીને પેઢીના પ્રતિનિધિઓ અનેક આગેવાન શ્રાવકો સાથે રહીને રાજવીને સમજાવવાના પ્રયત્નો કર્યા, પણ રાજવી ન માન્યા.

તીર્થરક્ષાને પ્રાણાધિક ગણનારા પૂજ્યશ્રીના માર્ગદર્શન મુજબ તેઓશ્રીએ જી. જી. (Agent to the Governer General) ને સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કરતો તાર કર્યો તેમજ જૈનોની ધાર્મિક લાગણીની સુરક્ષાની દાદ માગતો કેસ દાખલ કર્યો.

શ્રી તીર્થાધિરાજની આશાતના અટકાવવીજ જોઈએ. આ સિવાય બીજા વિચાર કે અભિલાષા કોઇના દિલમાં ન હતી. પૂજય મુનિ શ્રી મણિવિજયજી. મ. તથા આપણા ચરિત્રનાયકશ્રીના શિષ્ય પૂજય મુનિશ્રી ઋદ્ધિવિજયજી મ. આદિ મુનિ ભગવંતો પણ મહાતીર્થને આશાતના-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંથી બચાવવા માટે પ્રાણ--ન્યોછાવરી કરવા તૈયાર થઇ ગયા હતા. કયો જૈન સપૂત પોતાના પ્રાણ પ્યારા તીર્થની રક્ષા માટે-તીર્થની આશાતના અટકાવવા માટે પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર ન હોય ? પણ સમયના પારખુ આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ સૌને વાર્યા; કારણ કે જૈનોના રાજ્ય સાથેના સંબંધો વિશેષ બગડવા જોઈએ નહિ, તે માટે ખાસ તકેદારી રાખવાની હતી, વળી શ્રી આ. ક. ની પેઢી કાયદેસર પગલાં ભરી રહી હતી.

જૈનોએ મારી સામે એ. જી. જી. (એજન્ટ ગવર્નર જનરલ ) કોર્ટમાં કેસ કર્યો. એ જાણીને શ્રી માનસિંહજી મહારાજા ખુબ ક્રોધિત થઇ અયોગ્ય રીતે તીર્થની આશાતના વધુ કરવા લાગ્યા. જેથી જૈનોમાં વાતાવરણ વધુ તંગ થવા લાગ્યું.

પાલિતાણાના શ્રી સંઘે ત્યાં રહેલા તમામ જૈનોની વિરાટ એક સભા આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની નિશ્રામાં રાખી; તેમાં તમામ પૂજ્ય સાધુ ભગવંતો તથા પૂજ્ય સાધ્વીજીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં હાજર રહયા.

મહારાજાના પ્રતિકારની વિચારણા ચાલી અજીમગંજ નિવાસી બાબુસાહેબ શ્રી છત્રપતિસિંહ પણ આ સભામાં આવ્યા હતા, તેમણે ત્યાં જ શૌર્યતા પૂર્વક પ્રતિજ્ઞા કરી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે "હું ભરસભામાં મહારાજાને ઉડાવી દઈશ પણ મારા પરમ પાવન પવિત્ર તીર્થાધિરાજની તસુભાર-થોડી પણ આશાતના નહિ થવા દઉં."

સૌના-જૈનોના તન-મનમાં એક જ ભાવના રમી રહી હતી કે પ્રાણના ભોગે પણ મહાતીર્થની આશાતના અટકાવવી જ જોઈએ.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ અગમ બુદ્ધિથી ખુબ વિચારીને પૂ. પં. શ્રી આનંદસાગરજી મહારાજ તથા પૂજ્ય મુનિ શ્રી મણિવિજયજી મહારાજ આદી કેટલાક મુનિ ભગવંતોને પાલિતાણાથી વિહાર કરાવીને ભાવનગરની હદમાં રવાના કર્યા હતા. કદાચ રાજ્ય તરફથી કાંઈક હેરાનગતિ થાય તો પણ એક સાથે સૌ મુશ્કેલીમાં મુકાઈ ન જાય. અને અવસર પડે તો સકળ શ્રીસંઘમાં આજુબાજુ જાગૃતિ લાવી શકાય.

પૂજ્યશ્રીએ એક **ભાઈચંદભાઈ** નામના બાહોશ અને હિંમતવાન શ્રાવકને બોલાવી તેને આ આખુંય પ્રકરણ સમજાવીને હવે કેવા પગલાં લેવા તે સમજાવી દીધું.

ભાયચંદભાઈ પણ પૂરા કાબેલ અને શૂરા હતા. આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની સૂચના માત્ર જ તેમને બસ હતી. તેમણે તરત જ પોતાની કામગીરી આરંભી દીધી. સર્વ પ્રથમ-મહારાજાએ ઇંગારશાપીરના છાપરા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓરડી માટેનો સામાન તે સ્થાને પહોંચાડયા વિગેરે બાબતના આપેલા આજ્ઞાપત્રની ઓર્ડરના કાગળીયા વિગેરે નકલો સિફતથી મેળવી હાથ કર્યા. તેમાં તે પકડાયા અને એકાદ દિવસ જેલમાં જવું પડયું, પણ નક્કર પુરાવાના અભાવે બીજે દિવસે તે નિર્દોષ છુટી ગયા.

ભાયચંદભાઈએ ત્યાર પછી પાલિતાણા અને આજુ બાજુના ગામોમાં વસતા આયર કોમના ભાઈઓને ગુપ્ત રીતે ભેગા કરી. તેમને સમજાવ્યા કે નામદાર મહારાજા ઇંગારશાપીરને બકરાંઓનો ભોગ આપવા માગે છે. જો તમે નહીં ચેતો તો તમારા બધા બકરાં સાફ થઈ જશે; જે બકરાંઓના આધારે તમારી આજીવિકા છે. એ જો આવી રીતે નાશ પામી જાય. તો તમારાં બાળ-બચ્ચાં શું ખાશે ?

ભાયચંદભાઈની વાત આયરોનાં મનમાં બરાબર ઠસી ગઈ, એટલે ભાયચંદભાઈ આયરોને પૂજ્યશ્રી પાસે લઈ આવ્યા. પૂજ્યશ્રીને વંદન કરીને આયરોએ કહ્યું કે " અમે અમારા બાળ-બચ્ચાં માટે પણ આવું અધમ કાર્ય કદિ નહિ થવા દઈએ. માટે આપશ્રી એ બાબતમાં નિશ્ચિંત રહેજો." પછી ત્યાંથી ગયા, અને અંદરોઅંદર નક્કી કરીને કોઈ ન જાણે તેમ એક રાત્રે ગિરિરાજ ઉપર ઇંગારશાપીરના સ્થાનકે જુદી જુદી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિશાએથી આવીને આયરો એકત્ર થયા; અને છાપરૂં તથા દીવાલ બાંધવા માટેનો જે સ્ટેટ તરફથી આવેલો સરસામાન હતો, તેને પહાડની ખીણોમાં એવી રીતે ગુમ કરી દીધો કે કોઈને ય એનો પત્તો જ ન મળે. સામાન હોય તો ઓરડી બંધાય, તો બકરાનો ભોગ ચઢાવાય પણ ઓરડીનો સામાન જ ન હોય ત્યાં ઓરડી ક્યાંથી બાંધે ?

એ. જી. જી. કોર્ટમાં દાખલ કરેલા કેસમાં શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી જીતી ગઈ. રાજા હારી ગયા. ના. કોર્ટ તરફથી તેમને હુકમ થયો.

"જૈન તીર્થની તમામ આશાતના તત્કાલ બંધ કરો."

આથી ભારતના સકળ શ્રી સંઘમાં આનંદ આનંદ વ્યાપી ગયો. બધા જૈનોને પૂજ્યશ્રીની શાસન રક્ષા માટેની અપ્રતિમ લાગણી તેમજ સૂક્ષ્મ તાકાતનો અનુભવ થયો.

શાસનદેવના અદ્ભુત પ્રભાવથી આ કાર્ય નિર્વિઘ્ન પૂર્ણ થયું. તેમજ આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની યુક્તિઓ સાંગોપાંગ પાર પડી.

પૂજ્ય પંન્યાસ શ્રી સાગરજી મહારાજ, પૂજ્ય મુનિ શ્રી મણિવિજયજી મહારાજ આદિ મુનિ ભગવંતોનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનશાસન પ્રત્યે અપ્રતિમ રાગ હોવાથી આ મહાન કાર્ય સહુના સહકારથી સહજમાં શુભલક્ષી થયું. "કલૌ સંઘે શક્તિ" તે આનું નામ! સકલ સંઘે દાદાના દરબારમાં ઉલ્લાસભાવે પૂજા-મહોત્સવ કર્યો.

પોતાની પેઢીને થતું નુકશાન અટકાવવા માણસ આકાશ-પાતાળ એક કરે છે. તો જેના સહારે આપણે ઉજળા છીએ. જે ખરેખર તારક છે. ઉચ્ચ આધ્યાત્મિક શક્તિનાં કેન્દ્ર સમા છે. પરમતારક શ્રી જિનેશ્વરદેવ તેમજ પ્રભાવક મહર્ષિઓની ચરણરજથી પાવન થએલા છે. તે મહાતીર્થોની સર્વદેશીય સુરક્ષા માટે આપણે જરા જેટલી પણ ક્યાશ રાખીએ કે બેપરવાઈ કરીએ તે કેમ ચાલે? તારનારા જહાજમાં કોઈ છિદ્ર પાડવા પ્રયત્ન કરે, ત્યારે તેને એવો સજ્જડ જવાબ આપવો જોઈએ કે ફરી ગમે તેવો ચમરબંધી પણ એવી દુષ્ટ પ્રવૃત્તિ કરવાનો વિચાર પણ ન કરી શકે.

મહાતીર્થની અશાતના દૂર કરવાનું મહાન કાર્ય પાર પાડીને પૂજ્યશ્રી મહુવા પધાર્યા. અહીં તેઓશ્રીના સંસારીપણાના પિતાશ્રી શ્રી લક્ષ્મીચંદભાઈ વયોવૃદ્ધ થયા હતા. તેમની વિનંતીથી પૂજ્યશ્રીએ શ્રી હરિભદ્ર-સૂરિજી મહારાજના અષ્ટકનું વાંચન શરૂ કર્યું:

**ઝાકળને નામશેષ કરવામાં જે કામ સૂર્યના કિરણો**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રી મહુવામાં વ્યાખ્યાન આપી રહ્યા છે.

કરે છે તેજ રીતે મોહ, મિથ્યાત્વ અજ્ઞાન આદિને નાશ કરવામાં આ અષ્ટક કામ કરે છે તેના શ્રવણ-મનનથી શ્રી લક્ષ્મીચંદભાઈ તથા શ્રીસંઘના અનેક ભાઈઓને અપૂર્વ શાતાનો અનુભવ થયો.

અંગત મમત્વથી પ્રેરાઇને જો મેં આ મહાન આત્માને ઘરમાં ગોંધી રાખ્યો હોત તો તે આજે જે કદાચ એક મોટો વેપારી થયો હોત, પણ આજે જે 'ધર્મલાભ' શ્રી સંઘના હજારો-લાખો ભાઇ-બહેનોને તેમજ જગતના જીવોને તેઓશ્રી આપી રહ્યા છે તેનાથી તો બધા વંચિત જ રહી જાત ને? અને તે સઘળો દોષ મને લાગત. આમ ચિંતવીને શ્રી લક્ષ્મીચંદભાઈએ પોતાના ભૂતકાળના કાર્યનું પશ્ચાતાપ પૂર્વક આલોચના કરી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપ, જપ, પ્રતિક્રમણ, દર્શન-વંદન, સ્વાધ્યાય, પડિલેહણ વગેરે સાસ્ત્રોક્ત ક્રિયાઓ કરવામાં જાગૃત પૂજ્યશ્રી જ્યાં જ્યાં પગલાં કરતાં, ત્યાં ત્યાં સાતે ક્ષેત્રોને સદા લીલાંછમ રાખવા માટે પ્રત્યેક ભાવિકને પ્રબળ પ્રેરણા કરતા. તેમજ શાસન કાજે તુચ્છ સ્વાર્થનો ત્યાગ કરવાનો આદેશ આપતા.

મહુવામાં ત્યાગ અને વૈરાગ્યની ભરતી આણીને પૂજ્યશ્રી તળાજા, શિહોર, ધંધુકા થઈને અનુક્રમે અમદાવાદ પધાર્યા.

*

**માત્ર પોતાના જ સુખની ચિંતા ?**

આપણું પોતાનું હિત વિશ્વના હિત સાથે સંકળાયેલું છે. અનાદિ ભવભ્રમણમાં સર્વ જીવો સાથે સર્વ પ્રકારના સંબંધો કર્યા છે પણ ધર્મ સંબંધ કર્યો નથી, સદાય સ્વરક્ષણની વૃત્તિ રાખી છે, ક્યારેય સર્વ રક્ષણની વૃત્તિ કેળવી નથી. "માત્ર હું સુખી થાઉં" એવી તીવ્ર ઈચ્છા કરી છે. "જગતનાં સર્વ જીવો સુખી થાઓ" એવો ભાવ ધર્યો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ ચોત્રીસમું................

# ક્ષેત્ર સ્પર્શનાનું ગણિત

વિ. સં. ૧૯૯૧નું ચોમાસું અમદાવાદ-પાંજરાપોળના ઉપાશ્રયે પુરૂં કર્યું. પૂજ્યશ્રી ભોંયણી તીર્થે પધાર્યા.

ભોંયણીતીર્થની યાત્રા માટે પધારતા રસ્તામાં કલોલ ગામ આવ્યું. ત્યાં પૂજ્યશ્રીએ સ્થિરતા કરી. બપોરના સમયે કેટલાક શ્રાવકો વંદન કરવા આવ્યા.

શ્રાવકો સાથે વાતચિત કરતા જાણવા મળ્યું કે, 'વર્ષો પૂર્વે અહીં મૂર્તિપૂજક જૈનોના ઘણા ઘર હતા, અને શ્રી નેમિનાથજીનું ભવ્ય જિન મન્દિર હતું. ધીરે ધીરે શ્રાવકોની વસ્તી ઓછી થતી ગઈ. કેટલીય પ્રભુ મૂર્તિઓ પેથાપુર વગેરે અન્ય સ્થાને લઈ જવાઈ. દેરાસર જીર્ણ અવસ્થામાં પડ્યું છે. તે દેરાસરવાળી જગ્યા શેઠ જેચંદ ખોડીદાસના વારસદારોના કબજામાં છે. એ જેચંદભાઈના પુત્ર શેઠ ઘેલાભાઈ અને તેમના પૌત્ર **શ્રી ગોરધનભાઇ અમુલખ,** કે જેઓ હાલમાં ઢુંઢીયા ધર્મ પાળતા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ગોરધનદાસભાઇને પૂજ્યશ્રીએ બોલાવ્યા. તેમની પાસેથી બધી વાત જાણી પછી તેમને યુક્તિસર મૂર્તિપૂજાની મહત્તા અને આવશ્યકતા શાસ્ત્રાધારે સમજાવી. તેથી તેઓ અને બીજા કેટલાય સરળ પરિણામી ગૃહસ્થો પ્રતિબોધ પામ્યા. પોતાના કદાગ્રહને ત્યજી મૂર્તિપૂજામાં શ્રદ્ધાવાળા થયા. થોડા દિવસોમાં તેઓને ઉપદેશ આપી સદ્ધર્મમાં સ્થિર કર્યા.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ કલોલમાં શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરના જીર્ણોદ્ધાર માટે શેઠશ્રી **જમનાદાસ ભગુભાઇને** ઉપદેશ આપ્યો. તેમણે પૂજ્ય શ્રીનો સદ્‌ઉપદેશ ઝીલી લઈ અને પોતાના સ્વર્ગવાસી ધર્મપત્ની **શ્રી સમરથબહેનના** સ્મરણાર્થે સારી રકમ આપી જિનમન્દિર નિર્માણનું કાર્ય આરંભ્યું.

ભોયણીતીર્થની યાત્રાએ પધાર્યા. મહા સુદ ૧૦ને વર્ષગાંઠની ઉજવણીમાં હાજરી આપી. તીર્થાધિપતિ શ્રી મલ્લિનાથની ખુબ ભાવથી ભક્તિ કરી જીવન સાર્થક કર્યું. શ્રી મનસુખભાઈ ભગુભાઈ તરફથી દર સાલની જેમ નવકારશી થઈ. તે વખતે પૂજ્યશ્રીના હૃદયમાં ભક્તિની ઉર્મિયો ઉછળતી હતી.

એ વખતે આપણા ચરિત્રનાયકશ્રીએ શ્રીમલ્લિનાથ પ્રભુનું એક સુંદર સ્તવન રચ્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી મલ્લિનાથનું સ્તવન

(મારા મારૂદેવીના નંદ—એ રાગ

માતા પ્રભાવતીના નંદ, મલ્લિનાથ મહારાજા
ભોંયણી ભલે બીરાજોજી.

ઓગણીસેં ત્રીસના વૈશાખે, પુનમ દિન ઉદ્યોત;
કેવળ પટેલના ખેતરમાંથી, પ્રગટી જાગતી જ્યોત. માતા ૧

કુકવાય ને ભોંયણી વચ્ચે, વાદ થયો તે ઠામ;
એક કહે પ્રભુને લઇ જાએ, બીજા કહે અમ ગામ. માતા ૨

વૃદ્ધ કહે હુડવાદ કરો નહી, પ્રભુ ઇચ્છા ત્યાં જાય;
વગર બળદને ગાડે સ્થાપ્યા, પણ ત્યાં અચરજ થાય. માતા ૩

કુકવાય ભણી કર્યો ઉંટડો, વળ્યો ભોયણી આપ,
વગર બળદીયે ગાડું ચાલ્યું, એ પ્રભુનો પરતાપ. માતા ૪

ભોંયણીમાં આવ્યા તા ઘરમાં, પધરાવ્યા પ્રભુ તામ;
મલ્લિનાથને કાઉસ્સગીયા એ, વિધિ વીણ શ્યામ. માતા ૫

ગામ ગામને ઠામ ઠામમાં, પ્રસર્યો પ્રભુ પ્રભાવ;
જાત્રા નિમિત્તે સંઘ બહુ આવે, સહુએ રંકને રાવ. માતા ૬

વર્ણ અઢારે પ્રભુને માને, આશા ફળે ભરપૂર;
ચમત્કાર દેખીને દુનીયા, આવે પ્રભુ હજુર. માતા ૭

ભુવન વેદ ભક્તિ શશી ૧૯૪૩ સે મહા સુદ દશમ શ્રીકાર;
નવીન ચૈત્ય પ્રભુ બીરાજ્યા, વરત્યો જય જયકાર. માતા ૮

નલિનિ ગુલ્મ વિમાન બનાવ્યું; મનહર ચૈત્ય વિશાળ,
મણિમય સ્થંભની રચના કીધી, શીખરબંધ ઉજમાળ માતા ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીખર પતાકા ગગને ફરકે, નભથી કરે વિવાદ;
શંગા જેવું જિનમન્દિર ચડી, ઉતર્યો તારા નાદ. માતા ૧૦
કળિયુગમાં એ સાચો સાહેબ, દીન દુઃખભંજન દેવ;
પડછા પુરે ચિંતા ચૂરે, પ્રગટયો પ્રભુ સ્વમેવ. માતા ૧૧
વરસે વરસે વરસગાંઠ દીન, મેદની ભલી ભરાય;
શેઠજી મનસુખભાઇ તરફથી, સ્વામી વાત્સલ થાય માતા ૨૧
ધ્યાન પ્રભુનું જે જન ધરશે, તરશે તે સંસાર;
આધિ વ્યાધિ જશે ઉપાધિ, થશે સમાધિ સાર. માતા ૧૩
યુગ્મ ખંડ ભકિત શશી,(૧૯૬૨) વરસે માઘ દશમ રવિવાર;
વરસ ગાંઠ દિન સ્તવ્યો, વૃદ્ધિ નેમ અણગાર. માતા ૧૪

• • •

ભોયણીથી અમદાવાદ પધાર્યા. શેઠ જેસિંગભાઇને (શ્રી હઠીસિંહ કેસરીચંદવાળા) ઉપદેશ આપી ઘીકાંટે **શ્રી જેસિંગભાઈની** વાડીમાં ભવ્ય જિન મન્દિર બનાવવાનો ઉપદેશ આપ્યો. વાડીના ચોકમાં સંસાર સાગર તરવા માટે જાણે દિવાદાંડી જેવું શ્રી **આદિનાથ પ્રભુનું** ભવ્ય જિનમંદિર નિર્માણ કરવા શુભ કાર્યનો આરંભ કરાવ્યો.

વિ. સં. ૧૯૬૨ માં પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે પાંચ મુમુક્ષુભાઈઓની દીક્ષા થઈ.

(૧). બલોલના રહેવાસી એક શ્રાવકને દીક્ષા આપી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનું નામ **મુનિ શ્રી પ્રમોદવિજયજી** રાખી પોતાના પ્રશિષ્યના શિષ્ય કર્યા.

(૨) લીંબોદરાના વતની એક શ્રાવકને દીક્ષા આપી તેમનું નામ **મુનિ શ્રી પ્રભાવવિજયજી** રાખી પોતાના શિષ્ય કર્યા.

(૩) પેથાપુરના એક ભાઇને દીક્ષા આપી. તેમનું નામ **મુનિશ્રી શુભવિજયજી** રાખીને પોતાના પ્રશિષ્યના શિષ્ય કર્યા.

(૪) પાટણનિવાસી અમૃતભાઈના યુવાન પુત્ર ભીખાભાઈને દીક્ષા આપી. તેમનું નામ **મુનિ શ્રી વિજ્ઞાનવિજયજી** રાખી સ્વશિષ્ય કર્યા.

આ ચાર દીક્ષાઓ અમદાવાદમાં આપી ત્યાંથી વિહાર કરી પૂજ્યશ્રી ખંભાત પધાર્યા. પૂર્વે ખંભાતમાં સ્થાપેલી જંગમ પાઠશાળા ચાલુ જ હતી તેના બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ શેઠ પુરૂષોત્તમદાસ પોપટલાલ, શેઠ હસસુખભાઈ કસ્તુરચંદ અને શ્રી ઉજમશીભાઈ છોટાલાલ દીઆ વગેરે યુવાનો પૂજ્યશ્રી પાસે અભ્યાસ માટે સતત આવતા પૂજ્યશ્રીના ઉપદેશથી આ હોંશિયાર વિદ્યાર્થીઓ અને બીજા કેટલાક વિદ્યાર્થીઓએ ચૈત્ર માસની શ્રી નવ પદજીની શાશ્વતી ઓળી વિધિપૂર્વક એક ધાન્યના આંબેલથી કરી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૈત્ર માસની ઓળીની ભવ્ય આરાધના ખંભાત કરાવીને માતર પધાર્યા.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી શ્રી માતર તીર્થ પાસે **મેલાવ** નામનું ગામ હતું. ત્યાંના શ્રાવકોને ઉજમણું કરાવવું હતું. તે પ્રસંગે ત્યાં પધારવા માટે પૂજ્યશ્રી પાસે આવી ખૂબ આગ્રહથી વિનંતિ કરી. પૂજ્યશ્રીએ તે વિનંતી સ્વીકારીને તે તરફ વિહાર કર્યો.

(૫) માર્ગમાં '**દેવા**' મુકામે વૈશાખ સુદ પાંચમે મુમુક્ષુ ઉજમશીભાઈ ધીયાને દીક્ષા આપી. તેમનું નામ **મુનિ શ્રી ઉદયવિજયજી** રાખ્યું. પછી '**દેવા**'થી 'મેલાવ' પધાર્યા. અને ત્યાં ખૂબ ધામધૂમથી ઉદ્યાપન મહોત્સવ થયો.

મુનિશ્રી ઉદયવિજયજીની દીક્ષાના સમાચાર તેમના સંસારી કુટુંબીજનોને ખંભાત મળતાં તેઓ મેલાવ આવ્યા. અને મોહ-વશ થઈને તેમણે થોડો કોલાહલ કર્યો.

પૂજ્યશ્રીએ તેમને સમજાવ્યા. નવદીક્ષિત મુનિશ્રીએ સંપૂર્ણ મક્કમતા દર્શાવી એટલે કુટુંબીઓ શાન્ત થયા. તેમના કુટુંબીઓએ ખુબ આગ્રહ કર્યો કે, "મુનિશ્રીની વડી દીક્ષા ખંભાતમાં જ કરો." પૂજ્યશ્રીએ પણ તેમના સંતોષ માટે વડી દીક્ષા ખંભાત રાખવાનું સ્વીકાર્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતમાં જ મુનિશ્રી **ઉદયવિજયજી**ને યોગોદ્વહન કરાવવાપૂર્વક પૂજ્યશ્રીએ વડી દીક્ષા આપી.*

વિ. સં. ૧૯૬૨નું ચોમાસું ખંભાતમાં કર્યું. આ ચોમાસામાં **યતિશ્રી દેવચન્દ્રજી**એ પોતાનો **પ્રાચીન ગ્રંથ ભંડાર** પૂજ્યશ્રીને અર્પણ કર્યો.

ખંભાતના ચાતુર્માસમાં પોતાના કેટલાંક શિષ્યોને આગમસૂત્રના યોગોદ્વહન કરવા લાયક સમર્થ મુનિઓને શ્રી ઉત્તરાધ્યયન, આચારાંગ, કલ્પસૂત્ર આદિના યોગ વહન કરાવ્યા.

પોતાના સુયોગ્ય શિષ્યોને ભણાવવા માટે **શાસ્ત્રી શ્રી દિનકરરાવ, શાસ્ત્રી શ્રી શશિનાથ ઝા.** વિગેરે પંડિતો પાસે મુનિ ભગવંતોને વિવિધ દાર્શનિક શાસ્ત્રોનો પદ્ધતિપૂર્વક અભ્યાસ કરાવ્યો.

ખંભાતમાં અનેક પ્રકારે શાસન પ્રભાવનાના કાર્યો કરીને અનેક ઉત્તમ આત્માઓને વ્રતધારી, અનેકોને સમ્યકત્વધારી અને શાસનમાં આસ્થાવાલા કર્યા.

---

જંગમ પાઠશાળાના સર્વ વિદ્યાર્થીઓ સાથે રહીને શ્રી ઉજમશીભાઈએ ચન્દ્ર પ્રભાવ્યાકરણ' આદિ સંસ્કૃત વિશિષ્ટ ગ્રંથોનું અધ્યયન ૧૬ વર્ષની કિશોર વયમાં કરેલું, બાળપણથી તેમને વૈરાગ્યના શ્રેષ્ટ સંસ્કારો હતા. તેથી જ તેમણે દઢ-સંકલ્પ મનમાં કર્યો હતો. મારે દીક્ષા લેવી જ. તેથી પૂજ્યશ્રીને દીક્ષા આપવા વારંવાર વિનંતી કરતા હતા. તેથી જ દેવામાં દીક્ષા આપી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની જૈન શાસનમાં અતિ પ્રસિદ્ધિ સાંભળી **સુરત શ્રી સંઘના** અગ્રણીઓ શેઠ નગીનદાસ મંછુભાઈ, શ્રી નગીનદાસ કપૂરચંદ સરકાર, શ્રી હીરાલાલ મંછાલાલ વગેરે સુરત પધારવાની વિનંતી કરવા આવ્યા હતા. પણ ક્ષેત્ર સ્પર્શનાનો જોગ હોય છે તો જ તે ક્ષેત્રમાં પ્રવેશ થાય છે.

સુરતના શ્રીસંઘને પૂજ્યશ્રીનો લાભ લેવાની ઉત્કટ ભાવના હતી. પૂજ્યશ્રી પણ લાભ આપવાને ઉત્સુક હતા. છતાં ક્ષેત્ર સ્પર્શનાનો સુયોગ ન થવાથી પૂજ્યશ્રીને તે માર્ગમાં **બોરસદ** ગામે રોકાઈ જવું પડયું.

બન્યું એવું કે તેઓશ્રીના શિષ્ય **મુનિશ્રી નય વિજયજી** કે જેઓ છેલ્લા નવ માસથી **આયંબિલ તપ** કરતા હતા તેમની તબીયત અહીં આવતાં બગડી. ઠલ્લામાં લોહી પડવા માંડયું. અશક્તિ વધી ગઈ. ચાલતાં ચક્કર આવવા માંડયા. એટલે ન છૂટકે પૂજ્યશ્રીને વિહાર અટકાવીને બોરસદમાં સ્થિરતા કરવી પડી.

ઉત્તમ નિર્દોષ ઉપચારોથી તપસ્વી મુનિરાજના આરોગ્યમાં સુધારો થયો પણ એક દિવસ પડિલેહણ દરમ્યાન એકાએક આયુષ્યબળ પૂરૂં થતાં સમાધિભાવે કાળધર્મ પામ્યા.

આ ઘટનાથી વ્યથિત પૂજ્યશ્રીએ સહુ મુનિવરોને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહ્યું : "આયુષ્યના ભરોસે ન રહેતાં જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ શ્રી જિનાજ્ઞા મુજબ ધર્માંરાધનામાં ગાળવામાં ઉદ્યમવંત રહેવામાં જ મુનિ જીવનની સાર્થકતા છે."

એવામાં બોરસદમાં પ્લેગના ચેપી રોગે દેખાવ દીધો. મુનિ શ્રી દર્શનવિજયજી, મુનિ શ્રી ઉદયવિજયજી આદિ મુનિવરો તાવમાં સપડાયા. એટલે પૂજ્યશ્રીએ ગામ બહારની વાડીમાં જઈને સ્થિરતા કરી.

ઉક્ત સર્વ મુનિવરો, પૂજ્યશ્રીની કૃપાદષ્ટિથી થોડા દિવસોમાં સાજા થયા એટલે પૂજ્યશ્રી ત્યાંથી સર્વ મુનિરાજો સાથે વિહાર કરીને અનુક્રમે **છાણી** પધાર્યા.

છાણીમાં પૂજ્યશ્રીને ઠલ્લાનો વ્યાધિ થયો, ખોરાક લે એટલે તરત ઠલ્લે જવું પડે. આથી શારીરિક નબળાઇ ઘણી જણાવા લાગી.

પૂજ્યશ્રીની માંદગીના સમાચાર જાણીને પૂજ્ય પં. શ્રી **આનંદસાગરજી** મ. પોતાના બે શિષ્યો સાથે છાણી પધાર્યા અને પૂજ્યશ્રીની સારવાર–વૈયાવચ્ચમાં જોડાયા.

શ્રી અદ્વૈતાનંદ નામે એક વિદ્વાન સંન્યાસીની દેશી દવાથી પૂજ્યશ્રીનું આરોગ્ય સુધરવા લાગ્યું, ત્યાં તેઓશ્રીના શિષ્ય **મુનિશ્રી યશોવિજયજી** બિમાર પડયા. માંદગી એકાએક વધી ગઈ. ગળામાં કફ અટકવા માંડયો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**ટંકણખાર**ના પ્રયોગથી (ઉપચારથી) પૂજ્યશ્રીએ એ કફને ગાળી નાખ્યો. એટલે તબીયત સુધરવા માંડી.

તેમની તબીયત સુધરી એટલે પૂજ્યશ્રીની તબીયત પુનઃ બગડી. સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડયો. વડોદરાથી પૂજ્યશ્રીને વાંદવા આવેલા **રાજવૈદ** શ્રી બાબુલાલભાઈએ પૂજ્યશ્રીને વિનંતી કરી કે આપ વડોદરા પધારો તો વ્યવસ્થિત સારવાર કરી શકાય, એટલે પૂજ્યશ્રી વડોદરા પધાર્યા. અને રાજવૈદની દવાથી તેઓશ્રીનો વ્યાધિ મટી ગયો.

આ દિવસોમાં શ્રી શત્રુંજય મહાતીર્થ અંગેની વાટાઘાટો શ્રી સંઘ અને સ્ટેટ વચ્ચે ચાલી રહી હતી. તેને માટે **શેઠ શ્રી મનસુખભાઇ** અને શેઠ શ્રી લાલભાઈએ પૂજ્યશ્રીને અમદાવાદ તરફ પધારવાની વિનંતી કરતાં શ્રીસંઘનો લાભાલાભનો વિચાર કરીને સુરત તરફનો વિહાર બંધ રાખ્યો.

ખરેખર ! ક્ષેત્ર સ્પર્શના બળવાન છે, કોઈનું ધાર્યું પરિણામ આવતું નથી.

* * * * * * * * * * * * * * * * * * *

અક્ષય સુખની ચાવી !

આત્મહિતકર વિચાર, વાણીને વર્તન દ્વારા માનવભવને સાર્થક કરવાની ઉપકારી ભગવંતોની આજ્ઞાનું પાલન એ અક્ષય સુખની ચાવી છે.

* * * * * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ પચ્ચીસમું............

# વિહાર કરતા કરતા ભાવનગર પધાર્યા

વડોદરાથી સપરિવાર ડભોઈ પધાર્યા. અહીં શ્રી લોઢણ પાર્શ્વનાથ પ્રભુની યાત્રા કરી, તથા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય પરમપૂજ્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની ચરણપાદુકાના દર્શન-વંદન કરી પુનઃ વડોદરા પધાર્યા.

વડોદરાથી શ્રી સંઘની ચાતુર્માસ માટે વિનંતી હોવાથી મુનિ શ્રી ઋદ્ધિવિજયજી મ. આદિ ત્રણ ઠાણા વડોદરા ચાતુર્માસ માટે રાખ્યા.

અહીંયાં-ખંભાતના શેઠશ્રી પોપટલાલ અમરચંદ આદિ આગેવાનો ખંભાત-જીરાવલાપાડામાં ૧૯ દેરાસરો-માંથી એક ભવ્ય જિનમન્દિર તૈયાર થઈ ગયું હતું તે તે જિનાલયની પ્રતિષ્ઠા કરાવવા માટે પૂજ્યશ્રીને વિનંતી કરવા આવ્યા આ દેરાસર પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્માણ થયેલ અને તેમાં પૂજ્યશ્રીની સત્પ્રેરણાથી શેઠ મનસુખભાઈએ જરૂર પડી ત્યારે ઘણી વાર આર્થિક મદદ કરેલી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વડોદરાથી સહપરિવાર વિહાર કરીને પૂજ્યશ્રી ખંભાત પધાર્યા. ત્યાં મોટા સમૈયાપૂર્વક પ્રવેશ થયો. શાસન શોભામાં વૃદ્ધિ થઈ. ઉલ્લાસભાવે મોટા મહોત્સવપૂર્વક જેઠ સુદ ૧૦ના મંગળ દિવસે શ્રી ચિંતામણી પાર્શ્વનાથપ્રભુજીના પ્રતિમાજી તથા બીજા શ્રી જિનેશ્વર દેવોના બિંબોની પ્રતિષ્ઠા કરાવી.*

ખંભાતમાં આ ભવ્ય જિનાલય આજે પણ ભવ્ય જીવોને ખૂબ ખૂબ આકર્ષે છે. અદ્ભુત શિલ્પનો નમુનો છે.

---

* આ દેરાશરના ભોંયરામાં શ્રી ગિરનાર તીર્થ પતિ શ્રી નેમિનાથ પ્રભુની જેવીજ અદભુત અને રમણીય શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમા છે. ઈતિહાસ કહે છે જ્યારે પરમ પૂજય આચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરિશ્વરજી મ. ના ઉપદેશથી આમરાજાએ શ્રી ગિરનાર આદિ તીર્થોનો છ 'રી' પાળતો સંઘ કાઢયો હતો. ત્યારે તે આમરાજાએ ઉગ્ર અભિગહ કર્યો હતો. તે અભિગ્રહ અનુસાર શ્રી સંઘ ખંભાત આવ્યો. પુજ્ય આ. શ્રી બપ્પભટ્ટસુરિશ્વરજી મહારાજે શ્રી અંબિકાદેવીની આરાધના કરીને બોલાવી હતી. તે વખતે શ્રી અંબિકાદેવી શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમા લાવી હતી આ પ્રતિમાજીના દર્શનથી રાજાનો અભિગ્રહ પુરો થયો ગણાશે. માટે પારણું કરો. લોકોક્તિ એવી છે કે 'અંબિકાજીએ લાવેલ પ્રભુ પ્રતિમાજી એ જ આ શ્રી નેમિનાથ પ્રભુ છે.' બીજી એક લોકોક્તિ છે કે, 'આ દેરાસરથી માંડીને શ્રી ગિરનારજી સુધી સળંગ ભોંયરું હતુ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓગણીશ ગભારા અને ચમત્કારી અને ભવ્ય પ્રાચીન પ્રતિમાજીઓ દર્શન કરનારને આલ્હાદક ભાવ પૂરક છે.

એવો નિયમ છે કે જે વ્યક્તિમાં જે પ્રકારનો ભાવ ચરમ કક્ષાએ પહોંચેલ હોય છે. તે વ્યક્તિ જ્યાં જાય છે. ત્યાં તેના ભાવને સાકાર કરનારી સામગ્રી તેની સેવામાં હાજર થઈ જાય છે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીમાં જયવંતા શ્રી જિનશાસનની ઉત્કૃષ્ટ ભક્તિનો ઉત્કૃષ્ટ પ્રકારનો ભાવ હતો, એટલે તેઓશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં શ્રી જિનશાસનની ભક્તિ કરનારી વ્યક્તિઓ વિનંતી માટે દોડી આવતી.

અપ્રતિહત શ્રી જિનશાસનનો વિજય ધ્વજ લહેરાવનારા પૂજ્યશ્રીએ વિ. સં. ૧૯૯૩ નું ચોમાસું ખંભાતમાં કર્યું.

અખંડ શીલ મહાવ્રતના જતનમાં શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મના અંગભૂત શાસ્ત્રોનો સ્વાધ્યાય અચૂકપણે મોટું બળ પુરૂં પાડે છે. તે સત્યમાં સ્થિર પ્રજ્ઞાવાળી પૂજ્યશ્રીએ આ ચોમાસામાં પણ પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓની વિશેષ જાળવણીની વ્યવસ્થા કરી-કરાવી.

સમ્યગ શ્રુતની ઉપેક્ષા કરનારો માણસ, પોતાના આત્માને ખરેખર કેટલો સાચવી શકે તે સવાલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે આપણે પૂજ્યશ્રીની આ શ્રુત ભક્તિમાંથી પવિત્ર પ્રેરણા લઈને શ્રુતની ઉત્તમ ભક્તિ કરવી જોઈએ.

આ ખંભાતના ચાતુર્માસ અમદાવાદથી શેઠ મનસુખભાઈ, શેઠ લાલભાઈ દલપતભાઈ વગેરે શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના મુખ્ય આગેવાનો શ્રી શત્રુંજય આદિ તીર્થોના કાર્ય માટે લગભગ દર રવિવારે ખંભાત પૂજ્યશ્રી પાસે આવતા અને ગુઢ પ્રશ્નો અને કાર્યમાં પૂજ્યશ્રીનું બુદ્ધિમત્તાભર્યું માર્ગદર્શન મેળવતા હતા.

તે કાળે શેઠ પોપટલાલ અમરચંદભાઈના કુટુંબમાં એવો નિયમ હતો કે છોકરો ઉંમર લાયક થાય એટલે એણે ઉપધાન તપની આરાધના કરવી જ જોઈએ. આ વખતે પણ શેઠ પોપટભાઈના નાનાભાઈ શ્રી ઉજમશી ભાઈ ઉંમર લાયક થયા છતાં શારીરિક કારણે ઉપધાન ન કરી શક્યા. તેથી શ્રી પરષોત્તમદાસભાઈ તેમને વારંવાર પ્રેરણા કરીને આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી પાસે લાવ્યા. પૂજ્યશ્રીએ પણ એ વિષે તેમને સુંદર સત્પ્રેરણા કરી. તેથી તેમને (ઉજમશીભાઈ) ને ઉપધાન કરવાની ભાવના જાગૃત થઈ; એટલે આસો માસમાં શેઠ પોપટલાઈ અમરચંદભાઇ તરફથી પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ઉપધાન તપની ભવ્ય આરાધના કરવામાં આવી. શ્રી ઉજમશીભાઈએ હુચ્ચાના ઉમળકાથી આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ઉપધાન તપ કર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તરફ વડોદરામાં ચોમાસુ રહેલ પૂજ્યશ્રીના શિષ્ય શ્રી ઋદ્ધિવિજયજી મ. ને 'દમ' નો વ્યાધિ હતો. તેજ વ્યાધિમાં તેઓ સમાધીપૂર્વક કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીને એક વિનયી અને ભક્તિવંત તથા અભ્યાસી શિષ્યની ખોટ પડી. મુનિશ્રી ઋદ્ધિવિજયજીના સદુપદેશથી વડોદરાના શ્રી જેચંદભાઇ નામક ભાવિક ગૃહસ્થ પ્રતિબોધ પામેલા તેઓ દીક્ષા લેવા માટે ચોમાસા પછી ખંભાત આવ્યા. તેમને કા. વદી ૧૧ ના શુભ દિવસે દીક્ષા આપીને પોતાના શિષ્ય મુનિશ્રી ઉદયવિજયજીના શિષ્ય તરીકે જયવિજયજી નામે સ્થાપિત કર્યા.

ખંભાતમાં તે વખતે બાળકોને ધાર્મિક અભ્યાસ માટે સ્થાન હતું. પણ બાળાઓ માટે ધાર્મિક અભ્યાસ માટે કોઈ સ્થાન ન હતું. તેથી બાળાઓને પણ ધાર્મિક વ્યવહારિક શિક્ષણ મળે એ નિમિતે આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રીએ શ્રીસંઘને ઉપદેશ આપીને "શ્રી વૃદ્ધિવિજયજી જૈન કન્યાશાળા" ની સ્થાપના કરાવી. આ કન્યાશાળા માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી ભાવનગરના તેમજ અમદાવાદના ભાવિક સદ્‌ગૃહસ્થો તરફથી એક મકાન વેચાણ લેવામાં આવ્યું. તેમાં કન્યાશાળા ચાલવા લાગી. ખંભાતના શ્રીસંઘે એ કન્યાશાળાના નિભાવ માટે પૂજ્યશ્રીની સત્પ્રેરણાથી કાયમી અને સારૂં એવું નિભાવ ફંડ કર્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીને કાઠિયાવાડ તરફ પધારવા માટે વડીલ ગુરૂબંધુ પૂ. પં. શ્રી ગંભીરવિજયજી ગણીવર મહારાજા તરફથી વારંવાર પ્રેરણા થતી હતી. તેઓશ્રીએ ભાવનગરના આગેવાનોને વિનંતી કરવા પણ મોકલ્યા હતા. વળી આ વર્ષે ભાવનગરમાં "અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કોન્ફરન્સ" નું અધિવેશન ભરાવવાનું નક્કી થયું હતું. જેના પ્રમુખ શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઇ થવાના હતા. તેમની પણ તે પ્રસંગે ત્યાં ભાવનગર પધારવાની આગ્રહભરી વિનંતિ હતી.

કલોલમાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીના સદુપદેશથી શેઠ જમનાભાઇ તરફથી તૈયાર થયેલા ભવ્ય જિન મન્દિરની પ્રતિષ્ઠા કરવાની હોવાથી પૂજ્યશ્રીએ એ પ્રતિષ્ઠા કરાવ્યા પછી ભાવનગર તરફ જવા વિચાર રાખ્યો.

ખંભાતથી વિહાર કરી પૂજ્યશ્રી પોતાના શિષ્યો સાથે અમદાવાદ પધાર્યા. અમદાવાદમાં આઠ દિવસની સ્થિરતા કરી દરમ્યાન શ્રીસંઘના અનેક પ્રશ્નોમાં યોગ્ય માર્ગદર્શન કર્યું. વચ્ચે મુનિવર શ્રી મણિવિજયજી મ. ના શિષ્ય મુનિશ્રી કમલવિજયજીને પૂજ્યશ્રીએ વડી દીક્ષા આપી. કલોલ પધાર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભાતમાં ઉપધાન પૂર્ણાહુતિ વખતે શા. અંબાલાલ પ્રેમચંદ નામના એક શ્રાવકે ઉપધાન કરવાની પોતાની તીવ્ર ઈચ્છા દર્શાવી. તેથી તેમના ઉપર અનુગ્રહ કરીને પૂજ્યશ્રીએ તેમને ઉપધાનમાં દાખલ કર્યો. અને વિહારમાં સાથે રાખીને ઉપધાનની ક્રિયા કરાવી. તે ભાઈને અહીં કલોલમાં પૂજ્યશ્રીએ માળારોપણ કર્યું. તેનો લાભ શેઠશ્રી જમનાદાસભાઈએ લીધો.

## કલોલમાં પ્રતિષ્ઠા મહોત્સવ

શેઠશ્રી મનસુખભાઈ અને શેઠશ્રી જમનાદાસભાઈ એક ધનવાન વ્યાપારી તરીકે, તથા જૈનધર્મના અગ્રણી શ્રાવક તરીકે સર્વત્ર વિખ્યાત હતા. તેમની કારકિર્દીની સુવાસ મોટા રજવાડાઓમાં પણ ફેલાયેલી હતી. તેથી આ પ્રતિષ્ઠા પ્રસંગે તેમના આમંત્રણથી વડોદરાનું રાજકુટુંબ આવ્યું હતું અમદાવાદથી પણ અનેક જૈન જૈનેતરો મોટી સંખ્યામાં આવ્યા હતા.

કલોલનો પ્રતિષ્ઠા મહોત્સવ મંડાયો. દિવસે દિવસે ઉમંગનો રંગ વધતો જ જતો હતો. શેઠની ભક્તિ અને ભાવના અનેરી હતી. ધન વ્યય પણ ઘણો કર્યો સૌનો સહકાર પણ ખૂબ હતો, એટલે મહોત્સવમાં કોઈ અપૂર્વ ઉત્સાહ વર્તાવા લાગ્યો. ૧૯૬૪ ના મહા સુદિ પાંચમના મંગળમય દિવસે પૂજ્યશ્રીનાં પવિત્ર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હસ્તે એ જિનાલયની પ્રતિષ્ઠા થઈ કહેવાય છે આવો પ્રતિષ્ઠા-મહોત્સવ તે સમયમાં કોઈ ઠેકાણે નહોતો થયો ખૂબજ ધામધુમ પૂર્વક થયો સાથે આસન શોભાની ખૂબ ખૂબ સહુ અનુમોદન કરતા હતા.

પ્રતિષ્ઠા મહોત્સવ પછી આપણા ચરિત્રનાયક પૂજ્ય શ્રી ભોંયણી તીર્થની મહા સુદ ૧૦ની વર્ષ ગાંઠ પ્રસંગે ત્યાં પધાર્યા. શ્રી મલ્લિનાથ પ્રભુને ભાવથી ભેટી યાત્રા કરી. વર્ષ ગાંઠ અનેરા ઉલ્લાસથી ઉત્સવની જેમ ઉજવી. તે પ્રસંગે શેઠ મનસુખભાઈ તથા જમનાભાઈ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ નવકારશી કરવામાં આવી.


ભોંયણી તીર્થથી વિહાર કરી રામપુરા ભંકોડા, પંચાસર, શ્રી શંખેશ્વર તીર્થ, પાટડી, ખજાણા, ખેરવા થઈને પૂજ્યશ્રી ક્રમે વઢવાણ પધાર્યા. રસ્તામાં આવતા ગામોમાં ધર્મદેશનાની ગંગા વહેડાવતા વહાવતા લીંબડી, બોટાદ વગેરે ગામો થઈને વૈશાખ માસ લગભગ પૂજ્યશ્રી ભાવનગર પધાર્યા.

સૂર્યના આગમન સાથે ધરાતલમાં નવજીવન સંચરે છે, તેમ પૂજ્યશ્રીના આગમન સાથે ભાવનગરના શ્રી સંઘમાં ધર્મમય જીવનનું મોજું ફેલાઈ ગયું.

*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કિરણ છવ્વીશમુ...........

# ભવ્ય આચાર્યપદ સમર્પણ–મહોત્સવ

૧૯૬૪નું ચાતુર્માસ ભાવનગર થયું. પૂજ્ય પંન્યાસ શ્રી નેમવિજયજી ગણિવર મહારાજશ્રીના જ્યાં જ્યાં પગલા પડે ત્યાં ત્યાં શાસનના કાંઈને કાંઇ કામ નિકળે જ, અને પૂજયશ્રી જે કાર્ય હાથમાં લે તે કાર્ય સફલ થયા વગર રહે જ નહિ! કામો પણ એવા કે ઉપરા–ઉપરી આવતા રહે!!

એક કાર્ય જ્યાં પુરૂં થવા આવ્યું હોય કે ત્યાં બીજું કાર્ય આવીને સામે જાણે ઉભું જ હોય.

પૂજયશ્રીમાં ઉત્કૃષ્ટ કુશાગ્ર બુદ્ધિના ચોગે અનેક મુશ્કેલીઓથી ભરેલ કાર્ય પણ પોતાની આગવી કાર્ય પતાવવાની હૈયા સૂઝ અજોડ અને અનોખી હોવાથી ગમે તેવા કાર્યો સહજમાં ઉકેલી આપતા. બીજાઓ જે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્ય ન પતાવી શકયા હોય તેવા ગુંચવાયેલ કાર્યોનો સહજમાં ઉકેલ લાવી દેતા. આવા પૂજ્યશ્રી તો અનેક અનેક કાર્યો શાસનમાં થયેલા જેની કીર્તિ આજે પણ શાખ પૂરે છે. શાસનપ્રભાવનાના શુભ કાર્યોની સુવાસ તેમજ ઉજ્જવળ પ્રભા દૂર દૂર આખા વિશ્વમાં એટલે કે દેશ પરદેશો સુધી ફેલાઈ ચૂકી હતી.

ભાવનગરમાં અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર મુર્તિપૂજક સંઘની કૉન્ફરન્સનું છઠ્ઠું અધિવેશન હતું. એના પ્રમુખ તરીકે પૂજ્યશ્રીના અનન્ય ભક્ત શેઠશ્રી મનસુખભાઇ ભગુભાઈ હતા. ભારતમાં જુદા જુદા શહેરોમાં વસતા મોટાં શ્રેષ્ઠિવરો એમાં ભાગ લેવા આવ્યા હતા. એ કૉન્ફરન્સમાં આપણા ચરિત્રનાયકશ્રીએ પ્રતિદિન કલાકો સુધી પોતાની પ્રભાવશાલી છટાથી અને હૈયા સોંસરવી ઉતરી જાય એવી વાણીથી જૈન સંઘના મહાન તીર્થો–શ્રીસમેતશિખરજી, શ્રીગિરનારજી, શ્રીશત્રુંજય વગેરેની સુરક્ષા માટે ઉપદેશનો ધોધ વહાવ્યો. એનો પડઘો અપૂર્વ પડ્યો. આ પ્રવચનોએ તીર્થ રક્ષા માટે લોકોને ચેતનવંતા અને જાગૃત બનાવી દીધા. પૂજ્યશ્રીના આ વ્યાખ્યાનોમાં ભાવનગર સ્ટેટના દિવાન સર પ્રભાશંકર ભાઈ પટણી, નડિયાદના ગાયકવાડી સુબા શ્રીનાનાસાહેબ. તથા જુનાગઢના દિવાન વગેરે રાજ્યાધિકારીઓ આવતા અને ઉપદેશ-શ્રવણ કરીને પ્રભાવિત બનતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વખતે-તપાગચ્છમાં એક પણ સમર્થ આચાર્ય મહારાજ નહોતા. તેથી કોઈ સમર્થ-પ્રતિભાસંપન્ન અને શાસનપ્રભાવક મુનિવરને આચાર્યપદે સ્થાપવાના વિચારો શ્રી સંઘમાં ચાલતા હતા. જેઓએ વિધિપૂર્વક યોગોદ્વહન કર્યા હોય, તેમને આચાર્યપદ આપવું એ જ શાસ્ત્ર વિહિત હતું. આચાર્યપદ પહેલા પૂજ્ય પંન્યાસજી મહારાજ વગેરે મુનિવરોએ વિચાર્યું કે,

"શાસ્ત્રાનુસાર વિચાર કરતાં મુનિ મહારાજના સમુદાયમાં આચાર્ય ઉપાધ્યાયાદિ પાંચે પદની ખાસ આવશ્યકતા છે. શ્રી વિજયસિંહસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પંન્યાસજી શ્રી સત્યવિજયજીએ ક્રિયા ઉદ્ધાર કર્યો તે વખતે તેમને આપેલ પંડિતપદ તે એક પ્રકારના આચાર્યનું જ બોધક છે. ત્યાર પછી ઘણા કાળ પર્યન્ત પ્રતીક્ષા કરી છતાં મુખ્ય પટ્ટધર આવનારા આચાર્યો દિનપરદિન વિશેષ શિથિલ થતા ગયા. ક્રમેક્રમે પાંચે મહાવ્રતોનો લોપ થતો ગયો.

મુનિપણું પણ તેમનામાંથી ઓછું થઈ ગયું હતું. તેમના સુધરવાની-ક્રિયાઉદ્ધાર કરવાની આશા બિલકુલ નાબુદ થઈ ગઈ. એટલે છેદસૂત્રના કથનાનુસાર ભગવતી સૂત્ર પર્યંતના યોગોદ્વાહી વિદ્વાન મુનિરાજને શાસ્ત્રીય વિધિવિધાન સહિત આચાર્યપદ આપવાની આવશ્યકતા ઉભી થઈ હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવેગમાર્ગમાં શિરોમણિભુત પૂજ્ય મુનિશ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજના પુન્યપ્રતાપી ચંદ્ર છાયાવત્ શીતળદાયી શિષ્ય મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રી નેમવિજયજી ગણીને તે પદ આપવાનો નિરધાર કરવામાં આવ્યો.

પૂ. પંન્યાસજી શ્રી નેમવિજયજી વગેરે મુનિવર્ગની તથા ભાવનગરના શ્રીસંઘની પ્રથમ ઈચ્છા પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી ગણિવર્યને આચાર્યપદ આપવાની હતી. પરંતુ તેમાં દાયકની (વિધિપૂર્વક યોગોદ્વહન કરીને પદસ્થ થયેલા અને તેઓને પદવી આપી શકે તેવા વડીલ મુનિરાજની) અપેક્ષા હોવાથી તે વિચાર ફલીભુત થઈ શકે તેવું ન હતું.

દરેક વાતે પૂજ્યપાદ પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજ સાહેબ સુયોગ્ય હોય. તે વિષે તેમણે કહ્યું "ભાઈઓ મારી ઉંમર પાકી થઈ છે." આ શાસનધુરા માટે પંન્યાસ શ્રી નેમવિજયજી ગણિ બરાબર છે. પૂજ્ય પંન્યાસજી મહારાજનો જવાબ સાંભળીને શ્રીસંઘે તે પ્રમાણે નિર્ણય કર્યો.

ઉપર પ્રમાણે નિર્ણય કરી બહારગામથી જૈન સમુદાયના આગેવાન ગૃહસ્થો પધારી શકે તે માટે ભવ્ય કુમકુમ પત્રિકા બહાર પાડવામાં આવી, તે શહેરો ઉપરાંત સેંકડો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામોના સંઘ ઉપર અને આગેવાન ગૃહસ્થો ઉપર મોક-લવામાં આવી, એટલે પ્રસિધ્ધ દરેક શ્રીસંઘો ઉપર કુમકુમ પત્રિકાઓ મોકલી. ભાવનગરમાં જેષ્ઠ સુદિ ૩ મંગળવારથી તે નિમિતે અઠ્ઠાઇ મહોત્સવ કરવાનું ઠરાવી તેનું સવિસ્તાર પ્રોગ્રામ છપાવી બહાર પાડયો.

૩૫ વર્ષની વયે પૂજ્યશ્રીનો ધીર, ગંભીર, સમયજ્ઞ પીઢ પુરૂષ શ્રેષ્ઠની જેમ શોભતા હતા. પૂજ્યશ્રીની વાણીનું ઓજસ અને ઊંડાણુ તેમજ પ્રતિભા જોઇને ભાવનગરના અગ્રણી શ્રદ્ધાસંપન્ન શ્રાવકવર્ગ તો જોઈને અચરજ પામી ગયા હતા. પરસ્પર વાતો કરતા કે પૂજ્યશ્રી આપણા ભાવનગરમાં દિક્ષિત થએલ મહુવાના નર રત્ન છે.

ભાવનગરના શ્રીસંઘનો ઉત્સાહ વિશેષ હોવાથી ખર્ચને માટે એક મોટી ટીપ શરૂ કરી. અને મોટા પાયા ઉપર દહેરાસરની અંદર મહોત્સવ નિમિતે વિશાળ મંડપ બંધાવ્યો તેમાં શ્રી મેરૂપર્વતની અતિ સુંદર રચના કરવામાં આવી. આ મેરૂ ચૂલિકા ઉપરના જિન મંદિર સહિત ૧૦ ફુટ ઉપરાંત ઉંચો કરવામાં આવ્યો. પહોળાઈ ૭ ફુટની રાખી. તેની બાજુની જમીનને ભદ્રશાળવન કલ્પી તેની અંદર ચાર ખુણે ચાર ભૂમિકુટ રચી તેના પરની ચાર દેરીઓમાં ચૌમુખ પધરાવ્યા હતા. મેરૂ પર્વત ઉપર ચડતાં પ્રથમ ૫૦૦ યોજને આવનારૂં નંદનવન વનસ્પતિ વડે અલંકૃત કર્યું હતું. અને તેની અંદરના ૪ ચૈત્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જરા ઉંચા ઝુલાવીને તેમાં એકેક બિંબ પધરાવ્યા હતા ત્યાર પછીના ૬૩૦૦૦ યોજન ઉંચા સોમનસ વનમાં અને તેનાથી ૩૬૦૦૦ યોજન ઉંચા પાંડુકવનમાં પણ ચારે બાજુ ચાર ચાર સુશોભિત ચૈત્યો કરી તેમાં એકેક બિંબ પધરાવ્યા હતા. મધ્યમમાં રહેલી ૪૦ યોજન ઉંચી ચૂલિકાનું ચૈત્ય ઘણું જ રમણીય બનાવી, તેમાં ચૌમુખજી પધરાવ્યા હતા. આ આખો પર્વત સુવર્ણ તથા રૌપ્યમય (સોના–ચાંદીમય) તેમ જ કુદરતી અને કૃત્રિમ વનસ્પતિમય બનાવવામાં આવ્યો હતો. તેમજ જુદાજુદા ચૈત્યોની અંદર જડેલા અરિસાઓથી રાત્રિએ રોશની થતાં ઘણો અદ્દભૂત દેખાવ થતો હતો. મંડપની અંદર પણ રોશનીના સાધનો તરીકે કાગળના રંગીન ફુલોથી સુંદર સજાવટ કરી હતી, જોનારને ખુબ આકર્ષક લાગતું હતું.

જેઠ સુદિ ૩ જે સવારમાં દરેક ચૈત્યમાં પ્રભુ પધરાવવામાં આવ્યા હતા. એકંદરે ૩૨ બિંબ બિરાજમાન થયા હતા. તેમની સમક્ષ આઠે દિવસ બપોરે બહુ ધામધુમથી અને નવગ્રહના પાટલાપૂજન અષ્ટમંગલ, પાટલા પૂજન અને અષ્ટોત્તરી સ્નાત્રપૂજા વગેરે સાથે આઠે દિવસ વિવિધ પૂજા આ રીતે થઈ અને બે શાનદાર વરઘોડા નીકળ્યા.

ક્રમસર ૧. શ્રી સત્તરભેદી. ૨. શ્રી પંચકલ્યાણકની, ૩. અષ્ટપ્રકારની, ૪. નવાણું પ્રકારી, ૫. પંચજ્ઞાનની,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. નવપદજીની, ૭. બાર વ્રતની અને ૮. નંદીશ્વર દ્વીપની પૂજા ભણાવવામાં આવી હતી. ફળ નૈવેદ્યાદિક વડે સારી રીતે દ્રવ્યભક્તિ કરવામાં આવતી હતી. તે સાથે બહારગામથી પ્રસિદ્ધ સંગીતકારોને પણ બોલાવેલા હતા. જેથી ભાવભક્તિમાં પણ સારો રસ જામતો હતો.

આચાર્ય પદારોપણનો દિવસ જેઠ શુદિ ૫ ગુરૂવારનો હોવાથી શુદિ ૪ થે બહારગામથી ઘણા ગૃહસ્થો પધાર્યા હતા. અમદાવાદથી નગરશેઠ શ્રી ચીમનભાઈ લાલભાઈ, શ્રી કસ્તુરભાઈ મણીભાઈ, શેઠ મનસુખભાઈ ભગુભાઈ, શ્રી દલપતભાઇ મગનભાઇ, કાલિદાસ ઉમાભાઈ શ્રી મોહનલાલ મુળચંદભાઈ તથા વકીલ મોહનલાલ મગનલાલ, અને શ્રી જૈનતત્વ વિવેચક સભાના આગેવાન સભાસદો ઉપરાંત ખંભાતથી શેઠ પોપટલાલ અમરચંદ અને શ્રી પરશોત્તમભાઇ પોપટલાલ વિગેરે સુરતથી ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ, બોટાદથી શેઠ લલ્લુભાઈ ભાઈચંદ તથા શ્રી છગનલાલ મુલચંદ, મહુવાથી શેઠ ગાંડાલાલ આણંદજી વિગેરે વિગેરે અનેક દૂર દૂર ગામોના આગેવાનો આવ્યા હતા.

અમદાવાદના ગૃહસ્થો રાજ્ય તરફના ઉતારે ઉતર્યા હતા. તે ઉપરાંત અનેક પૂજ્ય મુનિભગવંતોના તથા ગૃહસ્થોના તારો, પત્રો બહુ મોટી સંખ્યામાં આવ્યા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપૂર્વ પ્રસંગ હોવાથી પૂજ્ય સાધુ–સાધ્વીનો સમુદાય સારો એકત્ર થયો હતો. લગભગ ૫૦ ઠાણા હતા. શ્રાવક–શ્રાવિકાઓનો સમુદાય પણ બહુ જ મોટો હજારોની સંખ્યામાં એકત્ર મળ્યો હતો.

ભાવનગરના અગ્રણીઓ એક બીજાને કહેવા લાગ્યા કે, જો જો આ મહોત્સવમાં કોઈ કસર ન રહેવા પામે સૈકાઓ સુધી આપણા સંતાનો અને આખું ભાવનગર યાદ કરે તેવો અપૂર્વ મહોત્સવ આપણે ઉજવવાનો છે.

અસાધારણ આ ઉત્સાહને અનુરૂપ ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો.

શાસ્ત્રીય રીતે મેરૂ પર્વતની ભવ્ય અને આકર્ષક રચના કરવામાં આવી. જેથી સકળ શ્રી સંઘના હૃદયની ભક્તિના જીવંત નમુના સમા આ મંડપની શોભા વર્ણવી ન શકાય તેવી હતી. પછી લેખકની લેખન શું લખે ?

ભાવનગરનો આ આચાર્યપદ પ્રદાન મહોત્સવ એક ભાવનગરનો ન રહેતાં આખો ભારતનો બની ગયો ભારતના–અમદાવાદ પ્રમુખ અનેક નગરોના દૂર દૂરથી આગેવાન જૈનો આ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.

જેઠ શુદ ચોથે ભાવનગરના શ્રીસંઘના ઉરનો ઉમંગ અકથ્ય હતો. ઉપકારી ગુરૂદેવ પ્રત્યેની ઉત્કૃષ્ઠ ભક્તિનો પરિચાયક હતો.




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરણાઈઓ અને વાજિંત્રોના મંગળ સુર સાથે શુદ પાંચમનું પ્રભાત પ્રગટ્યું સૂર્યનારાયણે એ નરસિંહના ચરણકમળને નિજકિરણો વડે અભિષેક કર્યો.

બહેનોનાં મંગળ ગીતોમાં પરમ સૌભાગ્યવંતા શ્રી જિનેશ્વરદેવના જયવંતા શાસનને અજવાળનારા પૂજ્યશ્રીના અદભુત ગુણોની મહેક વર્તાવા લાગી.

આચાર્ય પદારોહણની ક્રિયા દાદા વાડીના જિન મંદિરના આગળના ભાગમાં ખાસ રાજ્યનો સમીઆણો બાંધવામાં આવ્યો હતો. તે વિશાળ સમીઆણામાં શરૂ થઈ. ક્રિયા કરાવનાર પૂજ્ય પંન્યાસશ્રી ગંભીરવિજયજી મ. પણ ગુણવાન ચારિત્રવાન શ્રીજિનાજ્ઞામાં નિષ્ઠાવાન હતા.



પદ રોપણ વિધિ કરાવવામાં આવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે ક્રિયા કરનાર પૂજ્યશ્રી અને ક્રિયા કરાવનાર પૂજ્ય પંન્યાસજી મહારાજની ઉભયના આંતરિક મહાનતાને ત્યાં ઉપસ્થિત સાધુ–સાધ્વીઓ તેમજ શ્રાવક–શ્રાવિકા સમુદાય અંતઃકરણપૂર્વક વધાવી લીધી.

સૌ ધ્યાનથી ક્રિયા જોતા હતા અને બોલાતા ગંભીર શબ્દો સાંભળતા હતા. અદ્ભુત શાન્તિ હતી. બધાનાં ભક્તિભીના નેણ પૂજ્યશ્રી પર મંડાયા હતાં તેમાં પણ ગણાચાર્ય તરીકે ચતુર્વિધ શ્રી સંઘે વાસક્ષેપ કર્યો તે સમયની ભવ્યતા ગંભીરતા અને શોભા શબ્દાતીત હતા. તેપછી શ્રી સંઘ સમક્ષ 'આચાર્યદેવ શ્રી વિજય નેમિ-સૂરીશ્વરજી' નામ સ્થાપન કરવામાં આવ્યું હતું.

આમ નિર્મળ નિજ નેમનો વિજય કરવામાં નિરંતર સજાગ તેમજ સક્રિય પૂજ્યશ્રી સકળ શ્રીસંઘને માનનીય પરમપૂજ્ય સૂરિરાજ બન્યા.

આ મહાન પદ માગ્યું મળતું નથી. પણ તેને લાયક સર્વ ગુણો પ્રાપ્ત કરવાથી મળે છે. તે ગુણોમાં બહુશ્રુતતા, વિનમ્રતા, નિરભિમાનિતા, ગીતાર્થતા, સુક્ષ્મ દૃષ્ટિ, વિશ્વહિતચિંતા, દેશ કાળના પ્રવાહને પારખવાની આગવી સુઝ વગેરે મુખ્ય છે.

આ બધાજ ગુણો પૂજ્યશ્રીમાં પ્રગટપણે હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે આ મહાન પદને ધારણ કરીને પૂજ્યશ્રીએ તેના ગૌરવને અખંડપણે દીપાવ્યું.

આ મહોત્સવ દરમ્યાન જીવદયાને પ્રાધાન્ય આપવામાં આવેલું. પદવીના પુનિત દિવસે સમસ્ત શહેરના તમામ પ્રકારના આરંભના કાર્યો મહાજને બંધ રખાવ્યા હતા. અને તે પણ પ્રેમપૂર્વક બળજબરીથી નહિ.

જેમ પદ ઊંચું, તેમ જવાબદારી વિશેષ. આ નિયમનું અણિશુદ્ધ પણે પાલન કરવામાં પૂજ્યશ્રીએ ક્યારેય શિથિલતા દાખવી નથી. આથી આપણા ચરિત્રનાયકશ્રી સૌમાં ચક્રવર્તીસમા શોભતા હતા.

પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ જ એવું ચુંબકીય હતું કે પૂજ્યશ્રીને જોનાર વ્યક્તિ જોતાંવેંત ભાવવિભોર થઈ જતા. આજ્ઞા માગવાને આતુર થઈ જતા. વળી આજ્ઞા પાળવામાં પાછી પાની ન કરે. એવા અનન્ય ભક્તો પાછળ ફરતા રહેતા. અને શાસન શોભામાં વૃદ્ધિ કરતા.

આવું લોકોત્તર વ્યક્તિત્વ એ પૂજ્યશ્રીના અવિચળ શાસનપ્રેમનું સર્જન હતું.

કદી પણ તુચ્છ સ્વાર્થને સેવવો નહિ, પરમાર્થ કાજે સતત સજાગ રહેવું. તીર્થ રક્ષામાં મોખરે રહેવું શાસનના પ્રશ્નો પતાવવામાં મોખરે રહેવું. ઠેર ઠેર શ્રુતજ્ઞાનની પરબો મંડાવવી. ઘર-ઘરમાં શ્રી નવકારનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંગલગીત ગવરાવવું એવા તો અગણિત ગુણો પૂજ્યશ્રીમાં શોભતા હતા.

પૂજ્યશ્રી "આચાર્ય" પદનું શાસ્ત્રીય ગૌરવ સતત વધારતા રહ્યા.

પરમ પૂજ્ય, પ્રાતઃ સ્મરણીય સૂરીશ્વરે વિ. સં. ૧૯૬૪ નું વીશમું ચોમાસું ભાવનગરમાં કર્યું.

ભાવનગરના શ્રીસંઘના અતિ આગ્રહથી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી તથા મુનિશ્રી મણિવિજયજી મ. (શ્રી સાગરજી મ. ના ભાઈ) વગેરે સહપરિવાર સમવસરણના વંડે ચાતુર્માસ કર્યું અને પૂજ્ય પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજે આદિ સપરિવાર મારવાડીના વંડે બિરાજ્યા.

અમદાવાદના અદ્ભિ પ્રત ઉચ્ચરવા આવ્યા.

અમદાવાદમાં પગથીઆનો ઉપાશ્રય, કે જે વિમલ ગચ્છનો ખાસ ઉપાશ્રય ગણાતો, તેના આગેવાન કાર્યકર્તા સદ્‌ગૃહસ્થ શેઠ સાંકળચંદ મોહનલાલ નામે હતા. તેઓ મુહપતિ બાંધીને વાંચનાર મુનિનું વ્યાખ્યાન સાંભળવાનો જ આગ્રહ રાખતા. પણ જ્યારે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી અમદાવાદ બિરાજતા ત્યારે પૂજ્યશ્રી પાસે વ્યાખ્યાન સિવાયના ટાઇમે તત્વજ્ઞાનના ગૂઢ પ્રશ્નોના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જવાબ મેળવવા વારંવાર આવતા. પૂજ્યશ્રી પણ તેમના પ્રશ્નોના જવાબ સંતોષકારક આપતા, તેથી તેમને પૂજ્યશ્રી ઉપર અનહદ ધર્મરાગ પ્રગટ થયો હતો.

ચાતુર્માસ પહેલા અમદાવાદથી તેઓશ્રી શત્રુંજય તીર્થની યાત્રા માટે આવ્યા ત્યારે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી ઉપર દૃઢ શ્રદ્ધાને કારણે મનમાં નિર્ણય કર્યો હતો કે, “ મારે પૂજ્યશ્રી પાસે જ ચોથું વ્રત બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચરવું, એટલે ભાવનગર આવી નાણ મંડાવીને પૂજ્યશ્રી પાસે જ ઉલ્લાસભાવે બ્રહ્મચર્યવ્રત તથા બીજા વ્રતો ઉચ્ચર્યા હતા.

ભાવનગરના શ્રીસંઘ તરફથી ખૂબ ખૂબ ઉલ્લાસે વિવિધ તપો વિવધ અનુષ્ઠાણો ભવ્ય આરાધનાઓ પૂર્વક ઘણા ઘણા ઓચ્છવ મહોત્સવપૂર્વક ચાતુર્માસ પૂરો થયો. શ્રીસંઘમાં અનેકાનેક એક પછી એક વિશિષ્ટ કાર્યો પણ થયા.



છ'રી પાળતા સંઘનું ભાવનગરથી પ્રયાણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાતુર્માસ બાદ શેઠશ્રી હીરાચંદ ચકુભાઈ તરફથી ખુબ ધામધુમપૂર્વક શ્રી સિદ્ધાચળજી મહાતીર્થનો છ 'રિ' પાળતો સંઘ શાસન સમ્રાટ પૂજ્ય આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં નિકળ્યો. પાલિતાણા પહોંચી. ભાવથી યાત્રા કરી સંઘવી કુટુંબે તીર્થમાળ પૂજ્યશ્રીના હસ્તે પહેરી સાતે ક્ષેત્રમાં સ્વ દ્રવ્ય વાપરીને કૃત કૃત્યતા અનુભવી.

પૂજ્યશ્રીના શિષ્ય રત્નો પૂજ્ય મુનિ શ્રી દર્શન વિજયજી મ. પૂજ્ય મુનિ શ્રી પ્રતાપવિજયજી મહારાજ પૂ. મુનિ શ્રી ઉદયવિજયજી મહારાજ વિગેરે મુનિવરો ચોવિહાર છઠ્ઠ કરીને શ્રી ગિરિરાજની સાત સાત યાત્રાઓ કરી. પાલિતાણાથી વિહાર કરી પૂજ્યશ્રી સહપરિવારે મહુવા પધાર્યા.

પરનું હિત ચિંતવવાથી આત્મહિત થાય છે. પરની ઉપેક્ષા એ મહાપુણ્યે મળેલા દેવ દુર્લભ માનવભવની ઉપેક્ષા છે.

પરને પોતાના હૃદયામાં સ્થાન આપવા માટે સર્વ પ્રથમ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતોને એ હૃદયામાં ખૂબ ખૂબ ભાવપૂર્વક પધારવવા જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## કિરણ સત્તાવીસમું...........

# જીવ દયાના મૂર્તિસમા દિવ્ય પુરૂષ

પાલિતાણાથી પૂજ્યશ્રી મહુવા પધાર્યા. અપાર ઉત્સાહથી શ્રીસંઘે ભવ્ય સામૈયા સાથે સ્વાગત કર્યું. ભક્તિ પ્રધાન મહુવાનો શ્રી સંઘ નિત્ય વ્યાખ્યાન વાણીનો ઉલ્લાસભાવે લાભ લેવા લાગ્યો. પૂજ્યશ્રીની જોમવાળી વ્યાખ્યાન શૈલીથી એક વૈષ્ણવ શ્રી નરોત્તમદાસ ઠાકરશી-ભાઈ સદગૃહસ્થ પ્રતિબોધ પામ્યા. તે મહુવાની નજીકમાં દરિયાકાંઠે આવેલા "નૈપ" ગામના વતની હતા. તેમણે પોતાના ગામમાં પૂજ્યશ્રીને લઈ જઈ ધામધૂમથી ત્યાં નાણ મંડાવીને ઉલ્લાસભાવે શ્રી સમ્યકત્વ સહિત શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. અને સંબંધીઓને પોતાના આંગણે આમંત્રિત કરી પુજા ભણાવી અને મીષ્ઠ ભોજનથી ભક્તિ કરી ખૂબ આનંદ મનાવ્યો.

જીવદયાની વાત નીકળતાં પૂજ્યશ્રીને જાણવા મળ્યું કે, અહીંના દરિયાકાંઠે ભારે જીવ હિંસા થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વાત સાંભળતા દયામૂર્તિ સમા પૂજ્ય આચાર્ય ભગવંતના હૃદયને મોટો ધક્કો પહોંચ્યો, તેથી શ્રાવક વ્રતધારી શ્રી નરોત્તમભાઈને સાથે લઈને તુરત સિંહ પગલે દરિયાકાંઠે પહોંચ્યા. ત્યાં માછીમારો પોતાના રોજના નિયમ પ્રમાણે પાણીમાં જાળ નાખીને હજારો માછલાંને પકડી રહયાં હતા. ભોળા અને અજ્ઞાન માછીમારો દેવ પુરુષ જેવા પૂજ્યશ્રીને પોતાની પાસે આવેલા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. જાળો પડતી મૂકીને પૂજ્યશ્રીના દર્શન કરવા દોડી આવ્યા.



પૂજ્યશ્રીને માછીમારો આર્યચકિત થઈ જોઈ રહ્યા છે.

સહુ હાથ જોડી પૂજ્યશ્રીના મુખડાં તરફ જોઈ જ રહ્યા ! આકાશમાંથી કોઈ દિવ્ય પુરુષ ઉતર્યો કે શું ! ! પોતાને આંગણે આવેલ ફીરસ્તાને તાકીને જોઈજ રહયા !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દયાના સાગર સમા પૂજ્યશ્રીએ તે માછીમારોને કહ્યું : "ભાઈઓ ! આપણને એક કાંટો વાગે છે, તો પણ પાર વગરની પીડા આપણને થાય છે. તો આ માછલાને જાળમાં ફસાવાથી કેટલી પીડા થતી હશે ? તે વિચારો એ પણ જીવ છે. કોઈ જીવને દુઃખ ન આપવું એ માણસનો ધર્મ છે. તમે પણ અધર્મી મટીને ધર્મી બનો."

પૂજ્યશ્રીના સાદા સરળ અને બોધક વચનામૃતોએ ભોળા માછીમારોના હૃદય પર ચોંટ કરી અને ત્યાંને ત્યાં પૂજ્ય આચાર્યદેવ આગળ હાથ જોડી માછલાં ન પકડવાની તેમજ તેમ બીજી પણ જીવ હિંસા ન કરવાની પ્રતિજ્ઞા લીધી.

આવી રીતે પૂજ્યશ્રીએ દરિયાકાંઠાના અનેક ગામોમાં પહોંચીને ત્યાં ચાલતી હિંસાને કાયમ માટે અટકાવી. અનેક માછીમારોને હિંસાના અતિ ભયાનક પાપમાંથી ઉગાર્યા. તેજ રીતે દેવી-માતાઓને ચઢાવાતા પાડા, બકરાં વગેરેના ભોગ રૂપ મહા હિંસક કાર્યો પણ બંધ કરાવ્યા. તે માછીમારો ખેતીવાડીના કામમાં લાગી ગયા. ધીમેધીમે તેઓ સુખી થયા.

પૂજ્યશ્રી દયાના અવતાર હતા. એટલે પૂજ્યશ્રીની વાણીમાં એટલો જોમ હતો કે ભલભલા પત્થર હૃદયીજનો પણ તેમને સાંભળીને પીગળી જતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાણીમાં જ્યારે સચ્ચારિત્રનું તેજ ભળે છે ત્યારે અચૂક સુપરિણામ આવે છે.

દેવપુરૂષ જેવા મહાત્મા પોતાના આંગણે પધાર્યા. અને તેઓએ પોતાનું કલ્યાણ કરે એવી વાત કહી, એથી પેલાં ભદ્રીક ધીવરો ખુબ પ્રભાવિત થયા. આજ સુધીના પાપોનો એકરાર–પસ્તાવો કરતાં કરતાં માછલાં પકડવાની જાળો હવે પોતાને ઉપયોગી નથી, એમ સમજીને નરોત્તમદાસભાઈને રાજી ખુશીથી આપી દીધી.

દરિયાકાંઠે આવેલા વાલાક અને કંઠાલ પ્રદેશના વાલર, તલ્લી, ઝાંઝમેર, વિગેરે ગામોમાં વિચર્યા, ત્યાં વસતા સેંકડો માછીમારોને પ્રતિબોધ પમાડીને અગણિત જીવોની હિંસા કાયમ માટે અટકાવી. માછીમારોને મહા ભયંકર પાપોમાંથી બચાવ્યા. આ દરેક ગામોમાં નરોત્તમ ભાઈ સાથે હતા. તેમણે ઉત્સાહથી ગામોગામના માછીમારોની જાળો ભેગી કરી, અને છેવટે એ બધી જાળોને સાથે લાવી દાઠા ગામની બજાર વચ્ચે અગ્નિદેવને સ્વાધીન કરી.

વળી કેટલાંક ગામોમાં દેવીના નામે પાડા, બકરાં વિગેરે અબોલ અને નિર્દોષ પશુઓનો વધ નવરાત્રિમાં, દિવસોમાં થતો. તે પણ પૂજ્યશ્રીએ પોતાના સદઉપદેશ દ્વારા બંધ કરાવ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરેખર ! પૂજ્યશ્રીના ઉપદેશ-વચનો એ અચિન્ત્ય-ફલદાયક મંત્ર સમા જ હતા કે, જેના મહાન પ્રભાવથી આવા અબુઝ માછીમારો પણ પોતાનો વંશ પરંપરાગત હિંસક ધંધો છોડીને સન્માર્ગે જોડાયા. અને ત્યાર પછી તેઓ પૈસે-ટકે તથા બીજી રીતે પણ ખુબ સુખી થયા.

જીવદયાના પાલનમાં મોખરે રહીને જૈનોએ જગતમાં મોખરાનું સ્થાન સાચવ્યું છે. જો આપણે તેમાં ઉણા ઉતરીશું તો આપણા પૂર્વપુરુષોના ગૌરવવંતા દયાપ્રધાન ઈતિહાસને ઝાંખો પાડનારા ઠરીશું. આ મતલબના માર્મિક વચનો પૂજ્યશ્રી અનેકવાર અનેક પ્રસંગે અગ્રણીઓ-જૈનો સમક્ષ ઉચ્ચારતા હતા.

સાચી સિંહવૃત્તિ પાકી જીવદયા પાલનથી આવે છે, તેની ગવાહી આપતું પૂજ્યશ્રીનું આખુંયે જીવન સહુને પ્રેરણાદાયી પૂરવાર થાય છે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી જીવદયાનું મહાન કાર્ય કરતાં દાઠા પધાર્યા અને પૂજ્યશ્રીને ત્યાં નવા સમાચાર મળ્યા કે, "શ્રી અંતરીક્ષજી તીર્થ અંગેના દિગંબરોની સાથેના કેસ (Case) માં **પૂ. પંન્યાસશ્રી આણંદ-સાગરજી મ.** મુશ્કેલીમાં મૂકાયા છે." આ સમાચાર મળતાં જ પૂજ્યશ્રીએ તાર ટપાલની ઝડપી સગવડ હોય ત્યાં રહેવાનો નિર્ણય કર્યો. તુરત વિહાર કરી તળાજા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પધાર્યા. અને આ તીર્થ સંબંધી કેસમાં વિજય મેળવવા માટે સર્વ પ્રકારના પ્રયાસો પૂર ઝડપે ચાલુ કર્યા.

અમદાવાદ શેઠશ્રી આ. ક. પેઢીના આગેવાનોને તાર–પત્રો દ્વારા ઝીણવટભર્યું અને કુનેહભર્યું માર્ગદર્શન આપવા લાગ્યા. બીજી બાજુ ભાવનગરના આગેવાનોને તથા **શ્રી મોતીલાલ ગીરધરલાલ કાપડીયા** સોલીસીટરને બોલાવી પૂજ્યશ્રીએ યોગ્ય સલાહ સૂચનો આપ્યા. નડિયાદના **સૂબા નાના સાહેબ,** તથા પન્ના સ્ટેટના એક પ્રસિદ્ધ પ્રધાન કે જેમની જુબાની ઉપર કોર્ટ (Court) મોટો આધાર રાખતી હતી તેમને પોતાની પાસે બોલાવી, યોગ્ય સૂચનાઓ આપીને જુબાની માટે **બારસી** મોકલ્યા. આમ કરી શકય એટલા બધા ઝડપી સર્વ પ્રયત્નો કરવામાં પૂજ્યશ્રીએ કોઈ ખામી ન રાખી.

પૂજ્યશ્રીના જાજવલ્યમાન પ્રતિભા, કુનેહ અને સતત પ્રયાસના ફલઃસ્વરૂપે પૂજ્યશ્રીના માર્ગદર્શન મુજબ કેસ લડવામાં આવતાં છેવટે કેસમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો એટલે શ્વેતામ્બરોનો જ્વલંત વિજય થયો. પૂજ્ય પં. શ્રી સાગરજી મ. ના શિરેથી મુશ્કેલીનું વાદળ દૂર થયું અને દિગંબરોનો પરાજય થયો. ત્યાર પછી મહુવા શ્રી સંઘની અતિ આગ્રહ પૂર્વક વિનંતી થતા સપરિવારે ચાતુર્માસ માટે મહુવા પધાર્યા.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ અઠ્ઠાવીસમું........

# જન્મભૂમિમાં બીજું શાનદાર ચાતુર્માસ.

**અષાડ માસના** દિવસો નજીક આવ્યા એટલે મહુવાની ધર્મ પ્રેમી અને ભક્તિ પ્રધાન જૈન જનતા, પૂજ્યશ્રી ક્યારે પધારે તે આતુરતા પૂર્વક રાહ જોવા લાગી. આખાય ગામમાં સિંહ સમા આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રીની વિદ્વત્તા, પરાક્રમતા અને શાસનોપયોગી એકએકથી ચઢીયાતા અનેક કાર્યોની યશોગાથાઓ યાદ કરી કરી સહુ આનંદ વ્યક્ત કરતા હતા.

ત્યાં તો ચાતુર્માસ પ્રવેશનો દિવસ આવી પહોંચ્યો. પૂજ્ય મહારાજશ્રીએ સહપરિવાર મહુવાને સીમાડે આવેલા ગામડાંમાં પગ મુક્યો, કે તરત જ જાણે આખા મહુવામાં આનંદની હેલી ઉમટી, અને જ્યાં નગર પ્રવેશ દિવસની પ્રાતઃકાળ આવી ત્યારે અનેક સ્ત્રી–પુરુષો અને નાના–મોટા બાળકોના ટોળે ટોળા નવા વિવિધ રંગી વસ્ત્રો પહેરી ગામ બહાર પૂજ્ય ગુરૂ ભગવંત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પધારવાના માર્ગે જયજયકારથી આકાશ ગર્જાવી ઉલ્લાસ ભાવે આવી પહોંચ્યા.

**અદ્ભુત સ્વાગત :**

નગરમાં પેસતા જ જૈન શાસનના જય જયકાર વડે ગગન ગજાવી અને સ્થાને સ્થાને ગહુંલીઓ કરતાં કરતાં જયનાદ પોકારતા ચૌટા અને બજાર વટાવતા સામૈયું દેરાસરે આવ્યું.



મહુવામાં શ્રીસંઘે કરેલું પૂજ્યશ્રીનું સામૈયું.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ શ્રી જીવીત સ્વામીજીના દર્શન કરી ચૈત્યવંદન કરી મન ભાવવિભોર કર્યો. અને મનમાં આનંદ માતો ન હતો. દહેરાસરથી નીકળીને સકળ શ્રીસંઘ સાથે સહું ઉપાશ્રયે આવ્યા. પાટ પ્રમાર્જીને આસન પાથર્યું ગંભીરનાદે શુંટીને મંગળાચરણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી દિવ્યવાણીથી વૈરાગ્યની સુવાસ રેલાવી, જીવનમાં ધર્મ વસાવી જીવન ધન્ય કરવા, સત્પ્રેરણાનો સંદેશ સાંભળીને સર્વના હૈયામાં ખરેખર અપૂર્વ આનંદ આનંદ થઈ ગયો.

આપણા જ નગરના નરસિંહ સ્વરૂપ પૂજ્ય આચાર્ય ભગવંતને નિરખી નિરખીને સઘળાના હૃદયમાં અપૂર્વ આનંદની ઉર્મિઓ ઉઠવા લાગી. વ્યાખ્યાનમાં દિન પ્રતિદિન શ્રોતાઓની સંખ્યા વધવા લાગી. જૈન કે જૈનેતર લોકો પણ કહેવા લાગ્યા : આપના નગરના પનોતા પુત્ર છે! કેવી અદ્‌ભુત મધુરી છટાદાર વાણી છે! અલૌકિક વિદ્વત્તા! વર્ષોથી જૈનશાસનની પ્રતિભાને ખરેખર ઝળહળતી બનાવી રહ્યા છે!

મહુવાની પ્રજાને પોતાના આંગણે જન્મેલ અને ઉછરેલા મહાપ્રભાવશાળી ઉત્તમ નરરત્ન છે, પૂજ્યશ્રીએ પુણ્ય ભૂમિ મહુવાની કીર્તિ વિસ્તારી છે! ને પોતાના પરિવારની પણ જગતમાં નામના મેળવી છે.

આપના ચરિત્રનાયક પૂજ્યશ્રીના વંદનાર્થે અને દર્શનાર્થે દુર દુરથી ભાવિકો આવતાં અને વ્યાખ્યાનમાં વિવિધ જાતની પ્રભાવના થતી. સાધર્મિક ભક્તિ પણ અનેરા ઉલ્લાસથી કરતા. સહુ મહુવાની ભક્તિની ભૂરિ ભૂરિ અનુમોદના કરતા થાકતા નહિ!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યપાદ આચાર્ય ભગવંતની વ્યાખ્યાનની ધારાઓ વરસતાં જ હૃદયમાં રહેલી શંકાઓ નિર્મૂલ થઈ જતી. શંકાઓ રૂપી કચરો ધોવાઈને સાફ થઈ જતો; ને હૃદયરૂપી ભૂમિ ચકચકીત નિર્મલ થઈ જતી.

વર્ષાદની હેલી થાય ને જમીન ધરાઇને કુણી થઈ જાય તેમ અષાડ પૂરો થયો ત્યાં શ્રાવણ આવતાં જ વિવિધ પ્રકારના તપો ભાવિકો કરવા લાગ્યા. ધર્મદેશના શ્રવણથી અજબ પલટો આવ્યો. ઉપરા ઉપરી ઓત્સવો–મહોત્સવો થવા લાગ્યા. આપના ચરિત્ર નાયક પૂજ્યશ્રીના સંસારી અવસ્થાના પિતાજી લક્ષ્મીચંદભાઈ બે વર્ષ પહેલાજ (૧૯૬૩માં) સ્વર્ગવાસ પામ્યા હતાં. પૂજ્યશ્રીની માતુશ્રી દિવાળી બા, તથા લઘુ બંધુ બાવચંદભાઈ વગેરે હતા. પોતાની જન્મભૂમિમાં પૂજ્યશ્રીનું આ બીજું ચાતુર્માસ હતું. તેમાં શાસન પ્રભાવનાના અનેક કાર્યો થયા.

પૂજ્ય ગુરૂદેવના જન્મ સ્થાનનું જીર્ણ મકાન :–

એક વખત-સવારે દર્શન કરવા માટે પૂ. મુનિશ્રી ઉદયવિજયજી મ. વગેરે શ્રી મહાવીર સ્વામીજીના દેરાસરે દર્શન–વંદન કરી બહાર નિકળતા, દેરાસર બાજુમાં દાન શાળાવાળા જુના મકાન પાસે ગયા. ત્યાં જોડાજોડ જ પૂર્વ તરફના જુના ઘરમાં એક બ્રાહ્મણ ડોશીમા રહેતા હતાં. તેમણે પૂજ્ય સાધુને જોઈ કહ્યું: “ઓ મહારાજ !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમારા ગુરૂ મહારાજનો જન્મ અહીં હું રહું છું એ મકાનમાં થયો હતો એ તમને ખબર છે?"

આ સાંભળી બધા સાધુઓ નવાઈ પામ્યા! કારણ કે શ્રી દિવાળીબા વગેરે તો તોરણીયા કુવા પાસેનાં મકાનમાં રહે છે; એટલે પૂજ્ય શ્રી ગુરૂમહારાજનો જન્મ આ ડોશીમાવાળા મકાનમાં કેવી રીતે થયો હોય? એ પ્રશ્ન સહુ મુનિઓના મનમાં ઘોળાયા કરતો હતો.

આશ્ચર્યભાવે બધાં ઉપાશ્રયે આવ્યા, અને વ્યાખ્યાન સમયે શ્રી દિવાળીબા આવ્યા ત્યારે પૂછતાં તેમણે જણાવ્યું કે, "એ ડોશીમાની વાત સાચી છે. અમે પહેલાં ત્યાં રહેતા હતા, પૂ. મહારાજ સાહેબનો જન્મ પણ એ જ મકાનમાં થયો હતો."

## પૂજ્યશ્રીના જન્મસ્થાનવાળું મકાન ખરીદી લીધું.

આ વાત જાણ્યા પછી પૂ. મુનિશ્રી ઉદયવિજયજી મ. ને વિચાર આવ્યો કે, "ડોશીમા જીવે ત્યાં સુધી ભલે રહે. ત્યાર પછી પૂજ્ય ગુરૂદેવના જન્મ સ્થાનમાં ભવિષ્યમાં કોઈ આરંભ-સમારંભ ન થાય તો સારૂં, માટે આ મકાનને વેચાતું લેવડાવવું જોઈએ. એમ વિચારીને અંતે પૂ. મુનિશ્રી ઉદયવિજયજી મ. શ્રીએ ખંભાતના શેઠ પુરૂષોત્તમદાસ પોપટલાલને પત્ર લખીને બધી વિગત લખી. એટલે પત્ર વાંચીને તેના ઉત્તરમાં શ્રી પુરૂષોત્તમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાઈએ જણાવ્યું કે, 'પૂજ્યપાદ ગુરૂદેવના જન્મ સ્થાનનું મકાન ગમે તે કિંમતે અમારા તરફથી મહુવાના શ્રીસંઘને ખરીદી લેવા ભલામણ કરશો.' તે સૂચના અનુસાર તે મકાન તેમના તરફથી ખરીદી લેવાયું.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રી પાસે શેઠ કસ્તુરભાઈ અમરચંદ ખંભાતવાલાના પુત્ર શ્રી દલસુખભાઈ વિગેરે વિદ્યાર્થીઓ (જંગમ પાઠશાળામાં) વ્યાકરણ આદિનો અભ્યાસ કરવા માટે રહ્યા હતા. તેમજ **શ્રી ગોકલદાસ અમથા શાહ** અવાર નવાર આવીને પૂજ્યશ્રીની નિશ્રામાં રહેતા. તેમણે મેટ્રિક સુધીનો જ અભ્યાસ કર્યો હતો છતાં ઈંગ્લીશ ભાષા ઉપર તેમનો અજબનો કાબૂ હતો; વળી તેઓ અંગ્રેજીમાં અપીલો પણ એવી સચોટ લખતા, કે મોટા સોલીસીટરો પણ એ વાંચી મ્હોંમાં આંગળા નાખી જતા.

તે કાળે શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ સંબંધી કેસ (case) ચાલુ હતો. એમાં અપીલો લખવા માટે શેઠ શ્રી મનસુખભાઈએ એક સારા સોલીસીટર રોકવાનું પૂજ્યશ્રીને જણાવ્યું. એટલે શ્રી આ. ક. ની પેઢીમાંથી જરૂરી કાગળો પૂજ્યશ્રીએ મંગાવીને શ્રી ગોકળદાસને આપ્યા. ગોકળદાસભાઈ પણ પૂજ્યશ્રીની સૂચનાનુસાર તે બધાય કાગળો વાંચી, વિચારીને પોતાના સ્વભાવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણે રાત્રે બે વાગે ઊઠી અપીલ લખી. સવારે પાંચ વાગે તે પુરી કરી, પૂજ્યશ્રીને સોંપીને સુઈ જતા હતા. પૂજ્યશ્રીએ એ અપીલ શ્રી મનસુખલાલ શેઠને આપી. શેઠ તો તાજ્જુબ થઈ ગયા. ગોકળદાસભાઈ શેઠના મામા થતા હતા. તેમની આવી બાહોશ–સોલીસીટરને પણ ટપી જાય તેવી લખાણુશક્તિ જોઈને શેઠ પણ છક્ક થઇ ગયા.

શેઠે અપીલ વાંચીને તેમાં એક ફકરો કાઢી નાખવાનું જણાવતાં ગોકળદાસે કહ્યું કે, 'એ ફકરો ઘણોજ મહત્ત્વનો છે.' માટે કાઢી ન નાખશો. એવામાં શેઠશ્રી લાલભાઈ આવ્યા. તેઓ આ લખાણ વાંચી ઘણા જ રાજી થયા. તેમણે આ વિષયમાં પૂજ્યશ્રી સાથે કેટલીક વિચારણા કરી; છેવટે એ નક્કી થયું આ ફકરો બહુ જ મહત્ત્વનો છે, માટે એને કાઢી નાખવો નહિ.

આવી ઘણી ઘણી બાબતોમાં ગોકળદાસભાઈ+ મહત્ત્વની અપીલો તૈયાર કરતા. એ અપીલોના શબ્દોમાં જ એવું ઓજસ રહેતું, કે જેથી પ્રતિવાદી અને મેજીસ્ટ્રેટ પણ મહાત થઈ જતા. પરિણામે પેઢીનો વિજય થતો.

મહુવામાં કાર્તિક પુનમે શ્રી સિદ્ધગિરિજીનો પટ્ટ બાંધવાની યોગ્ય જગ્યા ન હતી. તેથી પૂજ્યશ્રીની સૂચના

---

+ શ્રી ગોકળદાસભાઈએ પૂજ્યશ્રી પાસે દીક્ષા લઈને મુનિશ્રી સુભદ્રવિજયજી મ. તરીકે પ્રસિદ્ધ થયા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસાર શ્રી ગોકળદાસભાઈએ ભાવનગરના ના. મહારાજા ભાવસિંહજી ઉપર શ્રીસંઘ વતી અંગ્રેજીમાં સુંદર ભાષામાં એક અરજી લખીને મોકલી. એમાં સ્ટેટ પાસેથી વ્યાજબી કિંમતે ધાર્મિક કાર્ય માટે સોનીની વાવવાળી જગ્યાની માંગણી કરવામાં આવેલી. એ અરજી વાંચીને ના. મહારાજા સાહેબ પ્રસન્ન થઈ ગયા. તેઓએ તરત જ મહુવાના અધિકારીને તાત્કાલીક એ જગ્યા જૈન સંઘને આપવા માટે હુકમ કરી દીધો. સુંદર ભાષાની પણ કેવી અસર થાય છે. મહત્ત્વપૂર્ણ કાર્ય સહજમાં થઈ જાય છે. (આજે જે મહાજનનો વંડો છે તે જ આ જગ્યા.)

વિવિધ પ્રકારે તપો–અનુષ્ઠાનો સાથે ભવ્ય આરાધનાઓ કરતાં ચાતુર્માસ પુર્ણ થયા બાદ પૂજ્યશ્રી સપરિવારે વિહાર કરી ત્રાપજ પધાર્યા, ત્યાંથી પૂજ્યશ્રીના સદઉપદેશથી શ્રી ધરમશીભાઇ વારૈયાએ છ'રી પાળતો તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢયો. ધામધુમથી સંઘ પાલિતાણા પહોંચ્યો. સંઘવીને પૂજ્યશ્રીના પાવન હસ્તે તીર્થ માળ પહેરાવી. અહીં પોતાના વિદ્વાન બાળ શિષ્ય રત્ન મુનિવર્ય શ્રી યશોવિજયજીને “પ્રવર્તક” પદવી ઉલ્લાસભાવે આપી.

ત્યારબાદ ચોક, બોદાનાનેશ વગેરે ઉંડ પ્રદેશના ગામોમાં પૂજ્યશ્રી વિચરવા લાગ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ ઓગણત્રીશમું.................

# શ્રી કદમ્બગિરિની યાત્રા અને તીર્થોદ્ધારનો નિર્ધાર



કદમ્બગિરિજી

"શ્રી શત્રુંજય માહાત્મ્ય" અનુસાર શ્રી કદમ્બગિરિજી ઉપર ગત ઉત્સર્પિણી કાળમાં શ્રી સંપ્રતિ જિનેશ્વર નામે ચોવીશમાં તીર્થંકર થયા. તેમના શ્રી **કદમ્બ** નામના ગણધર એક કરોડ મુનિવરોની સાથે આ ગિરિવર ઉપર **સિદ્ધપદ** પામ્યા હતા માટે આ ગિરિ '**શ્રી કદમ્બગિરિ**' તરીકે પ્રસિદ્ધ થયું.

મહાતીર્થ શ્રી સિદ્ધગિરિ–શત્રુંજયના પાંચ સજીવન શિખરો પૈકીનું આ પણ સજીવન શિખર કહેવાય છે.

શ્રી શત્રુંજય ગિરિની બાર ગાઉની પ્રદક્ષિણામાં આ મહાતીર્થ સૌથી પ્રથમ આવે છે.

શ્રી ગિરિરાજની યાત્રા કરી શાસન સમ્રાટ પૂજ્યશ્રી ઉંડ પ્રદેશના ચોક વગેરે ગામોમાં વિચરીને અનેક માનવોને ધર્મ-ઉપદેશ દ્વારા હિંસા, ચોરી આદિ પાપ કાર્યોથી મુક્ત કરાવતા બોદાનાનેસ પધાર્યા તે વિ. સં. ૧૯૬૬ની સાલ હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ નાનકડું ગામ જે ગિરિરાજની તલેટીમાં આવેલું હતું. તેનું નામ મહા મહિમાશાળી શ્રી કદમ્બ ગિરિ મહાતીર્થ છે. આ (બોદાનાનેસ) નેસડામાં એક જુની શ્રી હેમાભાઈ શેઠની ધર્મશાળા છે. ત્યાં યાત્રાળુઓને ભાતું પણ અપાતું હતું.

એક કાળના અચિન્ત્ય પ્રભાવશાળી અને દિવ્ય-વનસ્પતિઓના ભંડાર સમા આ તીર્થની દુર્દશા જોઇને શાસનસમ્રાટ પૂજ્યશ્રીનો તીર્થોદ્ધારક સ્વભાવ નખ-શિખ પોરસવંતો બન્યો.

અત્યારે (તે કાળે) આ તીર્થની છેક ટોચે શ્રી આદિનાથ પ્રભુની તથા શ્રી કદમ્બ ગણધરશ્રીની નાનીશી દેરી ગિરિરાજના તીર્થપણાની સાખ પૂરતી ઉભેલી જોઈને પૂજ્યશ્રી બેચેન બની ગયા હતા.

ટેકરી ઉપર ચઢવાનો રસ્તો પણ ઘણો કઠિન (તે કાળે) તેમજ વિષમ હોવાથી મોટા ભાગના યાત્રાળુઓ તીર્થભૂમિની નિચેથી જ સ્પર્શના કરીને ચાલ્યા જતા હતા. કોઇકજ યાત્રિક ઉપર ચઢતા અને દર્શન પૂજન કરતા.

તારક મહાતીર્થની આ દશા જોઈને પૂજ્યશ્રીએ ત્યાંને ત્યાંજ આ પ્રાચીન તીર્થનો ઉદ્ધાર કરાવવાનો મનોમન નિર્ધાર કર્યો. કાર્ય કેટલું કઠિન તેમજ અટપટું તેમજ ખર્ચાળ છે. એવો વિચાર કરીને કરવા જેવા આત્મ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિતકર કાર્યને પૂરું કરવાના દઢ નિર્ધાર પછી હજારો અંતરાયો આવે તો પણ પાછી પાની ન કરવાની અમોઘ શક્તિ ધરાવતા આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી હતા.

આમ તીર્થોદ્ધારના શ્રી ગણેશ થયા. અને તે લગની વિવિધ કાર્યવાહીમાં અનેક પુણ્યશાળીઓ, પૂજ્યશ્રીના ઉપદેશથી સક્રિય બન્યા.

આજે આપણને શ્રી કદમ્બગિરિ તીર્થના નામની સાથે જ તીર્થોદ્ધારક પૂજ્યશ્રીનું પ્રાતઃસ્મરણીય નામ તરત યાદ આવે છે, તે એમ બતાવે છે કે, તીર્થોદ્ધાર, તીર્થરક્ષા તેઓશ્રીને ખરેખર પ્રાણભૂત હતી.

તીર્થની ભક્તિનું જબ્બર હવામાન ઉભું કર્યું. એટલે તીર્થોદ્ધારનો દઢ સંકલ્પ કર્યા પછી તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા.

પહેલું કામ ત્યાં વસતા માણસોને ઉપદેશ વડે સહૃદયી બનાવવાનું કર્યું. **આપાભાઈ કામળીયા** વગેરે (ત્યાંના દરબારો) ઉપદેશ સાભળીને પૂજ્યશ્રીના ભક્ત બની ગયા. અને પૂજ્યશ્રીના ઉપકારોનો બદલો વાળવાની ભવ્ય ભાવનાવાળા થયા.

પૂજ્યશ્રી તેઓને ગિરિરાજ (ડુંગર) ઉપર લઇ ગયા અને કહ્યું. "શ્રી કદમ્બગિરિ તીર્થ માટે અમે જે જગ્યા પસંદ કરીએ તે જમીન તમે શેઠ આણંદજી કલ્યાણજીની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેઢીને વ્યાજબી કિંમતે વેચાણ આપો. તો ત્યાં મન્દિર વગેરે અનેક ધર્મસ્થાનો ઊભાં થશે. તેમાં અનેક ધાર્મિક કાર્યો થશે અને તેનો લાભ તમને પણ મળશે." અનેક યાત્રિકો આવશે. ગામની પણ ઉન્નતિ થશે.

બધા દરબારો કહે : "આપ સાહેબનો ઉપદેશ સાંભળ્યા પછી આવી પવિત્ર જમીન વેચીને નાણાં કરવાની અમારી ઈચ્છા મનમાં રહી નથી; પણ હવે તે જમીનો આપશ્રીને આપવી છે, આપ સાહેબ સ્વીકારો તો આ ગામ પણ આખું ભેટ આપવા અમે તૈયાર છીએ. ગામડાના ભોળા માણસોની જોઈ ભક્તિ ! કેવી ભવ્ય ભાવના અનુમોદના કરવાનું મન થઈ જાય ! !

શાસન સમ્રાટ પૂજ્યશ્રીએ ગિરિરાજ ઉપર જુદા-જુદા સ્થાનના નવ પ્લોટો પાડીને તે શેઠ. આ. ક. ની પેઢીને આપવા કહ્યું.

ભલા દરબારોએ તે જમીન પૂજ્યશ્રીને ભેટ આપવાનો ખૂબ આગ્રહ કર્યો. પણ પૂજ્યશ્રીએ ધાર્મિક નિયમાનુસાર જમીન ભેટ નહિ લેવાનો નિર્ણય કર્યો હતો.

ત્યારે દરબારોએ કહ્યું : "અકબર બાદશાહે આચાર્ય હીરવિજયસૂરિજીને તીર્થની સનંદો આપી છે, તો આપને એમાં શું વાંધો છે ?"

પૂજ્યશ્રીએ કહ્યું : "ભાઈ ! હું હીરવિજયસૂરિ નથી, હું તો એમના ચરણની રજ સમાન છું." જોઈ કેવી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઘુતા! આપના પૂજ્યશ્રીમાં! દરબારોની ભક્તિએ તો હદ કરી,' તેઓ કહે: "આપ ભલે ગમે તેમ કહો, પણ અમારે મન તો આપ એવા જ મહાપુરુષ છો. આપ શ્રી ભલે આ જમીન ભેટ ન સ્વીકારો તો પણ દસ્તાવેજમાં આપનું નામ તો હોવું જ જોઈએ."



બોદાનાનેરાના દરબારો અને પૂજ્યશ્રી

આ રહ્યું તે લખાણ :-

"પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે અમોને (કામળીઆ દરબારોને) ઉપદેશ આપીને અમારાં કેટલાય દુર્વ્યસનો છોડાવ્યાં છે, તો તેની પુણ્ય સ્મૃતિરૂપે અમે આ જમીન આપીએ છીએ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહુ આ વાતમાં સંમત થયા. દસ્તાવેજમાં ઉપર મુજબ હકીકત લખાઈ.

તે વખતના ત્યાંના ચોક ખાતે એજન્સીના થાણદાર શ્રી વખતસિંહજી, કે જેઓ લાઠીયાદના ક્ષત્રિય હતા, અને પૂજ્યશ્રીના પરમ ભક્ત હતા. તેમને ચોક ગામના શ્રાવક વકીલ શ્રી ગોરધનદાસને, જેસરના કામદાર વાસા પાનાચંદભાઇને તથા અમદાવાદથી શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિઓને બોલાવ્યા.

દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવવા માટે સોનગઢના-થાણા અધિકારી પાસે જવું પડતું, તેથી પેઢીના મુનીમજીને બોલાવી દસ્તાવેજ લઈને સોનગઢ મોકલ્યા. બધા સહી-સિક્કા સાથે દસ્તાવેજ રજીસ્ટર્ડ થઈ ગયો.

બોદાનાનેસથી પૂજ્યશ્રી ચોક પધાર્યા. અહીંના કામળીયા-દરબારો પણ કદમ્બગિરિની વાત સાંભળીને પૂજ્યશ્રી પ્રત્યેની ભક્તિથી પ્રેરાઇને શ્રી હસ્તગિરિજીના ડુંગર ઉપરની આપ કહો તો અમુક જગ્યા પેઢીને વેચાણ આપીએ. પણ અમુક સંજોગોને અનુસરીને પૂજ્યશ્રીએ તે જગ્યા લેવાની ના પાડી.

ચોકથી **રોહિશાળા** ગામ પધાર્યા. અહીં શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીની એક જુની ધર્મશાળા, બે ઓરડા તથા પશુઓ માટે ઘાસ ભરવા એક છાપરું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ. હતું. રોહિશાળા ગામના પાદરે શેત્રુંજી નદી વહે છે, અહીં ડુંગરની તળેટીમાં **શ્રી આદીશ્વર પ્રભુના** ચરણ પાદુકાની વર્ષો જુની દેરી હતી. જે રોહિશાળાની **પાજ–પાગના** નામે ઓળખાય છે. ત્યાંથી શ્રી શત્રુંજય-ગિરિરાજની યાત્રા માટે ચઢાય છે, અહીં ઉપર ચઢતાં અર્ધે રસ્તે એક 'કનેરામનો કુંડ' આવે છે. આ દાદાની પાછલા રસ્તે ઘણાં યાત્રીઓ યાત્રા માટે આવે છે અને અહીંથી ચઢે પણ છે.

અહીં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ એક સારી યોજના બતાવી હતી, તે લાંબે ગાળે શ્રીસંઘને ખૂબ જ લાભકર્તા હતી; પણ તે સર્વસંમત ન થઈ. તે વાત ત્યાંજ અટકી ગઈ. (તે વિગત "શાસન સમ્રાટ" મોટા ગ્રંથમાં છપાયેલ છે. જિજ્ઞાસુ મહાનુભાવે ત્યાંથી જોઈ લેવી.)

પૂજ્યશ્રી ભંડારીયા આદિ ગામોમાં વિચરી પુનઃ ચોક પધાર્યા. અહીં ચોક ગામમાં પૂજ્ય **મુનિશ્રી ઉદયવિજયજી મહારાજ**ની તબીયત એકાએક બગડી, જોતજોતામાં ભયંકર વ્યાધિ વધી ગયો. યોગ્ય ઉપચારો શરૂ કર્યા. અને તાત્કાલીક પાલીતાણા લઇ આવ્યા.

આ સમાચાર ખંભાત પહોંચતાં ત્યાંથી શેઠશ્રી **પરષોત્તમભાઈ** વિગેરે શ્રાવકો ખંભાતના પ્રખ્યાત વૈદ્ય શ્રી **રણછોડભાઇ** ને સાથે લઈને આવ્યા. અમદાવાદથી શેઠશ્રી **મનસુખભાઇ**એ પોતાના ફેમીલી ડો. ઝવેરભાઇને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોકલાવ્યા. પૂજ્ય મુનિરાજશ્રીની આ માંદગી પ્રાણઘાતક નીવડે એવી હતી. પૂજ્યશ્રીની સાથે રહેતા વિદ્વાન શાસ્ત્રી શ્રી શશિનાથ ઝાએ સ્વમાન્યતા અનુસાર મૃત્યુંજય મંત્ર જાપ આદરી દીધો. સૌએ આશા મૂકી દીધી હતી.

ડૉ. ઝવેરભાઈની કાબેલિયતે સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા, તેઓએ અદ્‌ભૂત હિંમત અને કુશળતાપૂર્વકના ઉપચારથી બેભાનને ભાનમાં લાવી દીધા, અને સૌની નિરાશાને આશામાં ફેરવી દીધી. ત્યારપછી તો સતત ઉપચારથી થોડા જ દિવસોમાં તેઓને સંપૂર્ણ આરામ થઈ ગયો. પૂજ્ય શાસન સમ્રાટની પાવન નિશ્રા શું ના કરે ?

ચૈત્રી પુનમની મહામહિમાવાળી ગિરિરાજની યાત્રા કરી સપરિવારે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી વળા તરફ પધાર્યા.અહીંના ઠાકોર શ્રી વખતસિંહજી પૂજ્યશ્રીના ઘણા વખતથી સાચા ભક્ત હતા. પૂજ્યશ્રીના દર્શન વંદન કરી ખૂબ પ્રસન્ન થયા. ધર્મોપદેશ સાંભળીને પોતાને કૃતકૃત્ય થયેલ માનતા. તેમણે પૂજ્યશ્રીની ભક્તિનો લાભ લીધો.

વળાના શ્રીસંઘે તથા નામદાર દરબારશ્રીએ ખુબ આગ્રહપૂર્વક ચાતુર્માસ માટે વિનંતી કરી પણ પૂજ્યશ્રીએ 'હા' ન પાડી. 'જેવી ક્ષેત્રસ્પર્શના' એમ કહ્યું. પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરી આગળ પધાર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કિરણ ત્રીસમું...........

# બોટાદનો અદ્ભુત ચાતુર્માસ

વળાથી બોટાદ તરફ વિહાર લંબાવ્યો. વચ્ચે આવતા નાના મોટા ગામોમાં સચોટ ધર્મોપદેશ આપતા, અનેક ભવ્ય જીવોને ધર્મરસિક બનાવતા બોટાદ નજીકના ગામમાં પૂજ્યશ્રી સહપરિવારે પધાર્યા, એટલે બોટાદ શ્રી સંઘના આગેવાનો આવીને વંદના કરી બોટાદ પધારવાનો દિવસ નક્કી કર્યો.

બોટાદ શ્રીસંઘમાં આ સમાચાર મળતા ઉત્સાહનું મોજું ફરી વળ્યું. શ્રીસંઘ ભેગો થયો ત્યારે વિ. સં. ૧૯૬૪ માં ભાવનગર મુકામે સૂરિપદ મહોત્સવમાં ગયેલા બોટાદના આગેવાનોએ શ્રીસંઘમાં વાત કરી કે, “પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ઓજસ અને પ્રભાવ કોઈ અનેરો છે. વર્તમાનકાળે તપાગચ્છમાં શાસ્ત્રીય રીતે આગમોના યોગોદ્વહનપૂર્વકના પ્રથમ આચાર્ય છે.”



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે જૈન શાસનમાં તેઓશ્રીની સરખામણીમાં આવે એવા વિશિષ્ટ વિદ્વાન શાસન પ્રભાવક અન્ય કોઈ નથી, આપણા શ્રી સંઘના મહાન ભાગ્યોદયે 'સુરીશ્વરજી' આપણે આંગણે પધારી રહ્યા છે. તે માટે આપણે ખુબજ અદ્ભુત પ્રવેશ મહોત્સવ સામૈયું કરવું જોઈએ. શ્રીસંઘના નિર્ણય–અનુસાર ભાવિક નવયુવકો કામે લાગી ગયા. ને રાતોરાત આખાય બોટાદને સ્વર્ગસમું બનાવી દીધું.

બોટાદની શોભા–રોનક કોઈ અનેરી થઈ હતી. આખી રાત નવયુવકોએ બોટાદને રૂડા શણગારથી સજી દીધું. આખા ગામમાં આજે ઠેર–ઠેર રંગબેરંગી ધજા, વાવટા, તોરણો બાંધ્યા હતા. ઠેકાણે ઠેકાણે શુશોભિત દરવાજા ઊભા કર્યા હતા. ચૌટે ચૌટે નાના મોટા મંડપો બંધાયા હતા ઉપર ચંદરવા અને ચંદનીયો બાંધી હતી.

આજે બોટાદની જૈન પ્રજાના મુખ ઉપર આનંદ–ઉલ્લાસ તરવરતા સહુ રંગ–બેરંગી નવા કપડા પહેરી ગામ બહાર ઉતાવળે જઈ રહ્યા હતા. કોઈ જૈનેતર-ભાઈએ જૈન શ્રાવકભાઈને પૂછયું : " આજે જૈનોનું શું કોઈ મોટો પર્વ તહેવાર છે કે શું ?"

આજે આખા ગામના જૈનો બહુ જ ઉત્સાહમાં આવ્યા છે, આખું ગામ આ રીતે શણગારેલું મેં મારી ૫૦–૬૦ વર્ષની ઉંમરમાં પણ કદિ જોયું નથી !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાઈ ! તમારી વાત સાચી, આજે જૈન આલમના મહાન આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ બોટાદમાં પધારી રહ્યા છે, માટે અમને ખુબ ઉલ્લાસ છે. તેથી જ આજે આખું ગામ ઉમંગમાં છે.

વહેલી સવારથી દેરાસરે નોબતો વાગી રહી છે, નોબતોના પડઘા આખા ગામમાં સંભળાય છે. સામૈયાનો સમય થયો એટલે ગામના આબાળ વૃદ્ધ સૌ શાસન-સમ્રાટને લેવા ગામ બહાર આવ્યાં.

ઢોલ, ત્રાંસા, શરણાઈ, નોબત વગેરે દેશી વાદ્યોના મીઠા સુર રેલાવતા હતાં. વિશાળ સંખ્યામાં સ્ત્રી વર્ગ મંગલગીત ગાતાં ગાતાં ચાલતા હતા. નોબતોના ગગન-ભેદી અવાજો લોકોના ઉછરંગને વધારી રહ્યા છે. વચ્ચે વચ્ચે ભાઈઓ દાંડિયા રમતા અને ભક્તિની ધૂન મચાવતા તેમજ કાંસી–જોડા લઈને બુલંદ અવાજે અનેરા ભાવે ભક્તિગીતો ગાતા હતા.

સામૈયું નગરમાં ફરવા લાગ્યું. થોડા થોડા અંતરે બાંધેલ મંડપોમાં પૂજ્ય આચાર્ય ભગવંતને પાટ ઉપર બેસાડી દાંડીયા લેતા, કાંસી જોડા લઈ બુલંદ અવાજે ભક્તિગીતો ગાતા, જોનારાના હૈયા ઉછળી મોઢામાંથી 'વાહ વાહ' ને શાબાશીના શબ્દો સરી પડતાં, લોકો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય આચાર્યદેવને ઝુકી ઝુકીને નમસ્કાર કરતાં. અને ભક્તિથી ઘેલા થઈ 'જિન શાસનની જય', 'વિજયનેમિ સુરીશ્વરની જય' અને 'શાસનદેવની જય' બોલીને ગગનને ગજવી દેતા હતા.

ધામધૂમથી પ્રવેશ થયા પછી મંગલ પ્રવચન બહુજ ઓજસપૂર્વક ગંભીર નાદે થયું. અમદાવાદ, ખંભાત વગેરે દૂર દૂરથી ભક્તો આવ્યા હતા.



શાસન સમ્રાટ બોટાદમાં વ્યાખ્યાન ફરમાવી રહ્યા છે.

બોટાદના ઈતિહાસમાં આ સામૈયું અપૂર્વ હતું. આ સામૈયું જોઈને અનેક ભદ્રિક જીવોને જૈન શાસન પ્રત્યે અભિરૂચિ જાગી. સુંદર પ્રેરણા મળી. મંગલાચરણ પૂર્ણ થતાં, બોટાદના શ્રીસંઘે પૂજ્યપાદ આચાર્ય ભગવંતને આગામી ચાતુર્માસ માટે આગ્રહપૂર્ણ વિનંતી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી. આ વખતે પ્રવેશ પ્રસંગે પધારેલા શેઠ શ્રી મનસુખભાઈ ભગુભાઈ વિગેરેએ શ્રીસંઘને જણાવ્યું કે, 'આ ચાતુર્માસ માટે પૂજ્ય ગુરૂદેવને અમદાવાદ પધારવાની ખાસ આવશ્યકતા છે. ત્યાં અનેકવિધિ શાસનના કાર્યો કરવાના છે.'

શ્રીસંઘે કહ્યું : "શેઠ સાહેબ! તમે આવો લાભ વારે વારે લો છો, અમારા નાના ગામના શ્રીસંઘને આવો લાભ ક્યારે મળશે ?"

બોટાદ શ્રીસંઘની ખુબ આગ્રહ પૂર્વકની ભાવના વિનંતી જોઈને અમદાવાદના શેઠીઆઓએ શું કહેવું એમ વિચારમાં પડી ગયા; ત્યારે પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી તેનો જવાબ આપતા 'ક્ષેત્ર સ્પર્શના' એમ જણાવ્યું, સૌએ એકી સાથે 'સૂરીશ્વરજીની જય' બોલી ગગન ગજવી દીધું.

બોટાદ સ્થિરતા થતા બોટાદની બાજુમાં અલાઉ ગામે નવું જિનાલય તૈયાર થયું હોવાથી, તેની પ્રતિષ્ઠાનો આદેશ રાણપુરવાલા **શ્રી નાગરદાસ પરષોત્તમદાસે** લીધેલો હતો. તેઓ અલાઉ શ્રીસંઘની સાથે પૂજ્યશ્રીને પ્રતિષ્ઠા માટે પધારવાની વિનંતી કરવા આવ્યા. તે વિનંતીનો સ્વીકાર કરી પૂજ્ય ગુરૂદેવ સપરિવાર અલાઉ પધાર્યા. જેઠ સુદમાં સુંદર મહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠા કરીને થોડા દિવસ પછી પૂજ્યશ્રી પુનઃ બોટાદ પધાર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોટાદમાં એક ભાવિક ગૃહસ્થને દીક્ષા આપી તેમનું નામ મુનિ શ્રી ભદ્રવિજયજી મહારાજ રાખીને પોતાના શિષ્ય કર્યા.

હાલમાં શાસન સમ્રાટ બોટાદમાં બિરાજી રહ્યા હતા, પ્રતિદિન વ્યાખ્યાન રૂપી અમૃતવાણી વહાવીને સેંકડો ભવ્ય આત્માઓના હૃદયોને તેઓ ઠારી રહ્યા હતા. હૃદયવેધક અને સચોટ અસર કરે તેવા પૂજ્યશ્રીના વ્યાખ્યાનથી બોટાદની પ્રજામાં જાણે નવા પ્રાણ આવ્યા. ઓજસ પૂર્ણ પ્રવચનોમાં જૈન અને અજૈન જનતા મોટા પ્રમાણમાં લાભ લઈ રહી હતી.

અદ્ભૂત શાસનપ્રભાવનાકારક એક એકથી અપૂર્વ પ્રસંગો જોઇને જૈન સમાજમાં અનેક ભાવિકો ધર્મ સન્મુખ થતા હતાં, તેમાં ૧૩ અને ૧૪ વર્ષના ચાર× કિશોરોમાં ધર્મના બીજ અદ્ભુત રીતે પડયા કે, તેમણે મનોમન નિશ્ચય કર્યો, અમો આત્મ કલ્યાણના માર્ગે આગળ વધવા સાથે અદ્ભુત શાસન પ્રભાવનાના કાર્યો પણ કરીશું.

પૂજ્યશ્રીની શાસ્ત્રીય વાદ વિવાદોના પ્રસંગે ગંભીરતા અપૂર્વ છે. યુક્તિસંગત કથન કરવાની કળા

× એ ચારે કિશોરોના નામ, ૧. શ્રી અમૃતલાલ દેસાઈ, ૨. શ્રી નરોત્તમભાઈ હેમચંદભાઈ ૩. શ્રી લવજીભાઈ બગડીયા ૪. શ્રી ગુલાબચંદભાઈ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભલભલા પ્રખર પંડિતોને પણ આશ્ચર્યચકિત બનાવી મૂકે તેવી હતી. અખંડ બ્રહ્મચારીપણાનો પ્રતાપ એટલો બધો પ્રચંડ હતો કે સ્વમતાગ્રાહીઓ રૂપ કંટકો અને જૈન શાસનના દ્રોહીઓ જેમ સૂર્યને ઘુવડો જોઈ શકતા નથી તેમ ઉત્સૂત્ર પ્રરૂપકવર્ગ તેઓશ્રીની દૃષ્ટિ સન્મુખ પણ આવી શકતા ન હતા.

લાલન-શિવજી પ્રકરણ :

આ અરસામાં પંડિત લાલન અને શિવજીનો વિકટ પ્રશ્ન ખડો થયો. આખાય જૈનસંઘમાં પુણ્યપ્રકોપ ફેલાઈ ગયો. ગામે ગામ શ્રીસંઘમાં જ્વાલામુખી પ્રગટ થતો દેખાવા લાગ્યો. મોટા મોટા શહેરના આગેવાનો પૂજ્યપાદ શાસનસમ્રાટને રૂબરૂ મળી પોતપોતાની આરજુ ઈચ્છા પ્રગટ કરતા, કેટલા શ્રીસંઘોએ પત્રો દ્વારા પૂજ્યપાદશ્રીને પોતાની વ્યથા-દુઃખ જણાવવા લાંબા લાંબા નિવેદનો લખતા.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીમાં એક અદ્ભુત વિલક્ષણતા હતી કે, દરેક કાર્ય દીર્ઘદર્શીતા પૂર્વક કરવું, કુશાગ્ર બુદ્ધિથી પોતાની આગવી કુનેહથી આ પ્રશ્નને હલ કરવાના વિચારમાં હતા.

એક શુભ પળે, ભારતભરના જૈન શ્રીસંઘના કેટલાયેક અગ્રણીય શ્રદ્ધા સંપન્ન આગેવાનોને બોટાદના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




પૂજ્યશ્રી તથા આમંત્રીત શ્રેષ્ઠિઓ

આંગણે બોટાદ શ્રીસંઘે આમંત્રણ આપ્યું. એકત્રીત થએલ મહાનુભાવોએ **શાસન સમ્રાટની પાવન પૂણ્ય નિશ્રામાં અનેક દ્રષ્ટિએ ખૂબ ખૂબ વિચારણા કરી,** વિચારણાને અંતે પંડિત લાલન અને શિવજી એ બન્ને વ્યક્તિઓને તેમના કાર્યોની અનિષ્ઠતા દર્શાવી, તે દૂર કરવા અર્થે પત્ર દ્વારા સૂચના આપવામાં આવી ! અમુક મુદતે બંને વ્યક્તિએ બોટાદ શ્રીસંઘ પાસે તમારી સદોષતા માટે સમાધાન કરી વિગતથી ખુલાસા આપી તેનું યોગ્ય પ્રાયશ્ચિત કરી લેવા જણાવવામાં આવ્યું.

શાસનસમ્રાટ પૂ. આચાર્ય ભગવંતની અધ્યક્ષતા નીચે આવી આ બન્ને વ્યક્તિઓને પોતાના કાર્યની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સદોષતા જાણી છતાં તેનું પ્રાયશ્ચિત લેવાનું ન ગમ્યું.* છેવટે ભારતભરના જૈન શ્રીસંઘ દ્વારા બોટાદના શ્રીસંઘે બન્ને વ્યક્તિની સાથે શ્રીસંઘના સભ્ય તરીકેનો વ્યવહાર ન કરવાની જાહેરાત કરી દીધી. વિધિપૂર્વક ચતુર્વિધ શ્રીસંઘે લાલન-શિવજીનો બહિષ્કાર કર્યો. એટલે એ બન્નેને શ્રીસંઘે સંઘ બહાર જાહેર કર્યા.

બોટાદના શ્રીસંઘના એ કાર્યનો પડઘો આખા ભારતમાં ઠેકાણે ઠેકાણે બહુ જ સારો પડી ગયો. દરેક શ્રીસંઘોએ આ કાર્યને અનુમોદન આપ્યું.

---

* કોઈ ગ્રહ દશાથીજ બુધ્ધિ વિપરીત થાય તેમ તે કાળે પરમ તારક તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચળ (જે તીર્થના તોલે આવે એવું તીર્થ ત્રણ લોકમાં નથી; એવા શાશ્વતા મહાતીર્થ) ઉપર દાદાના દરબારમાં પંડિત ફતેહચંદ લાલન નામ ધારક તીર્થંકર બન્યા અને શિવજી તેમના ગણધર બનીને બન્ને જનને નવ અંગે પોતાની પૂજા કરાવી. ગૃહસ્થની પૂજા તે પણ મહાતીર્થ ઉપર શું કહેવાય ? છે કોઈ પૂછનાર ? કેવિ ધૃષ્ટતા !!

પંચપરમેષ્ટિમાં જેઓની ગણના થાય તેવા મહાન પૂ. આચાર્ય મહારાજ, પૂ. ઉપાધ્યાય મહારાજ, પૂ. સાધુ મહારાજ એ ત્રણે સંયમધારી હોવા છતાં પણ દાદાના દરબારમાં તેમને વંદન નથી કરાવતા. કેવિ અદભુત શ્રી જૈન સંઘની મર્યાદા છે. એક સંસારીનો કેવો-દુઃસાહસ કહેવાયને ? કલિકાલમાં ન થાય તે ઓછું ! અજ્ઞાનીઓનો ગાડર પ્રવાહ તેની પાછળ દોરાય જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક તપાગચ્છાધિપતિની અને શાસન સમ્રાટપદની જવાબદારીનું અક્ષરશઃ જાણે પૂજ્યશ્રીએ પાલન કર્યું. આ કાર્યની ગહનતા વિચારી ઘણા મહાનુભાવોએ ભૂરી ભૂરિ પ્રશંસા કરી ધન્યવાદ આપ્યા.

**મહંમદ છેલ અને શાસન સમ્રાટ :**

બોટાદના ચાતુર્માસનો એક પ્રસંગ છે કે, તે વખતે પ્રસિદ્ધ **જાદુગર મહંમદ છેલ** બોટાદમાં રહેતાં, તેમણે બોટાદ ગામમાં સર્વત્ર પૂજ્યપાદ શાસન સમ્રાટની ખુબ પ્રસિદ્ધિ સાંભળી એટલે તેઓ પૂજ્યશ્રીને મળવા ઉપાશ્રયે આવ્યા. પ્રસિદ્ધ અને વિલક્ષણ મનુષ્યોનો સ્વભાવજ એવો હોય છે કે, તેઓ સામાને પોતાનો પરિચય સામાન્ય માણસની જેમ નથી આપતાં પણ વિલક્ષણ રીતે જ આપે છે, અહીં પણ એમ બન્યું.

આપણા ચરિત્રનાયકશ્રીની સન્મુખ આવી પૂજ્યશ્રીને પગે લાગીને બેઠાં પછી વિદ્યાનો પ્રયોગ કરીને મહમ્મદ છેલે પૂજ્યશ્રીને પોતાનો પરિચય આપ્યો.

આ પ્રયોગ જોઈને જરીકે અંજાયા વગર પૂજ્યશ્રીના મુખમાંથી સહસા ઉપદેશ વચનો સરી પડયાં: "મહંમદ છેલ ! તમારી આ વિદ્યાનો પ્રયોગ ક્યારે કોઈ પણ સાધુ–સંતની મશ્કરી કે ઠેકડી માટે થઈ ન જાય, એની ખાસ તકેદારી રાખજો."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહંમદ છેલને પોતાની વિદ્યા કરતાં આ વચનોમાં અલૌકિક ઓજસ વર્તાયું. તેઓ નમ્રતાથી એક ચિત્તે સાંભળી રહ્યા.

થોડીવાર પછી પૂજ્યશ્રીએ બાજુમાં પડેલા ત્રણ બાજોઠ મંગાવ્યા અને એકની ઉપર એક એમ ત્રણે ગોઠવાવ્યાં. એના ઉપર પોતે બિરાજમાન થયા. પછી મહમ્મદ છેલને કહ્યું કે, "આમાંથી વચલો બાજોઠ તમે ખેંચી લ્યો." કંઈક નવું જોવાની જિજ્ઞાસાથી પ્રેરાયેલા મહંમદ છેલે ધીમે રહીને વચલો બાજોઠ ખેંચી લીધો ને બાજુમાં મૂક્યો. તેમને એમ કે હમણાંજ મહારાજશ્રી



શાસન સમ્રાટ અને મહંમદ છેલ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચે પડશે. ભારે નવાઈની વાત બની. ત્રણ બાજોઠમાંથી વચલો બાજોઠ લઇ લેવા છતાં તદ્દન નિરાધાર બનેલો ઉપલો બાજોઠ સહેજ પણ આઘો પાછો થયા વિના એમને એમ જ અદ્ધર રહી ગયો અને પૂજ્યશ્રી પ્રસન્ન ભાવે એના ઉપર બેઠા જ રહ્યા.

આ જોઈને મહંમદ છેલ પૂજ્યશ્રીને નમી પડયાં. તેમને પ્રતિતિ થઈ કે, "જૈન સાધુઓમાં આજે પણ આવી મહાન પ્રભાવશક્તિ વિદ્યમાન છે."

થોડીવાર અદ્ધર સ્થિર રહયા પછી પૂજ્યશ્રી ઉભા થઇ ગયા અને બાજોઠને યથાસ્થાને મૂકાવી દીધાં. મહંમદ છેલ પણ પૂજ્યશ્રીના હિતવચનોને નમ્રતાથી સ્વીકારી વંદન કરીને સ્વસ્થાને ગયા.

---

નોંધ—આ મહમ્મદ છેલનો પ્રસંગ ઘણાંને અતિશયોક્તિભર્યો લાગશે, પણ આ બાબતમાં બિલકુલ અતિશયોક્તિ નથી જ કરી. વાસ્તવમાં પૂજ્યશ્રી મહાન ઓજસપૂર્ણ અને તત્ત્વશાલી પુરુષ હતા. એમનું બ્રહ્મતેજ પણ અપૂર્વ અલૌકિક હતું. એવા સત્ત્વ-બ્રહ્મના ધારક પુરૂષને ગુરૂપરંપરાએ સાત્વિક સિદ્ધિઓ પ્રાપ્ત થઇ હોય, એ અવશ્ય બનવા જોગ છે. પ્રસ્તુત પ્રસંગે પણ એમના દિવ્ય સત્વને જ વ્યક્ત કરી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરોપકાર પરાયણ સાધુ પુરૂષોને સ્વાર્થલીન માનવો તેને કોઈ ક્યારે ન આંબી શકે. ન આંતરી શકે.*

આવાં ઉચ્ચકોટિના આત્માઓને આપણે આપણી ટુંકી બુદ્ધિના ગજ વડે ન માપતાં તેમનાં જીવનમાં ઝળહળતા અદ્‌ભુત ગુણો વડે માપતાં થઈએ તો તેમને અન્યાય ન થાય અને આપણા જીવનમાં પણ ગુણ રૂચિ પ્રગટે.

---

* પ્રસ્તુત પ્રસંગ પણ પૂજ્યશ્રી દ્વારા કોઈ દિવ્ય સાત્વિક શક્તિના પ્રભાવે બન્યો છે. ×માનો યા ન માનો આપની ઈચ્છાઓમાં ખાસ આગ્રહ નથી, સાંભળવા મળેથી વાત સહજ ભાવે મુકી છે.

×હું મુનિ–નિરંજન વિજય સત્તર વર્ષનો હતો ત્યારે વિ. સં. ૧૯૯૨માં પૂજય આચાર્ય શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. આદિની સાથે વિહાર કરતા કરતા બોટાદ ગયા હતા, એક દિવસ રાત્રે પાંચસાત શ્રાવકો પ્રતિક્રમણ કર્યા પછી ધર્મચર્ચા કરતા બેઠા હતા. ત્યારે એક વૃધ્ધ શ્રાવક ભાઈએ વાત કરતાં કહ્યું કે, 'ઘણા વર્ષો પહેલા એક વખતે પુ. પંન્યાસશ્રી ગંભીરવિજયજી મ. બપોરે સાડા બાર વાગ્યા પછી વિહાર કરતા બોટાદ પધાર્યા હતા. તે વખતે દેરાસર મંગલીક કરી પુજારી ઘરે જમવા ગયો. કોઈ શ્રાવક પુજારીના ઘરે બોલાવા ગયો પણ પુજારીને આવતા અર્ધા કલાક કરતા વધુ સમય થયો છતાં પૂજારી ન આવ્યો.



Jain Education International . For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. પંન્યાસજી મહારાજે એક બાળ શ્રાવકને કહ્યું: "આ દરવાજે–કમાડે તાળુ લટકે છે તેને ખેંચવા કહ્યું તે બાળકે ખેંચ્યું તો તાળું હાથમાં આવી ગયું. તે બાળક તો નવાઇ પામ્યો. પછી દરવાજા ખોલ્યા પૂ. પન્યાસજી મહારાજ દેરાસરમાં જઈને શાન્ત ચિત્તે પ્રભુ દર્શન કર્યા–દેવવંદન કર્યા તે બાળક પૂ. મહારાજ પાસે બેસી રહ્યો, થોડીવારે પુજારી આવ્યો, નવાઈ પામ્યો. ગામમાં વાતો થવા લાગી. મહારાજ શ્રી ઉપાશ્રય પધારી ગયા. આ વાત મેં પોતે જાતે સાંભળી, તે વખતે નવાઈ પામ્યો હતો. આવા અનેક પ્રસંગો આજ સુધી જુદા જુદાં વ્યક્તિના જુદી જુદી રીતના સાંભળવા મલ્યા છે. સાચું શું તે તો જ્ઞાની ભગવંત જાણે!

* * * * * * * * * * * * * * * * * *

હે ધર્મપ્રેમી ભાઈ! આ સંસારની પ્રત્યેક પ્રવૃત્તિઓમાં સમતાને મુખ્ય બનાવ તેથી તને શાન્તિનો ઉત્તમ અનુભવ થશે. છ ખંડના અધિપતિ ચક્રવર્તી છતાં ભરત મહારાજા આરિસા ભવનમાં કેવળ જ્ઞાન પામ્યા તે આ સમતા યોગનો જ પ્રભાવ હતો.

સમતા એ જ સામાયિકનો યોગ સમતા–સામાયિકના જુદા રૂપ નથી એટલું ધ્યાનમાં રાખવું. બસ.

* * * * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કિરણ એકત્રીશમું...........

# લીંબડી શ્રીસંઘ અને લીંબડી નરેશની વિનંતી

બોટાદના આ ચાતુર્માસમાં અનેક શાસન પ્રભાવનાના કાર્યો થયા. પર્યુષણા પર્વ પછી શ્રી સંઘે બહુ જ ઉત્સાહથી મોટો અઠ્ઠાઈ મહોત્સવ ઉજવ્યો. આ ચોમાસામાં પૂજ્યશ્રીએ 'જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક એસોસીએશન' નામની સંસ્થાની સ્થાપના કરાવી હતી. આમ એક પછી એક શાસન પ્રભાવનાના કાર્યો થયા. આ સંસ્થાના સભ્યો અમદાવાદના શ્રેષ્ઠિઓ પણ થયા હતા.

એમ ચોમાસું પુરૂં થયું. આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી બોટાદથી અમદાવાદ તરફ વિહાર કરવાની વિચારણામાં હતા.

લીંબડીના ધર્મપ્રેમી **નામદાર શ્રી દોલતસિંહજી** કોઈ કાર્ય પ્રસંગે અમદાવાદ શેઠ શ્રી મનસુખભાઈને ત્યાં પધારેલા. શેઠ અને દરબારને પરસ્પર ખુબ મૈત્રી હતી. શેઠશ્રીના દરેક કાર્યમાં સલાહ સૂચનો લેતા. શેઠ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રત્યે હૃદયમાં ખુબ જ આદરભાવ હતો. તે એટલે સુધી કે જ્યારે જ્યારે શેઠ શ્રી લીંબડી આવે ત્યારે નામદાર મહારાજા પોતાના હિતેચ્છુ તરીકે વડીલ માનતા અને તેમનું સરકારી બેન્ડ-વાજા સાથે સામૈયું કરતા.

વાત વાતમાં શેઠશ્રી પાસેથી તેઓના ગુરૂ તરીકે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીના અદ્‌ભુત ગુણોની પ્રશંસા સાંભળી એટલે તેમને પણ પૂજ્યશ્રી પ્રત્યે ખૂબ પૂજ્ય ભાવ જાગ્યો. તેઓશ્રીના દર્શન-વંદન કરવાની ઉત્કટ ભાવના જાગી. શેઠશ્રીને પૂછ્યું કે "પૂજ્ય ગુરૂ મહારાજ હાલ ક્યાં બિરાજે છે?"

શેઠે કહ્યું કે, "હાલ તેઓશ્રી બોટાદ બીરાજમાન છે. આ બાજુ થોડા સમયમાં પધારશે, એમ લાગે છે."

નામદાર મહારાજાએ લીંબડી આવીને જૈન સંઘના આગેવાનોને બોલાવ્યા અને પૂજ્યશ્રીને લીંબડી પધારવા માટે વિનંતી કરવા મોકલ્યા. પૂજ્યશ્રીએ તો બોટાદથી વઢવાણ શહેર તરફ વિહાર કર્યો હતો. શ્રીસંઘના આગેવાનો પૂજ્યશ્રીની સેવામાં જઈને ખુબ આગ્રહપૂર્વક નામદાર મહારાજા વતી અને લીંબડી શ્રીસંઘ વતી લીંબડી પધારવા વિનંતિ કરી. પૂજ્યશ્રીએ 'ક્ષેત્રસ્પર્શના વર્તમાન જોગ' કહીને વઢવાણ પધાર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વખતે વઢવાણમાં શ્રી જીવણલાલ વકીલને આંતરિક કારણોસર જ્ઞાતીમાંથી બહિષ્કાર કરવાની વાતો ચાલતી હતી. પૂજ્યશ્રી વઢવાણ પધારતાં બંને પક્ષોમાં સંપ કરવા સૂચન કર્યું. બંને પક્ષોએ પૂજ્યશ્રીની આજ્ઞા શિરોમાન્ય રાખી સંઘનો ક્લેશ સહજમાં મટી ગયો.

આ જગતમાં મહાપુરૂષોની છાયા અદ્‌ભૂત કામ કરી જાય છે. જે અશક્ય દેખાય તે શક્ય બની જાય.

મહાપુરૂષે ફરમાવ્યું કે, "સંપીને ઉન્નતિના કાર્ય કરતા થાઓ."

ત્યાંથી પૂજ્યશ્રી (વઢવાણ કેમ્પ) સુરેન્દ્રનગરમાં પધાર્યા.

નામદાર મહારાજા મુંબઈ જઈને પાછા લીંબડી આવ્યા. એટલે જૈન શ્રીસંઘના આગેવાનોને બોલાવીને પૂછ્યું : "પૂજ્યશ્રીજી ક્યાં બિરાજે છે?"

શ્રીસંઘના ભાઈઓએ કહ્યું : "પૂજ્યશ્રીજી વઢવાણ બિરાજે છે."

હવે તમે ફરીવાર પૂજ્યશ્રીને વિનંતી કરવા જાઓ, અને મારા તરફથી મારૂં ડેપ્યુટેશન પણ સાથે લઈ જાઓ. તે પ્રમાણે વઢવાણ કેમ્પમાં જઈ ફરીવાર વિનંતી કરી. લીંબડી શ્રીસંઘની તથા નામદાર મહારાજાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવભરી વિનંતી સ્વીકારીને પૂજ્યશ્રી વઢવાણ શહેર થઈને લીંબડી પધાર્યા.

તે વખતે અદ્ભૂત સરકારી-રાજ્ય સામગ્રી સાથે લીંબડી નરેશ સહિત આખું ગામ હર્ષભેર સામે ઉમટ્યું. જૈન દેરાસરે દર્શન વંદન કરીને મંડપમાં પધાર્યા. અવસર જાણીને પૂજ્યશ્રીએ મંગલ વ્યાખ્યાન શરૂ કર્યું.

"હે ભવ્ય આત્માઓ! તમે જેમ સુખ ચાહો છો તેમ જગતના બધા જીવો સુખ ચાહે છે, કોઈ દુઃખ નથી ચાહતું, માટે કોઈ જીવને દુઃખ ન આપશો."



લીંબડીમાં પૂજ્યશ્રી વ્યાખ્યાન ફરમાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર દેવ ફરમાવે છે કે, સાચું સુખ સ્વાધીનતામાં છે. "સર્વં પર વશં દુઃખમ્ સર્વં આત્મ વશં સુખમ્" માટે પર પદાર્થ વસ્તુની ઇચ્છા કરવાથી સુખ નહિ, પણ દુઃખ વધે છે.

**સંસારની વિચિત્ર દશા જુઓ....**

કોઇ ધન લક્ષ્મીમાં સુખ માને છે, કોઈ સત્તામાં સુખ માને છે, કોઈ સ્ત્રીમાં સુખ નિહાળે છે, કોઈ સંતાનોમાં સુખ દેખે છે, પણ આ બધામાં સાચું સુખ નથી.

સાચું સુખ તેને કહેવાય કે જે આવ્યા-મળ્યા પછી કદી પણ જાય નહિ, જેના ભોગવટા માટે ઈન્દ્રિયાદિ પર પદાર્થોની ગુલામી સ્વીકારવી ન પડે, તેમજ જે ભોગવતાં કોઈ એક જીવને પણ દુઃખ ન પહોંચે.

સંસારના કહેવાતાં સઘળાં સુખ, દુઃખ મિશ્રિત છે, જીવને વધુ પરાધીન બનાવનારા છે. તમને થશે કે તો સાચું સુખ શેમાં?

સાચું સુખ ધર્મની વિશુદ્ધ ઉપાસના આરાધનામાં સદ્ધર્મની આરાધના એટલે દેહમાં રહેલ આત્માના શુદ્ધ સ્વભાવની આરાધના. એ આરાધના અહિંસા, સંયમ અને તપોમય જીવન જીવવાથી કરી શકાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહિંસાથી આત્મામાં સ્નેહ પ્રગટે છે. સંયમથી શક્તિ પ્રગટે છે તપથી આત્મામાં સામર્થ્ય પ્રગટે છે અને આત્મશુદ્ધિ થાય છે.

શાસ્ત્રાકાર મહર્ષિઓએ આ ધર્મને ઉત્કૃષ્ટ કહ્યો છે, મહામંગળકારી કહ્યો છે, સર્વ કર્મ વિનાશક કહ્યો છે.

સુદેવ અને સુગુરૂની ભક્તિમાં જીવ પરોવવાથી આ ધર્મની આરાધના કરવાની રૂચિ પ્રગટે છે. રૂચિ પ્રગટેલી હોય છે, તો વધુ દૃઢ બનીને પ્રીતિનું રૂપ ધારણ કરે છે; ચેતનના સંસ્કારનું દિવ્ય વાતાવરણ સમગ્ર ચિત્ત પ્રદેશમાં ફેલાઈ જાય છે.

માટે સદા સદ્ધર્મની આરાધનામાં ઉદ્યમવંત રહેજો, આરાધેલો ધર્મ નિયમા ફળે છે, માટે તેમાં જરા પણ શંકા ન કરશો, પણ નિઃશંક મને સત્ ધર્મના નિયમોમાં–વચનોમાં જીવ પરોવજો. અધર્મ કરતા ચેતજો, "કરો તેવું પામો, વાવો તેવું લણો." એ કુદરતનો અટલ નિયમ કદિ ન ભૂલશો.

શાસન સમ્રાટ ગુરુદેવના સ–રસ અને સતત વ્યાખ્યાનો સાંભળીને શ્રોતાઓનાં હૃદયમાં સદ્ધર્મની ભવ્ય ભાવનાઓએ ઘર કર્યું.

રાજાઓના પણ મહારાજા અને ચક્રવર્તીઓના પણ સ્વામી શ્રી તીર્થંકર પરમાત્માને ભાવથી પૂજવાથી–



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભજવાથી ખરી ખુમારી પૂજ્યશ્રીના રૂંવાડે-રૂંવાડામાં હતી, એટલે તેઓશ્રી તે સમયના અનેક રાજાઓ, ઠાકોરો અને દરબારો વગેરેનાં હૃદય જીતી શક્યા હતા. અને તેમને જીવદયામાં જોડીને વ્યસનો પણ મુક્ત કરાવી શક્યા હતા. તેમના દ્વારા સુંદર ધર્મ કાર્યો કરાવી શક્યા હતા.

આ રીતે માસ દોઢ માસ લગભગ લીંબડીમાં સ્થિરતા કરી. નિત્ય નવા નવા વિષયો-સૌની માનવતા વિકસે તેવા સદ્બોધદાયક વ્યાખ્યાનો બે-બે અઢી-અઢી કલાક ચાલતાં. નામદાર મહારાજા સહિત અઢારે આલમના સેંકડો લોકો એક પણ દિવસ પાડયા સિવાય વ્યાખ્યાન હોંસે હોંસે સાંભળતા. ઓફીસોમાં એ ટાઈમે અગાઉથી રજા રાખવામાં આવતી.

નામદાર મહારાજા પૂજ્યશ્રીને વિહાર કરવા દેવાની વાત જ સાંભળે નહિ અને કહેતા કે, "અમને સદ્માર્ગે આગળ ધપાવો સાહેબ! અમારું જીવન સાર્થક કરવા દો સાહેબ!"

એક વખતે રાજ્યના કોઈ કામ પ્રસંગે નામદાર મહારાજા એકાએક મુંબઇ ગયા. એટલે 'સાધુ તો ચલતા ભલા!' સહુને સમજાવી વિહાર આગળ લંબાવ્યો.

નામદાર મહારાજા અવારનવાર પૂજ્યશ્રીના વંદના-દર્શનાર્થે આવ્યા કરતા. એક વખતે પોતાના કુંવર પાસે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીજી માટે ગેસની હવા તૈયાર કરાવીને મોકલાવેલી સાથે ભક્તિભાવ ભર્યો પત્ર પણ લખેલો.

લીંબડીથી વિહાર કરીને **શિયાણી તીર્થ**ની યાત્રા કરતા. ધંધુકા થઈ ધોલેરા પધાર્યા. ત્યાંના શાહ પુરુષોત્તમદાસ નાગરદાસભાઈએ શ્રી શત્રુંજય, શ્રી અષ્ટાપદ, શ્રી આબુજી વિગેરે પાંચ તીર્થોની સુંદર રચનાઓ કરાવીને અનેરા ઉત્સાહથી પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ઠાઠથી અઠ્ઠાઈ-મહોત્સવ કરાવ્યો. પછીથી પૂજ્યશ્રીએ માર્ગમાં આવતા નાના મોટા ગામોમાં ધર્મોપદેશ દ્વારા ધર્મનો ભાવ જગાડતા જગાડતા ક્રમે અમદાવાદ પધાર્યા.

* * * * * * * * * * * * * * * * * *

શ્રી નવકાર મંત્રમાં અજબ ખુબી એ છે કે જેમ જેમ તેનું સ્મરણ કરવામાં આવે છે, તેમ તેમ ધર્મ પ્રત્યે અનુરાગ પ્રગટ થતો જાય છે, અને છેવટે મનુષ્ય સર્વથા ધર્મપરાયણ બની જાય છે. આ જગતમાં એવું કાંઈ જ નથી કે ભક્તિયુક્ત આ નવકારવડે જીવોને પ્રાપ્ત ન થાય.

* * * * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પ્રકરણ બત્રીશમું...................

# શાસન સમ્રાટનું અમદાવાદમાં શુભ આગમન

આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી સૌરાષ્ટ્રમાં ધર્મ અને સંસ્કૃતિની ગંગા વહાવીને છ વર્ષે અમદાવાદ પધાર્યા.

ધોલેરાથી અમદાવાદ તરફ વિહાર કર્યો, ત્યારે ધોલેરાથી બાવળા મુકામે પધાર્યા, ત્યારે **સુરતનો સંઘ પૂજ્યશ્રીને સુરત બાજુ પધારવા વિનંતી કરી.** ત્યાં જ શેઠ મનસુખભાઈ વિગેરે અમદાવાદના આગેવાનોએ કહ્યું : "સાહેબ ! શેઠ અંબાલાલભાઈનો પ્રશ્ન અત્યારે ગંભીર સ્વરૂપે શ્રી સંઘમાં રોળાયેલ છે. એનો ઉકેલ હવે આપશ્રી સિવાય કોઈ લાવી શકે તેમ નથી. માટે આપશ્રી કૃપા કરીને આ વર્ષે અમદાવાદ પધારો અને સમાધાન કરાવો જેથી શ્રી સંઘમાં બન્ને જ્ઞાતિમાં શાન્તિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



અમદાવાદના શેઠીયાઓ અને શાસન સમ્રાટ

થાય. તેમજ શ્રી સંઘના ઘણા કાર્યો અટકયા છે તે નિર્વિઘ્નપણે થાય.

આ વિનંતી ધ્યાનમાં લઇ, લાભાલાભનો વિચાર કરી પૂજ્યશ્રીએ અમદાવાદ પધારવાનું સ્વીકાર્યું. અનુક્રમે અમદાવાદ શાસન સમ્રાટ પધાર્યા. અમદાવાદ શ્રીસંઘે બહુ જ ભવ્ય સામૈયું કર્યું.

વિ. સં. ૧૯૬૭ના ચાતુર્માસ અમદાવાદના અનેક અગ્રણી શ્રાવકો પૂજ્યશ્રીના શ્રીમુખે શ્રી ભગવતી સૂત્ર સાંભળવાની ભાવના થઈ.

શ્રી ભગવતી સૂત્ર વંચાય તે દિવસોમાં એકાસણાં કરવા, દેવ વંદન કરવું, મોટી સંખ્યામાં સાથીયા કરવા અને ધુપ-દિપના ઉપયોગ સાથે શ્રી ગૌતમસ્વામીજીના નામ પર પૂજા કરવી વિગેરે વિધિ પૂજ્યશ્રીએ બતાવી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ઉત્સાહી ભાવિકોએ તરત જ તે વિધિ કરવા તૈયાર થયા.

બહુશ્રુત શ્રોતાઓની ભાવના અનુસાર પૂજ્યશ્રીએ શુભમુહૂર્તે શ્રી ભગવતીસૂત્ર અને ભાવનાધિકારે સમરાઇચ્ચ કહાની દેશના શરૂ કરી. આ વ્યાખ્યાનમાં શેઠ મનસુખ ભાઈ, નગરશેઠ ચીમનલાલ લાલભાઈ, શેઠ દલપતભાઈ લાલભાઈ, શેઠ પરષોત્તમ મગનલાલ શેઠ મોહનલાલ મુલચંદ, ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ, રાવસાહેબ મોહનલાલ લલ્લુભાઈ વિગેરે મહાનુભાવોએ શરૂથી હાજરી આપવા માંડી તેમજ સૂત્ર પૂજન સુવર્ણ મહોરોથી પૂંજન કર્યું.

શેઠ અંબાલાલ સારાભાઈ પણ વ્યાખ્યાનમાં તેમજ અવાર નવાર વંદનાર્થે પૂજ્યશ્રી પાસે આવતા તત્ત્વચર્ચા કરવા બેસતા, ધર્મના ઉપકારક સ્વરૂપનો બોધ પૂજ્યશ્રી પાસેથી ગ્રહણ કરતા.

શાસન સમ્રાટ પૂજ્યશ્રી જેવા સિદ્ધાન્તનિષ્ઠ હતા તેવાજ સહૃદયી હતા. સૂર્યસમા તેજસ્વી પણ હતા અને ચન્દ્રસમા સૌમ્ય હતા. વાણી વેધક છતાં કટુતા રહિત, વિચારણામાં વિશ્વ વસે, હૈયામાં શ્રી જિનાજ્ઞા હસે, ભાલે ભવ્ય ચારિત્રની પ્રભા વસે.

પૂજ્યશ્રીની વ્યાખ્યાન શૈલી ઓજસપૂર્ણ સચોટ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને અજોડ અને અદ્ભુત હતી, તત્ત્વ રૂચિવાળા શ્રોતાઓને ખૂબ આનંદ આવતો. દિન-પ્રતિદિન શ્રોતાઓની સંખ્યા વધતી ગઈ, ઉપાશ્રયની જગ્યા સાંકડી પડવાથી શેઠ શ્રી જેશીંગભાઈની વાડીમાં મોટો મંડપ બાંધવામાં આવ્યો. હંમેશા વ્યાખ્યાન ત્યાં વંચાતું.

પણ નગરશેઠ વિગેરે સંઘના આગેવાનો સમજદાર હતા. તેમણે વિચાર્યું કે એક નજીવી બાબતે મોટું સ્વરૂપ આપીને અંબાલાલભાઈ જેવી વ્યક્તિને સંઘ બહાર મૂકવાનું કોઈ પ્રયોજન નથી. અને તેમ કરવું, તે સંઘને હાનિકારક છે. અને આ જ કારણથી કે કદાચ સંઘ કોઈ મહત્ત્વના કાર્ય પ્રસંગે ભેગો થાય, તો બન્ને જ્ઞાતિવાળા લોકો અંબાલાલભાઈને સંઘ બહાર કરવાની હિલચાલ મોટા પ્રમાણમાં કરે, તે માટે તેઓ નગરશેઠ વિગેરે આગેવાનો શ્રીસંઘને કેટલાય વખતથી ભેગા કરતા નહોતા. આથી શ્રીસંઘના મહત્ત્વના કાર્યોમાં પણ વિલંબ થવા લાગ્યો.

શેઠશ્રી અંબાલાલભાઈને શાસન સમ્રાટશ્રી ઉપર અનન્ય શ્રદ્ધા-ભક્તિ હતી. એક વખતે તેઓશ્રી વંદનાર્થે આવ્યા. અને પૂજ્યશ્રીને કહ્યું કે "કાર્ય સેવા ફરમાવો." સમય જાણી પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે, "અંબાલાલભાઈ! શેઠ મગનલાલ કરમચંદ આખી દશા શ્રીમાળી જ્ઞાતિના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૨૦૦ ઘરના શેઠ હતા. હવે આપણે અડધી જ્ઞાતિના શેઠ બનવું નથી.'' માટે જે રીતે જ્ઞાતિમાં શાંતિ સ્થપાય એ રીતે સમાધાનના માર્ગે આવવું. એમાં જ તમારૂં, જ્ઞાતિનું, અને અમદાવાદ શ્રીસંઘની શોભા છે.

અંબાલાલભાઈની ઈચ્છા ક્લેશ પતાવવાની ન હતી. "**ગુરૂવચનં શિરસાવંદ્ય**" એ ઉક્તિ અનુસાર શાસન સમ્રાટ પૂજ્ય ગુરૂદેવના વચનને પોતાની અણ ઈચ્છા કરતાં પણ અધિક માનનારા અંબાલાલભાઈ ગુરૂવચનથી ગદ્દગદ–થઈ ગળ ગળા થઈને અંબાલાલભાઈએ કહ્યું: '**સાહેબ! આપનું વચન–આદેશ પ્રમાણ છે. હવે આપશ્રીના માર્ગદર્શનઅનુસાર સમાધાન થઇ જશે.**' આ સમાચાર ગામમાં–જ્ઞાતિમાં ફેલાતા કેટલીવાર લાગે.

શેઠના પક્ષકાર વર્ગ ખળભળી ઉઠયો. જ્ઞાતિજનો તેમને કહે: શેઠ! આપે સમાધાન કરવું વ્યાજબી નથી. અમે બધાં આપના પક્ષમાં રહ્યા અને આપ સમાધાન કરો તો અમારૂં નાક કપાય.

શેઠે કહ્યું: "પૂજ્યપાદ શાસન સમ્રાટ–ગુરૂદેવ ફરમાવે તે મારે '**શિરોમાન્ય**' તેમાં મારે બીજો વિચાર કરવાનો હોય નહિ, તેઓશ્રી મને સંઘ બહાર કરે, જ્ઞાતિ બહાર મુકે કે, પછી લાખ રૂપિયા દંડ કરે, તેઓશ્રી જે કહે તે મારે શિરોમાન્ય બીજો વિચાર કરવાનો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તમારે બધાય જ્ઞાતિમાં જવું હોય, તો ખુશીથી જઈ શકો છો, મારા પક્ષમાં રાખવાનો મારો આગ્રહ નથી.

આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રીએ અદ્ભુત બુદ્ધિ-કુનેહ વાપરીને શેઠ અંબાલાલભાઈની વિરૂદ્ધમાં પહેલા વીશા શ્રીમાળી જ્ઞાતિના મુખ્ય મુખ્ય ગૃહસ્થોને બોલાવી ઉપદેશ દ્વારા આ વિરોધ કરવો છોડી દેવા સમજાવ્યા. તેઓ પણ પરિસ્થિતિ સમજ્યા, અને નગરશેઠ ઉપર અંબાલાલભાઈ વિરુદ્ધમાં કરેલી અરજી પાછી ખેંચી લેવડાવી. આમ થવાથી દશા શ્રીમાળી જ્ઞાતિના સામા પક્ષવાળાઓમાં ગભરાટ છવાઈ ગયો. વિરુદ્ધ પક્ષમાં તેમને વીશા શ્રીમાળી જ્ઞાતિની મોટી ઓથ હતી, તે છુટી ગઈ. હવે શું થશે તેની મોટી મુંઝવણમાં મૂકાયા.

હવે બન્યું એવું કે-રાયપુર કામેશ્વરની પોળમાં અંબાલાલભાઈને પૂર્વજે બંધાવેલ દેરાસર જીર્ણોદ્ધાર પૂરો થતાં, તેની પ્રતિષ્ઠા શાસન સમ્રાટ પૂજ્યની પાસે જ કરાવવાની ભાવના હતી. દેરાસરની પ્રતિષ્ઠા બહુ જ ધામધૂમથી અને ઉલ્લાસ ભાવે કરાવી. તે પ્રસંગે તેમને સુંદર કુમકુમ પત્રિકા છપાવી અને નગરશેઠ વિગેરેની સલાહથી તેમને આખા અમદાવાદની નવકારશી નક્કી કરી.

સામા પક્ષવાળા ખુબ મુંઝાયા કે શું કરવું ? હવે આપણે આખા સંઘથી જુદાં પડી જઈશું. તેઓ પરસ્પર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખુબ વાતો કરી પણ કોઈ માર્ગ ન નીકળ્યો. છેવટે તેઓએ વિચાર્યું કે, હવે આપણે બધાય મળી પૂજ્યપાદ શાસન સમ્રાટશ્રીની પાસે જઈ તેઓશ્રી જ આપણી આ વિમાસણ દૂર કરી શકશે.

આજે બપોરે આપણે સહુ પાંજરાપોળ ભેગા થઈ પૂજ્યશ્રીને મળવું તેઓશ્રી પાસે સહુ આવ્યા. પૂજ્યશ્રીને વિનમ્ર ભાવે વિનંતી કરી.

પૂજ્યશ્રીએ તે સમયે અંબાલાલભાઈને બોલાવ્યા. સમાચાર મળતાં જ અંબાલાલભાઇ આવ્યાં, આવતાં જ પૂજ્યશ્રી પાસે સામા પક્ષવાળાઓને બેઠેલા જોઈને નવાઈ પામ્યા. અંબાલાલભાઈએ વંદન કરી પૂજ્યગુરૂદેવ સામે બેઠા. પૂજ્યશ્રીએ સચોટ શબ્દોમાં સંપનો મહિમા વર્ણવ્યો. પરસ્પર કલેશ વધારવાથી આ ભવ અને પરભવમાં ભયંકર નુકશાન કરતો છે. એ ઉપદેશ સાંભળી જેમ વર્ષા થવાથી માટી કુણી માખણ જેવી થાય તેમ સૌ લાગણી ભીના થયા.

અંબાલાલભાઈ તો એ માટે તૈયાર જ હતા. તેમણે ઉભા થઈ હાથ જોડીને કહ્યું : “ સાહેબ ! મારે તો આપ ફરમાવો તેમ કરવાનું છે. આપ કહો તો કોરા કાગળ ઉપર સહી કરી આપું.”

આ સાંભળી પૂજ્યશ્રીએ સામા પક્ષવાળાઓ સામે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિ કરી કહ્યું: "જુઓ! અંબાલાલભાઇ તો સમાધાન માટે તૈયાર છે. તમે બધાં તૈયાર છો ને?"

ખરેખર "**વાર્યા ન માને એ હાર્યા માને**" એ જુની કહેવત યથાર્થ સિદ્ધ થઇ. બધાય ખુબ વિમાસણમાં પડ્યા હતા. તેઓ એકી સાથે બોલ્યા: "હા" સાહેબ!" એટલે પરસ્પર સમાધાન માટેનું લખાણ તૈયાર કરાવ્યું. અને પ્રથમ અંબાલભાઈને વાંચવા આપ્યું. ત્યારે અંબાલાલભાઇએ કહ્યું: "**સાહેબ! મારે એ લખાણ કાંઈ વાંચવું નથી. હું તો આપશ્રી ફરમાવો એટલે સહી કરી આપું. આપે જે કરાવ્યું હશે. તે અમારા હિતને માટે જ હશે.**"

આ પછી તે લખાણ પૂજ્યશ્રીની સત પ્રેરણાથી સામા પક્ષવાળાને વાંચવા આપ્યું. તેમણે પણ તે સહર્ષ માન્ય રાખ્યું. બન્ને પક્ષોએ સહીઓ કરી. અને પૂજ્યશ્રીની સમક્ષ પરસ્પર "મિચ્છામિ દુક્કડં." દેવડાવ્યા.

તે વખતે પૂજ્યશ્રીની સતપ્રેરણાથી શેઠે સામા પક્ષવાળાઓને અઠ્ઠાઇ મહોત્સવ, પ્રતિષ્ઠા અને નવકારશીમાં પધારવાનું આમંત્રણ આપ્યું.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીના અદ્દભુત કળા કૌશલ્યથી શ્રીસંઘ અને દશા શ્રીમાળી જ્ઞાતિ ઉપરથી વિખવાદના વાદળ ગયાં, વિખરાયાં અને શાન્તિ અને સંપ થઈ ગયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી તો શુભ મુહુર્તે પ્રતિષ્ઠા—અઠ્ઠાઈ મહોત્સવ નો ખુબ ઉલ્લાસ ભાવે આરંભ થયો. તેમાં નવ ગ્રહાદિપૂજન શેઠ અંબાલાલભાઈએ પોતે કરેલું. અમદાવાદ શ્રીસંઘમાં આ વિખવાદને લીધે બે વર્ષથી નવકારશી વગેરે કેટલાક ધર્મ કાર્યો બંધ પડયા હતા, તે ચાલુ થયા.

શ્રીસંઘમાં પડતા વિખવાદને દુર કરી સુલેહ-શાન્તિ સંપ માટે અતિશય પરિશ્રમ કરી જે જલવંત શૌર્ય શાસન સમ્રાટ પૂજ્યશ્રીએ દાખવ્યું. તેની હવા આખાય અમદાવાદની જૈન આલમમાં ધર્મોપદેશ દ્વારા પાષાણમાં પ્રાણ આણ્યા. નિર્જીવોને જીવતા કર્યા.

સુરત જવાને બદલે પૂજ્યશ્રીને અમદાવાદના આગેવાનો લાવ્યા, તે ખરેખર સાર્થક થયું. સકળ સંઘમાં ઘરે ઘરે પૂજ્ય ગુરુદેવની અજબ પ્રતિભાની અને શાસનની કીર્તિની વાતો થવા લાગી.

સં. ૧૯૬૭નું ચોમાસું પુરું થયું. પુણ્યશાળીઓએ પૂજ્યશ્રીના શ્રીમુખે ધર્મામૃત પીધું. રાગદ્વેષને દુર કરવાનું હૈવત ખીલવ્યું.

પછી સં. ૧૯૬૮નું ચોમાસુ બેઠું. મેઘરાજા મન મુકીને વરસ્યા નહિ એટલે દુકાળના ગોઝારા દિવસો આવ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનવતાનાં મૂલ્ય ઘટયાં, પશુતાના ભાવ વધ્યા. પેટનો ખાડો પૂરવા માટે માણસો પશુ-ધનને પાણીના મૂલે વેચવા માંડયા.

આ અરસામાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી સહ-પરિવારે બહારની વાડીએ બિરાજતા હતા.

એક દિવસ તેઓશ્રી નિત્ય નિયમ અનુસાર વ્યાખ્યાન આપવા શહેરમાં પધારી રહ્યા હતા. સાથે કેટલાક મુનિવરો તથા શ્રી કેશવલાલ અમથાશાહ વકીલ, બોટાદવાળા શ્રી લક્ષ્મીચંદ ભુધરભાઈ બગડીઆ વગેરે શ્રાવકો હતા.

આ સમયે પૂજ્યશ્રીએ દયામણા ચહેરે ચાલતી ભેંસોને જોઈ.



કતલખાને લઈ જવાતી ભેંસો પૂજ્યશ્રી જુએ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીએ લક્ષ્મીચંદભાઈને પૂછ્યું કે, "આ ભેંસો ક્યાં લઈ જાય છે?"

લક્ષ્મીચંદભાઇએ તપાસ કરીને કહ્યું કે, 'કતલખાને' આ સાંભળીને પૂજ્યશ્રીના દયામય દિલમાં અકથ્ય વ્યથા જન્મી. જીવોના હિતની ચિંતાની આગ પૂજ્યશ્રીના તન–મનમાં ભભૂકી ઉઠી. શ્રી જિનરાજને વહાલા જીવોની આવી દુર્દશા કેમ ચલાવી લેવાય? જો ચલાવી લઉં તો હું શ્રી જિનાજ્ઞાનો ઉપાસક ન રહું.

આમ ચિંતવીને પૂજ્યશ્રીએ શ્રી લક્ષ્મીચંદભાઇ મારફત કતલખાને જતી તે ભેંસોને છોડાવી દીધી.

પછી તેઓશ્રીના સર્વ જીવહિત ચિંતક ચિત્તમાં પ્રશ્ન સ્ફુર્યો. આ ભેંસોને તો મેં જોઈ એટલે બચાવી લીધી. પણ તે સિવાય આવા અગણિત પશુઓ રોજ નહિ હણાતાં હોય તેની શી ખાત્રી? મારે તે માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરવા જોઈએ.

વિચાર, વાણી અને વર્તનમાં એકરૂપ પૂજ્ય આચાર્ય દેવે તે જ દિવસે "જીવ દયા અને આપણું કર્તવ્ય" એ વિષય પર વ્યાખ્યાન આપ્યું.

આ વ્યાખ્યાનમાં જેટલો જોશ હતો. તેટલી જ વ્યથા હતી. જાણે પશુઓ સાક્ષાત્ પોતાની વ્યથાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથા સંભળાવતાં હોય તેવું જીવંત વાતાવરણ જાગે તેવું વ્યાખ્યાન હતું.

આ વ્યાખ્યાનની એટલી અદ્ભુત અસર શ્રોતાઓ પર થઈ કે તેમણે તેજ સમયે જીવદયાની ટીપ શરૂ કરી. અને ૧૫–૨૦ મિનિટમાં દોઢ લાખ રૂપિયા લખાઈ ગયા. પછી **અભયદાન** પામેલા પશુઓને સારી રીતે સાચવવાની ટીપ શરૂ થઇ. આ ટીપમાં શેઠ મનસુખભાઈએ રૂા. ૨૫૦૦ અને શેઠ અંબાલાલ સારાભાઈએ રૂા. ૧૦૦૦ લખાવ્યા અને જોતજોતામાં સાડા ચાર લાખ રૂપીઆ થઈ ગયા.



વ્યાખ્યાનમાં '**જીવદયા**' ની ટીપ ચાલૂ થઈ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રકમથી અમદાવાદની ખોડા ઢોર સંસ્થા પાંજરા-પોળ વધુ સદ્ધર બની અને જીવોને બચાવવાનાં તેમ જ સાચવવાનાં કાર્યોમાં તેજી આવી.

**આજે ભારતમાં ઠેર-ઠેર જીવહિંસા વધતી જાય છે** ત્યારે પૂજ્યશ્રીના આ મહાન કાર્યમાંથી પ્રેરણા લઇને આપણે જીવ દયાના પાલનને આપણા જીવનનું એક અંગ બનાવીને તે દિશામાં મક્કમપણે આગળ વધવું જોઇએ. જૈનની સગી આંખ સામે જીવો રહેંસાય એ ઘટના જેટલી દુઃખદ છે તેટલી જ જૈનત્વને પડકારરૂપ પણ છે.

આમ સં. ૧૯૬૮ના ચોમાસામાં મેઘરાજા મન મૂકીને ન વરસ્યા, પણ આપણા ધર્મના મહારાજા એવા વરસ્યા, કે દુકાળિયા દિલ સુકાળિયા બની ગયા. દયારૂપી નીરથી ભેજવાળાં બની ગયાં. જીવોની વહારે ધાવાના સ્વધર્મને બજાવવાને લાયક બની ગયાં.

આ વિ. સં ૧૯૬૮નું ચોમાસુ અમદાવાદમાં જ થયું. આ દરમિયાન પહેલા સંઘ બહાર મૂકાયેલા શ્રી શિવજી દેવશીએ મુંબાઈમાં આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી તથા શેઠશ્રી અમરચંદ જસરાજ, ભાવનગરવાળા આદિ ગૃહસ્થોની વિરૂદ્ધમાં ડેફેમેશન (case) કેસ કર્યો. પણ તેમાં એ ભાઈનો જ પરાજય થયો. **સત્યનો સદા જય હોય છે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે વખતે બીજી એક ચળવળ ઉપડી કે કચ્છ-કાઠીયાવાડ વગેરે પ્રાંતોના શ્રાવકો ભેગા થઈને **અમદાવાદમાં રહેલી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને મુંબઈમાં લઈ જવી.** એવી વાતો વહેવડાવી કે, "શેઠ આ. ક.ની પેઢીના વહીવટદારો પેઢીના પૈસાથી પોતાની મિલો ચલાવે છે, માટે હિસાબ ચોખ્ખા રાખવા માટે પેઢી મુંબઈ લઈ જવી જોઈએ." આવી આડી અવળી વાતો લોકોને સમજાવીને તેના સમર્થનમાં હિલચાલ કરી, ખોટો પ્રચાર કર્યો. અને અઢીસો જેટલી સહીઓ કરાવી.

સમય જતાં આ બધી વિગતો **નગરશેઠ શ્રી કસ્તુરભાઈ મણીલાલ વગેરે** પેઢીના ટ્રસ્ટીઓ અને અમદાવાદના આગેવાનોને જાણ થઈ. એટલે તેમણે લોકોને સમજાવ્યા કે, "આ તીર્થની પેઢીને અમદાવાદની બહાર લઈ જાય, તો પેઢીને ઘણું નુકશાન થાય, અમદાવાદ મધ્યવર્તી કેન્દ્ર છે. તેમજ **પેઢીના તમામ ચોપડા જેને જોવા હોય તે જોઈ જાય તે ખુલ્લા જ છે.** પરન્તુ વહીવટદારો ઉપર જે ખોટા આક્ષેપો કરાય છે, તે બીલકુલ યોગ્ય નથી. આ રીતે વાતાવરણ ડોળાવા લાગ્યું. એટલે શેઠ શ્રી મનસુખભાઈએ આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીને વાત કરી. શાસન હિતની વાત સમજીને પૂજ્યશ્રીએ **"જૈન તત્વ વિવેચક સભા"** ના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સભ્યો દ્વારા ગામેગામના શ્રી સંઘોને આ સંબંધી આઠેક દિવસ જેવા ટુંકા ગાળામાં ૧૨૦૦ જેટલી સહીઓ **"શેઠ આ. ક. ની પેઢીના તમામ હિતને માટે મુખ્ય પેઢી અમદાવાદમાં જ રાખવી."** આવી ૧૨૦૦ સહીઓ જોઈને ખટપટ કરવાવાળા પાછા પડયા.

આ ચાતુર્માસ ધામધુમથી પૂર્ણ થયો.

વિ. સં. ૧૯૬૯માં માગશર વદમાં શેઠ આ. ક. પેઢીનું બંધારણ પુનઃ નવેસરથી બનાવવા માટે પૂજ્યશ્રી ની નિશ્રામાં નિર્ણય થયો. આ માટે હિંદુસ્તાનના સકલ સંઘને અમદાવાદમાં બોલાવવા આમંત્રણ મોકલાવ્યું.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી વિહાર કરવાના હતા તે અરસામાં પૂજ્યશ્રીના સદ્ઉપદેશથી **શ્રી ચીમનલાલ માસ્તર** નામના એક વૈષ્ણવ પ્રતિબોધ પામીને દીક્ષા લેવા તૈયાર થયા. તેઓ **"બોડીવાળા માસ્તર"** નામે આખાય શહેરમાં પ્રસિદ્ધ હતા. તેમનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન બહુ વિશાળ હતું. તે વખતે અમદાવાદમાં કોઈ નવા કમિશ્નર, કલેક્ટર વિગેરે અંગ્રેજ અધિકારીઓ નિમાતા ત્યારે તેમને અંગ્રેજી દ્વારા ગુજરાતી જ્ઞાન પ્રદાન કરેલ હોવાથી, તે વર્ગમાં તેમની પ્રસિદ્ધિ હતી. તેમણે પોતાને દીક્ષા આપવા માટે પૂજ્યશ્રીને વિનંતી કરી.

આથી પૂજ્યશ્રીએ એલીસબ્રીજ પાસે આવેલા શેઠના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"રશાળા" નામે ઓળખાતા બંગલામાં ધામધૂમથી બહુ જ ઠાઠથી દીક્ષા આપી પોતાના શિષ્ય કર્યા. તેમનું નામ **મુનિશ્રી ચંદનવિજયજી** રાખ્યું.

દીક્ષા આપીને પૂજ્યશ્રીએ ભોંયણી તીર્થની યાત્રા માટે વિહાર કર્યો. "**જૈન તત્વ વિવેચક સભા**' ના સભ્યોએ '**શ્રી થલતેજ**' નો છ'રી પાળતો સંઘ કાઢયો. ત્યાં એક જીર્ણ જિનાલય હતું. ત્યાંથી ભોંયણીજી **પધારી** શ્રી મલ્લિનાથજીની ઉલ્લાસભાવે યાત્રા કરી. ભોંયણીમાં કપડવંજનો શ્રી સંઘ વિનંતી કરવા આવ્યો. કપડવંજ તરફ જવા માટે **કલોલ** પધાર્યા.

કપડવંજ તરફ પૂજ્યશ્રી પધારે છે. એ સમાચાર મળતાં શેઠશ્રી મનસુખભાઈ વગેરેને લાગ્યું કે **સકળ હિંદનો શ્રી સંઘ અમદાવાદમાં ભેગો થાય** અને હિન્દુસ્તાનના સકલ સંઘની પ્રતિનિધિ સમી પેઢીનું બંધારણ નવું ઘડાય તેવે વખતે **શાસન સમ્રાટ** અમદાવાદમાં બિરાજમાન હોય, તો ઘણો ફેર પડે." આજે તેઓશ્રીની અજોડ પ્રતિભા છે. તેમની હાજરીનો બધાય ઉપર અનેરો પ્રભાવ પડે છે.

શેઠ શ્રી મનસુખભાઈના મનમાં એક બીજી ઈચ્છા હતી કે, સંઘ વ્યવહારથી અલગ એવી કચ્છી કોમને જો, આ સંઘ ભેગો થાય તે અવસરે સંઘ વ્યવહાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માં ભેગા ભેળવી લેવાય તો સારૂ થાય. કચ્છી કેમ માટે શેઠને વિનંતી કરી હતી. આ કાર્યમાં કાઠિયાવાડના રાજા મુખ્ય કાર્યકર્તાઓનો સહકાર હોય તો જ કાર્ય સિદ્ધ થાય. કાઠિયાવાડના રાજા જેવા ગણાતા શેઠ અમરચંદ જસરાજ વોરા, વગેરે આગેવાનો પૂજ્ય શાસન સમ્રાટના ભક્તિવંત ભક્તો હતા. તેથી પૂજ્ય આચાર્ય દેવની હાજરી બહુ જ જરૂરી છે એમ સૌને લાગ્યું.

અમદાવાદના આગેવાનો સૌ ભેગા થઈ નક્કી કર્યું કે, દરેક વ્યક્તિઓ ઉપર જે તેનો પ્રભાવ પડે, તેવા મહાપુરુષ શાસનસમ્રાટ જ છે. માટે તેઓશ્રીની અહીં હાજરી ખાસ જરૂરી છે. એટલે સહુ મળીને કલોલ જઈને અમદાવાદ પધારવા માટે અતિ આગ્રહપૂર્વક વિનંતી કરી. પૂજ્યશ્રીએ લાભાલાભનો વિચાર કરીને અમદાવાદ પધારવા "હા" પાડી; એટલે ક્ષેત્રસ્પર્શના કહી.

અમદાવાદના સૌ આગેવાનો આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ અમદાવાદ પધારવાની વિનંતી સ્વીકારી તેથી શ્રીસંઘના આગેવાનો ખૂબ રાજી થયા. કલોલથી કપડવંજ પધારવાનો વિચાર બદલીને અમદાવાદ પધારવાનું નક્કી કર્યું.

★



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ ત્રેત્રીસમું...........

# પ્રાચીન તીર્થના જિર્ણ અવશેષો જોઈ શાસન સમ્રાટ ગમગાન બન્યા.

વિ. સં. ૧૯૯૯ની સાલ હતી. માગસર મહિનો હતો.

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીને કલોલ નિવાસી* શા. ગોરધનદાસ અમુલખભાઈ તથા શ્રી મોહનલાલ કોઠીયા વગેરે પૂજ્યશ્રી પાસે બેઠા હતા. તે વખતે વાત કરતા કરતા કહ્યું કે, "અહીંથી ચાર માઈલ ઉપર શેરીસા નામે નાનું ગામ છે. ત્યાં ગામની પાદરે આપણું એક જિર્ણ-શિર્ણ જિન મન્દિર છે, આજુ-બાજુ કેટલીક જગ્યાએ જિર્ણ મન્દિરના, તુટેલા સ્થંભો, દરવાજા, બારશાખ

---

* નવ વર્ષ પૂર્વે આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી કલોલ પધારેલ ત્યારે ગોરધનભાઈ વગેરેને પૂજ્યશ્રીએ ઉપદેશ આપીને ઢુંઢીયા ધર્મમાંથી શાસ્ત્રાનુસાર મૂર્તિપૂજક બનાવ્યા હતા. શેઠશ્રી જમનાભાઈ તરફથી જિર્ણ જિનમન્દિર દેરાસર જિર્ણોદ્ધાર કરાવીને પછી પ્રતિષ્ઠા પણ કરાવેલ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે અવશેષો પડેલા દેખાય છે. કેટલાક જિનબિંબો પણ હશે." આટલું કહી ગોરધનદાસભાઈ અટક્યા.

શ્રી મોહનભાઈ બોલ્યા કે, "આપ સાહેબ! જો ત્યાં પધારો; તો તે જિન પ્રતિમાજી વગેરેની આશાતના ટળે. બાકી તો ત્યાં ધ્યાન રાખે તેવું કોઈ નથી.

શાસ્ત્રાભ્યાસ દ્વારા આ તીર્થનો ઈતિહાસ પ્રાચીન અદભુત પોતે જાણતા હતા. વાંચેલું હતું જ તે પ્રાચીન તીર્થના અવશેષો નાના ગામના પાદરે વેર વિખેર પડયા છે. તે વાત શ્રી ગોરધનદાસભાઈ તથા મોહનભાઈ પાસેથી જાણીને સાંભળીને પૂજ્યશ્રી વિચારમગ્ન થઇ ગયા.

પ્રાચીન તીર્થની અવદશા સાંભળીને પૂજ્યશ્રીએ વિના વિલંબે કલોલથી શેરીસા પધારવા તૈયારી કરી, પૂજ્યશ્રી વિગેરે સાધુ મહારાજો બપોરના સમયે વિહાર કરી શેરીસા પધાર્યા.

શ્રી ગોરધનભાઈ શેરીસા ગામમાં પ્રથમ જઈને ઓળખીતા સદગૃહસ્થને ઘરે ઉતરવા વગેરેની સર્વ વ્યવસ્થા કરી આવ્યા. પછી પૂજ્યશ્રી વગેરે સર્વને લઈને ગામમાં આવ્યા. પછી સર્વ સાધુ મહારાજો ભેટ છોડી ત્યાં ઉતર્યા. પૂજ્ય શાસનસમ્રાટશ્રી અને બે ચાર સાધુ મહારાજ સાથે ગામના પાદરે દેરાસર જોવા નિકળ્યા.



Jain Education International · For Private & Personal Use Only www.jainelibrary.org

દેરાસરની આજુ-બાજુ ફરી બરાબર નિરીક્ષણ કર્યું. દેરાસરમાં રહેલી પ્રતિમાજીના ભાવથી દર્શન કર્યાં. બાજુના ટેકરા પર રહેલી નાની મોટી મૂર્તિઓ અને અવશેષો એક સ્થળે ભેગા કરીને મુકાવ્યા. પછી પૂજ્યશ્રી વગેરે ગામમાં પધાર્યા. ગોચરી વગેરે વાપરી રહ્યા પછી સાંજે-સંધ્યા સમયે સ્થંડીલ ભૂમિએ જતા હતા, પાદરે એક શ્યામ-શીલા જેવો મોટો પથ્થર દેખાયો. તેના ઉપર લોકો છાણાં થાપતા હતા. પથ્થર ખુબ લીસો દેખાતો હતો, પાસે જઈને પૂજ્યશ્રીએ તપાસ કરી તો શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજી ઉંધા જમીનમાં દટાયેલા હતા.

બીજે દિવસે શ્રી ગોરધનદાસભાઈ ગામમાંથી બે ચાર મજુરોને બોલાવી લાવ્યા. તે પ્રતિમાજી ખૂબ કાળજીપૂર્વક ખોદકામ કરાવીને બહાર કઢાવ્યા. ત્યાં સૌ ગામના માણસો ભેગા થઇ ગયા. ઘડીકમાં પ્રતિમાજીને જુવે અને ઘડીકમાં આપણા પૂજ્યશ્રીને જુએ. આશ્ચર્યપૂર્વક બે ને નિરખે.

પૂજ્યશ્રીએ ગોરધનદાસભાઈને કહ્યું કે, "તમે ગામમાં વાડા જેટલી જગ્યા અત્યારે શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈના નામથી લઈ લો. તેમાં આ પ્રતિમાજી વગરે અવશેષો ગોઠવી દેવાય."

શ્રી ગોરધનદાસભાઈ માસ્તરનો ગામમાં સારો આદર-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માન હતો. એટલે તરત જ એક રબારીનો વાડો ખરીદી લીધો. તેમાં મજુરો પાસે જિર્ણ મૂર્તિઓ અને અવશેષો ત્યાં સારી રીતે મુકાવી દીધા.

વિશેષ તપાસ કરતાં કરતાં આજુ–બાજુ અને દેરાસરની પાછળના ભાગમાંથી એક ખંડીત પ્રતિમાજી–જેની ઊંચાઇ મુળનાયક ભગવાન જેટલી જ હતી, તે મળી આવ્યા. આજુ બાજુમાંથી શ્રી અંબિકાદેવીની અતિ ભવ્ય મૂર્તિ વગેરે ઘણા અવશેષો મળી આવ્યા.

પરિકરની એક ગાદી ઉપરના લેખમાં શ્રી વસ્તુપાળ મંત્રીનો ઇતિહાસ મેળવ્યો. થોડો સમય સૂક્ષ્મ દૃષ્ટિથી તપાસ કરી. જે જે અવશેષો મળ્યા તે સર્વ વાડામાં ગોઠવાવી દીધા.

આ બધી વ્યવસ્થા થયા પછી ત્રીજા દિવસે શ્રી શેરીસા પાર્શ્વનાથ પ્રભુની સન્મુખ ગદગદ કંઠે ભાવભીના હૈયે ભાવવિભોર બનીને સ્તુતિ–સ્તવના કરી. પછી આ પ્રાચીન તીર્થના ઉદ્ધાર માટે પ્રાર્થના કરી. આવા મહાન તીર્થની આ દશા જોઇનેજ પૂજ્યશ્રીનું હૈયું રડી ઉઠયું અને મનથી ગમગીન બની ગયા.

તેજ વખતે મનોમન દૃઢ વિચાર કર્યો કે "તીર્થનો ઉદ્ધાર હું શાસન દેવની સહાયથી અવશ્ય કરીશ."

શ્રી શેરીસા પાર્શ્વનાથ પ્રભુનું અખંડ એકાગ્રચિત્ત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાન સ્મરણ અને તીર્થોદ્ધારની પ્રાર્થના કરવા પૂર્વક પૂજ્યશ્રીએ ત્યાંથી ઓગણજ જવા માટે વિહાર કર્યો. પૂજ્યશ્રીના મનમાં અત્યારે એક તીર્થોદ્ધારનું જ રટણ ચાલતું હતું.

આ શાસનસમ્રાટના નયનોમાં એવું પ્રાણવંતુ તેજ છલકાતું હતું કે, જે પ્રાણી યા પદાર્થ પર પૂજ્યશ્રીની કૃપા દૃષ્ટિ પડતી, તેનામાં નવજીવનનો સંચાર થઈ જતો– તેના અનેક દાખલા મોજુદ છે.

શ્રી શેરીસા તીર્થ પર ફરી વળેલી કાળની કાળી છાયા પર પૂજ્યશ્રીની કૃપાદૃષ્ટિ પડતાં દુર થવાનો અદ્દભુત યોગ તે જ સમયે શરૂ થઈ ગયો, એટલે જ મહાપુરૂષોના યોગને વિરલ કહ્યો છે, તેમજ અનન્ય ઉપકારક પણ કહ્યો. એવો યોગ થતાં જ આ તીર્થના ઉદ્ધારનો શુભ દિવસ આવી ગયો. અને પછી તો વિઘ્નોનાં વાદળ ફટાફટ વિખરાવા માંડયાં. તીર્થોદ્ધારનું મહાન કાર્ય આગળ વધવા માંડયું.

શેરીસાથી ઓગણેજ જવા માટે પોતાનો શિષ્ય પરિવાર સાથે હતો. હવે એવું બન્યું કે થોડું ચાલ્યા એટલે માર્ગમાં બે રસ્તા આવ્યા. એક ઓગણેજનો અને બીજો બીજી તરફનો, તેમાં જે રસ્તો બીજી તરફ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રી ઓગણેજના ખોટા રસ્તે ચઢી ગયા.

જતો હતો. તેને ઓગણેજનો માર્ગ માનીને તે રસ્તે પૂજ્યશ્રી આદિ સાધુઓ ચાલ્યા.

પૂજ્યશ્રીના એક પ્રવર્તક મુનિશ્રી યશોવિજયજી બાલમુનિ આગળ નિકળી ગયેલા. તેથી પૂજ્યશ્રીને ચિંતા થઇ કે યશોવિજયજી કયા રસ્તે ગયા હશે કે ખરેખર યશોવિજયજી ઓગણેજના સાચા રસ્તે ગયેલા હતા. અને પૂજ્યશ્રી આદિ–ખોટા–બીજા રસ્તે જતા હતા. કોઈને આ વાતનો ખ્યાલ નહિ. એટલે સૌ નિશંકપણે ચાલ્યા જતા હતા. ત્યાં જ–એકાએક ચમત્કાર સર્જાયો, ન કલ્પી શકાય–એવો આકાશના ઉંડાણમાંથી દિવ્ય અવાજ આવ્યો: "તમે જે માર્ગે જઈ રહ્યા છો, તે તમારો સાચો માર્ગ નથી, માર્ગ ભૂલ્યા છો! તમે બીજી બાજુના રસ્તે જાવ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કોની વાણી સંભળાય તે નિરખવાં સૌ પાછું વળી જોવા લાગ્યા. તો દૂર સુધી નાના મોટા ઝાડવાં અને સપાટ મેદાન સિવાય કાંઈ જ દેખાયું નહિ, એટલે ખોટી ભ્રમણા થઈ જાણીને સૌ આગળ ચાલવા માંડયું ને ત્યાં તો ફરી ગેબી અવાજ સંભળાયો.

ફરીને આજુ-બાજુ સૌ જુએ છે તો કોઈ દેખાતું નથી. કોનો આ અવાજ આવે છે એ સમજાતું નથી. નિર્જન માર્ગમાં કોઈ આવતું જતું પણ મળતું નથી ને-એટલે મનની મુંઝવણનો ઉકેલ મળતો નથી. એક ક્ષણ વિચાર કરી. પૂજ્યશ્રીએ ગંભીર અને ઉચ્ચે સ્વરે બોલ્યા : "આ બોલનાર કોણ છે? જે હોય તે આવીને અમને માર્ગ બતાવો અને સાચા રસ્તે ચઢાવો."

આનો કોઈ ઉત્તર મલ્યો નહિ. એટલે એક ક્ષણ વિચાર કરી સૌ આગળ ચાલ્યા. થોડે દુર ચાલ્યા ત્યાં તો વળી એક આશ્ચર્યકારક દૃશ્ય નજરે પડયું. રસ્તાની વચ્ચોવચ્ચ એક નાગરાજ કુંડાલાકારે બેઠેલો પૂજ્યશ્રી અને સૌએ જોયું. ફણાને છત્રવત ફેલાવીને ડોલી રહ્યો હતો. જાણે આજનો આશ્ચર્યનો દિવસ જ ઉગ્યો હતો.

આ દૃશ્ય જોઈને પૂજ્યશ્રીને લાગ્યું કે "નક્કી આ તીર્થનો અધિષ્ઠાયક-દેવનો પ્રભાવ છે. આપણે ખોટા માર્ગે ચડયા છીએ, એટલે સત્ય માર્ગે બતાવવા આ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સર્પ દર્શન અને ગેબી ઘોડેસ્વાર આવે છે.

પ્રમાણે કરે છે." આમ વિચાર કરતા હતા. ત્યાં તો ફરીથી દિવ્યવાણી થઈ કે "તમે જમણે રસ્તે જાઓ, ત્યાં શ્વેત ખેતર આવે છે ત્યાંથી પગદંડીએ ચાલ્યા જજો." થોડેક ચાલ્યા હશે સૌ ત્યાં તો દૂરથી એક ઘોડેસ્વાર પૂર ઝડપે દોડતા આવતો દેખાયો. એણે પૂજ્યશ્રી પાસે આવતાં જ મહારાજ સાહેબને કહ્યું: "સાહેબ આ બાજુ પધારો આમ કહી ઘોડે સ્વાર થોડે સુધી સાથે ચાલ્યો." એની સાથે વાતચિત કરવાની ઈચ્છાએ પૂજ્યશ્રીએ પાછું વળીને જોયું તો ખરેખર જાણે રસ્તો બતાવવા કોઇ ગેબી ફીરસ્તો આવી, રસ્તો બતાવી તે ઘોડેસ્વાર ક્યારે અદૃશ્ય થઈ ગયો તેની કોઈને ખબર પડી નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીએ સૌને જમણે રસ્તે ચાલવાનું કહ્યું. થોડે દૂર આવ્યા એટલે એક કપાસનું ખેતર આવ્યું. ત્યાં કેડીના રસ્તે ચાલ્યા. અને થોડીવારમાં ઓગણેજ ગામ આવી ગયું આજે માગશર સુદ ૧૦ નો દિવસ હતો.

મહાપુરુષોને દેવો પણ સહાય કરે છે. તે આપણને અહિં જોવા મળે છે.

શેરીસાથી વિહાર કરીને કેટલાક મુનિવરો અને યશોવિજયજી વિગેરે સિધા જ ઓગણેજ આવી ગયા હતા. તેઓ પૂજ્યશ્રી વિગેરેની રાહ જોતા બેઠા હતા. ચિંતા કરતા હતા કે આજે મોટા મહારાજશ્રી વગેરેને આવતા વાર કેમ લાગી ?

એટલામાં પૂજ્યશ્રી વિગેરે સાધુ આવી પહોંચ્યા. ગોચરી પાણી વાપરીને પરસ્પર વાતો કરતા, આકાશમાં દિવ્યવાણી થયેલ તથા નાગરાજ માગમાં દેખ્યાની તથા એકાએક ઘોડેસ્વાર આવ્યો અને સાચો માર્ગ બતાવીને ક્ષણમાં અદૃશ્ય થઈ ગયો. એ જાણી સૌ મુનિ ભગવંતો પણ નવાઈ પામ્યા.

મૌન એકાદશી મંગલમય સુંદર આરાધના ઓગણેજમાં કરીને, પછી ઓગણેજથી વિહાર કરી પૂજ્યશ્રી સપરિવારે અમદાવાદ પધાર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ ચોત્રીશમું..........

# અમદાવાદમાં શાસન સમ્રાટની પુનઃ પધરામણી

શાસનસમ્રાટ પૂજ્યશ્રી ઓગણજથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. તે વખતે એલીસબ્રીજથી પ્રવેશ કરવાનો હતો. તે બાજુથી આવીને નગરશેઠના *રસાલાવાળા બંગલે પૂજ્યશ્રી બિરાજ્યાં.

નગરશેઠ કસ્તુરભાઈ, શેઠ મનસુખભાઈ, શેઠ જમનાદાસભાઈ, શેઠ પરષોત્તમભાઈ મગનલાલભાઈ, શ્રી દલપતભાઈ મગનભાઈ વિગેરે શેઠીયાઓ વંદના કરવા આવ્યા. સાંજને થોડીવાર હતી. એટલે આપણા પૂજ્યશ્રીએ વાતમાં ને વાતમાં જણાવ્યું:

---

× જ્યાં આજે સિદ્ધ સંન્યાસાશ્રમ છે, તે જગ્યાએ નગરશેઠનો **રસાલાવાળો** બંગલો પહેલાં હતો. તે વખતે આ બધો વિસ્તાર ખાલી હતો. આજુબાજુ ગીચ ઝાડી હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અમદાવાદથી ૧૫ માઈલમાંજ **શેરીસા** પ્રાચીન તીર્થ હતું. તેની કોઈને ખબર પણ નથી. તે તિર્થ સંબંધી પૂજ્યશ્રીએ વિસ્તારથી સર્વ વાત કરી.



હવે આ મહાન તીર્થનો જિર્ણોદ્ધાર કરવાનો સમય પાકી ગયો છે; માટે આ તીર્થોદ્ધાર કરવામાં ભાગ લો.

**રામના** બાણની જેમ પૂજ્યશ્રીનું વચન પણ અચૂક વેધક નીવડતું. એ વચનરૂપી બાણ છૂટયું એટલે શ્રાવકોએ વિના વિલંબે **શ્રી શેરીસા તીર્થ**ના ઉદ્ધારમાં તન, મન ધન લગાડી દીધા.

પ્રથમ શ્રી મનસુખભાઈ શેઠે તીર્થના ઉદ્ધાર માટે ટીપ કરવાની વાત કરી, પૂજ્યશ્રીએ કહ્યું : "એમાં ટીપ શું કરવાની? ૨૫ હજારમાં તો સુંદર જિનાલય થઈ જાય." આ સાંભળી શ્રી મનસુખભાઈએ તરત જ કહ્યું: **"તો સાહેબજી! એ ૨૫ હજાર રૂપિયા તો હું જ આપીશ."**

આવી ઉદારતા જોઈને ત્યાં બેઠેલાએ શેઠની ઉદારતાની સહુએ અનુમોદના કરી. ધન્ય તીર્થ ભક્તિ, ધન્ય ગુરૂ ભક્તિ, ખરેખર આવા શ્રેષ્ઠિરત્નોથી જ જૈન શાસન શોભતું આવ્યું છે. એટલામાં સામૈયું આવી પહોંચ્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ્ય સામૈયા પૂર્વક અમદાવાદમાં પૂજ્યશ્રીએ સહપરિવારે ધામ ધુમ સાથે પ્રવેશ કર્યો. અને પાંજરા પોળના ઉપાશ્રયે પધાર્યા. મંગલ પ્રવચન સંભળાવ્યું. પ્રવચન પુરૂં થતા પ્રભાવના લઈ સૌ વિખરાયા.

હવે જે કાર્ય માટે પૂજ્યશ્રી અમદાવાદ પધાર્યા હતા. તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના બંધારણની પુનઃરચના માટે માર્ગ દર્શન આપવાનું શરૂ કર્યું અને તેને ચોક્કસ ઘાટ આપ્યો.

શેઠ આ. ક. ની પેઢીનો પૂર્વ ઈતિહાસ જાણવા જેવો છે. નગરશેઠ શ્રી પ્રેમાભાઈ હેમાભાઈ* આ પેઢીના આદ્ય સંસ્થાપક. તીર્થરક્ષા માટે તેમની આપ સૂઝ અને લાગણી

---

* ઈ. સ. ૧૮૫૭ના બળવા પ્રસંગે પ્રેમાભાઈ શેઠે બ્રિટીશ સરકારને ઘણી મદદ આપેલી. તે ટપાલ ખાતાનો આશ્રય ૫૭ના બળવા વખતે સરકારને લેવો પડેલો. બળવો શમાવવા માટે આ ટપાલખાતું ઘણું જ મદદગાર નિવડેલું. આ તથા અન્ય અનેક યશસ્વી કાર્યોને લીધે સરકાર તરફથી પ્રેમાભાઈ શેઠને 'રાવબહાદુર'નો માનવંતો ઈલ્કાબ આપેલો.

આ ઉપરાંત તેઓ મુંબઈની ધારાસભાના સ્થાપન સમયથી જ તેના માનદ સભ્ય હતા. અમદાવાદ શહેર સુધરાઈના પ્રમુખ તથા ઓનરરી મેજીસ્ટ્રેટ હતા. આ બધાથી વધારે તો તેઓ અમદાવાદના શ્રીમાન નગરશેઠ હતા. બંગાળાના જગતશેઠની બરોબરી કરે તેવા બુદ્ધિ અને શકિત સંપન્ન હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ અનેરી–અનોખી હતી. શ્રી શત્રુંજય ઉપર આવેલી ઉજમફઈની ટુંક એમણે બંધાવેલી. તેમાં નંદીશ્વર દ્વિપની અદ્ભુત રચના છે, તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૮૩માં થઈ. અનેક સ્થાનોમાં જુદા જુદા ગામોમાં ધર્મશાળાઓ અને ઉપાશ્રયો તેમણે બંધાવેલા.

શ્રી પ્રેમાભાઈ શેઠને પોતાનો વિશાળ વ્યાપારને માટે તેમણે **અમદાવાદ થી ઈન્દોર** સુધી પોતાનું ખાનગી ટપાલ ખાતું રાખેલું.

તે વખતે કેટલાક વર્ષોથી પાલિતાણા–રાજ્ય સાથે જૈનોની અથડામણ ચાલતી હતી. એનો લાભ લઈને એકવાર (વિ. સ. ૧૯૩૨–ઇ. સન ૧૮૭૬માં) પાલિતાણા–ઠાકોરે શેઠ શ્રી ઉપર ચોરીનો આરોપ મૂક્યો. જો કે તેના પરિણામે નામદાર ઠાકોર સાહેબને શેઠશ્રીની પાસે માફી માગવી પડી હતી. આવા અનિષ્ટ રાજદ્વારી સંયોગો જોતાં શેઠશ્રીને તીર્થ–રક્ષણની મજબુત વ્યવસ્થા જરૂરી જણાઈ. તેથી જ તેમણે વિ. સં. ૧૯૩૬માં અખિલ હિંદુસ્તાનના સમગ્ર મૂર્તિપૂજક જૈન સંઘનું અમદાવાદમાં **સંમેલન** ભર્યું હતું.

તે સંમેલનમાં, તીર્થ–રક્ષા માટે શેઠ આ. ક. ની પેઢી, જે પેઢીનું નામ ઘણા વર્ષોથી તીર્થ રક્ષા માટે નગરશેઠ હેમાભાઈ તથા પ્રેમાભાઈ ચલાવતા હતા;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનું વ્યવસ્થિત બંધારણ (પ્રોસીડીંગ) ઘડવામાં આવ્યું. અને પેઢીના પ્રતિનિધિ તરીકે ભારતના જુદા જુદા પ્રાન્તોમાંથી ચૂંટીને લગભગ ૧૦૯ સદ્‌ગૃહસ્થોને નિમવામાં આવ્યા. અને પ્રમુખસ્થાન નગરશેઠે પોતે સંભાળ્યું. તે વખતે પ્રતિનિધિઓની કમિટિએ ઠરાવ્યું કે, "આ. ક. ની પેઢીના પ્રમુખ નગરશેઠ શાન્તિદાસના વંશ જ હોય તે જ બને, અને વહીવટદાર પ્રતિનિધિ અમદાવાદના સ્થાનિક રહેવાસી હોય તે જ બની શકે." આ રીતે પેઢીની રચનાત્મક બંધારણ સહિત સ્થાપના થઈ હતી. તીર્થોની વ્યવસ્થા સુંદર રીતે થવા લાગી.

સં. ૧૯૪૩ માં શેઠ શ્રી પ્રેમાભાઈના સ્વર્ગવાસ પછી પેઢીના પ્રમુખ તરીકે તેમના પુત્ર શ્રી મયાભાઇ નગરશેઠ બન્યા હતા. ત્યાર પછી વખતચંદ શેઠના વંશજ સરદાર **શેઠ લાલભાઇ દલપતભાઇ** પ્રમુખ બન્યા. તે એક બાહોશ મુત્સદ્દી અને પેઢીના મુકાની તરીકે તેઓ વિખ્યાત થયા. તેમની કાર્યદક્ષતાથી બ્રિટીશ સરકારે '**સરદાર**'નું ઈલ્કાબ આપ્યું હતું. તેઓ ગમે તેવા સંયોગોને પણ અદ્‌ભુત કુશળતાપૂર્વક પાર ઉતારવા, એ એમની જીવનસિદ્ધિ હતી. એનો એક જ દાખલો આપણે અહિં જોઇએ.

એક વખત બ્રિટીશ-હિન્દના ના. વાઈસરોય લોર્ડ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્ઝન આબુ-તીર્થના દર્શનાર્થે આવ્યા. તે વખતે મુંબઈથી શેઠ વીરચંદ દીપચંદ આદિ શેઠીયાઓ સાથે આવ્યા હતા. અને અમદાવાદથી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની દીર્ઘદ્રષ્ટિભરી સૂચનાથી શેઠ શ્રી લાલભાઈ પણ બરોબર તે સમયે આબુ પહોંચ્યા.

લોર્ડ કર્ઝન એક ઉત્તમ કલા-પારખું હતા. તેઓ આબુજીના અતિભવ્ય જિનમન્દિરો જોઇને કલાની પૂર્ણ પ્રસંશા કરી, આ આબુની કલા-કારીગરી તેમની આંખે વસી ગઈ. તેમણે એવી ઈચ્છા પ્રગટ કરી કે "અમને યુરોપીયનો (સરકારને) આ જિર્ણ દેરાસરોનો ઉદ્ધાર કરવા દો તો અત્યંત સુંદર અને બિનહરિફ વ્યવસ્થા થઈ શકશે."

આ સાંભળીને શ્રી લાલભાઇ શેઠે વિનયપૂર્વક કહ્યું: "સાહેબ! એ જિર્ણોદ્ધાર તો અમે જ કરાવી લઇશું." (શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વતી) ત્યારે લોર્ડ કર્ઝને કહ્યું, "આ જિર્ણોદ્ધાર માટે ખુબ મોટી રકમ જોઈએ. અમે (સરકાર) ખર્ચી લઇશું."

પ્રત્યુત્પન્ન મતિવાળા લાલભાઈ શેઠે ગૌરવભર્યો ઉત્તર આપ્યો: "સાહેબ! હિન્દમાં અત્યારે ૨૦ લાખ જૈનો છે. હું ઝોળી લઈને એક એક જૈન પાસે જિર્ણોદ્ધાર માટે એક એક રૂપિયાની માંગણી કરું તો વીશ લાખ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપિયા થઈ જાય. આ મંદિરો બાંધનારાઓના વારસદારો ઉત્તમ શિલ્પીઓ છે તેમની પાસે કરાવી લઈશું."

આવો જવાબ સાંભળીને સસ્મિત વદને લોર્ડ કર્ઝન બોલ્યા. 'લાલભાઈ, હું પણ જાણું છે કે હિન્દુસ્તાન નો એક તૃતીયાંશ વ્યાપાર તમારા-જૈનોના હાથમાં છે. એટલે તમે આ તીર્થોદ્ધારના ખર્ચ માટે સમર્થ છો જ.'

શેઠ વીરચંદ દીપચંદ વગેરેને પણ થયું કે પૂ. શાસન સમ્રાટશ્રીની સૂચનાથી શેઠ લાલભાઈ અવસરે આવી પહોંચ્યા તે બહુ જ સારૂં થયું.

આવા બાહોશ હતા શેઠ લાલભાઈ.

તેમને આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી ઉપર અનન્ય શ્રદ્ધા હતી. પૂજ્યશ્રીને તેઓ પોતાના ગુરૂ માનતા. અને શાસનના-તીર્થ સંરક્ષણના દરેક કાર્યો તેઓ પૂજ્યશ્રીની સલાહ-દોરવણી અનુસાર જ કરતા.

શ્રી ગીરનાર તીર્થનો વહીવટ પણ આ. ક. ની પેઢી હસ્તક થયો. તે પૂજ્યશ્રીથી કુનેહભર્યા માર્ગ દર્શન અને શેઠશ્રીની કાર્યદક્ષતાને જ આભારી છે. શ્રી સમેતશિખર વગેરે તીર્થોની રક્ષા-વ્યવસ્થા માટે તેમણે ઘણો જ ભોગ આપ્યો. તેઓ સં. ૧૯૬૮ના જેઠ વદી પાંચમનો દિવસે એકાએક સ્વર્ગવાસી બન્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમના પછી પેઢીના પ્રમુખસ્થાને નગરશેઠ શ્રી ચીમનલાલ લાલભાઇ આવ્યા. તેઓ ફક્ત બે માસ સુધી પ્રમુખ તરીકે રહ્યા, અને પોતાની ૨૮ વર્ષની વયે જ અવસાન પામ્યા. તેમની તેજસ્વી બુધ્ધિ શક્તિનો અધિક પરિચય આપણને કે શ્રીસંઘને ન મળ્યો.

તેમના પછી નગરશેઠ કસ્તુરભાઈ મણીભાઈ પેઢીના પ્રમુખ બન્યા. તેમને આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી ઉપર અવિહડ અને અનન્ય પ્રેમ તેમજ ભક્તિ હતી. કુનેહ અને બુધ્ધિમાં તેઓ અજોડ હતા. પૂજ્યશ્રીની સલાહ લીધા વિના-પેઢીનું કે શ્રીસંઘનું કોઈ પણ કાર્ય તેઓ કરતા નહિ.

પૂજ્યશ્રી જે સલાહ આપે, જે આજ્ઞા ફરમાવે, એ જ અનુસાર આખી પેઢી તથા નગરાશેઠ કાર્ય કરતા. અને એટલા જ માટે પ્રસ્તુત બંધારણની પુનર્રચનાના પ્રસંગે પણ પૂજ્યશ્રીને શ્રીસંધની વિનંતીથી કલોલથી કપડવંજ ન જતા અમદાવાદ પધારવું પડયું હતું.

આમ આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી સાચા અર્થમાં શાસન સમ્રાટ અથવા સંઘનાયક હતા. તે આ પ્રસંગથી પુરવાર થાય છે.

હવે પેઢીના બંધારણનું કાર્ય શરૂ થયું. વિ. સં. ૧૯૯૯ માગસર વદ ૫-૬-૭ના એમ ત્રણ દિવસ રાખ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અખિલ ભારતમાંથી લગભગ એક હજાર જેટલા પ્રતિનિધિઓ આવ્યા હતા. નગરશેઠ પ્રેમાભાઈના વંડે સંઘપતિ શ્રી કસ્તુરભાઈ મણીભાઈના પ્રમુખપણા હેઠળ આ અખિલ ભારતીય શ્રી જૈન સંઘના પ્રતિનિધિઓનું સંમેલન મળ્યું. આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી સર્વ શ્રેષ્ઠિવર્યોને યોગ્ય અને સચોટ માર્ગદર્શન આપતા હતા.

એમાં "શેઠ આ. ક. ની મુખ્ય પેઢી જે અમદાવાદ ખાતે છે, તે ત્યાં જ રાખવી." વગેરે અનેક અગત્યની બાબતના નવા બંધારણીય ઠરાવો પસાર કરવામાં આવ્યા. જુના બંધારણના કેટલાક ઠરાવોમાં સુધારા-વધારા કરવામાં આવ્યા. અને બાકીના ઠરાવો જુના બંધારણના જ રહેવા દેવામાં આવ્યા.

આમ કુલ ૩ દિવસમાં પરસ્પર વિચારણાઓ સહિત પેઢીના બંધારણની પુનર્રચના નિર્વિઘ્નપણે સર્વાનુમતે થઈ. આ વખતે ફરીથી જૈન કોમને સંઘ-વ્યવવારમાં સાથે લઈ લેવાની જે ઈચ્છા શેઠશ્રી મનસુખભાઈના મનમાં હતી, તે ફળીભૂત ન થઈ.

દિન રાત શાસનના હિતની ચિંતામાં રહેતા, શેઠ મનસુખભાઈ, તેમણે તન-મન અને ધન એ ત્રણે વડે શાસનની અમાપ સેવા બજાવી હતી. તીર્થ-રક્ષા માટે તો તેમના હૃદયમાં ઘણી ઘણી હોંશ અને ધગશ ભરેલી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી. આ બંધારણના પુનર્રચના–પ્રસંગે એકત્ર થયેલા ગામોગામના પ્રસિદ્ધ સદ્‌ગૃહસ્થોમાંના ભાવનગર નિવાસી અમરચંદ જસરાજ, શેઠ રતનજી વીરજી, શેઠ કુંવરજી આનંદજી, તેમજ સુરત તેમજ આદિ શહેરોના આગેવાનો સહિત શેઠ મનસુખભાઈ એકવાર પૂજ્યશ્રી પાસે બેઠેલા. વાતવાતમાં તીર્થ રક્ષાની વાત નીકળી. એ વખતે શેઠશ્રીએ પૂજ્યશ્રીને વિનમ્રભાવે પૂછયું: "સાહેબ અત્યારે શ્રી શત્રુંજય, શ્રી સમેતશિખર, ગિરનાર, તારંગા વગેરે તીર્થો અંગેના પ્રશ્નો આપણી સમક્ષ પડયા છે. તીર્થોના હક્ક-રક્ષણ બાબતમાં સલાહ–સૂચન કે માર્ગ દર્શન લેવા માટે આપ શ્રીમાન્ જ અમારા સૌના આધાર સ્થાન છો. 'ન કરે નારાયણ' ને કોઈ એવો ગુંચવાડો ઊભો થાય, તો આપશ્રી અહીંથી વિહાર કરીને કેટલા દિવસમાં રાજકોટ પહોંચી શકો ?"×

પૂજ્યશ્રીએ ફરમાવ્યું : "ઝડપી વિહાર કરીને ત્યાં પહોંચવામાં પણ પંદર દિવસ તો લાગે."

---

× આ પ્રશ્ન પૂછવાનો હેતુ એ કે–રાજકોટમાં પોલિટિકલ એજન્ટ રહેતા હતા. સૌરાષ્ટ્રમાં આવેલા આપણા તીર્થોની રક્ષા વિગેરેના પ્રશ્નો પતાવવા માટે પોલિટિકલ એજન્ટને પૂજ્યશ્રી મળે, સમજાવે તો ઘણો જ ફાયદો આપણા જૈન સંઘને થાય. પૂજ્યશ્રી રાજકોટ પધારે તો પોલિટિકલ એજન્ટને વારંવાર મળવાનું શક્ય બને. માટે જ પૂજ્યશ્રીને આવો પ્રશ્ન પુછેલો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સાંભળીને શેઠે વિનંતી કરી : "કૃપાળુ શાસનના હિત માટે પૂર્વના મહાપુરૂષોએ અપવાદ તરીકે ડોલીનો–પાલખી વિગેરેનો ઉપયોગ કર્યાનું સંભળાય છે, તો આપશ્રી પણ આવા પ્રસંગે અપવાદરૂપે ડોલીનો ઉપયોગ કરો તો શો વાંધો ?" શેઠના શબ્દોમાં અપૂર્વ ગુરૂભક્તિ ભર્યાં હતા.

"પૂજ્યશ્રીએ કહ્યું : 'મહાનુભાવ ! હું પૂર્વના મહા પુરુષોની કોટિનો નથી,' કે જેથી હું તેઓનું અનુકરણ કરી શકું."

કેવી મહાનતા છતાં કેવી લઘુતા ?

પૂજ્યશ્રીની આ વિનમ્રતા જોઈને શેઠ ગદ્ ગદ થઇ ગયા. પણ શેઠે તો કહ્યું : "સાહેબ ! અમારે મન્ તો આપ શ્રી મહાન પુરૂષ જ છો. કારણ કે "હીરા મુખસે ના કહે, લાખ હમારા મૂલ."

રગ–રગમાં ગુરૂ ભક્તિ અને તીર્થભક્તિના આ પ્રસંગે આપણુને ભવ્ય દર્શન થાય છે. અને એ દર્શનની સાથે જ આપણા મુખમાંથી ઉદ્ગાર સરી પડે છે : ધન્ય શેઠ ! ધન્ય ભાવના ! અને ધન્ય ગુરુ ભક્તિ !

જ્યારે જ્યારે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી અમદાવાદમાં બિરાજતા હોય, ત્યારે શેઠશ્રીની દિવસ–ભરમાં એક વાર તો અચૂક હાજરી હોય જ. કદાચ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસે ન અવાય તો રાત્રે ૧૦ વાગે પણ તેઓ પૂજ્યશ્રી પાસે આવતા અને શાસનના વિવિધ પ્રશ્નોને ચર્ચતા.

આવા એ દેવગુરૂના અવિહડ અનુરાગી-દિલાવર-દિલના શ્રેષ્ઠિવર્યની તબીયત માગસર વદ ૯-૧૦ના દિવસે બગડી. ત્રણેક દિવસ થોડો થોડો તાવ આવ્યો. અને વિ. સં. ૧૯૬૯ના માગસર વદ ૧૨ ના દિને+ શ્રેષ્ઠિ મનસુખભાઈએ નવકાર મંત્રમાં જીવ રાખીને સમાધિપૂર્વક દેહ છોડયો. સ્વર્ગવાસી થયા.

શેઠના સ્વર્ગવાસના દુઃખદ સમાચારથી સમગ્ર ભારતના શ્રી જૈનસંઘને આંચકો લાગ્યો. સૌના હૈયામાં શાસનના એક સપૂતને ખોયાનો રંજ હતો.

આ ઉપરથી સમજાય છે કે શેઠશ્રીએ શ્રી સંઘની કેટલી ચાહના મેળવી હશે? પણ કાળ બળ આગળ

---

+ જૈન ધર્મ પ્રકાશ, માસિક ભાવનગર પોષ માસના અંકમાં 'અમદાવાદના શ્રીસંઘના આગેવાન, એટલું જ નહીં પણ આખા હિન્દુસ્તાનના શ્રાવક સમુદાયમાં એક અમુલ્ય જવાહીર સમાન શેઠ મનસુખભાઈ ભગુભાઈ છેવટની શ્રી સંઘની સેવા બજાવીને ગયા માગસર વદી ૧૨ શનિવારની રાત્રિના ૯ કલાકે માત્ર ત્રણ દિવસના જવરના વ્યાધિમાં એકાએક પંચત્વને પામ્યા છે, એમ આકસ્મિક મરણથી જે પારાવાર ખેદ થયો છે, તે ટુંકમાં બતાવી શકાય તેમ નથી. પરમાત્મા તેમના આત્માને સુખશાન્તિ આપો એમ ઈચ્છીએ."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોનું ચાલે છે? માટે જ જ્ઞાની ભગવંતના વચન પ્રમાણે આરાધના કરી હશે તેજ સાથે આવશે. સંગ્રહ કરેલી લક્ષ્મી સાથે નહિ આવે.

તેમના પુત્ર રત્ન શ્રી માણેકલાલભાઈએ પોતાના પિતાશ્રીના શ્રેયોનિમિત્ત ઘણાં ઘણાં સત્કાર્યોનો પ્રવાહ ચાલુ રાખ્યો. તેમજ પૂજ્યશ્રીના ઉપકારક ઉપદેશને ઝીલવાની સતત ખેવના તેમના પિતાશ્રી જેવી જ દાખવી.

સંત મહાસંતના પડખા સિવાય માનવીનું મન, મોટે ભાગે સાંસારિક પ્રવૃત્તિઓમાં પરોવાઈ જાય છે. અને તેનાથી સ્વ-પરને ગેરલાભ થાય સ્વ-પરને સાચો લાભ તો સંતોની સેવામાં રહીને સત્કાર્યોની ગંગા વહાવવાથી જ થાય છે.

આમ જેમનું જીવન સત્કાર્યોમાં વિત્યું, એમના મૃત્યુ પછી પણ સત્કાર્યો થયા.

卐

* * * * * * * * * * * * * * * * *

* સદ્ધર્મના સંસ્કારો પાડ્યા સિવાય વ્યવહારિક જ્ઞાનમાં આગળ વધવું તે નાસ્તિકતાની હદમાં પ્રવેશ કરવા જેવું છે. *

* * * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ પાંત્રીશમું.........

# અમદાવાદથી શાસનસમ્રાટ કપડવંજ પધાર્યા

શાસન ઉદ્યોતના અનેક કાર્યો કરતા આપણા ચરિત્ર નાયક પૂજ્ય શ્રી અમદાવાદ બે ત્રણ માસની સ્થિરતા કરીને કપડવંજ પધાર્યા.

કપડવંજના શ્રી સંઘે દબદબા પૂર્વક બાદશાહી સામૈયું કર્યું. પોતાની સાથે મોટો સાધુ સમુદાય હતો તેમાં ત્રણ નામાંકિત વિદ્વાન પૂજ્ય મુનિવરોને છેલ્લા પાંચ માસથી પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્રના યોગો દ્વહનની ઉત્કૃટ ક્રિયા ચાલુ હતી.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીનો સુવિશાળ દેહ, ચમકતું મુખારવિંદ, વિશાળ ભાલ, કરૂણાને વેધક આંખો, ગરવું સુડોળ નાક અને નીડરતાથી ભર્યો તેમજ વીરતાથી ઓપતો ચહેરો, ગમે તેને પ્રથમ દર્શને જ પ્રભાવિત કરે તેવા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં વળી સિંહ ગર્જના જેવી જુસ્સાદાર વાણી તો ભલભલાને અસર કરે ને ક્ષણવારમાંજ પોતાના કરે તેવી હતી.

કપડવંજની ભાવિક પ્રજા બહુજ શ્રદ્ધાવંત વિવેક સંપન્ન હતી. પૂજ્યશ્રીની વ્યાખ્યાન શૈલી પણ અતિ તેજસ્વી હતી. દિનપ્રતિદિન લોકો તન્મય થઈ સાંભળી રહ્યા હતા. પ્રતિદિન સંખ્યા વધતી જતી હતી. ઉપાશ્રયનો હોલ નાનો પડવા લાગ્યો.

પૂજ્યશ્રીની પાવનનિશ્રામાં યોગોદ્વહનની ક્રિયા ચાલી રહી હતી. એ સર્વાનુયોગમય શ્રી ભગવતીજી સૂત્રની અનુજ્ઞા સ્વરૂપ ગણિપદ તથા પન્યાસ પદથી ત્રણે મુનિ ભગવંતોને અલંકૃત કરવાનું શુભ મુહૂર્ત નજીક આવ્યું.

આ પ્રસંગે કપડવંજના શ્રી સંઘે વિચાર્યું કે, "આપણા મહાન ભાગ્યોદયેજ આ શુભ અવસર આપણને મળ્યો છે. શાસન સમ્રાટનો ભક્ત વર્ગ બહુ વિશાળ છે. તેથી આવો પ્રસંગ આપણને ભાગ્યેજ મળે! માટે અતિ ઉમંગથી અને ઉલ્લાસ ભાવે ઉજવવાનો કપડવંજના શ્રી સંઘે નિર્ણય કર્યો.

સૌના મનમાં એક જ ભાવ કે શાસન શોભા અપૂર્વ રીતે કરી આપણી જિંદગી પાવન કરવી. એક એકથી સવાઈ સામગ્રી એકઠી કરવા માંડી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષાડ સુદમાં મહોત્સવનો ખુબ ધામધુમથી આરંભ થયો. કપડવંજના આખાય શ્રી સંઘમાં અનેરો ઉત્સાહ-ઉમંગ હતો. જેનું વર્ણન કલમથી ન આલેખી શકાય તેવું હતું.

તે વખતે ભાવનગરથી પ્રગટ થતું "**જૈન ધર્મ પ્રકાશ**" માસિકમાં છપાયેલ અહેવાલ અહિં આપણે વાંચી જઈએ. જેથી આપણને આ પ્રસંગની કાંઈક ઝાંખી થાય.

## કપડવંજમાં અતિ માંગલિક પ્રસંગ

આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી પોતાના શિષ્ય પરિવાર સાથે કપડવંજ ખાતે બિરાજે છે, તેઓ પોતાના ઉત્તમ-નિર્મળ ચારિત્ર તેમજ અસાધારણ વિદ્વત્તા માટે હજારો જૈનોથી સેવાયેલા હોવાથી તેઓના શિષ્યો સંબંધી કોઈપણ ધાર્મિક પ્રસંગ પ્રાપ્ત થતાં ભાવિકોમાં એવો ઉત્સાહ ફેલાઈ રહે છે કે—યથાસ્થિત આદર્શ જેઓ તે પ્રસંગે હાજર રહેવા ભાગ્યશાળી થાય છે તેમને જ લાભ મળી શકે છે.

તેમના શિષ્યો પૈકી ત્રણ શિષ્યો-નામે પૂ. મુનિરાજ શ્રી દર્શનવિજયજી, પૂ. મુનિરાજ શ્રી ઉદયવિજયજી અને પૂ. મુનિરાજ શ્રી પ્રતાપવિજયજીને ગણીપદ તથા અનુયોગાચાર્યપદ (પંન્યાસપદ) આપવાનો મહોત્સવ કપડવંજના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસંઘે ઘણી જ ધામધુમથી અને મોટી ઉદારતાથી ચાલુ અઠ્ઠાડિયામાં ઉજવ્યો છે.

આ બંને પદવી આ મુનિમહારાજાઓ ઘણાં વર્ષોના સતત અભ્યાસ, ઉત્કૃષ્ટ તપ, અને મનોનિગ્રહયુક્ત ક્રિયા બાદ દેવગુરુકૃપાથી મેળવી શક્યા છે. અને તેવો અલૌકિક પ્રસંગ પામવા માટે ધર્મી જૈનો તેમને "મહાભાગ્ય" ધ્વનિથી વધાવી લે તે સ્વાભાવિક જ છે. ત્રણે મુનિમહારાજ સંસ્કૃત વ્યાકરણ, ન્યાય જૈન સિદ્ધાંત તથા સાહિત્ય વગેરેનું ઘણા ઊંચા પ્રકારનું જ્ઞાન ધરાવે છે. તેથી તેમજ ઉંચા ચારિત્રબળથી અને લાંબા વખતના અસ્ખલિત અભ્યાસથી તેમણે જે ઉંચી પદવી પ્રાપ્ત કરી છે. તેને માટે તેઓ પૂરતી રીતે યોગ્ય છે.

આ માંગલિક પ્રસંગ ઉપર અમદાવાદ, ભાવનગર, ખંભાત, બોટાદ, મુંબઈ વિગેરે શહેરોથી તથા આસપાસના ગામોથી અને દૂરના ગામોથી હજાર ઉપરાંત જૈન-ભાઈઓ કપડવંજ આવ્યા હતા. અમદાવાદથી નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ, શેઠ માણેકલાલભાઈ મનસુખભાઈ, શેઠ મણિલાલ મનસુખભાઈ, તાલુકદારી સેટલમેન્ટ ઓફિસવાળા શેઠ મોહનલાલ લલ્લુભાઈ, શેઠ મોહનલાલ મુળચંદભાઈ, શેઠ પરસોતમભાઈ ભગનભાઈ, શેઠ પ્રતાપસિંહ મોહનલાલભાઈ, શેઠ છોટાલાલ લલ્લુભાઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિગેરે ગૃહસ્થો આવ્યા હતા. શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ મણિભાઈ દલપતભાઈ તથા ભાવનગરવાળા કુંવરજી આણંદજી વિગેરે આવી શક્યા નહોતા. તેમની તરફથી તેમજ (સ્વ.) નગરશેઠ ચીમનભાઈ લાલભાઈ તરફથી તાર, ટપાલ, કાગળો આવ્યા હતા.

ભાવનગરથી શેઠ અમરચંદ જસરાજ, ખંભાતથી શેઠ પોપટભાઈ અમરચંદ, ખેડાથી શેઠ ભાઈલાલભાઈ અમૃતલાલ અને બોટાદથી સલોત છગનલાલ મુળચંદ વગેરે ગૃહસ્થો આવ્યા હતા. ટ્રેનની અગવડ છતાં ફક્ત અમદાવાદથી જ આશરે છસો (૬૦૦) જૈન બંધુઓ આવ્યા હતા.

અષાડ સુદ ૬-૭ ને રોજ ગણીપદ આપવાની અને શુદ ૯-૧૦ ને રોજ અનુયોગાચાર્ય (પંન્યાસ) પદ આપવાની ક્રિયા શાસ્ત્રોક્તવિધિ વિધાન પૂર્વક આચાર્ય મહારાજશ્રીએ નિર્વિઘ્ન રીતે કરાવી હતી. અને તેમણે તેમજ શ્રી સંઘે અનુયોગાચાર્ય (પંન્યાસ) શ્રી દર્શનવિજયજી ગણી, અનુયોગાચાર્ય (પંન્યાસ) શ્રી ઉદયવિજયજી ગણી તથા અનુયોગાચાર્ય (પંન્યાસ) શ્રી પ્રતાપવિજયજી ગણી તરીકે વાસક્ષેપ કરી જય જયકાર ધ્વનિથી તેમને વધાવી લીધા છે.

આચાર્ય મહારાજશ્રીએ અનુયોગાચાર્યોને તથા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કપડવંજ નગરે શાસન સમ્રાટ ત્રણ મુનિ ભગવંતોને વિધિપૂર્વક અનુયોગાચાર્યપદ અર્પણ કરે છે.

મુનિઓને તે વખતે જે બોધ આપ્યો છે તે ઘણો અસરકારક અને મનન કરવા યોગ્ય હતો. અનુયોગાચાર્ય પદનું વિધાન થયા પછી જેઓને માટે ઘણા મોટા યુરોપીયન ઓફિસરોના સર્ટીફિકેટો છે, જેમનું નામ સંસારી અવસ્થામાં "બોડીવાળા માસ્તર" તરીકે પ્રસિદ્ધ હતું, અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેઓનું અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી જ્ઞાન ઘણું ઊંચું છે, જેઓ હાલ દીક્ષા લઈ મુનિ શ્રી ચંદન વિજયજી મહારાજ તરીકે ઓળખાય છે, તેઓએ બાજોઠ ઉપર બેસી ઇંગ્લીશમાં એક છટાદાર ટુકું ભાષણ કર્યું હતું. અને બે હજાર જૈનોથી વધાવી લેવામાં આવ્યું હતું.

આખું અઠવાડિયું અઠ્ઠાઈ મહોત્સવ, પૂજા, પ્રભાવના, અને સ્વામિવત્સલ વિગેરે ધર્મકાર્યોથી ઘણા આનંદ સાથે પસાર થયું હતું.

શુદ ૮ ના રોજ ઘણી ધામધુમથી ભવ્ય રથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. તેમાં ચાંદીના રથમાં અને પાલખીમાં ભગવાન પધરાવવામાં આવ્યા હતા.



સાથે પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી તથા સર્વ મુનિમહારાજ હતા. તેની રચના એવી તો અપૂર્વ થઈ હતી કે-હજારો જૈનો ઉપરાંત અન્યદર્શની ભાઈઓએ પણ ઘણો ઉત્સાહ બતાવી અપૂર્વ પુણ્ય બાંધ્યું હતું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## કપડવંજ નગરે અદ્‌ભૂત બનાવ

વળી–આ મહાન માંગલિક પ્રસંગે એવો અદ્‌ભુત ધર્મ–પ્રભાવ દેખાયો હતો કે-જ્યારે ગણીપદ અને પંન્યાસપદની ક્રિયાની શરૂઆત થતી હતી કે તરત જ વર્ષા તદ્દન બંધ, અને ક્રિયા પૂરી થયા પછી વર્ષા શરૂ.

ત્યારપછી વાજતે ગાજતે બહારની વાડીના દેરાસરે દર્શન કરવા જતી વખતે વર્ષા બંધ અને વરઘોડો ઉતર્યા પછી પાછો વર્ષા શરૂ. અને નોકારશી જમતી વખતે વર્ષા બંધ, અને નોકારશી જમ્યા પછી વર્ષા શરૂ. આઠમને દિવસે મોટો વરઘોડો ચડયો હતો, ત્યારે પણ વર્ષા બંધ, અને વરઘોડો ઉતર્યા પછી વર્ષા શરૂ.

આમ પાંચે દિવસ થવાથી જૈનધર્મના પ્રભાવ વિષે અન્ય દર્શનીઓએ ઉણ અતિ અનુમોદના કરી છે. અને અનેક જીવોએ બોધિબીજની સન્મુખ દશા પ્રાપ્ત કરી છે.

કપડવંજના શ્રીસંઘે બહારગામથી આવેલા જૈન ભાઈઓની સરભરા કરવા માટે તન–મન અને ધનનો ભોગ આપવામાં બિલકુલ કચાસ રાખી નથી. તેઓ બહારગામથી પધારેલા જૈન ભાઈઓની બરદાસ કરવાને કટિબદ્ધ થઈ રહ્યા હતા. ધન્ય છે આવી સ્વામીભક્તિ અને નિરભિમાનતાને. નગરશેઠ જેશીંગભાઈ પ્રેમાભાઈ, શેઠ શામળભાઈ નથુભાઈના વિવેકી અને બાહોશ મુનીમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મી. વલ્લભરામ, શેઠ જમનાદાસ કરમચંદ, શેઠ વાડીલાલ જમનાદાસ, શેઠ બાલાભાઈ દલસુખભાઈ, શેઠ વાડીલાલ દેવચંદ, શેઠ ચીમનભાઈ બાલાભાઈ, શા. ન્યાલચંદ કેવળદાસ, તથા પ્રેમચંદભાઈ વિગેરે ગૃહસ્થો બહાર ગામથી આવેલા પરોણાઓને પોતાને ઘેર ઉતારી તેમની સરભરા કરવામાં ઉભા ને ઉભા રહ્યા હતા.

આ પ્રસંગે અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના, શેઠ શામળભાઈ નથુભાઈ તરફથી નોકારશી તથા શ્રીફળની બે પ્રભાવના, શ્રી જૈન તત્ત્વ વિવેચક સભા તરફથી નોકારશી તથા શ્રીફળ ની પ્રભાવના, ભાવનગરવાળા શેઠ અમરચંદ જસરાજ તરફથી શ્રીફળની પ્રભાવના, તથા ખંભાતવાળા શેઠ અમરચંદ પ્રેમચંદ તરફથી નોકારશી, અમદાવાદવાળા શા. લલ્લુભાઇ મનોરદાસ તરફથી નોકારશી, ઝવેરી બાપાલાલ નકાલચંદ તરફથી બદામની પ્રભાવના કપડવંજના શ્રી સંઘ તરફથી નોકારશી તથા બોટાદના ગૃહસ્થો તરફથી લાડવાનું લ્હાણું વિગેરે સત્કાર્યો થયા હતા.

વળી શેઠ મનસુખભાઈ ભગુભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના, અને ત્રણ અનુયોગાચાર્ય (પંન્યાસશ્રી) વિગેરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિઓને ભણાવનાર ત્રણ[1] શાસ્ત્રીઓના સત્કારને માટે મોટી રકમના સોનાના દાગીના તથા શાલજોટા વિગેરેની બક્ષીસ કરવામાં આવી હતી. તથા બીજા માણસોને પણ મોટી રકમના સોનારૂપાના દાગીના, પાઘડી, શાલ વિગેરેની સારી બક્ષીસો આપવામાં આવી હતી.

આ મહોત્સવ પ્રસંગે ઉપર મુજબ અઠ્ઠાઈ મહોત્સવ પાંચ નોકારશી, અને છ શ્રીફળની પ્રભાવના વિગેરે ધર્મકાર્ય થયા હતા.

વળી કપડવંજના શ્રીસંઘે સ્પેશીયલ ટ્રેન મુકાવી, આવેલા જૈન ભાઈઓને સગવડ કરી આપી હતી.

પવિત્ર મહાન પુરૂષો જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં ધર્મનો ઉદ્યોત થાય છે, તેમાં કાંઇ નવાઈ નથી.

---

૧. ષડ્દર્શનવેત્તા અને ભારતભરમાં અદ્વિતીય સંસ્કૃતજ્ઞ વિદ્વાન શ્રી શશિનાથ ઝા, પંડિતવર્યશ્રી મુકુંદ ઝા અને પંડિતવર્યશ્રી વિક્રમ ઠક્કુર, એ ત્રણ શાસ્ત્રીજી. આ ત્રણ શાસ્ત્રીજી તથા બીજા પણ દેશવ ઝા. વગેરે શાસ્ત્રીઓ વર્ષોથી પૂજ્યશ્રીના શિષ્યોમાં અધ્યાપન માટે રહેતા. તેનો પગાર વિ. સર્વ ખર્ચ શેઠ શ્રી મનસુખભાઈજ કાયમ આપતા. અને શેઠશ્રીના સ્વર્ગવાસ પછી શેઠશ્રી માણેકલાલભાઈએ પણ એજ રીતે પંડિતોનો સર્વ ખર્ચ પોતાના તરફથીજ વર્ષો સુધી આપ્યો હતો. જ્ઞાન અને જ્ઞાનીની ભક્તિનું આ એક જ્વલંત અને અનુમોદનીય દૃષ્ટાંત છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા પવિત્ર પુરૂષોથી જૈન શાસન જયવંતુ વર્તે છે, એવી લોકવાણી પ્રાણી માત્રનું કલ્યાણ કરો, એમ ઈચ્છી આ ટુંક લેખ સમાપ્ત કરવામાં આવે છે."

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની ચરિત્રપૂત પ્રતિભા માં એ જાદુ હતો કે જ્યાં જ્યાં પગલા પડતાં ત્યાં મંગલમય ધર્મની હવા બંધાઈ જતી. આગ્રહ કરીને કરાવવાની ક્યાશ તેઓશ્રીમાં ન હોતી.

આમ કપડવંજમાં વિ. સં. ૧૯૬૯નું ચાતુર્માસ પણ વિવિધ શાસન પ્રભાવકકાર્યો કરાવવાપૂર્વક વીતાવ્યું.

શ્રી માણેકલાલ મનસુખભાઇની આગ્રહપૂર્વક વિનંતી હોવાથી પોતાના લગ્ન પ્રસંગે મોટી ધામધુમપૂર્વક ૫૧ છોડનાં ઉજમણું હોવાથી આ પ્રસંગે સાચા મોતીના અને ઉંચી કસબના અતિ ભવ્ય છોડ ખાસ કરાવ્યા હતા. અને ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ કરાવવાનો હોઇ તે પ્રસંગે અમદાવાદ પધાર્યા.

* * * * * * * * * * * * * * * * * * *

એકેનાપિ સુપુત્રેણ, જાયમનિચ્ચ સત્કુલમ્ ।
શશિના ચેવ ગગનં, સર્વદૈવોજ્જ્વલકૃતમ્ ॥

'જેવી રીતે એકજ ચંદ્ર આકાશને ઉજ્જવલ કરે છે, તેમ એકજ પુત્ર પણ સત્કુલને શોભાવે છે ઉજ્જવલ કરે છે.

* * * * * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધન્ય સમાધિ ધન્ય મૃત્યુ

## કિરણ છત્રીસમું...........

કપડવંજથી વિહાર કરી પોતાના વિદ્વાન શિષ્ય રત્નાદિ પરિવાર સાથે આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી ૫૧ છોડના ઉદ્યાપન મહોત્સવ પ્રસંગે વિહાર કરતાં અમદાવાદ પધાર્યા. શ્રી માણેકલાલભાઈ તરફથી પ્રવેશ મહોત્સવ, દબદબાપૂર્વક બાદશાહી ઠાઠથી ભારે ઉત્સાહથી તથા સામૈયા સાથે કરાવ્યો.

૫૧ છોડનો ઉદ્યાપન–ઉજમણું અનેરા ઉત્સાહ અને ઉલ્લાસભાવે શાસન સમ્રાટ પૂજ્યશ્રીની નિશ્રામાં ભારે ઠાઠથી ઉજવાયો. આનું વર્ણન લેખની દ્વારા લખાય તેમ નથી જે ભાગ્યશાળીઓએ આંખે જોયું તે જ જાણ્યું.

શેઠશ્રીની ઉદારતા, ઉત્સાહ–ઉમંગ અને મહાન પુરુષની પાવનનિશ્રા, વિશીષ્ઠ રાજનગરના ક્રિયા કારકો ઉત્તમોત્તમ અપૂર્વ સામગ્રીનો સંયોગ. આજે એવા ઓચ્છવની સંભાવના ન જ થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વખતે પૂજ્યશ્રીના નાની વયના અજોડ અને અનુપમ વિદ્વાન શિષ્ય રત્ન **પ્રવર્તક મુનિશ્રી યશોવિજયજી** આદિ સં. ૧૯૯૯નું ચાતુર્માસ પૂજ્યશ્રીની આજ્ઞાથી ખેડામાં કર્યું હતું તેમણે છેલ્લા કેટલાક સમયથી જીર્ણજ્વરનો વ્યાધિ લાગુ પડયો હતો. અને તેમાંથી તેમને ક્ષયનો વ્યાધિ લાગુ પડયો હતો. એના અનેક ઉપચારો કરાવ્યા છતાં ફેર ન પડયો.

છેલ્લે તે વખતના પરછે ગામના પ્રસિદ્ધ **વૈદરાજ શ્રી ઇશ્વર ભટ્ટ*** ના સતત ઉપચારો કરવા છતાં વ્યાધિ કાબૂમાં ન આવ્યો. તેથી મુનિશ્રીની તબીયત ગંભીર બનતી જતી હતી.

તેમની ભાવના હતી કે "મારે પૂજ્ય ગુરૂદેવના દર્શન કરવા છે." પૂ. પં. શ્રી પ્રતાપ વિજયજી મ. આદિ મુનિવરોને પ્રથમથી ખેડા મોકલી આપ્યા હતા. તેઓ તેમની ખડે પગે સેવા શુશ્રૂષા કરતા હતા. તેમને પણ લાગ્યું કે હવે તબીયત ગંભીર થતી જાય છે, એટલે તેમણે પૂજ્યશ્રીને અમદાવાદ કહેવડાવ્યું કે : "પ્ર. શ્રીયશોવિ. મ. ની તબીયત વિશેષ નરમ થતી જાય છે. જેમ શ્રી

* શ્રી ઇશ્વર ભટ્ટ વૈદ્યરાજ બહુ જ વિદ્વાન હતા. જેઓ સાધુ-સાધ્વીઓને વિજયપ્રશસ્તિ મહાકાવ્ય વિગેરે જૈન સંસ્કૃત કાવ્ય ગ્રંથોનું અધ્યાપન પણ બહુ સારી રીતે કરાવતા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૌતમ સ્વામીજી શ્રી મહાવીર પ્રભુને સ્મરતા હતા, તેમ આપશ્રીનું સ્મરણ પ્રવર્તકજી કરી રહ્યા છે; માટે આપશ્રી વેલાસર અહીં પધારો તો સારૂં."

આ સમાચાર મળતાં જ પૂજ્યશ્રી મુનિશ્રી વિજ્ઞાન વિજયજી મ. ને સાથે લઈને ઉગ્ર વિહાર કરી ખેડા તરફ ગયા. તેમણે ત્યાં જઈ પૂજ્યશ્રી પધારી રહ્યાના સમાચાર આપ્યા. એ સાંભળીને યશોવિજયજી મ. ને ખૂબ સંતોષ થયો. પણ તેમની તબીયત બગડતી જતી હતી. ઉત્તમ વૈદરાજો–ડોક્ટરો તબીયતને કાબૂમાં લેવામાં તત્પર હતા. પણ પ્રવર્તકજી મહારાજને જાણે ભાસ થયો હોય, તેમ તેઓ એકાએક સૌના આશ્ચર્ય વચ્ચે સંથારામાં બેઠા થઇ ગયા. વૈદ–ડોક્ટરોને દુર કર્યા. પલાઠીવાળી ટટ્ટાર બેસીને પંન્યાસજી મ. ને કહ્યું: "તમે મને મહાવ્રતના આલાપક સંભળાવો."

પંન્યાસશ્રીએ પણ તરત જ આલાપક–આલાવા બોલવા માંડયાં. તેઓ મૂળપાઠ બોલતા જાય, અને તેના સ્પષ્ટ અર્થ પ્ર. શ્રી યશોવિજયજી કરતા જાય. આવી નરમ તબીયતમાં પણ આવી અપૂર્વ સમાધિના દર્શન કરી ત્યાં ઉભેલા સૌ નવાઈ પામી ગયા.

આલાવાનું ઉચ્ચારણ ચાલુ જ હતું. સકલ સંઘ ત્યાં હાજર હતો. પંન્યાસજી મ. છેલ્લો આલાવો ધીમે ધીમે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બોલતા હતા તેનો અર્થ પ્રવર્તકજી મહારાજ કરતા હતા. તે વખતે શ્રી યશોવિજયજીએ તેમને સૂચના કરી કે–

"હવે જલ્દી કરો. વધારે સમય નથી."

પંન્યાસજી મ. પણ આ સાંભળીને વિચારમાં પડી ગયા. તેમણે બોલવાની ઝડપ વધાવી; અને એ છેલ્લો આલાવો બોલાયો, પ્રવર્તકજીએ તેનો અર્થ કહ્યો. અને એ પૂર્ણ થતાંની સાથે જ પ્રવર્તકજીના અમર આત્માએ શ્રી અરિહંતના ઉચ્ચાર સાથે સ્વર્ગપુરીના પંથે પ્રયાણ આદરી દીધાં.

સૌ કોઈના મસ્તક ઝુકી પડયા. સૌ બોલી રહ્યા. ધન્ય મૃત્યુ ! સમાધિ !

આ સમય દરમ્યાન આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી અમદાવાદથી ઉગ્ર વિહાર ૧૮ માઇલ દૂર આવેલ નાયકા ગામના પાદરમાં જ પહોંચ્યા હતા. ત્યાં જ શેઠ શ્રી પ્રતાપસિંહભાઈ શ્રી. યશોવિજયજી મ. સા. ની 'કાળધર્મ'ના આઘાતજનક સમાચાર આપ્યા. પૂજ્યશ્રી નાયકા ગામમાં પધાર્યા. તથા પોતાના એક અતિ પ્રિય તેમજ આશાસ્પદ વિદ્વાન શિષ્યનો વિયોગ થયો હતો. તેથી ઉદાસ ભાવે દેવવંદન આદિ ક્રિયાઓ કરી તે દિવસે ત્યાંજ સ્થિરતા કરી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદથી નગરશેઠ કસ્તુરભાઈ મણીલાલ, શેઠ શ્રી અંબાલાલ સારાભાઈ, શેઠ શ્રી જનમદાસ ભગુભાઈ વિગેરે નાયકો આવ્યા. અને અમદાવાદ તરફ વિહાર કરવા વિનંતી કરી. તેથી અમદાવાદ પૂજ્યશ્રી પધાર્યા. ખેડાથી પં. શ્રી પ્રતાપ વિ. મ. સા. વિગેરે અમદાવાદ પધાર્યા. થોડા દિવસ પછી પૂજ્યશ્રીની આજ્ઞા પૂ. પં. શ્રી પ્રતાપવિજયજી આદિ પણ અમદાવાદથી માળવા તરફ વિહાર કર્યો.

નરોડા–રાયપુર થઈને વલાદ આવ્યા. ત્યાં બોટાદ નિવાસી શાહ હેમચંદ શામજીભાઈના ૧૫ વર્ષની વયના પુત્ર રત્ન નરોત્તમભાઈને મહા સુદી ૨ને શુભ દિવસે દીક્ષા આપી, પૂ. પં. શ્રી ઉદયવિજયજી મ. ના શિષ્ય કરીને તેમનું નામ **મુનિશ્રી નંદન વિજયજી મ.** રાખ્યું. ત્યાંથી ચાર ઠાણા ગોધરા–દાહોદ તરફ પધાર્યા.

પૂજ્યશ્રીએ પણ બે ગૃહસ્થોને દીક્ષા આપી. તેમના નામ મુનિશ્રી કીર્તિ વિજયજી તથા મુનિશ્રી નિધાન-વિજયજી રાખી. પૂ. પં. શ્રી ઉદયવિજયજી મહારાજના તથા મુનિશ્રી વિજ્ઞાન વિજયજી મહારાજના શિષ્ય કર્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તીર્થરક્ષા માટે સતત પરિશ્રમ

**કિરણ સાડત્રીસમું..............**

વ્યર્થ વાતોમાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી એક મિનિટ પણ બગાડતા નહોતા. તેઓશ્રીનો સઘળો સમય વિશ્વહિતકર શ્રી જિનશાસનના અંગભૂત તીર્થો, સંઘો શાસ્ત્રો વગેરેની શ્રેષ્ઠ ભક્તિ અને સુરક્ષા આદિના ઉપદેશ વગેરેમાં જ સાર્થક થાય છે. એવી સ્પષ્ટ છાપ તે સમયના સર્વ ગામ-નગરોના સૌ જૈનભાઈઓ પર પડી હતી. એટલે જે કોઈ પુણ્યશાળી તેઓ શ્રી પાસે જતા, તે તે શાસનભક્તિની વાત લઈને જ જતા. શુદ્ધ ચરિત્રના શ્રેષ્ઠ પ્રકાશ વડે પાપરૂપી તિમિરને હણતા.

શાસન પ્રભાવના કાર્યોની સાથે સાથે આપણા પવિત્ર અને મહાનતીર્થો શ્રી શત્રુંજય, સમેતશિખરજી, ગિરનારજી, તારંગાજી વિગેરેના કેસો પણ ચાલુજ હતા શ્રી ગિરનારજી તીર્થનો કેસ શેઠ લાલભાઈ દલપતભાઈના સમયથી ચાલુ હતો. એમાં બનેલું એવું કે સેંકડો વર્ષોથી જુનાગઢ ઉપરની તમામ જમીનો, ધર્મશાળાઓ દેરાસરોના અબાધિત હક્ક જૈન શ્વેતાંબરોનો હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને શેઠ આ. ક. ની પેઢી એક સ્ટેટ તરીકે ઓળખાતી. કેટલાક વિશેષ અધિકારો હતા. વર્તમાન રાજ્યકાર્યકર્તાને તે આંખના કણાની જેમ ખુંચતા હતા.

આ. ક. પેઢીનો મૂળ ગરાસીયા હક્ક નાબુદ કરવા જાતજાતની મુશ્કેલીઓ ઊભી કરી જેમકે સ્ટેટની પરવાનગી વગર ડુંગર ઉપર રીપેરકામ ન થાય. દેરાસરના કોટની અંદર આવેલો શેઠ કેશવજી નાયકનો બંગલો જુનાગઢ સ્ટેટે કબજે કરી ત્યાં સ્ટેટનું ગેસ્ટ હાઉસ ઉભું કર્યું. શ્રી નેમિનાથ ટુંકના પ્રવેશ દ્વાર ઉપરનો ઓરડો રાજ્યે કબજે કર્યો. કિલ્લાની અંદરની છુટી જમીન કબજે કરી. એવી અનેક હરકતો રાજ્ય તરફથી કરવા લાગ્યા. તેથી જુનાગઢની શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી (આ. ક.) પેઢીની શાખા છે) એ જુનાગઢની કોર્ટમાં કેસ કર્યો. અને કેસમાં પ્રખ્યાત બેરીસ્ટર ડી. બી. શુકલને આપણા તરફથી રાખ્યા.

મૂળ ગરાસિયા સ્ટેટસ કે જે આપણે પરંપરાથી મળેલો તે જો આપણે હારી ગયા. જેથી આપણે જુનાગઢ હજુર કોર્ટમાં અપીલ કરી. આ વખતે પણ આપણા ખુબજ શ્રમ લઈને અને અનેક પુરાવાઓ એકત્ર કર્યા અને શ્રી ગોકળદાસ અમથાશાહ પાસે તેને ઈંગ્લીશમાં દલીલો રૂપે તૈયાર કરાવ્યા. અને ચિવટભર્યું. માર્ગદર્શન આગેવાનોને પૂજ્યશ્રી આપતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચલી કોર્ટમાં એક વખત હારી ગયા હોવાથી હવે બેરિસ્ટર ડી. બી શુકલને પરસ્પર સમાધાન કરી લેવું એવો વિચાર આવ્યો. મી. શુકલે તે વિચાર શ્રી આ. ક. ની પેઢીના પ્રતિનિધિ શેઠ અંબાલાલ સારાભાઈને કરી. શેઠે કહ્યું, આ વાત અમારા વિદ્વાન ધર્મગુરૂ મહારાજ ને સમજાવો અને તેઓ તૈયાર થાય તો જ અમે સહમત છીએ.

હવે મી. શુકલને લઈને શ્રી અંબાલાલ સારાભાઈ પૂજ્યશ્રી પાસે આવ્યા. મી. શુકલ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બેઠા. બેરિસ્ટરના મનમાં એમ હતું કે મહારાજ કાયદાની બાબતમાં શું સમજે ? તેમને સમજાવતા કેટલી વાર ? પૂજ્યશ્રી સાથે મી. શુકલ વાતચિત કરવા લાગ્યા અને કહ્યું કે, અત્યારે આપણે હાર્યા છીએ, તો આગળ પણ હારવા સંભવ છે." વિગેરે વાતો કરતા સ્ટેટ સાથે સમાધાન કરવું યોગ્ય છે. એમ જણાવ્યું.

પૂજ્યશ્રી પાસે અનેક પુરાવાઓ હતા. સમાધાન કરવાના વિચારના નહીં. એટલે મક્કમપણે કડક બોલ્યા કે તરતજ મી. શુકલે કહ્યું, "આપ સાધુ મહારાજ છો એટલે કાયદાની બાબતમાં વિશેષ સમજ ન પડે." આ સાંભળીને બાજુમાં બેઠેલા શેઠશ્રી અંબાલાલભાઈએ કહ્યું કે મિ. શુકલ આવી ભાષા બંધ કરો, અને પૂજ્ય મહારાજ શ્રી જે કહે તે શાન્તિથી સાંભળી સવાલ જવાબ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરો, પછી બેરિસ્ટરે સમાધાન કરવા માટેના કારણો દર્શાવ્યા.

આ બધું સાંભળીને પૂજ્યશ્રીએ હાસ્યપૂર્વક મિ. શુકલને ઉદ્દેશીને કહ્યું કે "હું તમને પૂછું છું કે કાયદો એટલે શું? કાયદો એટલે સામાન્ય-સ્વાભાવિક બુદ્ધિ જ ને?"

એ યાદ રાખજો કે એ સ્વાભાવિક બુધ્ધિ જેમનામાં કુદરતી રીતે નહોતી, તેમને આ વકીલાતનું ભણવા અને ઉપાધિઓ લેવા જવું પડયું અને જેને એ 'કોમન સેન્સ'-સ્વાભાવિક: જેમનામાં કુદરતી રીતે જ હતી તેમને ભણવા જવાની જરૂર ન પડી.

આ સાંભળી મિ. શુકલ તો છક્ક થઈ ગયા. સસ્મિત-વદને તેમણે પૂજ્યશ્રીની વાત તુરત સ્વીકારી લીધી અને સાવ સાચી વાત સાહેબ એમ કીધું. પછી પૂજ્યશ્રીએ કહ્યું કે, "નીચલી કોર્ટમાં આપણી વિરૂદ્ધ ચુકાદો આવ્યો માટે ઉપલી કોર્ટમાં પણ તેવો જ ચૂકાદો આવવાનું કોઈ કારણ નથી. જો નીચલી કોર્ટનો ચૂકાદો સાચો જ છે. એવું સરકારને લાગે તો પછી ઉપલી કોર્ટની રચના જ શું કામ કરે?"

સમાધાન એટલે કે આપણા પૂર્વજોએ પેટે પાટા બાંધી તીર્થોના રક્ષણ કર્યા. આજસુધી સાચવ્યું તે બધું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપી દેવું એ જ કે બીજું કાંઈ. માટે સમાધાનની વાત જ નહીં કરવી.

આપણી સ્થાવર–જંગમ મિલકતો આપી દેવા માટે નથી. ગમે તે થાય પણ આપણે કાયદેસર હજુર કોર્ટમાં કેસ લડવો જ છે. કદાચ ત્યાં હારી જઈશું ગવર્નમેન્ટને અપીલ કરીશું અને પછી છેવટે 'પ્રીવી કાઉન્સીલ' સુધી પણ જઈશું. પણ સમાધાન તો કોઈ પણ સંજોગોમાં કરવું નથી એમ મક્કમપણે કહ્યું. જીતવા જેટલા પૂરાવાઓ અને ગોકળદાસ અમથાશાએ અંગ્રેજીમાં લખેલા મુદ્દાઓ–દલીલો વગેરે જોઈ મિ. શુકલ તો વિચારમાં ગરકાવ થઈ ગયા.

મુત્સદ્દીગિરી, કુશાગ્રબુદ્ધિ, નિર્ભીકતા ચિવટ તેમજ સતત સભાનતામાં પૂજ્યશ્રી તે કાળના પાકટ વયના પીઢ પુરુષોને પણ પ્રેરણાદાયી જોઈને મિ. શુકલને પૂજ્યશ્રી પ્રત્યે અહોભાવ પ્રગટ થયો.

વાંચકો! આ ઉપરથી વિચારો કે આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી કેવી મહાન પ્રતિભા સંપન્ન વ્યક્તિ કે જેમની વાતો સાંભળીને પ્રસિધ્ધ બેરિસ્ટરે પણ સમાધાન માટેની વાત પડતી મૂકી. તીર્થ રક્ષા માટેની તન્મયતા અને લાગણી તે કાળમાં અજોડ રૂપે હતી.

વિ. સં. ૧૯૭૨માં જુનાગઢની હજુર કોર્ટમાં શ્રી આ. ક. ની પેઢી તરફથી અપીલ કરી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિ. સં. ૧૯૭૦ના આ વર્ષે શેઠ. આ. ક. ની પેઢીના પ્રમુખ અને અમદાવાદના નગરશેઠ શ્રી કસ્તુરભાઇ મણિભાઈ કે જેઓ બાહોશ મુત્સદ્દી અને ધર્મ-વ્યવહાર કુશળ પુરુષ તરીકે પંકાયેલા હતા. દરિયા માર્ગે પરદેશના પ્રવાસે ગયા હતા. માર્ગમાં-સ્ટીમરમાંથી તેમણે પૂજ્યશ્રી ઉપર એક પત્ર લખેલો. તે વાંચતાં-વાંચતા આપણને જાણવા મળશે કે, ખરેખર ! આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી વાસ્તવમાં આપણા મહાન તીર્થોના હકો અને શેઠ આ. ક. ની પેઢીના આધાર અને માર્ગદર્શક હતા. તે પત્ર નીચે મુજબ છે :

"શ્રી પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયનેમિ સૂરીશ્વરજી. સ્ટીમરમાંથી કસ્તુરભાઈ તથા ઉમાભાઈ તથા લાલભાઇના વંદના ૧૦૦૮વાર અવધારશોજી. ધર્મ પસાયથી દરિયો ઘણો જ શાન્ત છે, અને ધર્મપસાયથી આવી જ રીતે અમારી મુસાફરી શાંતીથી પસાર થશે. તીર્થોના હકો તથા આણંદજી કલ્યાણજીની પેઢીના આધાર આપ જ છો. માટે આપને વધારે લખવું તે ઠીક નહિ. જરૂર વખતે આપ જે જે યોગ્ય લાગે તેમ સૂચન કરાવતા રહેશોજી. તીર્થોના હકો જાળવવા આપ અમદાવાદમાંથી વિહાર કરવાનું હાલમાં નહિ રાખો એમ ધારૂં છું. એ જ વિનંતિ. પંન્યાસ શ્રી ઉદયવિજય વિગેરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ મહારાજોને અમારા સર્વેના ૧૦૦૮ વાર વંદના પહોંચેજી. એજ કસ્તુરભાઈના વંદના.”

આ અરસામાં જર્મનીના વિખ્યાત વિદ્વાન ત્યાંની લિપ્ઝીક યુનિવર્સિટીના સ્નાતક અને જૈનદર્શનના વિશિષ્ટ અભ્યાસી **ડૉ. હર્મન જેકોબી** ભારતના જુદા જુદા શહેરોમાં બિરાજતા પૂ. આ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ આદિ આચાર્યો તથા મુનિવરોની મુલાકાત લેતાં લેતા અમદાવાદ આવ્યા.સવારે વ્યાખ્યાન ઉઠવાના ટાઇમે વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી (બી.એ.એલએલ.બી.)ને સાથે લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા પૂજ્યશ્રી સાથે તેમણે વિવિધ વિષયોને લગતી ચર્ચા કરી. પૂજ્યશ્રી સંસ્કૃતમાં બોલતા, અને ડૉ. જેકોબી સંસ્કૃત તથા ઈંગ્લીશમાં પણ બોલતા.

એક પ્રાશ્ચાત્ય વિદ્વાનને પૂજ્યશ્રી પાસે આવેલા જોઈને ઉપાશ્રયમાં જિજ્ઞાસુ જનસમુહ ખૂબ ભેગો થઇ ગયો.

ડૉ. જેકોબીએ શ્રી ભગવતીસૂત્ર તથા શ્રી આચારાંગ સૂત્રનો ઈંગ્લીશ અનુવાદ કરેલો તેમાં કેટલેક ઠેકાણે નોંધપાત્ર ભૂલો થવા પામી હતી. તે બાબત પૂજ્યશ્રીએ તેમને પ્રસંગોપાત સૂચન કર્યું. આ વખતે **શા. ગોકળ દાસ અમથાશાહે** પણ તેમને જૈન સિદ્ધાન્તનું સંપૂર્ણ પરિશીલન કર્યા પછી જ અનુવાદ જેવું કાર્ય કરવા માટે મીઠા શબ્દોમાં અનુરોધ કર્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ડો. જેકોબીને પણ પોતાની ભૂલો સમજાણી. એટલે તેમણે પૂજ્યશ્રીને કહ્યું, "હું ફરીવાર આપશ્રી પાસે આવીશ. ત્યારે એકાન્તમાં મારે આપને આ બધી વાતને લગતા પ્રશ્નો પૂછવા છે. આમ કહીને તેઓ ગયા. ત્યાર પછી ફરીવાર વંદનાર્થે આવીને તેમણે એકાન્તમાં પૂજ્યશ્રી પાસેથી પોતાના પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન મેળવ્યું.

ફરતા ફરતા પ્રાચીન જ્ઞાનભંડાર જોવા પાટણ ગયા. ત્યાં પૂ. પ્રવર્તક મુનિ શ્રી કાન્તિવિજયજીને મળ્યા. તેઓએ ડો. જેકોબીને સહજમાં પૂછ્યું : "તમે આટ આટલા સાધુઓને વાંચ્યા અને પરિચય કર્યો, તેમાં તમે શું અનુભવ મેળવ્યો ?" ત્યારે ડો. જેકોબીએ કહ્યું : "મને સાધુઓના પરિચયથી ઘણું ઘણું જાણવા જેવું મળ્યું, પૂ. આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી અને પૂ. આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી આ બે વ્યક્તિ સાધુપણામાં છે. પણ જો કોઈ રાજ્યના દિવાન હોત તો અદ્ભુત રાજતંત્ર ચલાવવાની શક્તિવાળા છે. હાલ તેઓ બન્ને જૈનશાસનનું સામ્રાજ્ય ચલાવી રહ્યા છે.

આ ઉપરથી વાંચકોને ખ્યાલમાં આવશે કે ડો. જેકોબી જેવા પ્રસિદ્ધ વિદ્વાનના હૈયામાં પૂજ્યશ્રીની પ્રતિભાએ અજબ આકર્ષણ જમાવ્યું હશે.

વનમાં એક સિંહ ગર્જતો હોય. ત્યાં સુધી ત્યાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસતા નાના પ્રાણીઓ ડરીને રહે છે. તેમ પૂજ્યશ્રીની વિદ્યમાનતાના પ્રભાવે શાસન ઉપર આક્રમણ કરનારા બળો અંકુશમાં રહેતા હતા. સ્વમતાગ્રહીઓ રૂપ કંટકો અને જૈનશાસનના દ્રોહી–ઘુવડો પૂજ્યશ્રીની દૃષ્ટિ સન્મુખ પણ આવી શકતા ન હતા.

આવા મહાપ્રતાપના મૂળમાં અટલ શાસન પ્રેમ હતો. પરમાત્માના શાસન ઉપરનો અવિચલ સ્નેહભાવ હતો.

**પંચ કલ્યાણકના વરઘોડાનો કાયમને માટે નિર્ધાર :**

ચોમાસા પહેલા–શેષ કાળના દિવસો હતા. તે દિવસો દરમિયાન વ્યાખ્યાનમાં પૂજ્ય શ્રી સુરિપુરંદર હરિભદ્રસુરીશ્વરજી મ. વિરચિત "શ્રી પંચાસકજી"ની ધર્મદેશના ચાલતી હતી. તેમાં ક્રમે યાત્રા પંચાસક આવ્યું. આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ ઓજસપૂર્ણ વાણીમાં રથયાત્રાનું અદ્ભુત વર્ણન કર્યું. મગધસમ્રાટ શ્રી સંપ્રતિમહારાજાએ તથા પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાએ કેવી અદ્ભુત ભાવોલ્લાસ અને પોતાની સમૃદ્ધિસહિત રથયાત્રા કાઢી, તેનાથી કેવી અદ્ભુત શાસન પ્રભાવના થઈ, એ પ્રસંગનું આબેહુબ સવિસ્તાર વર્ણન કર્યું. તે સાંભળી અમદાવાદના તત્ત્વરસિક અનેક શ્રોતાઓ ભાવવિભોર બનીગયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાનકાળમાં આપણે એવી **રથયાત્રા** કાઢીએ, તો તેનાથી થનારા લાભ જાણી લો.(૧) અન્ય દર્શનીયઓને પણ બોધિ બીજની પ્રાપ્તિ થાય. (૨) જૈન શાસનનો મહિમા વધે. (૩) રથયાત્રા કાઢનાર ભાવિકોને પણ પુણ્યાનુબંધી-પુણ્યનું ઉપાર્જન થાય. એવા અગણિત લાભો વર્ણવ્યા.

વળી પૂજ્યશ્રીએ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુનાં આપણા ઉપર કેવા અનન્ય ઉપકારો છે, તે પરમતારક શાસનના પ્રતાપે આપણે આજે **સનાથ** છીએ; માટેજ પ્રભુ શ્રીના ઉપકારોને હૃદયમાં રાખીને તેઓશ્રીના પાંચે કલ્યાણકો ની રથયાત્રાપૂર્વક ચઢતે પરિણામે ઉજવણી કરવી જોઈએ.

પૂજ્યશ્રીની અમી રસ ઝરતી ધર્મદેશનાને વધાવી લઈને શ્રોતાઓએ નિર્ણય જાહેર કર્યો કે, "અમે પ્રભુના પાંચેય કલ્યાણકના દિવસે ભવ્ય રથયાત્રા કાઢીને ઉજવણી કરીશું."

દિવસો જતાં કેટલી વાર લાગે. શ્રી વીર પરમાત્માના પહેલાં જ **ચ્યવન** કલ્યાણકનો અષાઢ સુદ છઠનો પવિત્ર દિવસ આવી પહોંચ્યો. સુદ પાંચમને દિવસે વ્યાખ્યાનમાં રથયાત્રા માટે ઉછામણી બોલાવી તેમાં અદ્ભુત ઉછરંગ અને ઉલ્લાસ આવ્યો. જેથી હજારો રૂપિયાની ઉછામણીઓ થઈ એ વખતનો ઉત્સાહ આજે આપણને જોવા ન મળે. એક એકથી વધુ ચઢાવા લેવા ભાવિકો ઉત્સુક હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુના રથની જમણી તથા ડાબી ઘોંસરીઓ ખેંચવા માટેની ઉછામણી અપૂર્વ થઈ. આ પ્રભુ ભક્તિનો નવો જ કાર્યક્રમ હતો, આખા રાજનગરમાં અમાપ ઉત્સાહનું મોજું ફરી વળ્યું.

અષાઢ સુદ ૬ નું મંગલ પ્રભાત ઉગ્યું. વરઘોડાની તૈયારીઓ ચાલી. આખું અમદાવાદ પાંજરાપોળ તરફ પગલા ભરી દોડી આવ્યું. શું માનવ મહેરામણ ઉમટયો છે? સૌ નવાઈથી જોઈ જ રહ્યા.

દેરાસરમાં સ્નાત્રપૂજામાં પણ માણસોની ભીડ જામી. પ્રભુજીને રથમાં પધરાવીને-વિવિધ બેંડ-વાજાવાળાઓનો અપૂર્વ ઠાઠ સાથે રથયાત્રાનો-વરઘોડાનો આરંભ થયો. વયોવૃદ્ધ શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈ, ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ, વગેરે મોટા મોટા શ્રેષ્ઠિઓ પણ હોંસે હોંસે પ્રભુજીનો રથ ખેંચતા હતા.



જયાં જયાં જે જે રસ્તાઓમાં વરઘોડો જતો, ત્યાં ત્યાં માનવ મેદની જોવા મળતી. જૈનેતરો પણ ભારે કુતુહલથી નિહાળતા હતા. મુખ્ય મુખ્ય રસ્તાઓ ફરીને પાંજરાપોળે વરઘોડો ઉતર્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે શ્રી વીર પ્રભુના બીજા ચારે કલ્યાણકોની રથયાત્રા ઘણા ઉલ્લાસભાવે નીકળી. ચાર પાંચ વર્ષ સુધી આ રીતે ઉલ્લાસભાવે રથયાત્રાની ઉજમણી થઈ.

પૂજ્યશ્રીના સદ્ઉપદેશથી વિ. સં. ૧૯૭૫થી પાંચ પુણ્યાત્મા શ્રેષ્ઠિવર્યોએ પોતાના તરફથી પાંચે કલ્યાણકની તીથિઓ લઈ કાયમના વરઘોડા કાઢવા માટે સારી રકમ વ્યાજે મૂકી દીધી. જેથી તેના વ્યાજમાંથી ખર્ચની કાયમી વ્યવસ્થા થાય.

ભારતભરમાં આવી સર્વોત્તમ પ્રથા ક્યાંય નથી.

નામાવલી :

૧. **ચ્યવન કલ્યાણકની રથયાત્રા** શેઠ વાડીલાલ લલ્લુભાઈ હસ્તે ચંચળબેન તરફથી.

૨. **જન્મ કલ્યાણકની રથયાત્રા** શેઠ જેશીંગભાઈ કાળીદાસ શેરદલાલ તરફથી.

૩. **દીક્ષા કલ્યાણકની રથયાત્રા** શેઠ દલપતભાઈ મગનભાઈ. હસ્તે લક્ષ્મીભાભુ તરફથી.

૪. **કેવળ જ્ઞાન કલ્યાણકની રથયાત્રા** શેઠ માણેકલાલ મનસુખભાઈ તરફથી.

૫. **નિર્વાણ કલ્યાણકની રથયાત્રા** શેઠ દલપતભાઈ ભગુભાઈ હસ્તે ગંગાભાભુ તરફથી (શેઠ લાલભાઈ દલપતભાઇ.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના આપણા ઉપર અસંખ્ય ઉપકારો ને સંભારી દરેક ગામોના સંઘોએ અનુકરણ કરવા જેવું આ ઉત્તમોત્તમ કાર્ય છે પાંચ કલ્યાણકોની આરાધના કરવી એ ચતુર્વિધ સંઘનું પરમ કર્તવ્ય છે.

શાસનસમ્રાટશ્રીના સદુપદેશથી લહેરીયા પોળના **શ્રી મહાવીર પ્રભુના** દેરાસરજીમાં પંચ કલ્યાણકની પાંચ દેરીઓ અને તેની ભીંતમાં પંચ કલ્યાણકના સુંદર પટ્ટો કોતરાવીને પધરાવેલાં છે.

પૂજ્યશ્રીના આ ઉપદેશને વધાવી લઈને અમદાવાદના શ્રી સંઘે દર વર્ષે આ પ્રકારની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો. જે વિ. સં. ૧૯૭૦ની સાલથી આજ ૨૦૪૧ સુધી ક્રમ અખંડ જળવાઈ રહ્યો છે.

તો એ બોલનો તોલ શી રીતે થાય ? હતા અમોલ એ બોલ. તેમાં ઝળહતું હતું શ્રી જિનભક્તિનું નૂર. ગુંજતુ હતું જીવ મૈત્રીનું સંગીત. કોઈ તુચ્છ વાતનો કણ પણ તેમાં કદી ભળાતો નહિ. ઉછળતા સમંદરની સપાટી પર તરતી નૌકાઓમાં બેઠેલા–પ્રવાસીઓને અફાટ સાગરના દર્શન થાય છે. તેમ પૂજ્યશ્રીના વચનમાં વિવેકી શ્રોતાઓને ચૌદરાજલોક વ્યાપી શ્રી જિનેન્દ્રશાસનનાં દર્શન થતાં હતાં.

ગર્જતા મેઘને શરમાવે તેવી ધર્મગર્જનાપૂર્વક પૂજ્યશ્રીએ વિ. સં. ૧૯૭૦નું ચોમાસું અમદાવાદમાં પૂરું કર્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કિરણ આડત્રીસમું............

# શેરીસા તીર્થનો પ્રાચીન ઈતિહાસ

કાળની વિચિત્ર ગતિ એ જગપ્રસિદ્ધ ઉક્તી અનુસાર શહેર–નગર અને તીર્થ વિગેરેના હટન–પટન થયા કરે છે.

આ તીર્થનો પ્રાચીન ઈતિહાસ ઘણો મોટો છે. અહિં થોડું સાર રૂપે અવલોકી લઈએ.

તેરમી સદીની આ વાત છે. આજે એકવીસમી સદી ચાલી રહી છે. સાતસો વર્ષ પહેલાની વિગત છે.

જ્યારે ગુજરાતમાં પરમાર્હત કુમારપાળનું રાજ્ય ચાલતું હતું. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના સમકાલીન અને સહાધ્યાયી એટલે સાથે ભણેલા આચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. નાગેન્દ્રગચ્છના શિરતાજ તેઓ હતા.

તે મંત્રવિદ્યામાં અજોડ હતા. તેમણે ધરણેન્દ્ર અને પદ્માવતી વગેરે દેવ–દેવીઓને મંત્ર સાધનાથી વશીભૂત કર્યા હતા. જૈન શાસનના મહાપ્રભાવિક સૂરીશ્વર હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રી સપરિવારે વિચરતાં વિચરતા એકવાર શ્રી શેરીસા નગરે પધાર્યા. નગર બહાર એક સ્થાન તેઓશ્રીને બહુ જ ગમ્યું. વારંવાર તેઓ ત્યાં આવીને કાયોત્સર્ગ ધ્યાને રહેવા લાગ્યા.

તે સ્થાને વારંવાર ધ્યાન અવસ્થામાં સૂરિજીને જોઈને એક શ્રદ્ધાળુ શ્રાવકને મનમાં વિચાર આવ્યો કે, પૂજ્ય સૂરીશ્વરજી જિન મંદિર કે ઉપાશ્રય છોડીને અહીં નગર બહારના સ્થાને કાયોત્સર્ગ કેમ કરતા હશે ? તે શ્રાવક મહાનુભાવને વારંવાર મનમાં વિચાર થાય છે. એક વખત સમય જોઈને પૂ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજને જિજ્ઞાસા ભાવે સવિનયે પૂછ્યું : "ભગવંત ! આપ અહીં જ આ સ્થાને કાયોત્સર્ગ કરવા પધારો છો ? તેમાં કોઈ વિશિષ્ટતા હશે ? તે જણાવવા યોગ્ય હોય તો કૃપા કરી આ સેવકને જણાવો.

ધર્મ શ્રદ્ધાળુ શ્રાવકની જિજ્ઞાસા જાણીને સૂરિ ભગવંતે જણાવ્યું કે, "હે મહાનુભાવ ! આ સ્થાન અતિ પવિત્ર છે. અતિ પવિત્ર એટલા માટે છે કે, અહીં જમીનમાં એક મોટી પાષાણની પાટ રહેલી છે, એ પાટપુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુની દિવ્ય-મૂર્તિ સર્જવા માટે સર્વથા યોગ્ય અને ઉત્તમ છે. આ જ હેતુથી હું અહીં આવી વારંવાર કાઉસ્સગ્ગ કરૂં છું."

સૂરીશ્વરજીના મુખે આ વિગત સાંભળીને તે શ્રદ્ધા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંત શ્રાવકના હૃદયામાં જાણે હર્ષનું પૂર ઉભરાયું. ભાવવિભોર થઈને ભક્તિ ભર્યા હૃદયે વિનંતી કરીને કહ્યું : "ભગવંત ! આપ તો મંત્ર વિદ્યામાં પારંગત છો અને કૃપા ભંડાર છો. આપ એવો કોઈ ઉપાય કરો. જેથી અમે-સંઘને એ પવિત્ર શ્રેષ્ટ પાષાણની પાટમાંથી ઘડાઈને તૈયાર થયેલી દિવ્ય મૂર્તિના જલ્દી-દર્શન થાય."

ઉત્તમ શ્રદ્ધાવંત શ્રાવકની વિનંતીથી કૃપા સિંધુ મહાન ભવિષ્યવેત્તા સૂરીશ્વરે, વિશુદ્ધભાવે અઠ્ઠમ તપ કરીને પદ્માવતી દેવીની આરાધના કરી. તપ બળે પદ્માવતી માતા હાજરા હજુર થયાં. ગુરૂભગવંતને પૂછ્યું : "મને શા માટે યાદ કરી ?"

સૂરીશ્વરે કહ્યું : "માતાજી ! અહીં ભૂમિમાં રહેલી દિવ્ય પાટ પાષાણની છે તેમાંથી પ્રભુજીની દિવ્ય મૂર્તિ જલ્દી થાય તેવો ઉપાય બતાવો."

પદ્માવતી માતાજીએ કહ્યું : "ગુરૂદેવ ! સોપારક નગરમાં રહેતા એક અંધ શિલ્પી જો અહીં આવી અઠ્ઠમ તપ કરીને વિધિ પૂર્વક સૂર્યાસ્ત પછી મૂર્તિ ઘડે તો મૂર્તિ જલ્દી બની શકે." આટલું કહીને દેવી અદૃશ્ય થયા. દેવી કહી ગયા, તે વાત સૂરિજીએ શ્રાવકોને કહી.

ગુરૂદેવની આજ્ઞાનુસાર શ્રાવક સોપારક નગરથી તે દિવ્ય શક્તિવાળા શિલ્પીને શેરીસા લઈ આવ્યા.

સૂરિદેવની આજ્ઞાનુસાર તેણે-અંધ શિલ્પીએ અઠ્ઠમ તપ કર્યો. સૂર્યાસ્ત પછી શુભ વેળાએ પેલી વિશાળ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાષાણની પાટ કઢાવીને પવિત્ર કરી ધૂપ દિપ સહિત પાષાણની પાટમાંથી મુર્તિ ઘડવા માંડી. ધીરે ધીરે મૂર્તિ નિર્માણ થવા માંડી.

ટાંકણાનો ટક-ટક મધુર અવાજ આવવા લાગ્યો. જાણે દેવતાઈ વાજાં વાગી રહ્યા હોય તેમ આજુબાજુ સહુને દિવ્ય સંગીતની સુરાવળી સંભળાવવા લાગી.

સંઘના ભાઈઓ વગેરે સહુ કાઉસગ્ગ ધ્યાનમાં-પ્રભુજીના ધ્યાનમાં તનમય બની ગયા. રાત વિતતી જાય છે અને દિવ્ય મૂર્તિ નિર્માણ થતી જાય છે.

અંધ શિલ્પીએ દિવ્ય મૂર્તિ કંડારી પુરી કરી. મૂર્તિ ઘડતી વખતે મૂર્તિના હૃદય પ્રદેશ પર મસા જેટલો ભાગ ઉપસી રહ્યો. હાથ ફેરવતા શિલ્પીને લાગ્યું કે અહીં સહેજ ભાગ ઘડવાનું રહી ગયું લાગે છે. ટાંકણું લઈ જેવું ફેરવવા માંડયો. એટલે તે સ્થળેથી લોહીની ધારા છુટી તે જ વખતે સૂરિજી એકાએક ત્યાં આવી પહોંચ્યા હતા.

ઉષા કાળનો સમય થઈ ગયો હતો. સૂરિભગવંતે તરત જ પોતાનો અંગુઠો તે સ્થળે દાબીને લોહીની ધારા બંધ કરી દીધી. પછી શિલ્પીને જણાવ્યું કે "ભાઈ! આ મસો રહ્યો હોત તો આ મૂર્તિ અલૌકીક દિવ્ય પ્રભાવશાળી થાત. ખેર હવે શું થાય? જેવો ભાવિભાવ!

એ મૂર્તિ રાત્રે ઘડાઈ હોવાથી તેના અવયવો આછા-બરોબર દેખાતા નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકજ રાતમાં ઘડેલી મૂર્તિ એજ મનોહર મૂર્તિ શ્રી શેરીસા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ થઈ.

હવે આજ રાત્રે દિવ્ય શક્તિશાળી સૂરિજી દિવ્ય શક્તિ વડે અયોધ્યા નગરીથી (જૈન કાંચી કાન્તિપુરી)થી ચાર મોટા જિન બિમ્બો આકાશ માર્ગે શેરીસા લાવવાના હતા. તેમાંથી ત્રણ બિમ્બો તો લઈ આવ્યા. પણ ચોથું લાવતાં રસ્તામાંજ સૂર્યોદય થઈ ગયો એટલે એક બિમ્બ ધારાસેણુક ગામના ખેતરમાં પધરાવ્યું અને પોતે શેરીસા પધાર્યા. ત્યાર પછી બીજી જિન મૂર્તિઓ નિર્માણ કરાવીને તે સર્વ જિન બિમ્બોની શેરીસા નગરના જિન મન્દિરમાં પ્રાણ-પ્રતિષ્ઠા કરાવી.

ત્યાર પછી બાકી રહેલી ચોથી મૂર્તિની જગ્યાએ શ્રી કુમારપાળ મહારાજાએ તેજ પ્રમાણવાલી પ્રતિમાજી ભરાવીને પ્રતિષ્ઠિત કરી હતી. એવી વિગત મળે છે.

તે કાળે આ તીર્થ ખૂબ પ્રસિધ્ધિને પામ્યો હતો. તેનો મહિમા ચોદિશી ખૂબ ગવાતો, હજારોની સંખ્યામાં યાત્રિકો આવતા યાત્રા કરી પાવન થતા હતા.

મહામંત્રી શ્રી વસ્તુપાળ તેજપાળે પણ પોતાના વડીલ ભાઈના આત્મકલ્યાણ માટે બે દેવ કુલીકાઓ કરાવ્યાનો ઉલ્લેખ પણ મળે છે. લગભગ સત્તરમાં શતક સુધી આ તીર્થની જાહોજલાલી રહી પણ પછી મૂર્તિ ભંજક મુસલમાનોએ આ તીર્થનો, મંદિરનો અને નગરનો વિધ્વંસ કર્યો હશે. એવી સંભાવના છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કિરણ ઓગણચાલીસમું...........

# મારવાડ અને મેવાડ તરફનો વિહાર

અમદાવાદમાં અનેકાનેક શાસન શોભાના સ્થાયી કાર્યો કરીને ચાતુર્માસ પૂર્ણ થયા પછી પૂજ્યશ્રીની ભાવના મારવાડ અને મેવાડ પ્રદેશ તરફ વિચરવાની થઈ. વિશાળ પરિવાર સાથે શુભ મુહૂર્તે પ્રયાણ કર્યું. શેઠ શ્રી અંબાલાલ સારાભાઈનો અત્યંત આગ્રહ હોવાથી તેમના બંગલે-શાહીબાગમાં વિહાર કરી પધાર્યા.

ત્યાંથી સાબરમતિ-ઓરજ થઈને શ્રી જમનાદાસ હીરાચંદ ઘેબરીયાના શ્રી સંઘ સાથે શેરીસા પધાર્યા. શેરીસામાં શ્રી સંઘ સાથે ૩-૪ દિવસ સ્થિરતા કરી.

આ અરસામાં પૂજ્યશ્રીના શિષ્ય પંન્યાસ શ્રી સુમતિવિજયજી મહારાજ તલાજા બિરાજતા હતા. તેઓશ્રીએ અમદાવાદ નિવાસી ૧૫ વર્ષની વયના યુવકને વિ. સં. ૧૯૭૧ના માગસર વદ ૨ના દિવસે દિક્ષા આપી તેમનું નામ મુનિશ્રી પદ્મવિજયજી મ. રાખીને પૂજ્યશ્રીના શિષ્ય બનાવ્યા હતા. આ શિષ્ય પૂજ્યશ્રીના ૧૫માં શિષ્ય હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલોલવાળા શા. ગોરધનદાસ અમુલખને શેરીસાના પહેલા જિર્ણ જિન–મન્દિરવાળી અને આજુબાજુના ખંડેર રૂપે પડેલી જગ્યા જે ગાયકવાડ સરકારના તાબામાં છે. તે આપણે વેચાણ લઈ લેવી એવી સુચના પૂજ્યશ્રીએ આપી.

ગોરધનદાસે તે જમીન પૂજ્યશ્રીની પ્રેરણાથી "જૈન તત્વ વિવેચક સભા"ના નામે લઈને તેનો પાકો દસ્તાવેજ પણ કરાવી લીધો. શેરીસાથી કલોલ થઈ પૂજ્યશ્રી કડી પધાર્યા. ત્યાં સંઘમાં કુસંપ હતો. તેને દૂર કરાવીને શ્રી સંઘમાં એકતા સ્થાપી. ખુશાલીમાં કડીના સંઘે અઠ્ઠાઈ મહોત્સવ કર્યો અને સૌ સાથે જમ્યા.

પૂજ્યશ્રી કડીથી ભોયણી તીર્થની યાત્રા કરી, સુરજ, રાજપૂર થઈ પાનસર પધાર્યા. પાનસરમાં થોડા સમય પહેલા જ જમીનમાંથી પ્રાચીન ભવ્ય પ્રતિમાજી નિકળ્યા હતા. તે ચમત્કારી અને અલૌકિક પ્રતિમાજીના દર્શનાર્થે પૂજ્યશ્રી પધાર્યા. આજુ બાજુથી ઘણા લોકો દર્શનાર્થે આવતા. પૂજ્યશ્રી પણ તે પ્રાચીન અદ્ભુત પ્રતિમાજીના દર્શન કરી પાવન થયા જિનગુણ ગાઈ મુખ મીઠું કર્યું. ત્યાં રહેતા લોકોને પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે, "આવા અલૌકિક પ્રાચીન પ્રતિમાજી અહીંથી નિકળ્યા છે. આ પ્રભાવિક પ્રતિમાજીને અહીં જ ભવ્ય જિન–મન્દિર બંધાવી પધરાવવા જોઈએ. જેથી તીર્થ સ્વરૂપે શોભશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામવાળા અને બહાર ગામવાળા સૌ ગૃહસ્થોએ પૂજ્યશ્રીનો ઉપદેશ ઝીલ્યો. તે પરિણામે આ પાનસર અદ્ભુત તીર્થ સ્વરૂપે આજે શોભે છે.

પાનસરથી વિહાર કરી પૂજ્યશ્રી વડું પધાર્યા. ત્યાં બે દિવસ સ્થિરતા કરી. બીજા દિવસની રાત્રે ડાંગરવાના શ્રાવક છગનલાલભાઈ પૂજ્યશ્રી પાસે આવી વંદના કરી. બેઠા. પછી વિનંતી કરી કે 'આપશ્રી ડાંગરવા પધારો, અમારા નાનકડા સંઘમાં બે પક્ષ પડી ગયા છે, તેનો આપશ્રી સંપ કરાવી આપો.'

પૂજ્યશ્રી આથી સવારે વિહાર કરી ડાંગરવા પધાર્યા શ્રી સંઘને ભેગો કરી, 'સંપથી જ બધા કાર્યો થાય છે. સંપથી સંઘનો વિકાસ થાય છે. ક્લેશ કંકાસ હાનીકારક છે.' પૂજ્યશ્રીના આ સદ્ઉપદેશથી વર્ષોનો જુનો ઝઘડો ક્ષણમાં શમી ગયો. શ્રી સંઘમાં શાન્તિ થઇ. શ્રી સંઘે ખુશાલી મનાવી ઉલ્લાસ ભાવે આઠ દિવસ સ્વામી-વાત્સલ્યપૂર્વક અઠ્ઠાઈ–મહોત્સવ કર્યો.

ડાંગરવાથી લીંચ થઈને મહેસાણા પધાર્યા. પૂજ્ય-શ્રીને જલ્દી આગળ જવાની ભાવના હતી, પણ શ્રી સઘનો સ્થિરતા માટે ખૂબ આગ્રહ હોવાથી આઠ દિવસ વ્યાખ્યાન વાણીનો લાભ આપી, ધર્મ ભાવના પ્રદીપ્ત કરાવી. ત્યાંથી વીસનગર વડનગર થઈને શિપોર પધાર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વડનગર* પ્રાચીનકાળમાં શ્રી સિદ્ધાચલ મહા તીર્થની 'જય તલેટી'નું સ્થાન હતું.

વડનગર, સીપોર, ખેરાળુ, ઉંઝા વિગેરે ૧૬ ગામોની જ્ઞાતિઓનો ઘોળ હતો. ૧૬માં મોટું ગામ ખેરાળુ. કેટલાય વખતથી પરસ્પર મતભેદના કારણે ૧૫ ગામ વાળાઓએ ખેરાળુ ગામ સાથે જ્ઞાતિ વ્યવહાર બંધ કરી દીધો હતો. ખેરાળુવાળાએ સમાધાન થઈ જાય તે માટે અનેક વાર પ્રયત્નો કર્યા હતા, તેમાં સફળતા ના મળી. ડાંગરવામાં પૂજ્યશ્રીએ તુરત જ સંપ કરાવી દીધાની વાત સાંભળી હતી. એટલે પૂજ્યશ્રીને ખેરાળુના આગેવાન અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ શા. ગોપાળજી છગનલાલ વગેરે ગૃહસ્થો શિપોર આવીને આગળ–પાછળની બન્ને પક્ષની વાતચિત કરી વાકેફ કર્યા અને કહ્યું કે, "આપ પૂજ્યશ્રી અહીં પધાર્યા છો, તો હવે કૃપા કરી અમારૂં સમાધાન કરાવી આપો."

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ તેમની પાસેથી સર્વ વિગતો જાણીને ૧૫ ગામોમાં મુખ્ય ગણાતા શિપોરના

---

*પ્રાચીન ઈતિહાસ કહે છે કે, આ વડનગરનું અસલ નામ આણંદપુર હતું. અહિંથી રાજા ધ્રુવસેન પુત્ર મૃત્યુનો શોક નિવારવા શ્રી સંઘ સમક્ષ મહોત્સવપૂર્વક **શ્રી કલ્પસૂત્રની** સૌ પ્રથમ શ્રી વાચન–વાંચના શરૂ થઈ હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘને ક્લેશ ટાળવા માટે સતત ઉપદેશ આપ્યો. શિપોરના સંઘવાળાને પૂજ્યશ્રીનો ઉપદેશ રૂચ્યો. એટલે તેમણે તરત જ બીજા ૧૪ ગામના સંઘને શિપોર ગામે ભેગા કર્યા. એ સર્વ સંઘોને પૂજ્યશ્રીએ સંપ કરવામાં ઘણા ફાયદા છે વિખવાદથી અનેક નુકશાન છે તે બાબત બુદ્ધિ ગમ્ય ઉપદેશ આપ્યો. પૂજ્યશ્રીની હાજરીમાં જ પરસ્પર વાતો ચિતો કરી એક મતે ક્લેશ ત્યાગી દીધો. સમાધાન કરાવી દીધું ૧૪ ગામવાળામાં પૂર્વવત વ્યવહાર ચાલુ થઈ ગયો.

નાના મોટા ગામોમાં ક્લેશ-કુસંપ ટાળવા પોતાના ઉપદેશામૃતથી એકતાની અમૃતવેલ વાવતા પૂજ્યશ્રી ખેરાળુ પધાર્યા. ત્યાંના સંઘે અઠ્ઠાઈ મહોત્સવ પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ઉજવ્યો.

ખેરાળુથી પૂજ્યશ્રી સપરિવારે શ્રી તારંગાતીર્થે* પધાર્યા. આ પ્રસંગે ડાંગરવાથી ૫૦ ગૃહસ્થોનો શ્રીસંઘ યાત્રા કરવા આવ્યો. તેમણે પૂજ્યશ્રીની નિશ્રામાં પૂજ્ય શ્રીની સાથે સંગીતના સાજ સહિત દેવાધિદેવ શ્રી અજિત-

× આ તીર્થમાં પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાએ પૂજ્ય કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિભગવંતના ઉપદેશથી શ્રી અજિતનાથ પ્રભુની અલૌકિક પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હતી. પ્રાચીન ઈતિહાસ જાણવા જેવો છે. આ દેરાસરમાં ભમતી છે તેથી એને ભ્રમિ-પ્રાસાદ કહેવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાથ પ્રભુની ખૂબ ઉલ્લાસ ભાવે ભક્તિ અને યાત્રા કરી જીવન સાર્થક કર્યું.

આ તીર્થ સ્થાનમાં પૂજ્યશ્રીએ આઠ દિવસની સ્થિરતા કરી. અને તીર્થમાં અનેક સ્થાનોનું સુક્ષ્મ નિરિક્ષણ કરી જાણકારી મેળવી. ક્રમે દાંતા પધાર્યા. દાંતાના મહાજન–સંઘના હાથમાં શ્રી કુંભારીયાજીનો વહીવટ હતો. દેખરેખ અને વહીવટ બરોબર થતો ન હતો. તેથી આ તીર્થનો વિકાસ પણ થતો નહોતો. પૂજ્યશ્રીએ યોગ્ય માર્ગદર્શન આપ્યું.

શ્રી કુંભારીયાજી તીર્થ ગુજરાતના મહામન્ત્રીશ્વર વિમળશાહે અદ્‌ભુત કોતરણીવાળા દેરાસરો બંધાવેલા છે. અહીં થોડા આંતરે પાષાણની મોટી ખાણ છે તે ખાણના પાષાણમાંથી જ અતિ ભવ્ય આબુજી અને કુંભારીયાજીના દેરાસરો બંધાયેલા છે.

સ્વ. શેઠ શ્રી મનસુખભાઈ ભગુભાઈનો એક એવો સુંદર નિયમ હતો કે, "દિવાળી અને બેસતા વર્ષના માંગલિક દિવસો આપણા કોઈને કોઈ તીર્થોની યાત્રાના સ્થાને પ્રભુ ભક્તિમાં ગાળતા" જેથી આખુ વર્ષ ધર્મારાધના થાય એ શુભાશય હતો. કેવો સુંદર નિયમ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુંભારીઆજીમાં *શેઠશ્રી મનસુખભાઈએ એક ધર્મશાળા પણ બંધાવી છે.

આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રીએ શ્રી કુંભારીયાજી તીર્થની ભાવપૂર્વક ઉલ્લાસે યાત્રા કરી. જિનાલયો બહુજ સુંદર રીતે નિહાળી તથા વહીવટી ખામીઓ તરફ અંગુલી નિર્દેશ કર્યો. જીર્ણ મન્દિરોને જોઈને પૂજ્યશ્રીને જિર્ણોદ્ધાર કરાવવાની ભાવના થઈ હતી. ત્યાં તો તીર્થની યાત્રા માટે અને પૂજ્યશ્રીના વંદનાર્થે શેઠ શ્રી પ્રતાપસિંહ મોહનલાલ, શેઠ ચમનલાલ લાલભાઈ, શેઠ લાલભાઈ ભોગીલાલ, શેઠ માણેકલાલ મનસુખભાઇ વિગેરે



અમદાવાદના શેઠીયાઓ પૂજ્યશ્રીની સામે બેઠા છે.

* તેમનામાં એક અદ્ભુત ગુણ હતો. જ્યાં જ્યાં તીર્થ યાત્રા માટે જાય ત્યાં ત્યાં તે તીર્થ સ્થાનમાં લાગણીથી તપાસ કરતા અને જે જે વસ્તુની ખામી હોય તેની પુરતી કરતા તથા ત્યાં જીર્ણોદ્ધાર આદિ કાર્યોમાં સારી એવી રકમ આપતા. અનેક સ્થાનોએ તેમણે ધર્મશાળાઓ બંધાવી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદના આગેવાનો આવી પહોંચ્યા. ભાવ ઉલ્લાસે યાત્રા કરી પૂજ્યશ્રી સાથે ખરેડી–આબુ રોડ આવ્યા.

ખરેડીથી આબુ–દેલવાડા પધારતા રસ્તામાં આરણાની તળેટીએ એક દિવસ સ્થિરતા કરી. અહીં સાધુ–સાધ્વીને તથા ગૃહસ્થોને રહેવા માટે યોગ્ય સગવડ કે વ્યવસ્થા ન હતી. એ જોઇને પૂજ્યશ્રીએ શેઠ શ્રી માણેકલાલભાઇને ઉપદેશ આપતાં તેઓશ્રીએ ત્યાં એક ધર્મશાળા બંધાવી.

આરણા તળેટીથી આબુ–દેલવાડા પધાર્યા. પૂજ્યશ્રીએ ખુબ ભાવોલ્લાસે દાદાની યાત્રા કરી. સાથેના સદ્‌ગૃહસ્થોએ પણ દ્રવ્ય–ભાવથી અનેરા ભાવોલ્લાસે સ્નાત્રપૂજા ભણાવીને યાત્રા કરી ખુબ આનંદ પામ્યા.

આ વખતે અહીં પૂજ્ય પં. શ્રી નીતિવિજયજી મહારાજ મારવાડથી વિહાર કરીને આવ્યા હતા. બન્ને શાસન પ્રભાવકો મળ્યા. તેઓએ પરસ્પર મળી આનંદ વ્યક્ત કર્યો. અને જણાવ્યું કે, " અમે અમદાવાદ જઈએ છીએ." એટલે પૂજ્યશ્રીએ જણાવ્યું, "તમે અમદાવાદ જાવ ત્યારે પાંજરાપોળના ઉપાશ્રયે ઉતરવાનું રાખજો, તેમજ ચાતુર્માસ પણ ત્યાં જ કરજો.

પૂ. પંન્યાસ શ્રી નીતિવિજયજી મહારાજે પણ વાત સ્વીકારી લીધી અને આબુ-દેલવાડાથી વિહાર કરી તેઓશ્રી અનુક્રમે અમદાવાદ–પાંજરાપોળના ઉપાશ્રયે પધારીને વિ. સં. ૧૯૭૧ નું ચાતુર્માસ પણ ત્યાં જ કર્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયાનુસાર ધર્મની આરાધના અનેરી થઈ અને શાસન શોભાપૂર્વકનું અદ્દભુત ચાતુર્માસ થયું.

આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી આબુ–તીર્થમાં આઠેક દિવસની સ્થિરતા કરીને અદ્ભુત જિનાલયોની ઉચ્ચતમ ભાવથી યાત્રા–દર્શન–વંદન કરી પ્રભુ સન્મુખ ભાવવિભોર બની ભાવના ભાવતા જીવન સાર્થક કર્યું.

વીર વિમળશાની શ્રેષ્ઠ જિનભક્તિના જીવંત મહાકાવ્ય સમા જિનાલયમાં બિરાજતા મૂળનાયકની ભગવંત શ્રી ઋષભદેવ સ્વામીને **"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો"** કહીને શ્રી આનંદઘનજીની યોગવાણી વડે સ્તવ્યા.

અતિહાસિક તથા દર્શનીય સર્વ સ્થાનોનું સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કર્યું. પછી અચલગઢની ભાવપુર્ણ યાત્રા કરી. ત્યાર પછી હણાદરાને (કાચા) રસ્તે પધાર્યા. થોડા–માઈલો ઉપર પ્રાચીન **શ્રી જિરાવાળા પાર્શ્વનાથ**નું પ્રાચીન તીર્થ આવ્યું છે. તેની ભાવપુર્ણ યાત્રા કરી ત્યાં જોરા–મગરા પ્રદેશમાં (સિરોહી જીલ્લાના અમુક ગામોના સમુહને જોરા–મગરાના નામે ઓળખાય છે.) આબુની પશ્ચિમ તરફ તળેટીનો ગામ હણાદરા છે, ત્યાંથી સિરોડી, સેલદર, પાડીવ, ઉંડ, બરલુટ વિગેરે ગામોમાં ઉપદેશની ગંગા વહેવડાવતા વહેવડાવતા પૂજ્યશ્રી જાવાલ પધાર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ ચાલીસમું............

# જાવાલમાં અદ્દભૂત ચાતુર્માસ

આબુના પાછળના ભાગમાં પશ્ચિમઅને દક્ષિણ ભાગમાં સારી એવી જૈનોની વસ્તી છે. સદ્‌ગૃહસ્થો સુખ-સંપત્તી વાળા પણ ખરા. જાવાલ, પાડીવ, કાલન્દ્રી બરલુટ વિગેરે બધે પરમ તારક શ્રી જિનેશ્વરદેવોના ભવ્ય મન્દિરો પણ શોભી રહ્યા છે. છતાં આપણા મુનિ ભગવંતોની અલ્પ સંખ્યાના કારણે મુનિભગવંતો કોઇક વખત વિચરતા હોવાથી એ લોકો ધર્મ ક્રિયા વગેરે વડે કેળવાયેલા ન હતા.

વિશાળ શિષ્યોના પરિવાર સાથે આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રી જાવાલ પધાર્યા. જાવાલ સંઘમાં ખૂબ ઉલ્લાસભાવ પ્રગટયો.

આ પ્રદેશમાં વેપાર ખાસ નકી. આ પ્રદેશના ગૃહસ્થો પરદેશમાં વેપાર કરતા. ગામમાં રહેતા શ્રાવકો ધર્મધ્યાન-મય નિવૃત્તિ જીવન ગાળવા માટે જ રહેતા હતા. આ બધાય ઘણા સુખી હતા, પરન્તુ સરળ પરિણામીને ધર્મ શ્રધ્ધાવંત ખરા. જ્ઞાન પ્રચાર આ પ્રદેશમાં બહુ જ અલ્પ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણમાં હતું. તેથી કોઈ પ્રકારનું ધાર્મિક શિક્ષણ તેઓ પોતાના પુત્રાદિ પરિવારને આપી શકતા નહિ. જૈન પાઠશાળા જેવું પણ કાંઈ સાધન ન હતું.

પ્રથમ પૂજ્યશ્રીએ ધાર્મિક શિક્ષણ મેળવી શકે તે માટે જૈન પાઠશાળાનો ઉપદેશ આપ્યો. શ્રી સંઘે પણ પોતાના ગામની ખામી સમજી તેને દૂર કરવા પૂજ્યશ્રીનો સદ્‌ઉપદેશ ઝીલી લીધો. અને એક પાઠશાળાનું સ્થાપન કર્યું. તેનું નામ "**તપાગચ્છ શ્રી વૃદ્ધિચન્દ્રજી જૈન પાઠશાળા**" રાખ્યું. તેમાં નાના મોટાં અનેક ભાઇ-બહેનો હોંસે હોંસે ધાર્મિક અભ્યાસ કરવા લાગ્યા.

પૂજ્યશ્રીની અદ્‌ભુત પ્રભાવકાર વ્યાખ્યાન શૈલી અને ઓજસ અને જોમભરી વાણી સાંભળી, અને ભવ્ય મુખમુદ્રાથી ત્યાંના શ્રાવકો ખૂબ પ્રભાવિત થયા. ઘણા મહાનુભાવો ધાર્મિક ક્રિયાઓમાં જોડાયા અને આગામી ચાતુર્માસ માટે ભાવપૂર્ણ જોરદાર વિનંતી કરી. લાભાલાભનું કારણ જાણી પૂજ્યશ્રીએ તેઓની વિનંતી સ્વીકારી ત્યાં જ બિરાજ્યા.

મુંગા-પ્રાણીઓની રક્ષા માટે ગામમાં કોઇ સાધન ન હતું. તેથી **જીવદયાના જ્યોતિર્ધર** આપણા ચરિત્ર નાયક પૂજ્યશ્રીએ ઉપદેશ આપીને 'પાંજરાપોળ-સંસ્થા' સ્થપાવી. જૈન પાઠશાળા અને પાંજરાપોળના નિભાવ માટે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીના ઉપદેશથી સારી એવી ટીપ પણ થઈ. આ ચાતુર્માસ પહેલા, ચાતુર્માસમાં અને ચાતુર્માસ પછી પૂજ્યશ્રીએ પોતાના ઉપદેશથી જાવાલમાં અનેક સ્થાયી ચિરંજીવી ધર્મકાર્યો કરાવ્યા.

જાવાલ-ગરલુટ વિગેરે ૨૭ ગામોનું સમગ્ર પંચ હતું. તે પંચમાં છેલ્લા કેટલાય સમયથી મતભેદ-ઝગડો હતો. એથી ધર્મકાર્યો અટકતા હતા. આથી તે ઝગડાનું નિવારણ કરવા માટે પૂજ્યશ્રીએ ઊંડ ગામમાં સમગ્ર પંચ એકત્ર કરાવ્યું. અને તેમાં પૂજ્યશ્રીએ સંપ માટે સચોટ ઉપદેશ આપ્યો. સદુપદેશ સાંભળી સૌના હૃદય ભાવભીના થયા. પરિણામે ૨૭ ગામોના આગેવાનોએ નિખાલસ ભાવે પૂજ્યશ્રીની આજ્ઞાનુસાર કલેશ દૂર કર્યો અને સંપ-શાન્તિની સ્થાપના થઈ.

કુસંપનો નાશ થવાથી ૨૭ ગામોવાળાઓએ ખુબ ઉલ્લાસભાવે ઊંડ ગામમાં પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં ધામધૂમથી મોટો મહોત્સવ ઉજવ્યો અને સ્વામીવાત્સલ્યો થયા.

જાવાલમાં ઉપાશ્રયની અગવડ હતી. એટલે પૂજ્યશ્રીના ઉપદેશથી ધર્મશાળામાં બાજુની જગ્યા લઈને ભાગ વધાર્યો. તેમજ ધર્મશાળાની સામે જગ્યા લઈ ત્યાં ઉપાશ્રય બાંધવા માટે મોટી ટીપ કરાવી. વળી જાવાલ ગામની થોડી દૂર એક અંબાજીના સ્થાનવાળી વિશાળ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાડી હતી. શ્રી સંઘને કહ્યું કે, 'આ વાડી ખરીદી લેવાય તો, તેમાં એક સુંદર જિનાલય થાય તો કાર્તિકી અને ચૈત્રી પુનમે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો પટ્ટ બંધાય-યાત્રા માટે રમ્ય સ્થાન થઈ જાય.'

પૂજ્યશ્રીના વચનાનુસાર ગામના ઠાકોર પાસે ને આખા ગામની સંમતિથી તે વાડી શ્રીસંઘે ખરીદી લીધી.

## જાવાલમાં બે મુમુક્ષુની ભવ્ય દીક્ષા

વિ. સં. ૧૯૭૧ જેઠ વદી ૩ ને શુભ દિવસ બોટાદથી રવાના થઈને મુમુક્ષુ શ્રી અમૃતલાલ હેમચંદ દેસાઈ મહેસાણા પિંડવાડા થઈને શ્રી બામણવાડા તીર્થની યાત્રા કરી સિરોહી થઇને જેઠ વદી ૫ ને દિવસે જાવાલ પહોંચ્યા.

દીક્ષાભિલાષી શ્રી અમૃતલાલભાઈના મનમાં ઉલ્લાસ સમાતો ન હતો. કેટલાય સમયથી જેની ઝંખના હતી, તે પરમપૂજ્ય શાસનસમ્રાટશ્રીના દર્શન થયા. ભાવ-વિભોર થઈ પૂજ્યગુરૂદેવના ધરાઈ ધરાઈને દર્શન-વંદન કર્યા. મનમાં ખુબ ખુબ આનંદ થયો.

શાસન સમ્રાટશ્રીએ જાવાલના ઉપાશ્રયમાં પ્રવેશતા અમૃતલાલને જોતાં જ પ્રેમથી આવકારી, આંખમાં આંખ મેળવી પૂછ્યું, "કેમ આવી ગયો? તૈયાર છે ને?" જાણે બધી પૂર્વ તૈયારી થઈ ગઈ હોય ને આખરી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્ણય પૂછતા હોય તેવી અદાથી પૂજ્ય ગુરૂ ભગવંતે પૂછ્યું.

બે-એક વર્ષે મળેલ અમૃતલાલને એકાએક આ સવાલ પૂછતાં, જરાય વિલંબ કર્યા સિવાય તેમણે બેધડક જવાબ આપ્યો. "હા જી, તૈયાર છું." તો બોલાવો ઉદયવિજયજીને, શાસનસમ્રાટશ્રીએ આજ્ઞા કરી. પૂ. પં. શ્રી ઉદયવિજયજી મ. ને બોલાવી અમૃતલાલની દીક્ષા માટે તુરત સારો દિવસ ક્યારે આવે છે એ જોવા કહ્યું. પંચાગ જોયું તો ભાગ્યયોગે બીજો જ દિવસ એટલે જેઠ વદ છઠ્ઠનો દિવસ દીક્ષા માટે ઉત્તમ યોગ વાળો નીકળ્યો.

તે સાંભળીને અમૃતલાલ મનોમન બહુ રાજી થઈ ગયા.

પૂજ્ય શાસનસમ્રાટશ્રીએ જાવાલ શ્રીસંઘના મુખ્ય આગેવાનોને બોલાવી જણાવ્યું: "આ મુમુક્ષુ અમૃતલાલ બોટાદથી દીક્ષા લેવા આવ્યો છે. આવતી કાલે સવારે મુહુર્ત છે." દીક્ષાની વાત સાંભળી સૌ આગેવાનો આનંદીત થયા; અને દીક્ષાનું શુભ કાર્ય ઉલ્લાસભાવે ઉજવવા તૈયાર થયા.

જાવાલ ગામમાં આવતીકાલે દીક્ષા છે, આ સમાચાર વીજળી વેગે ફેલાઈ ગયા, આખાય ગામમાં ઉત્સાહનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોજું ફરી વળ્યું. રાતોરાત ગામમાં ધજા વાવટા, અને સુશોભિત દરવાજાઓ સ્થાને સ્થાને કમાનો બંધાઈ ગઇ. સવારે ગામ લોકો ઉઠયા અને શણગારેલું ગામ જોઇ સહુ નવાઈ પામ્યા. એટલામાં વહેલી સવારે અનેરી સજાવટ સાથે વરસીદાનનો ભવ્ય વરઘોડો ચડયો.

વરઘોડો ગામમાં ફરીને ગામ બહાર અંબાજીની વાડીમાં ઉતર્યો, ત્યાં સુંદર નાણ મંડાયેલી; ઉપર ચૌમુખ પ્રભુશ્રી સ્થાપીત કરાયેલા સન્મુખ પાટ ઉપર પૂજ્યપાદ શાસનસમ્રાટ શ્રી અને શિષ્ય પરિવાર બાજુની બીજી પાટ ઉપર શોભી રહયા હતા.

નાણ સન્મુખ પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીના પાવન હસ્તે ભાઈ શ્રી અમૃતલાલ અને બીજા ભાઈ શ્રી પ્યારે લાલ (રાજગઢનિવાસી) બન્ને મુમુક્ષુની દીક્ષાની મંગલ-ક્રિયાનો આરંભ થયો પ્રાથમીક દીક્ષા વિધિ થઈ એટલે પૂજ્ય શાસનસમ્રાટે શ્રી બન્ને ભાઈઓને રજોહરણ-ઓઘો સમર્પણ કર્યો.

બન્ને મુમુક્ષુ પાંસે ઓઘો હાથમાં આવતાં જ પ્રભુજી સન્મુખ સભામાં જ ભાવ-ઉલ્લાસથી નૃત્ય કર્યું. આજે પોતાના આત્માને કૃતકૃત્ય થઈને ધન્યતા અનુભવી.

બાદ મુંડણ અને સ્નાન કરી મુનિવેશ પહેરીને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રી બન્ને ભાઈઓને દીક્ષા આપે છે.

બન્ને મુમુક્ષુઓ સભામાં આવ્યા. શ્રી સંઘના નાના મોટા સહુ એકી સાથે જયનાદથી સંયમીઓને વધાવ્યા.

શાસનસમ્રાટશ્રીએ દીક્ષાની બાકીની ક્રિયા કરાવી. નામ સ્થાપનાના અવસરે ચતુર્વિધ સંઘ સમક્ષ ભાઈશ્રી અમૃતલાલનું નામ મુનિશ્રી **અમૃતવિજયજી** રાખીને પોતાના શિષ્ય જાહેર કર્યા. અને શ્રી પ્યારેલાલજીનું નામ મુનિશ્રી **ભક્તિવિજયજી** રાખીને મુનિશ્રી પ્રતાપવિજયજીના શિષ્ય જાહેર કર્યાં.

દીક્ષા બાદ મુનિશ્રી અમૃતવિજયજી જ્ઞાન–ધ્યાનમાં લાગી ગયા. પ્રથમ સંસારી પણામાં સંસ્કૃત બે બુકનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભ્યાસ કર્યો હતો. સાધુ ક્રિયા સૂત્રો કરી બે બુકો ફરી પુનરાવર્તન કરી લઈને પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રી પાસે તર્ક સંગ્રહનો અભ્યાસ શરૂ કર્યો. માંડલીયા જોગ કરી, કાર્તિક વદી ૨ ને રોજ વડી દીક્ષા થઈ.

આ દીક્ષા પ્રસંગ જાવાલના સંઘમાં ઉત્સાહનું વાતાવરણ જમાવી ગયો. વર્ષો સુધી લોકો આ પ્રસંગ યાદ કરી કરીને અનુમોદના કરતા રહ્યા.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીનું મારવાડમાં-જાવાલનું ચોમાસું પ્રથમ જ હતું. પણ એક પછી એક જાવાલ સંઘમાં કાર્યો તો એવા થયા કે તેનો કોઈ હિસાબ જ નહી. સવારના વ્યાખ્યાનમાં નાના મોટા સહુ સમજી શકે અને પ્રેરણા ઝીલી શકે એવા શ્રેણીક મહારાજા, શાલિભદ્ર, અભયકુમાર, પૂણ્યોશ્રાવક વિગેરેના ચરિત્રો એવી અનોખી અને અદ્‌ભુત શૈલીથી વર્ણવે કે તેમાંથી સહુ પોતાના જીવન ઘડતરમાં તરત ઉપયોગી થાય.

જીવનમાં સર્વવિરતી જ લેવા જેવી છે, તે ન લેવાય તો દેશ-વિરતી સિવાય તો ન જ જીવાય. તેની અસર એ થઈ કે સૌ યથાશક્તિ વ્રત પચ્ચક્ખાણ, સામાયિક, પ્રતિક્રમણમાં રસવાળા થયા.

વળી બધાય નાના મોટા સાધુ ભગવંતો ભણતા જ હોય, કોઈ ગુરૂમહારાજ પાસે, કોઈ પંડિતજી પાસે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પૂજ્યશ્રી પોતાના શિષ્યોને ભણાવે છે.

પણ સ્વાધ્યાય સતત ચાલુ જ. અને બપોરે શ્રી પન્નવણા સૂત્રની વાચના ચાલે તેમાં તત્ત્વરસિક શ્રાવકો–શ્રોતાઓ લાભ લે, નાના મોટા શ્રાવકો પૂજ્ય ગુરૂ મહારાજ પાસે ભણવા આવે કોઈ ધાર્મિક ભણે કોઈ સંસ્કૃત ભણે, જાવાલમાં જાણે ભણવાની મોસમ આવી. અને સહુને લગની લાગી, કાંઈક ભણવું જ. ઘણા શ્રાવકોએ જિન મન્દિર વિધિ તૈયાર કરી, ચૈત્યવંદન કરતા થયાં.

"શિસ્તપાલન ને કડક નિયમનમાં, એનો જોટો નહિ મળે
અગણિત સાધુ સમુદાયનો. પરિવાર બીજે નહિ મળે."

શિષ્યોને ભણાવવાની ધગશ અને કડકાઈ આદર્શ ગણાતી. સાધુ ભણવા બેઠા હોય ત્યારે કોઈ શ્રાવક તેમની પાસે જઈને વાત ન કરી શકે. છતાં શિષ્યો સાથે પોતે વાત્સલ્યભાવથી ભારો ભાર છલકાતાં હૈયાવાળા તે મુનિઓને શિખામણના રૂપમાં ચોખ્ખા શબ્દોમાં કહેતાં,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અલ્યા! બરાબર ભણો, શ્રાવકોના રોટલા મફતના નથી આવતાં. જો બરાબર નહિ ભણો તો ભરૂચના પાડા થશો." કેવી કઠોર વાણી! અને લાગ પડે તો તરપણીના દોરાના મારને પણ વિનયી અને નમ્રતામૂર્તિ સમા તે મુનિભગવંતો હસતે મોઢે સહન કરી લેતા.

આ કારણે જ શાસનસમ્રાટના શિષ્યોમાં શિષ્ટતા અને વિદ્વતા જૈન આલમમાં ઉદાહરણ રૂપે કહેવાતી.

આખા ચાતુર્માસમાં વિવિધ તપો અને પૂજાઓ, પ્રભાવના વિગેરે સ્વયંભૂ ચાલુ હોય. અમદાવાદ વિગેરે ગામોના સદ્‌ગૃહસ્થો અવારનવાર વંદનાર્થે સમુહ રૂપે આવ્યા હોય ત્યારે સ્વામીભાઈઓની ભકિત તો કેવી! ઘરે પાંચ પાંચ પકવાનો બનાવાય ભક્તિ તો અનોખી તરી આવે. દરેક કાર્યમાં સૌનો ઉમંગ અને ઉલ્લાસ પણ અનેરો તેનું વર્ણન લેખીનીથી લખાય નહિ એવું.

ઉપરોક્ત વાતો વૃધ્ધોના મુખે સાંભળીએ ત્યારે આપણને લાગે કે શાસન સમ્રાટશ્રીનો કેટલો પૂણ્ય પ્રભાવ! શ્રાવકો તે વખતે કેવા પ્રભાવિત થયા હશે?

ઉમંગભર્યા ચાર માસ ક્યાં પૂર્ણ થયા તેની કોઇને ખબર ન પડી. એમ કરતાં ચાતુર્માસ પૂર્ણ થયું. ચાતુર્માસ પરિવર્તન પણ અનોખી રીતે અંબાજીની વાડીમાં પ્રથમ જ વાર તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો ભવ્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પટ્ટ બંધાવ્યો. ધામધૂમથી સકળ સંઘ યાત્રાએ જઈ ભાવનાપૂર્વક દાદાના ધરાઇ ધરાઇ ગુણ ગાયા. સકળ સંઘની ભાતા રૂપે સેવને બુન્દિના લાડુથી ભક્તિ વિશિષ્ટ પ્રકારે ભાવિકોએ કરી.

## 'આરામના આરામી'

શાસન સમ્રાટશ્રી વિવિધ કાર્યોમાં સતત ઓતપ્રોત રહેતા એક ભાવિક સદ્‌ગૃહસ્થે અરજ કરી, "સાહેબ! આપ હવે થોડો સમય આરામ કરો."

પૂજ્યશ્રીએ તેને કહ્યું: "ભાઈ! અષ્ટ પ્રવચન માતાનાં ખોળે રમું છું એટલે મને હંમેશાં પૂરતો 'આ-રામ' મળી રહે છે 'આ રામ' ને છોડનારને જ થાક લાગે છે. આ રામ એટલે જાગ્રત આત્મા સમજવો.

જાવાલથી ચાતુર્માસ બાદ વિહાર કરતી વખતે સકળ સંઘ બહુ દુર સુધી મુકવા આવ્યો, પૂજ્યશ્રીએ માંગલિક સંભળાવ્યું, સંઘના આગેવાનોએ મળીને પૂજ્યશ્રીને આગ્રહપૂર્વક એક વિનંતી કરી કે, "સાહેબ! આખાય ચાતુર્માસ દરમિયાન આપશ્રીએ અમને કોઈ સેવા કાર્ય ફરમાવ્યું નથી, હવે તો સેવા કાર્ય ફરમાવો."

શ્રીસંઘનો ભાવભીનો અતિ આગ્રહ જોઈને આખા ભારતના શ્રી સંઘના હિતની ચિંતા હૈયામાં રાખીને વિચરતા પૂજ્યશ્રીએ ફરમાવ્યું, "પાલિતાણા દાદાની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાવન છાયામાં અનેક ધર્મશાળાઓ છે. પણ મારવાડી ભાગ્યશાળી ભાઇઓ તરફથી બંધાએલી એકેય ધર્મશાળા નથી. તો આ કાર્ય કરવા જેવું છે."

પૂજ્યશ્રીના આ વચનને શ્રીસંઘે તત્કાલ વધાવી લીધું અને તેજ વખતે ત્યાંને ત્યાં જ રૂા. ૬૦ હજારની ટીપ કરીને પાલિતાણામાં આવેલ શેઠ શ્રી આ. ક. ના વંડામાં એક ધર્મશાળા બંધાવી. જે આજે પણ **જાવાલવાળાની** ધર્મશાળા તરીકે ઓળખાય છે. મારવાડી ભાઈઓ તરફથી સૌ પ્રથમ આ ધર્મશાળા થઈ.

## ગોળવાડ પંચના આમંત્રણે વરકાણા ગામે

આ દિવસોમાં મારવાડ-પ્રદેશમાં મુર્તિપૂજાના વિરોધનું વાતાવરણ હતું. ધીમે ધીમે જોર ઘણું વધી રહ્યું હતું. મુર્તિઓને ઉત્થાપન કરવાનો ઉપદેશ આપનાર ઢુંઢક પંથી મુનિઓ ઠેર ઠેર ફરતા હતા.

પૂજ્યશ્રીના શાસન પ્રભાવક સામર્થ્યમાં અખૂટ શ્રદ્ધાવાળા શ્રાવકોએ પૂજ્યશ્રીને આ મહા રોગ દૂર કરવા વિનંતી કરી. ત્યાં તો શ્રી વરકાણા તીર્થમાં બાવન (૫૨) ગામોના—ગોળવાડ પંચે એકત્ર મળીને આનો વ્યવસ્થિત પ્રતીકાર કરવાનો વિચાર કર્યો, અને આ પંચના આગેવાનોએ પૂજ્યશ્રી પાસે આવીને જોરદાર વિનંતી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી કે, "ગોળવાડ-પંચ શ્રી વરકાણાજી તીર્થમાં ભેગો થાય છે." માટે આપશ્રી ત્યાં પધારો.

ગોળવાડ જૈન સંઘની આગ્રહપૂર્વક વિનંતીથી આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી વરકાણા પધાર્યા.

પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં સમગ્ર પંચ એકત્ર થયું. અનેક વિચારણાને અંતે શ્રી પંચે સ્થાનકવાસીઓના પ્રચારને રોકવા માટે ગોળવાડમાં એક નિર્ણય જાહેર કર્યો કે, "આજથી સ્થાનકવાસી સાથેનો તમામ વ્યવહાર બંધ કરવો."

જે ધર્મશાળામાં પૂજ્યશ્રી ઉતર્યા હતા, તે જ વિશાળ ધર્મશાળાના નીચેના સામેના ભાગમાં કેટલાક સ્થાનકવાસી મુનિઓ ઉતરેલા હતા. એક દિવસ મુનિશ્રી વક્તાવરમલજી પૂજ્યશ્રી પાસે આવ્યા ને બેઠા. પૂજ્યશ્રીએ બહુ જ શાન્તિથી તેમનું જ્ઞાન ચકાસણી કરતાં પૂછ્યું કે: "કર્મનો રસ એટલે શું?" આ પહેલા જ પ્રશ્નનો જવાબ એ સ્થાનકવાસી મુનિ આપી ન શકયા અને ઉભા થઈ ચાલતા થયા.

ત્યારપછી તે મુનિશ્રી આપણા પૂજ્યશ્રીજી પાસે આવ્યા. અને તે વખતે શાસ્ત્રાર્થ કરવાની વાત થઈ. બીજા દિવસે શાસ્ત્રાર્થ કરવાનું નક્કી કર્યું. એ દિવસે સંધ્યા ટાણે પૂજ્યશ્રી સાથે રહેતા 'પંડિતશ્રી શશિનાથ ઝા'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમને મુનિશ્રી વકતાવરમલજીને મળવા ગયા. અને વાતચિત કરતાં સહજમાં કહ્યું કે આવતી કાલે શાસ્ત્રાર્થ માટે તૈયાર રહેવાની ટકોર પણ કરી.

ત્યાર પછી તે મુનિશ્રી પાસે કેટલાક શ્રાવકો ગયા હશે, તેમને તેઓએ કહ્યું: "અમારા મત વિરૂધ્ધ બોલશો, તો હું કાગડા બનાવી દઈશ."

આ સાંભળીને પેલા ભદ્રિક શ્રાવકો આપણા પૂજ્યશ્રી પાસે આવ્યા. અને વાત જણાવી. ત્યારે પૂજ્યશ્રીએ તેમને નિર્ભય રીતે રહેવાનું કહ્યું.

પણ બીજા દિવસે એટલે શાસ્ત્રાર્થ માટે નક્કી થયેલ દિવસના વહેલી સવારે એ મુનિઓ પરિવાર સાથે વિહાર કરી ગયા. આથી લોકોમાં તેમની અપકીર્તિ થઈ.

ખતરનાક આ ભાવરોગ સામે પૂજ્યશ્રીએ આંખ લાલ કરી. તેમાંથી પાપદાહક તેજ વરસવા માંડ્યું. સ્વયં શ્રી જિનરાજ જેટલા જ તારક તેઓશ્રીના બાકીના ત્રણે નિક્ષેપાઓ છે એ શાસ્ત્રીય સત્યને કેન્દ્રમાં રાખીને પૂજ્યશ્રીએ ઠેર ઠેર મૂર્તિપૂજા અનાદી કાલીન સત્યને પ્રસ્થાપિત કર્યું.

આ ભવસાગરમાં શ્રી જિનપ્રતિમા તો જહાજ સમાન છે, એમ કહીને પૂજ્યશ્રીએ મૂર્તિપૂજાની અનાદિ કાલીન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપકારકતાને શાસ્ત્રાધારે પુરવાર કરતા કરતા વિચરવા લાગ્યા. વિચરતા વિચરતા આજુ-બાજુ ગામોમાં ફરતા પુનઃ મુનિશ્રી વક્તાવરમલજી દાદાઈ ગામમાં મલી ગયા. ત્યાં પણ શાસ્ત્રાર્થની વાત કરી પણ ગલ્લા તલ્લા કરતા વિહાર કરી ગયા. એટલે પૂજ્યશ્રી પાસે તેઓ ફાવ્યા નહિ.

યાદ રાખી લેજો-જેમને પોતાના આરાધ્યદેવનું નામ ગમતું હોય, તેમને તેમના ફોટા-ચિત્ર તેમજ પ્રતિમાજી ગમે જ ગમે. છતાં ન ગમે તો માનજો કે તે દંભી છે-વિવેકભ્રષ્ટ છે, એકને એક બે જેવી સચોટ હકીકતનો સ્વીકાર કરવા જેટલી પણ શુદ્ધ બુદ્ધિના તે સ્વામી નથી.

પૂજ્યશ્રીના આ પ્રકારના ઉપદેશથી મૂર્તિપૂજાના વિરોધીઓના પગ મારવાડ-ગોળવાડના ઘણા ભાગમાંથી ઉખડી ગયા અને પ્રાચીન જિન મન્દિરોમાં પૂજા-પાઠ કરનારો વર્ગ વધવા લાગ્યો. બીજેવા, નાડોલ, નાડલાઈ, ઘાનેરાવ-મૂછાળા મહાવીરજી રાણકપુર, તીર્થોની મોટી પંચતીર્થની યાત્રા કરીને સપરિવાર પૂજ્યશ્રી દેસુરી પધાર્યા.

અહીંયા વયોવૃદ્ધ મુનિશ્રી જીતવિજયજી મ.* ની તબીયત બગડી તેથી થોડા દિવસ સ્થિરતા કરી. દેસુરીથી મેવાડમાં જતાં **ગઢબોલ** ગામ આવે છે. ત્યાં પૂજ્યશ્રી

---

* આ મુનિ બોટાદના-દેશાઈ કુંટુંબના હતા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પધાર્યા. એ ગામ હિન્દુઓના 'ચારભુજા તીર્થ' તરીકે વિખ્યાત છે. અહીં એક સુંદર દેરાસર છે, તેમાં અતિ પ્રાચીન શ્રી શાન્તિનાથજીની અદ્‌ભૂત દર્શનીય પ્રતિમાજી છે.

## પાંચેક વર્ષ પહેલાંનો અનેરો પ્રસંગ

વિ. સં. ૧૯૬૭ માં જ્યારે આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી અમદાવાદમાં બિરાજેલ હતા. ત્યારે આ ગઢબોલમાં એકવાર તેરાપંથી મુનિઓ આવ્યા હતા. અને દેરાસરમાં (રંગમંડપ તથા ચોકીઓમં) ઉતર્યા. આ પ્રદેશમાં તેરાપંથી સાધુઓની જમાવટ ઘણી હતી. કોઇક કોઈક ગામમાં અમુક અમુક મંદિરમાર્ગી શ્રાવકોની વસતી હતી. બાકીના બધાં તેરાપંથી બની ગયા હતા. તેરાપંથી મુનિઓ લોકોને ઉપદેશ આપતાં કે, "પત્થરની ગાયના આંચળમાંથી દુધ નીકળતું નથી તેમ તે ગાયને ખીલા ઠોકો તો તેમાંથી લોહી પણ નીકળતું નથી. તેવી જ રીતે આ પાષાણની પ્રતિમા તમને શો લાભ આપી શકે? અને તમારે ખાત્રી કરવી હોય તો આ ભગવાનની પ્રતિમામાં ખીલા ઠોકીને જુઓ કે આમાં જીવ છે કે નહિ?"

આ અસદ્ ઉપદેશની ધારી અસર અજ્ઞાની જીવો પર થઇ અને તેમણે તે પ્રાચીન શ્રી શાન્તિનાથ પ્રભુની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમાના ઉપર લગભગ બાવન ઘા માર્યા. મૂર્તિભંજક મુસલમાન અને ક્રુર કૃત્ય કરનાર આ લોકોમાં કંઈ ફેર ખરો ?

તેરાપંથીઓના કાળા કૃત્યની ખબર આપણા મૂર્તિપૂજક ભાઈઓને પડતાં તેમના દુઃખનો પાર ન રહ્યો. તેમનાં તન-મનમાં જાણે તિરાડ પડી. પેલા તેરાપંથી સાધુઓ તો આ કૃત્ય કરાવીને ત્યાંથી જતા રહેલા. અને મંદિરમાર્ગીઓ નિર્બળ હોવાથી તેઓને કોઈ રોકટોક પણ ન કરી શક્યા.

વળી દેરાસરની ચાવીઓ પણ તેરાપંથી ગૃહસ્થો પાસે રહેતી હતી. આથી મંદિરમાર્ગી શ્રાવકોએ ભેગા થઈને નજીકના ઘાણેરાવ વિગેરે ગામોના સંઘને પોતાના ગામની આ દુઃખદ ઘટના જણાવી.

સાંભળનાર ભાઈઓની લાગણીઓ આથી ઘણી ઉશ્કેરાઈ. તેમને અપાર ખેદ થયો પણ તેરાપંથીઓના જોર પાસે તેમનું ચાલે તેમ ન હતું. અને આની સામે ચાંપતાં તાત્કાલિક પગલાં ન લેવાય, તો ભવિષ્યની મુશ્કેલી અકલ્પ્ય હતી. જૈનેતર મન્દિરના પૂજારીઓ પંડયાઓ પણ આ વાત સાંભળીને દુઃખી થયા. એટલે ઘાણેરાવવાળા ભાઈઓ અને ગઢબોલના ગૃહસ્થોને બે પંડયાને સાથે લઈને તરત અમદાવાદ આવ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદમાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠશ્રી લાલભાઈ દલપતભાઇને તથા શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈ પાસે જઈને પોતાના ગામની બની ગયેલ કરૂણ બીના તેઓએ રડતે હૃદયે જણાવી, અને વિનંતી કરી કે, "શેઠ સાહેબ! આ વાતનો પ્રતિકાર કરવા માટે આપ લોકોનું માર્ગદર્શન તથા મદદ મેળવવા અમે અહીં આવ્યા છીએ." પણ તેમની પાસેથી તેમને સંતોષકારક જવાબ ન મળતાં તેઓ બધા પાંજરાપોળના ઉપાશ્રયે બિરાજતા આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી પાસે આવ્યા.

પૂજ્યશ્રીને વંદના કરી સુખશાતા પૂછી પછી તેમણે પોતાના ગામની બનેલી દુઃખદાયક વિગત નિવેદન કરી. તે સાંભળીને પૂજ્યશ્રીને હૃદયે ભારે આઘાત થયો. પૂજ્યશ્રીએ એમને આશ્વાસન આપ્યું અને કહ્યું કે, 'તમે આજે બપોરે અહીં આવજો, સૌ સારા વાના થશે.' કેવા પરગજુ પરમ દયાળુ મહાપુરુષો હોય તે અહીં આપણને જોવા મળે છે!

અહીં આવેલ મારવાડી બન્ધુઓને આશ્વાસન મળવાથી શાન્ત થયા. ત્યારપછી પૂજ્યશ્રીએ શેઠ લાલભાઇ તથા શેઠ મનસુખભાઇને બોલાવ્યા, અને તેમને ગઢબોલના ભાઈઓ આવ્યાની વાત કરીને કહ્યું, 'એમની વાત આપણે સાંભળવી જોઈએ અને તેમને સંતોષ થાય એમ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવું જોઈએ. તમારામાં ગળપણ છે, તો મંકોડા આવે છે, તમારામાં આગેવાની ભરી શક્તિ છે તો લોકો તમારો આશરો શોધતાં આવે છે.' કેવો માર્મિક ઉપદેશ !

એ વખતે જ પેલાં ગઢબોલ અને ઘાણેરાવવાળા શ્રાવકો આવી પહોંચ્યા. એટલે બન્ને શ્રેષ્ઠિવરોએ આ બાબતમાં શી રીતે કામ કરવું ? તે માટે પૂજ્યશ્રી સાથે વિચારણા કરી. પૂજ્યશ્રીએ 'જૈન તત્ત્વ વિવેચક સભા'ના સભ્યોને બોલાવીને તેમને આ દુઃખદ બીના જણાવી. છેવટે નક્કી કર્યું કે, 'અમદાવાદથી વકીલ કેશવલાલ અમથાશા (બી.એ.એલએલ.બી.)ને આ મારવાડી ભાઈઓ સાથે ગઢબોલ મોકલવા અને તેઓ ત્યાં જઈને આ બાબત વિષે કરવા યોગ્ય કાર્યવાહી કરે.'

પૂજ્યશ્રીએ ગઢબોલના શ્રાવકોને કહ્યું કે, "અહીંથી વકીલ આવે છે, તો તમારે તેમને બરોબર મદદ આપવી પડશે. પછી ત્યાં જઈને આઘાપાછા થશો તે નહીં ચાલે." તે ભાઈઓએ આ વાત સ્વીકારી.

પૂજ્યશ્રીએ વકીલને પણ યોગ્ય સલાહ સૂચનાઓ આપી દીધી.

આ પછી વકીલ કેશવલાલભાઈ યુરોપિયન પહેર-વેશમાં સજ્જ થઈને તે ભાઈઓ સાથે ગઢબોલ જવા રવાના થયા. તેમની સાથે પટાવાળા તરીકે એક ભૈયાને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ મોકલવામાં આવ્યો. અહીંથી શેઠ લાલભાઈએ પણ આ. ક. પેઢીની શાખા સાદડીમાં આવેલી છે ત્યાંના મુનીમ મણીલાલને જણાવી દીધું કે, 'વકીલ ત્યાં આવે છે, અને તમારે તેમને જોઈતી સગવડ આપવી.'

વકીલ સાદડી પહોંચ્યા અને મુનીમને મળ્યા. તે મુનીમ પણ ચાલાક હતા. તેમણે પણ વકીલની જેમજ યુરોપિયન વેશ ધારણ કર્યો, પછી તેઓ બન્ને ઘોડા પર સવાર થઈ સાથે બે ભૈયાઓને લઇને ગઢબોલ ગયા. ત્યાં ચૌટામાં જઇને 'શ્રી શાન્તિનાથજીનું જૈન મંદિર ક્યાં છે?' પૂછ્યું

તે બન્ને યુરોપિયનને જોઈને જ ગઢબોલના અબૂઝ અને બીકણ તેરાપંથીઓ જેમણે આ પાપ કરાવ્યું હતું, તે ડરીને આઘાપાછા થઈ ગયા. તેમના મનમાં ફફડાટ પેશી ગયો કે આ યુરોપિયન જેવા સાહેબ આવ્યા છે. હવે આપણી શી વલે થશે? વકીલે તો આવતાં વેંતજ ઈંગ્લીશ ભાષામાં બોલવાનું શરૂ કર્યું. લોકોને ધમકાવ્યા. લોકો પણ ડરતાં ડરતાં તેમની પાસે આવ્યા એટલે તેમણે દેરાસરની ચાવીઓ કોની પાસે છે! તે જાણીને ચાવીઓ મંગાવી.

દેરાસર ઉઘડાવી, ત્યાંના ગૃહસ્થોને સાથે રાખીને પ્રતિમાજીને ખીલાના ઘા પડયા છે, તે બાબત પંચકેસ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવ્યો. અને અહીં "તેરાપંથી સાધુઓ ઉતર્યા હતા, તેઓએ ઉપદેશ આપીને પ્રતિમાજી ઉપર ખીલા મારવાનું આ ઘાતકી કાર્ય કરાવ્યું છે." આ બનાવ નોંધીને તેની ઉપર ત્યાંના લોકોના સાક્ષી–પુરાવા તરીકે સહી–સિક્કા કરી લીધા. પછી ત્યાંથી ઉદયપુર જઈને નામદાર મહારાણાશ્રી ફતેહસિંહજીની કોર્ટમાં કેસ દાખલ કર્યો.

આ કેસનો ફેંસલો આપતાં નામદાર મહારાણાએ ઓર્ડર કર્યો કે "કોઈપણ તેરાપંથી શખ્સે મન્દિરમાં પ્રવેશ કરવો નહિ. તેરાપંથી સાધુએ મન્દિરમાં ઉતરવું નહિ. આ હુકમની વિરુદ્ધ જે વર્તશે તે રાજ્યનો ગુનેગાર ગણાશે. અને તેને સખત નશીયત કરવામાં આવશે."

વિ. સં. ૧૯૬૭ના આ પરિચયને કારણે એ ગઢબોલના શ્રાવકોને ખબર પડી કે શાસનસમ્રાટ આચાર્ય ભગવંત દેસૂરી પધાર્યા છે એટલે પોતાના મેવાડ–પ્રદેશમાં પધારવા વિનંતી કરવા પૂજ્યશ્રી પાસે દેસુરી આવ્યા.

તેમનો ભાવભીનો અતિ આગ્રહ થવાથી તથા ગ્લાનમુનિને ઠીક થતા પૂજ્યશ્રીએ મુનિશ્રી જીતવિજયજી અને મુનિશ્રી ચંદનવિજયજી આદિને દેસુરી રાખીને દેસુરીની નાળના રસ્તે મેવાડ તરફ પધાર્યા.

નખ–શિખ પવિત્રતા નીતરતા પૂજ્યશ્રીથી પ્રભાવિત થઈને ઝીલવાડાના ઠાકોર સાહેબના અતિ આગ્રહથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રી દરબારગઢની મેડીએ પગલાં કરીને ત્યાં સ્થિરતા કરી. ઠાકોર સાહેબના આગ્રહથી ત્યાંજ પૂજ્યશ્રીએ રોજ વ્યાખ્યાન આપવાનું શરૂ કર્યું. ગામના દરેક કોમના લોકો આવવા લાગ્યા. કેટલાક તેરાપંથી ગૃહસ્થો કુતુહલ ખાતર સાંભળવા આવ્યા.

પૂજ્યશ્રીએ જ્ઞાનપ્રદીપ ઝળહળતાં ઓજસ્પૂર્ણ વાણીમાં ફરમાવ્યું કે, "પત્થરની પણ ગાયને જોવાથી ગાયનું જ જ્ઞાન અને ભાન થાય છે, પણ વાઘ કે સિંહનું જ્ઞાન નથી થતું તેમ ભગવાનની પ્રતિમાજીના દર્શન કરવાથી પ્રભુના દર્શન થાય છે. મોરને જોતાં જ સર્પો નાસી જતા હોય છે તેમ દર્શન કરવાથી બધા પાપો નાશ પામે છે. યાદ રાખો શ્રદ્ધા સર્વ સ્થાને ફળ આપે છે.

એક હજાર શબ્દો જેટલી કિંમત એક ચિત્રની ગણાય છે, તે હકીકત એ પુરવાર કરે છે કે બાળ અને અજ્ઞાની જીવો પણ પ્રતિમાજીના દર્શનથી અપૂર્વ લાભ મેળવી શકે છે. ફોટામાં રહેલી સ્વરૂપવતી નારી ને જોવાથી મનમાં વિકાર જાગતાં હોય તો નિર્વિકારી વીતરાગ પરમાત્માની મૂર્તિના દર્શનથી વીતરાગ ભાવ જાગે તેમાં કોઈ શક નથી.

જે ગામમાં એકાદ પણ મન્દિર નથી હોતું તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામ ધીમે ધીમે વાસનાઓનું ધામ બની જાય છે. માટે જ આપણા આ દેશમાં એવું કોઈ ગામ ભાગ્યે જ મળશે કે જ્યાં નાનું મોટું મંદિર ન હોય.

એક નાનો પ્રસંગ કહું છું.

એક ગૃહસ્થનો પુત્ર ગુમ થઈ ગયો, તેણે અખબાર માં જાહેરાતમાં છપાવી કે "ભાઈ મનોહર! તું જ્યાં હોય ત્યાંથી ઘેર આવી જા."

ત્યારે અખબારવાળાએ તે ગૃહસ્થને કહ્યું, "ભાઈ સાહબ! તમારા પુત્રનો ફોટો હોય તો લાવો-છાપામાં ફોટો આવશે તેને જોઈ કોઈ પણ વ્યક્તિ તમારો પુત્ર જોઈને તમને તુરત જ ખબર આપશે બીજે દિવસે ફોટો અખબારમાં આવ્યો બે ચાર દિવસમાં તેમના પુત્રનેલઈ એક અજાણ માણસ આવ્યો. પુત્ર મળી ગયો તેના ફોટાથી કેવું જલ્દી કામ થાય છે તેની સમજ પડી.

તે દિવસથી તે ગૃહસ્થ મૂર્તિપૂજામાં નહિ માનનારા એ ભાઇ બીજા દિવસથી મૂર્તિપૂજા કરતા થઈ ગયા.

જે આગમના અક્ષરો તમે જુઓ છો તેમજ વાંચો છો તે પણ એક આકૃતિરૂપ છે. તેમજ પૌદ્દલિક છે. એ અક્ષરોથી જે બોધ થાય છે, તેના કરતાં વિશેષ બોધ શ્રી પ્રભુ-પ્રતિમાના દર્શન-પૂજનથી થાય છે. પ્રભુજીની વાણી રૂપ આગમોને માનો છો તો એ પ્રભુજની મૂર્તિને ન માનો એ કેવળ અજ્ઞાન છે-અવિવેક છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દુનિયામાં એવી કોઈ વ્યક્તિ નથી કે જે કોઈને કોઈ પ્રકારે મૂર્તિપૂજામાં ન માનતી હોય.

ઠાકોર સાહેબ સહિત સહુ ગામવાસીઓ પૂજ્યશ્રીના સચોટ યુક્તિ યુક્ત અને તત્ત્વસંગત ઉપદેશથી મૂર્તિ-પૂજાની અસાધારણ મહત્તા સમજતા થયા અને અનેક ગૃહસ્થોએ ઊભા થઈને પૂજ્યશ્રી પાસે મૂર્તિપૂજક બનવાની શુદ્ધ ભાવના પ્રગટ કરી. (અસલ મૂર્તિપૂજક હતા. પછી તેરાપંથી થયેલ હતા.) પૂજ્યશ્રીએ પણ તેમને વાસક્ષેપ કરવા પૂર્વક પુનઃ મૂર્તિપૂજા રૂપ સન્માર્ગગામી તરીકેના આશીર્વાદ આપ્યા.

પૂજ્યશ્રીની ત્યાં ત્રણેક દિવસની સ્થિરતા અને પ્રતિદિન અપાતાં અસરકારક વ્યાખ્યાનોથી આખાયે ગામનું વાતાવરણ જાણે ફરી ગયું. ગામમાં ૫૦ તેરા-પંથીના ઘરમાં ૪૬ ઘર મૂર્તિપૂજક બન્યા. અને બાકી રહ્યા હતા ચાર. તેઓ પોતાના દુરાગ્રહમાં મજબૂત રહ્યા. ઠાકોર સાહેબ તો પૂજ્યશ્રીના પરમ અનુરાગી થઈ ગયા.

મેવાડમાં પૂજ્યશ્રીએ આદરેલા સન્માર્ગના સંદેશ પ્રસારણનું મંગલાચરણ હતું: 'પુણ્યશાળીને પગલે નિધાન' એમ પૂજ્યશ્રી જ્યાં પધારે ત્યાં સફળતાનો જ નિવાસ હોય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચોથે દિવસે દેસૂરીથી મુનિશ્રી જીતવિજયજીની તબિયત એકાએક બગડી ગયાના સમાચાર આવ્યા. એટલે પૂજ્યશ્રી વિહાર કરીને પાછા દેસુરી પધાર્યા. યોગ્ય ઉપચારો શરૂ કર્યા. પણ મુનિશ્રીની તબીયત સારી ન થઇ. આખરે આયુષ્યની સમાપ્તિ થયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમની આરાધનાની અનુમોદનાર્થે દેસુરી શ્રીસંઘે સારી રીતે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવ્યો.

## મેવાડમાં ધર્મ પ્રચાર

દેસુરીથી અઠ્ઠાઇ મહોત્સવ પૂર્ણ, થયે પૂજ્યશ્રીએ પુનઃ મેવાડ તરફ વિહાર કર્યો; સોમેશ્વરના નાળના–માર્ગના વિકટ રસ્તે થઈને પૂજ્યશ્રી સોમેશ્વર પધાર્યા. આ સોમેશ્વર પણ હિંદુઓનું "તીર્થધામ" છે. ત્યાંથી રૂપનગર આવ્યા. આ પણ વૈષ્ણવોનું ધામ છે. અહિં વસતા તેરાપંથીઓને પ્રતિબોધ આપી શુદ્ધ મુર્તિપૂજક બનાવ્યા.

શાસન સમ્રાટ પૂજ્યશ્રી મેવાડ પધાર્યા. ત્યારે આખાય મેવાડમાં પૂજ્યશ્રીનો પ્રતાપ–તેજ ફેલાઇ ગયો. નાના મોટા ગામોમાં આગળ આગળ ખબર પડતી ગઈ. વ્યાખ્યાનની સુગંધ એવી તો ફેલાઈ ગઈ કે દરેક ગામવાળા શ્રાવકો પૂજ્યશ્રીને પોતાના ગામમાં પધારવા ને ધર્મોપદેશ સંભળાવવા વિનંતિ કરવા આવવા લાગ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં જ્યાં પૂજ્યશ્રી પધારતા ત્યાંના મંદિરોને સ્વચ્છ કરાવતા, તેમજ કોઈ મંદિરોના દરવાજાઓ તુટી ગયેલા હોય અને ગામ લોકોએ ત્યાં કાંટાની વાડ કરાવી હોય તેને દૂર કરાવીને લાકડાના દરવાજાઓ કરાવવા શ્રીસંઘને સુચના આપતા. આ રીતે કેટલાય મંદિરોને સમરાવીને–જિર્ણોદ્ધાર કરાવીને યોગ્ય વ્યવસ્થા કરવાનો પ્રથમ ઉપદેશ આપતાં. મંદિરમાં કોઇ પ્રકારની આશાતના ન થાય તે માટે સૌનું લક્ષ ખેંચતાં.

રૂપનગરથી લાંબિયા પધાર્યા. આ ગામમાં તો મૂર્તિપૂજાના કટ્ટર વિરોધીઓ વસતા હતા. તેઓ પોતાના સાધુઓ સિવાય કોઇપણ સાધુને આહાર–પાણી વહોરાવવામાં સમકિતનો નાશ માનતા. કેવી અજ્ઞાનતા જોવા મળે છે?

આ બધા ગામોમાં ઘણીવાર બનતું કે સાધુઓ વહોરવા જાય તો તેરાપંથીઓ વહોરાવતા નહીં તેથી કેટલીય વાર સહુપરિવાર સાથે પૂજ્યશ્રીને ઉપવાસ થતા. કોઈ કોઈવાર ચાલુ વિહારમાં સાધુઓને છઠ્ઠ તપ વગેરે થતાં. વળી ઉતરવા માટે સ્થાનની અગવડ તો ઠેર ઠેર પડતી. પણ એ બધાથી ડરે કે હારે એ પૂજ્યશ્રી નહિ. પૂજ્યશ્રી તો ધર્મ પ્રભાવનાની શુધ્ધ ભાવનાથી તે તરફ પધારેલા. તેમાં ગમે તે પરિષહ સહન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા પડે તો તે માટે તેઓશ્રી[1] અને તેમના શિષ્યો તૈયાર જ હતા.

લાંબિયા ગામમાં પૂજ્યશ્રીએ ચાર દિવસ સ્થિરતા કરીને પ્રતિદિન ત્રણવાર વ્યાખ્યાન આપવું શરૂ કર્યું. કટ્ટર તેરાપંથીઓ કુતુહલ પૂર્વકની દૃષ્ટિએ વ્યાખ્યાનમાં આવવા લાગ્યા. પૂજ્યશ્રીના સરળ બોધક અને સચોટ ઉપદેશની તેઓ ઉપર જાદુઈ અસર પડી. વ્યાખ્યાન અને વાર્તાલાપ દ્વારા અનેકોના હૃદય પરિવર્તન કર્યા. મૂર્તિને ખીલા મારવાની વાત કરનારા અનેક માણસો મૂર્તિને પ્રણામ કરી પૂજા કરતા થયા. ગણ્યા ગાંઠયા કદાગ્રહીઓ બાકી રહ્યા. 'આવ્યા હતા લડવા અને બેસી ગયા પૂજવા' જેવું થયું.

પોતાના પૂજ્યના દેહને નમનારા દેવાધિદેવના સ્થાપના નિક્ષેપાને ન નમવાનો જે આગ્રહ રાખે છે, તેમાં નર્યું અજ્ઞાન નથી તો બીજું શું છે?

આલંબન વડે જ જીવો ચડે છે ને પડે છે. જો આલંબન નિર્દોષ અને નિર્વિકારી હોય તો જીવ પણ તેને પામીને ઝડપથી આત્મ શુદ્ધિ કરી શકે છે.

લાંબિયાથી પૂજ્યશ્રી સાંખિયા પધાર્યા. અહીંયા પોરવાળ જ્ઞાતિના મૂર્તિપૂજક ઘરો હતા. ચારેક ઘર તેરા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંથીના પણ હતા. તેઓને પૂજ્યશ્રીએ ઉપદેશ આપીને પાકા મૂર્તિપૂજક બનાવ્યા એટલે આ ગામમાં એક પણ તેરાપંથી રહ્યો નહિ. ત્યાંથી લીંબોળી પધાર્યા.

સૂર્યના પગલે અંધકાર કેટલો ટકે? તેમ પૂજ્યશ્રીના પ્રતાપી પગલે મૂર્તિપૂજાના વિરોધીઓ ઢીલા ઢફ થયા. અનેક ભોળા ગૃહસ્થોએ પૂજ્યશ્રી પાસે આવીને એકરાર કર્યો કે, "આ વાત અમને પકડાવી દેવામાં આવી છે. બાકી અગાઉ તો અમારા વડીલો મૂર્તિપૂજા જ કરતા હતા, પણ આપ પૂજ્યોનો વિહાર આ ક્ષેત્રોમાં ઓછો થયો. તેનો ગેરલાભ ઉઠાવીને અમારા જેવા અનેકોને ઉંધા પાટા બંધાવીને આ લોકોએ અમને પાડયા છે. અમારા સદભાગ્યે આપ અત્રે પધાર્યા અને અમારી આંખ ઉઘાડી. હવે તો અમે પણ જયાં જઈશું ત્યાં મૂર્તિપૂજાના વખાણ કરીશું."

ગામના ભદ્રિક માણસોના હૃદયના આ ઉદગારો સાંભળીને પૂજ્યશ્રીને સંતોષ થયો. તેરાપંથીઓને મૂર્તિપૂજક બનાવીને ત્યાંથી ગઢબોલ પધાર્યા.

ગઢબોલ એ મેવાડનું હિન્દુ તીર્થ-'ચાર ભુજા' તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં મૂર્તિપૂજકના પાંચ અને તે સિવાય તેરાપંથીઓના ઘણા ઘર હતા. વળી આ વખતે અહીં તેરાપંથીની સાતેક આર્યાઓ આવી હતી. તે આર્યાઓ રોજ વ્યાખ્યાન વાંચતી હતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામના રાજ્યાધિકારીઓ તથા પંડીયાઓએ એ આર્યાઓના વ્યાખ્યાન સ્થાનની સામે આવેલા વિશાળ ચોકમાં પૂજ્યશ્રીનું વ્યાખ્યાન ગોઠવ્યું. પૂજ્યશ્રીએ ત્યાં પધારી સેંકડોની મેદની વચ્ચે વ્યાખ્યાનનો આરંભ કર્યો. એ જોઈને પેલા સાતેય આર્યાઓએ પોતાના સ્થાનમાં એકી સાથે રાગડા તાણીને વ્યાખ્યાન શરૂ કર્યું. તેમના મનમાં એમ કે, આમ કરવાથી મહારાજશ્રીનું વ્યાખ્યાન કોઈ સાંભળી નહિ શકે.

પૂજ્યશ્રીની સિંહ ગર્જના આગળ તે આર્યાઓનું કેટલું જોર ચાલે ? દસેક મિનિટ થતાં તો તે આર્યાઓને પોતાનું વ્યાખ્યાન બંધ કરવું પડ્યું. અને એથી તેઓ લોકમાં હાંસીપાત્ર ઠર્યા.

ગઢબોલમાં પૂજ્યશ્રીએ અનેક કટ્ટર તેરાપંથીઓને મૂર્તિપૂજક બનાવીને ત્યાંથી વિહાર કરીને રીચડ ગામે પધાર્યા. અહીંના થાણેદાર પૂજ્યશ્રીના પ્રથમ દર્શને પૂજ્યશ્રીના અનુરાગી બન્યા હતા. તેમજ અહીં પણ પૂજ્યશ્રી ત્રણ ત્રણ વખત વ્યાખ્યાન ફરમાવતા હતા. થાણેદાર ગામના અનેક સદ્‌ગૃહસ્થોને સાથે લઈ સમયસર વ્યાખ્યાનમાં હાજર રહેતા. અહિં મૂર્તિ વિરોધીઓનાં ૧૫૦ ઘર હતા. તેમના આગેવાન ગુલાબચંદજી નામે શ્રીમંત ગૃહસ્થ હતા. પણ પૂજ્યશ્રીના સચોટ ઉપદેશથી ગામમાં મૂર્તિપૂજા કરવાનું વાતાવરણ ઉભું થતું હતું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુલાબચંદજી વગેરે તેરાપંથીઓ પણ પૂજ્યશ્રીને સાંભળવા આવતાં. એ ત્રણ દિવસ સાંભળીને ગુલાબચંદજીએ શાસ્ત્રાર્થનો પ્રસ્તાવ પૂજ્યશ્રી સમક્ષ રજુ કર્યો. થાણેદારને વચ્ચે સાક્ષી રાખીને પૂજ્યશ્રીએ એ પ્રસ્તાવ સ્વીકારી લીધો. ગુલાબચંદજીએ કહ્યું : "અમારા કાળુરામજી મહારાજ શાસ્ત્રાર્થ કરવા માટે અહિં આવશે. વળી, સાહેબ ! શાસ્ત્રાર્થમાં છાપેલા પુસ્તકોનો ઉપયોગ નહિ થાય. હસ્તલિખિતનો જ થશે."

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી એ વાત જાણતા જ હતા. તેથી પોતાની સાથે રહેતા માણસ નારાયણભાઈને મોકલી વરકાણાથી શીઘ્ર ઊંટ દ્વારા હસ્તલિખિત પુસ્તકો મંગાવી લીધા હતા.

ગુલાબચંદજી પોતાના ગુરૂ કાળુરામજી મ. ને તેડવા ગયા. પણ શ્રી કાળુરામજી મ. શાસનસમ્રાટ પૂજ્યશ્રીની સર્વતોમુખી પ્રતિભાથી વાકેફ હતા. એટલે તેમણે પૂજ્યશ્રી સાથે શાસ્ત્રાર્થ કરવાની વાત ઉડાવી દઈને ગુલાબચંદજીને ખૂબ ધમકાવ્યા અને કહ્યું : 'મને વગર પૂછયે આવો શાસ્ત્રાર્થનો પ્રસ્તાવ તમારે મૂકવો જ ન જોઈએ.' કાળુરામજીએ કહ્યું: જાવ, 'હું શાસ્ત્રાર્થ માટે નથી આવવાનો.'

ગુલાબચંદજી સાવ નિરાશ થઈને પાછા આવ્યા. એ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિવસ વ્યાખ્યાનમાં પણ આવ્યા નહી. થાણેદારે તેમને બોલાવીને પૂછયું, 'આપના ગુરૂ ક્યારે આવવાના છે?' જવાબ આપવાને બદલે ગુલાબચંદજી ચૂપ રહ્યા.

થાણેદાર તેમને લઇને પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં આવ્યા. વ્યાખ્યાન ચાલુ હોવાથી ૫૦૦ જેટલા માણસોની હાજરી હતી. ગુલાબચંદજીને જોઇને પૂજ્યશ્રીએ પ્રશ્ન કર્યો, 'કેમ, શું જવાબ લાવ્યા?' એ જ વખતે થાણેદારે પણ તે જ પૂછયું. ગુલાબચંદજીએ કહ્યું કે, "અમારા ગુરૂજીને તાવ આવે છે, એટલે વિહાર કરીને અહીં નહિ આવી શકે."

પૂજ્યશ્રીએ કહ્યું : "જુઓ થાણેદાર! આમ કહે છે. જે હોય તે ખરૂં, પણ હવે શું કરવું છે? તે કહો."

જવાબમાં ગુલાબચંદજી કહે : "સાહેબ! અમારા આર્યાજી ને શાસ્ત્રાર્થ માટે લાવીએ તો કેમ?" તેમની ધારણા હતી કે, "મહારાજશ્રી ના પાડશે."

આપણા પૂજ્યશ્રીએ કહ્યું : 'આર્યા-તુરીયા ચીભરા-સબ લાઓ જો લાના હો સો લાઓ. આર્યાકો લાવેગા તો ભી હમ તૈયાર હય.' અને પછી થાણેદારને ઉદ્દેશીને કહ્યું : 'આ બે દિવસમાં આર્યાજી ને અહીં લાવવાનું અને તેની જોડે શાસ્ત્રાર્થ કરવાનું અમને કહે છે અમે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ માટે પણ તૈયાર જ છીએ. જો કે હજુ સુધી મારી જીંદગીમાં મારે કોઈ દિવસ સ્ત્રી સાથે બોલવાનો પ્રસંગ આવ્યો નથી. અને આવશે પણ નહિ, પણ આ પ્રસંગ એવો છે કે જેમાં મારે સ્ત્રી સાથે બોલવું પડશે."

સૌ સમક્ષ નક્કી કરીને ગુલાબચંદજી ગયા. એમના મોટા આર્યાજી જે ગામમાં હતા ત્યાં ગયા. બધી વાત કરી. તો આર્યાજીએ તો તેમનો ઉધડો જ લઈ લીધો. "તમને આવું ડહાપણ કરવાનું કહ્યું છે કોણે? હું શાસ્ત્રાર્થ કરવા આવવાની નથી." આ એ જ આર્યાજી હતા કે જેઓ ગઢબોલમાં પૂજ્યશ્રીની સામે વ્યાખ્યાન કરવા બેઠા હતા. તેઓ તો તે જ વખતે સમજી ગયેલા કે આ મહારાજશ્રી પાસે આપણું કોઈ ગજું નથી.

આ બધું નાટક જોઈને ગુલાબચંદજી વીલે મોઢે પાછા ઘરે આવી ઘરમાં ભરાઈ ગયા.

ગુલાબચંદજી બે દિવસની વાત કરીને ગયા તે પાછા દેખાયા નહિ. એટલે ત્રીજે દિવસે પૂજ્યશ્રીએ થાણેદારને વ્યાખ્યાન સભામાં પૂછ્યું કે, "કેમ ગુલાબચંદજી દેખાયા નથી? શાસ્ત્રાર્થનું શું થયું?" થાણેદારે ગુલાબચંદજીને બોલાવ્યા. અને પૂછ્યું. ગુલાબચંદજી બોલ્યા, "અમારા આચાર્ય કે આર્યા અહીં નહિ આવે, જો મૂર્તિપૂજક સાથે વાત કરીએ, તો સમકિત જાય."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સાંભળી પૂજ્યશ્રીએ બુલંદ સ્વરે કહ્યું, "સમકિત હોય તો જાય ને? પણ તમે અત્યાર સુધી આવી વાતો કરીને આમતેમ દોડધામ કરતા હતા ત્યારે તમારૂં સમકિત ક્યાં મુકી આવ્યા હતા?" પછી પૂજ્યશ્રીએ ત્યાં થાણેદારને કહ્યું, "જુઓ થાણેદાર આ લોકો કેવા જુઠા છે? કારણ કે તેમનો મત અસત્ છે. સાચો માર્ગ તો મૂર્તિપૂજાનો જ છે." આમ કહીને મૂર્તિપૂજા બાબત સચોટ ઉપદેશ આપ્યો અને કહ્યું, "તમારા પિતા યા અન્ય વડીલના ફોટા ઉપર થુંકવાનું કોઈ તમને કહે તો તમે તેમ કરો?"

શ્રોતાઓ બોલ્યા, "ના સાહેબ!"

પૂજ્યશ્રીએ પૂછ્યું, "કેમ ના?"

શ્રોતાઓ બોલ્યા, "તેમાં અમને અમારા વડીલ દેખાય છે માટે."

'બસ તો પછી આ ન્યાય મૂર્તિપૂજામાં પણ છે. પોતાના ગુરૂની વસ્તુને પણ આંખે લગાડનારા જ્યારે મૂર્તિપૂજાને નકારે છે ત્યારે એ વાત ભૂલી જાય છે કે મૂર્તિપૂજાનો એમનો વિરોધ જ મૂર્તિપૂજા યથાર્થ હોવાના સત્યનું સમર્થન કરે છે. મૂર્તિની સત્યતાને પુરવાર કરે છે. એટલે જ તો કેટલાય વર્ષોથી તમારા ગામમાં જિન મંદિર છે તે તેની સાક્ષી પૂરે છે.' છેવટે પૂજ્યશ્રીએ કહ્યું, "જેને મૂર્તિપૂજનો સાચો માર્ગ સ્વીકારવો હોય તે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવો અહીં અમારી પાસે અને વાસક્ષેપ નંખાવીને સમ્યકત્વ ઉચ્ચરી લો."

પૂજ્યશ્રીની આ સત્પ્રેરણાથી તેજ વખતે સારાસારનો વિવેક સમજનારા ગૃહસ્થો એક પછી એક વાસક્ષેપ નંખાવવા આવવા લાગ્યા પૂજ્યશ્રીના પવિત્ર હસ્તે વાસક્ષેપ નખાવીને સમ્યક્ત્વ ઉચ્ચરવા લાગ્યા. જોતજોતામાં તો ૬૦ ઘર મંદિર માનનારા બની ગયા. પૂજ્યશ્રીએ તેમને ઉપદેશ આપતાં ફરમાવ્યું : "તમારો સાચો ધર્મ તો મૂર્તિપૂજાનો જ છે એના પુરાવા તરીકે અત્યારે પણ તમારા આ પ્રદેશના એકેએક ગામમાં પરમાત્માનું દેરાસર છે.

મેવાડના મંત્રીશ્વર ભામાશાહે મહારાણા પ્રતાપને અણીની વેળાએ અમુલ્ય મદદ કરી હતી. તેના બદલારૂપે કંઇક માંગણી કરવાની વાત મહારાણાએ કહેતાં ભામાશાહે માંગણી કરી કે : "મેવાડનું કોઈ પણ ગામ એવું ન રહેવું જોઇએ કે જ્યાં જિનમંદિર ન હોય. અને કોઇ પણ ગામની નીંવ (પાયો) નંખાય (નવું ગામ વસાવાય) ત્યારે ત્યાં સૌ પ્રથમ શ્રી રૂષભદેવજીના દેરાસરનો પાયો નંખાય, પછી જ બીજાં કામ થાય."

કેવિ અદ્ભૂત પરોપકાર પરાયણ માંગણી હતી !

આ માંગણીનો મહારાણાએ તરત જ સ્વીકાર કરીને, તેને અંગે યોગ્ય હુકમો પણ બહાર પાડેલા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના પુરાવા તરીકે તે વખતના શિલાલેખો અત્યારે પણ ભામાશાહનાં વારસદારો પાસે મોજુદ છે.

આ પ્રમાણે સત્યમાર્ગદર્શક ઉપદેશ મળવાથી ગામના ૧૪૫ ઘર ચુસ્ત મૂર્તિપૂજક બની ગયા. ફક્ત પાંચેક ઘર જ બાકી રહ્યા.

રિચડમાં આનંદ અને જય જયકાર વર્તાવીને પૂજ્યશ્રી મજેરા પધાર્યા. ત્યાં પણ તેરાપંથીઓને પ્રતિબોધ પમાડીને મૂર્તિપૂજાનાં સાચા રાહે ચઢાવ્યા. ત્યાંથી કેલવાડા પધાર્યા. અહીંયા પણ તેરાપંથીઓને મૂર્તિપૂજામાં શ્રદ્ધાવાળાં બનાવ્યા.

આ રીતે મેવાડમાં નાના મોટા અનેક ગામોમાં વિચરીને, અનેક પરીષહો સહીને પૂજ્યશ્રીએ લગભગ ૭૦૦-૮૦૦ કુટુંબોને મૂર્તિપૂજક બનાવ્યા. મૂર્તિપૂજાના સાચા માર્ગે ચઢાવ્યા. આથી એ પ્રદેશમાં પૂજ્યશ્રી તેરાપંથી ઉદ્ધારક તરીકે વિખ્યાત થયા.

પૂજ્યશ્રીના આ પ્રદેશમાં પધારવા પૂર્વે પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા કાશીવાળા પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજ આદિ મુનિવરો આ પ્રદેશમાં આવેલા. ત્યારે તેમને આહાર-પાણીની તકલીફ તો ઘણી જ પડતી હતી. પણ કેટલેક ઠેકાણે તો મસ્જીદમાં ઉતરવું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પડેલું. એટલે આ પ્રદેશને તેઓ સાધુઓના વિહાર માટે અયોગ્ય લેખતા હતા.

વિ. સં. ૧૯૭૬માં શિવગંજથી શ્રી કેસરીઆજીનો સંઘ લઈને વિચરતા-વિચરતા પૂ. આ. વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ આ પ્રદેશમાં આવ્યા, ત્યારે શ્રાવકોમાં થયેલું પરિવર્તન જોઈને નવાઈ પામ્યા. જ્યારે તેમણે જણાવ્યું કે, આવા અજબ પરિવર્તનનું કારણ સૂરિ સમ્રાટ છે. ત્યારે તેઓશ્રીએ કહ્યું કે, "પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી કે પહલે મેં જબ મેવાડ પ્રદેશમેં આયા થા, તબ એક ભી શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રાવક કા ઘર ઈસ પ્રદેશમેં નહીં થા. ઔર આજ સેંકડો ઘર સંવેગી બન ચૂકે હેંય, ઔર સાધુ-સાધ્વીકી ભક્તિ કર રહે હેંય. સો પૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમિસુરીશ્વરજીકા પ્રભાવ હેંય. ઉનકે પ્રભાવ કો દીખલાને કા પ્રયત્ન કરના વહ સૂર્યકો અંગુલીસે દિખાને બરાબર હય."

આ ઉપરથી જણાય છે કે, પૂજ્યશ્રીએ તેરાપંથીઓનો ઉદ્ધાર કરીને કેવી અસાધારણ શાસન-પ્રભાવના કરી હતી.

આમ મેવાડના અનેક ગામોમાં મૂર્તિપૂજાની ઉપકારકતાને પુનઃ પ્રતિષ્ઠિત કરીને વિચરવા લાગ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાકી રહેલા ગામોમાં પણ પૂજ્યશ્રી વિચરવા માટે આગળ આગળ વધે જતા હતા.

ત્યાં તો સાદડી શ્રીસંઘના આગેવાનોએ વિચાર્યું કે, પૂજ્યશ્રી આમ વિચરતા ઉદયપુર નજીક ગયા તો ચાતુર્માસ ત્યાં થઈ જશે, આપણે એ લાભથી વંચિત રહીશું. આવા વિચારથી સાદડીના શ્રીસંઘના મુખ્ય આગેવાનો અને શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના મુનીમ શ્રી ભાઈચંદભાઈ વગેરે કેલવાડા આવ્યા અને સાદડી પધારવા માટે આગ્રહપૂર્વક વિનતિ કરી, પૂજ્યશ્રીએ જેવી ક્ષેત્રસ્પર્શના એમ કહીને જવાબ આપ્યો.

કેલવાડાથી પૂજ્યશ્રી કોમળગઢ ઉપર પધાર્યા. આ કોમળગઢના નવ ગઢ હતા. નવ કિલ્લા વટાવીને જઈએ એટલે અંદર રાજમહેલ આવે. અહીં એવી ગોઠવણી હતી અહીં પૂર્વે ૩૬૦ જિનાલયો હતા. જૈનેતરોના મંદિરો પણ ઘણા હતા. કહે છે કે સંધ્યા ટાણે આરતી થતી ત્યારે ૯૯૯ ઝાલરોનો રણકાર એકી સાથે થતો. ત્યારે માનવોની વસ્તી કેટલી હશે ત્યાં ?

અત્યારે જે અચલગઢમાં પંચધાતુના ચૌમુખ ભગવાન ૧૪૪૪ મણ વજનના કહેવાયછે.તે પ્રતિમાજી મૂળ કોમળગઢ ના એક જિનાલયમાં બિરાજતા હતા. પણ જયારે એ કિલ્લો અને શહેર મુસ્લિમોના કબજે ગયો, ત્યારે આપણા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદેશ શ્રાવકોએ દીર્ઘદષ્ટિ વાપરીને પર્વતના માર્ગે પ્રતિમાજી અચલગઢ ઉપર પહોંચાડી દીધા.

ત્યાં કોમળગઢમાં પૂજ્યશ્રીએ ખૂબ જિણવટથી નિરીક્ષણ કરીને જોયું તો અનેક ખંડિયેર જિર્ણ મન્દિરો અને અનેક ખંડીત જિનમૂર્તિ પડેલી જોઈ. એક દેરાસરમાં દીંચણથી ખંડિત શ્રીઆદીનાથપ્રભુની મોટી પ્રતિમા હતી. તે મંદિરમાં ઢેઢ જાતિનો એક માણુસ રહેતો. તેને શ્રાવકો દ્વારા અન્ય જગ્યાએ રહેવાની સગવડ કરાવી આપી.

પછી કોમળગઢથી વિકટ માર્ગે મુંછાળા-મહાવીરની યાત્રા કરવા પધાર્યા. યાત્રા કરીને ઘાનેરાવ પધાર્યા. અહીં દોઢ માસની સ્થિરતા કરી.

મેવાડથી મારવાડના આ વિહારની કઠણાઈ એ કઠણ માણુસને પણ ઢીલો પાડી દે તેવી હતી છતાં વજ્ર જેવા દઢ મનોબળવાળા પૂજ્યશ્રી શાસનભક્તિ કાજે તેને ઓળંગીને મારવાડના મશહુર સાદડી શહેરમાં પધાર્યા.

પૂજ્યશ્રીનું સાદડીમાં વ્યાખ્યાન ચાલુ થતાં લોકો ખૂબ પ્રભાવિત થયા. ઓજસપૂર્ણ વ્યાખ્યાનો સાંભળી સાદડીના આગેવાનો ખુબ વખાણ કરવા લાગ્યા. અને પરસ્પર વાતો કરવા લાગ્યા કે, "પૂજ્યશ્રીનું વ્યાખ્યાન અદ્ભુત કોટીનું છે, તત્ત્વની ઝીણી વાતો પણ આપણને સારી રીતે સમજાવે છે." મેવાડમાંથી અવાર નવાર લોકો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવવા લાગ્યા. અને સાદડીના શેઠીયાઓને કહેતા કે, "મેવાડમાં શાસનસમ્રાટ પૂજ્યશ્રીએ વિચરીને તેરાપંથીઓનો ઉદ્ધાર કરીને પાકા મૂર્તિપૂજક બનાવ્યા છે. અમારો તો ભવ સુધારી દીધો છે.

સાદડીમાં દિન પ્રતિદિન વ્યાખ્યાનમાં માનવમેદની વધવા લાગી. હોંસે હોંસે સહુ વ્યાખ્યાન સમય પહેલાં આવી પોતાની બેઠક સર કરવા લાગ્યા. મનોમુગ્ધ ભવ્ય-આકૃતિ બુલંદ અવાજ અને અનોખી વિશિષ્ટ વ્યાખ્યાન શૈલી જનતામાં બોધ પેદા કરવા સાથે જાગૃતિ લાવતાં.

એક દિવસ પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે, "આપણે શ્રી રાણકપુર તીર્થની યાત્રા કરી આવીએ." સકળ સંઘે કહ્યું : "અમે પણ સૌ સાથે આવીશું." સકળ સંઘ સમેત પૂજ્યશ્રી સપરિવારે રાણકપુરની યાત્રાર્થે પધાર્યા.

રાણકપુરની યાત્રા ખૂબ ઉલ્લાસભાવે કરી, પ્રભુ શ્રી આદીનાથ વિગેરેની ચૈત્યવંદન સહિત અદ્ભુત ભાવભક્તિ કરી સૌના હૈયાં ભાવ વિભોર થયા. પ્રભુ સ્તુતિ કરી સહુએ મુખ મીઠું કર્યું.

પૂજ્યશ્રીએ પોતાના શિષ્યો સહિત ભવ્ય મંદિરનું સુક્ષ્મ દૃષ્ટિએ નિરીક્ષણ કર્યું. શિલ્પકલાનું અલૌકિક કામ જોઈ, સૌ પ્રભાવિત થયા, ઘણા વખતથી ભોંયરાઓ બંધ હતા. તે બધા ખોલાવ્યા. અને તેમાં રહેલી ભવ્ય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમાજીના દર્શન કર્યા ઘણા વખતથી ભોંયરા બંધ રહેવાથી ઘણી પ્રતિમાજીને લુણો લાગી ગયેલો. તે જોઈ પૂજ્યશ્રીના મનમાં વિચાર આવ્યો કે, એ બધાય પ્રતિમાજીઓને બહાર કઢાવીને દેરીઓમાં પધરાવી દેવી. પણ તે વખતે દેરીઓ-જીર્ણ શીર્ણ દશામાં હોવાથી તત્કાલ આ કાર્ય બનવું અશક્ય લાગ્યું. પણ શ્રી રાણકપુરજીના જિર્ણોદ્ધાર કરાવવાનું બીજ આ વખતે પૂજ્યશ્રીના હૃદયમાં પડયું, સકલ શ્રીસંઘ સાથે પૂજ્યશ્રી પાછા સાદડી પધાર્યા.



ટીંટોઈ સંઘની ખૂબ આગ્રહપૂર્વકની ચાતુર્માસ માટે સાધુઓની માંગણી હોવાથી પૂજ્યશ્રીએ પંન્યાસ શ્રી પ્રેમવિજયજી મ. તથા પં. શ્રી સુમતિવિજયજી મ. આદિ ઠાણાને ચાતુર્માસ માટે ટીંટોઈ મોકલાવ્યા.

**"તીર્થરક્ષા, જીર્ણોદ્ધારની, લગની જેને લાગી'તી;**
**અસંખ્ય પૈસા ખર્ચાવી, જૈન ધર્મધજા ફરકાવી'તી."**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિરણ એકતાલીસમું........

# સાદડીમાં ચાતુર્માસ

વિ. સં. ૧૯૭૨નું ચાતુર્માસ સાદડી નક્કી થયું.

ચાતુર્માસ બેઠા પહેલા બોટાદના વતની અગડીયા **શ્રી લવજીભાઈ જીવણલાલ** નામના નવયુવાન ભાઈને પૂજ્યશ્રીએ દીક્ષા આપી તેમનું નામ **મુનિ શ્રી લાવણ્યવિજયજી** રાખીને પોતાના શિષ્ય કર્યા. અને મુનિ શ્રી વિજ્ઞાનવિજયજી મ. ને શ્રી ભગવતીજી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો. બીજા મુનીવરોને પણ અન્યોઅન્ય સૂત્રના યોગ વહાવ્યા.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીના સદ્ઉપદેશથી સાદડીમાં શ્રી જિનશાસનનો જય જયકાર થયો. અનેક ભાવિકો ધર્મ ક્રિયા કરતા થયા. તપસ્યાઓ પૂજાઓ–વરઘોડાઓ વિગેરે ધર્મકાર્યોમાં વિશેષ ઉજમાળ બન્યા. ઘર ઘરમાં સદ્ભાવનાની સુવાસ પ્રસરી.

અનેક શાસન–પ્રભાવનાના કાર્યોથી ચાતુર્માસ પૂર્ણ થવાની તૈયારી હતી. ત્યારે ઘાણેરાવ શ્રીસંઘના આગેવાનો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી વિનંતી કરી કે, "કૃપાનાથ ! આપે ચોમાસું અહિં કરી સાદડીના શ્રીસંઘને ઘણો લાભ આપ્યો; હવે અમારે ત્યાં પધારીને અમને પણ કાંઇક લાભ આપો."

તેમનો આગ્રહ જોઇને પૂજ્યશ્રીએ **મુનિશ્રી વિજ્ઞાન વિજયજી** મ. ને ઘાણેરાવમાં ગણિ-પંન્યાસપદ આપવાનો નિર્ણય કર્યો. આ વાત સાદડી શ્રી સંઘના આગેવાનોને ખબર પડતાં જ આવીને કહ્યું: "સાહેબ ! સાદડીમાં જ આ મહોત્સવ કરીશું." પૂજ્યશ્રીએ કહ્યું, ઘાણેરાવવાળાઓને આદેશ અપાઈ ગયો. હવે એમાં ફેરફાર ન થાય.

સાદડીના શ્રી સંઘે અતિ આગ્રહ કર્યો. અમને ય લાભ મળવો જ જોઈએ.

ચોમાસા બાદ વિ.સં. ૧૯૭૩માં પૂજ્યશ્રી સાદડીથી ઘાણેરાવ પધાર્યા. પૂ. **મુનિશ્રી વિજ્ઞાનવિજયજી મ.** ને કા. વદ ૬ના ગણિપદ અને કા. વદ ૧૨ને શુભ મુહુર્તે પંન્યાસપદ અર્પણ કર્યા. એ નિમિત્તનો મહોત્સવ શ્રી મુલચંદજી જીવંતરાજજી ખીચીયા તરફથી ઠાઠમાઠથી ઉજવાયો. બીજા સદ્‌ગૃહસ્થો તરફથી પણ તેમાં નવકારશી-પ્રભાવના વિગેરે સત્કાર્યો થયા.


ઘાણેરાવથી પૂજ્યશ્રી 'શ્રી મૂછાળા મહાવીર'જી યાત્રાર્થે પધાર્યા. ત્યાં મોટો મેળો હતો અને એ મેળામાં એક ગૃહસ્થ તરફથી ગોળવાડના બાવન ગામોને નિમંત્ર્યા હતા. મેળો થયા પછી ઘાણેરાવ થઈને પૂજ્યશ્રી પુનઃ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાદડી પધાર્યા. પં. શ્રી પ્રેમવિજયજી મ. આદિ મુનીવરો પણ ટીંટોઇથી વિહાર કરીને સાદડી આવી ગયા હતા.

માગશર વદ ૩ ને મંગલ દિવસે ધામધુમપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ કર્યો. પં. શ્રી પ્રેમવિજયજી ગણી,



ચાર મુનિ ભગવંતોને ઉપાધ્યાય પદ અર્પણ કરતા પૂજ્યશ્રી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પં. શ્રી સુમતિવિજયજી ગણી, પં.શ્રીદર્શનવિજયજી ગણી તથા પં. શ્રી ઉદયવિજયજી ગણી** એ ચારેને પૂજ્યશ્રીએ ઉપાધ્યાય પદવી આપી. આ પ્રસંગે સાદડી સંઘનો તથા અમદાવાદ, ખંભાત ભાવનગર, મહુવા, બોટાદ વિ. અનેક ગામોના ભાવિકો આવેલા પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોનો ઉલ્લાસ અપાર હતો.

આ ચોથા પદનું પણ અપાર માહાત્મ્ય છે. આગમ શાસ્ત્રો ભણવા અને ભણાવવાની ખાસ જવાબદારી આ પદે આરૂઢ થનારા મુનિ ભગવંતો બરાબર બજાવે છે. અને એ રીતે જગતમાં પરમાત્મા શ્રી જિનેશ્વરદેવની સ્વપર ઉપકારક વાણીના પવિત્ર પ્રવાહને સતત વહેતો રાખીને જગતના ભવ્ય જીવોને કર્મક્ષયકારક ધર્મમાં ઉદ્યમવંતા બનાવે છે.

પ્રાચીન તીર્થોના ઉદ્ધાર અને તીર્થોની રક્ષાને જ નિજ જીવનનું મુખ્ય ધ્યેય ગણનારા આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીના મનમાં કોઈ પણ કાર્ય કરતા હોય, પણ અહર્નિશ તીર્થોદ્ધારની ભાવના તો ચાલતી જ હોય. આ પદવી પ્રસંગે અમદાવાદ દોશીવાડાની પોળના રહીસ ઝવેરી મોહનલાલ ગોકલદાસના પુત્ર શ્રી કેશવલાલ ભાઈએ શ્રી રાણકપુરજીના જીર્ણોદ્ધાર માટે રૂા. વીશ હજાર આપવાનો નિર્ણય કર્યો. શિવગંજવાળા શ્રી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુલચંદજી ખીચીયા તથા ડોડવા ગામના પણ કાલંદ્રિ ગામમાં રહેતા શ્રી ધૂલચંદજીને ઉપદેશ આપતાં તેમણે રાણકપુરજીની દેરીઓના જીર્ણોદ્ધાર માટે શેઠશ્રી આ. ક. ની પેઢીમાં સારી એવી રકમ ભરાવી.

આ અરસામાં પાલડી (સિરોહી સ્ટેટ)ના બે ભાઈઓ શાહ અમીચંદજી તથા શ્રી ગુલાબચંદજી પૂજ્યશ્રી પાસે આવ્યા. અને વિનંતી કરી કે, "દેવગુરૂની કૃપાના પ્રભાવે અમારા દિલમાં શ્રી સિદ્ધગિરિજીનો છ'રિ' પાળતો સંઘ કાઢવાની ભાવના જાગી છે. અને તે સંઘ આપશ્રીની પૂણ્ય-નિશ્રામાં જ કાઢવો છે."



પૂજ્યશ્રીને વિનંતિ કરે છે.

જવાબમાં પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે, "અમો ફક્ત બે વર્ષથી જ આ ક્ષેત્રમાં આવ્યા છીએ. હજી અમારે મારવાડ-મેવાડમાં વિચરવાની ભાવના છે. અહીં શાસનનાં ઘણા કાર્યો અમારે કરવાનાં છે. એટલે હાલમાં ગુજરાત-સૌરાષ્ટ્ર તરફ વિચરવાની ગણત્રી નથી. જો તમારે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમારી નિશ્રામાંજ સંઘ કાઢવો હોય તો **જેસલમેરનો** સંઘ કાઢો. તો અમારે પણ તે તીર્થોની યાત્રા થાય."

પૂજ્યશ્રીનું આ વચન તરત જ એ બન્ને ભાઈઓએ સહર્ષ સ્વીકારી લીધું. અને ત્યાં જ જેસલમેરનો સંઘ કાઢવાનો નિર્ણય કરી, પ્રયાણનું મુહુર્ત પણ પૂજ્યશ્રી પાસે કઢાવી લીધું.

પ્રભાવક પુરુષોનો એ સહજ પ્રભાવ હોય છે કે, તેમનું વચન ઝીલવા પુણ્યશાળીઓ સદા તત્પર રહેતા હોય છે.

ત્યારપછી પૂજ્યશ્રી સપરિવારે સાદડીથી વિહાર કરીને મુંડારા, બાલી, લુણાવા, સેવાડી, વીજાપુર–રાતા મહાવીરજી, બેડા નાણા, પીંડવાડા, નાંદીયા, લોટાણા, દીયાણાજી વગેરે નાની પંચતીર્થની યાત્રા કરતા કરતા સિરોહી થઈને પાલડી પધાર્યા.

સંઘવીની ભાવના શ્રી સિદ્ધગિરીરાજની સંઘ યાત્રા કાઢવાની હતી, તે આ વર્ષે નહિ થઈ શકે, એટલે રૂ. ૫૦૦૧ શેઠ આ. ક.ની પેઢીના ભંડારમાં પાલિતાણા મોકલી આપ્યા. કેવી ઉદાત્ત ભાવના આપો આપ અનુમોદના સરી પડે.

બન્ને ભાઈઓ તરફથી પાલડી પોતાના ગામમાં એક સદાવ્રત ચાલતુ હતું. તેમાં નાત–જાતના ભેદભાવ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિના સૌ કોઈને અન્નદાન-આદિની સહાય કરવામાં આવતી હતી.

છ'રી' પાળતો શ્રી સંઘ એટલે હાલતું ચાલતું જૈન નગર તેમાં સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓ ચઢતે પરિણામે આરાધના કરે. દેહની મુચ્છીને ગાળે, જિનભક્તિ અને જીવમૈત્રીમાં સમય ગાળે. વ્યાખ્યાન શ્રવણનો લાભ તો ચૂકે જ નહિ. સાથે તપ હોય જ, છૂટે મોંએ તો પશુ ખાય, માનવી નહિ. એવી દૃઢ માન્યતા સાથે રસનાને વશમાં કરે ટાપટીપની વાત નહિ વેશભૂષાની વેવલાઈ નહિ પોતાનાં આત્માને ગુણગણાલંકૃત કરવાની જ એક માત્ર ભાવનાને ચરિતાર્થ કરે. જે ગામમાં જાય ત્યાં જીવદયાની ગંગા વહાવે. જિનભક્તિની ધૂન મચાવે. ઈન્દ્રિયોની કોઈ ગરબડ ન ચલાવી લે. મન શ્રી નવકારમાં હોય.

આમ છ'રી' પાળતો શ્રીસંઘ એ જિનશાસનની



છ'રી' પાળતા સંઘનું પ્રયાણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વને મોટી દેણ છે. સમગ્ર વાયુ મંડળને પવિત્ર કરવાની ક્ષમતા આવા શ્રીસંઘમાં હોય છે. માટે તેમાં જોડાવું તે માનવ જીવનના શ્રેષ્ઠ કર્તવ્યો પૈકી એક શ્રેષ્ઠ કર્તવ્ય છે.

ખુલ્લા આકાશ નીચે ચોકખી જમીન ઉપર તંબુઓ બાંધીને વિસામો લેવાથી, આ દુનિયા એ આપણું કાયમી ઘર નથી. પણ માત્ર વિશ્રામ ઘર છે. એ સત્યનું ભાન થાય છે.

આવા શ્રી સંઘમાં સામેલ થવા બદલ પોતાને ભાગ્યશાળી સમજતા યાત્રાળુઓ પૂજ્યશ્રીની તારક નિશ્રામાં પાદવિહાર કરતા ભેવ-જોગપરા, કોરટાજીતીર્થ, પાલડી થઈને શ્રીસંઘ શિવગંજ પહોંચ્યો.

ત્યાં મુનિશ્રી જયવિજયજી મ.ની તબીયત એકાએક બગડી. તે દિવસે તેમણે ઉપવાસ કર્યો હતો. દેવદર્શન કરીને ઉપાશ્રય આવતાં જ ચક્કરી આવીને થોડીવારમાં સમાધીપૂર્વક કાળધર્મ પામી ગયા. ત્યાં અંતિમ સંસ્કાર કર્યો. પૂજ્યશ્રી અને સંઘે દેવવંદન કર્યા. બીજે દિવસે શિવગંજથી ઝાકોરાજીતીર્થ થઈ સાંડેરાવ પાલી વિગેરે ગામોમાં મુકામ કરતો કરતો સોજત-તિવરી-જોધપુર-ઓસિયા-લોહાવટ વિગેરે ગામોમાં થઇ દરેક સ્થાનોમાં શ્રીસંઘનું ભવ્ય સામૈયું વિવિધપરે સ્વાગત થતા. ગામે ગામ નવકારશીઓ થતી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફલોદી આવીને પૂજ્યશ્રીએ સકળ શ્રી સંઘના સમાચાર ત્યાંના આગેવાનોને પૂછયા. પૂજ્યશ્રીના હૃદયમાં સંઘ વાત્સલ્ય માતા સમાન હતું. એટલે તેઓશ્રી જ્યાં પધારતા ત્યાંના પહેલાં સંઘના સઘળા સમાચારથી માહિતગાર થતા.

અહિં પૂજ્યશ્રીને જાણવા મળ્યું કે :--

ફલોદી સંઘમાં બે પક્ષો પડયા હતા. એક બાજુ શુલેચ્છાભાઈઓ અને બીજી બાજુ આખું ગામ હતું. શુલેચ્છાઓને જ્ઞાતિ બહાર કરાયા હતા. આ કલહને શમાવવા માટે આજ સુધી અનેક પ્રયત્નો કર્યા હતા, છતાં શ્રી સંઘમાં સંપ થયો ન હતો.

પૂજ્યશ્રીની સાથે રહેલા મરૂધર કેસરી* મુનિશ્રી જ્ઞાનસુંદરજી મહારાજે આ હકીકત પૂજ્યશ્રીને જણાવીને કહ્યું કે, "આમાં વચ્ચે પડવા જેવું નથી સાહેબ."

પણ પૂજ્યશ્રી તો નોખી માટીના માનવી હતા. '**અશક્ય**' જેવી વાત તેમના મનના ચોપડામાં હતી નહિ અને તેમાંય શ્રી સંઘમાં **સંપ** કરાવવાની બાબતમાં તો પૂજ્યશ્રી ખરેખર નિષ્ણાત હતા. કારણ કે તેઓશ્રી

* આ કલેશનાં સમાધાન માટે પં. શ્રી હર્ષ મુનિજી મહારાજ રાધનપુરવાળા શ્રી વીરવિજયજી ગણિ ઉપકેશગચ્છીય જ્ઞાનસુંદરજી તથા સ્થાનકવાસી રાજમુનિજી વિ. એ ઘણી મહેનત કરેલ તે આ કાર્યમાં બધાને નિષ્ફળતા મળેલ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ના રૂંવાડે રૂંવાડે **અનેકાન્તવાદ** પરિણમેલો હતો. ન્યાયના પોતે સ્વામી હતા બન્ને પક્ષોને બહુ ધીરજથી બરોબર સાંભળવાની અદ્‌ભુત કલા પૂજ્યશ્રીએ સિદ્ધ કરી હતી.

પૂજ્યશ્રીની બુદ્ધિ અને કુનેહ અસાધારણ હતી. એટલે પૂજ્યશ્રીએ ફલોદીના શ્રી સંઘમાં સંપ કરાવવાના પ્રયત્નો શરૂ કર્યા. બન્ને પક્ષના આગેવાનોને બોલાવીને કહ્યું: "માંહોમાંહે કલેશ કરવાથી શ્રીસંઘ નબળો પડશે, સંઘના કાર્યો ખોરંભે પડશે. પરસ્પર બન્ને વચ્ચેનું અન્તર ઘટાડનારો જ સાચો ધર્મી પુરુષ કહેવાય છે."

"આપણા શાસન નાયક મહાવીર પરમાત્માએ સર્વ જીવો સાથે **મૈત્રીભાવ** રાખવાની આજ્ઞા ફરમાવી છે. કોઈ જીવનો તિરસ્કાર કરવાની વાત આપણા એક પણ શાસ્ત્રમાં નથી, માટે સમજીને પરસ્પરને ગળે લગાડો **ખમે તે શૂરો છે.**

પોતાની લાક્ષણિક શૈલીમાં એવો સચોટ ઉપદેશ આપ્યો કે, બન્ને પક્ષના શ્રી રેખાચંદજી લુંકડ, શ્રી સૌભાગ્યચંદજી ગુલેચ્છા, શ્રી વકતાવરમલજી લોઢા વિગેરે આગેવાનોના મન કાંઈક કુણા થયા એટલે સમાધાન માટે આતુર થયા. એ લોકો કહેવા લાગ્યા કે, આપ થોડા દિવસ સ્થિરતા કરીને ઉપદેશ આપશો તો જરૂર સંપ થઈ જશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે પૂજ્યશ્રી શ્રીસંઘ સાથે ત્યાં થોડાક દિવસની સ્થિરતા કરીને સમગ્ર શ્રી સંઘમાં સંપ વાતાવરણ સ્થાપવાનો સચોટ બોધ આપતા રહ્યા. તેના પરિણામે શ્રી સંઘમાં સંપ થયો, એની ખુશાલીમાં જુદા જુદા ગૃહસ્થો તરફથી સ્વામીવાત્સલ્યો-પૂજાઓ થઈ સંઘ જમણની પરંપરા ચાલી.

છ'રી' પાળતો સંઘ લઈને નીકળનારા પૂજ્યો આ રીતે એક સ્થાનમાં ભાગ્યે જ વધુ રોકાય છે, છતાં પૂ. શ્રી રોકાયા કારણ કે, કયા કાર્યને કયારે કેટલી અગ્રીમતા આપવી તેના પૂજ્યશ્રી જ્ઞાતા હતા. અને કાર્ય પત્યું એટલે ફલોદીથી શ્રીસંઘ સાથે આગળ ચાલ્યા.

શ્રી સંઘ ખારા, પોકરણ થઈ લાઠી, અનુક્રમે ચાંદડ થઈ વાસણા શ્રી સંઘે મુકામ કર્યો. આ રણ પ્રદેશમાં પાણીની તીવ્ર તંગી હતી. એક સાથે સેંકડો માણસોને જોઈને ત્યાંના ગામના લોકો ભેગા થઈને આપણા પૂજ્યશ્રી પાસે આવીને કહેવા લાગ્યા. "તમે આટલા બધા લોકો અમારૂં પાણી એક દિવસમાં જ વાપરી પૂરૂં કરી નાખશો, પછી અમારે કઈ રીતે દિવસો પસાર કરવા ?"

સંઘના માણસો ચાલીને થાકી ગયા હતા, અને સંઘના લોકો તૃષાથી વ્યાકુળ થઈ ગયા હતા. પૂજ્યશ્રી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સંઘવીને પોતાની પાસે બોલાવીને ગામ લોકોની વાત કરી. ગામ લોકોની આ ફરિયાદ સાવ ખોટી નહોતી. તેથી તેની ઉંડી અસર દયાવંત પૂજ્ય આચાર્ય દેવના દિલને થઈ.

પ્રકૃતિએ તરત જ જાણે મહેર કરી શ્રી સંઘનું તપ તેજ અને પુણ્યબળ કાંઈક જુદું જ હોય છે, એ વાત અહીં સૌને અનુભવવા મળી. ચૈત્ર માસના દિવસો માં એકાએક ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. જ્યાં ચોમાસામાં પણ વરસાદના દર્શન દુર્લભ હોય, ત્યાં ભર ઉનાળામાં વરસાદ પડે એ એક આશ્ચર્ય જ ગણાય ને!



અચાનક વરસાદ વરસે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘના સર્વ લોકો અને મજુરોને સામાન લઈ આજુબાજુના મકાનોમાં ભરાઇ જવું પડ્યું. બે ત્રણ કલાક સુધી વરસેલા વરસાદે ચારેકોર પાણી જ પાણી ભરી દીધું. **આથી ગામ લોકો તો નવાઇ જ પામી ગયા.** ગામમાં તથા સંઘમાં શાન્તિ થઈ, પાણીની તંગી ન રહી. જોત જોતામાં લોકોની તૃષા છીપી ગઈ, અને શ્રીસંઘના પુણ્ય પ્રભાવની લોકોને ઝાંખી થઇ. ધર્મમાં ગામ લોકોને વિશ્વાસ બેઠો.

અનુક્રમે શ્રીસંઘ જેસલમેર તીર્થે જવા માટે રવાના થયો હતો. અહીં રાજ્યે સંઘ ઉપર મુંડકાવેરો નાંખવાનો વિચાર કર્યો. આપણા પૂજ્યશ્રીએ એ ‘વેરો’ ન ભરવાની સ્પષ્ટ સલાહ આગેવાનોને આપી. કારણ કે–મુંડકાવેરો ભરવાથી કાયમ માટે એક નવી મુશ્કેલી ઉભી થતી હતી. પૂજ્યશ્રીએ સંઘમાં આવેલા અને વિલક્ષણ બુદ્ધિવાળા **પ્રેમચંદજી માસ્તર**ને બોલાવીને આબુના અંગ્રેજ રેસીડેન્ટને વિગતવાર તાર કરવા નિર્ણય કર્યો.

આ વાતની ખબર પડતાં મહારાજા સમજી ગયા કે, આ માણસો ઢીલા પડે એવા નથી અને જો વાત રેસીડેન્ટ સુધી પહોંચશે તો નવી મુશ્કેલી ઊભી થશે, એટલે મહારાજાએ પોતાના દિવાનને શ્રી સંઘપતિ પાસે મોકલાવ્યા. દિવાનને લઈ શ્રી સંઘપતિજી પૂજ્યશ્રી પાસે આવ્યા. પૂજ્યશ્રીએ મુંડકાવેરો કેવો અન્યાયી છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ સમજાવ્યું. દિવાને સ્ટેટ તરફથી થયેલી એ માંગણી છોડી દીધી.

શ્રી સંઘનો ધામધુમથી નગર પ્રવેશ થયો. શ્રી સંઘના સંઘવીનું રાજ્ય તરફથી શાલ-દુશાલા આપીને સન્માન કર્યું. સંઘવીએ પણ મહારાજાને નજરાણું ધર્યું.

ધર્મરક્ષાની બાબતમાં ઢીલા પડવું યા નમતું જોખવું એ નિર્માલ્યતા છે. એ પૂજ્યશ્રીએ આજે ફરીવાર પુરવાર કર્યું.

અપૂર્વ ઉલ્લાસપૂર્વક શ્રી સંઘ નગર પ્રવેશ કરીને શ્રી સંઘ સાથે પૂજ્યશ્રીએ તીર્થયાત્રા કરી. નાના-મોટા જિનબિમ્બોને ભાવઉલ્લાસથી જુહારીને સૌ યાત્રિકો ભાવવિભોર બન્યા. બધાય જિનેશ્વરદેવોને નમી નમીને ભાવ ભક્તિ-ભાવના લાગ્યા, 'આજ મનોરથ સવી ફલ્યા' એમ માનતા તીર્થયાત્રાથી ખુબ ઉલ્લાસ મનાવ્યો. સૌ યાત્રિકોએ પૂજા ચૈત્યવંદન કરી ધર્મશાળાએ આવીને એકાસણા કર્યા. સર્વેના મન આજે ખુબ ઉલ્લાસમાં હતા.

બપોરે વ્યાખ્યાન થયું. દિવાન વિગેરે અધિકારી વર્ગ મળવા આવ્યો. પૂજ્યશ્રીને મહારાજા સાહેબને રાજ મહેલમાં પધારી વ્યાખ્યાન સંભળાવવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ લાભાલાભનો વિચાર કરી બીજે દિવસે રાજમહેલમાં વ્યાખ્યાન રાખ્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



રાજમહેલમાં પ્રવચન આપતા પૂજ્યશ્રી

પૂજ્યશ્રીએ રાજમહેલે પધારી રાજનીતિ–અને જીવદયાની મહત્તા દર્શાવતું સુંદર વ્યાખ્યાન આપ્યું.

રાજા પણ જેનો આશ્રય વાંચ્છે, તે સાચા મહારાજા. વ્યાખ્યાન સભામાં રાજ્યના સારા વિદ્વાન પંડિતો આવેલ તેમણે વિવિધ પ્રકારે દર્શન શાસ્ત્ર વિગેરેના ગહન પ્રશ્નો પૂજ્યશ્રીને પૂછ્યા. પૂજ્યશ્રીને કાંઈ ઉત્તરો શોધવા જવું પડે એમ ન હતું પૂજ્યશ્રી તત્કાલ તેના ઉત્તરો આપી તે પંડિતોને મુગ્ધ કરી દીધા. આ સાંભળી મહારાજા અતિ પ્રસન્ન થયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ પણ જૈનાચાર્યે રાજ્યાશ્રયની ઇચ્છા કર્યાનો એક પણ દાખલો નથી. જ્યારે જુદા-જુદા કાળના અનેક રાજા-દરબારો-શહેનશાહો વિગેરે જૈનાચાર્યોને આશ્રય લીધાના અનેક દાખલા ઈતિહાસમાં છે.

આવું ત્યારે બને છે જ્યારે પૂ. આચાર્યદેવોમાં નખ-શિખથી શાસનભક્તિ ઉભરાવા માંડે છે.

મહારાજાએ તેજ-પ્રભાવિત થઇને પૂજ્યશ્રીને નમ્રતા પૂર્વક વિનંતી કરી કે "આ પ્રદેશ બહુ જ વિકટ છે. અહીં સુધી આવવું બહુ જ દુષ્કર ગણાય. ધૂળની આંધી-વંટોળીયાનો પાર નહિ, પણ આપશ્રી ધર્મના અલૌકિક પ્રભાવથી જ શ્રી સંઘ સાથે નિર્વિઘ્ને પધાર્યા છો, માટે હવે અહીં સ્થિરતા કરો."

આ જેસલમેરના મહારાજાનો આગ્રહ હોવા છતાં ય પૂજ્યશ્રીએ 'ના' ફરમાવી. વળી મહારાજાએ પૂજ્યશ્રીને પાલખી-છડી-પટાવાળો વિગેરે પોતાના રાજ્ય તરફથી રાખવા માટે વિનમ્ર વિનંતી કરી. પણ પોતાની સાધુમર્યાદા સમજાવીને પૂજ્યશ્રીએ એ વાતનો અસ્વીકાર કર્યો. આથી પૂજ્યશ્રીના શુદ્ધ ચારિત્રબળથી મહારાજા ખૂબ પ્રભાવિત થયા અને પૂજ્યશ્રીની ત્યાગ ભાવનાને નમી પડયા.

તીર્થયાત્રા ખુબ ભાવપૂર્વક શ્રી સંઘ સાથે કરી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



જેસલમેરના પ્રાચીન ભંડારનું અવલોકન

પછી જેસલમેરના જગતવિખ્યાત હસ્તલિખિત અને તાડપત્રીય પ્રાચીન ગ્રંથ ભંડારનું બહુ જ સુક્ષ્મ દૃષ્ટિએ પૂજ્યશ્રી તથા તેમના વિદ્વાન શિષ્યોએ અવલોકન કર્યું. પછી શ્રી સંઘ સાથે શ્રી લોદ્રવા પાર્શ્વનાથજી તીર્થે પધાર્યા. અમરસાગર, બ્રહ્મસર વિગેરે સ્થાનોએ રહેલા જિનાલયોમાં બિરાજતા અદ્ભુત જિન બિમ્બોને ભાવપૂર્વક જુહારીને સૌ જેસલમેર પધાર્યા.

શુભ મુહુર્તે સંઘવીના કુટુંબને ધામધુમપૂર્વક તીર્થમાળારોપણ કરીને, સંઘના સર્વ ખાતાઓમાં સંઘવી કુટુંબે અને દરેક યાત્રિકોએ ભાવઉલ્લાસે યથાશક્તિ રકમ લખાવીને પૂજા-પ્રભાવના આદિ સત્કાર્યો કર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘપતિ એટલે સંઘનો સ્વામી એવો અર્થ આ શાસનમાં નથી લેવાતો, પણ સંઘને પોતાનો પતિ માનનાર વિનમ્ર પુરુષ તે **સંઘપતિ** એવો ખાસ અર્થ થાય છે. માટેજ સંઘના યાત્રિકો તેમને સંઘપતિ માને છે.

સમગ્ર શ્રી જિનશાસનની એ આગવી વિશિષ્ટતા છે કે તેમાં અહમને માથે નહિ, પણ પગની પાનીએ રાખવાની જ વાત પર સઘળો ભાર છે. માટે તેનો જીવનમંત્ર શ્રી નમસ્કાર મહામંત્ર નવકાર હોય છે.

સૌને માટે જેસલમેરની તીર્થયાત્રા દુર્લભ લેખાય છે. તે યાત્રા કર્યા પછી જે રસ્તે શ્રીસંઘ આવેલો તેજ રસ્તે પાછો ફર્યો. માર્ગમાં વાસણા ગામે અગાઉની જેમ આ વખતે પણ પાણીની તંગી હતી. અગાઉની જેમ ધોધમાર વરસાદ આવ્યો અને પાણીની તંગી સહજમાં દુર થઈ.

જે પ્રદેશમાં ત્રણ વર્ષે એકાદ વાર સારો વરસાદ આવે છે. એ પ્રદેશમાં એક જ માસમાં બે વાર સારો વરસાદ આવવાથી તે ગામના લોકો આ શ્રીસંઘનો તેમજ સંત પુરૂષોનો ચમત્કાર માનવા લાગ્યા.

અનુક્રમે સંઘ ફલોદી આવ્યો. સંઘે ભારે સામૈયું કર્યું. ત્યાંના શ્રી સંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે આગ્રહ ભરી વિનંતી કરી. પૂજ્યશ્રીએ જેવી ક્ષેત્રસ્પર્શના કહીને તેનો સ્વીકાર કર્યો. પૂજ્યશ્રી ફલોદી રોકાયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સંઘ જેસલમેરથી ફલોદી આવ્યો

આ સંઘ કાઢનાર સંઘવી શ્રી અમીચંદજી અને ગુલાબચંદજીની આ સંઘમાં દોઢ લાખ રૂપિયા ખર્ચવાની ભાવના હતી. પણ સંઘ જોધપુર સુધી આવ્યો ત્યાં યાત્રીકોનું પ્રમાણ ધારવા કરતા ઘણું વધી ગયું હતું. યાત્રીકોને જોઈને બન્ને સંઘવી ભાઈઓની ભાવના વધતી જ રહી હતી.

સંઘ જે જે ગામમાં જતો ત્યાંના સ્થાનિક સંઘની નવકારશી સંઘવી પોતાના તરફથી સર્વત્ર કરતા. એક વખત પૂજ્યશ્રીએ સંઘવીને શિરે અધિક ભાર ન પડે, એ હેતુથી કહ્યું કે, મોટા મોટા શહેરોમાં સંઘને જમાડવાનો લાભ બીજા શ્રાવકો પણ લઈ શકે છે, ત્યારે સંઘવી ભાઈઓએ કહ્યું કે, "સાહેબ! અમારા પ્રબળ પૂણ્ય યોગે આવો ઉત્તમોત્તમ લાભ લેવાનો અવસર આવ્યો છે, માટે આ બધો લાભ અમને લેવા દો." તેમની વૃદ્ધિગત ભાવના જોઈને પૂજ્યશ્રી મૌન રહયા.

જ્યારે સંઘ ફલોદી આવ્યો ત્યારે સંઘવીને અંદાજે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રણ લાખનો ખર્ચ થયો હતો. પણ એ સંઘવી બન્ધુઓનો ઉત્સાહ અમાપ હતો. તેઓ વિશુદ્ધ ચિત્તની ભાવનાથી આ બધો લાભ લઈ રહ્યા હતા. **પૂણ્યમાર્ગે વપરાયેલી** લક્ષ્મી પણ પુણ્યાનુબંધી–પુણ્યની લક્ષ્મીને વધારે જ છે ઘટવા દેતી નથી. આ ઘટનામાં પણ એવું જ બન્યું કે ફલોદીમાં જ સંઘવી ઉપર મદ્રાસથી તાર આવ્યો કે, "કપૂરના વ્યાપારમાં ૩ાા લાખ રૂ. નો નફો થયો છે." સંઘ સમક્ષ સંઘવીએ તાર વાંચી સંભળાવ્યો. અને સંઘવી ભાઈઓએ કહ્યું, "ધર્મના પ્રભાવે શ્રી સંઘનો સર્વ ખર્ચ આવી ગયો. અને અમારી મૂળ મુડી તો અકબંધ જ રહી છે."

**ધર્મનો પ્રભાવ:–**

સંઘવી કહેવા લાગ્યા, "અમારા માતૃશ્રીએ ઘાસના ભારા લાવી મજુરી કરી અમારૂં પોષણ કર્યું હતું. કોઇકવાર અમે ઘીની માગણી કરતાં તો અમારા માતૃશ્રી કહેતાં કે, "આજે તમને ઘી આપું તો કાલે રોટલા ક્યાંથી ખાઈશું?" આવી ગરીબ સ્થિતિ અમારી હતી. પણ કોઈ શુભ પળે અમને મદ્રાસ જવાની બુદ્ધિ થઈ, અને ત્યાં ભાગીદારીમાં દુકાન કરી ક્રમે સારા દિવસો આવ્યા."

પ્રથમ વર્ષે અમે ૧૫૦૦૦) પંદર હજાર કમાયા,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાંથી સાડાસાત હજાર અમે પાલિતાણામાં ખરચ્યા. અને સાડાસાત હજારનું દેવું હતું તે ચુકવ્યું. બીજા વર્ષે અમે ૨૨ હજાર કમાયા. આમ કમાણી ઉત્તરોત્તર વધતી જ ગઈ. એ બધોય ધર્મનો જ પ્રભાવ છે. એ લક્ષ્મી જેમ જેમ ધર્મ માર્ગે ખર્ચી તેમ તેમ વધુ ને વધુ મળતી ગઈ. આ કેવળ ધર્મનો જ પ્રભાવ છે. અમે પ્રત્યક્ષ જોઈ રહયા છીએ.

ધર્મના પ્રભાવે આ છ'રિ' પાળતો સંઘ કાઢયો. અમારા જીવનમાં ઘણી લીલી સુકી જોઇ. ધર્મના પ્રતાપેજ આ બધું કરી શકયા છીએ."

નિખાલસભાવે સંઘવી બંધુઓની આ વાત સાંભળી ચતુર્વિધ સંઘના બધાય ભાઈઓ સંઘવી ભાઈઓની ખુબખુબ અનુમોદના કરવા લાગ્યા.

છેલ્લે સંઘવી ભાઇઓએ કહ્યું, "સંઘમાં આવેલા સર્વે ભાઈ-બહેનો પ્રત્યે અમારા તરફથી કાંઈપણ અવિનય-અપરાધ થયો હોય તો અમો ક્ષમા યાચીએ છીએ-સૌ અમને ક્ષમા આપશો."

આ પ્રમાણે ગદગદ ભાવે નિવેદન કરી, આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી પાસે જ્ઞાનપૂજન કરીને વાસક્ષેપ નંખાવી આજ્ઞા લઈને તેઓ સંઘ સાથે પોતાના વતન પાલડી તરફ રવાના થયા. અને પૂજ્યશ્રીએ વિ. સં. ૧૯૭૩ નું ચાતુર્માસ ફલોદીમાં કર્યું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



કિરણ બેંતાલીસમું........

# ફલોદીમાં ભવ્ય ચાતુર્માસ

ભારતના કોઈપણ શહેરમાં ન હોય એવો - અજોડ ઉપાશ્રય અહીં ફલોદીમાં હતો. ૮૪ **ગચ્છનો ઉપાશ્રય હતો.** ચોર્યાસી ગચ્છમાંથી કોઈપણ ગચ્છના સાધુ આવે, તે આ ઉપાશ્રયમાં ઉતરતા.

ચૌભુજાના ઉપાશ્રયે પૂજ્યશ્રી સપરિવાર ચાતુર્માસે બિરાજ્યા અને ૮૪ ગચ્છના ઉપાશ્રયે હંમેશાં વ્યાખ્યાન આપતા.

પૂજ્યશ્રીના ઉપદેશામૃતને અંતઃકરણમાં ઝીલીને અહીંના ત્રણ ધનવાન તથા ગુણવાન ગૃહસ્થો, શ્રી માણેક-લાલજી કોચર, શ્રી શિવલાલજી કોચર, તથા શ્રી શીવ-દાનજી કાનુગાએ એક એક સ્થાયી ધર્મકાર્ય કરવાનો નિર્ણય કર્યો.

**શ્રી માણેકલાલજીએ તળાવના કિનારે શ્રી મહાવીર પ્રભુનું નૂતન જિનાલય બંધાવવાનું નક્કી કર્યું.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી શીવલાલજીએ તપાગચ્છનો ઉપાશ્રય બંધાવવાનું નક્કી કર્યું.**

શ્રી શીવદાનજીએ એક ધર્મશાળા બંધાવવાનું પણ નક્કી કર્યું અને તે નિર્ણયનો તરત જ અમલ કરીને તે ત્રણ ધર્મસ્થાનકો તૈયાર પણ કરાવ્યાં.

ખરતરગચ્છીય આગેવાન શ્રી સૌભાગ્યચંદજી ગુલેચ્છાને સામાયિક કરવાની રૂચિ ઘણી હતી. તેઓ પૂજ્યશ્રી પાસે આવીને સામયિક કરતા અને 'કરેમિભંતે!' પણ પૂજ્યશ્રીના મુખે જ ઉચ્ચરતા. હવે ખરતરગચ્છમાં સામાયિક લેતી વખતે ૩ વાર 'કરેમિભંતે' ઉચ્ચરવાનો વિધિ છે. જ્યારે તપગચ્છમાં એક જ વાર ઉચ્ચરવાનો વિધિ છે. તદ્દાનુસાર પૂજ્યશ્રી એક વાર ઉચ્ચરાવતા. આ જોઈને બીજા ખરતરગચ્છીય ભાઈઓ સૌભાગ્યચંદજીને એ વિષે ટકોર કરવા લાગ્યા. ત્યારે તેમણે કહ્યું, "પૂજ્ય મહારાજ સાહેબના શ્રીમુખે એક વખત પણ આવા શુદ્ધ અને પવિત્ર શબ્દો સાંભળવા ક્યાંથી મળે? મને તો તેઓશ્રીના મુખથી એકવાર પણ 'કરેમિભંતે' સાંભળીને ખૂબ આહ્લાદ થાય છે."

આવા હતા એ ભદ્ર પરિણામી અને આગ્રહમુક્ત શ્રાવકો.

**ફલોદીમાં એક આશ્ચર્યકારક હકીકત એ બની કે,**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"પૂજ્યશ્રીના વ્યાખ્યાન દરમ્યાન હંમેશાં એક કબુતર વ્યાખ્યાનની પાટ સામેના ગોખલામાં આવીને બેસી જતું અને વ્યાખ્યાન પુરૂં થાય એટલે ઉડી જતું. આવું એક-બે દિવસ નહિ, પણ પૂજ્યશ્રી જ્યાં સુધી ફલોદીમાં રહ્યા, ત્યાં સુધી કાયમ વ્યાખ્યાન સમયે એ કબુતર વ્યાખ્યાન સાંભળતું. બધાએ જોએલી વાત છે. તિર્યંચમાં પણ કોઇ પૂર્વ ભવના સંસ્કારના પ્રભાવે સંજ્ઞા અને સમજણ હોય છે. આથી પૂજ્યશ્રીની જીવ-વત્સલતા ઉપર ભાવિકોને અનહદ આદરભાવ પ્રગટ્યો.

ફલોદીમાં રથયાત્રા માટે રથ, ઇન્દ્રધ્વજ વિગેરે ન હતા. તે કરાવવા માટે પૂજ્યશ્રીએ શ્રી સંઘને પ્રેરણા કરી. વિશાળ હૃદયી પૂજ્યશ્રીએ વિચાર્યું કે અહીં ૮૪ ગચ્છનો ઉપાશ્રય છે, સંઘમાં અનેક ગચ્છના શ્રાવકો છે, તો આ રથ, ઇન્દ્રધ્વજ વિગેરે ૮૪ ગચ્છનો થાય તો ઘણું સારૂં.

તે અનુસાર સર્વ ગચ્છી ટીપ શરૂ કરાવી. તેમાં તપગચ્છ-કવળાગચ્છ વિગેરે ગચ્છવાળાઓએ સારી એવી રકમ આપી.

અહીં કવળાગચ્છના યતિ શ્રી પ્રેમચંદજી હતા. તેઓ પૂજ્યશ્રીની સેવા માટે આવતા. તપાગચ્છના યતિ શ્રી કેશરસાગરજી હતા. તેઓ ઘણા જ અનુભવી અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વયોવૃદ્ધ હતા. તેઓ પણ પૂજ્યશ્રી પ્રત્યે પૂજ્યબુદ્ધિથી સેવા કરવા આવતા. તપાગચ્છના દેરાસરનો વહીવટ તેમના હસ્તક હતો. તે પૂજ્યશ્રીએ સંઘને સોંપાવી દીધો.

અહિં યતિઓ હસ્તલિખિત પુસ્તકો વેચવા આવતા. મથેણ જાતિના લોકો પણ જુના પુસ્તકો વેચવા આવતા, તેઓ તોળી તોળીને પુસ્તકો વેચતા. પૂજ્યશ્રી પાસે તેઓ આવ્યા ત્યારે પૂજ્યશ્રીએ તેમને 'સરસ્વતિને તોળવાની' ના પાડી. શ્લોકોની ગણત્રી કરીને વેચવા કહ્યું, પણ અજ્ઞાની લોકોને ક્યાંથી આવડે?

આવા મુલ્યવાન પુસ્તકો શ્રાવકો પાસે ખરીદાવી બચાવી લીધા. ફલોદીમાં ધર્મ પ્રભાવનાના અનેકાનેક કાર્યો કરાવ્યા.

સુકા રાજસ્થાનમાં ધર્મની આબોહવા સર્જતા પૂજ્યશ્રી સંવત ૧૯૭૩નું ચાતુર્માસ પૂર્ણ થવાની તૈયારી હતી ત્યારે પૂજ્યશ્રીને **મેલેરીયા** તાવ આવવા લાગ્યો. આ સમાચાર અમદાવાદ પહોંચતાં શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈ સહકુટુંબ સાથે **ડો. ત્રિકમભાઇને** લઈને ફલોદી આવ્યા. ડોક્ટરના યોગ્ય ઔષધોપચારથી પૂજ્યશ્રી સ્વસ્થ બન્યા. શેઠ વિગેરે મારવાડના તીર્થોની યાત્રા કરીને અમદાવાદ પહોંચી ગયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## બિકાનેર તરફનો વિહાર :



ચાતુર્માસ પછી પૂજ્યશ્રીએ સહ પરિવારે બિકાનેર તરફ વિહાર કર્યો. વિહારમાં ફલોદીથી બિકાનેર સુધી શ્રી માણેકલાલજી કોચર, શિવદાનમલજી કાનુગા વિગેરે ફલોદીના ૨૫-૩૦ શ્રાવકવર્યો સાથે રહ્યા હતા.

બીકાનેરથી આગળના ગામે બીકાનેરના તથા ખરતરગચ્છીય આગેવાનો પૂજ્યશ્રીના વંદનાર્થે આવ્યા ત્યાં પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય વિગેરે કર્યું.

બીકાનેરમાં રાંગડી ચોકમાં ખરતરગચ્છનો ઉપાશ્રય હતો. ત્યાં શ્રી પૂજ્યોનું જોર હતું. તે કારણે વર્ષો પૂર્વે પૂ. શ્રી આત્મારામજી મ. આદિ મુનિ ભગવંતો અહીં પધાર્યા, ત્યારે શ્રી પૂજ્યોએ તેઓનું સામૈયું થવા ન દીધું. આ વખતે પણ બીકાનેરમાં એવી જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચર્ચા થવા લાગી. એની જાણ થતાં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ આગેવાનોને બોલાવીને કહ્યું કે, "તમારે સામૈયાની બાબતમાં ગભરાવાની જરૂર નથી. સંઘમાં મતભેદ થાય એવું કોઈ કાર્ય કરવાની જરૂર નથી. તમે બધાં સામે આવશો એ મોટું સામૈયું જ છે ને !

પૂજ્યશ્રીની આવી ઔદાર્યપૂર્ણ નિખાલસતાથી સંઘના આગેવાનોને આનંદ થયો. અને કહ્યું, "આમાં કાંઈ વિચારવાની કે મતભેદની વાત છે નહિ સાહેબ ! આ તો અમારા સંઘના આનંદની વાત છે. અને અમારે સામૈયું કરવાનું જ છે."

બીજે દિવસે પૂજ્યશ્રીએ બીકાનેરમાં ધામધુમપૂર્વક પ્રવેશ કર્યો. અહીં **મુનિવર્ય શ્રી અમીવિજયજી મ.** આદિ મળ્યા. તેઓ તપગચ્છના ઉપાશ્રયે હતા અને તે ઉપાશ્રય નાનો હતો તેથી સંઘની આગ્રહભરી વિનંતી હોવાથી રાંગડી ચોકના ઉપાશ્રયે પૂજ્યશ્રી પધાર્યા.

પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનમાં લોકો સારી સંખ્યામાં આવવા લાગ્યા. મન મૂકીને વરસતા મેઘની જેમ પૂજ્ય શ્રી પણ ધર્મવારિ વહાવવા માંડયા. આત્માના સ્વભાવ વિરુદ્ધના આચરણનો ત્યાગ કરવા માટે દાન-શીલ-તપ-ભાવ રૂપ ધર્મ પાળવા-પળાવવાની વાત વિગતે સમજાવવા માંડયા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા અનેક વ્યાખ્યાનો સાંભળવાથી અનેક ભાગ્યશાળીઓના દિલમાં દયાના દીવા ઝગ્યા, દાનના ભાવ પ્રગટયા, તપના ઉમળકા જાગ્યા, વ્રત-નિયમના મનોરથ ખીલ્યા, પૂજા, પ્રતિક્રમણ-સામયિકમાં સ્નેહ વધ્યા, ભવનાશિની ભાવનાઓમાં સતત સ્નાન કરવાનું હૈવત પ્રગટયું. પાપ તેમજ પાપવૃત્તિને નાબુદ કરવા શુદ્ધ બુદ્ધિ જાગી.

બીકાનેરમાં શ્રી ચાંદમલજી ઢઢ્ઢા નામે એક પ્રતિષ્ઠિત, ધનવાન અને આગેવાન ગૃહસ્થ હતા. બીકાનેર-નરેશ તેમને પોતાના કાકા તરીકે માનતા. તેમને વિદ્યાભ્યાસનો અદ્‌ભુત શોખ હતો. સાહિત્ય-વિષયનું તેમનું જ્ઞાન ઘણું ઉંડું હતું. વિવિધ શાસ્ત્રાભ્યાસનો શોખ હતો તેથી શ્રી **જગદયાળ નામના** એક વિદ્વાન પંડિતવરને રાખ્યા હતા. તેમની સાથે હંમેશાં તેઓ બે કલાક જેટલો સમય વિદ્યા વિનોદ-ચર્ચા-વિચારણામાં ગાળતા.

**નવપદની તાત્વીક વિચારણા :**

તેઓ હંમેશાં પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં આવતાં ખૂબ લક્ષપૂર્વક સાંભળતા. "શ્રી સિદ્ધચક્રજીના નવપદોના જુદા જુદા વર્ણ શા માટે ?" આ પ્રશ્ન તેમના અંતરમાં કેટલાક સમયથી ઘોળાતો હતો. તેમણે ઘણા વિદ્વાનો પાસે આ પ્રશ્ન રજુ કરેલો, પણ તેનો યોગ્ય ઉત્તર તેમને ક્યાંયથી આજ સુધી મળ્યો ન હતો. તેમને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યશ્રીના અસાધારણ અને સર્વશાસ્ત્રાવગાહી જ્ઞાનની જાણ થઈ, એટલે તેઓ પોતાના પંડિતજીને લઈને પૂજ્યશ્રી પાસે આવ્યા.

પૂજ્યશ્રી સાથે વ્યાખ્યાન, ન્યાય તથા આગમ વિગેરે વિષયોની ચર્ચાઓ કરી, પૂજ્યશ્રીએ પણ તેમના પ્રશ્નોના સચોટ ઉત્તરો આપવા સાથે સામે એવા ગૂઢ પ્રશ્નો કરવા માંડયા કે ઘડીભર પંડિતજીને પણ જવાબ આપતાં વિચાર કરવો પડયો. પૂજ્યશ્રીની આવી તલસ્પર્શી છતાં અગર્વ-વિદ્વત્તા જોઈ ને શ્રી ચાંદમલજી તથા પંડિતજી મનોમન પ્રસન્ન થયા. પૂજ્યશ્રી પ્રત્યે તેમને ખુબ બહુમાન થયું. પછી ઢઢ્ઢાજીએ નવપદના વર્ણ વિષયક પોતાની વર્ષોની વણઉકેલ શંકા પૂજ્યશ્રી પાસે રજુ કરી.



સિદ્ધચક્રજી

પૂજ્યશ્રીએ એના સમાધાનમાં ફરમાવ્યું: સાહિત્યમાં 'રસ' અને તેના ૯ ભેદ આવે છે, એ ૯ રસના જુદા જુદા વર્ણો છે. જેમ સૃંગાર રસનો શ્યામ વર્ણ, શાન્ત રસનો શ્વેતવર્ણ વિ. જો કે રસ તો અરૂપી છે બ્રહ્માનંદ-આત્માનંદ સ્વરૂપ છે. છતાંય તેના વર્ણની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિત્યકારોએ કલ્પના કરી, તે તે રસથી થતાં તે તે પ્રકારના અનુભવના આધારે. એ જ રીતે અહીં નવ પદના જુદા જુદા વર્ણો-રંગ બતાવેલા છે.

**શ્રી અરિહંતદેવનો** વર્ણ શ્વેત છે. તે એટલા માટે કે અરિહંત પ્રભુ શુક્લ ધ્યાન ધરી રહ્યા છે. અને શુક્લ ધ્યાનની તેમની અવસ્થાનો ખ્યાલ કરવા માટે આપણે તેમને શ્વેતવર્ણવાળા માની તેમની આરાધના કરીએ છીએ.

**સિદ્ધ** ભગવંતનો વર્ણ લાલ હોવાનું કારણ એ છે કે, તેઓ ઉદ્દીપ્ત અગ્નિ જેવા લાલચોળ બનીને આ કર્મરૂપ કાષ્ઠને બાળે છે, એ પરિસ્થિતિનું ભાન કરવા માટે એમની આરાધના લાલ વર્ણે કરાય છે.

**આચાર્યદેવનો** પીળો વર્ણ સૂચવે છે કે આચાર્ય એ શાસનના રાજા છે. રાજા સોનાના વિવિધ આભૂષણોથી શોભતો હોય છે. સોનું પીળું હોય છે. આચાર્ય પણ રાજા હોવાથી તેમનો પીળો-કનકવર્ણ મનાય છે.

**ઉપાધ્યાયનો** લીલો વર્ણ કલ્પવાનો હેતુ એ કે, નીલમ રત્નની જેમ તેઓ પણ ખૂબ શીતલ અને આહ્લાદકારક હોય છે, તેમની કાન્તિ-તેજ પ્રશાન્ત હોય છે. નીલમ લીલું છે. માટે ઉપાધ્યાયજીની આરાધના પણ નીલવર્ણે કરાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સાધુપણું** પાળનાર આત્માએ શરીરના તથા વસ્ત્રાદિના બાહ્યમળથી જુગુપ્સા-દુગંચ્છા ન કરાય. તે તો તેમનું આભૂષણ છે. આ વાત કાયમ સ્મૃતિ રહે, માટે સાધુપદની આરાધના શ્યામવર્ણે થાય છે.

**દર્શનપદ** સુદર્શન ચક્રસમું છે. એ ચક્ર ઉજ્વળ હોવાથી દર્શન પણ શ્વેતવર્ણું છે.

જેમ અંધકારનો નાશક પ્રકાશ, એમ અજ્ઞાનનું નાશક સમ્યગ્ જ્ઞાન. એટલે એ પણ પ્રકાશક હોવાથી શુક્લ છે. એ જ રીતે **ચારિત્રનો** મોહ દુશ્મન છે. મોહ-અંધકારને ઉલેચનાર ચારિત્ર છે. માટે તેની આરાધના ય શુક્લવર્ણે થાય છે. અને નિકાચિત-શ્યામવર્ણી કર્મમલને દૂર કરવા માટે **તપપદ** પણ શ્વેત વર્ણે આરાધાય છે.

ધાર્મિક અને સાહિત્યિક એ ઉભય દૃષ્ટિએ આવું સુંદર સમાધાન મળવાથી ચાંદમલજી અને પંડિતજી સાનંદાશ્ચર્ય પામ્યા. તેઓને અપાર સંતોષ થયો, તેઓ બોલ્યા કે : "હું ઘણા વિદ્વાનોને મળ્યો પણ ક્યાંયથી આવો ખુલાસો ન મળ્યો, આપ સાહેબને સાહિત્યનો આટલો ઊંડો અને ગાઢ બોધ છે, તે હું જાણતો ન હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી તો પ્રતિદિન સમય મેળવી વિદ્વદ્ગોષ્ટિ કરવા આવવા લાગ્યા. પૂજ્યશ્રી પાસે ખૂબ ખૂબ જ્ઞાન લેવા લાગ્યા. તેઓ પૂજ્યશ્રીના પરમભક્ત બની ગયા. બીકાનેરમાં ચાતુર્માસ બિરાજવા માટે ખુબ આગ્રહ કર્યો.

એજ અરસામાં **મુનિ શ્રી નંદનવિજયજી મ.ની** તબીયત નરમ થઇ તેથી જયપુરના રાજવૈદ્ય લક્ષ્મીલાલજીને લઇને ચાંદમલજી પૂજ્યશ્રી પાસે આવ્યા.

વૈદ્યરાજે મુનિશ્રીની તબીયત તપાસીને જણાવ્યું કે, "આ મહારાજનું હૃદય બહુ નબળું છે, માટે હમણાં તેમને બિલકુલ પરિશ્રમ ન કરવા દેવો. એમને દવામાં ભસ્મ વિગેરે દ્રવ્યોની ઔષધિ આપવી પડશે."

શ્રી ઢઢ્ઢાજીએ તરત જ એ અંગે સર્વ વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું પણ પૂજ્યશ્રીએ એ સર્વથા માટે ના પાડીને કહ્યું કે: "આવી ભારે દવા હમણાં નથી કરવી, અત્યારે આપણી ચાલુ દવાનો ઉપયોગ કરીએ, પછી જરૂર પડશે તો વૈદ્યરાજની દવાનો ઉપયોગ કરીશું."

આ પછી પૂજ્યશ્રીએ મુનિશ્રી નંદનવિજયજીને આશ્વાસન આપીને યોગ્ય ઉપચારો કર્યા. બીકાનેરમાં એક માસની સ્થિરતા કરી. ધીમે ધીમે તબીયતમાં સારો એવો સુધારો થવા લાગ્યો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક માસની સ્થિરતામાં આજુ-બાજુના ગંગાસર, ભીમાસર વિગેરે ગામોના સંઘો પૂજ્યશ્રીના વંદનાર્થે આવતા અને પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય આદિ ધામધુમથી કરતાં.

બીકાનેરની આજુબાજુના જંગલોમાં એકાએક ઉંદરો મરવા લાગ્યા. એક દિવસે પૂજ્યશ્રીને ખ્યાલ આવી ગયો. અનુભવ સાગર સમા પૂજ્યશ્રીએ ફરમાવ્યું કે, "અહીં થોડા સમયમાં હવા બગડવાનો સંભવ છે, અને પ્લેગનો રોગ થવાનો સંભવ છે. માટે હવે અમારે અહીંથી વિહાર કરવો જોઈએ."

આ સાંભળીને ભાવિક શ્રાવિકોએ વિનંતી કરી કે: "સાહેબ! આપ આવો ભય શા માટે રાખો છો? અહીંનું વાતાવરણ તો બિલકુલ સ્વચ્છ જ છે." છતાં આપે વિહારનો નિર્ણય જાહેર કર્યો. બીકાનેરથી વિહાર કરીને ઉદ્દામસર થઇ દેશનોક પધાર્યા.

અહીં પૂજ્યશ્રીને સમાચાર મળ્યા કે, "બીકાનેરની હવા બગડી અને પ્લેગના લોકો ભોગ થયા. સમજુ લોકો કહેવા લાગ્યા કે, પૂજ્યશ્રી ખુબ જ અનુભવી મહાપુરુષ છે. એમણે તો પ્લેગની વાત મહીના પહેલા જાહેર કરી હતી."

શ્રી ઢઢ્ઢાજીએ અહીં પણ વૈદ્ય તથા ડોકટરને મુનિ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રી નંદનવિજયજીની** સારવાર માટે મોકલાવ્યા. પણ પૂજ્યશ્રીએ તેમની દવા કરવાની ના પાડી. જે ઉપચાર ચાલુ છે તેથી ઘણો ફેર છે. દેશનોકથી નાગોર તરફ વિહાર કર્યો.

નાગોર પધારીને પંદરેક દિવસ સ્થિરતા કરી. વ્યાખ્યાન વાણી સાંભળીને લોકો પ્રભાવિત થયા. ઉપાશ્રયની બાજુમાં એક મોટું મકાન હતું એ મકાન ઉપાશ્રયમાં ભળે તો ઉપાશ્રય વિશાળ થાય. તે સંબંધી ઉપદેશ આપતાં તે મકાન માલિક-શ્રાવકે ઉપાશ્રય ખાતે મકાન ભેટ આપી દીધું.

નાગોરથી વિહાર કરતા માર્ગમાં ખજવાણા ગામે નાગોરવાળા શા. ભેરૂબક્ષ કાનમલજી સમદડીયા વંદનાર્થે આવ્યા. ત્યારે પૂજ્યશ્રીએ તેમને પ્રેરણાત્મક ઉપદેશ આપ્યો. જેથી નાગોરમાં તપાગચ્છની વાડી, ધર્મશાળા અને દેરાસર બંધાવ્યા.

ખજવાણાથી મેડતારોડ-ફલોદી પાર્શ્વનાથના તીર્થની યાત્રા કરીને મેડતા પધાર્યા. મેડતામાં મહાયોગી શ્રી **આનંદઘનજી મ.** મહા મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી મ.** ના નામથી પ્રસિદ્ધ મોટા ઉપાશ્રય છે. કહેવાય છે કે આ બંને મહાપુરુષો આ તરફ અનેકવાર વિચરેલા. અહીં પૂ. ઉપાધ્યાયજી મ. એ ઘણા ગ્રંથો રચેલા. અહીં ૧૪ દેરાસરો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં આઠેક દિવસ સ્થિરતા કરી પૂજ્યશ્રી જૈતારણ પધાર્યા. ચાર દેરાસરો હતા. જૈનોની વસતી ઘણી હતી. અહીં જ્ઞાનભંડારમાં સુવર્ણાક્ષરે લખાયેલ શ્રી ભગવતી સૂત્ર વગેરે ગ્રંથોના દર્શન કરી બિલાડા આવતા માર્ગમાં કેકડી આવતા પૂજ્યશ્રીને એકાએક ઠલ્લા થઈ ગયા. એક દિવસમાં ૫૦ ઠલ્લા થઈ ગયા. બિલાડા પધારીને દેશી યોગ્ય ઉપચાર શરૂ કર્યા તેથી ધીરે ધીરે સ્વસ્થતા આવી ગઈ.

બિલાડામાં ૫ જિનમન્દિરો હતા. સ્થાનકવાસીની વસતી વધુ હોવાથી દેરાસરોમાં આશાતનાઓ થતી પૂજ્યશ્રીએ ઉપદેશ દ્વારા બંધ કરાવી, અને જિર્ણ દેરાસરનો ઉદ્ધાર પણ કરાવ્યો. મંદિર તેમજ મૂર્તિનું મહત્વ સહુને સમજાવ્યું.

* * * * * * * * * * * * * * * * * *

**ધર્મ શ્રવણનું પ્રત્યક્ષ ફળ શું ?**

શ્રદ્ધાપૂર્વક પૂજ્ય ગુરૂદેવના વ્યાખ્યાનો શ્રવણ થાય તો, ચિંતવન કરતાં, ભાવિક શ્રોતાના હૈયામાં વિષયોની અસારતા અને સંસારની ભયાનકતાનું સહેજ પણ ભાન ઊભું થાય, દયા–દાન–શીલ તપ વગેરેની કંઈક સાધના થાય તેથી પાંચેન્દ્રિયોના ૨૩ વિષયો પ્રત્યેનો રાગ–પ્રેમ કાંઈક મોળો પડતો જણાય. એ જ ધર્મનું પ્રત્યક્ષ લાભ–ફળ છે.

* * * * * * * * * * * * * * * * * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# શાસનસમ્રાટના પ્રભાવસંપન્ન
# જીવનને સ્પર્શતી
# પ્રતિકૃતિઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



સંવેગી સંઘ શિરતાજ
પ. પૂ. મુનિરાજશ્રી બુટેરાયજી મ.
(શ્રી બુદ્ધિવિજયજી મ.)



આદર્શ તપાગચ્છાધિરાજ
પ. પૂ. ગણિવર શ્રી મુક્તિવિજયજી મ.
(અપરનામ શ્રી મૂળચંદજી મ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પરમ ગુરૂદેવ પંજાબરત્ન
પ. પૂ. મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મ.
(શ્રી વૃદ્ધિવિજયજી મ.)



ન્યાયાંભોનિધિ આચાર્ય
પ.પૂ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી
(શ્રી આત્મારામજી મ.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ગીતાર્થ શિરોમણી પ. પૂ.
પંન્યાસશ્રી ગંભીરવિજયજી ગણિવર




પ. પૂ. પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી
ગણિવર-લવારની પોળવાળા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શાસ્ત્રવિશારદ પ.પૂ. આચાર્યશ્રી
વિજય ધર્મસૂરિજી (કાશીવાળા)



શાસન સમ્રાટ સં. ૧૯૮૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેદીપ્યમાન રૂપ અને અસાધારણ
જ્ઞાનનાભંડાર



પૂજ્ય શ્રી શાસનસમ્રાટ


દિક્ષા વિ. સં. ૧૯૫૭




સ્વર્ગવાસ વિ.સં.૧૯૭૦ એડા

પ. પૂ. પ્રવર્તક મુનિશ્રી
યશોવિજયજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી કદંબવિહાર પ્રાસાદના મૂળનાયકજી
શ્રી મહાવીરસ્વામીજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી કદંબગિરિ-સર્વોચ્ચ ટેકરીનું નિસર્ગ દર્શન


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્યપાદ શાસનસમ્રાટની
જુદી-જુદી તસ્વીરો












Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી તારાચંદ પટવાના સંઘનો પાલિતાણામાં મંગલ પ્રવેશનું ભવ્ય દૃશ્ય–કિરણ ૫૩–પેજ ૬૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




કાપરડાજી તીર્થાધિનાયક
શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાન



શેરીસા તીર્થાધિનાયક
શ્રી શેરીસા પાર્શ્વનાથ ભગવાન


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



અખિલ ભારતિય શ્વે. મૂર્તિપૂજક સર્વગચ્છીય ઐતિહાસિક મુનિ સંમેલનના શુભ
પ્રારંભનું અજોડ–અનુપમ–અપૂર્વ દૃશ્ય. (વિ. સં. ૧૯૯૦) અમદાવાદ, નગરશેઠનોવંડો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમદાવાદથી છ'રિ' પાળતો સંઘ
શે. શ્રી માણેકલાલ મનસુખભાઈ સંઘવી



શ્રી શત્રુંજય સંઘનું મંગલ દ્રશ્ય (૨) પૂજ્યશ્રી દર્શનસૂરિજી મ. (વિ. સં. ૧૯૯૧) પૂ. ઉદયસૂરિજી મ. પૂ. મોહનસૂરિજી મ. વગેરે દેખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'શ્રી નેમિ-સૌરભ' ના સંપાદક-પ્રેરક
મુનિશ્રી નિરંજનવિજયજી મ. ને



વડીદીક્ષાથી સમલંકૃત કરતાં
**પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રી તે વખતની તસ્વીર**
(વિ. સં. ૧૯૯૧ જે. સુ. ૧૨, મહુવા.)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

... પાર્શ્વનાથાય નમઃ શ્રી ...

શ્રી ... જ્ઞાની-ગુરૂ-ધર્મભ્યો નમ

શ્રી માનતુંગ જૈન શાસ્ત્ર-જ્ઞાન મંગલ સંગ્રહ

... (સુમતિનગર) ઉત્તર ગુજરાત

સંવત ...૦૭૬ કાર્તિક સુદ આઠમ મંગલ દિવસ

તપસ્વી પૂ. મુ. શ્રી માનતુંગ વિજયજી મ. સા. (લેખક)

(...)(વ્યાખ્યાની)(...)(...)(...)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શેઠ પોપટલાલ ધારશીભાઇના સંઘનું એક દશ્ય
પૂજ્યશ્રી. પૂ. સાગરજી તથા પૂ. મોહનસૂરિ મ. વગેરે દેખાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# યુગ-દિવાકર



પૂ. આ. ભ. શ્રી. વિજય ધર્મસૂરિજી મહારાજ

□

શ્રી ચતુર્વિધ શ્રી સંઘના નાયક એવા આચાર્યપદસ્થ આત્મામાં શાસ્ત્ર-વિહીત આંતરિક ગુણ-સંપદા હોવી જે રીતે અનિવાર્ય છે. તેવી જ રીતે, આચાર્ય-પદાસીન-આત્મામાં સમગ્ર જન-સમાજના અભ્યુત્થાન અને શ્રેયની-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવના-પ્રદાયક શક્તિ સાથે જન-સમૂહને ધર્માભિમુખ કરે તેવી નેતૃત્વ-શક્તિ હોવી એટલી જ આવશ્યક છે.

આ પ્રકારની નેતૃત્વ-શક્તિનો પ્રાદુર્ભાવ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે, ધર્માચાર્ય, શ્રી સંઘ તથા સમાજના સામાન્યમાં સામાન્ય માનવીની આંતરિક વ્યથા તથા સંતાપના કારણોને અને તદ્જન્ય પરિણામોથી સપેરે પરિચિત હોવા સાથે સમ-સંવેદના અનુભવી શકતા હોય. આવા સમ-સંવેદનયુક્ત અનુભવના પરિણામે, તેના મૂળ કારણરૂપ અશુભ કર્મોદયને જાણવા સાથે, આવા અશુભોદયના વેદનના સમયે, આવા આત્માઓ માટે શાતાકારી સક્રિય સહાનુભૂતિ દ્વારા વિવિધ પ્રકારના અશુભોદયના આનુસંગિક અનેકવિધ પરિણામ-ફળ સ્વરૂપ અશાતાકારી સર્વ પરિબળોના ઉપશમન માટેની 'દ્રવ્ય-ક્ષેત્ર કાળ અને ભાવ'ને અનુરૂપ પ્રેરણા અને પ્રવૃત્તિ કરવી તે શાસ્ત્રકારોએ ફરમાવેલ "સ્થીરીકરણે વચ્છલ્લપભાવણે અટ્ટ" ની સ્વ-પર ઉપકારક આચરણાનો જ એક અંતર્ગત ભાગ-અંગ છે.

ઉપરોક્ત શાસ્ત્રીય તથા માનવીય તથ્યને યથાર્થરૂપે ચરિતાર્થ કરનારા નજદીકના ભૂતકાળના આચાર્ય પ્રવરોમાં, યુગ-દિવાકર સ્વ. પૂજ્ય આ. ભ. શ્રી. વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજનું સ્થાન અગ્રીમ હરોળમાં છે એ નિર્વિવાદ હકીકત છે.

સ્વ. પૂ. યુગ-દિવાકર આવા સમ-સંવેદનશીલ આચાર્યશ્રી હોવા સાથે દેશના-દક્ષ પ્રભાવસંપન્ન વ્યાખ્યાતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ હતા. વિદ્વત્તાની વિકટ કેડીઓ ચાતરીને જન-મન-પરિવર્તનના રાજમાર્ગે જતી તેમની તેમની તત્ત્વ-સભર છતાં સરળ વ્યાખ્યાન શૈલીના કારણે અનેકાનેક જીવો તેમના ઉપદેશ દ્વારા જીવનના શાશ્વત મૂલ્યો અને સત્યોને પામવા ઉદ્યમશીલ બન્યાં હતાં. આવી રીતે ઉદ્યમવંત બનેલા આત્માઓની પ્રયત્નશીલતા આજે પણ તેમને પ્રગતિના પંથે આગેકૂચ કરાવી રહી છે.

તેઓશ્રીની ઉપદેશ-ધારાનો પ્રવાહજન્ય પ્રભાવ એવો ચમત્કારિક હતો કે જેથી જન-સામાન્યને તેમના રોજિંદા જીવનમાં ધર્મ-સાધના-આરાધના માટે આવશ્યક એવી સાધન-સંપન્નતા અને શાંતિ પ્રાપ્ત થાય. આના જ પરિણામ રૂપે સ્વ. પૂ. યુગ-દિવાકર આચાર્યશ્રીના ઉપદેશથી જૈન સમાજના મધ્યમ અને નીચલા થરના વર્ગને લાભકારક એવી અનેક યોજનાઓ તથા સંસ્થાઓ સાકાર થઈ અને સફળ રહી. આ સાથે, પરમાર્થના પરમ આલંબન સ્વરૂપ જિન-મંદિરોના જીર્ણોદ્ધાર તેમજ યથાયોગ્ય રૂપનાં નૂતન જિનમંદિરોના નિર્માણ-કાર્યોને. સ્વ. પૂ. આ. ભ. શ્રી વિજય ધર્મસૂરિજી મહારાજે સ્વ-પરિશ્રમ-સભર ઉપદેશથી અપૂર્વ એવો વેગ આપ્યો હતો.

આવા પૂ. યુગ-દિવાકરશ્રી ઉપર સ્વ. પૂ. શાસન સમ્રાટની પ્રારંભથી જ સવિશેષ એવી કૃપા હતી જ. તેઓશ્રીની સહજ-યોગ્યતા તથા ગુણસંપન્નતા જોઈને જ સ્વ. પૂ. શાસનસમ્રાટે વિ. સં. ૨૦૦૨માં તેમને ઉપાધ્યાયપદથી સમલંકૃત કર્યાં હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વ. પૂજ્ય યુગ–દિવાકર આચાર્યશ્રી નિરભિમાની, આડંબર–રહિત અને સર્વજન–સંપર્કયુક્ત જીવન–યાપન દ્વારા શ્રી જૈન સંઘ–સમાજ સમક્ષ એક અનોખું, ઉદાત્ત ઉદાહરણ પ્રસ્તુત કરતાં ગયાં છે.

તેઓશ્રીની જ્ઞાન–સંપદા નિર્મળતાયુક્ત ગહરાઈવાળી હોવાથી સર્વજીવ શ્રેયાર્થે કાર્યરત રહી આત્મ–બોધકારી પૂરવાર થઈ હતી. આવી વિશિષ્ટ જ્ઞાનસંપદા સમભાવી આત્માને જ સહજ–પ્રાપ્ય બનતી હોય છે.

આવા પૂજ્ય આચાર્યપ્રવરો જનસમાજમાં સંવાદિતાના સ્થાપક બની સર્વ જીવોની સમાધિના કારક–નિમિત્ત એવા આત્મોત્કર્ષકારી મહાપુરૂષ બનતા હોય છે. સ્વ. પૂ. યુગ–દિવાકરશ્રી આવા ઉપાદેય અને ઉપકારી આચાર્ય ભગવંત હતાં.

એમની જન્મભૂમિ–વઢવાણ શહેર તેના આ સત્વ–સંપન્ન સપૂત માટે ગૌરવાન્વિત હોવા સાથે આ ભૂમિમાં તેમના ઉપદેશથી નિર્માણ થયેલા ધર્મના પરમ આલંબન રૂપ જિનમંદિર તથા સુસંસ્કાર–સિંચન માટે ઋણી છે. !

સમદર્શી એવા આ ઉપાદેય પૂ. આચાર્ય પ્રવરશ્રીને આપણી અનેકશઃ વન્દનાવલી.

**વઢવાણ શહેરના શ્રી લાલચંદજી જૈન ઉપાશ્રયના કાર્યકર્તાઓના સૌજન્યથી...**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'જન-કલ્યાણના 'ભેખધારી',
વન્દનીય જૈનાચાર્યશ્રી'..........

સત્ય અને શાશ્વત્ સ્થિતિની પરમ સમીપે જવાના સાધના-પથ પર સંચરનાર-શ્રમણ-મુનિએ સાધ્ય અને સાધન વચ્ચેનો ભેદ યથાર્થ વિવેકબુદ્ધિથી જાણી-સમજી, સાધનોમાં જ અટવાઇ ન જતાં સાધ્યની સિદ્ધિ સહજભાવે પ્રાપ્ત કરવાની હોય છે. સર્વસાધારણ એવા આ સરળ છતાં નિર્ભેળ સત્યને પોતાના જીવન-વ્યવહારમાં ચરિતાર્થ કરવા જતાં અનેકાનેક શકિતસંપન્ન જીવો સાધનોમાં અટવાઇ જઈ સાધ્યને વિસરી ગયાં. અથવા સાધનોના વિવાદમાં પડી હિન્દી લોકોકિત-"લેને ગઇ પૂત ઔર ખો આઇ ખસમ"-ને પ્રત્યક્ષ કરી બેઠાં ! !

સ્વ. પૂ. શાસનસમ્રાટે શ્રમણત્વના માધ્યમથી કરેલી 'સ્વ-સ્વરૂપ-સાધના'ના વિમળ સ્વરૂપના કારણે તેઓશ્રીના જીવનમાં, સાધ્ય-લક્ષ્યની જ પ્રમુખતા સપેરે જળવાઈ રહી. સાથે, સાથે સાધનોની શુદ્ધતા સર્વાંગી રૂપે સાકાર ની હતી. તેઓશ્રીની આવી અપૂર્વ આત્મ-સાધનાનું પ્રગટ પરિણામ એ હતું કે, એક ધર્માચાર્યે જતન કરવા યોગ્ય ધર્મની યથાર્થ વિશુદ્ધતાને તેઓ પ્રોજ્જ્વલ કરી ગયાં.

આમ છતાં, 'ધર્મસ્ય તત્વં નિહીતં ગૂહાયાં' તે ઉકિતને ખોટી પાડીને, જન-સમાજના સામાન્યમાં સામાન્ય માનવીને માટે ધર્મ-સાધના સરળ બને તેવો માર્ગ દર્શાવી પોતે સાધુ-ચરિત જીવન જીવી, જન-કલ્યાણના ભેખધારી જૈનાચાર્યોમાં પ્રભાવક બની સર્વ-જીવના શ્રેયના માર્ગનું ઉદાત્ત ઉદાહરણ પ્રસ્તુત કરતા ગયાં.

વન્દન હો પ્રભાવક પૂ. સૂરિસમ્રાટને !

ટાઇટલ : ઉદય પ્રિન્ટરી ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org